શ્રી આત્માનંદ પ્રકાશ

SRI ATMANAND PRAKASHAN



૯૯૫૮

અનુક્રમણિકા

૧. પર્યુષણ પર્વ	...(મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી)	૧
૨. નૂતન વર્ષમા પ્રવેશ પ્રસગે... ...	... ... (હરિલાલ દેવચંદ શેઠ)	૨
૩. આત્મભરત શ્રી આનંદઘનજીની અમર સંતવાણી ...	(પ્રો. જયંતિલાલ ભાઇશંકર દવે)	૧૩
૪. સ્નેહી શ્રી વલ્લભદાસભાઇ	. ... (શ્રી ફતેહચંદ ઝવેરભાઇ)	૧૭
૫ સ્વ. શ્રી વલ્લભદાસ ગાંધીને અંજલિ	... (અમરચંદ માવજી શાહ)	૨૦
૬. સાહિત્યોપાસક શ્રી વલ્લભદાસભાઇ	... (હરિલાલ દેવચંદ શેઠ)	૨૧
૭ વલ્લભ વિરહ કાવ્ય...	... (કવિ દુર્લભજી ગુલાબચંદ મહેતા)	૨૪
૮ શ્રી વલ્લભદાસભાઇ અને ગુરુકુળનું ઘડતર	... ... (ફુલચંદ હરિચંદ દોશી)	૨૫
૯ વલ્લભદાસભાઇ સેવા-સન્માન ફંડ ...	... ...	૨૬
૧૦. સંસ્થાઓનો શોક-સૂર	... ...	૨૮
૧૧. અખબારોની અંજલિ	... ...	૩૦
૧૨. શુભેચ્છાની સહ્યતા	... ...	૩૨

સ્વ. શ્રેષ્ઠિવર્ય શ્રી ભગુભાઇ ચુનીલાલ સુતરીયા

રાજનગરના રત્નસમા શ્રેષ્ઠિવર્ય શ્રીયુત ભગુભાઇ ચુનીલાલ સુતરીયાના પ્ર ભા. શુ ૧૪ના રોજ એંશી વર્ષની વૃદ્ધવયે અમદાવાદખાતે થએલ અવસાનની નોંધ લેતા અમો અમારી દિલગીરી વ્યક્ત કરીએ છીએ

તેઓશ્રીનો જન્મ વિ. સં. ૧૯૩૧ ના ભાદ્રપદ શુદ ૬ ના થયો હતો, અને જરૂરી વ્યવહારિક તથા ધાર્મિક અભ્યાસ કરી તેઓ પોતાનો શેઠ ચુનીલાલ ખુશાલદાસના નામથી ચાલતી પેઢીમા ધંધાર્થે જોડાયા હતા

એક શ્રધ્ધેય પુરુષને છાજે તેવુ તેઓશ્રીનુ જીવન હતુ. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના એક પ્રતિનિધિ તરીકે તેઓશ્રીએ ઘણા લાંબા સમય સુધી સુંદર સેવા બજાવી હતી, તેમજ અન્ય તીર્થક્ષેત્રોમાં પણ તેઓશ્રી જુદી જુદી રીતે સેવા બજાવતા હતા તીર્થસેવાની માફક ગુરુભક્તિ પણ તેઓશ્રીએ કરી હતી આચાર્ય વિજયનેમિસૂરીશ્વરજી અને આચાર્ય વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ આદિના વ્યાખ્યાન-શ્રવણ અને સમાગમનો લાભ તેઓશ્રીને વધારે પ્રમાણમા મળ્યો હતો અને તીર્થયાત્રા-ઉપધાન તપ આદિનો તેઓ સારા પ્રમાણમા લાભ લઇ રહ્યા હતા

તેઓ હંમેશા એકતાના ઉપાસક હતા. અને દરેક પ્રસંગે તેઓ મધ્યસ્થ ભાવથી સેવાકાર્ય બજાવતા હતા આ વિજયનીતિસૂરીશ્વરજીના સમુદાયમાં વધુ પ્રતિભાશાળી તત્વ લાવવા અને એકતંત્ર નીચે શાસનોન્નતિના કાર્યો કરાવવા માટે આ સંપ્રદાયને વધુ સુવ્યવસ્થિત કરવાની છેલ્લા છેલ્લા તેઓશ્રીના દિલમા ભાવના હતી અને તે માટે તેઓશ્રી યોગ્ય કરી રહ્યા હતા.

આ સભાના પણ તેઓશ્રી પેટ્રન હતા અને સભાની પ્રગતિ માટે લાગણીભર્યો સહકાર અવારનવાર આપતા હતા.

તેઓશ્રીના અવસાનથી જૈન સમાજને એક સાચા તીર્થસેવક, પરમ શ્રદ્ધાળુ શ્રેષ્ઠિવર્યની ન પુરાય તેવી ખોટ પડી છે. અને આ સભાને પણ એક વફાદાર સલાહકારની ખોટ પડી છે. અમો સદ્ગતના આત્માની શાન્તિ ઇચ્છીએ છીએ અને તેઓશ્રીના કુટુંબીજનો પર આવી પડેલ આ દુઃખ માટે સમવેદના વ્યક્ત કરીએ છીએ

શ્રી. વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી
મંત્રી–શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

શ્રી આત્માનંદ પ્રકાશ

વીર સં. ૨૪૮૧ | શ્રાવણ–ભાદ્રપદ | પુસ્તક ૫૩ મું.

વિક્રમ સં. ૨૦૧૧ | અંક ૧–૨

શ્રી પર્યુષણ પર્વ

(રાગ–ઝેર ગયા વળી વેર ગયા વળી કાળા કેર ગયા કરનાર.)

(૧)

અનેક સાલ આવી ને આવે, વર્તમાન કાલીન વરતે;
ધર્મારાધન ધ્યાન સુધરીએ, પામી આર્યક્ષેત્ર ભરતે
મનુષ્ય જન્મ મોઘેરો મળિયો, સુકૃત્યો કરી સફળ કરો;
પુન્યવંત પર્યુષણ પર્વે, પુન્ય કાર્યમાં પગલું ભરો.

(૨)

કરણ કરાવણ ને અનુમોદન, સરીખા ફળ નીપજાવે છે;
શક્તિ બીનશક્તિનો વિષય, વિચાર અતિ ઉપજાવે છે.
છતી શક્તિએ વાહ વાહ કરીને, વાવરતા વિત્ત ચિત્ત ન ડરો;
પુન્યવંત પર્યુષણ પર્વે, પુન્ય કાર્યમાં પગલું ભરો.

(૩)

દાન અભય સુપાત્રે દીધુ, કીર્તિ ઉચિત અનુકંપા જેહ;
સ્વદારાસંતોષી બનીને, શીલ વ્રત ઉપર રાખો નેહ.
કઠીણ કર્મ ખપાવવા કારણ, તપ તપવા નિત્ય નિયમ ધરો;
પુન્યવંત પર્યુષણ પર્વે, પુન્ય કાર્યમાં પગલું ભરો.

(૪)

ભવનાશની જ ભાવના ભાવો, સદા શુભ કરણી અનુસરીએ;
સુદેવ સુગુરુ સુધર્મ ઉપર, શ્રદ્ધા રાખી શીઘ્ર તરીએ,
ધર્મ પ્રાસાદનો પાયો સમકિત, મજબૂત મેળવી આદર કરો;
પુન્યવંત પર્યુષણ પર્વે, પુન્ય કાર્યમાં પગલું ભરો.

(૫)

ઉભય ટંક આવશ્યક કરવું, સામાયિક સમતા સારી;
પર્વદિવસે પૌષધ કરવો, આતમને એ ઉપકારી.
દેવ–દર્શન ગુરુવંદન, પચ્ચક્ખાણ કરી સંસાર તરો;
પુન્યવંત પર્યુષણ પર્વે, પુન્ય કાર્યમાં પગલું ભરો.

(૬)

ઉપધાન ને ઉજમણું અઠ્ઠાઇ–મહોત્સવ બહુવિધ કીજીએ;
લક્ષ્મીની ગતિ અચિર વિચારી, નરભવ લાહો લીજીએ.
શાસનના વરઘોડા સારા, કાઢીને પર પ્રીતિ વરો;
પુન્યવંત પર્યુષણ પર્વે, પુન્ય કાર્યમાં પગલું ભરો.

(૭)

પાઠશાળામાં ભણવું ગણવું, વિનયી થઇ વિદ્યા વરજો;
દેવગુરુની ભક્તિ કરીને, પુન્ય ભંડાર પૂરો ભરજો.
રાગ દ્વેષ ઓછા કરી રહેતા, ફેરો ભવોદધિ ન ફરો;
પુન્યવંત પર્યુષણ પર્વે, પુન્ય કાર્યમાં પગલું ભરો.

(૮)

અરસપરસ ખમાવો ખમજો, ખંત ધરી સહુ નરનારી;
કેણી સરખી રેણી રાખવી, ઉભય લોકમાં હિતકારી.
આરાધના ઉત્તમ અંતિમ કરી, પંડિત મરણ સમાધિ મરો;
પુન્યવંત પર્યુષણ પર્વે, પુન્ય કાર્યમાં પગલું ભરો.

(૯)

કલ્યાણકારી કલ્પસૂત્રને સાંભળી કર્યું પવિત્ર કરો;
છઠ્ઠ અઠ્ઠમ અઠ્ઠાઇ માસક્ષપણ, તપસ્યા રૂડી આદરો.
ચૈત્યપ્રવાડી યાત્રા વિધિએ, કરવા વહાલથકી વિચરો,
પુન્યવંત પર્યુષણ પર્વે, પુન્ય કાર્યમાં પગલું ભરો.

(૧૦)

પર પ્રાણીના પ્રાણ પોતાની, સરીખા જે જન ધારે છે;
પુન્ય બંધ પવિત્ર કરીને, અશુભ ગતિને વારે છે.
લક્ષ્મીસાગર જન સહુ સમજો, જૈન ધર્મ જગતમાં છે
પુન્યવંત પર્યુષણ પર્વે, પુન્ય કાર્યમાં પગલું ભરો.

રચયિતા—મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ–અમદાવાદ

નૂતન વર્ષમાં પ્રવેશ પ્રસંગે

आत्मप्रवृत्तावतिजागरूकः, परप्रवृत्तौ बहिरान्धमूकः ।
महाचिदानन्दपदोपयोगी, लोकोत्तरं साम्यमुपैति योगी ॥

ઉપા૦ શ્રી યશોવિજયજી

આત્મપ્રવૃત્તે અતિ જાગનારો, પરપ્રવૃત્તે મૂક અંધ બહેરો;
સદા ચિદાનંદપદોપયોગી, લહે અલૌકિક જ સામ્ય યોગી.

આત્માના આનંદની, આત્માના પ્રકાશની વાતો કરતા કરતા આજે આપણે બાવન વર્ષ સમાપ્ત કરી તેપનમા વર્ષમાં પ્રવેશ કરીએ છીએ

શ્રીમદ્ યશોવિજયજી મહારાજ આત્માની મસ્તીનું; આત્માની તન્મયતાનુ કે આત્માની રમણતાનુ રહસ્ય આપણને ઉપરોક્ત પદમાં સમજાવે છે શ્રી આચારાંગ સૂત્રમાં પણ એ જ વાત આપણને બીજી રીતે કહેવામાં આવે છે.-"**जे एगं जाणइ ते सव्वं जाणइ**" અર્થાત "જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યુ." અન્ય સિદ્ધપુરુષોની વાણી પણ એ જ વાત આપણને જુદા જુદા પ્રકારે સમજાવે છે, એટલે આત્માનો આનંદ એ સાચો પરમાણુંદ છે માનવ-જીવનની સાચી સાર્થકતા આ પરમાણુંદ પ્રાપ્ત કરવામાં રહેલ છે.

આપણે સમજીએ છીએ કે પરાધીનતા સમાન એકે દુઃખ નથી સ્વાધીનતા જેવુ કોઇ સુખ નથી આ વાતને જરા સ્થૂલ દૃષ્ટિએ વિચારીએ તો આપણને સમજાશે કે કોઇ રાષ્ટ્ર જ્યારે સ્વતંત્રતા પ્રાપ્ત કરશે ત્યારે એ સ્વતંત્રતાનો આનંદ મહામહોત્સવ કરીને ઊજવશે. લાખો દિપમાળ પ્રગટાવી પોતાનો હૃદયોલ્લાસ વ્યક્ત કરશે, નાચશે, કૂદશે, મિષ્ટ-ભોજન સમારંભો યોજશે અને એ રીતે સ્વતંત્રતાની મસ્તીમાં મસ્ત થઇ જુદી જુદી રીતે મહાલશે પણ આ તો સ્થૂલ સ્વાતંત્ર્યનો સ્થૂલ આનંદ છે તો આત્મ-સ્વાતંત્ર્યનો આનંદ કેટલો ? જ્ઞાનીઓએ આ લૌકિક આનંદને ક્ષણિક કહ્યો છે. અને આવા ક્ષણિક-આનંદ પાછળ તો આપણે આનંદોત્સવમાં આટલા બધા ગરકાવ થતા હોઇએ તો નિત્યાનંદનુ શું ? એ અનંત ઉત્સવના થતા વધામણા કેવા ઉચ્ચ પ્રકારના સંભવે ? એની વાસ્તવ કલ્પના આપણને લૌકિક જીવન જીવી રહેલાને ન આવી શકે તીર્થંકર ભગવાનોના કલ્યાણક મહોત્સવ-માંથી તેનો આછો ખ્યાલ માત્ર આપણે લઇ શકીએ.

આપણે "આત્માનંદ"ના ઉપાસક તો છીએ, આત્માના પ્રકાશ માટેની આપણી સાધના છે, બાવન-બાવન વર્ષથી આપણે તે માટે લખીએ છીએ-વાંચીએ છીએ કે તેનુ ચિન્તન કરીએ છીએ, તો તેમા સફળતા કેટલી ? આ પ્રશ્ન આજે નવા વર્ષમાં પ્રવેશ કરતી સમયે આપણા હૃદયમા ઉપસ્થિત થાય છે અને તેનો જવાબ આપણે આપણા મનથી જ વિચારી લેવાનો છે

માનવ સ્વભાવ હંમેશા ઉત્સવપ્રિય છે નૂતન વર્ષ આવે અને માનવ પોતાના આંગણે દિપમાળ પ્રગટાવે, રંગોળી પૂરી પોતાના આંગણાને શોભાવે અને સાથોસાથ ગત વરસનુ સરવૈયુ કાઢી પોતાની પરિસ્થિતિનો વિચાર કરી જ્યે સરવૈયામાં તો સિદ્ધિ મેળવી હોય તો વધુ પ્રગતિ માટે મનમા સંકલ્પ કરે અને પોતાની જીવન-મંજલ ઉત્સાહથી આગળ લંબાવે અને જો પીછેહઠ કરી હોય તો પોતાની પામરતા માટે ઘડીભર ઊંડો નિઃશ્વાસ મૂકી પોતાની ક્ષતિઓનો વિચાર કરે અને વિજયકૂચનો માર્ગ યોજી આશા-ભર્યા હૃદયે વીરતાથી જીવનની મંજલ આગળ ચલાવે. આમ કોઇ પણ ઉત્સવ આપણા જીવનમા નવો પ્રાણ પૂરે છે

આત્માનંદ પ્રકાશના તેપનમા વરસમાં પ્રવેશ

કરતા તેનો મંગળમય ઉત્સવ ઉજવતી વખતે આપણે પણ આપણા આત્માને પૂછીએ કે "આત્માનંદ-આત્મસ્વાતંત્ર્ય'ના ક્ષેત્રમાં આપણે કેટલી પ્રગતિ કરી? આત્મા ઉપર અજ્ઞાનતાના પડો જામ્યા હોય તો તે દૂર કરવા માટે આપણે કેટલો પુરુષાર્થ કેળવ્યો? કર્મની જંજીરોથી જકડાએલ આત્માને જંજીર-મુક્ત કરવા માટે આપણે કેટલા સાહસો કર્યાં? શ્રીમદ્ યશોવિજયજી મહારાજે આત્માના સાચા સુખની પ્રાપ્તિનો માર્ગ બતાવતા કહ્યું છે કે.—

"સઘળું પરવશ તે દુઃખલક્ષણ,
નિજવશ તે સુખ લક્ષણ;
એ દૃષ્ટે આતમ ગુણ પ્રગટે,
કહો સુખ તે કુણ કહિયે?"

આ નાની કડિકામાં "આત્માનંદની"ની સઘળી પ્રેરણા આવી જાય છે આપણે તેનું રહસ્ય બરાબર સમજીએ અને પૂર્ણ આત્મસ્વાતંત્ર્યનો પરમ ધન્ય મહોત્સવ ઉજવવાની ઉચ્ચ ભાવના સાથે—"નિજ ઘર મંગળમાળ" પ્રગટાવવા વહેલા ભાગ્યશાળી થઇએ એ જ આજના નૂતન-વર્ષમાં પ્રવેશ કરતી વખત આપણી મહેચ્છા હો!

ગત વરસનું સિંહાવલોકન

હવે આપણે ગત વરસના આંદોલનોનું જરા આછું અવલોકન કરી જઇએ. દુનિયા આજે અનોખી રીતે આગે કૂચ કરી રહી છે, એનું વિજ્ઞાન અનોખો જ વિકાસ સાધતું આવે છે, એનું સમાજ-જીવન નવું જ રૂપ લેતું આવે છે એનું રાષ્ટ્ર-વિધાન કોઇ જુદો જ આકાર લેતું આવે છે, આમ દોડતી દુનિયાની સાથે આપણે કર્યાં? આ પ્રશ્ન આજે દરેક રાષ્ટ્રના મનમાં રમી રહ્યો છે, માનવ જાત માટેની એ એક વિષમ સમસ્યા બની રહી છે

આ સારીએ દોડધામના મૂળમાં તો "સુખ"ની શોધ કે "શાન્તિ"ની જ અપેક્ષા રહેલી છે માત્ર પ્રશ્ન એક જ રહે છે કે આ દોડધામ વાસ્તવિક છે કે કેમ? એટલે આજનું વિજ્ઞાન જે દિશામાં કૂચ કરી રહ્યું છે, સમાજ-જીવનને જે નવો ઓપ અપાઇ રહ્યો છે, અને રાષ્ટ્રિય નવ-વિધાન જે આકાર લઇ રહેલ છે, તેમાં માનવ-જાતનું કલ્યાણ છે કે કેમ? માનવ જાતને સુખ અને શાન્તિ તેમાંથી પ્રાપ્ત થશે કે કેમ? આ તમામ પ્રશ્નોનો જવાબ ભારતીય-સંસ્કૃતિમાંથી મળી રહે છે તાજેતરમાં જ ભારતના વડા પ્રધાન પં. જવાહરલાલ નહેરુએ યુરોપનો પ્રવાસ કરી, ભારતીય સંસ્કૃતિનો સંદેશ સ્થળે સ્થળે આપી યુદ્ધનો આતંક શાન્ત કરવામાં અને રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચે મૈત્રીના કોલકરારો કરવામાં જે સફળતા મેળવી છે તેમાં જ ભારતીય સંસ્કૃતિનું મૂલ્યાંકન રહેલું છે અને દુનિયાના રાષ્ટ્રો પણ ધીમે ધીમે સમજતા થયા છે કે જો આપણે શાન્તિ જોઇતી હશે તો બીજાને શાન્તિ આપવી પડશે આપણું સુખ બીજાને સુખી કરવામાં રહેલું છે કોઇ બીજા રાષ્ટ્રના ભોગે કોઇ રાષ્ટ્ર પોતાનો વિકાસ સાધી ન શકે, "જીવો અને જીવવા દો' એ જ કોઇ પણ રાષ્ટ્ર કે 'માનવજાત' માટેનું સાચું જીવનસૂત્ર હોઇ શકે, એમાં જ સમસ્ત વિશ્વનું કલ્યાણ સમાએલ છે

આમ દુનિયા ભારતીય સંસ્કૃતિના રંગે રંગાઇ રહેલ છે. આજે યુરોપમાં પણ ભારતીય સંસ્કૃતિના અભ્યાસની ભૂખ ઊઘડતી આવે છે કોઇ પણ સંસ્કૃતિનું સર્જન તેની સાહિત્યોપાસનામાં રહેલું છે, ભારતીય સંસ્કૃતિના મૂળ જો અજર-અમર હોય તો તેનું મૂળ કારણ ભારતની વિદ્યાભ્યાસ-પ્રિયતા છે, વરસોથી તે સાહિત્યોપાસના કરતું આવેલ છે પરિણામે અનેક સંતો ભારતે આપ્યા છે, સરસ્વતી સાહિત્યે જ સંસ્કૃતિને અમર રાખી છે સાહિત્ય એ જ સંસ્કૃતિનો પ્રાણ છે એટલે સૌ પ્રથમ આપણે આપણા સાહિત્ય વ્યવસાયનો વિચાર કરીએ

આપણી સાહિત્ય-પ્રવૃત્તિ

રાષ્ટ્રપતિ બાબુ રાજેન્દ્રપ્રસાદ ગત વરસે રાજસ્થાનના પ્રવાસે નીકળ્યા હતા સારે જેસલમેરના આપણા ગ્રંથભંડારોની પણ તેઓશ્રીએ મુલાકાત લીધી હતી સાં ભૂગર્ભમાં જાળવી રાખેલ જૈન સાહિત્યની હજારો હસ્તલિખિત પ્રતોનું અવલોકન

નૂતન વર્ષમાં પ્રવેશ પ્રસંગે

आत्मप्रवृत्तावतिजागरुकः, परप्रवृत्तौ बहिरान्धमूकः ।
महाचिदानन्दपदोपयोगी, लोकोत्तरं साम्यमुपैति योगी ॥

ઉપા૦ શ્રી યશોવિજયજી

આત્મપ્રવૃત્તે અતિ જાગતારો, પરપ્રવૃત્તે મૂક અંધ છહેરો;
સદા ચિદાનંદપદોપયોગી, લહે અલૌકિક જ સામ્ય યોગી.

આત્માના આનંદની, આત્માના પ્રકાશની વાતો કરતા કરતા આજે આપણે બાવન વર્ષ સમાપ્ત કરી તેપનમા વર્ષમાં પ્રવેશ કરીએ છીએ.

શ્રીમદ્ યશોવિજયજી મહારાજ આત્માની મસ્તીનું; આત્માની તન્મયતાનુ કે આત્માની રમણતાનું રહસ્ય આપણને ઉપરોક્ત પદમાં સમજાવે છે શ્રી આચારાંગ સૂત્રમાં પણ એ જ વાત આપણને બીજી રીતે કહેવામાં આવે છે:-" जे एगं जाणइ ते सव्वं जाणइ " અર્થાત્ " જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યુ." અન્ય મિહ્નપુરુષોની વાણી પણ એ જ વાત આપણને જુદા જુદા પ્રકારે સમજાવે છે, એટલે આત્માનો આનંદ એ સાચો પરમાનંદ છે. માનવ-જીવનની સાચી સાર્થકતા આ પરમાનંદ પ્રાપ્ત કરવામાં રહેલ છે.

આપણે સમજીએ છીએ કે પરાધીનતા સમાન એકે દુઃખ નથી સ્વાધીનતા જેવુ કોઇ સુખ નથી. આ વાતને જરા સ્થૂલ દૃષ્ટિએ વિચારીએ તો આપણને સમજાશે કે કોઇ રાષ્ટ્ર જ્યારે સ્વતંત્રતા પ્રાપ્ત કરશે ત્યારે એ સ્વતંત્રતાનો આનંદ મહામહોત્સવ કરીને ઊજવશે. લાખો દિપમાળ પ્રગટાવી પોતાનો હૃદયોલ્લાસ વ્યક્ત કરશે, નાચશે, કૂદશે, મિષ્ટ-ભોજન-સમારંભો યોજશે અને એ રીતે સ્વતંત્રતાની મસ્તીમાં મસ્ત થઇ જુદી જુદી રીતે મહાલશે પણ આ તો સ્થૂલ સ્વાતંત્ર્યનો સ્થૂલ આનંદ છે તો આત્મ-સ્વાતંત્ર્યનો આનંદ કેટલો ? જ્ઞાનીઓએ આ લૌકિક આનંદને ક્ષણિક કહ્યો છે. અને આવા ક્ષણિક-આનંદ પાછળ તો આપણે આનંદોત્સવમાં આઠના બધા ગરકાવ થતા હોઇએ તો નિત્યાનંદનું શું ? એ અનંત ઉત્સવના થતા વધામણા કેવા ઉચ્ચ પ્રકારના સંભવે ? એની વાસ્તવ કલ્પના આપણને લૌકિક જીવન જીવી રહેલાને ન આવી શકે. તીર્થંકર ભગવાનોના કલ્યાણક મહોત્સવ-માંથી તેનો આછો ખ્યાલ માત્ર આપણે લઇ શકીએ.

આપણે " આત્માનંદ "ના ઉપાસક તો છીએ, આત્માના પ્રકાશ માટેની આપણી સાધના છે, બાવન-બાવન વર્ષથી આપણે તે માટે લખીએ છીએ-વાંચીએ છીએ કે તેનું ચિન્તન કરીએ છીએ, તો તેમા સફળતા કેટલી ? આ પ્રશ્ન આજે નવા વર્ષમાં પ્રવેશ કરતી સમયે આપણા હૃદયમાં ઉપસ્થિત થાય છે અને તેનો જવાબ આપણે આપણા મનથી જ વિચારી લેવાનો છે

માનવ સ્વભાવ હંમેશા ઉત્સવપ્રિય છે નૂતન વર્ષ આવે અને માનવ પોતાના આંગણે દિપમાળ પ્રગટાવે, રંગોળી પૂરી પોતાના આંગણાને શોભાવે અને સાથોસાથ ગત વરસનું સરવૈયુ કાઢી પોતાની પરિસ્થિતિનો વિચાર કરી હવે સરવૈયામાં તો સિદ્ધિ મેળવી હોય તો વધુ પ્રગતિ માટે મનમા સંકલ્પ કરે અને પોતાની જીવન-મંજલ ઉત્સાહથી આગળ લંબાવે અને જો પીછેહઠ કરી હોય તો પોતાની પામરતા માટે ઘડીભર ઊંડો નિઃશ્વાસ મૂકી પોતાની ક્ષતિઓનો વિચાર કરે અને વિજયકૂચનો માર્ગ યોજી આશા-ભર્યા હૃદયે વીરતાથી જીવનની મંજલ આગળ ચલાવે. આમ કોઇ પણ ઉત્સવ આપણા જીવનમાં નવો પ્રાણ પૂરે છે.

આત્માનંદ પ્રકાશના તેપનમા વરસમાં પ્રવેશ

કરતા તેનો મંગળમય ઉત્સવ ઉજવતી વખતે આપણે પણ આપણા આત્માને પૂછીએ કે "આત્માનંદ–આત્મસ્વાતંત્ર્ય"ના ક્ષેત્રમાં આપણે કેટલી પ્રગતિ કરી? આત્મા ઉપર અજ્ઞાનતાના પડો જામ્યા હોય તો તે દૂર કરવા માટે આપણે કેટલો પુરુષાર્થ કેળવ્યો? કર્મની જંજીરોથી જકડાએલ આત્માને જંજીર–મુક્ત કરવા માટે આપણે કેટલા સાહસો કર્યાં? શ્રીમદ્ યશોવિજયજી મહારાજે આત્માના સાચા સુખની પ્રાપ્તિનો માર્ગ બતાવતાં કહ્યું છે કેઃ—

"સઘળું પરવશ તે દુઃખલક્ષણ,
નિજવશ તે સુખ લક્ષણ;
એ દૃષ્ટે આતમ ગુણ પ્રગટે,
કહો સુખ તે કુણ કહિયે?"

આ નાનો કડિકામાં "આત્માનંદની"ની સઘળી પ્રેરણા આવી જાય છે. આપણે તેનું રહસ્ય બરાબર સમજીએ. અને પૂર્ણ આત્મસ્વાતંત્ર્યનો પરમ ધન્ય મહોત્સવ ઉજવવાની ઉચ્ચ ભાવના સાથે–"નિજ ઘર મંગળમાળ" પ્રગટાવવા વહેલા ભાગ્યશાળી થઇએ એ જ આજના નૂતન–વર્ષમાં પ્રવેશ કરતી વખત આપણી મહેચ્છા હો!

ગત વરસનું સિંહાવલોકન

હવે આપણે ગત વરસના આંદોલનોનું જરા આછું અવલોકન કરી જઇએ. દુનિયા આજે અનોખી રીતે આગે કૂચ કરી રહી છે, એનું વિજ્ઞાન અનોખો જ વિકાસ સાધતુ આવે છે, એનું સમાજ–જીવન નવું જ રૂપ લેતુ આવે છે. એનું રાષ્ટ્ર–વિધાન કોઇ જુદો જ આકાર લેતું આવે છે, આમ દોડતી દુનિયાની સાથે આપણે કર્યાં? આ પ્રશ્ન આજે દરેક રાષ્ટ્રના મનમાં રમી રહ્યો છે, માનવ જાત માટેની એ એક વિષમ સમસ્યા બની રહી છે.

આ સારીએ દોડધામના મૂળમાં તો "સુખ"ની શોધ કે "શાન્તિ"ની જ અપેક્ષા રહેલી છે. માત્ર પ્રશ્ન એક જ રહે છે કે આ દોડધામ વાસ્તવિક છે કે કેમ? એટલે આજનું વિજ્ઞાન જે દિશામાં કૂચ કરી રહ્યું છે, સમાજ–જીવનને જે નવો ઓપ અપાઇ રહ્યો છે, અને રાષ્ટ્રિય નવ–વિધાન જે આકાર લઇ રહેલ છે, તેમાં માનવ–જાતનું કલ્યાણ છે કે કેમ? માનવ જાતને સુખ અને શાન્તિ તેમાંથી પ્રાપ્ત થશે કે કેમ? આ તમામ પ્રશ્નોનો જવાબ ભારતીય–સંસ્કૃતિમાંથી મળી રહે છે. તાજેતરમા જ ભારતના વડા પ્રધાન પં. જવાહરલાલ નહેરુએ યુરોપનો પ્રવાસ કરી, ભારતીય સંસ્કૃતિનો સદેશ સ્થળે સ્થળે આપી યુદ્ધનો આતંક શાન્ત કરવામાં અને રાષ્ટ્ર–રાષ્ટ્ર વચ્ચે મૈત્રીનો કોલકરારો કરવામાં જે સફળતા મેળવી છે તેમાં જ ભારતીય સંસ્કૃતિનું મૂલ્યાંકન રહેલું છે. અને દુનિયાના રાષ્ટ્રો પણ ધીમે ધીમે સમજતા થયા છે કે જો આપણે શાન્તિ જોઇતી હશે તો બીજાને શાન્તિ આપવી પડશે. આપણું સુખ બીજાને સુખી કરવામાં રહેલું છે. કોઇ બીજા રાષ્ટ્રના ભોગે કોઇ રાષ્ટ્ર પોતાનો વિકાસ સાધી ન શકે, "જીવો અને જીવવા દો" એ જ કોઇ પણ રાષ્ટ્ર કે 'માનવજાત' માટેનું સાચું જીવનસૂત્ર હોઇ શકે, એમાં જ સમસ્ત વિશ્વનું કલ્યાણ સમાએલ છે.

આમ દુનિયા ભારતીય સંસ્કૃતિના રંગે રંગાઇ રહેલ છે. આજે યુરોપમાં પણ ભારતીય સંસ્કૃતિના અભ્યાસની ભૂખ ઊઘડતી આવે છે. કોઇ પણ સંસ્કૃતિનું સર્જન તેની સાહિત્યોપાસનામાં રહેલું છે, ભારતીય સંસ્કૃતિના મૂળ જો અજર–અમર હોય તો તેનું મૂળ કારણ ભારતની વિદ્યાભ્યાસંગ–પ્રિયતા છે, વરસોથી તે સાહિત્યોપાસના કરતું આવેલ છે. પરિણામે અનેક સંતો ભારતે આપ્યા છે, સંસ્કાર સાહિત્યે જ સંસ્કૃતિને અમર રાખી છે. સાહિત્ય એ જ સંસ્કૃતિનો પ્રાણ છે. એટલે સૌ પ્રથમ આપણે આપણા સાહિત્ય–વ્યવસાયનો વિચાર કરીએ.

આપણી સાહિત્ય–પ્રવૃત્તિ

રાષ્ટ્રપતિ બાબુ રાજેન્દ્રપ્રસાદ ગત વરસે રાજસ્થાનના પ્રવાસે નીકળ્યા હતા ત્યારે જેસલમેરના અર્પણા ગ્રંથભંડારોની પણ તેઓશ્રીએ મુલાકાત લીધી હતી. ત્યાં ભૂગર્ભમાં જળવી રાખેલ જૈન સાહિત્યની હજારો હસ્તલિખિત પ્રતોનું અવલોકન

બે દિવસની વિચારણા બાદ આ સમેલને નક્કી કર્યું હતું કે "ભારતીય સંસ્કૃતિ, કળા, સાહિત્ય તેમ જ દર્શનની પ્રગતિમાં જૈન દર્શનનો અનોખો જ ફાળો છે ભગવાન મહાવીરે અહિંસાની જ્યોત ભારતભરમાં ફેલાવવા માટે જે અપૂર્વ ભોગ આપ્યો છે તે ભારતના ઘણા લોકો સમજતા નથી તેમ જ ભારતીય ઉદ્યોગ વિકાસ, વ્યાપારની ઉન્નતિ, સ્વાતંત્ર્યની લડત અને નવવિધાનમાં જૈનોનો જે તેજસ્વી ફાળો છે તે ભારતની જનતા બરાબર જાણતી નથી આપણે આપણું જૈન મહત્ત્વ દુનિયાની સામે અખિલ ભારતીય ધોરણે રજૂ કરવાની જરૂર છે ભગવાન મહાવીરે પ્રરૂપેલ જૈન-દર્શનના મુખ્ય અંગો 'અહિંસા અને સ્યાદ્વાદ"નો જગતને ખ્યાલ આવે એ ધોરણે આપણે "જૈન સંસ્કૃતિ" ગ્રંથ તૈયાર કરવાની જરૂર છે અને આટલી વિચારણા પછી જૈન ધર્મને તેના શ્રેષ્ઠરૂપમાં રજૂ કરે તેવા વિધાનને રજૂ કરતો "જૈન સંસ્કૃતિ ગ્રંથ" તૈયાર કરવાનો આ સંમેલને નિર્ણય લીધો અને ગ્રંથ-વિધાનનું કાર્ય પંડિત સુખલાલજી, ડૉ હીરાલાલ જૈન M A D Lit, પં કૈલાસચંદ્રજી, ડૉ નથમલ ટાટીયા M A D Lit, પં. દલસુખ માલવણિયાને સોંપવામાં આવ્યું, અને આ દિશામાં આજે યોગ્ય પ્રવૃત્તિ ચાલી રહેલ છે

દીલ્હીના જૈન સંમેલનનો આ ઠરાવ જૈનદર્શનને જગત સમક્ષ યથાર્થ રૂપમાં મૂકવા માટે મહત્ત્વનો ભાગ ભજવશે એમ સહેજે માની લેવાય છે આજના યુગમાં અતિ મહત્ત્વના સાહિત્ય પ્રકાશનના આ કાર્યને આપણો શ્રીમંત વર્ગ પણ એટલા જ પ્રેમપૂર્વક અપનાવી લેશે એમાં શંકા લાવવાને કોઈ કારણ નથી

ભગવાન મહાવીરની જયન્તીના દિનને જાહેર તહેવાર તરીકે માન્ય રખાવવા માટેની પ્રવૃત્તિના અનુસંધાનમાં ગત ડીસેમ્બર માસમાં ત્રણે ફીરકાના આપણા પૂ મુનિવર્યો વગેરેએ પંડિત જવાહર લાલજીની દીલ્હીખાતે મુલાકાત લીધી હતી અને ભારતીય સંસ્કૃતિના ઘડતરમાં ભગવાન મહાવીરે તથા જૈનદર્શને જે ફાળો આપ્યો છે તે હકીકત દોઢ કલાક સુધી પંડિતજી સમક્ષ રજૂ કરી પંડિતજીને એ રીતે જૈન સંસ્કૃતિના વહેતા અહિંસક પ્રવાહથી વાકેફ કર્યા તે પણ આપણા માટે આવકારદાયક પ્રસંગ ગણાય

પૂજ્ય પુણ્યવિજયજીના સતત શ્રમથી આપણું આગમ-સાહિત્ય તૈયાર થઈ રહ્યું છે. તેઓશ્રી જણાવે છે તેમ તેમાંનાં કેટલાક આગમોનું સંશોધન પણ થઈ ગયું છે અને મુદ્રણ માટે આપવા જેવી સ્થિતિમાં તે તૈયાર છે જનતા આ આગમ-પ્રકાશનની ખૂબ આતુરતાપૂર્વક રાહ જોઈ રહેલ છે જનતાને જ્યારે આગમ-અભ્યાસની ભૂખ લાગી છે તેવા સમયે આ સાહિત્ય હવે વહેલી તકે પ્રગટ કરવાના ચક્રો ગતિમાન થાય તેમ ઇચ્છીએ

જૈન સાહિત્યનો પ્રચારમાર્ગ

અમદાવાદખાતે "ભારતીય ઇતિહાસ પરિષદ"-નું અધિવેશન મળ્યું ત્યારે આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ, સાહિત્યસંશોધક મુનિશ્રી યશોવિજયજી મહારાજ આદિએ આ પરિષદમાં જૈન ઇતિહાસ અને પ્રાચીન જૈનસાહિત્ય ઉપર પ્રકાશ પાડતા કેટલાક વિધાનો રજૂ કર્યા હતા તેની આ પરિષ માં ઘણી સરી છાપ પડી હતી, પરંતુ આ અધિવેશનના નિચોડરૂપે જૈન સમાજે સમજી લેવા જેવા કેટલાક બોધપાઠોનો આપણે વિચાર કરવા જેવો તો જરૂર છે જ તેમાં બે મુદ્દા વધુ મહત્ત્વના હતા

૧ જૈનસાહિત્યનું મહત્ત્વ આજે આપણે જેટલું સમજીએ છીએ તે કરતા જૈનેતરો વધારે પ્રમાણમાં સમજે છે જૈન સાહિત્યના અભ્યાસ માટે તેમની રસવૃત્તિ પણ દિવસે દિવસે વધુ કેળવાતી ચાલે છે અને જૈન સાહિત્યના અભ્યાસકો પણ આજે તેમાંથી ઊગતા આવે છે આ રસવૃત્તિને સતેજ કરવા અને આપણામાં પણ જૈન સાહિત્યનો અભ્યાસપ્રેમ વધારવા આપણે ગંભીર વિચારણા કરવાની જરૂર છે

૨ બ્રાહ્મણ અને બુદ્ધ સંસ્કૃતિનું સાહિત્ય આજે લોકભોગ્ય રીતે દેશ-વિદેશમાં સારો પ્રચાર પામતું જાય છે તેના પ્રમાણમાં આપણે ઈક્ષા છીએ એમ છતાં સાહિત્ય પ્રકાશન પાછળ આપણો શ્રમ અને

ખર્ચ ઓછો નથી. એટલે સાહિત્ય-પ્રચારનો સાચો માર્ગ વિચારી તે પથે આપણે આપણા સાહિત્ય પ્રવાહને વાળવાની જરૂર છે.

લોકભોગ્ય દ્રષ્ટિએ સર્જાતા સાહિત્ય અને તેના આંદોલનના ગત વરસના મહત્ત્વના બનાવો અંગે આપણે વિચારણા કરી. હવે સાહિત્ય વિષયક પ્રવૃત્તિઓનું જરા અવલોકન કરી લઇએ.

ભાષાશાસ્ત્રના નિષ્ણાત પંડિત પ્રબોધને ભાષાશાસ્ત્ર વિષયક ભાષણો આપવા માટે અમેરીકાની યુનિવર્સિટિનું આમંત્રણ આવતા તેઓ અમેરીકા ગયા છે

પુરાતત્વપ્રેમી મુનિશ્રી કાન્તિસાગરજી મહારાજે લખેલ "ખડેહરોકા વૈભવ" અને "ખોજકી પગદંડીયા"ના પુસ્તક બદલ ઉત્તર પ્રદેશની સરકારે તેઓશ્રીને યોગ્ય પારિતોષિક આપી સન્માન્યા છે. રીવાની દરબાર કોલેજના પ્રો. શ્રીચંદ જૈનને "વિશ્વભૂમિની લોકકથાઓ"નું પુસ્તક લખવા બદલ ભારત સરકારે રૂ. પાંચસો આપ્યા છે. આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજને બૃહત્કલ્પસૂત્રનું સંપાદન અને એની અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના લખવા બદલ શ્રી વિજયધર્મસૂરિ સાહિત્યચંદ્રક અર્પવાનો ઠરાવ કરી તેઓશ્રીની સાહિત્ય સેવાનું બહુમાન કરવામાં આવેલ છે. તેમજ ૨૦૦૮માં 'પ્રતિક્રમણ પ્રબોધ'ના સંપાદન માટે શ્રી ધીરજલાલ ટોકરશીને તથા ૨૦૦૯માં "ચક્રવર્તી ભરતદેવ"ની પુસ્તિકા લખવા બદલ શ્રી જયભિક્ખુને મુંબઇખાતે ખાસ મેળાવડો યોજી શ્રી બુદ્ધિસાગરસૂરિ જૈન સાહિત્ય પારિતોષિક અર્પણ કરવામાં આવેલ છે.

ડો. મોતીચંદનું "સારથિ", ડો. જગદીશચંદ્ર જૈનનું "આગમોમાં વર્ણવાએલું સામાજિક જીવન" ભારત જૈન મહામંડળનું "ભામાશાહનું જીવનકાર્ય" સ્વ. જયંતવિજયજી મહારાજનું અંગ્રેજી અનુવાદિત "Holy Abu" અને એવા અભ્યાસપૂર્ણ સાહિત્ય પ્રકાશનોનો રસથાળ આ વરસે આપણે પ્રાપ્ત કરી શક્યા છીએ.

જૈન સાહિત્યની માફક ચિત્રકળાના ક્ષેત્રે શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીએ ઋષભદેવ ભગવાનના જીવન-પ્રસંગોનો ચિત્રસંપુટ સુવિખ્યાત ચિત્રકાર શ્રી ગોપેનના હસ્તે તૈયાર કરાવી શત્રુંજય પર પુંડરીકસ્વામીના જિનાલયમાં ખુલ્લો મૂક્યો તે પણ સાહિત્ય ક્ષેત્રે આવકારદાયક પ્રસંગ ગણાય.

આપણી સભાની સાહિત્ય પ્રવૃત્તિનો વિચાર કરતા વિદ્વદ્વર્ય પૂજ્ય મુનિશ્રી જંબુવિજયજી મહારાજ અથાક પરિશ્રમ લઇને દર્શનશાસ્ત્રનો અપૂર્વ ગ્રંથ "નયચક્રસાર" તૈયાર કરી રહ્યા છે તે ગ્રંથનો મૂળ ભાગ લગભગ મુદ્રિત થવા આવ્યો છે. આ ગ્રંથ આમ તો બે કે ત્રણ ભાગમાં પ્રગટ કરવામાં આવનાર છે અને સંપૂર્ણ ગ્રંથ પ્રગટ થતાં હજુ થોડો સમય લાગશે, પરંતુ જરૂરી પ્રસ્તાવના અને પરિશિષ્ટો તૈયાર થતાં તેનો પ્રથમ ભાગ તો દિપોત્સવી લગભગમાં પ્રગટ કરી શકાશે તેમ લાગે છે. આ સિવાય કથારત્નકોષ-ગુજરાતી ભાષાન્તર ભાગ ૨ જો, શ્રી સુમતિનાથ ચરિત્ર વગેરે ગ્રંથો છપાઇ રહ્યા છે. તેના દાતાઓ મળી રહેતા તે પ્રગટ કરવામાં આવશે. સ્વ. આચાર્ય વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજના આધ્યાત્મિક ભાવ પ્રગટ કરતા નિબંધો અને કાવ્યોનો મોટો સંગ્રહ "જ્ઞાનપ્રદીપ"ના નામે પાલનપુર જૈન સંઘની આર્થિક સહાયથી તૈયાર થઇ રહ્યો છે. તે ગ્રંથ પણ તૈયાર થઇ ગયો છે તેનો પ્રસ્તાવનાદિ ભાગ તૈયાર થવામાં છે એટલે તે પણ દિપોત્સવી લગભગ પ્રગટ કરવામાં આવશે આ સિવાય અન્ય સાહિત્ય પ્રગટ કરવાની યોજના સભા વિચારી રહેલ છે. નવા વરસમાં વધુ સાત્ત્વિક સાહિત્ય પ્રગટ કરવાની તક સભાને મળે તેમ ઇચ્છીએ

માસિકની લેખ સામગ્રી—

ગત વરસની લેખ-સામગ્રી જોતાં પદ્ય વિભાગમાં ૧૫ અને ગદ્ય વિભાગમાં ૫૪ મળી કુલ ૬૯ લેખો પ્રગટ થયા છે. તેમાં અભ્યાસપૂર્ણ દ્રષ્ટિએ લખાએલ શ્રી હીરાલાલ રસીકદાસ કાપડિયા, પ્રો. જયન્તીલાલ દવે, શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" પં. મુનિશ્રી રામવિજયજી ગણિવર્ય, શ્રી ચોકસી

આદિના લેખો સારા પ્રમાણમાં છે અને મનનીય છે સમયને અનુલક્ષીને મુનિશ્રી દર્શનવિજયજી, શ્રી નાગકુમાર મકાતી, શ્રી પાદરાકર, શ્રી કપાસી, પ્રો. રવિશંકર જોશી, શ્રી રતિલાલ મહાભાઇ, શ્રી કપીલભાઇ ઠક્કર, શ્રી અમરચંદ માવજી શાહ, શ્રી ફુલચંદ હ દોશી શ્રી વલ્લભદાસ ત્રિભોવનદાસ ગાંધી, વસંતલાલ કા શેઠ, પ્રો ખીમચંદભાઇ શાહ, આદિએ પણ જુદા જુદા વિષયો પર પ્રકાશ પાડ્યો છે તેમજ મુનિ શ્રી મહાપ્રભવિજયજીના હળવા કથાનકો, શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહની જીવન-ઘડતર માટેની સામગ્રી તથા ડો. વલ્લભદાસ નેણશીનું રતવન-વિવેચન પણ એટલું જ રસપ્રદ નીવડ્યું છે આ ઉપરાંત મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ તથા પ શ્રી ધુરંધરવિજયજી મહારાજના ભાવવાહી ટૂંકા ફકરાઓએ વાંચકોને ચિંતનની સામગ્રી પૂરી પાડી છે

આ ઉપરાંત પ્રાપ્ત થતા સાહિત્યની સમાલોચના, વર્તમાન સમાચાર અને સભાની પ્રવૃત્તિની વિગત સમયે સમયે રજૂ કરવામાં આવી છે

આમ ઉપરોક્ત લેખકોએ માસિકની લેખન સામગ્રીને સમૃદ્ધ કરવામાં જે સાથ આપ્યો છે તે બદલ માસિક કમિટિ સૌની ઋણી છે અને નવા વરસમાં વધુ ને વધુ રસપૂર્ણ સામગ્રી તેઓશ્રી તરફથી મળતી રહે તેમ વિનવીએ છીએ

માસિકને અંગે સમગ્ર દ્રષ્ટિએ વિચારતા એમ લાગે છે કે રસયાળની દ્રષ્ટિએ હજુ તે ઘણું અધૂરું છે આત્માનંદના જુદા જુદા અંગો ઉપર મનનીય પ્રકાશ પાડતી વધુ અભ્યાસપૂર્ણ અને મનનીય સામગ્રી એકત્ર કરવાની જરૂર છે માસિકનો પદ્ય વિભાગ તો ખૂબ કંગાળ છે તેમ કહીએ તો ખોટું નથી ઊર્મિઓને જાગૃત કરે તેવું ભાવવાહી કાવ્ય-ઝરણું આપણામાં ઓછું છે ઊંડા અભ્યાસ અને ચિંતન પૂર્વક ચોક્કસ ધ્યેયથી જો લેખન સામગ્રી યોગ્ય લેખકો પાસેથી-જરૂર પડે તો યોગ્ય પુરસ્કાર આપીને મેળવવામાં આવે તો કાવ્ય, કથા, દર્શનશાસ્ત્ર, પુરાતત્ત્વ, સાહિત્યસંશોધન, સમાજશાસ્ત્ર રાષ્ટ્રવિધાન, આદિ વિષ-વિષ વિષયનું સાહિત્ય પીરસી શકાય, તે માટે થોડો વાંચન-પ્રદેશ પણ વિસ્તારવો ઘટે. અને આ રીતે જો માસિક તૈયાર કરવામાં આવે તો જ તેની પાછળ લેવાતો શ્રમ કે અર્થવ્યય સાર્થક ગણી શકાય નવા વરસમાં પ્રવેશ પ્રસંગે આપણે ઇચ્છીએ છીએ કે માસિકના વિકાસ માટેની આપણી આ મનોભાવના વહેલી તકે સફળ થાઓ

આપણું શિક્ષણ ક્ષેત્ર —

ધાર્મિક અને વ્યવહારિક, આમ આપણા શિક્ષણ-ક્ષેત્રના બે અંગો છે. ધાર્મિક ક્ષેત્રે ગત વરસમાં ખાસ ધ્યાન ખેંચે તેવી એવી કોઇ નવી પ્રવૃત્તિ બનવા પામી હોય તેમ દેખાતું નથી ગામોગામ ધાર્મિક પાઠશાળાઓ ચાલે છે, અને ધાર્મિક પરીક્ષા લેનાર મેસાણા, પુના, રાજનગર અને મુંબઇની સંસ્થાઓ જુદી જુદી રીતે ધાર્મિક પરીક્ષાઓ લઇને પોતાનું કર્તવ્ય બજાવ્યાનો સંતોષ માને છે આ રીતે ધાર્મિક શિક્ષણ માટે થોડો પ્રચાર થાય છે, પરંતુ ધાર્મિક શિક્ષણમાં આજે જે રસ ધરતો આવે છે, શ્રદ્ધાધન ઘટતું આવે છે, તે પ્રશ્ન ગંભીર વિચારણા માગી રહ્યો છે માત્ર આવશ્યક ક્રિયાનાં સૂત્રો જ નહિ પરંતુ જૈન-દર્શનનો જરૂરી અભ્યાસ ઊમતી પ્રજા કરી શકે, સૂત્રો અને ક્રિયાનું ઊંડું રહસ્ય તે સમજી શકે અને તક આવે જૈન-દર્શન અંગે કોઇ સાથે સામાન્ય ચર્ચા કરવાનો પ્રસંગ પડે તો યોગ્ય ચર્ચા કરી શકે તેટલું જ્ઞાન આજે ઊમતી પ્રજાને આપવું પડશે, અને ધાર્મિક અભ્યાસ પરત્વે આજે જે ઉદાસીનવૃત્તિ દેખાય છે તે દૂર કરી અભ્યાસની ઊંડી રસવૃત્તિ તેમના દિલમાં કેમ જાગે તે માટેની યોજના પણ વિચારવી જ પડશે આ પ્રશ્નના ઉકેલમાં આપણા ધાર્મિક શિક્ષકોનો પ્રશ્ન પણ એટલી જ મહત્વની વિચારણા માગી રહેલ છે. પ્રતિભાશાળી અને જ્ઞાન-ગંભીર ચારિત્રશીલ શિક્ષકોની આપણે ત્યાં ખૂબ ખામી છે આ ખામી દૂર કરવા સિવાય આપણું ધાર્મિક શિક્ષણ રસમય બને તેમ લાગતું નથી

આપણા પૂજ્ય સાધુસમાજ માટે પણ ઊંડી

ગવેષણાપૂર્વક જૈન-શાસ્ત્રો અને સાહિત્યનો અભ્યાસ કરી શકે તેવા એક કેન્દ્રની જરૂર છે. જુદા જુદા સમુદાયમાં પંડિતો રોકીને આપણે પૂજ્ય મુનિવર્યોને અભ્યાસ કરાવીએ છીએ. ગઇ સાલ કપડવંજમાં જ્ઞાનશાળા ખોલવામાં આવી તેમ આ વરસે વઢવાણમાં પણ પૂ. મુનિવર્યોના અભ્યાસ માટે જ્ઞાનશાળા ખોલવામાં આવી છે, પરંતુ આટલાથી આપણે સંતોષ માની લઇએ તે બસ નથી.

જૈન શાસનની પ્રભાવનાનો મોટો આધાર આપણા પૂ. મુનિવર્યો ઉપર છે. યુગયુગથી આપણા પૂ. મુનિવર્યોએ જૈન શાસનને જવલંત રાખવાને માટે અનોખો ભોગ આપ્યો છે, આગમો અને જૈન-દર્શન સાહિત્ય-સર્જનમાં પણ તેઓનો ફાળો ઓછો નોંધપાત્ર નથી. સ્થળે સ્થળે-વિકટમાં વિકટ પ્રદેશમાં વિચરીને તેઓએ જૈન શાસનની પ્રભાવના કરી છે અને આજે પણ કરી રહ્યા છે.

જૈન સાહિત્યનું અભ્યાસ કેન્દ્ર

આમ જૈન શાસનના ઘડતરનો મુખ્ય આધાર પૂજ્ય સાધુ સમાજ ઉપર છે. તે મહાન જવાબદારી ઉપાડવા માટે તેમનામાં કેટલું જ્ઞાન હોવું જોઇએ તેની કલ્પના માત્ર કરીએ તો જ એમના અભ્યાસ-ચિન્તન માટે આપણે શું શું કરવું જોઇએ તેનો ખ્યાલ આવે. આજે પરંપરાગત છીછરી શ્રદ્ધા ઓસરતી આવે છે. દીર્ઘગવેષણા, ઊંડા અભ્યાસ અને તાત્ત્વિક ચર્ચામાંથી નિતરતા નિર્ણયો પર આજે શ્રદ્ધાનો પ્રદેશ નવો આકાર લેતો આવે છે. ઊંડા અભ્યાસની જે ભૂખ આજે જનતામાં ઉઘડતી આવે છે તેની આપણે અવગણના નહી કરી શકીએ, યુગ પ્રવાહની સાથે આપણે રહેવું જ પડશે. અને આજનો યુગ જે માને છે તે જ્ઞાન-પ્રાસાદ આપણે તેની પાસે રજૂ કરવો જ પડશે. તેમ કરશું તો જ જૈન-દર્શન પરત્વેની શ્રદ્ધા જનતામાં ટકી રહેશે. આ દરેક દ્રષ્ટિએ વિચારીને આપણે આપણા પૂ. મુનિવર્યોના અભ્યાસ માટે પ્રબંધ કરવાની જરૂર છે. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શ્રેષ્ઠિવર્ય કસ્તૂરભાઇના દિલમાં પણ આ પ્રશ્ન રમી રહ્યો હોય તેમ પોતાના પ્રવાસ-દરમિયાન તેઓશ્રીએ જે શબ્દો ઉચ્ચાર્યા હતા કે:-" જૈનધર્મના જ્ઞાન માટે એક સંસ્થા ખોલવાની હોઇ-બે વરસથી વિચારણા ચાલે છે, આ માટે મુંબઇ સરકાર સાથે વાટાઘાટ ચાલે છે. મારી એવી ભાવના છે કે ગુજરાત વિશ્વવિદ્યાલય બંધાયું છે ત્યાં આપણાં સાધુ-પુરુષો લાભ લઇ શકે તેવી ગોઠવણ કરવી. " શેઠશ્રી કસ્તૂરભાઇની આ ભાવના તરતમાં બર આવે અને જૈનધર્મના ઊંડા અભ્યાસ માટે સુયોગ્ય અભ્યાસકેન્દ્ર ઊભું કરવાનું આપણું સ્વપ્ન વહેલી તકે સિદ્ધ થાઓ એમ ઇચ્છીએ. આ પ્રબંધ થશે તો જૈનધર્મના વિદ્વાનો કે પ્રતિભાશાળી ધાર્મિક શિક્ષકો ઉત્પન્ન કરવાનો પ્રશ્ન પણ સાથોસાથ ઉકેલાતો આવશે.

વ્યવહારિક શિક્ષણમાં પણ આજે જુદા જુદા શિક્ષણ માટેનો પ્રવાહ વધતો જ આવે છે. અને દરેક શિક્ષણ-કેન્દ્રોમાં જૈન વિદ્યાર્થી રસ કેળવતો આવે છે. અલબત ઉદ્યોગ, રાજ્યબંધારણ અને એવા શિક્ષણક્ષેત્રમાં હજુ આપણે પૂરતો રસ કેળવી શક્યા નથી. એમ છતા આપણે એટલું સમજતા થયા છીએ કે આપણા વ્યાપારનું ધોરણ બદલાતું આવે છે, ઉત્પાદકો અને વાપરનારાઓ વચ્ચેનો સીધો સંબંધ બંધાતો આવે છે અને વચગાળાના નફા ઉપર ચાલતા વ્યાપારને ધક્કો લાગતો આવે છે, ગામડામાં વસતા આપણા વ્યાપારી ભાઇઓની સ્થિતિ ઉપરના કારણે દિવસે દિવસે કથળતી આવે છે. વધુ ચિન્તાજનક સંયોગોમાં આપણો મધ્યમ વર્ગ મૂંઝાતો આવે છે. એટલે યુગપ્રવાહને ઓળખી આપણે ઉદ્યોગ, રાજકારણ અને વિજ્ઞાનના અભ્યાસ તરફ વળ્યા વિના છૂટકો જ નથી. અને આ રીતે આપણો વિદ્યાર્થી વર્ગ તે તરફ ઢળી રહ્યો છે એટલે તેની સુખ-સગવડ માટે વિદ્યાર્થીગૃહો-વિદ્યાલયો વધારવા પડશે, મધ્યમ વર્ગને અભ્યાસની આર્થિક સગવડ પણ આપવી પડશે. આ દિશામાં યોગ્ય દાન-પ્રવાહ વહેતો થયો છે પરંતુ હજુ તે વધુ વેગ માગી રહ્યો છે.

આ માટે ભાવનગરનો જ દાખલો લઇએ. અત્રે જુદી જુદી કોલેજો વધી તેમ જૈન બોર્ડીંગમાં વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધતી આવી. ચાલીશ-પચાસ વિદ્યાર્થીઓની સગવડ ધરાવતી સંસ્થાને સો-સવાસો

વિદ્યાર્થીઓની સગવડ કરવાની ચિન્તા વધી, તે માટે વિશાળ મકાન અને મોટા નિભાવફંડની અનિવાર્ય અગત્ય ઊભી જ થઇ, સદ્‌ભાગ્યે આ મૂંઝવણનો થોડો ઉકેલ સ્વ. વોરા હઠીચંદ ઝવેરચંદના વિધવા બેન હેમીબેને પોતાનું પચીશ હજારનું મકાન બોર્ડીંગને અર્પણ કરીને કર્યો, પણ હજુ નિભાવની ચિન્તા તો ઊભી જ છે. આવી સ્થિતિ ભાવનગરની જેમ ઘણા સ્થળોની છે અને તેનો ઉકેલ આપણા દાનવીરોએ લાવવો જ પડશે.

આપણી વિશાળ દ્રષ્ટિ—

માત્ર જૈનો જ નહિ પરંતુ સાર્વજનિક ક્ષેત્રમાં દાન આપવાની આપણી વિશાળ દ્રષ્ટિ તો છે જ અને એ દ્રષ્ટિએ ભૂતકાળમાં ઘણા દાનો અપાયા છે આ વરસનું આપણું વિશાળ દાનક્ષેત્ર આપણને ગૌરવ લેવરાવે તેવું વિસ્તર્યું છે જામનગરખાતે દાનવીર શેઠ મેઘજી પેથરાજે જામનગરમાં મેડીકલ કોલેજ અને વઢવાણમાં કોલેજ માટે સત્તર લાખની સખાવત કરી અને પોતાની લાખોની મૂડી રાષ્ટ્રના ચરણે ધરી શિક્ષણ-પ્રચારના સાર્વજનિક ક્ષેત્રમાં તેઓ બહોળા હાથે ખરચી રહ્યા છે.

શ્રી અમૃતલાલ કાળીદાસ દોશી પણ પોતાના જામનગરમાં રૂા અઢી લાખની સખાવતથી સાયન્સ કોલેજ બંધાવે છે ભાવનગરખાતે શેઠ ભોગીલાલ મગનલાલે પણ બે લાખ આર્ટ કોલેજ માટે આપ્યા છે ગુજરાત વિદ્યાસભાને શેઠ કસ્તુરભાઇએ લગભગ એક લાખ આપ્યા છે આમ આ વરસે સાર્વજનિક શિક્ષણ ક્ષેત્રમાં આપણો દાન-પ્રવાહ સારા પ્રમાણમાં વહેતો રહ્યો છે, જે અભિનંદનીય ગણાય

ધાર્મિક આંદોલન —

ધાર્મિક આંદોલનનો વિચાર કરતા સૌ પહેલા રતલામનો દુઃખદ પ્રશ્ન આપણી સામે આવે છે શિવલિંગ સ્થાપનનો તકંટી પ્રશ્ન ઊભો કરી ત્યાના સનાતનીભાઇઓએ આપણા જિનપ્રાસાદના બારણા અગિયાર માસથી બંધ કરાવ્યા છે આપણા જ પૂજારીએ આ વિટંબના ઊભી કરવામાં સામા પડીને સાથ આપ્યો છે આજે તો આ પ્રશ્ન ન્યાયની અદાલતે છે એટલે આ સંબંધમાં વધુ ન કહી શકાય. સમગ્ર જૈન સમાજ આજે આ પ્રશ્ન તરફ ઘેરી ચિન્તાની દ્રષ્ટિએ જોઇ રહ્યો છે. તેનો સંતોષકારક ઉકેલ સત્વર આવે અને દર્શન-પૂજન માટે જિન-મંદિરના દ્વાર વહેલા ખુલ્લા થાઓ એ જ આ તકે પ્રાર્થીએ.

રતલામ પ્રકરણમાંથી પૂજારી અંગેનો પ્રશ્ન પણ ઉપસ્થિત થાય છે. વૈષ્ણવ પૂજારીઓ રાખવાથી આજે જે પ્રશ્ન રતલામમા ઉપસ્થિત થયો છે તેવો પ્રશ્ન અન્ય સ્થળે નાના-મોટા સ્વરૂપે ઉપસ્થિત તો થયો જ છે. અને આંવાં બનાવો પછી આપણી સામે એક પ્રશ્ન એ પણ આવ્યો છે કે-" આપણે આપણા જ પૂજારી કેમ ન રાખી શકીએ ? ભારતભરમા આપણા ત્રીશેક હજાર જિનમંદિરો છે. દરેક સ્થળે આપણા જ પૂજારીનો પ્રબંધ કરવામાં આવે તો કોઇ નવી દખલનો ભય ન રહે અને પૂજન-વ્યવસ્થા પણ સંતોષકારક થાય. શ્રી સંઘે આ પ્રશ્ન ગંભીરપણે વિચારવાનો અને તેનો વ્યવહારુ માર્ગ સત્વર કાઢવાનો રહે છે.

આમ તો ધાર્મિક આંદોલનના ઘણા પ્રસંગો બની ગયા તે તમામની નોંધ તો વધુ વિસ્તાર માગી લ્યે છે. તેટલો અત્રે અવકાશ નથી માત્ર મહત્વના પ્રશ્નોનો ટૂંકો નિર્દેશ કરી અત્યારે સંતોષ માનીએ.

શત્રુંજય તીર્થ પર હરિજનોને દર્શન માટે પ્રવેશ કરવા દેવાનો પ્રશ્ન શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી સામે ઉપસ્થિત થયો, અને પેઢીએ તેનો ઉકેલ હરિજનોને પ્રવેશ કરવા માટેની છૂટ આપીને કર્યો. પેઢીનો આ નિર્ણય દીર્ઘ વિચારણા અને યુક્તબળ માપીને કરવામાં આવ્યો હોય તેમ દેખાય છે. તેના આઘાત-પ્રત્યાઘાતો પડ્યા છે. એમ છતાં પેઢીના આ પગલાને મોટા ભાગે આવકાર મળ્યો છે અને રાજકીય ક્ષેત્રે તેની સુંદર છાપ પડી છે તે ચોક્કસ છે.

'સાધારણ ખાતા' નો પ્રશ્ન હંમેશા સ્થળે સ્થળના સંઘને મોટા ભાગે મુંઝવતો આવ્યો છે.

કારણ સામાન્ય રીતે સાધારણ ખાતું હંમેશા મોટી ખાદમાં ચાલે છે અને તે ખાડો પૂરાતો નથી. કેટલાક રથળોએ સ્થિતિ-સંપન્ન ગૃહસ્થોએ જુદો ફાળો કરીને આ ખાડો પૂરવા પ્રયાસ કર્યો છે. કલકત્તા, ઉજ્જૈન વગેરે સ્થળે આમ બન્યું છે, પરંતુ "બાજુને થીગડા મારવા" જેવો આ પ્રયોગ છે. તેનો વાસ્તવિક ઉકેલ જુદી જુદી રીતે આજે વિચારણામાં છે. તે અંગે કેટલાક પ્રયોગો પણ થયા છે પરંતુ તેનો સંતોષકારક ઉકેલ હજુ લેવાયો નથી. પાટણખાતે પંચાસરા પાર્શ્વનાથ જિનાલયના પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પણ સાધારણ ખાતાનો પ્રશ્ન વિચારવામાં આવ્યો હતો. અને જિનપ્રતિમાને અંગે બોલાતી બોલી સિવાયની બોલીની આવક સાધારણ ખાતામાં લઈ જવાનો નવો પ્રબંધ યોજવામાં આવ્યો હતો. સાધારણ ખાતામાં પડતા ખાડાને પૂરવા માટે આ એક પ્રયોગ હતો. આ પ્રશ્નના ઉકેલની મૂંઝવણ વધી છે તેમ તે અંગેનું મંથન પણ જુદી જુદી રીતે થઈ રહ્યું છે. તેમાંથી જ યોગ્ય માર્ગ નીકળી રહેશે એમ લાગે છે.

બાળ-દીક્ષા સાથે પ્રતિબંધ મૂકતું એક બીલ મુંબઈની ધારાસભામાં અમદાવાદના વૈષ્ણવ ધારાશાસ્ત્રી શ્રી પ્રભુદાસ પટવારીએ રજૂ કર્યું છે. આ બીલમાં બાળ-દીક્ષા સામે અટકાવત મૂકવાની અને આવી દીક્ષામાં ભાગ લેનારને યોગ્ય નસીયત કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આજે આ બીલ ધારાસભાની ઓરણ ઉપર ચર્ચાઈ રહ્યું છે. શ્રદ્ધાળુ-વર્ગે આ બીલ સામે પોતાના વિરોધનો સૂર વ્યક્ત કર્યો છે. અને બીલને અટકાવવાના યોગ્ય પ્રયાસો થઈ રહ્યા છે.

વિશ્વવનસ્પત્યાહાર કોંગ્રેસનું એક અધિવેશન ગત ઓગષ્ટ માસમાં પેરીસખાતે મળી ગયું. જીવદયા-મંડળીના મંત્રી શ્રી જયન્તીલાલ માન્કરને આમંત્રણ મળતા તેઓ ત્યાં ભારતના પ્રતિનિધિ તરીકે ત્યાં ગયા હતા અને યોગ્ય પ્રવચનો દ્વારા "વનસ્પત્યાહાર અને અહિંસા"નું દ્રષ્ટિબિન્દુ સુંદર રીતે રજૂ કર્યું હતું.

ભગવાન મહાવીરની જયન્તીનો ઉત્સવ વ્યાપક રીતે ઉજવવાની પ્રથા દિનબર દિન વિકાસ પામતી આવે છે. ગયા વરસે પં. જવાહરલાલના પ્રમુખસ્થાને દીલ્હીમાં ભગવાન મહાવીરની જયન્તી ઉજવવામાં આવેલ. વૈશાલી, મુંબઈ, કલકત્તા અને એવા ઘણા સ્થળોએ પણ આવો જ વ્યાપક કાર્યક્રમ યોજવામાં આવેલ આ રીતે ભગવાન મહાવીર અને તેમના જીવનસંદેશનું જ્ઞાન વિસ્તાર લેતું આવે છે.

જૈન સાહિત્યના પ્રચાર અને જૈન-દર્શનના અભ્યાસની રુચિ જાગૃત કરવા માટે સાહિત્યસંશોધક વિદ્વાન મુનિવર્ય શ્રી જંબૂવિજયજી મહારાજ આદિ વિદેશના જ્ઞાનપિપાસુઓ સાથે પોતાનો પત્ર-વ્યવહાર જાળવી રહ્યા છે અને એ રીતે વિદેશમાં જૈન-દર્શનના અભ્યાસ માટેનો રસ કેળવી રહ્યા છે. પરિણામે જાપાન આદિથી કેટલાક વિદ્વાનો જૈન-ધર્મના અભ્યાસ માટે હિન્દમાં આવ્યા છે. જાપાનની ટોકુકુ યુનિવર્સિટિના પ્રો. યેમો કાન્તકુરાએ જૈન વ્યાકરણ, ઇતિહાસ, તર્કશાસ્ત્ર અને જૈનધર્મ માટેના અભ્યાસના સાહિત્યની માગણી કરી છે અને તેમને યોગ્ય સાહિત્ય મોકલાઈ રહ્યું છે.

આચાર્ય શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજે એક સો વરસ પૂરા કરી એક સો એકમા વર્ષમાં પ્રવેશ કર્યો છે. છ્ય વરસનો લાંબો તેજસ્વી દીક્ષાપર્યાય, ચારિત્ર અને જ્ઞાનદ્વારા ધર્મની આરાધના અને આજે પણ વરસીતપની તપશ્ચર્યા ચાલુ છે—આ તેઓશ્રીના જીવનની અપૂર્વ સિદ્ધિઓ છે. તેઓશ્રીના ચરમચક્ષુ ગયા છે પરંતુ અંતરના જ્ઞાનતેજથી આજે પોતાના આત્માને અજવાળી રહ્યા છે અને જીવનને ધન્ય બનાવી રહ્યા છે.

વિલુપ્ત વિભૂતિઓ

ગતવરસે આપણે ઘણા તેજસ્વી પુરુષોની ખોટ પડી.

વરસના આરંભમાં જ આ સભાને જન્મકાળથી જ પોતાની માની તેના સાહિત્ય-પ્રકાશન આદિ વિકાસ કાર્યમાં અપૂર્વ ફાળો આપનાર યુગવીર આચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની આપણને ખોટ પડી, અને વરસના અંત ભાગમા આ સભાના માનનીય મંત્રી શ્રીયુત વલ્લભદાસ ત્રિભુવનદાસની આપણને ખોટ પડી. શ્રી વલ્લભદાસભાઈને મન પણ

સભા પ્રાણ જ સમાન હતી સભાના એ આત્મા હતા, સભા માટે પોતે અમૂલ્ય અને ખૂબ સેવા આપી. આમ સભાના ઇતિહાસમાં બે વલ્લભની ખોટ પડી જે ન પૂરી શકાય તેવી ગણાય.

આ સિવાય આચાર્ય વિજયકલ્યાણસૂરીશ્વરજી, શાસનદીપક મુનિશ્રી વિદ્યાવિજયજી મહારાજ, સભાના પેટ્રન શ્રી ભગુભાઈ ચુનીલાલ સુતરીયા, શેઠ બકુભાઇ, ગુરુકુળના પ્રમુખ શેઠ મોહોલાલ, શ્રદ્ધેય પુરુષ શેઠ પોપટલાલ ધારશીભાઇ, ઉદાર દીલ શ્રી સતોકબહેન ભાવસાર, પાલીતાણાના નગરશેઠ વનમાળીદાસ, એજ્યુ૦ બોર્ડના મંત્રી શ્રી સૌભાગ્યચંદ દેશી આદિની પોલ ખોટ આપણે ભૂલી શકીએ તેમ નથી એ સર્વના આત્માની શાન્તિ ઇચ્છી તેમના અધૂરા કાર્યો ઝીલવાની આપણે શક્તિ પ્રાપ્ત કરીએ એ જ મહેચ્છા

સભા અંગે થોડું—

સભાની સાહિત્ય વિષયક પ્રવૃત્તિને અંગે થોડો નિર્દેશ ઉપર કરવામાં આવ્યો છે.

સભાની ચાલુ પ્રવૃત્તિમાં આ વરસે સભાનુ બંધારણ નવેસરથી વિચારી ઘડવામાં આવ્યુ અને તે રજીસ્ટર કરાવવામાં આવ્યુ છે પરમકૃપાળુ ગુરુદેવની કૃપાથી આ સભા ૫૮ વર્ષ વીતાવી ૫૯ મા વરસમા પ્રવેશી ચૂકી છે એટલે તેનો સુવર્ણમહોત્સવ ઉજવી પ્રગતિની વિચારણા કરવાની રહે છે તે માટે અનેકવાર સ્ફુરણાઓ થઈ છે પરતુ હજુ તે અમલમા મુકી શકાણી નથી

સભાને પોતાની ગણી સાથ આપનાર પેટ્રનો, આજીવન સભ્યો અને વાર્ષિક સભાસદોનો સમૂહ સમયના પ્રમાણમાં યોગ્ય વૃદ્ધિ પામતો આવેલ છે સ ૨૦૧૦ ની આખરે ૬૧ પેટ્રનો ૫૫૦ પ્રથમ વર્ગના આજીવન સભ્યો ૧૦૭ બીજા વર્ગના આજીવન સભ્યો, ૬ ત્રીજા વર્ગના આજીવન સભ્યો અને ૧૩ વાર્ષિક સભાસદો મળી કુલ ૭૪૨ સભાસદો જેટલો મોટો સમૂહ સભા ધરાવે છે તેમાના કેટલાક મુંબઇ, કલકત્તા, મદ્રાસ, બેંગલોર, દીલ્હી, અમદાવાદ, આગ્રા, કાનપુર આદિ જુદા જુદા સ્થળોના આગેવાન પ્રતિષ્ઠિત ગૃહસ્થો પણ છે આ રીતે સમગ્ર ભારતવર્ષનો ગૌરવભર્યો સહકાર છે

અનેકના સહકારથી જ હમેશા આ સસ્થા પોતાનો વિકાસ સાધતી આવેલ છે. તે સૌનો પૃથક્ પૃથક્ આ તકે આભાર માનવાની લાબી નામાવળી રજૂ કરવાનો અત્રે અવકાશ નથી એમ છતા સભાની ગૌરવભરી સસ્કૃત અને ગુજરાતી સાહિત્ય વિષયક પ્રકાશન પ્રવૃત્તિમા આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ અને વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજનો સભાપરત્વેનો મમતાભર્યો સદ્ભાવ અમો ભૂલી શકતા નથી. સાહિત્ય-સંશોધનના નિજ કાર્યમાં સદા મસ્ત રહી જ્યારે તેઓશ્રી અભ્યાસપૂર્ણ સાહિત્યનુ તુલનાત્મક ઊંડુ સંશોધન કરી રહ્યા હોય છે ત્યારે શ્રદ્ધા અને ભક્તિથી તેઓશ્રીના ચરણમાં આપણુ મસ્તક ઢળ્યા વિના રહી શકતું નથી અનેક વખત વિનવવા છતાં અને છેલ્લા છેલ્લા પાટણમા પ્રતિષ્ઠામહોત્સવ પ્રસંગે સંઘનો અત્યત આગ્રહ હોવા છતાં આચાર્યપદવીને વિનમ્રભાવે અસ્વીકાર કરવામાં પૂજ્ય મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજની માનથી પર રહેવાની જે નિર્મોહ દૃષ્ટિ છે તે પણ જરૂર નોંધપાત્ર છે

આ છે સભાનો કાર્યપ્રદેશ તેની આકાંક્ષાઓ તો ઘણી છે, પરતુ તેને પહોચી વળવા તે શક્તિમાન થઈ શકેલ નથી સમય અને સયોગોની અપેક્ષાએ સભાનુ સાહિત્ય પ્રકાશન જરા મંદ પણ પડયુ છે. જે મનોરથો તેના દીલમા રમી રહ્યા છે, તેને મૂર્ત સ્વરૂપ આપવાનું બળ પરમકૃપાળુ પરમાત્મા આપણને આપો એ જ મહેચ્છા.

ગત વરસનુ આ આછુ સિંહાવલોકન છે. આઘાત અને પ્રત્યાઘાતના પડઘા તેમાં પડ્યા છે કર્તવ્યભાવનાનો તેમા નાદ ગુંજે છે. ભગવાને મહાવીરે પ્રરૂપેલ અપ્રમત્ત ભાવે આપણે નવા વરસમાં પ્રવેશ કરીએ અને ઇચ્છીએ કે —

"ઊંડો અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા"

હરિલાલ દેવચંદ શેઠ

આત્મમસ્ત શ્રી આનંદઘનજીની અમર સંતવાણી*

[લેખક:—પ્રોફેસર જયંતીલાલ લાભશંકર દવે, એમ. એ.]

જૈન ધર્મ અને જૈન દાર્શનિક સાહિત્ય ઘણું જ પ્રાચીન છે પરંતુ તેનો પરિચય પશ્ચિમના વિદ્વાનોને ઘણો જ મોડો થયો છે. છેલ્લા શતકમાં જ્યારે પૂર્વના ધર્મો અને પૌર્વાત્ય વિદ્યાઓનો અભ્યાસ મેક્સમૂલર આદિ પશ્ચિમના પંડિતોએ કરવા માંડ્યો ત્યારે પશ્ચિમને ખબર પડી કે પૂર્વનું દાર્શનિક સાહિત્ય કેટલું ઉદાત્ત છે, પ્રૌઢ છે, નિત્યજીવી છે. તેઓની દૃષ્ટિમર્યાદા પહેલાં બાઈબલ સુધી મર્યાદિત હતી. પૂર્વના સંપર્કમાં આવ્યા પછી તેમને લાગ્યું કે કદાચ બાઈબલને પણ આર્યાવર્તના આદિ ધર્મોએ ખૂબ અસર કરી હોય! ડૉ. પૉલકેરસે તો તેના Gospel of Buddha માં પુસ્તકના અંતે બૌદ્ધગ્રંથોમાંથી અવતરણો આપીને બાઈબલના સુવાક્યો સાથે સરખામણીમાં મૂક્યાં છે. જૈન અને બૌદ્ધ સાધુઓ ભૂમધ્ય સમુદ્ર સુધી પહોંચી ગયા હતા એ તો ઐતિહાસિક હકીકત છે. હિંદુસ્થાન અને એશિયા જગતના તમામ ધર્મોનું ઉદ્ભવ સ્થાન છે એ વાત પણ બધાને કબૂલ છે, માત્ર એટલું જ કે હિંદુસ્થાનમાં જૈન, બૌદ્ધ, વૈદિક આદિ ધર્મો ઉદ્ભવ્યા તેમાં અધ્યાત્મ પર જેટલો ભાર દેવાયો છે તેટલો ભાર બીજા ધર્મોમાં દેવાયો હોય તેવી પ્રતીતિ થતી નથી. શુદ્ધ આત્માનુભાવ અને શુદ્ધ આત્મજ્ઞાનના પાયા ઉપર આપણી સંસ્કૃતિની ઇમારત ઊભી કરાયેલી છે.

દાર્શનિક સાહિત્ય મોટેભાગે વિદ્વદ્ભોગ્ય હોય છે. આમપ્રજા અને જનતા એમાં ઘણુંખરૂં ઓછો રસ લે છે. આમજનતાને તો સીધી, સરલ અને હૃદયંગમ રીતે રચાયેલાં કે ગવાયેલાં ભજનો કે સ્તોત્રો હોય તો તે વધારે પસંદ પડે છે. મહાત્મા ગાંધીજીએ પ્રબુદ્ધ જૈન (૧-૧૧-૪૧-પૃ. ૧૨૪)માં મીરાંના ભજનો માટે લખ્યું છે કે "મીરાંના ઉદ્ગારમાં કૃત્રિમતાનું નામ સુદ્ધાં નથી. મીરાં ગીત ગાઇ ગઇ છે તે તેનાથી ગાયા વિના રહેવાયું નહિ માટે. તે સીધું હૃદયમાંથી નીકળ્યું છે—કુદરતી ઝરણાની પેઠે. કેમ જાણે ફૂટી નીકળ્યું ન હોય! યશનો મોહ અથવા લોકોની વાહવાહ મેળવવાનો કોઇ એ પદનો હેતુ થોડો જ હતો!" આ ખરી વાત છે. કેવળ લોકપ્રશંસા ખાતર લખાયેલ સાહિત્ય, સાહિત્ય નથી પણ ચારણો અને ભારોટોની ભાટાઇ છે. આવા સાહિત્યની અસર ક્ષણજીવી છે. સાચું સાહિત્ય આવી ભાટાઇથી મુક્ત છે. તેથી જ તેની અપીલ કોઇ દિવસ વાસી થતી નથી.

મીરાંના પદો સંબંધે ગાંધીજીએ જે અભિપ્રાય આપ્યો છે તે તમામ સંતવાણીને લાગુ પડે છે. કબીરનાં પદો, નરસિંહ મહેતાનાં ભજનો, ભોજા ભગતના ચાબખા, ધીરાના પદો, સંત તુકારામની ગાથાઓ, દાદૂ અને સંત રજ્જબની વાણી, ગુરુ નાનક અને શીખ સંતોનાં વચનામૃતો, બૌદ્ધ ભિક્ષુઓ અને ભિક્ષુણીઓનાં થેરા ગાથા અને થેરી ગાથાઓ અને છેલ્લે જૈન કવિઓની ધાર્મિક કવિતાઓ એ સર્વ તરફ તમે દૃષ્ટિપાત કરો. આ બધામાં તમને બહુ જ સામ્ય દેખાશે. સંતોના આધ્યાત્મિક અનુભવો એકસરખા એકરૂપ લાગશે. અહિં સ્થળ, કાળ, દેશ, યુગ વગેરેના ભેદો નડતા નથી. બધાય સંતો એકી અવાજે પુકારે છે કે—આત્મા એ જ આપણો ઉત્તમોત્તમ અને શાશ્વત આરામ છે, એ જ આપણું પરમ ધન છે.

"શ્રી આનંદઘન પદ-સંગ્રહ" એ નામનું પુસ્તક હમણાં જ શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ-મુંબઇ, તરફથી જાહેર પડ્યું છે. આ પદ સંગ્રહનો આમુખ શ્રી ફતેચંદભાઇ ઝવેરભાઇએ લખ્યો છે. શ્રી ફતેચંદભાઇનું વાંચન, મનન અને તત્ત્વચિંતન ઘણું જ ઊંડું અને ગંભીર છે. શ્રી આનંદઘનજીના પદોનો

*શ્રી આનંદઘન પદ સંગ્રહ. રચયિતા આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી, પ્રકાશક: શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ, ૦/૦ શેઠ મંગળદાસ લ. ઘડિયાળી, ૪૪૭ કાલબાદેવી રોડ, મુંબઇ (૨) કિં રૂ. ૧૨-૮-૦

ભાવાર્થ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીએ કર્યો છે એ સોનાની સાથે સુગંધનો યોગ થયો છે શ્રી કુનેચંદ ભાઇના જ શબ્દોમાં કહીએ તો, 'જેવા શ્રી આનંદઘનજી યોગિવર હતા તેવા તેમના પદો ઉપર ભાવાર્થ લખનાર સ્વ૦ બુદ્ધિસાગરસૂરિ અપૂર્વદૃષ્ટા યોગી હતા આ બન્ને યોગિવરોનું વાચિક અને લેખિત મધુર મિલન થયેલું છે આવા ગંભીર અને તાત્ત્વિક મીમાંસાવાળા પદોના ભાવાર્થોના સંબંધમાં વિવેચન કરી યોગસાધના વગરની વ્યક્તિઓ વાસ્તવિક રીતે સમજીને શી રીતે ન્યાય આપી શકે? આ પદોના ભાવાર્થો કેવળ બૌદ્ધિક વિદ્વત્તાપૂર્ણ દૃષ્ટિથી સમજાય જાય તેમ હોઇ શકે જ નહિ જેવો અંતરનાદ શ્રી આનંદઘનજીએ જગત્ પ્રવાહમાં વહેવરાવ્યો છે તે અંતરનાદ ઝીલનાર તે ઝરણાંઓને નદીનું સ્વરૂપ આપનાર સ્વ૦ યોગીવર શ્રી બુદ્ધિસાગરસૂરિને ભાવ ના સાથે જેટલું મહત્ત્વ આપીએ તેટલું ઓછું છે' । સંગ્રહના પદોમાં કોઈ વિરલ અપૂર્વતા જોવામાં વે છે પ્રાસાદિક સંતવાણીમાં અનેક આધ્યાત્મિક ો અને ગૂઢોનો ઉકેલ કરાયેલો જોવામાં આવે છે

ગ્રેજીમાં જેને "મીસ્ટીસીઝમ" કહે છે તેને આપણે અધ્યાત્મ કહીએ છીએ અને જે માણસ આત્મ પરાયણ, આત્મ-મસ્ત હોય તેને આપણે અધ્યાત્મી કહીએ અંગ્રેજીમાં તેને 'મીસ્ટીક' કહે છે ખ્રિસ્તી ધર્મમાં આવા ઘણાય મીસ્ટીક થઇ ગયા છે મુસલમાનમાં જે સુફીઓ હોય તે પણ મીસ્ટીક હોય છે આપણે આવા લોકોને આત્મમસ્ત કહીએ, અવધૂત કહીએ, અધ્યાત્મી કહીએ આત્મ-રહસ્યજ્ઞ કહીએ ખરી રીતે તો અધ્યાત્મ જ સર્વ વિદ્યાઓનો, સર્વ શાસ્ત્રોનો ચૂડામણિ છે તેને જ વેદાંત પરાવિદ્યા કહે છે જે જાણ્યા પછી બીજું કાંઇ જાણવાની જરૂર રહેતી નથી એવું જે તત્ત્વ છે તે આત્મા છે

કવિ કાલીદાસને રઘુકુલ વિશે લખતા જે સંકોચ થયો હતો તેવી જ મૂંઝવણ આનંદઘનજી વિશે લખતાં કોઈ પણ લેખકને થયા વગર રહે નહિ કાલીદાસ કહે છે કે ક્યાં રઘુકુલ અને ક્યા મારી અલ્પમતિ! એક મોટા સમુદ્રને હું એક ક્ષુદ્ર લાકડાના પાટીયાવડે તરી જવા હું ધૃષ્ટતા કરું છું!

આનંદઘનજીના પદો વિશે એક જૈન કવિને પણ આવી જ મૂંઝવણ થઈ છે તે કહે છે કે —

"આશય આનંદઘનતણો, અતિ ગંભીર ઉદાર,
બાલક બાહુ પસાર જિમ, કહે ઉદધિ-વિસ્તાર,
તેમ મનોરથ મુજ મને, પિણ બુદ્ધિ નણ કિમ થાય?
ગુરુ કિરપાથી ગહન નગ, પંગુ પાર લંઘાય."

ક્યા આનંદઘનજી સમર્થ યોગીપ્રવર અને ક્યાં હું અલ્પજ્ઞાની! આવી મૂંઝવણ મને પણ થયા વગર રહેતી નથી છતાં હું તેમના પદોની સમીક્ષા કરવા પ્રેરાયો છું તે એટલા માટે કે વાંચતાં વાંચતાં મને પણ સાચો આત્મબોધ મળે! સતત આત્મજાગૃતિ અને શુદ્ધતમ આત્મામાં વિહરવું આ બે વૃત્તિઓ ખાસ કરીને તેમના પદોમાં જોવામાં આવે છે સૌથી પહેલું જ પદ આપણે લઇએ —

પદ ૧

क्या सोवे उठ जाग बाउरे,
अंजलि जल ज्यु आयु घटत है
देत पहोरिया घेरिय घाउ रे ॥ १ ॥

इन्द्र चन्द्र नागेन्द्र मुनीन्द्र चले,
कोण राजापति साह राउ रे,
भमत भमत भवजलधि पायके,
भगवंत भजन विन भाउ नाउ रे ॥ २ ॥

कहा विलंब करे अब बाउरे,
तरी भवजलनिधि पार पाउ रे,
आनंदघन चेतनमय मूरति,
शुद्ध निरंजन देव ध्याउ रे ॥ ३ ॥

પદોની ભાષા હિંદુસ્તાની-મારવાડી મિશ્ર જેવી છે પણ અર્થ સમજવામાં મુશ્કેલી પડતી નથી આ પદનો આ પ્રમાણે ભાવાર્થ છે -હે ચેતનસ્વરૂપ જીવ! તું કેમ હજુ સુધી સુઇ રહ્યો છે? મોહનિદ્રામાંથી ઉઠ! ખોબામાં ભરેલું પાણી જેમ ટપકી જાય છે તે પ્રમાણે આયુષ્ય પણ ખલાસ થઇ જાય છે ગમે

તું વજ્રતમ શરીર પણ નાશ પામે છે. ઇન્દ્રાદિ દેવો, ચક્રવર્તી રાજાઓ પણ અંતે મરે છે. સંસારસમુદ્રમાં અટકનાર એવા તને પ્રભુભજનરૂપી નૌકા મળી છે તો તેમાં કેમ બેસતો નથી ? હવે વિલંબ કર મા. ભવસમુદ્રને પાર તરી જા અને આત્માના શુદ્ધ નિરંજન દિવ્ય સ્વરૂપનું ધ્યાન ધર

સતત આત્મજાગૃતિનો જે ધ્વનિ ગૌતમ પ્રત્યેના મહાવીરસ્વામીના ઉપદેશમાં દેખાય છે તે જ ધ્વનિ આ પદમાં સ્પષ્ટ જણાય છે. ફરીથી જાણે "અપ્રમાદ-સૂત્ર"નું પારાયણ કરતા હોઇએ તેમ આપણને ઘડી ભર થાય છે. વીરવાણીનો જાણે પુનરવતાર.!

પદ ૭૮માં આનંદઘનજીનું નિરભિમાનપણું જણાઇ આવે છે. એક નિર્દોષ બાળક જેવી સરલતાથી અને નિષ્કપટભાવે તેઓ કહે છે કે—

"जगत् गुरु मेरा" જગત મારો ગુરુ છે અને હું જગતનો ચેલો છું. શ્રી દત્તાત્રેય વિશે એમ કહેવાય છે કે તેમણે ચોવીશ ગુરુ કર્યા હતા તો તેમાં આશ્ચર્ય નથી. જગતના તમામ જડ અને ચેતન પદાર્થોમાંથી એક સુંદર બોધપાઠ આપણને સતત મળ્યા જ કરે છે ! ફક્ત તે બોધપાઠ ગ્રહણ કરવા જેટલી તત્પરતા આપણી હોવી જોઇએ. કવિ શેક્સપીયર કહે છે કે—

"Books in running brooks,
Sermons in stones
And good in everything"

અર્થાત્ ખળખળતાં ઝરણાંઓમાં શાસ્ત્રોનું જ્ઞાન ભર્યું છે. મૂક અને જડ પત્થરો પણ ઉપદેશ આપી રહ્યા છે, જગતના દરેક પદાર્થમાંથી કોઇ ને કોઇ ગુણ અને સાર ગ્રહણ કરવા જેવું તત્ત્વ છે. એ જ પદમાં શ્રી આનંદઘનજી આગળ વધીને કહે છે કે–સરવાળે આત્મા જ દરેકનો ગુરુ બની શકે છે. આત્મારૂપી ગુરુ મનરૂપી ચેલાની કુમતિ દૂર કરી ચેલાને શુદ્ધ કરે ત્યારે જ સાચો લાભ થાય છે.

પદ ૭૭માં ચિત્તની સ્થાવરતાનું સુંદર વર્ણન છે. સાચા સાધકે જગતના પદાર્થો પરથી ચિત્ત ઉઠાડી લઇને પારમાર્થિક તત્ત્વમાં જોડવું જોઇએ. તે તત્ત્વ આત્મા હોય, કોઇ ઉપાસ્યદેવ હોય, પરમાત્મા સ્વરૂપ પ્રભુ હોય. પદના શબ્દો છે **हमारी लय लागी प्रभुनाम** । જગતના પદાર્થો ગમે તેટલા સુખદાયી હોય પરંતુ તે અનિત્ય હોવાથી કાયમી સુખ અને શાંતિ તેમાંથી મળતી નથી. ખરી શાંતિ આત્મલાભમાં છે.

જૈન તત્ત્વજ્ઞાનમાં આધ્યાત્મિક વિકાસની દૃષ્ટિએ જીવની ત્રણ ભૂમિકાઓનું વર્ણન આવે છે તે આ પ્રમાણે છે. જીવનનું સૌથી નિકૃષ્ટ સ્વરૂપ તે બહિરાત્મા. જીવ દેહને જ આત્મા માની બેઠા છે અને મિથ્યાત્વમાં પૂરેપૂરો ડૂબેલો છે. તેનાથી ઊંચી ભૂમિકા છે અંતરાત્માની. અંતરાત્માના પણ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટ એવા ત્રણ અવાંતર ભેદો છે. તે અવાંતર ભેદોને જરા દૂર રાખીને મુખ્યત્વે અંતરાત્માનું લક્ષણ તપાસીએ તો મિથ્યાત્વ દૂર થતાં સમ્યગ્દૃષ્ટિ જ્યારે જીવ થાય છે ત્યારે તે અંતરાત્મા કહેવાય છે અને ત્રીજી અને સર્વોત્તમ અવસ્થા છે પરમાત્માની. અંતરાત્માનું શુદ્ધ સ્વરૂપ તે જ પરમાત્મા. હવે આ શુદ્ધાત્માની પ્રાપ્તિ કેમ થાય ? શુદ્ધાત્મપદની પ્રાપ્તિનો ઉપાય આનંદઘનજી પદ ૮૦માં બતાવે છે.

चेतन ! शुद्धातमकुं ध्यावो ।
निज परचे सुख पावो ॥

જગતમાં ધ્યાન એટલે ચિત્તની એકાગ્રતા સિવાય કોઇ સિદ્ધિ મળતી નથી માટે હે ચેતનસ્વરૂપ જીવ ! તું તારા પોતાના શુદ્ધાત્મસ્વરૂપનું ધ્યાન ધર. એમ કરતા કર્માસ્રવની મલિનતા દૂર થશે. મલ દૂર થયે સ્વચ્છ દર્પણની પેઠે તું તારા આત્માનો સાક્ષાત્કાર કરી શકીશ.

પદ ૬૭ અને પદ ૮૧ માં આપણે વેદાંતનો ધ્વનિ સાંભળતા હોઇએ એમ લાગે છે. જેમ વેદાંત પૂર્ણ આત્માને પરમાત્મસ્વરૂપ, પરમાત્મા જ માને છે તેમ જૈન દર્શનમાં પણ શુદ્ધતમ આત્મા પરમાત્મા જ મનાય છે. ફેર એટલો જ કે વેદાંતમાં એવો પરમાત્મા એક જ અને અદ્વિતીય છે ત્યારે જૈન દર્શનમાં એવા

પરમાત્માઓ અનંત હોઇ શકે છે. કોઇ એક પ્રચલિત ઉક્તિ એવી છે કે:—

आतमा सो परमात्मा परमातम सो सिद्ध
विचकी दुनीया मिट गई प्रगट भइ निज ऋद्ध।

આનંદઘનજી પદ ૮૧ માં કહે છે કે:—

चेतन ऐसा ज्ञान विचारो,
सोऽहं, सोऽहं, सोऽहम्

હે ચેતનસ્વરૂપ જીવ 'હું પરમાત્મા છું' એવું જ્ઞાન વારંવાર વિચાર. પરભાવનો ત્યાગ કરીશ તો પરમાત્મારૂપ સ્વ-ભાવ સહજ પ્રાપ્ત છે.

આનંદઘનજીનાં દરેક પદમાં ઉત્તમ અધ્યાત્મ એટલું તો ખીચોખીચ ભર્યું છે કે દરેક પદ ઉપર એક ગ્રંથ તૈયાર થાય. આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ દરેક પદ ઉપર સુંદર અને હૃદયંગમ વિવેચન કર્યું છે. શબ્દાર્થ ઉપરથી ભાવાર્થ અને આધ્યાત્મિક અર્થ પણ કેવી રીતે ગ્રહણ કરી શકાય તે પણ સમજાવ્યું છે. દરેક પદ ઉપર સમાલોચના કરવા બેસું તો લેખ પુસ્તકોનું સ્વરૂપ લે, છતાં એક પદનો છેવટે ઉલ્લેખ કર્યા વગર રહેવાતું નથી. એ પદ છે ૪૨ મું.

પદ ૪૨

अब हम अमर भये न मरेंगे,
या कारण मिथ्यात दीयो तज,
क्युं कर देह धरेंगे ? ॥ १ ॥

આત્માનું સાચું સ્વરૂપ મેં જાણ્યું છે, તેથી હું અમર થઇ ગયો છું. હવે હું મરીશ નહિ. જન્મ મરણના વિષચક્રમાં જીવ વારવાર ફેરા ખાય છે તેનું જે મિથ્યાત્વ છે તે મેં તજી દીધું હોવાથી હવે મને શા માટે ફરી દેહપ્રાપ્તિ થાય ?

रागदोस जग बंध करत है, इनको नास करेंगे
भयो अनंत कालतें प्रानी सो हम काल हरेंगे ।२।

જગતમાં જીવને બંધન કરનાર રાગ અને દ્વેષ છે. તેનો અમે નિર્મમત્વ અને સમતાવડે નાશ કરીશું. રાગદ્વેષની જાળમાં ફસાઈ જીવ અનંત કાળથી દેહ ધારે છે અને મરે છે; ફરીથી પુનર્જન્મ અને ફરીથી મરણ પામે છે. આમ જીવ વારંવાર કાળનો કોળિઓ બને છે. પણ અમે આત્મારૂપી અવિનાશ અને દુર્ભેદ્ય કિલ્લાનો આશ્રય લીધો છે તેથી અમે કાળરૂપી શત્રુનો નાશ કરીશું. કાળ અમારો કોળીઓ કરે તે પહેલા અમે કાળનો કોળીઓ કરીશું જ.

देह विनाशी हुं अविनाशी, अपनी गति पकरेंगे,
नासीजासी हम थिरवासी, चोखे व्है निखरेंगे॥३॥

દેહ પુદ્ગલોનો સમૂહ હોઇને નાશ પામે છે, હું ચેતન હોવાથી અવિનાશી છું. હું મારી આત્મસ્થિતિમાં જ વિહરીશ. કર્મપુદ્ગલો નાસી જશે અને હું શુદ્ધ સ્વરૂપે નિત્ય રહીશ.

भयो अनंतवार बिन समज्यो,
अब सुखदुःख विसरेंगे;
आनंदघन निपट निकट अक्षर दो,
नही समर सो मरेंगे ॥ ४ ॥

અનંતકાળ સુધી જન્મ મરણ થયા કરે તેનું કારણ શું ? અજ્ઞાન. પોતાના સ્વરૂપને પ્રાણી સમજ્યો નથી માટે જ વારંવાર જન્મે છે અને મરે છે. આત્મા અત્યંત નિકટ છે. ધીરો ભગત કહે છે તેમ "પોતે પોતાની પાસ." છે છતાં તેનો સાક્ષાત્કાર થઇ શકતો નથી એ જ મોટું અજ્ઞાન. જે માણસ આ વસ્તુની સ્મૃતિ સતત નહિં રાખે તે વારંવાર મરશે. આનંદઘનજી કહે છે કે-અમને બે અક્ષરવાળા શબ્દ એટલે કે "હંસ" (सोऽहं) અર્થાત્ આત્માનું સતત સ્મરણ હોવાથી હવે અમે દુનિયાની જીવો મરે છે તેવી અમારી ગતિ નહિં થાય. અમે તો અમર થઇ ગયા સમજવા. અમે જ મોતનું મોત નીપજાવ્યું છે. અબ હમ અમર ભયે ન મરેંગે.

અધ્યાત્મીઓનાં શિરોમણિ જેવા, સુફીઓના પણ પીર જેવા, યોગીઓમાં યોગવિત્તમ એવા આનંદઘનજીની સતવાણી જે આ પદોમાં અક્ષર દેહે અવતરી છે તે અમર રહો ! आनंदघननामानमात्मज्योतिरुपास्महे ॥

સ્નેહી શ્રી વલ્લભદાસભાઈ

(અલ્પ પરિચય)

जातस्य हि ध्रुवं मृत्युः—એ આધ્યાત્મિક સૂક્ત પ્રમાણે શ્રી વલ્લભદાસભાઇનું અઠોત્તેર વર્ષની ઉમ્મરે ગત શ્રાવણ વદી ૧ ના રોજ અવસાન થયું. સ્વાભાવિક રીતે ખાનપાન અને રહેણીકરણીના આ કૃત્રિમ જમાનામાં અઠોત્તેર વર્ષની ઉમ્મરે મૃત્યુ પામવું એ સદ્ભાગ્યનું ચિહ્ન ગણાય; પરંતુ ઉમ્મરની દૃષ્ટિએ નહિ પણ તેમણે લગભગ પંચાવન વર્ષ પર્યંત શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરની સાહિત્યસેવા તદ્રૂપ થઇને બજાવી એ તેમનાં પંચાવન વર્ષોનું આધ્યાત્મિક નફાવાળું સરવૈયું છે. સ્થાનકવાસી કુટુંબમાં જન્મ્યા છતાં શેઠ શ્રી આણંદજી પુરુષોત્તમ, વકીલ શ્રી મૂળચંદ નથુભાઇ, શ્રી ઝવેરભાઇ ભાઇચંદ અને અન્ય સદ્ગૃહસ્થોના પરિચયથી એમની પ્રભુ-દર્શન-પૂજામાં શ્રદ્ધા મજબૂત બની. જૈન આત્માનંદ સભામાં શ્રેષ્ઠ ગુલાબચંદ આણંદજીના સહયોગી થઈ દાખલ થયા ત્યાર પછી અનેક સાધુ મહાત્માઓના સમાગમમાં આવ્યા, તેમજ મંત્રી બની સભાની તમામ વ્યવસ્થાની જબાબદારી લઈ અનેક ગ્રંથરત્નો સ્વ૦ પૂ૦ પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજી મહારાજ, પૂ૦ હંસવિજયજી મહારાજ, પૂ૦ વલ્લભવિજયજી મહારાજ, પૂ૦ પં૦ શ્રી ચતુરવિજયજી મહારાજ, અને વિદ્યમાન પૂ૦ મુ૦ આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજની સાહિત્યપ્રકાશન માટે એકધારી ચાલી આવતી સેવાપ્રેરી, અનેક ગ્રંથોનું પ્રકાશન કરવામાં તેઓ નિમિત્તભૂત બન્યા. સાધુ મહાત્માઓ ગ્રંથોનું શોધન કરે અને વલ્લભદાસભાઇ પ્રકાશન સંબંધી તમામ કાર્ય સભા તરફથી કરે. આ તો સંસ્કૃત પ્રાકૃત ગ્રંથોની વાત થઈ પણ પ્રાચીન ભંડારોમાંથી શ્રી આદીશ્વર ચરિત્ર, શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર, શ્રી શાંતિનાથ ચરિત્ર, શ્રી નેમનાથ ચરિત્ર, શ્રી પાર્શ્વનાથ ચરિત્ર અને શ્રી મહાવીરસ્વામી ચરિત્ર વિગેરે તીર્થંકરોના ચરિત્ર ગ્રંથોનાં ભાષાંતરો કરાવ્યાં, તેમજ સંઘપતિ ચરિત્ર વિગેરે અન્ય અનેક સંસ્કૃતમાંથી ગુજરાતી ભાષાંતરો કરાવ્યા છે; વસુદેવ હિંડી જેવા પ્રાચીન ગ્રંથોનાં ભાષાંતર કરાવ્યા તેમજ છેલ્લાં છેલ્લાં બૃહત્કલ્પસૂત્રના લગભગ છ ભાગો પૂ૦ મુ૦ શ્રી પુણ્યવિજયજી મહારાજના સંશોધનપૂર્વક પ્રકાશિત કર્યાં; આ રીતે તેમના હસ્તક ગ્રંથોના પ્રકાશનની સંખ્યા વિપુલ થઈ; અનેક ભાષાંતર ગ્રંથોની પ્રસ્તાવના પણ તેમણે લખી છે.

સ્વ૦ વકીલ શ્રી મૂળચંદ નથુભાઈ હસ્તક સ્વ૦ પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયાનંદસૂરિના સં. ૧૯૫૨ જેઠ માસના સ્વર્ગવાસ દિને ભારતવર્ષમાં સાથી પ્રથમ ભાવનગરમાં શ્રી જૈન આત્માનંદ સભાની મંગલમય સ્થાપના થઇ. મુ. જુઠાભાઈ સાકરચંદ વહોરા, શ્રી દામોદરદાસ હરજીવન અને શેઠ હરજીવનદાસ દીપચંદ વિગેરે પણ શ્રી વલ્લભદાસભાઇની સાથે જ સભા સ્થાપનામાં સહાયક હતા. આ સ્થાપના એવા સુંદર સંયોગોમાં થઇ કે ગુરુકૃપાએ દિવસાનુદિવસ તેની ઉન્નતિ થતી રહી. સં. ૧૯૬૦માં શ્રી મૂળચંદભાઈ પ્લેગના વ્યાધિમાં અવસાન પામ્યા પછી આ સભાનું સુકાન સર્વાનુમતે શેઠશ્રી ગુલાબચંદ આણંદજી વિગેરેની સહાનુભૂતિપૂર્વક આત્મબળ અને દૃઢ નિશ્ચયથી તેમણે સ્વીકાર્યું. શેઠ ગુલાબચંદભાઈ પ્રમુખ બન્યા, પોતે મંત્રી બન્યા; અને લગભગ પચાસ વર્ષ પર્યંત તેમણે અવિરતપણે સાહિત્યસેવા બજાવી.

પાલીતાણા જૈન ગુરુકુળની સ્થાનિક કમીટીમાં તેઓ સેક્રેટરી તરીકે હતા-હું પણ તેમની સાથે હતો. જે મકાનો શરૂઆતમાં ગુરુકુળમાં બન્યા છે તે તેમની દેખરેખ નીચે બન્યા છે. દરેક અઠવાડિએ લગભગ ગુરુકુળમાં પાલીતાણે દેખરેખ માટે અમો સહુ જતા, પરંતુ તેઓ ઝીણામાં ઝીણી હકીકતનો, મકાનને અંગે તેમજ સાંની તમામ વ્યવસ્થાને અંગે હિસાબ

માગતા અને અપ્રિયતા વહોરી લઇને પણ ધર્મ કર્મ જતા જ્યારે જ્યારે સભા અથવા ગુરુકુળના કાર્યને અંગે બહારગામ જતા ત્યારે પોતાના જ ખરચે જતા, આ પ્રમાણિકપણું પોતાની સામાન્ય સ્થિતિ છતાં જીવન પર્યંત જાળવી રાખ્યું હતું લગભગ પચીશ વર્ષ સેવા બજાવી હતી

अप्रियस्यापि पथ्यस्य वक्ता श्रोता च दुर्लभ –એ સૂત્રને અનુસરીને ગમે તેવી મહાન્ વ્યક્તિ હોય તો પણ નીડરપણે તેમની અપ્રિયતા વહોરીને પણ તેમની ભૂલ માટે સાચું કહી દેતા અને એ રીતે સ્પષ્ટ વક્તા તરીકે તેઓ જીવન પર્યંત રહ્યા હતા જૈન શ્વે૦ કોન્ફરન્સમા તેમજ અનેક મેળાવડાઓમા તેઓએ વક્તા તરીકે કાર્ય કર્યું હતું આ રીતે તેઓ લેખક અને વક્તા તરીકે ઉભય શક્તિસંપન્ન હતા એમનામા મનુષ્યસ્વભાવ પારખવાની અદ્ભુત શક્તિ હતી

અમારા સ્વ પૂ૦ પિતાશ્રી ઝવેરભાઇએ આત્મ પ્રબોધ ગ્રંથનું ભાષાંતર કરેલું તે છપાવવા માટે તેઓ મુંબઇથી બાબુશ્રી પ્રતાપચંદ ગુલાબચંદજી તરફથી આર્થિક સહાય લઇ આવ્યા સં ૧૯૬૭માં છપાવવું શરૂ કર્યું અને અમારા પૂ૦ પિતાશ્રીના અવસાન પછી તરતજ પ્રસ્તુત ગ્રંથ સભા તરફથી પ્રકાશિત થયો, જે હકીકત ઉપોદ્ઘાતમા અમોએ તે વખતે દર્શાવેલી છે અમારા પૂ૦ પિતાશ્રીના શ્રેયાર્થે કરેલા સં ૧૯૬૮માં ભાવનગરમા અષ્ટાહ્નિકા મહોત્સવ અને સંઘજમણ પ્રસંગે સં ૧૯૭૧ માં સ્વ ઉપાધ્યાયજી શ્રી વીરવિજયજી મહારાજના આધિપત્ય નીચે શ્રી સિદ્ધગિરિજી પ્રતિ છ 'રી' પાળતાં સંઘના પ્રયાણ પ્રસંગે, સં ૧૯૮૧ અમારા લઘુબંધુ ચમનલાલના લગ્ન વખતે અષ્ટાહ્નિકા મહોત્સવ અને શાંતિસ્નાત્ર પ્રસંગે તેમજ સં ૧૯૯૨ માં ચિ હિમ્મતલાલના લગ્ન વખતે અષ્ટાહ્નિકા મહોત્સવ અને શાંતિસ્નાત્ર પ્રસંગે–વિગેરે અનેક ધાર્મિક કાર્યોમાં અગ્રપદ લઇ તે તે કાર્યોને સુંદર રીતે પાર ઉતારી અમોને યશભાગી બનાવવાના નિમિત્તરૂપ બન્યા હતા અમારા તો શું પણ અન્ય સંબંધીઓના વ્યાવહારિક અને ધાર્મિક પ્રસંગોમા જ્યારે જ્યારે તેમને કાર્ય સુપ્રત થતું ત્યારે ત્યારે નિશ્ચયબળથી અને આવડતથી તે તે પ્રસંગો ઉકેલી આપવાની અદ્ભુત શક્તિ તેમનામા હતી

સં ૧૯૫૮ માં જૈનધર્મ પ્રબોધક સભાના તેઓ સેક્રેટરી હતા ત્યારથી અમોને તેમનો પરિચય થયો અને પછી વધતો ગયો ઉજમબાઇ કન્યાશાળા વિગેરે બીજી સંસ્થાઓના તેઓ સેક્રેટરી બન્યા હતા અને મ્યુનિસિપાલિટિના કમીશ્નર તરીકે પણ સેવા અર્પણ કરી હતી આચારોપદેશ ગ્રંથનું ભાષાંતર તેમણે કર્યું હતું, સભાની વ્યવસ્થા બરાબર રાખવામા પણ તેમનું નિશ્ચયબળ કાર્ય કરતું હતું રિપોર્ટો દરવરસે નિયમિતરીતે બહાર પાડવા વિગેરે તો તેમને હસ્તામલકવત્ હતું શેઠશ્રી ગુલાબચંદ આણંદજી કે જેઓ આ સભાના પ્રથમ પ્રમુખ તરીકે છે, તેમણે મુખ્યતાએ સભાની આર્થિક સ્થિતિ સુદૃઢ કરવા તરફ અને સરવૈયા તરફ લક્ષ્ય રાખ્યું, જ્યારે શ્રી વલ્લભદાસભાઇએ તદુપરાંત સાહિત્યપ્રકાશન તરફ એમમાર બની સભાને આધ્યાત્મિક રીતે સમૃદ્ધ કરી જેના પરિણામે સભા અત્યારે ઇંગ્લાંડ, જાપાન અને અમેરિકા સુધી સુવિખ્યાત થઇ છે અનેક પેટ્રનો થઇ ચૂક્યા છે તેમજ અનેક સીરીઝોની જવાબદારી પણ અત્યાર સુધીમા સભાએ સ્વીકારી છે દ્વાદશારનયચક્ર જેવા અઢાર હજાર શ્લોકનો ગ્રંથ, કે જે પૂ. મુ શ્રી જંબૂવિજયજી મહારાજ ટીબેટન ભાષાનો અભ્યાસ કરી લગભગ દશ વર્ષ થયાં સંશોધન કરી રહ્યા છે, તેનો પ્રથમ ભાગ સભા તરફથી પ્રકાશન થવાની તૈયારી થઇ રહી છે ત્યા તો શ્રી વલ્લભદાસભાઇનું અવસાન થયું અને તે પ્રકાશન જોવાની તેમની ઇચ્છા અધૂરી રહી

તેઓ વીમાનો ધંધો અનેક વર્ષો થયા કરતા હતા પરંતુ તેમના પ્રમાણિકપણા ઉપર કંપનીને સંપૂર્ણ વિશ્વાસ હતો એટલે આગ સંબંધી વીમાનો કલેઇમ ચુકવવા પ્રસંગે કંપની તરતજ તેમનું લખાણ માન્ય કરતી હજી પણ કંપનીના એજંટો

શ્રીયુત ચંદુલાલભાઈ ડી શાહ અને શ્રીયુત છોટાલાલભાઈ ભાઈચંદ અમૂલ્ય તેમના પ્રમાણિકપણા માટે ગૌરવ લે છે.

અષાડ વદ ૧૪ના રોજ મને તેમની નરમ તબિયત માટેનો મુંબઈ તાર આવ્યો અને હું ભાવનગર વદ ૦)) તેમને ત્યાં પહોંચ્યો ત્યારે પૂ૦ ભુવનવિજયજી મહારાજ કે જેઓ ભાવનગરમાં વડવામા ચાતુર્માસ ગાળે છે તેઓશ્રી માગલિક સંભળાવવા શ્રી વલ્લભદાસભાઇને મેર પધારેલા ત્યારે તેમણે કહ્યું કે 'વલ્લભદાસભાઇ! તબિયત સારી કરવી હોય તો તમારો પલંગ સભામા લઇ જાઓ! તમોએ સાહિત્યના અનેક ગ્રંથો પ્રકાશિત કર્યા છે તે સભાની વચ્ચે તમે હશો તો ભૂતકાળમા કરેલાં કાર્યો માટે પ્રશસ્ત આનંદ પ્રકટશે અને જ્ઞાન પ્રસિદ્ધિ માટે પૂર્વજીવન યાદ આવતાં હર્ષોલ્લાસ થશે, એટલે વ્યાધિ દૂર થઇ નીરોગી થઇ જશો.' આ શબ્દો તેમને માટે એક પૂજ્ય મુનિરાજને તેમણે કરેલી સતત કર્તવ્યપરાયણ સાહિત્યસેવા માટે, કેટલી લાગણી અને કદર છે, તે બતાવી આપે છે.

શ્રી આત્માનંદ પ્રકાશ તેમણે લગભગ પચાસ વર્ષ સુધી ચલાવ્યું છે, તેમાં કમીટી સહાયક હતી પરંતુ તેમના નિશ્ચયબળની મુખ્યતા હતી હારમોનીઅમ ઉપર ગાવા સાથે વગાડવાની કળા તેમનામા હતી. પ્રથમ વકીલ શ્રી મૂળચંદભાઈ પૂજા ભણાવતા અને ભાઇ વલ્લભદાસભાઈ હારમોનીઅમ ઉપર બેસતા. ત્યાર પછી ઘણા વર્ષો સુધી પોતે સંગીતના રાગરાગણીના જ્ઞાનપૂર્વક પૂજાઓ ભણાવતા. જ્યારે જ્યારે સ્વ૦ શ્રી દામોદરભાઈ પૂજા ભણાવતા ત્યારે પોતે હારમોનીઅમ ઉપર બેસતા આ રીતે પૂજાઓ ઉપર તેમનો પ્રશસ્ત રાગ એમના આત્માનો ખાસ આનંદ હતો શ્રી આત્માનંદ પ્રકાશમાં તેમણે કરેલી સાહિત્યસેવા માટે અનેક મુનિરાજોની પ્રશંસા છપાઇ ગયેલી છે.

નિશ્ચયબળ(Will power)વાળા મનુષ્યો, શું શું નથી કરી શકતા? દૃષ્ટાંત તરીકે ભાવનગરમા વહોરા શ્રી વુઠાભાઇ સાકરચંદભાઇએ શ્રી અમરચંદ જસરાજ અને શ્રી ફુંવરજીભાઇ આણંદજી પછી નિશ્ચયબળથી સંઘવ્યવસ્થા અખંડ પણે જાળવી રાખી, મુંબઇમાં શેઠ જીવનલાલ પ્રતાપસિંહ શાસનસેવાના અનેક કાર્યો નિશ્ચયબળથી દીપાવતા રહ્યા છે, શેઠ કસ્તુરભાઈ લાલભાઇએ તીર્થરક્ષા અને સામાજિક ક્ષેત્રમાં અનેક કુનેહભર્યાં શુભ કાર્યો નિશ્ચયબળથી જ કર્યા છે, આવા અનેક દૃષ્ટાંતો જૈનસમાજમાં છે. શ્રી વલ્લભદાસભાઇમાં ખાસ કરીને અમુકઅંશે નિશ્ચયબળ હતું અને તે બળથી સભાએ પચાસ વર્ષમાં સુંદર પ્રગતિ કરી છે

પંજાબના શ્રીસંઘે એમણે કરેલી સેવા બદલ 'આત્મવલ્લભ'ના બિરુદ સાથે માનપત્ર આપ્યું હતું. સ્વ૦ પૂ૦ આ૦ મા. શ્રી વિજયવલ્લભસૂરિ તેમા નિમિત્તભૂત હતા. બનારસના પંડિતશ્રીએ તેમને 'સાહિત્યભૂષણ'ની પદવી પણ સમર્પણ કરી હતી

છેલ્લા છેલ્લા આ સભાના માનવંતા પેટ્રન શેઠશ્રી ભોગીલાલભાઈ મગનલાલ વિગેરેની આગેવાની નીચે એમની સેવાની અલ્પ કદરરૂપે સભાએ તેમનો ઓઇલ પેઇંટીંગ ફોટો મૂકવા અને તેમના નામની સીરીઝ શરૂ કરવા ઠરાવ કર્યો છે; જેમા રૂ. ૫૦૦૦ સભા ઉમેરશે તેમ ઠરાવ્યું છે આ હકીકતનું તેમને ઘરે જઇ શ્રા૦ શુદ ૩ તેમના સમક્ષ નિવેદન કર્યું હતું. તેઓ પધારીયા હતા. તેમણે બે હાથ જોડી તે માટે અનુમોદના કરી હતી અમો પણ તે વખતે સાથે જ હતા.

મનુષ્ય અપૂર્ણ છે, સ્વભાવગત દોષો પણ તેનામાં હોઈ શકે, પરંતુ જે વ્યક્તિમા ગુણોનો સરવાળો વધે એટલે કે ગુણોનો આવિર્ભાવ જગતની દૃષ્ટિએ વિશાળ પ્રમાણમા દેખાય તે ગુણો અનુકરણીય બનતાં અભિનંદનીય, પ્રશંસાપાત્ર બની અને અન્યને બોધ લેવા લાયક બને છે, આર્થિક સામાન્યસ્થિતિ છતાં, સભાનો લાખ્ખોનો વહીવટ કરવા છતાં, પ્રમાણિકપણું જાળવી રાખી, સભાને ઉન્નતદશામાં મૂકવાના વિચારો કરી તેને અમલમા મૂકવા એ તેમને માટે અસાધારણ કાર્ય હતું મૃત્યુ તો આત્માવદ્ધ સહુને માટે નિશ્ચિત છે, પરંતુ જેઓ દર્શન, જ્ઞાન અને ચારિત્રનાં કાર્યોની ઉન્નતિ માટે જીવનમાં કાર્યો કરી જાય છે તેમનો

મનુષ્યજન્મ સફળ થાય છે અને તેઓનું જીવન પોતાના તેમજ અન્યના આત્માઓ માટે હિતકર નીવડે છે શ્રી વલ્લભદાસભાઈએ પોતાનું ગૌરવભર્યું સાહિત્ય જીવન જીવનવ્યવસાયનો મુખ્ય વિષય બનાવવા ઉપરાંત પોતાના શરીરની પણ દરકાર કર્યા સિવાય અન્યોપકારી અનેક કાર્યોમાં વ્યતીત કર્યું છે તે આપણા સહુને બોધ લેવાલાયક છે એટલું જ નહિ પરંતુ કમીટીએ હવે પછી સભામાં સાહિત્યકાર્યોની સુંદર પ્રગતિ કેમ થાય તેસંબંધી એકત્ર વિચારપૂર્વક નિર્ણય કરી અમલ કરવાનો છે શ્રી ગુલાબચંદ શેઠે તો શ્રી વલ્લભદાસભાઈના અવસાનથી સભા આગે પોતાના દરરોજના સલાહકાર કાર્યકરને ગુમાવ્યા છે સભાને પણ ન પૂરાય તેવી ખોટ પડી છે, હવે તો શેઠશ્રી ભોગીલાલભાઈ, શેઠશ્રી ખાન્તીલાલભાઈ, શેઠશ્રી ગુલાબચંદભાઈ, પ્રો૦ સાહેબ શ્રી ખીમચંદભાઈ વિઠ્ઠલદાસભાઈ, જાદવજીભાઈ, ગુલાબચંદ લલ્લુભાઈ, ગુલાબચંદ દેવચંદ અને ભાઈ હુંગ્રીલાલ દેવચંદ, ચમણલાલ અમૃતલાલ વિગેરે સાથે મળી સભાનું હવે પછીનું સાહિત્ય કાર્ય આગળ ધપાવે, એમ ઇચ્છીએ શ્રી વલ્લભદાસભાઈનો જો કે સ્થૂલદેહથી અભાવ થયો છે, પરંતુ સાહિત્ય-જીવનમાં તેઓ અમર છે કવિ ભવભૂતિના શબ્દોમાં કહીએ કે **जयति तेऽधिक जन्मना जगत्** અર્થાત્ તમારા સાહિત્યજીવનથી જૈન જગત્ જયવંત વર્તે છે એટલા ઉદ્ગારો સાથે એમના અલ્પપરિચયરૂપે એમને ભાવાંજલિ અર્પી સ્વ૦ કવિશ્રી નરસિંહરાવના જીવનની અમરતાનું કાવ્ય સાદર કરી શ્રી વલ્લભદાસભાઈના આત્માની શાંતિ ઇચ્છી વિરમીએ છીએ

મૃત્યુ નવું પૂર કરે,
જીવનું જીવન અહિં,
અધિક અધિક વિકાસની,
છે અન્યભૂમિ જવું તહિં
—સ્મરણસંહિતા

મુંબઈ સં ૨૦૧૧ પ્ર ભાદ્રપદ શુક્લ પંચમી, રવિવાર } કેતેલચંદ ઝવેરભાઈ

સ્વ૦ શ્રી વલ્લભદાસ ગાંધીને અંજલી

(હરિગીત)

શ્રી આત્માનંદ સભાતણા, એક આત્મા ચાલ્યા ગયા,
વલ્લભદાસ ભાઈ જાતાં, સભામાં શોક વ્યાપીયા ૧
લક્ષ સેવાનું ઝરણું વહેતું સદાયે હૃદયમાં,
ભક્તિ કરી બહુ જ્ઞાનની, સાહિત્યનાં ચોગાનમાં ૨
દાઝે જિનશાસનતણી, એ ભાવનાશીલ દિલમાં,
સરિતા વહી સભાયકી એ આત્માનંદ પ્રકાશમાં ૩
ત્રિપુટી 'ગુલાબ' 'કેતેલ', 'વલ્લભ' સભામાં શોભતા,
ભૂમિ ભાવનગર મહીં, સેવા સભામાં અર્પતા ૪
વદ્યા ગયા વલ્લભભાઇ, સેવાથી જીવન શોભાવીયા,
નરભવને સાર્થક કર્યો, ગુરુકુળમાં સેવા અર્પીયા ૫
દાનનાં ઝરણા વદ્યા, વલ્લભભાઇની વાણીયે,
સરિતા વહી સભા મહીં સાહિત્યનાં આંગણીયે ૬
ગાંધી વલ્લભભાઇનું, સ્મારક સભામાં થશે,
ધીમાન 'અમર' અંજલી જ્યાં હોય ત્યાં સ્વીકારશે ૭

અમરચંદ માવજી શાહ

સાહિત્યોપાસક શ્રી વલ્લભદાસભાઇ

લેખક :—શ્રી હરિલાલ દેવચંદ શેઠ

પોતાના ગૌરવભર્યા સંસ્કૃત-ગુજરાતી પ્રકાશનો અને આછી-પાતળી સાહિત્યસેવાથી જૈન સમાજમાં આ સભાએ આજે જે યત્કિંચિત્ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે, અને દેશ-વિદેશના જૈન જૈનેતર વિદ્વાનોને સભાના કિંમતી પ્રકાશનો ભેટ આપી જૈન સાહિત્યમા તેઓને રસ લેતા કર્યા છે, તે સભાના ભવ્ય ભૂતકાળના સંસ્મરણો જ્યારે અનુભવીઓ પાસેથી સાભળવા મળે છે ત્યારે સભાના સર્જકોની સતત સેવા, અપૂર્વ ઉલ્લાસ અને સભાની પ્રગતિ માટેની ઉચ્ચ ભાવના માટે જરૂર આપણને માન ઉપજ્યા વિના રહેતું નથી.

ભૂતકાળ તરફ જરા દ્રષ્ટિ કરીએ તો ભાવનગરનુ જાહેર-જીવન હંમેશા સંસ્કાર અને શિક્ષણપ્રેમથી મઘમઘતું દેખાશે. વીશ પચીશ વરસના યુવાનોમા સમાજને માટે કંઇ ને કંઇ કરી છૂટવાનો તરવરાટ તેમના દિલમાં હંમેશા જાગતો જ હોય. તેઓ એકત્ર થાય, એકાદ સંસ્થાનું સ્થાપન કરે, ભાષણશ્રેણિઓ ગોઠવે, રાગરાગણીપૂર્વક રસમય પૂજાઓ ભણાવે, અને લોકકલ્યાણના કોઈ પણ સેવાકાર્યમાં ઝંપલાવે પરિણામે આ સેવાના નિર્મળ ઝરણાંમાંથી જ ભાવનગરને જૈન સાહિત્ય સંસ્થાઓમાં ગૌરવભર્યું અગ્ર સ્થાન ભોગવતી શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, શ્રી જૈન આત્માનંદ સભા અને એવી સંસ્થાઓ સાપડી છે. એક સંસ્કારપ્રેમી ભાવનગર તરીકે તેની ખ્યાતિ વધી છે, આવી સંસ્કારવાંછું વિભૂતિઓ સમયે સમયે ભાવનગરને સાંપડી છે અને ભાવનગરના ગૌરવમાં તેઓએ ઉમેરો કર્યો છે.

આમ ભાવનગરના જાહેર-જીવનની રસછોળમાંથી જ આપણને સેવાભાવી શ્રી વલ્લભદાસભાઇ મળી આવેલ છે. આજથી સાઠ વરસ પૂર્વે શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજીના સ્વર્ગગમનને અંતે શોક પ્રદર્શિત કરવા માટે વિદ્વાન વકીલ મૂળચંદ નથુભાઇને ત્યા એક નાની-સરખી સભા એકત્ર થઇ ત્યારે તે જ સમયે શ્રી મૂળચંદભાઇની પ્રેરણાથી ૧૯૫૨ના જેઠ શુદ ૨ના રોજ શ્રી જૈન આત્માનંદ સભાનો જન્મ થયો. આમ જ્યારે એક બાજુ શ્રી મૂળચંદભાઇ ભાવનગરના જાહેર જીવનને સંસ્કાર રંગે રગી રહ્યા હતા, ત્યારે બીજી બાજુ વીશ વીશ વરસના દસ-બાર યુવાનો "જૈન ધર્મપ્રબોધક સભા"નુ સ્થાપન કરી જ્ઞાન અને ભક્તિની પરબ ચલાવી રહ્યા હતા. જ્ઞાન, ભક્તિ અને ઉચ્ચ વિચારબળ કેળવવા માટે દર રવિવારે તેઓ ભાષણશ્રેણિ ચલાવતા, કાઠમાઠથી સ્નાત્રપૂજા ભણાવતા, નાની સરખી પુસ્તિકા પ્રગટ કરતા, અને એ રીતે સંસ્થાની લોકપ્રિયતા પાંગરતી આવતી હતી ત્યારે આ સંસ્થાના પ્રમુખસ્થાને શરૂમાં શ્રી વલ્લભદાસભાઇ હતા. અને પોતાનો સેવાભાવ વિદ્વાન સહયોગીઓના સહકારથી કેળવી રહ્યા હતા. સમય જતાં આ સંસ્થાના પ્રમુખસ્થાને શેઠ ગુલાબચંદ આણંદજીને લાવવામાં આવ્યા અને પોતે ઉપપ્રમુખ બન્યા "શ્રી આત્માનંદ સભા" અને "જૈન ધર્મ પ્રબોધક સભા" એક બીજાના સહકારમાં જ ઉભી રહેતી, પરસ્પર એકવાક્યતા હતી, અને ધીમે ધીમે સેવાભાવી યુવાનોનુ એ જૂથ શ્રી આત્માનંદ સભામાં જ ભળી ગયું. આજે વિપુલ સાહિત્ય પ્રકાશન અને ભવ્ય સાહિત્યમંદિરથી આત્માનંદ સભાની પ્રાણપ્રતિષ્ઠા વધવા પામી છે તેના મૂળમાં પચાસ વરસ પહેલાં સેવાભાવી યુવાનોનો ઉત્સાહ પડ્યો હતો.

શ્રી વલ્લભદાસભાઇ પોતે મૂળ સ્થાનકવાસી, સામાન્ય સંયોગોવાળું એમનું કુટુંબ, અને સામાન્ય અભ્યાસ કરી જીવન-નિર્વાહની પ્રવૃત્તિમાં નાનપણમાં જ તેઓને જોડાવું પડ્યું.

આમ સામાન્ય સંયોગો હોવા છતાં તેમના દિલમાં સમાજ-સેવાની ધગશ અનોખી જ હતી. એ ધગશથી જ તેઓ આત્માનંદ સભાની કાર્યવાહીમાં રસ લેતા રહ્યા. સભાના પુસ્તકાલય માટે કે સભાના

સાહિત્ય પ્રકાશન માટે તેઓ પોતાનો સમય આપતા, અને સમય જતા વિ સ ૧૮૬૧ મા તેઓ સભાના લાયબ્રેરીયન થયા વિ સ ૧૮૬૩ મા માસિક કમિટિના સભ્ય તથા જોઇન્ટ સેક્રેટરી તરીકે તેઓશ્રીની વરણી કરવામાં આવી અને વિ સ ૧૮૬૭મા તેઓ મુખ્ય સેક્રેટરી તરીકે ચુંટાયા આમ સભાની કાર્યવાહીમા જવાબદાર અધિકારી તરીકે તેઓશ્રીની વરણી મોડી કરવામા આવી, પરતુ સભાના જન્મ કાળથી જ તેઓ સભાની અનેકવિધ પ્રવૃત્તિઓમાં જુદી જુદી રીતે રસ લેતા આવતા અને સભાના સાહિત્યપ્રકાશનમા પણ યોગ્ય સાથ આપતા આવતા હતા

પછી તો સભા એ એમનો પ્રાણ બની. પોતાની આજીવિકાનો વ્યવસાય એ જાણે ગૌણ વસ્તુ હોય તેમ પોતાની ઘણીખરી શક્તિ અને સમય સભાને માટે જ તેઓ ખરચવા લાગ્યા, સભાના વિકાસ માટે વિદ્વાન્ મુનિવર્યો કે વિદ્યાપ્રેમી શ્રીમતોનો સહકાર સાધવા તેઓ પોતાના અંગત ખરચે ગમે તેટલો લાબો પ્રવાસ ખેડે, ગમે ત્યાથી મદદ મેળવવા માટે બનતુ કરે, અને એ રીતે સાહિત્ય પ્રકાશનની પ્રવૃત્તિને ખૂબ વેગ આપતા રહ્યા એક સમયે તો કહે છે કે સભામાં એકીસાથે પદર-વીશ પ્રકાશનો મુદ્રિત કરાવવાનુ કામ ચાલતુ અને તે કાર્યને પહોચી વળવા માટે તેઓ પોતાનો બનતો સમય તેમા રોકતા

દેવ, ગુરુ અને ધર્મ પર વેની શ્રદ્ધા અને ભક્તિ એ એમના જીવનનુ પાથેય હતુ રાગરાગણીપૂર્વક ઠાઠમાઠથી પૂજા ભણાવવાનો એમને મૂળથી જ શોખ હતો યુવાવસ્થામા 'શ્રી જૈનધર્મ પ્રબોધક સભા' ના સ્થાપક સમયે પણ તેઓશ્રીએ પૂજા ભણાવવામા ખૂબ રસ કેળવ્યો હતો કોઈ કોઇ વખત હારમોનીયમ વગાડવુ છોડીને હાથમા કડતાલ લઈ પૂજા ભણાવવામાં જ્યારે તેઓ લીન થતા ત્યારે તેમનો પૂજા-પ્રેમ, રાગ રાગણીનુ જ્ઞાન અને ભક્તિપ્રધાન જીવન માટે દ્રષ્ટાઓના દિલમા સહેજે માનની લાગણી જન્મતી. એમના આ પૂજાપ્રેમને અંગે ભાવનગરના સંસ્મરી અગ્રગણ્ય કુટુબોમાં તેઓ એક સ્વજન તરીકેનુ માનભર્યું સ્થાન મેળવી શક્યા હતા ધંધાદારી મંદ વૃત્તિને અંગે તેઓ સ્થૂલ ધન વધારે પ્રમાણમા મેળવી શક્યા ન હતા એમ છતાં એમનો સેવાભાવ અને પૂજાપ્રેમને અંગે સ્થાનિક અને બહારગામના અનેક સંસ્મરી કુટુબોમા તેઓએ એક આપ્તજન તરીકે જે સંબંધ વધાર્યો હતો અને સુવાસ મેળવી હતી એ એમનુ પરમધન હતુ

અનન્ય ગુરુભક્તિ એ એમના જીવનનો બીજો ગુણ હતો આમ તો સમસ્ત મુનિવર્યો તરફ તેઓ હમેશા ભક્તિભાવે જોતા અને સમયે સમયે ગુરુભક્તિ કરતા આવતા હતા એમ છતા શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વરના નામથી શ્રી આત્માનંદ સભા ચાલતી એટલે શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજીના શિષ્યવર્યોના સમાગમમાં તેઓ વધારે આવ્યા હતા અને પોતાની ગુરુભક્તિથી સૌને પોતાના કરી લીધા હતા શાન્ત મૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજ, પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજ, આચાર્ય શ્રી વિજય વલ્લભસૂરીશ્વરજી, સાહિત્યપ્રેમી શ્રી ચતુર-વિજયજી મ આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજ આદિ મુનિવર્યોમા તેમનુ સ્થાન એક વિશ્વાસુ ભક્ત તરીકે હતુ અને કોઇ વખત ગુરુવર્યોના આતર-પ્રશ્નોની ઉકેલ સરણીમા પણ ભાગ લેતા

આ સભા મહામૂના સંસ્કૃત-ગુજરાતી સાહિત્ય પ્રકાશનમા પ્રગતિ કરી શકી હોય તો તે ઉપરોક્ત ગુરુવર્યોની પરમ કૃપાને લીધે જ છે અને ગુરુકૃપાનો આ અપૂર્વ પ્રવાહ સભા પરત્વે સતત વહેતો રખાવવામાં વલ્લભદાસભાઇની ગુરુભક્તિ પણ એક કારણ બની રહ્યુ હતુ આમ તેમની ગુરુભક્તિનુ ફળ આ સભાને મળ્યુ છે અને આજે પણ મળતુ રહે છે

તેઓશ્રીની ગુરુભક્તિ અને સાહિત્યસેવાના સન્માન તરીકે પંજાબના સંઘે તેઓશ્રીને એક માનપત્ર આપી યોગ્ય સન્માન કર્યું હતુ

જો અર્થસંચયને તેઓએ પોતાના જીવનમા મહત્ત્વ આપ્યુ હોત તો જરૂર તેઓ શ્રીમંતની કક્ષાએ પહોચી શક્ત સભાના જ કાર્ય અંગે તેઓ ઘણા

ધનપતિઓના સમાગમમાં આવ્યા હતા અને તેમાંના કોઈએ શ્રી વલ્લભદાસભાઈને આર્થિક પુષ્ટિ માટે પ્રેરણા પણ કરી હશે, પરંતુ આવી પ્રેરણાના જવાબમાં તેઓએ પોતા તરફના પ્રેમ અને લાગણીનું વળતર સભાને જ આપવાની ભાવના હંમેશાં વ્યક્ત કરી હતી અને આવા પ્રસંગો જ શ્રી વલ્લભદાસભાઈનો આ સભા પરત્વે કેટલો પ્રેમ હતો તે બતાવવાને માટે બસ છે, તેમ તેમની પ્રમાણિકતા માટે માન ઉપજાવે તેવા છે.

તેઓ ખાસ વિદ્વાન ન હતા તેમ સિદ્ધહસ્ત લેખક ન હતા, પરંતુ સાહિત્યોપાસના એ એમનો પ્રિય જીવનવ્યવસાય હતો. આત્મોન્નતિના માર્ગે જીવનને દોરે તેવું ઉચ્ચ સાહિત્ય સર્જવાના કોડ તેમના દિલમાં હંમેશાં રમ્યા જ કરતા. પરિણામે જૈન સાહિત્યમાં અનોખી ભાત પાડે તેવું સાહિત્ય સર્જવામાં તેઓ સફળતા મેળવી શક્યા હતા, પરંતુ આટલાથી સાહિત્ય-સર્જનની ભાવનાનો પ્રદેશ તેમના માટે પૂરો થતો ન હતો, હજુ તો એક નમૂનેદાર સચિત્ર કલ્પસૂત્ર તૈયાર કરવાની એમની ભાવના હતી તીર્થંકર ભગવાનના જે બાકીના ચરિત્રો હજુ સુધી પ્રગટ કરી શકી નથી તે તમામ પ્રગટ કરી ચોવીશ ભગવાનના ચરિત્રો પૂરા કરવાનો મનસૂબો હતો. વિદ્યાવ્યાસંગની વૃદ્ધિ માટે જૈન વિદ્યાસભા સર્જવાનુ એમનું દૃષ્ટિબિન્દુ હતું. સર્વ શક્તિનો સમન્વય કરી સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રે પ્રગતિ સાધતી સાહિત્ય સંસ્થાઓનું રચનાત્મક એકમ સાધવાનું પણ એક જીવનસ્વપ્ન એમના હૃદયમાં રમી રહ્યું હતું. આમ સભા એમને મન સર્વસ્વ હતી, અને સભાને માટે સર્વસ્વના સમર્પણથી બનતું કરી છૂટવાની એમને તમન્ના હતી.

સભાની માફક પાલીતાણા શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળના ઉત્થાનમાં તેઓશ્રીએ દાખવેલ સેવા પણ એટલી જ નોંધપાત્ર છે. વિ સં. ૧૯૭૩માં જ્યારે પાલીતાણાની શ્રી યશોવિજયજી સંસ્કૃત પાઠશાળા બંધ પડવાની અણી ઉપર હતી ત્યારે આ સંસ્થાને સજીવ રાખવાની વિચારણા માટે આ વિજયકમલસૂરિજી, પં. લાભવિજયજી અને મુનિ ચારિત્રવિજયજી મહારાજે શ્રી જીવણચંદ ધરમચંદ (આજના મુનિશ્રી જિનભદ્રવિજયજી મ.) અને શ્રી લલ્લુભાઈ કરમચંદને પાલીતાણાખાતે બોલાવ્યા અને પાઠશાળાને ગુરુકુળમાં ફેરવી "શ્રી યશોવિજયજી ગુરુકુળ" ચાલુ કરવાનો નિર્ણય લેવાયો અને પ્રત્યક્ષ હાજરીથી બરાબર વ્યવસ્થા સ્થાપવા માટે શ્રી વલ્લભદાસભાઈને પાલીતાણાખાતે બોલાવવામાં આવ્યા અને ગુરુકુળના સંચાલન માટે લગભગ ભાવનગરના સેવાભાવી ગૃહસ્થોની એક સ્થાનિક કમિટિ નિયુક્ત કરવામાં આવી, તેના મંત્રી બન્યા શ્રી વલ્લભદાસભાઈ.

સતત સેવાભાવી શ્રી વલ્લભદાસભાઈએ ગુરુકુળ માટે સેવા-યાત્રા શરૂ કરી. પોતે ઓચિંતા ભાવનગરથી રાત્રે પાલીતાણા જાય, આખી રાત ગુરુકુળનો કોઠાર, કેશ અને હિસાબ તપાસે, વિદ્યાર્થીઓને સ્વતંત્ર રીતે મળી તેમના સુખ-સગવડના સમાચાર જાણે, સંસ્થાની દિનચર્યા તપાસે અને યોગ્ય સૂચનો આપે, તેમની ચીવટભરી કાર્યવાહીની ચોટ ગુરુકુળના કર્મચારીઓ ઉપર એવી પડતી કે તેઓને પોતાની ફરજમાં હંમેશાં જાગૃત રહેવું પડે. ગુરુકુળની આ રીતે તેઓ અવારનવાર મુલાકાત લેતા અને તેમણે એક એવો નિયમ રાખ્યો હતો કે ગુરુકુળના કાર્ય માટે આવવા જવાનો રેલ્વે ખર્ચ તથા ગુરુકુળમાં સ્થિરતા કરવી પડે તો તેટલા સમયનો ખાવા-ખોરાકનો તમામ ખર્ચ પોતાના શિરે જ ભોગવતા. કોઈ વખત તેઓ કહેતા કે-ગુરુકુળ માટે દાન કરવા જેટલો હું શ્રીમંત નથી, પરંતુ સંસ્થાની સેવા માટે જે કાંઈ મારાથી બને તે તો મારા ખરચે જ થવી ઘટે.

સમય જતાં ગુરુકુળ વિકાસ સાધતું આવ્યું તેમ તેના માટે નિવાસગૃહ, શયનગૃહ, વિદ્યાલય, દેરાસર વગેરે ભવ્ય મકાનો બંધાવવામાં આવ્યા અને આ તમામ ઇમારતો ઊભી કરવામાં શ્રી વલ્લભદાસભાઈની અવિરત સેવા ગુરુકુળના ઇતિહાસમાં સદાને માટે અમર રહે તેવી છે.

આ ઉપરાંત ભાવનગર દ્વારાસાદેવ જૈન બોર્ડીંગ,

શ્રી ઉજમબાઇ કન્યાશાળા, જૈન કોન્ફરન્સ આદિ સંસ્થાઓમાં સેક્રેટરી તરીકે કે મુખ્ય કાર્યકર તરીકે તેઓએ ઉજ્વળ સેવા બજાવી છે.

જાહેર-સેવાકાર્યમાં પણ તેઓ રસ ધરાવતા હતા ભાવનગર મ્યુનિસિપાલીટિમાં સભ્ય તરીકે ચુંટાઇને ૭ વરસ સુધી તેઓએ સારી સેવા બજાવી હતી

છેલ્લા ૭ માસથી વૃદ્ધાવસ્થાને અંગે તેઓશ્રીનું શરીર અટક્યું, એમ છતાં સભાના વાર્ષિક ઉત્સવ પ્રસંગે તેઓ કેવળ શ્રદ્ધાબળે તળાજા આવ્યા હતા. માંદગી દરમિયાન પણ તેઓની એક જ ઝંખના હતી કે વહેલામા વહેલી તકે આરોગ્ય પ્રાપ્ત કરું અને સભાએ જઈ સભાનું કાર્ય કરું; પણ કુદરતે ખબર હતી કે-સેવાના એ મનોરથ મનમાં જ રહેવાને સર્જાયા હતા. એકાએક શ્રાવણ વદ ૧ ગુરુવારે ૭૮ વરસની વયે તેઓ આ દુનિયાનો ત્યાગ કરી ગયા.

સભાને એક આત્મીય સેવકની ખોટ પડી.
સમાજને સેવાના સાચા ભેખધારીની ખોટ પડી.
અમર રહો સાહિત્યસેવકની એ સારભ.

"વલ્લભવિરહ કાવ્ય"

(ક્યાથી આ સંભળાય, મધુરસ્વર, ક્યાથી આ સભળાય (૨) એ રાગ)

વલ્લભવિરહ દુઃખદાય, અતિશય, વલ્લભવિરહ દુઃખદાય; (૨)
લગભગ સેવા પચ્ચાસ વર્ષ કરી, પ્રાણ સભાના મણાય. અતિ૦ ૧
ભરપૂર આત્મશિક્ષાના ગ્રથો, કથાનુયોગ છપાય; (૨)
દામ[1] માટે દોડધામ કરે સહુ, જેને નહિં તૃષ્ણા જરાય અતિ૦ ૨
સરસ સુવાસ વૃદ્ધિએ સભાનો, વાધ્યો પેટ્રન સમુદાય; (૨)
ત્રિભુવનસૂત સાતસેહ સભાના, મેમ્બરો મેળવી જાય અતિ૦ ૩
ભૂમિ રત્નગર્ભા સોરઠની, સાક્ષરરત્નો જ્યાં થાય; (૨)
વલ્લભસૂરિ પૂણ્યવિજયાદિ સતોથી, જેહ રત્ના વખણાય અતિ૦ ૪
નમ્ર સુશીલ સ્વભાવે સરલતા, સર્વથા હળીમળી જાય; (૨)
દાન દઇ લક્ષ્મીનદનો તો, કેવક કીર્તિ કમાય. અતિ૦ ૫
સરલ નિસ્પૃહી ભાવે સેવાતો, કરતા અલ્પ જણાય; (૨)
ગાંધીમહાત્મા બારીસ્ટરનો, જન્મ સોરઠમાં થાય. અતિ૦ ૬
ધીરજથી સેવા બજાવી ભારત, સ્વતત્ર કરતા જાય; (૨)
જન્મ સફળ ઉભયનો રહેશે, ઇતિહાસે અંકાય. અતિ૦ ૭
યશ નિર્મળ ગગાજળ સરીખો, દેશ-વિદેશ ફેલાય; (૨)
ધંધ અને વડિલોની કીર્તિ, ચોગરદમ પથરાય. અતિ૦ ૮
તારણતરણ શુદ્ધ દેવગુરુધર્મની, આણા શિર ચડાય; (૨)
ઘખત[4] અલ્પ વિમાવ્યવસાયમા, [5]ઉદર નિમિત્તે જ થાય અતિ૦ ૯
રત્ન જડાયે મુકુટમાંહે તો, શોભા અપૂર્વ કળાય; (૨)
તોલ હિરાનો સાચો "દુર્લભ" ઝવેરીથી જ અકાય. અતિ૦ ૧૦

વલ્લભીપુર. કવિ દુર્લભજી ગુલાબચંદ મહેતા
તા. ૨૦-૮-૫૫

---

૧ પૈસા માટે. ૨ મેળ જણાતો. ૩ ચારે તરફ. ૪ થોડો. ૫ આજીવિકા.

શ્રી વલ્લભદાસભાઈ અને ગુરુકુળનું ઘડતર

વિદ્યાધામ કાશી, સાંના નિષ્ણાત પંડિતો, હજારો નાના-મોટા બટુકોના ગંગાના પ્રવાહના કલ કલ નિનાદશા શાસ્ત્રપાઠો, સેંકડો અભક્ષેત્રો ને વિદ્યાધામો જોઇને પ્રેરણા મેળવી મુનિરાજશ્રી ચારિત્રવિજયજીએ આજથી ૪૨ વર્ષ પહેલાં તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની શીતલ છાંયડીમાં સંસ્કૃત-પ્રાકૃત પાઠશાળાની સ્થાપના કરી-છાત્રાલય પણ શરૂ કર્યું. સંસ્થા વધવા લાગી અને તે માટે સ્ટેશન પાસેની વિશાળ જગ્યામાં મકાનો કર્યાં, પણ કસોટીનો કાળ આવ્યો. જેમજેમ વિદ્યાર્થીઓ વધવા લાગ્યા તેમ તેમ પૈસાની જરૂર પણ વધવા લાગી-મતભેદના કારણે મદદો બંધ થવા લાગી અને મહારાજશ્રીની તબીયત પણ લથડી. જેમણે સંસ્થા પાછળ પ્રાણ રેડ્યો તે ઊગતા છોડને ચીમળાઈ જતો જોઇ ચિંતા થવા લાગી, પણ સદ્ભાગ્યે મુંબઈના શ્રી જીવણચંદ પરમચંદ ઝવેરી, શ્રી ફકીરચંદ કેશરીચંદ ઓફ અને શ્રી લલ્લુભાઇ કરમચંદ દલાલની ત્રિપુટીએ સંસ્થા સંભાળી લીધી. તેમાં આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની પ્રેરણા હતી. સં. ૧૯૭૩ના શ્રાવણ શુદ ૧ ના દિવસે શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ નામ આપ્યું-વ્યવહારિક તથા ધાર્મિક અભ્યાસનો સુમેળ સધાયો.

મુંબઇમાં વગદાર કમીટી થઇ પણ સંસ્થાની કાયમ દેખરેખ માટે એક સ્થાનિક સમિતિ જોઇએ. ભાવનગર આત્માનંદ સભાના માનદ મંત્રી શ્રી વલ્લભદાસભાઇ, શ્રી ગુલાબચંદભાઇ આણંદજી તથા શ્રી ફતેહચંદ ઝવેરભાઇની ત્રિપુટીને તે કામ સોંપવામાં આવ્યું. સં. ૧૯૭૩ થી ૧૯૭૭ સુધી આ ત્રિપુટીએ બીજા ત્રણ સભ્યો સાથે સુપરવાઈઝરનું કાર્ય કર્યું. સં. ૧૯૭૮ થી સં. ૧૯૯૩ સુધી શ્રી વલ્લભદાસભાઇ, શ્રી ગુલાબચંદભાઇ વગેરેએ સંસ્થાનું આંતરિક કાર્ય કુનેહપૂર્વક સંભાળ્યું.

શ્રી વલ્લભદાસભાઇનો ગુરુકુળના વિકાસવર્ધનમાં, ચણતર અને ઘડતરમાં મોટો ફાળો છે. મહિનામાં બબે વખત આવવું, જરૂર પડે તો અઠવાડીયામાં પણ આવી જવું. અરે ખાસ કામ આવી પડે તો રાતોરાત આવી જવું. સંસ્થાનું સંચાલન ઝીણવટથી કરવું. કાર્યકર્તાઓના કામની પૂરી માહિતી રાખવી. મકાનોના કામનો તો એમને એવો શોખ હતો કે તે માટે દિવસોના દિવસો તેઓ રહેતા અને ચણતરકામમાં સંપૂર્ણ દેખરેખ રાખતા. રાજ્યની મુશ્કેલી આવે, જગાતખાતાનો કાગળ આવે, મુંબઇથી તાકીદની તપાસ આવે કે વિદ્યાર્થીઓમાં કે સ્ટાફમાં અસંતોષ જાગે, કોઇ સારા ગૃહસ્થ આવ્યા હોય કે કોઇ વિદ્યાર્થી બીમાર પડી ગયો હોય-આ બધા પ્રસંગોએ શ્રી વલ્લભદાસભાઇ આવ્યા જ હોય. તેમનો કામ લેવાનો સ્વભાવ કડક હતો પણ હૃદયમાં સંસ્થા પ્રત્યેની મમતા અને પ્રમાણિક સંચાલનની ભાવના હતી. તેઓ હંમેશાં પોતાને ખર્ચે આવતા જતા એટલું જ નહિ પણ તેમણે હમેશનો રૂ. ૧૫ આપીને જ બધાએ જમવું તે શિરસ્તો કરેલો જે આજે પણ ચાલુ છે.

વીસ વીસ વર્ષ સુધી સંસ્થાની એકધારી સેવા અને સંસ્થાના વિકાસની ધગશ એ તેમની સેવાભાવના અને વિદ્યાપ્રેમને આભારી છે. કેટલીક અગવડતાને લીધે પાલીતાણાના સભ્યોની સ્થાનિક કમીટી નીમાયા પછી પણ શ્રી વલ્લભદાસભાઇ ગુરુકુળના વિકાસમાં આનંદ માનતા અને ગૌરવ લેતા. સંસ્થાના નવસર્જનમાં તેમનો સક્રિય ફાળો નોંધપાત્ર છે, યુવાન કાર્યકરોને પ્રેરણા પાનારો છે.

ગુરુકુળના મકાનો-દહેરાસરજી-શયનગૃહ-નિવાસગૃહ-આરોગ્યભવન-પ્રાર્થનાગૃહ આદિના ચણતરમાં તેમનો ફાળો કેવો સક્રિય હતો તે આજે પણ એ મકાનો સાક્ષી પૂરે છે.

તેમણે કરેલી કેટલીક આંતરિક વ્યવસ્થા આજે પણ તેમના દોરેલા માર્ગે ચાલે છે.

આત્માનંદ સભાના તે પ્રાણ હતા તેમ ગુરુકુળના વિકાસવર્ધનના તે ઘડવૈયા હતા.

ફૂલચંદ હરિચંદ દોશી મહુવાકર.

શ્રી વલ્લભદાસભાઇ સેવા-સન્માન ફંડ

આ સભાના માનનીય મંત્રી શ્રીયુત વલ્લભદાસ ભાઇ ત્રિભુવનદાસ ગાંધી ઘેલ્લા કેટલાક સમયથી નાદુરસ્ત તબીયત ભોગવી રહ્યા હતા, ત્યારે સભાના કેટલાક પેટ્રન અને શુભેચ્છક સભ્યોના મનમાં વિચાર આવ્યો કે આ સભાના ઉત્કર્ષમાં શ્રીયુત વલ્લભદાસ ભાઇનો ફાળો નોંધપાત્ર છે, સભાને માટે તેઓશ્રીએ ખૂબ ભોગ આપ્યો છે તેમની સેવાના પરિણામે સભા પોતાના સાહિત્ય-પ્રકાશનો આદિ કાર્ય બદલ સારી ખ્યાતિ પ્રાપ્ત કરી શકેલ છે, તેઓશ્રીની આ સાહિત્ય-સેવાની સૌરભ-સ્મૃતિ હમેશા જળવાઇ રહે તેવું કંઇક કરવામાં આવે તો સારું અને તે પણ બને તેટલું તાત્કાલિક થાય તો વધારે સારું પરિણામે તેઓશ્રીનું દીર્ઘાયુ ઇચ્છવા તેમજ જે નોંધપાત્ર સેવા તેઓશ્રી બજાવી રહ્યા છે તેનું યોગ્ય સન્માન-સ્મારક કરવાની વિચારણા કરવા માટે તા ૨૧-૭-૫૫ના રોજ સભાની કાર્યવાહી કમિટિની એક મીટીંગ જ્ઞાન મંદિરના હોલમાં બોલાવવામાં આવી હતી આ પ્રસંગે શેઠ શ્રી ભોગીલાલભાઇ મગનલાલભાઇ શેઠ શાન્તિભાઇ અમરચંદ વગેરે પણ હાજર રહ્યા હતા

મીટીંગનું કાર્ય શરૂ કરવામાં આવતા શેઠશ્રી ભોગીલાલભાઇ શેઠશ્રી ગુલાબચંદ આણંદજી આદિએ જણાવ્યું કે-શ્રીયુત વલ્લભદાસભાઇએ આ સભાના આત્મા સમાન રહીને સભાને માટે અપૂર્વ સેવા બજાવી છે એક રીતે કહીએ તો આ સભાના તેઓ પ્રાણ સમાન છે, અને સભા જે કંઇ પ્રગતિ-પ્રતિષ્ઠા આજે સાધી શકેલ છે તેમાં તેઓશ્રીનો ફાળો નોંધપાત્ર છે તેઓશ્રીની સેવાની આ સૌરભ સદાય જળવાઇ રહે તે માટે કંઇક કરવામાં આવે તે જરૂરી છે

હાજર રહેલ સભ્યોએ આ વક્તવ્યને વધાવી લીધું અને તે માટે નીચેનો ઠરાવ સર્વાનુમતે કરવામાં આવ્યો

ઠરાવ ૧

આ સભાના માનનીય મંત્રી શ્રીયુત વલ્લભદાસ ત્રિભોવનદાસ ગાંધી આ સભાના મંત્રી તરીકે લગભગ ૫૦ વર્ષથી નિઃસ્વાર્થ વૃત્તિથી સતત સેવા બજાવી રહ્યા છે અને આ સભાએ સાહિત્ય વિષયક પ્રગતિમાં જે અપૂર્વ નામના હિંદભરમાં પ્રાપ્ત કરી છે તે ગૌરવભર્યા વિકાસમાં તેઓશ્રી ઉજ્જવળ ફાળો આપી રહ્યા છે તેની આ સભા માન પૂર્વક નોંધ લે છે તેઓશ્રીની આ સેવાના સ્મરણો સદા જળવાઇ રહે અને તેઓશ્રીની સેવાનું યત્કિંચિત્ સન્માન થાય એ દૃષ્ટિથી આ સભા ઠરાવે છે કે—

(અ) તેઓશ્રીની પ્રતિકૃતિનું એક મોટું તૈલચિત્ર તૈયાર કરી સભાના મુખ્ય હૉલમાં ખુલ્લું મૂકવું

(બ) તેઓશ્રીનો સાહિત્યપ્રેમ લક્ષમાં રાખીને એક સુંદર પુસ્તક તેઓશ્રીના નામથી સીરીઝ તરીકે પ્રસિદ્ધ કરવું આ પુસ્તકમાં તેઓશ્રીનું જીવનચરિત્ર ફોટા સહિત મૂકવું

(ક) ઉપરના કાર્યોને પહોંચી વળવા માટે એક સન્માન સીરીઝ ફંડ એકત્ર કરવું અને તેમાં રૂા પાંચ હજાર સભાએ ઉમેરવા

(ડ) ઉપરોક્ત ફંડ ઉપજાવવા માટે નીચેની સમિતિ નીમવામાં આવે છે ૧ શેઠ ગુલાબચંદ આણંદજી ૨ શેઠ ફતેહચંદ ઝવેરભાઇ ૩ શેઠ ગુલાબચંદ લલ્લુભાઇ ૪ શેઠ જાદવજી ઝવેરભાઇ ૫ શેઠ હરિલાલ દેવચંદ

ઠરાવ ૨

શ્રીયુત વલ્લભદાસભાઇની તંદુરસ્તી માટે આ સભા શુભેચ્છાઓ પાઠવે છે અને તેમનું દીર્ઘાયુષ્ય ઇચ્છે છે

ઉપર મુજબ ઠરાવનું પસાર કરવામાં આવ્યા બાદ શ્રી વલ્લભદાસભાઇ સેવા-સન્માન ફંડમાં ત્યાં હાજર રહેલ સભ્યે એ પોતાનો ફાળો નોંધાવ્યો હતો અને ત્યારબાદ આ કાર્યવાહીની યોગ્ય જાહેરાત કરવા માટે શેઠશ્રી ભોગીલાલભાઇની આગેવાની નીચે સભ્યોનું એક ડેપ્યુટેશન શ્રીયુત વલ્લભદાસભાઇને ત્યાં ગયું હતું અને ઉપરોક્ત કાર્યવાહીની જાહેરાત કરવામાં આવી હતી

તેના જવાબમાં શ્રી વલ્લભદાસભાઈએ કહ્યું હતું કે-હું તો સભાનો એક અદનો સેવક છું. મેં સભા માટે મારી ફરજ માત્ર બજાવી છે. તેનાથી વધારે કંઈ કર્યું નથી એટલે મારા માટે કંઈ કરવાનું ન હોય, એમ છતાં મારા તરફના સૌના સદ્ભાવને અંગે આપે જે કંઈ કર્યું છે તે બદલ હું આપ સૌનો આભારી છું. અને સભાની વધુ ને વધુ સેવા કરવા માટે પરમાત્મા મને શક્તિ આપો એવી પ્રાર્થના કરું છું.

છેવટે શ્રી વલ્લભદાસભાઈ વહેલા તંદુરસ્તી પ્રાપ્ત કરે એવી શુભેચ્છા સાથે સૌ વિખરાયા હતા.

ઉપર મુજબ "શ્રી વલ્લભદાસભાઈ સેવા-સન્માન ફંડ" એકત્ર કરવાનું કાર્ય સારચંદ તરત ઉપાડી લેવામાં આવતાં, આ ફંડ ખાસ કરીને શ્રી વલ્લભદાસભાઈના શુભેચ્છકો અને નિકટવર્તીઓમાંથી જ એકત્ર કરવાની દૃષ્ટિ રાખીને જ્યાં જ્યાં યોગ્ય લાગ્યું ત્યાં ત્યાં ૬૩ કમિટિઓ માગણી કરી હતી. અને કમિટિની આ માગણીનો સારો જવાબ મળ્યો છે, તે જણાવતા આનંદ થાય છે.

આ ફંડમાં આજ સુધીમાં જે ફાળો નોંધાવા પામ્યો છે તેની યાદી આ સાથે રજૂ કરવામાં આવેલ છે. હજુ ફાળાનું કાર્ય ચાલુ છે અને સંભવ છે કે સંકલ્પ પ્રમાણે ફાળો નોંધાઈ જશે.

કમિટીએ પોતાના લક્ષમાં આવ્યું ત્યાં ત્યાં શુભેચ્છકોને ફાળો નોંધાવવા યોગ્ય વિનંતી કરી છે. પરંતુ સંભવ છે કે કોઈ ગૃહસ્થને આ બાબત જણાવવી રહી ગઈ પણ હોય, તો સૌ કોઈને આ નિવેદન દ્વારા વિનંતી છે કે જે કોઈ ગૃહસ્થ પોતાનો ફાળો આ સ્મારક ફંડમાં નોંધાવવા માગતા હોય તેઓ સત્વર સભાના સરનામે ખબર આપી આભારી કરે

તા. ક. શ્રીયુત વલ્લભદાસભાઈનું એક તૈલચિત્ર તૈયાર થવા આવ્યું છે અને પર્યુષણ બાદ તરતમાં જ તે સભાના મુખ્ય હોલમાં ખુલ્લું મૂકવાની ભાવના છે.

ગાંધી વલ્લભદાસ ત્રિભોવનદાસ સ્મારક ફંડની યાદી.

૨૫૧) શેઠ જોગીલાલભાઈ મગનલાલ
૨૦૧) એક ગૃહસ્થ હ. શેઠ ભાઈચંદ અમુલખ
૧૫૧) શેઠ ગુલાબચંદ આણંદજી
૧૨૫) „ કુંવરચંદભાઈ ઝવેરભાઈ
૧૦૧) „ દેવચંદભાઈ દામજી
૧૦૦) શાહ ગુલાબચંદ લલ્લુભાઈ
૧૦૦) „ જગજીવન ફુલચંદ
૧૦૦) „ ચુનીલાલ દીપચંદ
૧૦૧) ભાવસાર સાકરલાલ ગોંડાલાલ
૧૦૧) શા નાનચંદ તારાચંદ
૧૦૧) મહેતા ચીમનલાલ રામજી
૧૦૧) શા વૃજલાલ દીપાળ
૧૦૧) શેઠ ચંદુલાલ ટી. શાહ
૧૦૧) „ મણીલાલ વનમાળી
૧૦૧) „ ટી સી. બધર્સ હાઃ શેઠ ત્રિભોવનદાસ દુલભજી
૧૦૧) „ કાન્તિલાલ ધમરલાલ
૧૦૧) „ પાનાચંદ લલ્લુભાઈ સુરેન્દ્રનગરવાળા
૫૧) શેઠ અમૃતલાલ છગનલાલ
૫૧) પ્રોફેસર ખીમચંદ ચાંપશી
૫૧) વોરા ખાન્તિલાલ અમરચંદ
૫૧) શા જાદવજી ઝવેરભાઈ
૫૧) શા વિઠ્ઠલદાસ મૂળચંદ
૫૧) વોરા હરીસંગ ઝવેરભાઈ
૫૧) શેઠ માણેકચંદ પોપટલાલ
૫૧) „ પનાલાલ ભીખાભાઈ
૫૧) „ સકરચંદ મોતીલાલ મુળજી
૫૧) શા ગુલાબચંદ મુળચંદ
૨૫) શા હીરાલાલ જુઠાભાઈ
૨૫) શેઠ હીરાચંદ હરગોવન
૨૫) „ ઉત્તમચંદ હરગોવન
૨૫) „ નથુભાઈ દેવચંદ
૫૧) શ્રી જૈન તપગચ્છ સંઘ, મોરબી
હાઃ ડો. વલ્લભદાસ નેમુશીભાઈ

પૂજ્ય આચાર્યાદિ મુનિવર્યોને પણ અમારી વિનમ્રભાવે વિનતી છે કે-આ તીર્થના વિકાસમા જેમ આપનો સહકાર આજ સુધી નોધાવતા આવ્યા છો, તેમ આપ જ્યા જ્યા બિરાજમાન હો ત્યા ત્યા તીર્થભક્તિનો અમારો આ અગત્યનો સદેશ આપ યોગ્ય સ્થળે પહોચાડશો અને શકય તેટલી મદદ મોકલાવી અમોને આભારી કરશો

આમ તો તીર્થકમિટિ હસ્તક જીર્ણોદ્ધાર જિનાલયોની વ્યવસ્થા, ભોજનશાળા ધર્મશાળા જૈન વિદ્યાર્થીગૃહ, પાજરાપોળ પારેવાની જુવાર, આદિ ઘણા શુભ કાર્યો થઇ રહ્યા છે અને તે તમામ ખાતાઓમા મદદની જરૂર છે સાધારણ ખાને મદદની ખાસ જરૂર છે એમ છતા નીચેના કાર્યો માટે મદદની ખાસ જરૂર છે, તો તે માટે યોગ્ય કરવા વિનમ્રભાવે અમારી વિનતિ છે

૧ બાબુનાં જુની ધર્મશાળાનો જીર્ણોદ્ધાર કરવાનો છે એટલે તેમા નવા ઓરડા બાધવાના છે એક ઓરડાના માત્ર રૂા. ૧૫૦૧) લેવાનુ ઠરાવવામાં આવ્યુ છે દાતાના નામની આરસની તકતી ઓરડા પર મૂકવામા આવશે પાચ ઓરડા આજસુધીમા નોધાયા છે આપ અ નુ નામ નોધાવશો

૨ ગિરિરાજ ઉપર બાવન જિનાલયની બાકીની ટેરીઓ બધાવવાની છે રૂા. ૫૦૦૧)મા દહેરી બધાવી આપવામા આવશે અને નવુ પ્રતિમાજી પધરાવવા માટે આપવામા આવશે તીર્થસ્થાનમા આનો લાભ મળવો મુશ્કેલ છે લાભ લેવા ઇચ્છનાર ભાવિકો તરત જણાવવા કૃપા કરે

૩ ભોજનશાળામા નીચેની કોઇ પણ રીતે મદદ મોકલીને તીર્થસ્થાનમા સ્વામિવાત્સલ્યનો લાભ આપ લઈ શકો છો

કાયમી તિથી —રૂા. ૧૦૦૧) મિષ્ટાન્ન ભોજન

રૂા. ૫૦૧) સાદુ ભોજન બે ટક રૂા. ૨૫૧) સાદુ ભોજન એક ટક

તિથી નોધાવનારનુ નામ કાયમી બોર્ડ ઉપર નોધવામા આવે છે

દૈનિક તિથી —રૂા. ૧૦૧) મિષ્ટાન્ન ભોજન રૂા. ૫૧) સાદુ ભોજન બે ટક

રૂા. ૨૫) સાદુ ભોજન એક ટક

દૈનિક બોર્ડ ઉપર દાતારનુ નામ લખવામા આવે છે

૪ ડુગર ઉપર જીર્ણોદ્ધારનુ કાર્ય ચાલુ છે તેમજ મૂળનાયકના પ્રાચીન જિનાલયનો જીર્ણોદ્ધાર પણ કરવાનો છે આ કાર્યમા યોગ્ય રકમ આપી તીર્થભક્તિનો ચિરસ્મરણીય લાભ આપ અવશ્ય ઉઠાવશો એવી આશા છે

જ્યા જ્યા દેવ દ્રવ્યનો વપારો હોય તેમણે જીર્ણોદ્ધાર ખાતે મારી મદદ મોકલવા વિનતી છે

વધુ વિગત કે કોઇ પણ યોજના માટે આપનો પત્ર આવ્યેથી તુરત જવાબ આપવામા આવશે

પર્યુષણ પર્વના પવિત્ર દિવસોમા અમારી આ વિનતી લક્ષમા લઇ આપ યથાશક્તિ મદદ મોકલવાનુ અગર મોકલાવવાનુ નહિ ભૂલો એવી આશા રાખીએ છીએ.

લી. સેવકો

શ્રી તાલધ્વજ તીર્થ કમિટી-તળાજા (સૌરાષ્ટ્ર)

જ્ઞાવરથા અને એકવડીયા શરીરની વાંકા મમયની અશક્તિના કારણે તેઓ આપણા વચ્ચેથી ચાલ્યા ગયા, પરંતુ તેમણે આત્માનંદ સભા દ્વારા અને પાલીતાણા ગુરુકુલ દ્વારા જૈન સમાજની અણમોલ સેવા કરી છે તે કોઇ પણ કાળે વિસરી શકાય તેમ નથી. હું માનું છું કે આવા મૂક સાક્ષરનુ યોગ્ય સ્મારક-સન્માન આપણે કરવુ જોઈએ. શોકના ઠગવથી બેસી રહેવા જેવા એ વ્યક્તિ ન હતા.

મુંબઇ — ચંદુલાલ ટી. શાહ

વલભદાસભાઇની સભા માટેની અપરિમિત સેવાનો કદર તરીકે સ્મૃતિફંડ કરવાનો આશય અનુમોદનીય અને પ્રશંસનીય છે.

શ્રી તપગચ્છ સંઘ-મોરબી

વલ્લભદાસભાઇની નિઃસ્વાર્થ સેવાભાવના અને સતત સેવા કરવાનો ખંતવાળા પુરુષ આપણી સભાને ભાગ્યે જ મળી શકશે. તેઓશ્રીના અવસાનથી સભાને કદી ન પુરાય તેવી ખાધ પડી છે.

મદ્રાસ — પાનાચંદ લલ્લુભાઇ

કોન્ફરન્સનો શોકદર્શક ઠરાવ.

શ્રી જૈન શ્વે૦ કોન્ફરન્સની સ્થાયી સમિતિની તા. ૧૦મી સપ્ટેમ્બર ૧૯૫૫ના રોજ શ્રી ગોપાલલાલ રામચંદ શાહ એમ એલ એ ના પ્રમુખસ્થાને મળેલી સભામાં નીચે મુજબ ઠરાવ પસાર થયો છે

"કોન્ફરન્સ પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ ધરાવનાર શ્રી વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી (ભાવનગર), શ્રી બકુભાઇ મણીલાલ (અમદાવાદ), શ્રી ભગુભાઇ ચુનીલાલ સુનરીઆ (અમદાવાદ) શ્રી મદનસિંહજી કોઠારી (ઉદેપુર) અને શ્રી બાલચંદ મગનલાલ મહેતા (મુંબઇ)ના અવસાન બદલ આ સમિતિ ખેદ પ્રદર્શિત કરે છે અને તેઓશ્રીના કુટુંબીજનો ઉપર આવેલ વિપત્તિમાં સહાનુભૂતિ પ્રકટ કરી તેઓશ્રીના આત્માને પરમ શાંતિ ઇચ્છે છે."

સ્વ. બકુભાઇ મણિલાલ શેઠ

આ સભાના પેટ્રન માનનીય ટ્રેઝિરર શ્રીયુત બકુભાઇ મણિલાલના અધિક ભાદરવા શુદિ ૮ ગુરુવારે થયેલ અવસાનની નોંધ લેતા અમો દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

એક ધર્મનિષ્ઠ વિવેકશીલ ઉદારદિલ ગૃહસ્થ તરીકે શેઠ શ્રી બકુભાઇ અમદાવાદના અગ્રગણ્યોમાના એક હતા. ઘણી ધાર્મિક સંસ્થાઓના સંચાલક કે ટ્રસ્ટી તરીકેની તેઓશ્રીની સેવા પણ સુવિખ્યાત હતી જૈન શાસનના ઉત્કર્ષ માટે જિનભક્તિ અને સાધર્મિક ભક્તિ તરીકે તેઓશ્રીએ મોટી રકમની સખાવત જુદા જુદા ખાતાઓમા કરી પોતાની લક્ષ્મીને સાર્થક કરી હતી. તેઓશ્રીના અવસાનથી આ સભાને એક ધર્મપ્રેમી શ્રીમંત પેટ્રનની ખોટ પડી છે જૈનસમાજે પણ એક ઉદારદિલ સમાજ-સેવક ગુમાવ્યો છે. અમો સદ્ગતના આત્માની શાન્તિ ઇચ્છીએ છીએ.

સ્વ. જેઠાલાલ ભગવાનદાસ શાહ

આ સભાના પહેલા વર્ગના આજીવન સભ્ય ભાવનગરનિવાસી શ્રી જેઠાલાલ ભગવાનના પ્રે ભા. વ ૧ શનિવારે થયેલ દુઃખદ અવસાનની નોંધ લેતા અમો અમારી દીલગીરી વ્યક્ત કરીએ છીએ. તેઓશ્રીએ કરીયાણાના ધંધામા આપમળે સારી પ્રગતિ કરી હતી. તેમ સાદાઇ અને પરમળુ દૃષ્ટિએ તેઓ મૂક સેવાભાવી જીવન જીવી ગયા છે તેઓશ્રીના અવસાનથી આ સભાને એક પ્રતિષ્ઠિત સભાસદની ખોટ પડી છે. સમાજે એક મૂક સેવક ગુમાવ્યો છે. અમો સદ્ગતના આત્માની શાન્તિ ઇચ્છીએ છીએ.

સભાના મેમ્બર થવાથી થતો અપૂર્વ લાભ.

રૂ. ૫૦૧) રૂ. પાચસો એક આપનાર ગૃહસ્થ સભાના પેટ્રન થઇ શકે છે. તેમને છેલ્લા પાંચ વર્ષમાં પ્રગટ થયેલા ગુજરાતી પ્રકાશનો ભેટ તરીકે મળી શકે છે.

રૂ. ૧૦૧) પહેલા વર્ગના લાઇફ મેમ્બર થનારને ચાલુ વર્ષના બધા ગુજરાતી પ્રકાશનો ભેટ મળી શકે છે અને અગાઉના વર્ષના પુસ્તકો પુરાત હશે તે પેટ્રન તથા લાઇફ મેમ્બરોને પોણી કિંમતે મળી શકે છે.

રૂ. ૫૧) બીજા વર્ગના લાઇફ મેમ્બર તેમને પુસ્તકની જે કિંમત હશે તેમાંથી ત્રણ રૂપિયા કમી કરી બાકીની કિંમતે આ વરસના પુસ્તકો ભેટ મળી શકશે; પણ રૂ. ૫૦) વધુ ભરી પહેલા વર્ગમા આવનારને પહેલા વર્ગને મળતો લાભ મળશે. બીજા વર્ગમા જે રહેનારને ત્રણ રૂપિઆની કીંમતના ભેટ મળશે.

બીજો વર્ગ બંધ કરવામાં આવેલ છે

રૂ. ૧૦૧) ભરનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને નીચેના સાત વર્ષોમા જે પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે તે નીચે મુજબ છે.

સ ૨૦૦૩માં	શ્રી મધર્પતિ ચરિત્ર—(સચિત્ર)	કિં. રૂ.	૬-૮-૦
	શ્રી મહાવીર ભગવાનનાં યુગની મહાદેવીઓ	,, ,,	૩-૮-૦
સં. ૨૦૦૪માં	શ્રી વસુદેવ હિંડી ભાષાંતર	,, ,,	૧૫-૦-૦
	શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર (સચિત્ર)	,, ,,	૭-૮-૦
સ. ૨૦૦૫માં	શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર (સચિત્ર)	,, ,,	૧૩-૦-૦
સ ૨૦૦૬માં	શ્રી દમયન્તી ચરિત્ર (સચિત્ર)	,, ,,	૬-૮-૦
	જ્ઞાન પ્રદીપ ભાગ ૨	,, ,,	૪-૦-૦
	આદર્શ સ્ત્રી રત્નો ભાગ ૨	,, ,,	૨-૦-૦
સં. ૨૦૦૭	શ્રી કથારત્નકોષ ભાષાન્તર ગુજરાતી ભાગ ૧	,, ,,	૧૦-૦-૦
,, ૨૦૦૮	શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર)	,, ,,	૬-૦-૦
	શ્રી અનેકાન્તવાદ (ગુજરાતી)	,, ,,	૧-૦-૦
	ભક્તિ ભાવના નૂતન સ્તવનાવળી	,, ,,	૦-૮-૦
સ. ૨૦૦૯માં	શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર-સચિત્ર	,, ,,	૭-૮-૦
	જ્ઞાન-પ્રદીપ ભાગ ત્રીજો	,, ,,	૨-૦-૦
	નમસ્કાર મહામંત્ર	,, ,,	૧-૦-૦
		રૂ.	૮૬-૦-૦

હવે આપવાનાં ભેટના પુસ્તકો નવા તૈયાર થશે ત્યા સુધી નવા થનાર લાઇફ મેમ્બરને ઉપરોક્ત સં. ૨૦૬૯ ના ભેટના પુસ્તકો ભેટ મળશે. ૨૦૧૦-૨૦૧૧ના ભેટ પુસ્તકો માટે શ્રી કથારત્નકોષ ભાગ બીજો તૈયાર થાય છે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરની ફી રૂ. ૧૦૧) ભર્યેથી રૂ. ૧૪) નું શ્રી પાર્શ્વનાથ ચરિત્ર રૂ. ૭) વધુ ભર્યેથી આપવામાં આવશે માટે પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થઈ મળતા ભેટના પુસ્તકોનો લાભ મેળવો. જૈન બંધુઓ અને બહેનોને પેટ્રન અને લાઇફ મેમ્બર થઇ નવા નવા સુંદર ગ્રંથો ભેટ મેળવવા નમ્ર સૂચના છે.

બાવન વરસથી પ્રગટ થતુ આત્માનંદ પ્રકાશ માસિક દર માસે જિંદગી સુધી ભેટ મળશે. મેમ્બર થવામાં જેટલો વિલંબ થશે તેટલા વરસના ભેટના પુસ્તકો ગુમાવવાના રહેશે; અત્યારસુધીમાં આશરે ૭૦૦ સંખ્યા લાઇફ મેમ્બરોની થઈ છે.

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઈ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, ડાણાપીઠ-ભાવનગર.

આત્માનંદ પ્રકાશ





ગુજરાનવાલામાં શ્રી આત્મારામજી મહારાજશ્રીનું સમાધિમંદિર

અ-નુ-ક્ર-મ-ણિ-કા

૧. નિજાત્માનું સામર્થ્ય	(પાન્નાકર)	૩૩
૨. 'શ્રેયાસ' વિષે વિચારણા	...(શ્રી હીરાલાલ ર. કાપડિયા)	૩૪
૩. શ્રી વાસુપૂજ્ય જિનસ્તવન	... (શ્રી અમરચંદ માવજી)	૩૭
૪ અનાથી મુનિ	(બાપુલાલ કાળીદાસ સંઘાણી)	૩૮
૫ આધુનિક યુગમાં અહિંસાનું તાત્પર્ય	... (જમનાદાસ ગો શાહ)	૪૧
૬. અભેદ પ્રેમ	...(શ્રી અમરચંદ માવજી શાહ)	૪૪
૭. સત્ય સુખનો ઉપાય...	(મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી)	૪૭

શ્રી કથારત્નકોષ (ભાષાંતર દ્વિતીય ભાગ.)

કર્તા—શ્રી દેવભદ્રાચાર્ય મહારાજ.

જેમાં સમ્યક્ત્વના તેત્રીશ સામાન્ય ગુણો, પંચ અણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણોનું સુંદર-સરલ નિરૂપણ તથા વર્ણન, તેને લગતી પ્રાસંગિક, મૌલિક, અનુપમ નહિં જાણેલી, સાંભળેલી, વાંચેલી, નવીન પચાસ કથાઓ, અન્ય અનેક અંતર કથાઓ અને સત્પુરુષોના માર્ગો, ઋતુ, ઉપવન, રાજ્ય લક્ષણો, સામુદ્રિક તેમ જ વ્યવહારિક, સામાજિક, રાજકીય અને નૈતિક વગેરે અનેક વિષયો દેવ, ગુરુ, ધર્મ, જિનપૂજા વગેરેના સ્વરૂપો અને વિધાનોનું વર્ણન વગેરે અનેક વિષયો આવેલા છે પ્રથમ ભાગમાં સમ્યક્ત્વના વીશ ગુણોનું વર્ણન આપવામાં આવ્યું છે. આ બીજા ભાગમાં બાકીના તેર સમ્યક્ત્વના અને સત્તર પંચ અણુવ્રતના મળી કુલ ત્રીશ ગુણોનું કથાઓ સહિત વર્ણન આપવામાં આવ્યું છે સારા કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોથી **આ સભાના માનવંતા પેટ્રન સાહેબો, લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે ભેટ આપવા આ ગ્રંથ છપાય છે. સુમારે ચાલીસ ફોર્મ ઉપરાંત ફાઉન્ટ આઠ પેજી લગભગ ચારસો પૃષ્ઠમાં તૈયાર થશે આસો વદી ૦)) સુધીમાં નવા થનારા પેટ્રન સાહેબો તથા લાઈફ મેમ્બરોને પણ ભેટ આપવામાં આવશે.** કિંમત સુમારે રૂ. નવ થશે,

---

નમ્ર સૂચના.

બૃહત્કલ્પસૂત્ર છઠ્ઠો ભાગ હાલમાં પ્રસિદ્ધ થયો છે, પરંતુ આગલા કેટલાક ભાગોનું વેચાણ ઘણા વખત પહેલાં થયેલું હોવાથી, છ ભાગો તૂટક થયાં છે, અને છએ ભાગ પૂરતા નહિં મેળવનાર અથવા બીલકુલ નહિં મેળવનારા અનેક મુનિરાજો, જ્ઞાનભંડારો, ખપી આત્માઓના પૂરતા ભાગ મેળવવા માટે સભા ઉપર અનેક પત્રો આવવાથી, અમોએ અન્ય સ્થળેથી ખૂટતા આગલા ૨-૩-૪-૫ ભાગો મેળવીને હાલમાં થોડા આખા સેટો એકઠા કર્યા છે, અને તેની નકલો પણ ઘણી થોડી છે; જેથી જોઇએ તેમણે મંગાવવા નમ્ર સૂચના છે. કિંમત ૨-૩-૪-૫ દરેક ભાગના પંદર, પંદર રૂપિયા સાટી અને છઠ્ઠા ભાગના સોળ રૂપિયા સાટી (પોસ્ટેજ જુદું).

શ્રી આત્માનંદ પ્રકાશ

વીર સં. ૨૪૮૧ | આસો | પુસ્તક ૫૩ મું.

વિક્રમ સં. ૨૦૧૬ | | અંક ૩ જો

નિજાત્માનું સામર્થ્ય !

તું કાહર સારી આલમનો, કહે કકરમાં ક્રમમ લોભાયો !
ઓ ! શરાફ ! દાણી ભગવત ઘરના, તું દવાલીમાં લપટાયો ! તું૦

તેં દાન અનંતાં દીધાં છે, ગુરદોષ સજીવન કીધાં છે !
કાતિલ વિષ-અમૃત પીધાં છે, પામરતામાં કાં પટકાયો ! તું૦

સચરાચર તારે ચરણે વસે, રિદ્ધિ-સિદ્ધિ લલાટ લસે !
મેરુ ગિરિ નમન કટાક્ષ ખસે, બની વામન ભમણા ભટકાયો ! તું૦

તુજ શક્તિ અનંતી સૌ જાણે, જગ સિદ્ધ સમોવડ પરમાણે !
તું ગગમતો નિશ્ચય નાણે, પરમાણામાં કાં લલચાયો ! તું૦

સુમતિ સોહાગણ તું વરિઓ, નિજ આત્મ વિલાસતણો દરિયો !
તું અનંત આત્મ ગુણે ભરીયો, પરપુદ્ગલમાં કાં ભરમાયો ! તું૦

તુજ તેજે વિશ્વ પ્રકાશ ભર્યો, તુ વારસ શ્રી મહાવીર તણો !
કેમ વિરાટ વામનમા લપટ્યો, દાના લે દેવથી દરમાયો ! તું૦

આનંદ અખંડ સ્વરૂપ તારુ, કાં કરતા મારું અને તારું !
જ્યોતિ પ્રગટયે રહે અંધારું, મૂર્ખો કે માયા કર રહાયો ! તું૦

લખ અલખ લક્ષમાં લેનારો ! સત્-ચિત-આનંદે રમનારો !
હંસલા માનસ સર ક્રીડનારો ! કાં છીલર જલ ક્રીડ કરમાયો ! તું૦

જો જાગ-દ્રાગ ખેલાઈ ગયા, સધ્યાના રંગ વિલાઈ રહ્યા !
જીવન-જોબન કરમાઈ વહ્યા, ગાફીલ હજીયે શુ ઊંઘી ગયો ! તું૦

અંતર્મુખ થા નિજરૂપ ભજે, સુખ અનંત અબાધાધ રહે !
માણે-શિવગણી સહજ મળે ! એ આશ-પ્યાસ મણિ મસ્ત બન્યો ! તું૦

પાદરાકર

' શ્રેયાંસ ' વિષે વિચારણા

(લેખક—પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા એમ. એ.)

વિશેષાર્થ અને સામાન્યાર્થ—આપણા આ ભારતવર્ષમાં જૈન માન્યતા મુજબ ' હુંડા ' અવસર્પિણી પ્રવર્તે છે. એ અવસર્પિણીમાં જૈનોના ચોવીસ તીર્થંકરો થઇ ગયા છે એમનાં નામ **સમવાય**- (સુત્ત ૨૪ અને ૧૫૭) માં અર્ધમાગધી(અર્ધમાગધી)માં અપાયાં છે. અગિયારમા તીર્થંકરનું નામ આ આગમમાં ' સિજ્જંસ ' અપાયું છે. **આવસ્સયના** બીજા અજ્ઝયણમાં ચોવીસે તીર્થંકરોના નામપૂર્વક એમની સ્તુતિ કરાયેલી છે આ **આવસ્સય** ઉપરની નિજ્જુત્તિમા એ નામોના વિશેષાર્થ (ગા ૧૦૮૦-૧૦૯૧)મા અપાયા છે, જ્યારે એ નામોના સામાન્યાર્થ કે જે ગમે તે તીર્થંકરને અંગે ઘટી શકે તેમ છે તે તેમજ વિશેષાર્થ આ મૂલસુત્ત તેમ જ નિજ્જુત્તિના વિવરણરૂપે ' સમભાવભાવી ' હરિભદ્રસૂરિએ સંસ્કૃતમાં રચેલી **શિષ્યહિતા** નામની વૃત્તિ(પત્ર ૫૦૨ અ ૫૦૭ અ)મા નજરે પડે છે આ નામોના બને પ્રકારના અર્થ **આવસ્સયની** ચુણ્ણિ(ઉત્તર ભાગ, પત્ર ૯-૧૧)માં અપાયા છે. વિશેષમા ' કલિકાલસર્વજ્ઞ ' હેમચન્દ્રસૂરિએ **અભિધાનચિન્તામણિ**(કાંડ ૧, શ્લો. ૨૭)ની સ્વોપજ્ઞ વિવૃતિ(પૃ ૧૧)માં આ વિષય સંસ્કૃતમા ચર્ચ્યો છે શ્રી વિજયાનન્દસૂરિએ ઉર્ફે **આત્મારામજી** મહારાજે **જૈનતત્ત્વાદર્શ**(પૃ ૧૯-૨૬, પંચમ સંસ્કરણ)મા આ બને અર્થ સંસ્કૃતમાં તેમજ સાથે સાથે હિંદીમાં આપ્યા છે. બને પ્રકારના અર્થ ગુજરાતીમા મેં **બપ્પભટ્ટિસૂરિકૃત ચતુર્વિંશતિકાના** મારા ઉપોદ્ઘાત(પૃ. ૪૭-૫૨)મા આપ્યા છે આમ આ વિષય **શ્રેયાંસનો વિશેષાર્થ**-ભિન્ન ભિન્ન ભાષામા ઓછામા ઓછા પદર સૈકા થયા વિચારાતો આવ્યો છે આ લેખમાં તો ' શ્રેયાંસ ' શબ્દનો જે વિશેષાર્થ અપાયો છે તે હું રજૂ કરું છું:-

" **મદરિહ સિજ્જાસુહણંમિ ડોહલો તેણ હોઇ સિજ્જંસો ।** "

આનો અર્થ એ છે કે (શ્રેયાંસનાથની માતાને) મહામૂલ્યવાળી શય્યા ઉપર આરોહણ કરવાનો દોહદ (ઉત્પન્ન) થયો હોવાથી એ તીર્થંકરનું નામ ' સિજ્જંસ ' (સં. શ્રેયાંસ) રખાયું.

શ્રેયાંસના સામાન્યાર્થ અને વિશેષાર્થ- આ. ચુ (પત્ર ૧૦)માં નીચે પ્રમાણે ઉલ્લેખ છે:-

" **सामण्णं-सव्वे सेया लोए, अहवा तेण निर्वर्तितसरीरा । विसेसो-तस्स रण्णो परंपरागता सेज्जा देवताए परिग्गहिता अच्छिज्जंति अच्छर्ति । न फुसति ढोकं देति । देवीए गब्भगते दोहलो । तं सेज्जं विलग्गा । देवता रडितूण पलाता, तेण 'सेज्जंसो' ११ ।** "

આ ચુણ્ણિના ઉલ્લેખ ઉપરથી જોઇ શકાય છે કે એમને મતે બે સામાન્યાર્થ છે અને એક વિશેષાર્થ છે. સર્વ તીર્થંકરો લોકમાં કલ્યાણકારી છે એ પ્રથમ સામાન્યાર્થ છે, જ્યારે તે વડે (એટલે કે શ્રેયથી) એમનું શરીર રચાયુ છે એ બીજો સામાન્યાર્થ છે. વિશેષાર્થ નિજ્જુત્તિ કરતાં વિશેષ વિસ્તારથી અહીં અપાયો છે. એ નીચે મુજબ છે:-તે રાજાને પરંપરાથી પ્રાપ્ત થયેલી શય્યા દેવતાએ ગ્રહણ કરી હતી એનુ પૂજન કરાતુ હતું. એ શય્યા કોઇને અપાતી ન હતી દેવીને (શ્રેયાંસનાથની માતાને) એઓ ગર્ભમા આવતાં દોહદ (ઉત્પન્ન) થયો અને એઓ એના ઉપર આરૂઢ થયાં. દેવતાએ રુદન કરી પલાયન કર્યું. તેથી (એમનું નામ) ' સેજ્જંસ ' રખાયુ.

ઉપર્યુક્ત હારિભદ્રીય વૃત્તિ(પત્ર ૫૦૪ અ)માં નીચે મુજબ *ઉલ્લેખ છે

" **तत्र श्रेयान्-समस्तभुवनस्यैव हितकरः प्राकृतशैल्या छान्दसत्वाच्च 'श्रेयांस' इत्युच्यते । तत्थ सव्वे वि तेलोगस्स सेया । विसेसो उण-**

* આની સંસ્કૃત છાયા સંપાદક મહાશયે આપી છે.

तस्स रन्नो परंपरागया सज्जा देवतापरिग्गहिता अच्चिज्जइ । जो तं अल्लियइ तस्स देवया उवसग्गं करेति । गब्भत्थे य देवीए डोहलो । उवविट्ठा अकंता य । आरलिंडे देवया अवक्कंता । तित्थगरनिमित्तं देवया परिक्खित्ता । देवीए गब्भप्पहावेण एवं सेयं जायं । तेण से णामं कयं 'सेज्जंसो'त्ति ।"

આનો અર્થ એ છે કે 'શ્રેયાન્' એટલે સમસ્ત વિશ્વને હિતકારી. પ્રાકૃત શૈલીને લઇને તેમજ છાંદસત્વને લીધે 'શ્રેયાંસ' એમ કહ્યું છે સર્વે તીર્થંકરો ત્રૈલોક્યનું શ્રેય એટલે કલ્યાણ કરનાર છે (આ સામાન્યાર્થ થયો) વિશેષાર્થ નીચે પ્રમાણે છે.—

તે રાજાને પરંપરાથી પ્રાપ્ત થયેલી શય્યા દેવતાવડે પરિગ્રહીત હોઇ પૂજાતી હતી જે વ્યક્તિ એ શય્યાનો આશ્રય લેતી તેને દેવતા તરફથી ઉપસર્ગ કરાતો (શ્રેયાંસનાથ) ગર્ભમાં આવતા દેવીને (એમની માતાને) દોહદ ઉત્પન્ન થયો અને એઓ એ શય્યા ઉપર બેઠા અને એનું સેવન કર્યું દેવતાએ રુદન કરીને પલાયન કર્યું તીર્થંકરના નિમિત્તથી દેવતામાં પરિક્ષેપ થયો દેવીના ગર્ભના પ્રભાવથી આ પ્રમાણે શ્રેય એટલે કલ્યાણ થયું તેથી એમનું નામ 'સેજ્જંસ' પડ્યું.

આ વૃત્તિમાંથી આપણને એક નવીન વાત જાણવા મળે છે, એ 'શ્રેયાંસ' શબ્દની નિષ્પત્તિને લગતી છે આ નિષ્પત્તિ માટે બે કારણ દર્શાવાયા છે.

(૧) પ્રાકૃત શૈલી અને (૨) છાંદસત્વ. આ સબંધમાં વિશેષ વિચાર કરાય તે પૂર્વે હેમચન્દ્રસૂરિનું કથન આપણે નોંધીશું:—

"श्रेयांसावंसावस्य श्रेयांसः, पृषोदरादित्वात् । यथा गर्भस्थेऽस्मिन् केनाप्यनाक्रान्तपूर्वदेवताऽधिष्ठितशय्या जनन्याऽऽक्रान्तेति श्रेयो जातमिति श्रेयांसः ।"—પૃ. ૧૧

આ ઉલ્લેખની બે વિશેષતા છે (૧) સામાન્ય અર્થ ભિન્ન રીતે દર્શાવાયો છે અને (૨) 'શ્રેયાંસ' શબ્દ પણ જૂની રીતે સિદ્ધ કરાયો છે.

જેમના બન્ને ખભા શ્રેયસ્કર યાને કલ્યાણકારી છે તેઓ 'શ્રેયાંસ' કહેવાય છે. આમ સામાન્યાર્થ અપાયો છે. વિશેષમાં 'શ્રેયાંસ'ની સિદ્ધિ માટે 'પૃષોદરાદિત્વ' એવો હેતુ અપાયો છે વિશેષાર્થમાં કોઇ નવીનતા નથી એટલે એ વિષે હું કંઇ કહેતો નથી પૃષોદરાદિત્વ વિષે આગળ ઉપર હું યોડું કહીશ

હેમચન્દ્રસૂરિએ અભિધાનચિન્તામણિ(કાંડ ૧, શ્લો. ૨૯-૩૦)માં મહાવીરસ્વામીના છ નામ અને ઋષભદેવ વગેરે છ તીર્થંકરોનાં બબ્બે નામ આપ્યાં છે એમાં અગિયારમા તીર્થંકરનાં 'શ્રેયસ્' અને 'શ્રેયાંસ' એમ બે નામ જોવાય છે, વિશેષમાં આની સ્વોપજ્ઞ વિવૃતિ(પૃ ૧૨)માં 'શ્રેયસ્'ને અંગે નીચે પ્રમાણે ઉલ્લેખ છે:—

"सकलभुवनस्यापि प्रशस्यतमत्वेन श्रेयान् ।"

આનો અર્થ એ છે કે—સકળ ભુવનને પણ સૌથી વધારે પ્રશસ્ય એટલે કે પ્રશંસા કરવા લાયક હોવાથી 'શ્રેયસ્' છે.

આમ જ્યારે અહીં 'શ્રેયસ્' એવું નામાંતર તેમજ એની સાન્વર્થતા વિષે નિર્દેશ છે તો એ પ્રશ્ન પૂછવાનું મને મન થાય છે કે—હેમચન્દ્રસૂરિની પૂર્વે થઈ ગયેલા કોઇ ગ્રન્થકારે શ્રેયાંસનાથનું 'શ્રેયસ્' એવું નામ પોતાની કોઇ સંસ્કૃત કૃતિમાં વાપર્યું છે ખરું?*

* આ પ્રશ્ન પૂછવાનું કારણ એ છે કે—એવો "જૈન સંસ્કૃત શબ્દ-કોષ" હજી સુધી તો રચાઇને પ્રસિદ્ધ થયેલો જોવા જાણવામાં નથી કે જેમાં વાચકવર્ય ઉમાસ્વાતિની સંસ્કૃત કૃતિઓમાંથી (એની પહેલાંની કોઇ જૈન અખંડ કૃતિ મળતી નથી એટલે એમાંથી) એક એક શબ્દ અને સાર પછી ન્યાયાચાર્ય યશોવિજયગણિ સુધીના સમય દરમ્યાન સંસ્કૃતમાં જૈનોને હાથે રચાયેલી વિશિષ્ટ કૃતિઓમાંથી નવીન નવીન શબ્દ એકત્રિત કરાયા હોય અને તેના અર્થ ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં અથવા તો આ પૈકી કોઇ બે ભાષામાં કે ત્રણે ભાષામાં અપાયા હોય અને સાથે સાથે તે તે શબ્દોને લગતું પ્રાચીનતમ મૂળ દર્શાવાયું હોય.

હવે આપણે જૈનતત્ત્વાદર્શ(પૃ ૨૨)માંથી નિમ્નલિખિત પંક્તિ નોંધીશું —

"श्रेयान् समस्तभुवनस्यैव हितकरः । प्राकृतशैल्या छान्दसत्वाच्च इत्युच्यते ।

सर्व जगत् का जो हित करे सो श्रेयास।

यद्वा गर्भस्थेऽस्मिन् केनाप्यनाक्रान्तपूर्व-देवताऽधिष्ठितशय्या जनन्याऽऽक्रान्तेति श्रेयो जातमिति श्रेयांस ।

भगवान जब गर्भ में थे तब भगवान के पिता के घर में एक देवताधिष्ठित शय्या थी उस पर जो बैठता था उसही को असमाधि उत्पन्न होती थी। भगवन्त की माता का उसी शय्या पर सोने का दोहद उत्पन्न हुवा। "माता उसी शय्या पर सोइ। देवता शान्त भया-उपद्रव न करा, इस हेतु से श्रेयास।"

આ ઉલ્લેખમાંનો સામાન્યાર્થસૂચક પ્રારંભિક સંસ્કૃત અંશ હારિભદ્રીય વૃત્તિગત ઉપયુક્ત ઉલ્લેખ સાથે અક્ષરશઃ મળે છે એટલે એ એના આધારે યોજાયો હશે આનો અર્થ હિંદીમાં આપતી વેળા 'શ્રેયાંસ'ની નિષ્પત્તિનાં બે કારણ દર્શાવનારી પંક્તિનો અર્થ આ મુદ્રિત પુસ્તકમાં નથી એથી એ પ્રશ્ન ઉદ્ભવે છે કે શું કર્તાએ જ એ અર્થ આપ્યો નથી કે પછી છપાવતી વેળા એને અર્થ દર્શાવનારી પંક્તિ પૂરતો પડ છૂટી ગયો છે? આ પાંચમા સંસ્કરણમાં શુદ્ધિપત્રક નથી તેમજ મારી પાસે આની પહેલાના ચાર સંસ્કરણોમાંથી એકે નથી તેમજ એ બધાં તો અહીં કોઈ સ્થળેથી મળે એમ પણ જણાતું નથી તો આ પરિસ્થિતિમાં આ પ્રશ્નનો ઉત્તર અન્ય સંસ્કરણો જોવાનો જેમને સુયોગ હોય તેઓ એ જણાવવા કૃપા કરે કે પડ પડી ગયો છે કેમ અને જેમની પાસે કર્તાના હાથે લખાયેલી હાથપોથી હોય કે એમના કોઈ શિષ્ય-પ્રશિષ્યમાંથી કોઈએ પ્રથમાદર્શ તૈયાર કર્યો હોય તેઓ કર્તાએ એ પડ આપ્યો છે કે નહિ તે સૂચવવા કૃપા કરે

'પંજાબકેસરી' વિજયવલ્લભસૂરિજી જે દિવસે સંતના કાળધર્મ પામ્યા તે પહેલાં એ જ દિવસની કે આગલા દિવસની સવારના પહોરમાં એમણે મારા દેખતાં પંજાબના કેટલાક ભંડારોના કાર્યવાહકો ઉપર પત્રો લખાવી પૂછાવ્યું હતું કે જૈનતત્ત્વાદર્શની પ્રાચીન હાથપોથીઓ તમારે ત્યાં છે અને હોય તો તે મોકલાવશો? આનો ઉત્તર કોઈ સ્થળેથી એમના અગ્રગણ્ય શિષ્ય ઉપર આવ્યો હોય તો તેની મને ખબર નથી પ્રાચીન હાથપોથીઓ મેળવવા બાબત મેં શ્રી વિજયસમુદ્રસૂરિજીને સાદર વિનંતિ એકાદ મહિના ઉપર કરી હતી, પણ અત્યાર સુધી તો મને એમની તરફથી કોઈ ઉત્તર મળ્યો નથી, તો આજે એમને હું આ જાહેર વિનંતિ કરું છું

પ્રાકૃત શૈલી—હરિભદ્રસૂરિએ 'શ્રેયાંસ'ને અંગે 'પ્રાકૃત શૈલી' એનો જે હેતુ દર્શાવ્યો છે તેનો અર્થ બરાબર સમજાતો નથી. શું એઓ એમ કહેવા ઇચ્છે છે કે પાઇય(પ્રાકૃત)માં 'સિજ્જસ' તેમજ 'સેજ્જસ' શબ્દો છે એ બંને કયા સંસ્કૃત શબ્દ ઉપરથી ઉદ્ભવ્યા હશે—એ કયા સંસ્કૃત શબ્દનાં સમીકરણરૂપ ગણાય એવો પ્રશ્ન વિચારતાં ઉત્તર તરીકે 'શ્રેયાંસ' સૂચવાય તે બીના રજૂ કરવા માટે કામમાં લેવાયેલી પદ્ધતિ તે 'પ્રાકૃત શૈલી' છે?

છાંદસત્વ—'છંદસ'ના 'છંદ' (પદ્યાત્મક રચના) અને 'વેદ' એમ બે અર્થ થાય છે એ ઉપરથી એટલે કે છંદની દૃષ્ટિએ કરાતી વિચારણા અથવા તો વૈદિક પ્રયોગ-વેદને લગતા વ્યાકરણ અનુસરતો પ્રયોગ-આર્ષ પ્રયોગ એ અર્થ સૂચવવા 'છાંદસત્વ' શબ્દ વાપરી શકાય અહીં પ્રથમ અર્થ તો ઘટતો હોય એમ જણાતું નથી આથી 'શ્રેયાંસ' એ આર્ષ પ્રયોગ છે એટલે કે એ પાણિનિકૃત વ્યાકરણ કે જેમાં લૌકિક સંસ્કૃતને અંગે નિયમન કરાયું છે તેને અનુસરનારો પ્રયોગ નથી શું હરિભદ્રસૂરિ છાંદસત્વથી આ પ્રમાણે કહેવા ઇચ્છે છે કે બીજું કંઈ?

પૃષોદરાદિત્વ—સમાસોના વિવિધ વર્ગો પડે છે તેમાં કેટલાક સમાસોનાં પૂર્વ પદના વર્ણનો લોપ કરાય છે આવા સમાસોના વર્ગનું નામ 'પૃષોદ

રહિ' રખાયું છે. વ્યાકરણ પ્રસિદ્ધ શબ્દગણ કે જેમાં લોપને બદલે વર્ણનો ×આગમ કે શબ્દનો *આદેશ વગેરે કરાતા હોય તેવા સમાસોને પણ 'પૃષોદરાદિ' કહે છે. 'પૃષોદર' પૃષત્ અને ઉદર એ બે શબ્દો ઉપરથી પૃષત્ના 'ત્' નો લોપ કરી બનાવાયેલો સમાસ છે. "पृषतः उदरं पृषोदरम्" એ રીતે એનો વિગ્રહ કરાય છે. 'પૃષત્' એટલે જળનું બિન્દુ આથી 'પૃષોદર'નો અર્થ 'પવન' કરાય છે. 'પૃષોદ્યાન' માં પણ 'પૃષત્' ના 'ત્' નો લોપ કરાયો છે. એવી રીતે બુદ્ધિવાચક मनीषा (मनस्+ ईषा) માં 'अस्' નો લોપ કરાયો છે. પ્રસ્તુતમાં શ્રેયાંસ (શ્રેયસ્+ અંસ) માં 'સ્' નો લોપ કરી 'શ્રેયાંસ' એટલો સમાસ બનાવાયો છે.

કલ્પના—'પ્રશસ્ય' તેમજ 'વૃદ્ધ' શબ્દના અધિકતાવાચક અને શ્રેષ્ઠતાવાચક રૂપ તરીકે 'શ્રેયસ્' અને 'શ્રેષ્ઠ'નો ઉલ્લેખ કરાય છે. 'પ્રશસ્ય'નો અર્થ 'વખાણવા લાયક' છે. 'શ્રેયસ્'નો 'કલ્યાણકારી' અને 'શ્રેષ્ઠ'નો 'ઉત્તમ' અર્થ છે. 'વૃદ્ધ' એટલે 'ઘરડું'. આમ વિવિધ શબ્દોનો અર્થ વિચારતાં તેમજ અધિકતાવાચક અને શ્રેષ્ઠતાવાચક પ્રત્યયો તરફ લક્ષ્ય આપતાં એવી કલ્પના રહે છે કે 'શ્રેયસ્' અને 'શ્રેષ્ઠ' જાણે 'શ્રા' જેવા શબ્દનાં રૂપો હશે. 'કનીયસ્' અને 'કનિષ્ઠ' માટે 'કનુ' જેવો શબ્દ મૂળમાં હશે એવો વિચાર આવતાં અને આવાં બીજાં રૂપો જોતાં ઉપર્યુક્ત કલ્પના વધારે જોર પકડે છે. વૈદિક સંસ્કૃત ભાષામાં તેમજ પ્રાચીન પાલિય ભાષાઓ (જેવી કે પાલિ અને અર્ધમાગધી)માં રચાયેલી કૃતિઓ આ દૃષ્ટિએ તપાસતા તો કેટલાંક અનિયમિત રૂપો ઉપર પ્રકાશ પાડવા સંભવ છે.

× આનું ઉદાહરણ અત્યારે કોઈ યાદ આવતું નથી, એટલે એ હું આપતો નથી.

* 'મેઘ' અર્થવાળો 'વલાહક' સમાસ પણ 'પૃષોદરાદિ' વર્ગનો છે. એનો વિગ્રહ "वारीणां वाहकः वलाहकः" એમ કરાય છે.

શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

(રાગ—એક રે દિવસ એવો આવશે.)

મેં જોયું દિલની અટારીએ, વાસુપૂજ્ય દેખાયા;
ઝગમગતા એ સૂર્યનાં, પ્રગટ કિરણ ફેલાયા. મેં જોયું....ટેક–૧

જ્યોતિ પ્રગટી અંતરે, કમલ આત્મ વિકસાવ્યા;
ચેતન ભ્રમર ૐ ૐ કરે, અંતરનાદ જગાવ્યાં. મેં જોયું.....–૨

અમૃતરસનાં પાનથી, આનંદરસ છલકાયા;
શાંતિ સરોવરનાં તીરે, જ્ઞાનામૃત રેલાયા. મેં જોયું.....–૩

સૌરભ પ્રસરી પ્રેમની, સમભાવ ફેલાયા;
તુંહી તુંહીના નાદથી, સોહં ધ્યાન લગાયા. મેં જોયું.....–૪

અર્હમ્ અર્હમ્ ધ્યાનથી, વાસુપૂજ્ય મેં ભાળ્યા;
"અમર" ચિદાનંદના, સત્દર્શન પામ્યા. મેં જોયું.....–૫

અમરચંદ માવજી શાહ

અનાથી મુનિ !

(સંસારનું અનાથત્વ)

લેખક —બાપુલાલ કાલિદાસ સંઘાણી 'વીરબાલ' મોરનાડા વાયા-રાધનપુર

ઇ સ પૂર્વે છઠ્ઠી સૈકાથી આ કથા અગણિત હૈયાંને ગગળાવતી રહી છે

મહારાજા શ્રેણિક વૈભવ અને સૌંદર્યના ભોક્તા હતા સાથેસાથે એમનો સરકારી આત્મા અંતરમાંથે ડોકિયું કરી જતો અને અન્યની જીવન-સાધનાઓના અંતરતળને સ્પર્શવા પણ દોડી જતો અને આથી જ શ્રેણિકની જીવનકથા તેજસ્વી જીવનધારાઓની માળા ગુંથતી એક ગૌરવશીલ જીવંત દોરી બની રહી છે

રાજમહાલયમાંથી સવારસમયે શ્રેણિકરાજ ઘોડેસ્વાર બની નગર બહાર જઇ રહ્યા છે પ્રાત કાળનો મીઠો પવન ઝીણો ઝીણો વહી રહ્યો છે અશ્વ મદભર્યા ગૌરવથી આગળ વધી રહ્યો છે અને ઉપર સ્વાર ઝૂમી રહ્યો છે સવારની સ્ફૂર્તિમા બન્ને મસ્ત છે, છતાંય સ્વારના ચકોર નયનો ચોમેર ઘૂમી રહ્યાં છે એની નજર એક વૃક્ષતળે આસન વાળીને બેઠેલા મુનિ ઉપર પડે છે શાન્ત-સુકુમાર અને ભવ્ય લલાટવાળા આ યુવાન મુનિ એમના આત્માને ખેંચી રહે છે તોફાનભર્યા ઘોડાની પીઠ ઉપરથી છલંગ મારી શ્રેણિકરાજ ઊતરી પડે છે, નજીકના વૃક્ષના થડમાં ઘોડાને બાંધી વિવેકથી 'વંદના' કહી મુનિ સમીપ બેસે છે મુનિરાજ 'ધર્મલાભ' કહી 'સ્વાગત-આશિષ' વદે છે એમના ભવ્ય નયનોમાંથી અમી વહી રહે છે

થોડીવાર એમ ને એમ મૌન પથરાઇ રહે છે શ્રેણિકરાજ મૌન તોડીને વિનયપૂર્વક પૂછે છે – મુનિરાજ ! આપ સુકુમાર અને યુવાન છો આ અકાળે આ દેહને માળી નાંખતી તપશ્ચર્યા શી ? અવિવેક થતો હોય તો માફ કરીને આપ મને તે કહો !"

"રાજવી ! એમાં અવિવેક કાંઇ નથી અનાથ છું મારા માટે આ સિવાય બીજો કોઇ માર્ગ નથી" મુનિએ શાન્ત સ્વરે જવાબ આપ્યો એ અવાજમાં શક્તિ અને માર્દવતાનું મીઠું આકર્ષણ હતું

"ખોટી વાત મુનિવર ! આપ અસત્ય ના બોલો પણ મારા માન્યામાં એ વાત કેમ આવી શકે ? આ ભવ્ય લલાટ આ વિજયી સૌંદર્ય અનાથતાનો સાફ ઇનકાર ભણે છે !"

"ખોટી વાત નથી શ્રેણિકરાજ ! હું ખરેખર અનાથ છું !" મુનિવરે અવાજમાં આત્માનું વજન મૂક્યું

"તો એક ક્ષણવાર આપનાં વચન માની લઇ વિનયથી આમંત્રણ કરું છું રાજમહાલયમાં પધારો, આપના પગલે પગલે ધન-સામગ્રી અને રૂપના ઢગ થશે મગધનું રાજ્ય શક્તિવંતોનાં મૂલ્ય મુલવી જાણે છે ગિરિવ્રજની પ્રજા આપને વધાવી લેશે" શ્રેણિકે સંકોચપૂર્વક વિનતિ કરી.

"રાજન્ ! મારી અનાથતા એવી નથી કે જે તમારા ઉપાયોથી દૂર થાય મારી અનાથતા પાછળ જીવનની સ્મૃતિઓ પડી છે એ અનુભવ એવો છે કે – એ અનાથતાને નથી નીવારી શકાય તેમ કે નથી એ અનાથતાને દૂર ઠેલી શકાય તેમ વિનય-અવિનયનો સંકોચ રાખવાની કશી જરૂર નથી" મુનિરાજ તરફથી જવાબ મળ્યો

"તો તો મારે એ 'વિચક્ષણ અનાથતા' નાં સંસ્મરણો સાંભળવા પડશે મુનિવર્ય ! આપ કૃપા કરીને તે પૂર્વ કથા કહો" શ્રેણિકના અવાજમાં જિજ્ઞાસા હતી મગધના નાથ ધરતી ઉપર સરખા બેસી ગયા

'પૂર્વ જીવનના સુખભોગ અને વૈભવોને માટે કરતા એ વૃત્તિઓને રમતી મૂકવા જેવું હોઇ સાધુ જીવનને બાધકરૂપ છે. છતાંય અનાથતાની ગુંચ ઉકેલવા આજ એ કથા હું આપને કહીશ મારા જીવનનો સ્વાધ્યાય મને વધુ દૃઢ-વધુ સાવચેત બનાવે" આટલું બોલીને મુનિ મૌન બની ગયા. નયનો બીડાઇ ગયા. આત્મા જીવન સ્વાધ્યાયમાં સ્નાન કરવા ચાલી ગયો શ્રેણિકરાજ શાન્ત બેસી રહ્યા

થોડી પળો વીતી. મુનિરાજનાં નયનો ખૂલ્યાં. એ નયનોમાં નિશ્ચલતાનું તેજ ચમકતું હતું. એમની વાણીમાં જીવનકથાનાં પાનાં ઉકેલાવા માંડયાં, એમાં કશો ભય કે આશંકા નહોતાં. એ અવાજમાં મંગળતાનો મીઠો ઝીણો રણકાર હતો.

" મગધરાજ ! કોસંબીનગરમાં મારા પિતા નગરશેઠ ધનસંચય વસે છે. મારી વાત્સલ્યમયી માતા હયાત છે. હું એ શ્રીમંત કુટુંબનું એકનું-એક સંતાન છું. શ્રીસુલભ કોઈ વૈભવ-સામગ્રીની એ ગૃહમાં કદી કશી કમીના નથી. રાજ્ય અને પ્રજામાં ગૌરવ અને માનપ્રતિષ્ઠા છે. સંસ્કારી વાતાવરણમાં મારો ઉછેર થયો હતો. યોગ્ય કેળવણી મને મળી હતી. દ્રવ્યોપાર્જનની કોઈ ચિંતા નહોતી. સામગ્રીની વિપુલતાએ મને રસભોગી બનાવ્યો હતો. સાથે સાથે સંસ્કારી વાતાવરણ, મુનિરાજોના સહજ પરિચયે તત્વજ્ઞાન મારો પ્રિય વિષય બની ગયો હતો, મિત્રો સાથે ઊંડી ચર્ચા કરતો-મુનિરાજો સમક્ષ ગુંચો ઉકેલતો, બંધન અને મુક્તિ, આસક્તિ અને અનાસક્તિની તત્વચર્ચા વિવિધ સ્વરૂપે બહુ રસભરી બની રહેતી.

" એકનું એક સંતાન હોઈ માતાપિતાએ મારા આઠ સૌંદર્યવતી કુળવાન લલનાઓ સાથે લગ્ન કર્યાં હતાં. આ સંસ્કારી નારીઓ શોકમભાવ તજી-હેતાળવી સખીઓ બની મને વીંટળાઈ વળતી, કોકિલકંઠી મધુરગાન, દેહલાલિત્યને વ્યક્ત કરતું નૃત્ય, ઉલ્લાસાતું રૂપ, મનોભાવ સમજીને ઉચ્ચાર પહેલાં પાણીને બદલે દૂધ હાજર કરતું અનુગામિનીપણું અને ભોજન સ્નાન નિદ્રા અને ભોગમાં નીતરતા સ્નેહ વાત્સલ્યે આ વિવિધ નૈપુણ્યભરી નારીઓએ આ પૃથ્વી ઉપર મારું સ્વર્ગ રચી દીધું હતું. એ સ્વર્ગમાં હું એ દેવીઓ સાથે દેવસમો રમતો-વિહરતો હતો. સંસારનાં ક્લેશ દુઃખનો મને સ્વપ્ને પણ સ્પર્શ નહોતો.

' આ સહજ પ્રાપ્ય; વિયોગ ક્લેશ રહિત રસ ઉલ્લાસ વચ્ચે ય તત્વજ્ઞાન મારો પ્રિય વિષય મટ્યો નહોતો. રસભોગ વચ્ચે ય હું નિર્લેપ છું. મારો આત્મા બંધન રહિત અનાસક્ત યોગી સમો આ સંસાર-સ્વર્ગમાં વિહરે છે. એવું મારા હૃદયમાં ગૌરવ રહેતું, વિયોગ કે દુઃખનો કયારેક આછેરો સ્પર્શ થયો હતો તો અનાસક્ત ભાવની આળી ચામડી ઘવાત પણ અનંત રસ સાગરે એ ગૌરવને અખંડ અને અસ્પર્શ્ય રાખ્યું હતું.

' પણ શ્રેણિકરાજ ! એક દિવસ એ ભ્રમજાળને તોડતી મંગળ ઘડી આવી પહોંચી. મને ભયંકર શિરોવેદના ઉપડી. માથું ફાટવા લાગ્યું. આંખોના ડોળા બહાર નીકળી પડશે એવી અસહ્ય વેદના થવા લાગી અંગેઅંગની નસો તૂટવા લાગી. દેહની વિકળતાએ ભાન ભુલાવી દીધું રસ ભોગ વિસરી ગયા. આંખમાંથી ચોધાર અશ્રુ પડવા લાગ્યા. માતાપિતા-મિત્રો, સગાંવહાલાં, સ્ત્રીઓ સૌ વીંટળાઈ વળ્યાં, વૈદો, હકીમો આવ્યા. દવાઓ-લેપ શરુ થયા પણ બધું નકામું. ! વેદના તો બસ વધતી જ રહી. દોરા ને ધાગા કર્યાં. બાધાને આખડીઓ રાખી પણ દરદે તો જાણે પાઠ શીખવવા આવી પહોંચ્યું હોય તેમ મચક ન આપી.

સુંવાળી સેજ કાંટાળી બની ગઈ. માતાના મમતાભર્યા શબ્દો-વાત્સલ્યભર્યા હાથ અને પિતાનું આશ્વાસન નિષ્ફળ ગયાં. મહારાજા મારી ખબર લેવા આવી ગયા. રાજહકીમો મોકલ્યા. નગરમાં વાત ફેલાતાં સેંકડો નરનારીઓ ખબર પૂછવા આવી ગયાં. તેમના બતાવેલા અનેક ઉપચાર કર્યા પણ નિરુપાય. પ્રિયતમાઓના મૃદુ સ્પર્શો, નૃત્યગાન, મીઠી વાતો, દેહ પાથરીને સુખ આપવાની તેમની તાલાવેલી બધું અકારું થઈ પડયું. ચંદનના લેપ-અત્તરના છંટકાવ-મઘમઘતાં ફૂલની પથારીઓ-બગીચાઓની હવા-બધો સુખ વૈભવ-વિપુલ ધન સંપત્તિ મારા આત્માને સુખની એક પણ લહરી ન સ્પર્શાવી શકી. ઉઠવું, બેસવું, ઉંઘવું બધું અશક્ય બની ગયું. રાઈ ચીસ અને અશાન્તાનો પારાવાર હીજકી રહી. તત્વજ્ઞાન અને ફિલસૂફી બધું વિસરી જવાયું. એની વાતો કરવાનીએ હવે ધીરજ રહી નહોતી. સુખસાગર જેવા જ દુઃખ-દરિયામાં હું ડૂબી ગયો. સ્વજનો મારી સાથે અશ્રુ સારવા લાગ્યા, નારીઓ કલ્પાંત કરી-કરીને રાતી થએલી આંખે અનિદ્રિતપણે ખડેપગે મારી સારવાર કરતી હતી. પણ હજાર પ્રયત્ને મને શાંતિ મળતી નહોતી.

બધાં અસહાય લાચાર અને અનાથ બની ગયાં! મગધના નાથ! એવી અનાથતાના નાથ, આપ બની શકશો?" મુનિરાજ બોલ્યા

"ના મુનિરાજ! એમાં તો મારું મગધનું સ્વામિત્વ પણ નિરુપાય છે! એ ઘડીએ તો હું પોતે પણ અનાથ છું મુનિરાજ!" રાજવી બોલતાં બોલતાં હાથ જોડી ગયા વફાદાર અશ્વ પણ જાણે આ ગંભીર વાતોને સમજવા મથતો હોય તેમ શાંત ઊભો હતો. વાતાવરણમાં કરુણાર્દ્રતા પથરાઇ ગઇ હતી.

"દિવસ ને રાત મારી વેદના ઉત્તરોત્તર વધતી જ. ચાલી. રીબાતા મુઝાતાં મારા પ્રાણ કંઠે આવી ગયા. એક રાત્રે આ દશામાં સ્વજનો નિસાસા નાખતાં આડે પડખે પડ્યાં હતા માતા અને સ્ત્રીઓ મૃદુ હાથે મારા દેહને પંપાળતા પથારીની ચોમેર બેઠાં હતાં હું નિશ્ચેતન પડ્યો હતો, ત્યારે મારા હૃદયદ્વારે કોઇ ઝોલો તીનસ્વર સંભળાયો – 'આત્મા અને દેહ ભિન્ન છે એ તત્ત્વ શું જૂઠું હતું? રસભોગોમાં વરતાતું મુક્તાત્માનું ગૌરવ આજ ફૂટકીયું ખોની કાં બની ગયું છે? આ કસોટીની ઘડી છે. જો દેહ અને આત્મા અલગ છે તો વેદનામાં વ્યગ્રતા શી? દેહનાં દુ:ખ દેહને ભોગવવા દે પણ આત્મા શાને પ્રસન્નતા છોડી રાંક અનાથ બની ગયો છે? દેહને પોતાનાં માની આત્મભાન શીને ભૂલી જાય છે!" આમ જાણે કોઇ ઠોકારા મારી મારી અંતરમાંથી અવાજ ઊઠ્યો. 'દેહનાં દુ:ખને ભૂલી જા! આત્મપ્રસન્નતાના રતનને કોટી ઉપાયે જતનથી જાળવી રાખ!" થોડી વાર આમ તરંગો ઉછળતા રહ્યા. મારો આત્મા એ દિશામાં જરાક વળ્યો એને ચેતન આવતું લાગ્યું– વેદનામાંથી આત્મા જાણે અલગ પડવા લાગ્યો–વેદના માંથી મારી ઢીલાસ ઓસરવા લાગી વેદના તો હજુ એક સરખી ચાલુ હતી આત્માને અકળાવતી હતી પણ જાણે આત્મા અકળાવાતી ના પાડતો હતો ઇંડાના કોચલાને ફોડી બહાર નીકળેલું નવનીત પંખી જાણે પાંખો ફફડાવતું હતું

"આમ સવાર સુધી આત્મા અને વેદનાનો ગજગ્રાહ ચાલ રહ્યો. હજા એક હારતાં નહોતા પણ વેદનાનું બળ જાણે તૂટતું હતું. વ્યથા છતાં વ્યગ્રતા ઓછી હતી વેદનાની કોઢમાં ધખતા લોઢાને હવે ધમણની ફૂંક લાગતી નહોતી"

"દિવસે દાર્ઢક ઠીક લાગવા માંડ્યું આત્મા દૂર જતા વેદનાની ગરમી ઠંડી પડવા લાગી. બપોરે થોડીક થાતા વગતાં નિદ્રાએ મારા દેહને ગોદમાં લીધો. થોડા વખતના આરામે આત્મામાં બળ પૂરી દીધું. ક્રમે ક્રમે આરામ વરતાવા લાગ્યો. વેદના ચાલી ગઇ સ્વજનોના શ્વાસ બેઠા માતપિતાને નિરાંત વળી. પ્રિયનારીઓ આનંદિત બની ગઇ. આજ એમના દેહો પૂરબહારમાં ખીલી ઊઠ્યા હતા. મને પ્રસન્ન ચિત્ત કરવા તેઓ વિવિધ પ્રકારના આલાપસલાપ કરતી ઘેરી વળી હું તેમની આનંદગોષ્ટિમાં અશક્ત શરીરે રસ લેવા લાગ્યો પણ મારું પરિવર્તન થઈ ગયું હતું પડળ ખૂલી ગયાં હતાં. મારા મુક્તાત્માનું માપ મને મળી ગયું હતું. મારી અહંતા ચાલી ગઇ હતી હવે ફરી અખતરો કરવાની મારી ઇચ્છા નહોતી"

"આમ એક દિવસે હું સર્વ સંગ પરિહરી ચાલી નીકળ્યો અને આત્મસાધના એજ જેનો એકમાત્ર હેતુ છે એવા મુનિત્વને મે અંગીકાર કર્યું. એવો હું હવે આપના સનાથત્વનો શી રીતે સ્વીકાર કરું?" મુનિરાજ આ પ્રશ્ન પૂછીને શાન્ત રહ્યા. એમના અવાજમાં કડી તાકાતના પડઘા પડતા હતાં, એમનો પ્રશ્ન માનવીના હાર્દને ઊંડો સ્પર્શ કરતો હતો

"ભગવાન! અવિનય માફ કરજો! આપની અનાથતાના ઊંડાણને હું પીછાણી શક્યો નહોતો વિશ્વાસમાં ડૂબેલા મને આપની જીવનકથા જીવનભર ચેતાવતી દિવાદાંડીરૂપ બની રહેશે! અમે સંસારનાં માનવી અનાથ છીએ! જાગૃત આત્માએ આપ તો સનાથ બની ગયા છો! અમારી મંગળ કામના આપના હૃદયમાં સદા વસતી રહો એ મારી છેલ્લી પ્રાર્થના છે!" મગધરાજ નમ્રતાથી વંદન કરી ઊઠ્યા અત્યારે એમના વંદન–વિવેકમાં શ્રદ્ધા અને ભક્તિનો ઉમેરો થયો હતો

મુનિરાજ અનાથતાની અલખ જગાવવા વિહરવા લાગ્યા

આધુનિક યુગમાં અહિંસાનું તાત્પર્ય*

લેખકઃ—શ્રી જમનાદાસ ગો. શાહ, સમાહર્તા, ગોહિલવાડ ઝોન

ભગવાન મહાવીર પ્રભુએ ઉપદેશેલ અહિંસા પરમધર્મને અત્યારના યુગની વિશિષ્ટતા અને સંજોગોની દ્રષ્ટિયે વિચારવા આપણે એકત્ર થયા છીએ. અહિંસા એક સ્થૂળ અર્થમાં જીવદયા તરીકે ગણાય છે પણ માનવ હૃદયનો આ એક વિશિષ્ટ પ્રેમ સંદેશ છે એ મહત્વની બાબત તરફ ઘણું જ દુર્લક્ષ થયુ છે.

આ સૃષ્ટિનો ક્રમ અહિંસક છે કે હિંસક છે તે વિષે ઘણાં વિચારકો અને જ્ઞાનિયો તરફથી જુદા જુદા ઉત્તર મળે છે. ઘણાઓ માને છે કે ઇશ્વર આ સૃષ્ટિ ઉત્પન્ન કરી તેની સાથે હિંસાને પણ સ્થાન આપ્યું છે. વાઘ, સિંહ, મગર, સર્પ વિગેરે અનેક પ્રાણીઓનું ભક્ષણ હિંસામાંથી જ થાય છે. મોટા જીવો નાના જીવોને મારીને જ આગળ વધ્યા છે. માનવ ઇતિહાસમાં પણ યુદ્ધો અને ધર્મયુદ્ધો સારી સંખ્યામા લખાયેલ છે. દુર્બળ, અશક્ત અને માયકાંગલા માટે આ સૃષ્ટિમાં સ્થાન નથી. તાકાત અને બાહુબળ ઉપર જ કોઇ પણ રાષ્ટ્ર, સમાજ આગળ વધ્યો છે અને આગળ વધી શકે છે. આ વિદ્વાનોને મન હિંસા એ કુદરતી વસ્તુ છે અહિંસા એક કૃત્રિમ વસ્તુ લાગે છે.

એક વાત સ્પષ્ટપણે સમજી લેવી જોઇએ કે પશુઓને માટે હિંસા કુદરતી ક્રમ છે. વાઘ, સિંહ, દીપડા, મગર કે સર્પને અહિંસક બનવાનો ઉપદેશ કોઇએ કર્યો નથી પણ જે પશુ યોનિમાંથી વિકાસ પામી માનવનું સર્જન થયું તે માનવને માટે અહિંસાનો ઉપદેશ છે. મનુષ્ય યોનિમાં અને પશુ યોનિમા તફાવતની જે સીમા દોરી છે તે એ જ છે કે પશુ પક્ષિઓ પોતાની સહજ એવા કુદરતી વૃત્તિઓથી પ્રેરાઇ જીવન વિતાવે છે. મનુષ્ય પોતાની સહજ અને કુદરતી વૃત્તિઓને સંયમમાં રાખી વિવેકબુદ્ધિ વાપરી પોતાનું જીવન માત્ર પોતા માટે જ નહિ પણ સમાજને માટે વિતાવે છે.

હજારો વર્ષ પહેલાં પશુમાંથી મનુષ્યનો ઉદય થયો, ત્યારે માણસ માણસને પણ ખાતો, તે શીકારી હતો, નગ્ન અવસ્થામાં તે જંગલમાં ભટકતો હતો. પણ કુદરતે તેનામાં એક વિચારશક્તિ મૂકી હતી. મનુષ્ય કરતાં અનેકગણા વધારે કદાવર અને તાકાતવાન પ્રાણીઓ જે ન સમજી શકે તેવા કુદરતી રહસ્યો મનુષ્ય સમજી શક્યો. તેણે જોયું કે જમીનને ખોતરવાથી અને તેમાં બી વાવવાથી ખાદ્ય ધાન્ય તેની વસ્તુ પાકે છે. એટલે તેને માણસને ખવાતી સ્ત્ર આવી, શીકાર ઉપર કંટાળો આવ્યો. તેણે જમીનની ખેડ માંડી, પશુપાલન શરૂ કર્યું. રસોઇની કળા હાથ કરી. સ્થિર કુટુંબવ્યવસ્થા અને સમાજવ્યવસ્થા સ્થાપી ક્રમશઃ જ્ઞાતિમંડળ અને કોમરચના કરી. ગામડા અને શહેરો વસાવ્યા અને જેમ જેમ તેનો વિકાસ થતો ગયો તેમ તેમ સામાજિક વર્તુલમાં તેણે હિંસા અને મારામારી દૂર કરી. નીતિ અને કાયદો, ધર્મ અને વિવેક, સેવા અને તપશ્ચર્યાના અંકુરો વાવ્યા, પોષ્યા અને વિકસાવ્યા અને તે રીતે જ આજે કરોડો માણસોનો આ માનવસમાજ શાંતિથી જીવન વિતાવવા પ્રયાસ કરી રહ્યો છે.

ઇતિહાસમાં ૨ થી ૫ હજારના કાળ ઉપર નજર નાંખીએ તો દેખાશે કે તે ધીમે ધીમે યુદ્ધ અને લડાઇ માણસ પોતાના વર્તુલની બહાર કાઢતો ગયો છે.

ક્ષત્રિયો અંદર અંદર લડતા, નાના રાજ્યો અંદર અંદર લડતા. આ બધી વસ્તુઓ ભૂતકાળમાં બની છે જેને આપણે એક રાજ્ય અને એક રાષ્ટ્ર કહીએ છીએ તેના સીમાડામા તો દરેક પ્રશ્ન અને દરેક પ્રસંગ શાંતિથી, સમજાવટથી અને કાયદાકાનૂનથી પતાવવા આવે છે. માનવ જાતિનો વિકાસનું એક ઉજ્જ્વળ પ્રકરણ બાકી છે અને તે આંતરરાષ્ટ્રીય પ્રશ્નોઓ શાંતિ અને સમજાવટથી, ન્યાય અને

* ભાવનગરખાતે નવાપરા જૈન પ્રગતિ મંડળ યોજિત વ્યાખ્યાનમાળામાંથી

નીતિથી ઉકેલ લાવવાનું અને હિંસા અને યુદ્ધને પૃથ્વીના પૃષ્ઠ ઉપરથી સદંતર નાબૂદ કરવાનું

હિંસા જો માનવ સમાજનું એક મુખ્ય બળ હોત તો મુઠીભર જંગલી, શીકારી માણસોમાંથી માનવ સમાજ વિકસતો વિકસતો આજની કક્ષાએ ન પહોંચ્યો હોત સંભવ છે કે માણસ કરતાં પણ અનેકગણી તાકાત ધરાવનારા મહાકાય પ્રાણીઓ આ સૃષ્ટિમાંથી નાશ પામ્યા તેમ માનવ પણ નાશ પામી ચૂક્યો હોત, પણ માણસ જીત્યો છે, તેણે વિકાસ કર્યો છે તે જ વસ્તુ બતાવે છે કે પશુઓની કુદરતી વૃત્તિઓ ઉપર અદ્ભુત કાબૂ અને સંયમ મેળવી શક્યો છે માણસને આપણે સામાજિક પ્રાણી કહીએ છીએ પણ તેમાં મહત્ત્વ "પ્રાણી" શબ્દનું નથી પણ "સામાજિક" શબ્દનું છે મનુષ્યમાં પશુથી જુદી પડે તેવી ત્રણ શક્તિઓ છે —

૧ કાર્યકારણ સંબંધ

૨. સૌંદર્ય અભિમુખતા

૩ ધર્મભાવના

આને કારણે જ મનુષ્ય પશુરૂપે હિંસક હોવા છતાં તેનો આત્મા અહિંસક છે અને આ અહિંસામાંથી માનવતા, માનવપ્રેમ, શાંતિ અને બંધુભાવનાનો ઉદય થયો છે

આ રીતે સૃષ્ટિના ઉત્પત્તિ-દિનથી અહિંસા અગળ વધતી ગઇ છે વચમાં વચમાં હિંસાએ ડોકિયું કર્યું છે, યુદ્ધ અને હિંસાએ કેટલીક વખત આપણને આજી દીધા છે તેવું પણ બન્યું છે હિંસક યુદ્ધોની ગુણગાથાઓ આપણે સાંભળીએ છીએ, પણ માનવ સમાજના ઉત્કર્ષનો સળંગ ઇતિહાસ કોઈ આલેખે તો તેમને ખાત્રી થશે કે હિંસા અને હિંસક યુદ્ધથી કોઈવાર ફાયદો થયો હશે પણ મોટા ભાગે તો તેથી નુકશાન જ થયું છે, સામાજિક નીતિ અને વહેવાર ભયમાં પડયા છે જ્યારે અરસપરસ શાંતિ અને સમજણથી, ન્યાય અને પ્રેમથી રહેવાની અને જીવવાની શક્તિમાંથી એક સરકારી સમાજ ઊભો થયો છે. આમ અહિંસા એ જ માનવતાની પ્રેરક શાશ્વત શક્તિ છે અહિંસાને વિજ્ઞાન અને શાસ્ત્ર તરીકે વિકસાવવાથી જ યુદ્ધ અને ભયંકર હિંસાની કલ્પના આપણને કરાવે છે, તે દૂર કરી પૃથ્વીના આ પ્રદેશને સાચી અને શાશ્વત શાંતિ આપી શકાય તેમ છે

આ વિશ્વના બધા પેગંબરો અને મહાપુરુષોએ પ્રેમ, શાંતિ, ભ્રાતૃભાવ અને અહિંસાનો ઉપદેશ આપ્યો છે, પણ અહિંસાને પરમધર્મ તરીકે ૨૪૦૦ વર્ષ પહેલા ભગવાન બુદ્ધ અને મહાવીર પ્રભુએ ઉપદેશ્યા તે જમાનામાં પુરોહિતો મારફત ચાલતા યજ્ઞ, હવનોમાં જે મોટા પ્રમાણમાં પશુઓના બલિદાન દેવાતા અને અર્થહીન જીવહિંસા થતી તેથી ભગવાન મહાવીરના હૃદયમાં આઘાત થયો કરુણાપ્રધાન હૃદયના તાર ઝણઝણ્યા અને તેમાંથી અહિંસા એક પરમધર્મ તરીકે પ્રગટ્યો.

ભગવાન મહાવીરે પશુહિંસા અટકાવવા પુરુષાર્થ કર્યો વર્ણ ભેદ, જ્ઞાતિ ભેદ અને જાતભેદનો ધિક્કાર કરી, જીવનનું તત્ત્વજ્ઞાન સમજાવ્યું ધર્મનો ઉપદેશ પણ પુરોહિતોની સંસ્કૃત ભાષામાં નહિ પણ તે યુગના લોકો સમજી શકે તેવી લોકભાષા-માગધીમાં કર્યો આ રીતે પશુહિંસામાં ધર્મ માનનાર પ્રજાને તેમણે અહિંસાનો સંદેશો આપ્યો ભગવાન મહાવીરના અનુયાયીઓ તરીકે આપણે અહિંસાને સમજીએ તો જ્ઞાતિભેદ, વર્ણભેદને જૈન ધર્મમાં કે તત્ત્વજ્ઞાનમાં સ્થાન ન હોઇ શકે તો અસ્પૃશ્યતાને તો જૈન ધર્મમાં કે જૈનોની વ્યવસ્થામાં અવકાશ જ ક્યાં છે? ધર્મનો ઉપદેશ અને ધર્મનું શાસ્ત્ર લોકભોગ્ય ભાષામાં હોઇ શકે તે મહાવીર ભગવાનના જીવનવૃત્તાંતમાંથી શીખવાનું મળે છે

૨૪૦૦ વર્ષ પહેલા ભગવાન મહાવીરે અહિંસાનો ધર્મ ઉપદેશ આપ્યો ત્યાર પછી તો ઇતિહાસે હરણ-ફાળો ભરી છે સમાજ બદલાયો છે સ્થિતિ સંજોગો બદલાયા છે અને તે દૃષ્ટિએ અહિંસાનું શાસ્ત્ર અને વિજ્ઞાન પણ આજના યુગને ઉપયોગી થતું હોય તો વિકસવું રહ્યું

આજે ભગવાન મહાવીરના અનુયાયીઓ અહિં-

સાને જે રીતે સમજે અને આચરે છે તેમાં મને સંકુચિતતા દેખાય છે મારે મન તો પ્રશ્નો એ છે કે–

(૧) "અહિંસા" એટલે "જીવદયા" કે માનવ માનવ અને સમાજ સમાજ વચ્ચેના શુદ્ધ વહેવારનું શાસ્ત્ર." ?

૨. અહિંસાનું વ્રત પાલન માત્ર દેરાસર, ઉપાશ્રયમાં કે આપણા સમગ્ર જીવન વ્યવહારમાં ?

૩. અહિંસાનો ધર્મ માત્ર જૈનો માટે કે માનવ જાત માટે ?

૪ અહિંસા કોઈ એક બધીવાદ કે રચાયેલ થઈ ગયેલ, નિર્વીર્ય વિચાર છે કે ગતિશીલ ક્રાંતિકારી માનવ સમસ્તને પ્રેરણા આપનારૂ બળ છે ?

માનવ માનવમાં અહિંસા અને પ્રેમનું સામ્રાજ્ય સ્થાપવું હોય તો અત્યારના ઝેરવેરના કારણો તપાસવાં જોઈએ અને દૂર કરવા જોઈએ દરેક રાષ્ટ્રમાં અત્યારે જે મોટામાં મોટી અથડામણ છે તે અત્યારની સમાજ-રચનામાં પડેલા બે દોષોમાંથી ઉપસ્થિત થાય છે –

૧ સામાજિક અસમાનતા

૨ આર્થિક શોષણ

ઊંચ–નીચના ભેદ અને કરોડો માણસોની ભૂખ કર કંગાલીયત એ આ યુગની સમસ્યા છે લાખો અને કરોડો માણસો ગરીબાઈમાં જીવે છે સરકારી અને સુખી માણસ તરીકેનું જીવન તેના માટે લક્ષ્ય નથી પ્રસંગોએ દયા–દાન કરવાથી કે પાંજરાપોળ અનાથ–આશ્રમ, ભીખારીઓને મીષ્ટાન્ન કે ગરીબોને જમણ આપવાથી ગરીબાઈના ભયંકર દર્દનો કોઈ ઇલાજ નથી સંપત્તિનું ઉત્પાદન, તેની ન્યાયપૂર્વકની વહેંચણી, સૌને સમાન તક મળે એવી સ્થિતિ નિર્માણ થાય તો જ તેમાં માનવકલ્યાણનો વિકાસ રહેલો છે મુઠીભર માણસો સમૃદ્ધિમાં મહાલે અને કરોડો કંગાલોને માટે જીવનની કોઈ આશા ન હોય તે ચાલી શકે નહિ અને કોઈ સાખી શકે પણ નહિ આર્થિક શોષણ અને સામાજિક અન્યાયો દૂર કરવા માટે રશીયા અને ચીન જેવા દેશોએ એક માર્ગ લીધો. હિંદુસ્તાનની ભૂમિ ઉપર હજારો વર્ષ ધર્મ ધર્મના ઉપદેશકો પાકયા છે અને વિશ્વને શાંતિ અને પ્રેમનો સંદેશો આપ્યો છે રાષ્ટ્રીય આઝાદી માટે પૂ ગાંધીજીએ અહિંસાના ધર્મને એક નવો રંગ આપી, નવી શક્તિ આપી, અહિંસાને એક શાસ્ત્ર બનાવ્યું. ભીરુ અને આશાહીન દેશવાસીઓમાં નિર્ભયતા અને આશા પ્રગટાવી ૨૦–૨૫ વર્ષના અહિંસાના ઉપદેશમાંથી એક તાકાત આ દેશે મેળવી અને આપણે સ્વતંત્ર બન્યા રાજકીય સ્વતંત્રતા પછીના જે પ્રશ્નો– સામાજિક સમાનતા લાવવાનો અને આર્થિક શોષણ દૂર કરવાનો–આ બને પ્રાણપ્રશ્નોનો ઉકેલ પણ યુદ્ધ, અને ખૂનખરાબી વગર અહિંસાને માર્ગે થઈ શકે તેવી શક્યતા આ દેશની ધર્મ ભાવનામાં, સંસ્કૃતિમાં અને વારસામાં પડેલી છે

બીહારની જે પવિત્ર ભૂમિ ઉપરથી ભગવાન મહાવીર અને બુધ્ધે ૨૪૦૦ વર્ષ પહેલાં અહિંસાનું એક ધર્મ તરીકે સ્થાપન કર્યું. તે જ પવિત્ર ભૂમિમાં સને ૧૯૧૭ માં પૂ ગાંધીજીએ ચંપારણમાં કંગાલ અને આશાહીન એવા ખેડુતોને અહિંસક શક્તિનો મર્મ સમજાવ્યો અને સત્યાગ્રહનો માર્ગ દેશમાં અંકિત કર્યો ૧૯૫૧ થી એ જ પુણ્યભૂમિ ઉપર પૂ ગાંધીજીના અનુયાયી પૂ વિનોબાએ આર્થિક શોષણ સામે એક અહિંસક ક્રાંતિ કરી રહ્યા છે ભૂમિદાન અને સંપત્તિદાન મારફત તેઓ આ દેશની પ્રજામાં આર્થિક સમાનતા લાવવાનો પ્રયાસ કરે છે. જમીનદારો અને શ્રીમંતો પાસેથી જમીન અને સંપત્તિદાન તરીકે લે છે અને આ રીતે તેમનો ભૂદાન અને સંપત્તિદાનનો અહિંસક ક્રાંતિકારી પયગામ આગળ ચાલે છે

આ યુગમાં એકબીજાની અસંગઠિત હિંસા નાકામયાબ બની છે રાજ્યો અને મહારાજ્યોએ ઊભી કરેલી સંગઠિત હિંસાથી અને એટમબોમ્બ જેવા વિનાશક શસ્ત્રોથી માનવ જાતને નાબૂદ કરે એવા સંજોગો ઊભા થઈ ગયા છે. આજે તો માનવ જાતની હસ્તી રહેશે કે નહિ તે જ પ્રશ્ન છે અને તેનો જવાબ અથવા ઊકેલ જ્ઞાનપૂર્વકની કેળવેલ અહિંસક શક્તિ અને શોષણ રહિત સમાજવ્યવસ્થામાં

અભેદ પ્રેમ

લેખક : અમરચંદ

"પ્રેમ" એવો સુંદર પુષ્પની સૌરભ જેવો પવિત્ર શબ્દ ! જ્યાં પ્રેમ થયો ત્યાં સ્નેહ બંધાયો, સ્નેહ થયો ત્યાં રાગદશા પ્રગટી. એકની ઉપર પ્રેમ થયો-સ્નેહ થયો-રાગ થયો ત્યાં અન્ય અનિષ્ટ લાગતા પદાર્થ ઉપર દ્વેષ થયો આમ એક તરફ રાગ અને બીજી તરફ દ્વેષ થયો ત્યાં પ્રેમનું સ્વરૂપ પલટાઇ ગયું પ્રેમે મોહનો સ્વાંગ સજ્યો અહં ને મમ હું ને મારું એવા સંકુચિત ભાવમાં આત્માનું સ્વરૂપ અટવાઇ ગયું. પોતાને પ્રિય લાગતા પદાર્થો શબ્દો-રૂપો-રસો-ગંધો-સ્પર્શોમાં મોહથી રાગી થયો અનિષ્ટ લાગતા અપ્રિય લાગતા પદાર્થોનો દ્વેષી બન્યો અને પરિણામે પરવસ્તુમાં અહં ને મમ થવાથી ઊંધું ચક્ર ફરી ગયું સંસાર ભણી રથ ચાલવા માંડ્યો. મારું ઘર, મારી સ્ત્રી, મારા બંધુ, મારા મિત્રો, મારું ધન, મારી ભૂમિ આમ જ્યાં ત્યાં મારાપણાની બુદ્ધિએ પરને પોતાનું કરવામાં પોતાની અનંતી શક્તિ આ રીતે આ આત્મા અનાદિ કાળથી વેડફી રહ્યો છે પરિણામે આ મમતાથી તે સંસારમાં અનેક યોનિઓમાં પરિભ્રમણ કરી રહ્યો છે તેને કદાપિ સમતા કે સાચી શાંતિ સાંપડી નથી તે મોહને પ્રેમ માનીને ભૂલવણીમાં પડ્યો છે, પોતે પોતાને ભૂલી પરને પોતાનું માની પરભાવમાં પરદ્રવ્યમાં પરવસ્તુમાં રમણતા કરી રહ્યો છે મોહના ગધાતા ખામોચિયામાં એ પ્રેમના મૌક્તિક શોધી રહ્યો છે, તેને સાચી સમજણ મળી નથી આત્માના સાચા સ્વરૂપની તેને જાણ નથી એકની ઉપર રાગ અને એકની ઉપર દ્વેષ એ પ્રેમનું લક્ષણ નથી પ્રેમ તો એક સરખા પ્રવાહવાળો અંતરમાંથી વહેતા ઝરણાંથી અભેદ તેને ઇષ્ટ કે અનિષ્ટ જેવું કાંઇ ન હોય એ અનિષ્ટમાં સમબુદ્ધિ હોય, ઇષ્ટને ઇષ્ટ જાણે અનિષ્ટ જાણે પણ તેના ઉપર રાગ કે દ્વેષ ત્યારે એ પ્રેમ પરાકાષ્ઠાએ પહોંચે એ દિલ અંતરમાં કોઈ અગમ્ય પ્રકાશ હોય છે પ્રેમનાં કિરણો દેખાય છે તેને સ્તુતિ કાંઇ રાગ નથી નિંદા કરનાર ઉપર દ્વેષ નથી રોટલો મળે કે માલપુવા મળે તેને મનભેદ છે તેને પ્રેમ તેના આત્મા પ્રતિ જ હોય કે સાચો મિત્ર-તેનો આત્મા છે-તે પોતાની સર્વે આત્માઓને જાણે છે તેનાં દેહનાં સ્વરૂપ તેની દૃષ્ટિ નથી તેનાં કર્મની વિચિત્રતા ઉપર દૃષ્ટિ નથી. તેના અંદર રહેલા દિવ્ય આત્મા દૃષ્ટિ છે તે દરેક આત્માને આત્મભાવે જાણે છે, તેને ચાહે છે આવો અભેદ પ્રેમ પ્રગટવો મહાન્ સિદ્ધિ છે એ સિદ્ધિનાં દર્શન થતાં ધરાવતાં પ્રાણીઓ પણ તેનાં સાનિધ્યમાં આ જાતિવૈર ભૂલી જાય છે આત્માની સિદ્ધિ પ્રાપ્ત માટે આત્મ પ્રેમ-અભેદ પ્રેમ એક મહાન્ કાર્ય છે, એ પ્રેમ ગંગામાં સ્નાન કરતો અનંતા કર્મો પક્ષાળી નાખે છે, તે શુદ્ધ થાય છે-સિદ્ધ થાય છે

આવો અભેદ પ્રેમ પ્રસરાવવા માટે જગતે થોડી થોડી પણ જીવનમાં શરૂઆત કરવી જોઇએ મધ્યસ્થ રહેવાની રાગ-દ્વેષ તરફ નહિ ઢળવાની વૃત્તિ કેળવવી જોઇએ એ વૃત્તિ કેળવવા માટે જીવનને સંતોષી-સરળ-નિરભિમાની અને ક્ષમાશીલ બનાવવું

પડેલા છે શોષણહીન, શાંતિપ્રિય માનવ સમાજ મનન કરીએ, તેમની પ્રવૃત્તિઓમાં સમજપૂર્વક સાથ
જે જ આજના યુગનો અહિંસક સંદેશ છે અને આપીએ તે આપણું આજનું કર્તવ્ય છે જૈનધર્મ
ભગવાન મહાવીરના યુગથી જન્મ પામેલ આ ધર્મને પૂ. ગાંધીજી અને પૂ વિનોબાજીના સિદ્ધાંતો અને
ગાંધીજીએ પૂ વિનોબાજીએ આપણા યુગમાં પ્રવૃત્તિઓ સમજશે તો તે વધારે શોભશે અને આજના
ઘણે તેજ આપ્યા છે અને આપણે આધુનિક યુગમાં યુગમાં સાચું સ્થાન પ્રાપ્ત કરી શકશે તેમ લાગે છે
સાચું તાત્પર્ય સમજીએ તેમના વિચારોનું

જોઇએ, માન અપમાન. સ્તુતિ-નિંદા, સુખ દુઃખ શાતા, અશાતામાં સમતા કેળવવી જોઇએ. સમતાથી મમતાને હઠાવવાથી શુદ્ધ પ્રેમને વહન થવાનો માર્ગ મળશે. આડોઅવળો-ચોતરફ-વીંખાઇ-પીંખાઇ જતો પ્રેમ એક રસરૂપે જીવનમાં વહેવા માંડશે. પ્રેમની અખંડ જ્યોત પ્રદીપ્ત થશે. અને તેનાં પ્રકાશ-રૂપે આડે આત્માઓને પ્રકાશ મળશે. જ્યાં ભેદ-ભાવ છે, મારું તારું છે, ત્યાં પ્રેમ નથી પણ માત્ર મોહ જ છે. આ મોહથી સંસારનું પરિભ્રમણ છે. આ પરિભ્રમણનો અંત લાવવા માટે પ્રેમસ્વરૂપ પ્રગટાવવું જોઇએ. આવો પ્રેમ સંપાદન કરવા આત્માને પુદ્ગલનું સ્વરૂપ જાણવું જોઇએ. કર્મનું સ્વરૂપ જાણવું જોઇએ. કર્તા ભોક્તા કાર્ય કારણ વિગેરેનો નિર્ણય કરી, પોતાનાં સ્વરૂપમાં સમાઇ જવા માટે પોતાના આત્મા ઉપર પ્રશસ્ત પ્રેમ પ્રગટાવવો જોઇએ. તેનાં સાધનરૂપ દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્રો ઉપર પ્રેમ પ્રગટાવવો જોઇએ. તેનો સંબંધ ગાઢ કરવો જોઇએ. સાંસારિક બાબતોમાં-ઉદાસીન બનવું જોઇએ. **नोहम् नायम्** નું સૂત્ર—હું કોઇનો નથી, કોઇ મારું નથી એવા ભાવવડે દુષ્ટ મોહને હણી નાખવો જોઇએ. **मा रुष मा तुष** દ્વારા રાગ દ્વેષનો નાશ કરવો જોઇએ. એ બે વાક્યનાં પરિશીલનમાં જ અભેદ પ્રેમની દીપિકા પ્રગટશે. અખંડ આનંદ પ્રાપ્ત થશે. આત્માને અનંત શાંતિ મળશે. ગુલાબ નીચેના કાંટાઓ ખરી જશે અને ગુલાબની સૌરભ પ્રાપ્ત થશે. એ દીર્ઘ પ્રેમીના પગલાં પૂજવા ભક્તોના ટોળાઓ ઉભરાશે પણ એ પ્રેમી તો-તેવા પ્રેમના આનંદમાં મસ્તાન બની તેની પરવા પણ કર્યા વગર પોતાના અભેદ અલખ સ્વરૂપમાં નિજાનંદ ભોગવતો હશે.

પ્રેમ એ પરમાત્માનું સ્વરૂપ છે. મોહ એ સંસાર-નું સ્વરૂપ છે. તું એક વખત પ્રેમની સરિતામાં ડૂબકી મારજે. તને-તારા શુદ્ધ સ્વરૂપનાં દર્શન થશે. તું જેની ઉપર પ્રેમ કરીશ તે તને ચાહશે. તું દ્વેષભાવ ધરીશ તો તારા અનેક દુશ્મનો થશે. તું હણવું ને હણાવું'ના દ્વંદ્વમાં સંસારસાગરમાં રઝળ્યા કરીશ. જો તું રાગ કરીશ તો પણ સંસારના-બંધનમાં બંધાઇ રહીશ, તું પ્રેમ કરશે તો સ્વતંત્ર થશે. તારી દૃષ્ટિને એવી કેળવ કે અનેક પ્રકારનાં રૂપો ઇષ્ટ કે અનિષ્ટ ભાવે ચક્ષુઓ જુએ, પરંતુ આત્માના ભાવમાં સમતા ટકી રહે, રાગ દ્વેષ ન કરે. તું ઇન્દ્રિયોને તેનો ધર્મ બજાવતી રોકી શકવા સમર્થ નથી પણ તેમાં રાગ દ્વેષ ન કરવા તે મારા હાથની વાત છે. તું દેહથી ઇન્દ્રિયોથી પર છો, તું જડ દ્રવ્યમાત્રથી પર છો તું એક ચિદ્ઘનસ્વરૂપ છો. તારે કોઇની પ્રત્યે રાગ કે દ્વેષ કરવાની જરૂર જ નથી, પરંતુ તને અવળી સમજણથી-મોહને મિથ્યાત્વના ભાવમાં એ વસ્તુ સમજાણી નથી અને તેનું પરિણામ તેં દુઃખરૂપે ભોગવ્યું છે. તને મોહરૂપી સ્નેહ-મમતામાં ઘડીક સુખ લાગ્યું, પરંતુ અંતે તે પણ વિનાશી હોવાથી તને શાશ્વત સુખ કદી મળ્યું નથી અને તે તારે પ્રાપ્ત કરવાનું જ છે, તો આ બધા વિભાવથી વિરમ અને એક માત્ર સમભાવમાં જોડાઇ જા. વૃત્તિઓનો ગુલામ ન બન પણ વૃત્તિઓરૂપી રાક્ષસોને હણવામાં શૂરવીર થા. તારો પુરુષાર્થ એ બાજુ ફોરવ, તારા પ્રેમનાં કિરણો જગત ઉપર એવી રીતે પ્રસરાવ કે તારી બન્ને ચક્ષુ માત્ર પ્રેમરૂપી અમૃતની ધારા જ વહાવે અને સકળ જગતને પ્રેમમય બનાવે. જગતમાં અશાંતિ લડાઇ-ટંટા વિગેરેનાં મૂળમાં રાગ-દ્વેષ જ ભારેલા અગ્નિ પેઠે વિદ્યમાન છે. જો આત્માઓ આત્મા સાથે એકબીજાને ઓળખે અને પ્રેમ કરતા શીખે તો આખા ભવમાં સુખશાંતિ પ્રસરે. કોઇ કોઇને હણે નહીં તો અહિંસા ધર્મની સિદ્ધિ થાય, સત્યનો પ્રકાશ થાય, અસ્તેયનો અસ્ત થાય, બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ થાય, પરભાવ પરદ્રવ્યની પરિગ્રહની મૂર્છાનો ત્યાગ થાય, ક્ષમાની વીરતા પ્રગટે, નમ્રતા વંદન કરે, સરલતાથી સકળ જગતને પ્રિય થાય, સંતોષથી સર્વ દુઃખોનો ક્ષય થાય, રાગ-દ્વેષ બન્ને એકરૂપ થઇ અભેદ પ્રેમમાં પલટાઇ જાય. વીતરાગ સ્વરૂપ થઇ જાય, અભેદ પ્રેમીનો વિજય થાય, પ્રેમમય મૂર્તિના સાનિધ્યમાં કરોડો આત્માઓ વંદન કરે.

જ્યાં પ્રેમ છે ત્યાં વિકાર નથી, પ્રેમ વિષયનો

ભોગી નથી જ્યાં સ્વાર્થ છે, ત્યાં પ્રેમ નથી નિ સ્વાર્થ પ્રેમીની પ્રતિભા પડે છે નિ સ્વાર્થ પ્રેમીના પગલાંથી હૃદયમાં ભાવના પ્રગટે છે મસ્તક નમી જાય છે પ્રેમ એ વિશ્વનુ વશીકરણ છે એક પ્રેમ ભરી દૃષ્ટિથી જગત ઝૂકી જાય છે સાચો પ્રેમી નિર્ભય હોય છે તેનાથી કોઈ ભય પામતુ નથી પ્રેમ વિશ્વાસનુ પાત્ર છે સૌ કોઇ તેના વિશ્વાસમા રહે છે, તેનો મોક્ષ ઝીને છે પ્રેમ સાગર જેવો વિશાળ છે એને કોઇ બેભાન નથી એટલે સર્વને તે પ્રિય થાય છે સૌ તેને પ્રિય છે તેની દૃષ્ટિમા એકાગ્રતા હોય છે તે વિખવાદ-કકાસને ઇચ્છતો નથી સૌ સુખી થાય તેવી ભાવના રાખે છે **आत्मवत् सर्वभूतेषु**ની ભાવના તેનામાં પ્રગટી હોય છે તે કોઇને દુ ખ આપતો નથી તે કોઇનુ મન-વચન-કાયાથી અહિત કરતો નથી બીજાનુ દુ ખ જોઇ તેને કરુણા આવે છે સુખ દેખી પ્રમોદ થાય છે પાપીની ઉપેક્ષા કરે છે પણ દ્વેષ કરતો નથી

પ્રેમ એ આત્માનુ પ્રતિબિંબ છે તેનુ અત કરણ શુદ્ધ હોય છે તેના શુદ્ધ અત કરણમા સર્વ આત્મા ઓનુ પ્રતિબિંબ પડે છે પ્રેમમાં પાગલ બનનારા પ્રેમી થી પણ મેલી છે પ્રેમ છે ત્યા પાપ પ્રવૃત્તિ નથ પ્રેમી સદા આનદી રહે છે તેને હર્ષ-શોક થતા નથી ને રાગ-દ્વેષ થતા નથી તેને સકલ્પ, વિકલ્પ થતા થી તે સસારમા ઉદાસીન ભાવ રાખે છે પણ શોગીયુ મોહુ રાખી ફરતો નથી અહિંસ અને તપ વગર પ્રેમનો પ્રકાશ થતો નથી વગર નિર્વિકાર દૃષ્ટિ થતી નથી જ્યા નિર્વિ દૃષ્ટિ નથી ત્યાં શુદ્ધ પ્રેમ નથી શુદ્ધ પ્રેમ સ્વાભાવિક હોય છે તેને કોઇ વસ્તુની આસક્તિ હે નથી તે દરેક ફરજો બજાવે છે, પણ નિર્લે પ્રેમીનુ ચિત્ત શાંત સ્થિર હોય છે કામાડોળ સ્ર એ પ્રેમ નથી. આનદતા તો તેનામાં સ્વાભા ઝરણા વહે છે તેના શબ્દમાં-વાણીમાં અમૃત હોય તે દ્વેષ કરનાર તરફ પણ પ્રેમ કરે છે, તેને કે સાથે વૈર નથી તેનો કોઇ દુશ્મન નથી તેને સર્વ જડ-ચેતન ભાવોનુ જ્ઞાન છે એ જ્ઞાનવડે સર્વ વસ્તુઓને જાણે છે, જુએ છે અને જ્ઞાતા દ્રષ્ટાપણે સાક્ષીરૂપ રહે છે તે કયાંઇ લેપાતો નથી

પ્રેમની પરાકાષ્ઠાએ પહોંચવુ એ જ પરમ ધર્મ છે એ જ સર્વજ્ઞનો સાર છે અભેદ પ્રેમ એ જ પર છે ભૂતકાળમાં જે આત્મસિદ્ધિ પ્રાપ્ત કરી ગયા તે એ જ પ્રેમની પરાકાષ્ઠાએ અભેદ પ્રેમને પ્રાપ્ત કરીને વર્તમાનમાં પણ એ પ્રેમની સાધના કરીને પોતાને પ્રકાશ જગતમાં પાથરી શકે એવી વિભૂતિઓ પ્રગટે છે ભવિષ્યકાળમાં પણ એ પ્રેમના સાનિધ્ય માં રહીને આત્માઓ આત્માનંદ પ્રકાશ પ્રા કરશે સમભાવને પ્રાપ્ત થયેલા સત પુરુષોને અભે ભાવે નમસ્કાર

પ્રેમ ન કરવો એ એક વસ્તુ છે અને આપણે પોતાના અપરાધના ક્ષમા માગવી એ જુદી વસ્તુ છે દ્વેષ ન હોય છતા તેનો જોડીયો ભાઇ માન મનમા બેઠો હોય છે તો ક્ષમા માગવામા નાનમ લાગે છે-શરમ આવે છે. અભિમાની માણસ ક્ષમા આપી શકે છે પણ માગી શકતો નથી

—પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિ

સત્યસુખનો ઉપાય

લેખકઃ-પૂ. મુનિશ્રી મહાપ્રભવિજયજી મહારાજ

તત્ત્વાર્થસૂત્રના રચયિતા શ્રી ઉમાસ્વાતિજીના કથન મુજબ સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયીનું સેવન મોક્ષ સંપાદનનો સાચો-અકસીર ઉપાય છે. શ્રી વીતરાગ પરમાત્માકથિત તત્ત્વમાં યથાર્થ શ્રદ્ધાન રાખવું, વિશ્વાસ કરવો તે **સમ્યગ્દર્શન**, તે તત્ત્વોનો નિર્ભળ બોધ તે **સમ્યગ્જ્ઞાન** અને ઉભયના પરિણામે તજવા યોગ્યનો ત્યાગ અને આદરવા યોગ્યનો આદર કરવો તે **સમ્યક્ ચારિત્ર** છે. એ રત્નત્રયી છે.

आत्मैव दर्शनज्ञान,-चारित्राण्यथवा यतेः ।
यत्तदात्मक एवैष शरीरमधितिष्ठति ॥

આત્માના સત્તામત અનંત ગુણ વિભૂતિની યથાર્થ પ્રતીતિ થવી તે સમ્યક્ત્વ, તેનું યથાર્થ ભાન થવું તે જ્ઞાન અને આ ઉભયના પરિણામે સ્વરૂપસ્થિરતા કે નિજ ગુણરમણતા તે ચારિત્ર છે એમ આત્મશ્રદ્ધા, આત્મજ્ઞાન અને આત્મરમણતા એ રત્નત્રયી જિનશાસનનું સર્વસ્વ છે. તેની આરાધના જ મુક્તિનું કારણ છે. વાસ્તવમાં આ અખંડિત રત્નત્રયીની આરાધના સમ્યક્પ્રકારે કરીને જ અનંતા પૂર્વકાલમાં મોક્ષે ગયા છે, વર્તમાનમાં જાય છે અને ભવિષ્યમાં જશે. આ રત્નત્રયીની પ્રાપ્તિ વગર અમે તેટલા જન્મ લેવાથી પણ કોઈ જીવ મોક્ષલક્ષ્મીનું સાક્ષાત્ દર્શન કરી શકતો નથી. પરિભ્રમણનું કારણ આત્મભ્રાન્તિ છે. સાચું જ કહ્યું છે કેઃ—

आत्माज्ञानभवं दुःखमात्मज्ञानेन हन्यते ।
तपसाऽप्यात्मविज्ञान-हीनैश्छेत्तुं न शक्यते ॥

આત્મા સંબંધી અજ્ઞાનથી ઉત્પન્ન થતું દુઃખ આત્મજ્ઞાનથી જ નષ્ટ થાય છે, પણ આત્મજ્ઞાન વગરના તપથી નહિં. આત્મામાં સમ્યગ્દર્શનાદિ નિર્મળભાવ પ્રગટ થવો તે આત્માનો ધર્મ છે, માટે તે રત્નત્રયીનું યથાર્થ સેવન એ જ મોક્ષનો ખરો ઉપાય છે. સાચું સુખ મોક્ષમાં હોવાથી તે જ સત્યસુખનો ઉપાય છે.

પૂર્વોક્ત રત્નત્રયીરૂપ મોક્ષ માર્ગ પામવા માટે જ તેમજ તેમાં આગળ વધવા માટે જ સુદેવ-સુગુરુના; સત્પુરુષોના, શત્રુંજયાદિ પાવન તીર્થોના, તથા પાવન થતા આવતા ધર્મરસિક ચતુર્વિધ સંઘના દર્શન-વંદન-પૂજન-બહુમાનાદિ સદ્ભાવથી કરવાના છે. લક્ષ વગરની કરણી નકામી છે. પવિત્ર સ્થળોમાં પુણ્યયોગે અનાયાસે કે અલ્પશ્રમે પ્રાપ્ત થતા સુગુરુયોગનો અપૂર્વ લાભ લઇ. તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી, શ્રદ્ધા મજબૂત કરી યથાશક્તિ વ્રત-નિયમો નિષ્કામપણે સ્વીકારવા શ્રેયસ્કર છે.

ક્ષણિક કલ્પિત સુખની આશાથી થતાં અનુષ્ઠાન બોર જેવા તુચ્છ વસ્તુ માટે ચિંતામણિ રત્ન જેવી કિંમતી વસ્તુ આપી દેવા જેવું છે, માટે મોક્ષના અર્થી આત્માએ આ લોક-પરલોકના ક્ષણિક કલ્પિત સુખોની આશા વગર જ નિષ્કામપણે ધર્માનુષ્ઠાન કરવા હિતાવહ છે.

"कर्मण्येवाधिकारस्ते, मा फलेषु कदाचन"

"નિષ્કામપણે ધર્માનુષ્ઠાન કરવાની તારી ફરજ છે, ફળની આશા રાખવાની નથી. અન્ય શાસ્ત્રોમાં પણ સાચા સુખ મેળવવાના ઉપાય તરીકે પરમાત્મસ્વરૂપના યથાર્થ જ્ઞાનને જ કહેલ છે.

"પ્રભુપણે પ્રભુ ઓળખી રે,
અમલ વિમલ ગુણગેહ;
સાધ્યદૃષ્ટિ સાધકપણે રે,
વંદે ધન્ય નર તેહ."

આપ વચન ઉપર્યુક્તકથનનું જ સમર્થન કરે છે

પરમાત્મસ્વરૂપના જ્ઞાન માટે મનનો લય, મનના લય માટે નિષ્કામપણે શુદ્ધ અનુષ્ઠાનની ઉપાસના અને નિષ્કામપણા માટે અનિત્ય ભાવના ઉપાય છે. તેના સમર્થનમાં મહર્ષિઓ જણાવે છે કે:—

૧

"તાહરું ધ્યાન સમકિત રૂપ,
તેહિજ જ્ઞાન અને ચારિત્ર તેહ છે જી.
તેહથી જાયે સઘળાં હો પાપ.
ધ્યાતા રે ધ્યેય સ્વરૂપ હોયે પછે જી."

૨

"ધ્યાતા ધ્યેય ધ્યાન ગુણ એકે,
ભેદ છેદ કરશું હવે ટેકે;
ખીર-નીર પરે તુમશું મિલશું,
વાચક જસ કહે હેજે હલશું."

રાગાદિ રહિતપણે થતાં કર્મ-અનુષ્ઠાને જીવન પલટાવી-જીવનવિકાસ સાધી મનુષ્ય જન્મ સફળ બનાવે છે, તે અનુષ્ઠાનો સ્વોદ્ધાર માટે છે એવી ભાવના પ્રકટાવી, જ્ઞાનપૂર્વક અનુષ્ઠાનોની ઉપાસના કરવી જોઈએ.

જૈન શાસન એટલે મોહ-કષાયોને મૂળમાંથી ઉખેડી નાખનારું વ્યવસ્થિત સામ્રાજ્ય. જૈન શાસન અને કષાયોને શાશ્વત વેર. કષાયોને મારી-મારીને જૈન શાસને ઝેર કરી નાખ્યા છે. જૈન શાસન ઉપર હલ્લો કરવાની કષાયો તક જોઈ રહ્યા હોય છે, પણ તેઓને તેવી તક નથી મળતી, કારણ કે જૈન શાસને "પર્યુષણ પર્વ" જેવા મહાપર્વની યોજના કરી છે. તે પર્વની ઉજવણી જોઈને જ કષાયો હતાશ થઈ જાય છે.

—પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિ

પૂજ્ય મુનિ જંબૂવિજયજી મહારાજ મલ્લવાદીપ્રણીત-દ્વાદશારનયચક્રનું સંપાદન કરે છે આ ગ્રંથ ત્રણ ભાગમાં થવા વહી છે પ્રથમ ભાગ તૈયાર થઇ જવા આવ્યો છે અને થોડા વખતમાં પ્રસિદ્ધ થશે આ ગ્રંથ જૈન અને અન્ય દર્શનો ઉપર નવીન પ્રકાશ પાડશે તેને તૈયાર કરવા માટે મુનિશ્રીએ ઘણી મહેનત લીધી છે તેમણે અંગ્રેજી, ટિબેટન વગેરે ભાષાઓનો અભ્યાસ કરી તે ભાષાઓમાં આ ગ્રંથને લગતા ગ્રંથો વાંચ્યા છે એટલું જ નહીં પણ ઇંગ્લંડ, અમેરિકા, ઇટલી, જાપાન વગેરે દેશોના દર્શન શાસ્ત્રીઓનો સંપર્ક સાધ્યો છે આ સંબંધમાં અમેરિકાના W. Manrer અને ઇટલીના G. Tucci તરફથી આવેલા પત્રોમાંથી સંબંધ ધરાવતા ફકરાઓ નીચે આપ્યા છે

(૧)

× × ×

× × ×

I recall in one of your last letters you spoke of some photographs or microfilms (I've forgotten which) of portions of the Chom Kangur and Tanjur Please let me know the details again and I shall straight way do what I can to assist you in satisfying your needs

I do sincerely hope you will continue your generous benefactions to the Library of Congress of precious books on Jainism which have enriched our collections so much during the past few years During my absence in India very nearly all the Gujarati volumes were catalogued and hence your many gifts of works in this language would have been included You know printed cards are made for all catalogued books in the Library s collections and these are available for sale throughout the world In this way it is likely that numerous libraries everywhere will come to know of our growing collection of books on Jainism to which you have been so unstintingly contributing. I may add that it is only within the past two years that books in Hindi and Gujarati have been formally catalogued and cards printed for them

(૨)

× × ×

× × ×

First of all, I must congratulate you very warmly for the wide extent of your studies and your eager work which witnesses to your scholarship and high mental achievement I particularly congratulate you for the publishing of the *Nayacakra*, which I hope to receive, it being of great interest indeed

I have gone very carefully through all your remarks and comments I think the reading you suggest is possible and should be taken into account, especially as to *ahila*, as to *vaiyarthya*, we have to suppose that there is a gap in the ms However, I shall be glad to send you the proofs of my own work as soon as available and shall welcome your suggestions and recommendations It is a great advantage to discuss these difficult points with a Pandit of your learning and this makes me all the more obliged for your having introduced yourself to me, by a letter so overflowing with friendly feelings

× × ×

સભાના મેમ્બર થવાથી થતો અપૂર્વ લાભ.

રૂ. ૫૦૧) રૂ. પાંચસો એક આપનાર ગૃહસ્થ સભાના પેટ્રન થઇ શકે છે. તેમને છેલ્લા પાંચ વર્ષમાં પ્રગટ થયેલા ગુજરાતી પ્રકાશનો ભેટ તરીકે મળી શકે છે.

રૂ. ૧૦૧) પહેલા વર્ગના લાઇફ મેમ્બર થનારને ચાલુ વર્ષના નવા ગુજરાતી પ્રકાશનો ભેટ મળી શકે છે અને અગાઉના વર્ષના પુસ્તકો પુરાંત હશે તે પેટ્રન તથા લાઇફ મેમ્બરોને ચોથી કિંમતે મળી શકે છે.

રૂ. ૫૧) બીજા વર્ગના લાઇફ મેમ્બર. તેમને પુસ્તકની જે કિંમત હશે તેમાંથી ત્રણ રૂપિયા કમી કરી બાકીની કિંમતે આ વરસના પુસ્તકો ભેટ મળી શકશે; પણ રૂ. ૫૦) વધુ ભરી પહેલા વર્ગમાં જાવનારને પહેલા વર્ગને મળતો લાભ મળશે. બીજા વર્ગમાં જ રહેનારને ત્રણ રૂપિયાની કીંમતના ભેટ મળશે.

બીજો વર્ગ બંધ કરવામાં આવેલ છે.

રૂ. ૧૦૧) ભરનારે પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને નીચેના સાત વર્ષોમાં જે પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે તે નીચે મુજબ છે.

સં. ૨૦૦૩માં	શ્રી સંઘપતિ ચરિત્ર—(સચિત્ર)	કિં. રૂ.	૬-૮-૦
	શ્રી મહાવીર ભગવાનનાં યુગની પહાડેવીઓ	,, ,,	૩-૮-૦
સં. ૨૦૦૪માં	શ્રી વસુદેવ હિંડી ભાષાંતર	,, ,,	૧૫-૦-૦
	શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર (સચિત્ર)	,, ,,	૭-૮-૦
સં. ૨૦૦૫માં	શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર (સચિત્ર)	,, ,,	૧૩-૦-૦
સં. ૨૦૦૬માં	શ્રી દમયન્તી ચરિત્ર (સચિત્ર)	,, ,,	૬-૮-૦
	જ્ઞાન પ્રદીપ ભાગ ૨	,, ,,	૪-૦-૦
	આદર્શ સ્ત્રી રત્નો ભાગ ૨	,, ,,	૨-૦-૦
સં. ૨૦૦૭	શ્રી કથારત્નકોષ ભાષાન્તર ગુજરાતી ભાગ ૧	,, ,,	૧૦-૦-૦
,, ૨૦૦૮	શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર)	,, ,,	૬-૦-૦
	શ્રી અનેકાન્તવાદ (ગુજરાતી)	,, ,,	૧-૦-૦
	ભક્તિ ભાવના નૂતન સ્તવનાવળી	,, ,,	૦-૮-૦
સં. ૨૦૦૯માં	શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર-સચિત્ર	,, ,,	૭-૮-૦
	જ્ઞાન-પ્રદીપ ભાગ ત્રીજો	,, ,,	૨-૦-૦
	નમસ્કાર મહામંત્ર	,, ,,	૧-૦-૦
		રૂ.	૮૬-૦-૦

હવે આપવાના ભેટના પુસ્તકો નવા તૈયાર થશે ત્યા સુધી નવા થનાર લાઇફ મેમ્બરને ઉપરોક્ત સં. ૨૦૦૯ ના ભેટના પુસ્તકો ભેટ મળશે. ૨૦૧૦-૨૦૧૧ ના ભેટ પુસ્તકો માટે શ્રી કથારત્નકોષ ભાગ બીજો તૈયાર થાય છે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરની ફી રૂ. ૧૦૧) માંથી રૂ. ૧૪) નું શ્રી પાર્શ્વનાથ ચરિત્ર રૂ. ૭) વધુ માંથી આપવામાં આવશે માટે પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થઇ મળતા ભેટના પુસ્તકોનો લાભ મેળવો. જૈન બંધુઓ અને બહેનોને પેટ્રન અને લાઇફ મેમ્બર થઇ નવા નવા સુંદર ગ્રંથો ભેટ મેળવવા નમ્ર સૂચના છે.

ભાવનગરથી પ્રગટ થતું આત્માનંદ પ્રકાશ માસિક દર માસે જિંદગી સુધી ભેટ મળશે. મેમ્બર થયામાં જેટલો વિલંબ થશે તેટલા વરસના ભેટના પુસ્તકો ગુમાવવાના રહેશે; અત્યારસુધીમાં આશરે ૭૦૦ સંખ્યા લાઇફ મેમ્બરોની થઇ છે.

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

મુદ્રક: શાહ ગુલાબચંદ લલુભાઇ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.



ગુરુદેવ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ
ની પ્રથમ સ્વર્ગવાસ-જયંતિ સ્થળે સ્થળે ઉજવવામાં આવેલ

અનુક્રમણિકા

૧ યોગી અને યોગ	... ... (પાદરાકર)	૪૯
૨. અંતરીક્ષ પાર્શ્વનાથ સ્તવન	... ...	૫૦
૩. જૈન શાસનમાં ભાગવતી દીક્ષાનું સ્થાન ...	(આ. શ્રી વિજયજયસૂરીશ્વરજી મ.)	૫૧
૪. દીપોત્સવીનું પર્વ	...(શ્રી ભાવચંદ હીરાચંદ 'સાહિત્યચંદ')	૫૪
૫. કૌશાંબીની રાણી મૃગાવતી	... (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી)	૫૬
૬. શાંતિ	... ... (અમરચંદ માવજી શાહ)	૫૯
૭. વર્તમાન-સમાચાર	... ...	૬૨
૮. સ્વીકાર-સમાલોચના	... ...	૬૨

નવા થયેલા લાઈફ મેમ્બરોના નામ

શેઠ જેઠમલ ઝવેરચંદ	મંડલેરી	વોરા જયસુખલાલ અમુલખભાઈ	રાજપર
શેઠ ભીખનચંદ રામપુરી	કલકત્તા	શેઠ કનુભાઈ શાન્તિલાલ	દેત્રોજ
શેઠ ચીમનલાલ જેઠાલાલ	મુંબઈ	વોરા શશીકાન્ત ચુનીલાલ	ભાવનગર
શેઠ નાનચંદ જુઠાભાઈ	મુંબઈ		

અગત્યની સૂચના

સ. ૨૦૧૨ ની સાલનું જૈન પંચાંગ શ્રી ઊંઝા ફાર્મેસી તરફથી માસિકના આ અંકમાં સામેલ કરવામાં આવેલ છે, જે સંભાળી લેવા માસિકના ગ્રાહકોને વિનતી છે.

શ્રી કથારત્નકોષ (ભાષાંતર દ્વિતીય ભાગ.)

કર્તા—શ્રી દેવભદ્રાચાર્ય મહારાજ.

જેમાં સમ્યક્ત્વના તેત્રીશ સામાન્ય ગુણો, પંચ અણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણોનું સુંદર-સરલ નિરૂપણ તથા વર્ણન, તેને લગતી પ્રાસંગિક, મૌલિક, અનુપમ નહિં જાણેલી, સાંભળેલી, વાંચેલી, નવીન પચાસ કથાઓ, અન્ય અનેક અંતર કથાઓ અને સત્પુરુષોના માર્ગો, ઋતુ, ઉપવન, રાજ્ય લક્ષણો, સામુદ્રિક તેમ જ વ્યવહારિક, સામાજિક, રાજકીય અને નૈતિક વગેરે અનેક વિષયો દેવ, ગુરુ, ધર્મ, જિનપૂજા વગેરેના સ્વરૂપો અને વિધાનોનું વર્ણન વગેરે અનેક વિષયો આવેલા છે. પ્રથમ ભાગમાં સમ્યક્ત્વના વીશ ગુણોનું વર્ણન આપવામાં આવ્યું છે આ બીજા ભાગમાં બાકીના તેર સમ્યક્ત્વના અને સત્તર પંચ અણુવ્રતના મળી કુલ ત્રીશ ગુણોનું કથાઓ સહિત વર્ણન આપવામાં આવ્યું છે. સારા કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોથી આ સભાના માનવંતા પેટ્રન સાહેબો, લાઈફ મેમ્બરોને ધારા પ્રમાણે ભેટ આપવા આ ગ્રંથ છપાય છે. સુમારે ચાલીસ ફોર્મ ઉપરાંત ફાઈન આઠ પેજી લગભગ ચારસો પૃષ્ઠમાં તૈયાર થશે. નવા થનારા પેટ્રન સાહેબો તથા લાઈફ મેમ્બરોને પણ ભેટ આપવામાં આવશે, કિંમત સુમારે રૂ. નવ થશે

શ્રી આત્માનંદ પ્રકાશ

વીર સં. ૨૪૮૨ | કારતક | પુસ્તક ૫૩ મું.

વિક્રમ સં. ૨૦૧૨ | | અંક ૪ થો

યોગી અને યોગ

(હોરી)

અદ્ભુત જોગ જમાવો, યોગી અલખ લખાવો અદ્ભુત,
ત્યાગ ભભૂતિ તન-મન ચોળી, યોગ જટાને ધરાવો !
શુદ્ધ પ્રેમની મસ્તી મહાબળ, ચિત્ત ચંચળતા દ્રાવો !
શાંતિ સયમ મન લાવો ! અદ્ભુત.

સત્સંગ મુદ્રા, શીલ લંગોટી, કુંડલ ક્રિયા કહાવો !
સત્ય મહલ ઇચ્છાની ઝોળી, વ્રત ચીપીયો કર રહાવો !
પ્રભુ તન્મય-તન તાવો ! અદ્ભુત

સ્વાર્પણ-તપ-સિદ્ધિ આસનની, શમન સહજ કરાવો !
દ્રઢ સંકલ્પની પવન પાવડી, ઘટાકાશ ઉડાવો !
તુંહિ-તુંહિ નાદ ગજાવો ! અદ્ભુત.

આત્મજ્ઞાનનો શંખ બજાવી, અભેદ પ્રભુથી થાવો !
મન-પવન-માયા વશ કરતાં, જીત નિશાન ચઢાવો !
અનાહત તાન ગજાવો ! અદ્ભુત.

દેહ દેવળમા પ્રકટ પ્રભુ, નિજ રૂપ સ્વયં દરશાવો !
દેહ છતા દેહાતીત બનતા, જીવન જીવત મર જાવો !
જીવતો અમર કહાવો ! અદ્ભુત.

કરી ધારણા, ધ્યાનનો માંજો, હૃદય શિલાએ ઘુટાવો !
ગુરુગમ જળ, ગુરુસેવા સાથી, સયમ ચલમ ફુંકાવો !
બ્રહ્મ સમાધિ ચઢાવો ! અદ્ભુત.

પરમ પ્રેમ આત્માનંદ રૂસનો, પરમ બ્રહ્મ લય લાવો !
અલખ અલખ ઉચ્ચાર પરા-પશ્યંતિ લક્ષે લખાવો !
વાણીથી પર શું કહાવો ! અદ્ભુત.

નેતિ કહી નિજમાંહિ સમાવો, સાચી કમાણી કમાવો !
ત્યાગ-મહલ, જીવ-શિવ કછુ ના, આપો-આપ સુહાવો !
અમર મહિમાય જતા જાવો ! અદ્ભુત.

—પાટણકર

શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ–સ્તવન

(ભાગ પહેલો)

(ચાલ–મન ડોલે–નાગીન)

મન નાચે મારુ મન નાચે મારુ હૃદય કરે પોકાર રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં ૧

દેવગુરુ ને ધર્મને વદી તીરથના ગુણ ગાઉ,
શ્રી અતરીક્ષ પાર્શ્વપ્રભુનુ ગીત હુ વિરચાઉં, લોકો ગીત હુ વિરચાઉ
ઇતિહાસ સુણાવુ કર્મ ખપાવુ, મારા ભાંગશે સઘળા દુ.ખ રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં ૨

મૂર્તિ અતિ પ્રાચીન આ ઇતિહાસ એનો અનોખો,
મહામયી છે ચમત્કારી ભક્તિભરે એને નિરખો, લોકો ભક્તિભરે એનો નિરખો,
ચમત્કાર જોવા, શિવસુખ લેવા, તમે આવો સઘળા દૂર રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમા ૩

એલગપુરનો ભૂપતિજી નામે એલગરાય,
રોમેરોમ કીડા એના નિદ્રા પળભર ના આય, લોકો નિદ્રા પળભર ના આય,
ઝાબલુ દીઠુ, પાણી પીધુ, એના ભાગ્યા સઘળા દુ.ખ રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમા ૪

પટરાણીને વાત કહેતા રાજા હરખે ના માય,
કંચન જેવુ મુખડુ નિરખો રાણી ફુલી ન સમાય, પ્રભુજી રાણી ફુલી ન સમાય,
ઝટપટ છોડે, જળને ખેળે, એનુ જાગ્યુ મોટું ભાગ્ય રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમા ૫

સ્વપ્નમહીં દેવ આવે, રાજાને સમજાવે,
એગલપુરના રાજા સુણજે કહુ છુ, આજે ભાવે રાજા કહુ છુ આજે ભાવે,
પાણી પીધુ જ્યા પ્રભુજી વસે ત્યા તને મળશે પ્રતિમા સાર જે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં ૬

આજના જાયા વાછરડા તુ જોતરજે ગાડાને,
પુઠ વાળીને જોઇશ મા, તુ પાછુ ઝાકીને, રાજા પાછુ ઝાકીને,
પ્રતિમા આવશે ગાડામાં બેસશે, તારા સરશે સઘળા દુ ખ રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં ૭

ધરણેંદ્રના વચનો માની, રાજા ગાડુ લાવ્યો,
જ્યોતિર્મયી પ્રતિમા નિરખી, રાજા હરખે ન માયો, પ્રભુજી રાજા હરખે ન માયો,
સન્દેશ આવે, પાછુ જોવે, મૂર્તિ અદર રહી જાય રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં ૮

અતરીક્ષમાં પ્રતિમા એવી, સ્વાર ભોયથી એક જાય,
એવી અજબ મૂર્તિ નિરખી, નામ અતરીક્ષજી અપાય, પ્રભુજી નામ અંતરીક્ષજી અપાય,
મન્દિર બાંધે, કર્મ ખપાવે, પણ રાજાનુ મર્મ જાય રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં ૯

ગુરુવચનો સુણી પચોએ, મંદિર બીજુ બાંધ્યુ,
અહમના કાજે 'અભયદેવસૂરિએ,' પ્રતિષ્ઠાનુ જસ લીધું, પ્રભુજી પ્રતિષ્ઠાનુ જસ લીધુ,
સિદ્ધ થયા, પ્રભુવીર આવ્યા, શ્રીપુરનગરમાય રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં ૧૦

જૈન શાસનમાં ભાગવતી દીક્ષાનું સ્થાન

લેખક—પૂજ્ય જૈનાચાર્ય શ્રી વિજયજયસૂરીશ્વરજી મહારાજ—બિજાપુર (કર્ણાટક)

જૈન દર્શન જગતમાં ઊંચામા ઊંચુ આત્મદર્શન છે તેથી જ એ ખરેખરુ આસ્તિક દર્શન છે કર્મના બંધનમા જકડાયેલા આત્માની મુક્તિ શી રીતે થાય? તે જ એમા ઉપદેશવામા આવ્યુ છે અને તે જ હેતુથી આત્મા બંધનમા શી રીતે ફસાયો છે તથા નવાં નવા બંધનોથી શી રીતે બચે તેમ જ જૂનાં બંધનોથી શી રીતે છૂટે એ બધી જ હકીકતો યથાસ્થિત છણીને પરમપદપ્રાપ્તિ સુધીની બધી જ પ્રક્રિયાઓ આ દર્શનમા બતાવવામા આવી છે ભૌતિક પદાર્થો ઉપરના રાગ વિગેરે દોષોથી પ્રત્યેક આત્માનુ શુદ્ધ સ્વરૂપ જે બગડયુ છે, તે તેના ત્યાગ વિગેરે ગુણકારી જીવનથી જ સુધરે આ એક મૌલિક હકીકત જો હૃદયથી સમજવામા આવે તો ભાગવતી દીક્ષાનુ મહાન ઉપકારી સ્થાન કોઇનાથી પણ નકારી શકાશે નહિ

સંસારમાં અનેકવિધ યોનીઓમાં જીવનાં જન્મ મરણ થાય છે, પણ વિગેરે અન્ય કોઇ એવી યોની નથી કે જેમાં આ ત્યાગની સાધના સંપૂર્ણ શક્ય હોય સિવાય એક મનુષ્ય યોની આ મનુષ્ય યોનીમા પણ જીવના અનેક વખત અવતાર થઇ ગયા હોય છે, છતા ત્યાગની ઇષ્ટ સાધના તો કોઇ વિરલ અવતારમા જ શક્ય બને છે મોહ માયાના અનાદિ સંસ્કારોનુ જોર તૂટ્યા વિના જીવને ત્યાગ જીવન સાચી રીતે સાધવુ નથી, એ માટે જ સુખના કામી મનુષ્યોએ મુમુક્ષુભાવે પોતાના આ મોંઘા જીવનમાં છેક બચપણથી મરણ પર્યંત ત્યાગી જીવનનો પ્રયોગાત્મક અભ્યાસ પાડવો એ પણ ઘણુ જરૂરી હિતાવહ છે યોગ્યતાપૂર્વક આ સુંદર સ્વાર્પણ થતામા રૂકાવટ ન હોય કિન્તુ સહાનુભૂતિ જ હોય

આત્મા-પરમાત્મા-આ જન્મ-પુનર્જન્મ-આ લોક-પરલોક-સંસાર-મોક્ષ વિગેરે માનનાર દુનિયાનો કોઇ ધર્મ, કોઇ સમાજ, કોઇ રાષ્ટ્ર, કે કોઈ ધર્મ ગ્રંથ એવો નથી કે જેમાં ત્યાગની મહત્તા માનવામાં ન આવી હોય જે મનુષ્યો સંસારમાં રહીને પણ સ્વાર્થ ત્યાગપૂર્વક સેવાપરાયણ બને છે, તે આ દેશમાં કે પરદેશમાં સર્વત્ર પૂજાય છે, આ એક હકીકત છે, તો પછી જેઓ પોતાની શિશુવયમાથી સર્વ ત્યાગનો પાઠ સ્વીકારી મહાસેવાપરાયણ બને છે, તેના તરફ સુગ રાખવી એ અધૂરી સમજનુ પરિણામ છે, દીક્ષા જનતાને સર્વ ત્યાગનો પાઠ આપે છે, અને એનાથી મનુષ્યત્વ જીવન ઉન્નત બની જગતના દરિદ્રનારાયણાદિ સર્વ પ્રાણીગણની મહાસેવામા દીક્ષિત પોતાના સમસ્ત જીવનને અર્પણ કરી દે છે એના ભવ્ય માર્ગમાં અંતરાય કરવાનુ કુ સાહસ, જેઓ પોતાને સભ્ય-સુધરેલા અને સુશિક્ષિત ગણાવે છે, તેમનાથી કરગીજ થઇ શકે નહિ, એમ અમારુ નિશ્ચિત માનવુ છે

જૈન ધર્મમાં સંસાર ત્યાગની દીક્ષા આઠથી સિત્તેર વર્ષની ઉમ્મર સુધી ગ્રહણ કરી શકાય છે, એમા જેને તેને મુડી સાધુ બનાવી દેવામાં આવતા નથી તે નીચે રાખવામા આપેલી સાવચેતી ઉપરથી જોઇ શકાશે

દીક્ષા કોને આપી શકાય?

જૈન શાસ્ત્રોનુ એ ફરમાન છે કે જે (૧) આર્ય દેશમા જન્મેલો હોય, (૨) વિશિષ્ટ અનિંદ્ય જાતિ કુળસંપન્ન હોય, (૩) ખૂન-ચોરી આદિ દુષ્ટ કર્મો ન હોય, (૪) કમ બુદ્ધિ ન હોય (૫) 'સંસાર કેવલ જન્મ, જરા, મરણાદિક વિવિધ દુઃખોથી ભરેલો છે,' એમ જાણનારો હોય (૬) એથી જ સંસારના રંગરાગાદિક ભોગસુખોથી પણ ઉબગેલો વૈરાગ્યવાન હોય, (૭) શાંત પ્રકૃતિવાળો હોય, (૮) ઝઘડાખોર ન હોય, (૯) વફાદાર હોય, (૧૦) નમ્ર હોય, (૧૧) રાજવિરોધી ન હોય (૧૨) સમાજ-રાષ્ટ્રના વિશાળ હિતને બાધાકારી ન હોય, (૧૩) ખોડ-ખાંપણવાળો ન હોય, (૧૪) ત્યાગ

ધર્મની સચોટ શ્રદ્ધાવાળો હોય, (૧૫) પ્રતિજ્ઞા-પાલન કરવામાં અડગ હોય, (૧૬) અને આત્માનો મોક્ષ કરવાના હેતુથી ચારિત્ર લેવા માટે ખડો થયો હોય, તેને જ દીક્ષા આપી શકાય છે

જૈન શાસ્ત્રકારોએ પુરુષનો સોલ વર્ષની ઉમ્મર પછી સ્વતન્ત્ર અધિકાર માન્ય રાખેલો છે, તો પણ તે પુરુષે પોતાની પાછળ પોતાના આધારે જીવતા કુટુંબીઓની આજીવિકાની યોગ્ય વ્યવસ્થા કરેલી હોવી જોઇએ. તેમજ તેના માથે કોઇનું ઋણ બાકી હોવુ ન જોઇએ. તેવા યોગ્ય ઉમેદવારને દીક્ષા આપવામાં સાધુને ચોરીનો દોષ લાગતો નથી. આઠથી સોલ વર્ષ સુધીનો પુરુષ તેના વાલીની સમતિ વિના દીક્ષા-ગ્રહણ કરી શકતો નથી, અને જો સાધુ તેવાને દીક્ષા આપે તો તેને ચોરીનો દોષ લાગે છે, જેથી તેઓ આપતા પણ નથી જ્યારે સ્ત્રીયો તો તે જેના તબામા હોય તેની અનુમતિ મેળવીને જ દીક્ષા લઇ શકાય છે, અને સગર્ભા કે લાલવત્સા હોય તો તે એ સયોગોમાં પણ લઇ શકાતી નથી. આથી સ્પષ્ટ સમજી શકાશે કે જૈન દીક્ષા એ ઇતર બાવાઓ આદિનો જેમ કોઇ ઉઠાવ-ગિરિની ચીજ નથી

દીક્ષામાં શુ કરવાનુ હોય છે ?

આવી દીક્ષામાં આવનારને મફતના માલ મલીદા ઉડાડવાના કે સમાજને ભારભૂત જીવન જીવવાનુ હોતુ નથી કિન્તુ સખ્ત સાધના કરવાની હોય છે, કોઇ પણ જીવની માનસિક હિંસા પણ એનાથી કરી-કરાવી કે અનુમોદી શકાતી નથી, એવી જ રીતે અસત્યના, ચોરીનો, સ્ત્રીસંગનો, પરિગ્રહસગ્રહનો એણે સંપૂર્ણ ત્યાગ કરવાનો હોય છે પોતાની જાત ઉપર પછી ચાહે તેવું કષ્ટ આવે તે સહન કરવાનુ હોય છે, વિજાતીય સ્પર્શ પણ ન થાય તેવુ નવવાડે શુદ્ધ બ્રહ્મચર્ય પાળવાનુ હોય છે, પૈસાને અડવાનુ પણ હોતુ નથી, રાત્રિભોજનનો પણ સંપૂર્ણ ત્યાગ કરવાનો હોય છે, ગાડી, મોટર, પ્લેન, સ્ટીમર, ઘોડી, ઘોડા એ કશાની સ્વારી કરી શકાતી નથી, ઉઘાડા પગે ઉઘાડા માથે, પગપાળા વિહાર કરવાના હોય છે, ગાદી તકીયા કે પથારીઓ વાપરી શકાતી નથી ભૂમિ ઉપર સંથારા પાથરી સુવાનું હોય છે, હજામત કરાવાતી નથી, મસ્તકના કેશ કે દાઢી મૂછના વાળ હાથે કાઢવાના હોય છે, ગમે તેવી ભૂખ તરસમા ઝાડ-પાન કે તેના ફલ-ફૂલ તથા કૂવા, તળાવ, નદી કે નળ વિગેરેનાં પાણીનો ઉપભોગ કરી શકાતો નથી, કડકડતી થડીમાં અગ્નિ વિગેરેને તાપવાનું પણ હોતું નથી, ગરમીમા પખા-હિંચકા આદિનો પવન પણ ખવાતો નથી, છત્રી પણ રખાતી નથી, એકેન્દ્રિય જીવોને દુઃખ ન થાય એ માટે કાચી માટી આદિને આંગળી પણ અડાડાતી નથી, સ્નાન-દતધાવન કે સેન્ટ લવન્ડર તેલ વિગેરેના એશઆરામ કંઇ જ કરાતુ નથી, પગમા બૂટ વિગેરે પણ નખાતા નથી.

આ દીક્ષામાં તો ઢાલવા-ચાલવા, બેસવા-ઉઠવા, ખાવા-પીવા બોલવા કરવામાં જ ખુબ જ સંયમ પાળવાનો હોય છે, જીવદયાના હેતુ માટે જ ઓઘો મુહપત્તિ અને બીજા પરિમિત વસ્ત્ર પાત્ર (તે પણ કાષ્ઠનાં) સ્વીકારવાનાં હોય છે, ગૃહસ્થને ત્યાં તેઓને માટે જ થયેલી રસોઇમાંથી થોડી થોડી શુદ્ધ ભિક્ષા ગ્રહણ કરવાની હોય છે, તે માટે તેમનો કશોયે બલાત્કાર હોતો નથી, સ્વેચ્છાથી આપે તો લેવાનું હોય છે મધ, માસ, માખણ, મદિરા, કંદમૂળ વિગેરે અભક્ષ્ય અપેયનો તો સદંતર ત્યાગ જ કરવાનો હોય છે, દહીં, દૂધ, ઘી તેલ મિષ્ટાન્ન આદિ ભક્ષ્ય પદાર્થોના રસસ્વાદનો પણ ઘણો ત્યાગ કરવાનો હોય છે, છઠ્ઠ, અઠ્ઠમ, ઉપવાસ, આયબીલ, એકાસણ આદિ તપશ્ચર્યા નિરંતર કરવાની હોય છે, ઉગ્ર કે અસભ્ય ભાષણ કરાતું નથી, શાસ્ત્રોનો અભ્યાસ કરવાનો હોય છે, બાલ, વૃદ્ધ, ગ્લાન-માંદા આદિકોની સેવા કરવાની હોય છે, ગુર્વાદિકોની આજ્ઞામાં રહેવાનુ હોય છે, મંત્ર-તંત્ર-દોરા-ધાગા-કામણ-ટુ ગણ-માવ-તાલ-આદિ કશા જ અવળા ચાળા કરી શકાતા નથી, ફક્ત તત્ત્વ ચિંતવન અને તત્ત્વ ધર્મની જ વાત કરવાની હોય છે, પરિષહ-ઉપસર્ગ સમભાવે સહન કરવાના હોય છે, રાજા-પ્રજા-રાજ્ય-રાષ્ટ્ર-વિશ્વ-પ્રાણી માત્રનુ ભલું ચાહવાનું હોય છે, કોઇની હાંસી-ઠઠ્ઠા-મશ્કરી કે

નિન્દા વિગેરે વાત-વિકથા કરાતી નથી નિદ્રા પ્રમાદ વધારે ન થઇ જાય તેની સતત સાવચેતી રાખવાની હોય છે, ઉભય ટક પ્રતિક્રમણ-પડિલેહણ-સ્વાધ્યાય ચૈત્યાદિ વંદન-પ્રત્યાખ્યાન તથા સૂક્ષ્મ બારીક સ્ખલનાનું પણ પ્રાયશ્ચિત્ત, ક્ષમા-દયા આદિ સદ્ગુણોનું પરિવર્ધન હંમેશ ઉપયોગપૂર્વક કરવાનું હોય છે આમાં કોઇને લાલચ થાય કે કોઇની ઉપર શીરજોરી થાય એવા કોઇજ સંયોગો નથી, એ દિવા જેવું દેખાઇ આવશે

કુલાચારથી સુલભ સંસ્કાર.

જૈન દીક્ષામાં નાના કે મોટા કોઇને પણ બદ્ધરાદાથી કિંવા તેમનું જીવન ખરાબ થાય તે માટે દીક્ષાઓ અપાતી નથી જૈન કુળમાં જન્મેલા નાના બચ્ચાંઓને પણ આ દીક્ષાની કલ્યાણકારિતાની તથા તેમાં પાળવાની ત્યાગ કરણીની જન્મસિદ્ધ સમજદારી હોય જ છે જૈન ગૃહસ્થ જીવનમાં પણ નાની ઉમરથી લગભગ ઘરે ઘરે સામાયક-પ્રતિક્રમણ-પોષધ-ઉપવાસાદિક તપશ્ચર્યા-શાસ્ત્ર-શ્રવણ-અભ્યાસ-સાધુ-સત્સંગ-શ્રમણસેવા-ભક્તિ-રાત્રિભોજન-કંદમૂલાદિ અભક્ષ્ય ત્યાગ-વ્યસનત્યાગ-અહિંસાદિક વ્રત-નિયમ-બ્રહ્મચર્ય પાલન-વિવિધ અભિગ્રહ-પચ્ચક્ખાણ-ઉપધાન વિગેરે ધાર્મિક દ્રષ્ટિના આચારવિચાર નિરંતર એવા સેવાતા હોય છે કે સાધુ જીવનની તાલીમ તેઓને સ્વાભાવિક મળી જાય છે. આથી બીજાઓની માફક તેઓને સાધુ જીવનની કઠોર ચર્યા કઠોર રૂપે ભાસતી નથી અને જેઓને પૂર્વ જન્મના કોઇક સારા સંસ્કાર જન્મે છે, તેઓને જ સાધુ-જીવનની દીક્ષા અંગીકાર કરવાના કોડ જાગે છે બીજાઓને તે થતા પણ નથી. આવી દીક્ષાઓ કેવી ધામધુમથી પ્રભાવનાપૂર્વ લેવાય છે તે તો આજ કાલનો ઇતિહાસ પણ પ્રગટ કહી આપે છે સંસારના વાયરા ખાઇને આવેલાઓ કરતાં તેનાથી અલિપ્ત રહેલા નાની ઉમ્મરનાઓની દીક્ષા સારી સફળ નીવડે છે, એની કોઇનાથી ના પડાય તેમ નથી આજ કારણથી જૈન શાસ્ત્રકારોએ જૈન શાસનની હયાતી ટકાવી રાખવા માટે બાલદીક્ષા ઉપર ખૂબ જ ભાર મૂક્યો છે, જે જે યુગપ્રધાન અને મહાસમર્થ પ્રભાવક આચાર્યાદિ મુનિવરો ભૂતકાળમાં થઇ ગયા છે તેમાંનો મોટો ભાગ બાલદીક્ષિતોનો છે. તે વાતની આજે પણ ઇતિહાસ સાક્ષી પૂરે છે આવી અગત્યની દીક્ષાઓને કાયદાની એક કલમે રૂંધવી તે જૈન શાસનની પ્રગતિને રૂંધવા બરાબર છે, એ કદી ભૂલવું ન જોઇએ

હા, એ સાચું છે કે આ દીક્ષાની પ્રતિજ્ઞા જીવન પર્યંત પાળવાની હોય છે સમયના વહેવા સાથે કોઇક ન પાળી શકે તો એથી લૌકિક દૃષ્ટિએ એનું જીવનધોરણ બગડી જતું નથી તે સંસારમાં પાછો જાય છે ત્યાં એની લાયકાત મુજબ સામાજિક દરજ્જો પણ પ્રાપ્ત કરી શકે છે, એવા કોઇ દાખલા ભૂતકાળના અને હાલના પણ પ્રત્યક્ષ જોઇ શકાય છે આયુષ્ય જ્યારે ચચત છે અને આજનો સગીર કાલે પુખ્ત ઉમરનો સજ્ઞાન સુધી જીવશે કે નહિ? એની ખાત્રી નથી ત્યારે ખાસ કરીને મનુષ્યને પોતાના આત્માનો ઉત્કર્ષ સાધવા માટેની આ શાસ્ત્ર આજ્ઞાસિદ્ધ સાધના કોઇ પણ યોગ્ય ઉમરમાં અંગીકાર કરવાનો પવિત્ર હક્ક અબાધિત જ રહેવો જોઇએ.

આત્મસુધારણાનો મહાપંથ.

એ યાદ રાખવું જોઇએ કે જૈન દીક્ષાની પ્રતિજ્ઞા સંસારમાં આત્માનો મોક્ષ સાધવા માટે છે સંસારના ભોગો વિગેરેના રાગ વિગેરેથી આત્માને સંસારવર્ધક કર્મો બંધાય છે તે તેના ત્યાગ વિના અટકી શકતા નથી અને તપશ્ચર્યા વિના દૂર થઇ શકતા નથી આ કોઇ એક જન્મમાં બની જતું નથી મોહ માયાના અનાદિ સંસ્કારોને જડમૂળથી ઉખેડવા માટે કેઇ ભવોના અભ્યાસની આવશ્યકતા રહે છે બાલક જેમ ચાલતાં પડે તો પણ એથી એના ચાલવાનો કે ચઢવાનો અભ્યાસ છોડાવી શકાય નહિ તેમ વ્યક્તિગત કોઇક ખસનાઓ કોઇકમાં આવી જાય કે દેખાઇ જાય તો પણ તેથી આત્મસુધારણાનો આ મહાપંથ અને તે પંથે વારંવાર ચાલવા ચઢવાનો અભ્યાસ જરાયે લુપ્ત પાડી શકાય નહિ કે ડામી શકાય નહિ

જૈન જીવનના આ માનસ ઉપરથી શ્રી **ભાગવતી દીક્ષાની** અનિવાર્યતા સૌકોઇની સદ્બુદ્ધિમાં સારી રીતે ઉતરે એ જ શુભ મનોકામના.

દીપોત્સવીનું પર્વ

(લેખક—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ,-માલેગામ)

મનુષ્યનો સ્વભાવ જ એવો હોય છે કે એને ઉત્સવ, સમારંભ કે કુતૂહલ ગમે છે. પોતાનો ઉલ્લાસ પ્રગટ કરવા માટે એ નાચે છે. ગાય છે પોતાનો નિવાસ શણગારે છે. પોતે પોતાના શરીરને પણ શણગારે છે સુવર્ણ, રૌપ્ય, રત્નાદિથી અલંકારો નિપજાવી પોતે ધારણ કરે છે પોતાના ઇષ્ટ સ્વજનોને તેડી તેમની સાથે અનેક મિષ્ટાન્નો આરોગે છે અંધારુ એને ગમતુ નથી, તેથી દીપોત્સવ કરે છે. અનેક દીપકો પ્રગટાવી કલાત્મક રીતે તેની ગોઠવણ કરી પોતાની ચાતુરી પ્રગટ કરે છે આનંદ ઉલ્લાસ એ પ્રત્યક્ષ પ્રગટ રીતે દેખાડવા માટે એવા એવા અનેક માર્ગો માનવે શોધી કાઢ્યા છે

માનવદેહ એ નશ્વર વસ્તુ છે. એ દેહ એક દિવસે નષ્ટ થવાનો જ છે એ વસ્તુસ્થિતિ છે સામાન્ય રીતે પાકટ ઉમરે કોઈ કૃતકાર્ય થઇ મૃત્યુને શરણ થાય છે ત્યારે પણ દુઃખગર્ભિત સમાધાન પ્રગટ કરવા માટે માનવો અનેક ધર્મકાર્યો કરી કે અન્ય રૂપમાં સહભોજનાદિ કાર્યો કરી મૃત્યુ પામેલા માટે પોતાનો આદર બતાવી આનંદ માને છે આ વસ્તુ તો સામાન્ય સભ્ય અને સજ્જન માણસ માટેની થાય છે એનો પાછળનો જન્મ જરા મૃત્યુનો અનુક્રમ તો ચાલુ જ હોય છે કોઇ દાનશૂર પરાક્રમી કે પરોપકારી મનુષ્ય જ્યારે મૃત્યુવશ થાય છે, ત્યારે તેની કીર્તિનુ ક્ષેત્ર મોટુ થઇ જાય છે અને એના માટેનો શોક વ્યાપક હોવાથી એનુ ગૌરવ કરવાનુ ક્ષેત્ર સાર્વત્રિક થઇ જાય છે આટલુ છતા જન્મ મરણના ફેરા તો એના ચાલુ જ રહે છે

પ્રભુ મહાવીર જેવા મહાન્ પુરુષોની સ્થિતિ તદ્દન જૂદી જ હોય છે. પ્રભુ મહાવીરે અનંત જન્મોની સાધના ચાલુ રાખી છેવટે મૃત્યુંજયની સાધના પૂરી કરી હતી. તેમણે જન્મ મૃત્યુના ફેરાનો અંત લાવેલો હોવાને લીધે તેમની રખડપટીનો પણ અંત આવેલો હતો પ્રત્યક્ષ તેમના મૃત્યુનો જ મૃત્યુ થઇ ગએલો હોવાને લીધે તેમને મૃત્યુનો ભય રાખવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થવાનો સંભવ નહીં હતો. તેમણે છેલ્લુ જ શરીર ધારણ કરેલુ હતુ ફરી વાર તેમને શરીરના પાંજરામાં કોઇ પૂરી શકે તેમ ન હતું. શરીરના પાંજરામાં આત્માને બંદીવાન બનાવી તેનો ઇચ્છા ચાલુ રાખી તેને ભ્રમણ ચક્રમા ગોધી રાખનારા કર્મોનો તેમણે અંત કર્યો હતો એકેક કર્મને આમંત્રણ આપી તેનું દેવુ ચુકવી નાખવાનો તેમણે કૃત નિશ્ચય જ કરેલો હતો એકાદ વેપારી પોતાની પેઢી સંકેલી લેવાના પ્રસંગે લેણદારોને બોલાવી તેમનો હિસાબ ચૂકવી પોતે નિશ્ચિંત થઇ શાંતિ મેળવે તેવો પ્રસંગ પ્રભુ મહાવીરે પ્રાપ્ત કરેલો હતો તેમને તાલાવેલી જ લાગેલી હતી કે હવે મારે બંધનોનો અંત લાવવો છે. એવો એમણે નિશ્ચય કરેલો હતો એકાદ સામાન્ય મનુષ્ય પણ પોતાની બધી જ ઉપાધિઓથી છૂટો થાય છે ત્યારે નિશ્ચિંત અને સમાધાન અનુભવે છે ત્યારે મહાવીર પ્રભુ જેવા પરમ આત્માને પોતાના અનંત કાળના બંધનકર્તા કર્મરિપુઓથી કાયમને માટે મુક્તિ મળી હોય ત્યારે જે આનંદ થાય છે તેનો અમૃતરસ તો ચાખે તે જ જાણે બીજાઓ તો મ્હો વકાસી જોતા જ રહે પ્રભુ મહાવીર જ્યારે સત્, ચિત્ અને આનંદનો પ્રત્યક્ષ અનુભવ કરવાની અણી ઉપર આવી ઊભા રહ્યા અને એમનુ ચરમ શરીર પણ છોડવાનો મહામંગલકારી અનોખો પ્રસંગ આવી ઊભો રહ્યો છે એ વસ્તુ જાણી ગયા ત્યારે તેમના આત્માની પરમસ્થિતિનો ઉત્સવ ઉજવવાનો હોય તેવા પ્રસંગે પોતાના અનન્ય અને પરમ ભક્ત ગણધર ગૌતમને ખેદ થવાનો સંભવ તેઓ કળી ગયા હતા અને આવા પરમ મંગલ પ્રસંગે કોઇ ખેદ કરે એ એમને પસંદ ન હતુ સામાન્ય દેહાભિમુખ માનવો અશાંતિ અનુભવે કે કરે એ વસ્તુ જુદી હતી, પણ પ્રભુના આત્મભિમુખ

એવા મહામાનવ ગણધર ભગવંત જ્યારે સામાન્ય માનવની પેઠે ખેદ કરે એ દૃશ્ય સામાન્ય જનતા માટે અત્યંત દુઃખદાયક થવાનો એમને સંભવ જણાયો અને આર્તધ્યાન જેવા દોષોના ભાજન કોઈ ન થાય એવા કર્તવ્યનો વિચાર પ્રભુને સૂઝયો હોવો જોઈએ. અને તેથી જ પોતાના પરમ ભક્ત શ્રી ગૌતમસ્વામીને એ અદ્‌ભુત પ્રસંગે અન્યત્ર મોકલી આપ્યો. કારણ એમને આત્માની સાચી દીવાળીનો અનુભવ કરી લોકોને પણ સાચી દીપોત્સવી સમજાવવાની હતી.

પ્રભુએ છેલ્લી વાણીધારાનો અમૃત વર્ષાવ કરતા કરતા એ શરીરનો બંધ તોડી નાખ્યો હતો. એ બંધ તૂટતાની સાથે જ આ અવનીતલમાં ભાવ પ્રકાશનો લોપ થઇ ગયો. અંધકારનું સામ્રાજ્ય પથરાઇ ગયું. તિથિ પણ અમાવાસ્યાની જ હતી, રજનીકાંત એવો ચંદ્રમા પણ દિવાકર એવા પ્રકાશપતિ સૂર્યની છાયામાં છુપાઇ ગયો. જાણે પોતે ઝંપાપાત કરી લુપ્ત થઇ ગયો હોય તેમ નષ્ટભ્રષ્ટ થઇ ગયો. તે કાળ રાત્રીમાં તે શીતલ પ્રકાશ પુંજ જ્યારે ત્હોં છુપાવી ચાલ્યો ગયો ,ત્યારે આગિયા જેવા તુચ્છ તારલાઓએ ભેગા મળી પોતાનું પરાક્રમ અજમાવવાનો પ્રયત્ન કરવા માંડ્યો. પણ જ્યાં દિવાકર નભોમણી જ અસ્ત થયો હોય અને શીતલ કરમી લેરનો રજનીવલ્લભ પણ દીન વદન કરી ત્હોં ઢાંકી દ્યે ત્યાં ખદ્યોતોનું ગજું શું હોય ? દેવતાઓને ખબર પહોંચી ગઇ. ઇંદ્રમહારાજાએ નૃત્ય, આનંદ અને વિલાસ બંધ કરી દીધા. દોડાદોડ ચાલી. પ્રભુના મોક્ષ કલ્યાણકનો મહોત્સવ ઉજવવાની ઘોષણા થઇ. દેવદેવીઓની ભીડ જામી. આકાશમાં મોટો સમૂહ ભેગો થયો. જ્યાં જુઓ ત્યાં જય જય નંદાનો જય જયારવ થવા માંડ્યો જ્યારે દેવતાઓ પોતે જ દિવ્ય પ્રકાશમય હોય ત્યારે તેમને દીવા પ્રગટાવવાની શી જરૂર ? જ્યાં જુઓ ત્યાં પ્રકાશ જ પથરાઇ રહ્યો. બધા જ આનંદમાં મસ્ત થઇ પ્રભુના મોક્ષ કલ્યાણકના મહોત્સવમાં સામેલ થયા.

આ તો બધો દિવ્ય શરીરધારી સ્વર્ગમાં રહેનારા દેવતાઓ અને દેવાંગનાઓનો ઉત્સવ હતો. પણ આ પૃથ્વીતલ ઉપર વસનારા પામર પ્રાણિઓ એવો ઉત્સવ શી રીતે ઉજવી શકે ? એમની પાસે દિવ્ય શરીરો ક્યાંથી હોય ? દેવતાની પેઠે એમને પણ ઉત્સવ કરવાની તાલાવેલી લાગી. પોતાની પાસે જે સામગ્રી હોય તેથી જ ઉત્સવ કરે ને ? જનતાએ પણ એ પરમાત્માની સિદ્ધિનો ઉત્સવ પોતાની શક્તિને અનુસરી કરવાનો નિશ્ચય કર્યો. જનતા જાણે ગાંડી-ઘેલી થઇ ગઇ. પોતાની પાસે જે જે સામગ્રી હતી તેનો જ ઉપયોગ કરવાનું ઠરાવ્યું. રાત્ર-હોય ત્યારે ઉત્સવનું પ્રથમ સાધન દીવાનું જ હોય. અનેક દીપકો પ્રગટ થવા માંડ્યા. દરેક મકાન દીવાઓના સમૂહથી ઝગમગી ઉઠ્યું. ઓટલા, અટારીઓની ખૂણે ખૂણામાં દીપમાળાઓ પ્રગટી. ચોકમાં ગલીઓમાં પણ દીવા પ્રગટાવવાની જાણે હોડ લાગી હોય તેમ દરેક જણ દીવા પ્રગટાવવામા હુ સહુથી વધી જઉં એવી અહમહમિકા શરૂ થઇ. આકાશમા દેવતાઓના આગમનથી પ્રગટ થએલા પ્રકાશને પણ આપણે વટાવી જઇએ એવી આકાક્ષા જનતામાં પ્રગટી. ચંદ્રસૂર્યના અભાવમાં લોકોએ પોતાની શક્તિને અનુસરી દીપકોના રૂપથી પોતાનો ઉલ્લાસ અને આનંદ પ્રગટાવ્યો. ધન્ય તે દિવસ ! ધન્ય તે પ્રસંગ ! ધન્ય તે જનતા ! કે જેમણે એ અનેરો પ્રસંગ અનુભવ્યો અને ઉજવ્યો. એની પરંપરા દર આસ્વિન વદિ ૦) ના દિવસે સ્મરણમાં જાગૃત થાય અને એ પ્રસંગની સ્મૃતિ અખંડ રીતે અત્યાર સુધી ચાલુ રહે એ સ્વાભાવિક છે. દીવાળી એ જ કહેવાય !

એ પુરૂષ પુરૂષના અદ્‌ભુત અને મનોરમ ચરિત્ર આ દીવાળીના નિમિત્તે આપણી આગળ ખડા થાય અને અલ્પ પણ આત્મસિદ્ધિ આપણા જીવનમાં પ્રગટે એ જ દીવાળીનો લાભ હોઈ શકે ! બાકી તો દીવાળી આવી અને ગઇ એમ જ આપણે ચાલીએ છીએ: આપણા જીવનમાં પણ એક દિવસે એ દીવાળી જેવો આવે અને આત્માની દીવાળી ઉજવાય એ દિશામાં આપણા પગલાં પડતા રહે એવી ઇચ્છા પ્રગટ કરી વિરમીએ છીએ.

કૌશામ્બીની રાણી મૃગાવતી

(૨)

(પુસ્તક પર–અંક ૧૧ થી ચાલુ)

દંપતી વચ્ચેનો વાર્તાલાપ—

આ તે કોઇ માનવ છે કે સીંગડા ને પૂંછડા વગરનો આખલો ? પોતાની પાસે જે વિપુલ સેના અને અદ્ભુત શક્તિવંત અનિલવેગ નામા ગજ રત્ન છે એના બળવડે ગર્વાંધ બની કેવી માગણી એ કરી રહ્યો છે ? એની માગણીમાં માનવતાનું દેવાળું નીકળી રહ્યું છે એનું પણ એને ભાન નથી ! સગાઇ સંબંધ તો જાણે એને મન કંઇ હિસાબમાં નથી ! આવી વાત પત્રમાં લખી મોકલતા એનો હાથ કેમ કંપ્યો નહીં ? હાથમાંથી એની કલમ કેમ સરી પડી નહીં ?

આવાસના એકાંત કમરાની અટારીમાં આંટા મારી રહેલ, અને ઉપર મુજબ અસ્ફુટ ઉદ્ગારોને મુખમાંથી વહેતાં મૂકી રહેલ, રાજવી સામે અચાનક એક લાવણ્યમયી રૂપમાં સ્વર્ગની અપ્સરાને પણ શરમાવી દે એવા, નમણા લલનાએ પગલા પાડયા તેણીને જોતાં જ રાજવીની ગતિ સ્થંભી ગઇ અને મોલાઇ ગયું

અરે ! તું અહીં એકાએક કયાંથી ફુટી નિકળી ?

શું મ્હારા માટે પણ આપની પાસે આવતા પહેલા પરવાનગી મેળવવાની અગત્ય છે ? કદાચ આપની રાજધોરીમાં એવો કાનૂન હોય તો એનો હું આપની હાજરીમાં જ ભંગ કરું છું જેના કંકકમળમાં માતાપિતાની સાક્ષીએ મારા હસ્તની સોંપણી થઇ છે અને પ્રતિજ્ઞાથી જેમના સુખદુઃખમાં સમાન હિસ્સેદાર બનવા હું બંધાયેલી છું એવી અર્ધાંગીને આજ્ઞાના બંધન ન હોઇ શકે કદાચ સત્ર જયશ્રીના સોણલા સેવતા રાજવીઓના દરબારમાં એ ચાલુ હોય તો પણ એનો અમલ એક મહાન્ ગણતંત્રના નાયકની પુત્રી માટે સર્વથા અસંભવિત છે, કારણ કે એવા બંધનના શિક્ષાસૂત્રો, જ્યાં બાલ્યકાળના વર્ષો વ્યતીત થયા છે એ પ્રદેશમાં જોવાના તો નથી મળ્યા, પણ કાને સાંભળવાની તક પણ નથી સાંપડી. વ્યક્તિત્વને છાજે, સત્ત્વશાળીને શોભે તેવા સ્વતંત્ર વાતાવરણમાં મારો ઉછેર થયો છે અને માનવતાને ઓપ ચઢાવે, આત્મશ્રેયનો પંથ ચક્ષુ સામે સદાયે સતેજ રાખે એવા ધર્મ–નીતિના પાઠ માત–પિતાના અવર્ણનીય વાત્સલ્યથી મને શિખવા મળ્યા છે

અરે ! આ તો ભારે કરી નાખી હે ! ' રાઇનો પહાડ સર્જાવી 'દીધો ' ! અને એમાંયે કેવી ઉંડી તત્ત્વજ્ઞાનની ચર્ચા ! પેલા કાગળિયાનો આ પત્ર આવ્યો નહોત તો, મને હ્યારામાં છુપાયેલી આ જાતની જ્ઞાન–ગંગામાં સ્નાન કરવાનું ન જ લાધત લગ્ન પ્રથા આપણે ઉભય જોડાયા પછી, સાચી પ્રીતિને શોભે, એવા માનવોચિત સુખો માણવામાં હ્યે કે મ્હે પાછું વાળીને જોયું નથી જાત જાતની કળા-કેળિઓ અને શૃંગાર રસથી ભરપૂર વિલાસોમાં આપણા વર્ષો પાણીના વહેતા સમ પસાર થઇ ગયા છે હ્યારામાં રહેલી નારીજાતિસુલભ કળાઓથી એમાં હજુ ઓટ નથી આવ્યો ભલેને નીતિકારો, સમયના માપે માપી આપણને નવયુવાનોની નામાવલિમાંથી છેકી નાખી, પ્રૌઢોની કક્ષામાં મૂકી દે. કહેવાનું તો એ છે કે એ રસિકતાની ઉછળતી છોળો વેળા હ્યારા મુખારવિંદમાંથી વાણીરૂપી અમૃત ઝરણાં તો ઘણીયે વાર ઝર્યાં છે પણ આજે જે શબ્દો સાંભળ્યા એ તો ખરેખર નવીન અને અનોખા જ છે

સ્વામી ! મને 'કીડીમાંથી કુંજર બનાવી દેવારૂપ' કંપમાનો સૂર સંભળાવતાં તમોએ પણ ગતકાલીન શૃંગાર રમના વર્ણનમાં કમીના નથી રાખી, આપણને એ પ્રકારના સંભારણા હવે ન શોભે જવા દો એ વાત કહો તો ખરા કયા કાગળિયાનો પત્ર છે અને એમાં શું લખ્યું છે ?

પૂર્વે અવંતીના દરબારમાં આપણે રાજવી

ચંડપ્રદ્યોતને, મૃગાવતીના સુંદર ચિત્રને નિરખતો જોઇ ગયા. એ પછી પોતાની ઇચ્છા બર આણવા, રાજવીએ, કૌશામ્બીપતિ શતાનીક ઉપર, મૃગાવતીને પોતાને સોંપી દેવાની માંગણી કરતો એક પત્ર લખ્યો. એના મનમાં હતું કે ખાનગી રીતે કામ સરી જતું હોય તો શા સારૂ લડાઇને નોતરવી. પત્રમાં એ કામ પાર પાડવાથી કૌશામ્બીપતિને થવાના લાભની પણ વાત આલેખેલી હતી જ. આમાં આશ્ચર્ય જેવું કંઇ જ નથી. સામ, દામ, ભેદ અને દંડ એ રાજનીતિના ચાર પ્રકારો ગણાતા. ધન ધાન્યથી વિપુળ એવા એ કાળમાં-જમીન, જોરુ અને જર એ ત્રણ વસ્તુઓ માટે યુદ્ધો ખેલાતાં. ખાંડાના ખેલ ટાણે ક્ષત્રિયો સગાઇ-સંબંધ પણ ભૂલી જતા. એક રીતે જોઇએ તો માંગણી કરનાર ચંડપ્રદ્યોત એ શતાનીકનો મોટો સાઢુભાઇ હતો; છતાં એણે આ પત્ર લખી પોતાનામાં રહેલી કુવાસના પ્રગટ કરી હતી.

વૈશાલીના મહારાજા ચેટક એ ભગવંત શ્રી મહાવીરદેવના મામા થાય. ત્રિશળા રાણી, તેમની સગી બ્હેન થાય. લચ્છી અને વજ્જી વંશના ક્ષત્રિયોમાં ભગવંત શ્રી પાર્શ્વનાથની ઉપાસના ચાલી આવતી હતી. જૈનધર્મના ઉમદા અને ઉદાર સંસ્કારથી આ સામંતો સામ્રાજ્યશાહી પદ્ધતિથી વિરુદ્ધ હતા અને પોતાના રાજ્યોમાં ગણતંત્ર ધરાવતા. એવા અઢાર સમૂહ-રાજ્યોના નાયક પદે યાને આજની ભાષામાં કહીયે તો પ્રમુખપદે ચેટકરાજ યાને 'ચેડા મહારાજા' હતા. સ્વતંત્ર દશાનો અનુભવ કરનાર આ રાજ્યની પ્રત્યેક વ્યક્તિ-ચાહે તો નર કે નારી-પોતાની પસંદગી મુજબ જીવન જીવી શકતી. ચેટકરાજને સાત પુત્રીઓ હતી એક પુત્ર હતો એવી પણ નોંધ ઉપલબ્ધ થાય છે. સાતે પુત્રીઓની વયમાં ઝાઝું અંતર ન હોવાથી, અરસ-પરસ સુમેળ સારો હતો. એક બીજાના હૃદયની વાતો વિના અટકે થતી. મા-બાપે પણ સતી નારીને શોભે તેવા સંસ્કારો આપી, તે સર્વને પોતાના સંસારસાથીઓની પસંદગી કરવાની પૂરી છૂટ આપી હતી. એ રીતે મોટી દીકરી પ્રભાવતી સિંધુ-સૌવીર દેશના રાજવી ઉદયન સાથે, જ્યેષ્ઠા ક્ષત્રિયકુંડ રાજાના પુત્ર નંદીવર્ધન સાથે, શિવા અવંતીનાથ ચંડપ્રદ્યોત સાથે, પદ્માવતી ચંપાપતિ દધિવાહન ભૂપ સાથે, મૃગાવતી કૌશામ્બીના સ્વામી શતાનીક સાથે લગ્નગ્રંથીથી જોડાઇ હતી સુજ્યેષ્ઠાની પસંદગી મગધના સ્વામી શ્રેણિક ઉપર ઉતરી હતી. એ વેળા વૈશાલી અને મગધ વચ્ચે વેર ચાલતું હતું. આમ છતાં પ્રેમી એવા શ્રેણિકનું આગમન બુદ્ધિનિધાન અભયકુમારની ગોઠવણથી વૈશાલીના ઉદ્યાનમાં થયું અને નાની ચેલણા સાથમાં ન હોત તો એ રાજગૃહી પહોંચી પણ જાત. પણ વિધાતાને એ લગ્ન મંજૂર નહોતું. સુજ્યેષ્ઠાના શીરે સાધ્વી જીવનનો લેખ આલેખાયેલો એટલે જુદું જ બન્યું. ચેલણાને શાપ આપવાના નિમિત્તે એ ધરેણાનો કરંડીયો લેવાના બહાને પાછી વળી. સુજ્યેષ્ઠા અને ચેલણાના ચહેરામાં સવિશેષ મળતાપણું હોવાથી અને શત્રુના ઘરમાં વધુ સમય ન રોકાવાની મંત્રીશ્વરની ખાસ સૂચના હોવાથી, ચેલણાને સુજ્યેષ્ઠા માની રથ ઉપર લઇ, સુરંગ માર્ગે મગધેશ્વર ચાલી નીકળ્યો. પ્રેમમાં નાકામયાબ બનેલી સુજ્યેષ્ઠાએ પોકાર ઉઠાવ્યો કે ચેલણાને હરી જવાય છે. ત્યાં તો સુરંગના દ્વાર ઉપર ચેડા મહારાજા ખડા થઇ ગયા. એમના અમોઘ બાણે, નાગસારથી અને દ્રઢપ્રહારી જેવા સંતાનોના એકી સાથે પ્રાણ હરી લીધા. પણ એથી તો સુરંગમાં પ્રવેશી મગધેશ્વરની પૂંઠ પકડવાનો ઇરાદો નિષ્ફળમાં પડયો. ઝાંઝવા માર્ગે આગળની કૂચ થંભાવી અને એ રીતે મગધનો સ્વામી શ્રેણિક વૈશાલીની હદ ઓળંગી ગયા.

ઉપર વર્ણવેલી અટારી એ કૌશામ્બીપતિના મહેલના એક આવાસની હતી. આંટા મારનાર રાજવી શતાનીક પોતે હતો. અવંતીના સ્વામીનો પત્ર વાંચ્યા પછી એ ભારે વિચારમાં પડી ગયો હતો અને અહીં એકાંત પસંદ કરી શું જવાબ આપવો તેના મણકા મેળી રહ્યો હતો. ત્યાં પગલા પાડનાર લલના અન્ય કોઇ નહીં પણ રાજવીની પ્રેયસી, ચેટકતનયા મૃગાવતી પોતે હતી.

વ્હાલી એ હસવા જેવી વાત છે. એ જાણવામાં કાંઇ સાર નથી

સ્વામિન્! કદાચ સાર ન પણ હોય છતાં કહેવાથી તમારી ચિંતા તો ટળશે ચહેરા પર આવેલી રતાશ તો ઓસરી જશે

નીતિકારો કહી ગયા છે કે–'ઘુવડ દિવસે દેખતું નથી, અને કાગડો રાત્રે જોઇ શકતો નથી, પણ કામાંધ માણસ તો દિવસ ને રાત અર્થાત્ ચોવીશે કલાક આંધળો છે' એનો અંધાપો દૂર કરવાનું કાર્ય વિધાતાના હાથમાં મૂકી, સમજુએ તો ચેતતા રહેવાનું છે

પ્રિયા, વાત તો એમ છે કે ત્હારી બ્હેન શિવાના સ્વામીનાથ, ત્હારા બનેવી, અને મારા સાહુભાઇ ચંડપ્રદ્યોતજીને તારી જરૂર પડી છે પત્રમાં લખે છે કે ત્હારા રૂપ–લાવણ્યથી અને તે પણ માત્ર ચિત્રમાં જોવાથી એ એવા મોહિત થઇ ગયા છે કે, ત્હારા વિના પસાર થતી એક ઘડી, એમને એક માસ સમ લાગે છે મને રાજીખુશીથી ત્હને સોંપી દેવા આગ્રહ કરે છે બદલામાં મારી જમીન–જાગીરની માગણી સ્વીકારવા તૈયારી જણાવે છે અંતમાં જણાવે છે કે કાર્યસિદ્ધિ કળાયા નહીં ઉકલે તો બળથી પણ ઉકેલવાનો પ્રદ્યોતરાજનો નિશ્ચય છે

શતાનીક નૃપ આ રીતે પત્રનો ભાવ કહી સંભળાવી રાણીના ચહેરા સામું એકી ટશે જોઇ રહ્યો પણ ત્યાં રંચ માત્ર વિકાર ન જણાયો. આગમન ટાણે અને વાર્તાલાપ વેળા જેવો હસમુખો અને ઠીમીમત ચહેરો હતો તેવો જ અત્યારે પણ જણાયો એ જોઇ રાજાથી બોલ્યા વિના ન રહેવાયું–

અરે, કરોડો નારીનું રક્ત ઉકળી જાય એવી વાત સાંભળ્યા છતાં ત્હને ગુસ્સો નથી આવતો? મને તો લાગ્યું કે આવા કડવા વેણ ત્હારા કર્ણપટ પર અથડાતાં જ તું વાઘણની માફક છલંગાઇ ઉઠીશ ભલેને ભગિનીનો ભરથાર રહ્યો, છતાં તિરસ્કાર વરસાવીશ

વ્હાલા સ્વામી! નારી એ તો શક્તિનો અવતાર છે એના ખોળામાં ઉછરનારા આત્માઓ ઉપર એ શા સારુ તિરસ્કાર વર્ષાવે? માતાનું હૃદય વાત્સલ્યથી સદા ભરેલું હોય છે એમાંથી ઉભરો બહાર ન આવે. કડવા વેણ અને આકરા કષ્ટો એ ગળી જવા સર્જાયેલી છે. એનો આભરૂ ઉપર હાથ નાખનાર કદી પણ ફાવ્યો નથી અને ફાવશે પણ નહીં

પતિવ્રતાપણું અને સતીત્વ જેને સમજાયા છે એને માટે નેં કહ્યો એવો ઉપરનો ખાસ ધર્મ છે કુશિલા માટે મારે કહેવાપણું ન જ હોય એટલે તો કહેવાય છે કે–'નારી રહે તો આપથી, અને જાય તો સગા બાપથી' અથવા તો 'સ્ત્રીચરિત્ર' જ્યાં દેવો જાણી શકતાં નથી ત્યાં પુરુષની શી તાકાત સંભવે? સતીઓ શબ્દ કરતાં કાર્યમાં માનનારી હોય છે ઘણુંખરૂં શાપ દે નહીં અને દે તો દીધા વિના રહે નહીં

ખોટું ન લગાડશો, નાથ! પણ મારે ભાર મૂકીને કહેવું જોઇએ કે તમો ક્ષત્રિયટના ખોટા ઘેનમાં, નથી જોતા સ્નેહસંબંધ કે નથી જોતાં માનવતા અહંભાવને પોષવા ઝટ શસ્ત્રો ખખડાવી મેલો છો એથી પ્રજાની હાનિ અને વેપાર–વણજને નુકશાન તેમજ પ્રાણીસૃષ્ટિનો સંહાર કેવી ખાના–ખરાબી નોતરે છે તેનો વિચાર સરખો કરતા નથી. ચંડપ્રદ્યોતે મારી માગણી કરી એ તમોને ડંખે છે અને કોઇપણ સ્વમાની પુરુષને ડંખવી જોઇએ, પણ એ જ ન્યાયે તમો ચંપાપતિ દધિવાહન ઉપર નહીં જોવા વાંકે, એની રાજ્યમાં ગેરહાજરી ટાણે હલ્લો લઇ ગયા એ શું ખાજાણી હતું? મારી સગી બ્હેન પદ્માવતી ગર્ભિણી અવસ્થામાં અદૃશ્ય થવાથી અને ઘણી શોધખોળ કર્યા છતા પત્તો ન લાગવાથી તે શૂન્ય મનસ્ક બની ગયો હતો એમાં ધારિણી જેવી સુશીલ પત્ની પ્રાપ્ત થવાથી પુનઃ રાજકારણમાં રસ લેતો થયો હતો માંડ માંડ મનરૂપી નાવ ઠેકાણે આવ્યું હતું ત્યાં તમોએ જમીન જીતવાનો ધડાકો કર્યો. રાણી કે તેની ગર્ભરૂ બાળાનો પત્તો સરખો નથી! આ દુઃખથી મારા એ બનેવીના મનની કેવી સ્થિતિ થઇ હશે? એનો ખ્યાલ તે વેળા તમને

શાંતિ

લેખકઃ—અમરચંદ માવજી શાહ

શાંતિ-કેવો અંતરપ્રિય કર્ણમધુર સૌખ્યદર્શક શબ્દ જેનાં માટે સમસ્ત જીવો સમયે સમયે પ્રયાસ કરી રહ્યા છે, જેની ઝંખના કરી રહ્યા છે. જે પ્રાપ્ત કરવા માટે અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કરી રહ્યા છે એ શાંતિ ક્યાં હશે? ક્યાંથી આવતી હશે? કેમ મળતી હશે? એની ગમ ભાગ્યે જ હશે. આરોગ્યમય સુંદર શરીર, ધન ધાન્યાદિની રિદ્ધિ-સિદ્ધિ, પુત્ર-મિત્રાદિનો તેમજ સુંદર સ્ત્રીઓની પ્રાપ્તિ ખાવા-પીવાનાં, પહેરવા-ઓઢવાનાં, રહેવા-વસવાનાં સાધનો, બાગ-બગીચા, મહેલ સુંદર-વસ્તુઓ આવા દુન્યવી અનેક બાહ્ય-સાધનોની પ્રાપ્તિમાં જ જાણે શાંતિ છુપાયેલી હોય તેમ સૌકોઇ માને છે અને તે પ્રાપ્ત કરવા પ્રયાસ કરે છે ઘણાયને આમાંની ઘણી ઘણી સામગ્રીઓ પ્રાપ્ત થાય છે. અને એમાં જાણે પોતાને શાંતિ મળી હોય તેવો ભાસ થાય છે-ઘણાયને એવા સાધનો પ્રાપ્ત નથી થતાં તો તે બાબતમાં અનેક પ્રકારનો ઊહાપોહ કરે છે, ખેદ કરે છે અને ઝાંવા નાંખે છે. કોઇ એકાદ વસ્તુની પ્રાપ્તિ થાય .તો તેમાં તલ્લીન બને છે. અભિમાન કરે છે. પ્રાપ્ત થયેલી સામગ્રીમાં ન્યૂનતા થઈ જાય છે તો પાછો ઉદાસ બની જાય છે, દુઃખમાં ડૂબી જાય છે-આમ અનેક પ્રકારે-શાંતિના નામે બાહ્ય-પરિગ્રહમાં અટવાઇ અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પની જાળમાં ફસાય છે. જેમ જેમ બાહ્ય વસ્તુઓ પ્રાપ્ત થાય છે તેમ તેમ પાછો લોભ વધતો જાય છે-એટલે અસંતોષની આગ ફેલાઇ જાય છે અને ચિત્તગૃહમાં ધુંધવાટ થાય છે. ચિત્ત અશાંત બની જાય છે ક્યાંય ચેન પડતું નથી અને અનેક પ્રકારનાં પાપકાર્યો કરવા તરફ વૃત્તિઓનાં ઘોડાઓ દોડવા માંડે છે. જ્યોતિષીઓ પાસે જોષ જોવરાવે છે. લડાઇઓમાં ખૂપતલો ફુકે છે, સટ્ટા-જુગાર-પરદારા કુદૃષ્ટિ-આદિ અનેક પ્રકારે આ પામર જીવ શાંતિ પ્રાપ્ત કરવા અશાંતિનાં ઇંધનો નાખે છે. પરિણામે તેને શાંતિને બદલે અશાંતિનાં દર્શન થાય છે-બહારથી શાંતિનો સુખનો દેખાવ વધવા છતાં અંતરથી દઝાય બળતી હોય છે. આવું સ્વરૂપ અનેકનાં જીવનમાં રોજ રોજ આપણને દૃષ્ટિગોચર થાય છે-ઘણી વખત સુખનાં સાધનો પ્રાપ્ત હોવા છતાં ભોગવી શકાતાં નથી, અનેક અંતરાયો નડે છે. શાંતિથી બેસી શકાતું નથી. શાંતિથી જીવી શકાતું નથી. ડામાડોળ સ્થિતિ ચિંતાની રહે છે. સુખ ક્યાં? ના એક પદમાં મેં લખ્યું છે કે—

ધનવાનને પણ સુખી ન દેખ્યો,
રાજા દુઃખી અપાર રે;
શરીરને તવંગર બનતું,
મમતા તણો વિસ્તાર રે.

ક્યાં સુખ દેખ્યું? આ સંસારમાં જ્યાં જોઉં ત્યાં દુઃખ દુઃખ ને દુઃખ. આવી સ્થિતિ વચ્ચે મનુષ્ય પ્રણી-

---

ક્યાંથી આવે! મારી સલાહ તમે માની હતી ખરી? નારીના હૃદયમાં રમતું વાત્સલ્ય પુરુષજાતિથી કદી સમજાવાતું નથી. ભલે અમારા આ ગુણને તમો પુરુષ વર્ગ નબળાઈમાં મૂકો, પણ જ્ઞાનીભગવંતોને ત્યાં એની નોંધ લેવાની છે. ઓગણીશમા તીર્થપતિનું ઉદાહરણ નજર સામે છે. દીક્ષાના દિવસે જ કેવલ્ય; પરિષહ-ઉપસર્ગનું નામ નહીં. અમારે સાતમી નારકીનો દરવાજો પણ જોવાનો નહીં! સતીઓનો ઇતિહાસ ઉજળો રહેવાનો.

હું તો કોઇ જૂદી જ દિશાએ મારી ચિંતાનું વહેણ વાળી દીધું.

નાથ! એમાં વળી ચિંતા કરવાની હોય ખરી? અને એના જવાબ પણ ન જ હોય. 'मौनं सर्वार्थ-साधनम्' એ મંત્ર ગોખી રાખજો. તમો તમારે નિશ્ચિંત રહો. કદાચ યુદ્ધની ભેરી વાગશે ત્યારે આ મૂંઝવણની જોઇ લેશું.

—મોહનલાલ દીપચંદ ચોકસી

એ મમતાનાં પ્રતાપે સમતાનું સાચું સુખ પ્રાપ્ત કરી શકતા નથી અને દુઃખનાં સાગરમાં ગળકા ખાધા કરે છે. શાંતિ પ્રાપ્ત કરવાનું ખરું સાધન સંતોષ છે. સંતોષ પ્રાપ્ત થાય તો રહેજે ચિત્ત શાંત રહે સંતોષ જ્યારે સમતા આવે ત્યારે થાય. મમતા એટલે દરેક સ્થિતિમાં ચિત્ત ઉપર કાબૂ રહે, સુખદુઃખના પ્રસંગમાં તેને પાપ-પુન્યનું ફળ સમજી હર્ષ-શોક કર્યા વગર સહજ ભાવે સમતોલપણું જાળવવું તેનું નામ સમતા. આ સમતા વૈરાગ્ય આવ્યા વગર મમતા છૂટે નહિ અને મમતા ન છૂટે ત્યાં સુધી સમતાને અવકાશ મળે નહિં, વૈરાગ્ય આવવા માટે સમ્યગ્જ્ઞાનની જરૂર પડે છે. શ્રુતજ્ઞાનનાં અભ્યાસ દ્વારા સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એ શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરવા માટે સદ્ગુરુઓની આવશ્યકતા છે. સદ્ગુરુઓ દ્વારા આપણને જડ ચેતનનું ભેદજ્ઞાન તેઓ દર્શાવે છે. જગતની વિચિત્રતા, કર્મની વિચિત્રતા જન્મ-જરા-મરણના દુઃખો વિગેરે દર્શાવી આત્માનું સ્વતંત્ર અનંત સુખમય સ્વરૂપ દર્શાવી જ્ઞાન અને જ્ઞેયોનો પરસ્પર સંબંધ દર્શાવી સમ્યગ્દર્શનવડે શ્રદ્ધા કરાવી, સહજ રીતે આત્માને જડ ભાવો પ્રત્યે વૈરાગ્ય થાય તેવું જ્ઞાનનું ઝરણું વહાવે છે અધ્યાત્મ ભાવનામાં આત્મા ગાય છે એટલે તે ત્યાગ તરફ વળે છે ત્યાગભાવના વતા રાગ ભાવનું જોર નરમ પડતું જાય છે. રાગ ઘટતાં દ્વેષભાવ પણ ઘટે છે. આ રીતે ઉપશમભાવ વધતા વધતા ચિત્તમાં સ્થિરતા થતી જાય છે ચિત્તની સ્થિરતા થાય એટલે સહજ શાંતિનાં દર્શન થાય

શાંતિ પ્રાપ્ત કરવા માટે અંતરમાં નિર્મળતા, નિઃશંકતા, નિશ્ચિતતા, નિર્ભયતા, નિર્વિકારતા, નિઃસ્પૃહતા, નિર્મોહતા અને નિર્વિકલ્પતા પ્રાપ્ત કરવી જોઇએ નિર્વિકલ્પતાનો અભ્યાસ થતાં સંકલ્પવિકલ્પનાં જાળાઓ ઉખડવા માંડે છે. જ્યાં સુધી ચિત્તમાં અનેક પ્રકારના સાંસારિક તૃષ્ણાઓનાં આસક્તિનાં પરવસ્તુ પ્રાપ્ત કરવાના સંકલ્પવિકલ્પો થયા કરે છે અને તેને માટે મન-વચન-કાયાનાં યોગો તે પ્રાપ્ત કરવા દોડધામ કરે છે ત્યાં સુધી નિર્વિકલ્પતા થાય નહિં. નિર્વિકલ્પતા પ્રાપ્ત કરવી એ કાંઇ સામાન્ય બાબત નથી કારણ કે અનાદિ કાળથી આ આત્મા અજ્ઞાન યોગમાં રમણ ને ભ્રમણ કરી રહ્યો છે. અનંતાનંત આશાઓનાં કિલ્લાઓ તેણે બાંધ્યાં છે. પ્રાપ્તસ્થિતિમાં તેને સંતોષ થતો નથી. વધુ ને વધુ સુંદર પૌદ્ગલિક સુખ પ્રાપ્ત કરવાની તેના દિલમાં આશા રહ્યા કરે છે. એ આશા ને તૃષ્ણાના પ્રવાહમાં અવળી દિશાએ તેનું વહાણ સંસાર તોફાનમાં ચડી ગયું છે કે તેને જ્યાં ત્યાં ભેખડો ટેકરાઓ જ વચ્ચે આવે છે અને અનેક વખત એ આશાઓના ભુક્કા બોલાવી દે છે અને તેથી નિરાશાનાં ઊંડા સાગરમાં ગરકાવ થઇ જાય છે. તૃષ્ણાનાં તોફાન કાંઇ શમતાં નથી. ફરીં પાછો એ જ રીતે ચાલે છે અને દુઃખને આમંત્રે છે

ત્યારે હવે કરવું શું ? એવો પ્રશ્ન થાય છે-શાંતિ પ્રાપ્ત કરવાનાં દરેક-બાહ્ય પ્રયાસો રાજ્ય-ચક્રવર્તી-દેવતાઇ વિગેરે પદો પ્રાપ્ત થયા છતાં ક્યાંઇ શાંતિ તો મળી નહિં. એટલે શાંતિ એ કોઇ-જુદી જ વસ્તુ છે. એ વસ્તુ બહારથી નથી પણ અંતરની સમતામાં છે-તેમાં તું એક વખત ડૂબકી માર અને તે શાંતિ દેવીનાં તને દર્શન થશે તારી માનસિક ભૂમિકાને પ્રથમ શુદ્ધ કર. મનથી જ આ બધી ધાંધલ મચી છે એ મનનો કાબૂ મેળવવા માટે-તારે કટિબદ્ધ થવું જોઇએ જ્યાં સુધી મનનો કાબૂ તને પ્રાપ્ત નહિં થાય ત્યાં સુધી તું જીતી શકીશ નહિં તે સાંસારિક સુખ પ્રાપ્ત કરવા માટે અનેક જંગો ખેલ્યા-અનેક સાહસો ખેડ્યા. પણ તે સૌ નિષ્ફળતામાં પરિણમ્યા. તારે ખરો જંગ તો તારા મન સાથે જ ખેલવાનો. બાકી છે એ તુ ખેલ્યો નથી. તારા આત્માને એક વખત મનથી છૂટો પાડી અને તારા એ ચિદ્ઘન સ્વરૂપ પરમાત્માનાં દર્શન કર અને તને એક અપૂર્વ આનંદ અને શાંતિનાં દર્શન થશે મનથી છૂટા પડવાનો ઉપાય બહુ જ રહેલો છે પણ એટલો જ મુશ્કેલીવાળો છે. તેને માટે જ્ઞાન-વૈરાગ્ય-ભાવના-ધ્યાન સમન્વય-અને વૃત્તિઓ ઉપરનો કાબૂ મેળવવા તીવ્ર અભ્યાસની જરૂર છે.

હું એક આનંદમય આત્મા જ છું અને આ

મન-વચન-કાયા વગેરે મારાથી પર છે. મારે તેનાથી કાંઈ સંબંધ નથી. મન ગમે ત્યાં જાય પણ જો આત્મા તેને પ્રેરણા કરવાનું બંધ કરે, આત્મા આત્મભાવે ટકીને સ્થિર રહે-મનનો વેગ જ્યાં સુધી તેને બળ મળ્યું હશે ત્યાં સુધી જઈને અટકી જશે. પ્રેરણા કરનાર પાછળ નહિં હોય તો તે જડ મન આપોઆપ વિલય પામી જશે જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી જ મન છે. જ્યાં મોહભાવ શમી ગયો-વૈરાગ્ય રંગમાં રંગાઈ ગયો, દરેક સ્થિતિમા સમતા ને સ્થિરતામાં અટકી ગયો ત્યાં મોહ રાગ આદિનું જોર નરમ પડી જાય એટલે મનને વિહરવાની પાંખો છેદાઈ જાય, તેનું ઉડ્યન બંધ થઈ જાય:એટલે આપોઆપ શાંત થઈ જાય, મન શાંત થતાં ઇન્દ્રિયો પણ જે વિષયોમાં રમવા માટે દોડાદોડ કરતી હતી તે જેમ નાચનારાના તાલ વચ્ચેથી તાલ બંધ કરી દેતા આપોઆપ નાચ અટકી જાય તેમ મનની પ્રેરણા તૂટી પડતાં ઇન્દ્રિયો શિથિલ થઇ જાય વિષયોનું કષાયોનું શમન થઇ જાય, સહજ ઉદાસીનભાવ થઈ જાય અને આત્મા આત્મામાં આત્માવડે અનંત શાંતિમાં લીન થઇ જાય. ત્યારે તેને સાચી શાંતિનાં દર્શન થાય. આ શાંતિ પ્રાપ્ત કરવા માટે જ દરેક સંત-યોગી પુરુષોની સાધના હોય છે. આવી ચિરશાંતિ પ્રાપ્ત કરવી એ જ કર્તવ્યરૂપ છે,

આ માટે દરેક સમયે સમયનો ઉપયોગ કેળવવો જોઇએ. ઉપયોગમાં રહેવા માટે ખૂબ જ સંયમની જરૂર છે. અહિંસા, સત્ય આદિ નિયમોમાં પ્રથમ ભૂમિકામાં આવવા માટે ખૂબ જ આવશ્યકતા છે. જ્યાં સંયમ આવે છે ત્યાં સંવર ભાવ વધે છે. જ્યાં સંવરભાવ આવે છે ત્યાં સકામ નિર્જરા ચાલુ હોય છે. જ્યાં નિર્જરા થાય છે ત્યાં કર્મનો ક્ષય થાય છે એ તપથી શાંતિ પ્રાપ્ત થાય છે. બંધનો આ રીતે ક્ષય થતાં આત્મા શુદ્ધ થવા માંડે છે. બીજી બાજુ ઉપશમવડે હર્ષ-શોક-રાગ-દ્વેષ-સંકલ્પવિકલ્પ દબાતા જાય છે. સત્ ચિદાનંદસ્વરૂપ અર્હં વીતરાગ સ્વરૂપ નિર્વિકલ્પ શાંતિ સ્વરૂપમાં સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની સ્થિરતા થાય છે. એક અખંડ જ્ઞાનની ધારા વહેવા માંડે છે.

સંસારમાં ઐહિક સુખશાંતિની શોધ કરનારાઓ અંતે અશાંતિને જ પ્રાપ્ત કરે છે જ્યારે અલૌકિક શાંતિનાં ચાહકો આ રીતે સઘળી સમજણપૂર્વકની અંતરમાં લડાઇ કરીને ક્રોધ-મોહ-મદ-લોભ આદિનો વિજય કરીને પોતાની વાસ્તવિક શાંતિને પ્રાપ્ત કરી કાયમી સુખ પ્રાપ્ત કરે છે.

આપણે ક્ષણે ક્ષણે વૃત્તિઓ ઉપર વિજય મેળવવા કટિબદ્ધ થવું જોઇએ વૃત્તિઓનો જય એ જ ખરો પુરુષાર્થ છે. આપણે આપણી શક્તિનો સદુપયોગ કરવાનું લક્ષ રાખવું જોઇએ. આપણી અનંતી શક્તિને આપણે બાહ્ય પ્રપંચમાં વેડફી નાખવી નહિં જોઇએ. આપણે સદ્ગુરુ સત્શાસ્ત્રોનો સત્સંગ પરિચય કાયમ રાખવો જોઇએ. સદ્વિચારોનું બળ કેળવવું જોઇએ. વાણીમાં વિમળતા લાવવી જોઇએ. કાયાને સંયમમાં રાખવી જોઇએ. ખાવું, પીવું, પહેરવું, ઓઢવું, સૂવું, બેસવું એ બધું આ દેહરક્ષણના સાધનો છે. તેમાં આસક્તિ ન રાખવી, માત્ર સંયમ હેતુથી એ વસ્તુઓનું ઉપયોગથી ગ્રહણ કરવું. શાંતિ એ તારા હાથની જ વસ્તુ છે. તારી શાંતિ તારા પોતાના પુરુષાર્થવડે પ્રાપ્ત થવાની છે. તને કોઈ શાંતિ આપવા સમર્થ નથી, તુ સુખી હોઇશ તો તારી ઇર્ષા કરનારા નીકળશે, તુ દુઃખી હોઇશ તો તારો ખરખરો કરનારા મળશે પણ કોઇ તારું સુખ, દુઃખ વાંગવા સમર્થ નથી. તારા શુભાશુભ પરિણામ ઉપર જ તારા સુખ દુઃખનો આધાર છે, માટે તારા પરિણામની શુદ્ધિ કર. તારે સંકલ્પવિકલ્પની જાળથી બચવું હોય, હૃદયને શાંત કરવુ હોય, તો તારે પળે પળે ૐ શાંતિનું ધ્યાન ધરવું. સંકલ્પ વિકલ્પને ન થવા દેવા. થાય તો ૐ શાંતિવડે ઉપશમાવી દેવા. સોડહું એ જ તારું સ્વરૂપ છે. તું તારા આત્મામાં સમાઇ જા. તેનું જ ધ્યાન કર અને તેને પ્રાપ્ત કર. આ તારી અપૂર્વ સિદ્ધિનો તુ સ્વયં સાક્ષાત્કાર કર ને શાંતિ પ્રાપ્ત કર. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

વર્ત્તમાન સમાચાર

આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીનો પ્રથમ જયન્તી મહોત્સવ

સ્વ પંજાબકેસરી આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો પ્રથમ જયન્તી મહોત્સવ પાટણખાતે આચાર્ય વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં સારી રીતે ઉજવવામાં આવ્યો

તા ૯-૧૦-૫૫ રવિવારે સ્વ ગુરુદેવની છબી એક બગીમાં બિરાજમાન કરી સાગરના ઉપાશ્રયેથી એક જુલુસ ધામધૂમથી કાઢવામા આવેલ વરકાણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ભજનની ધૂમ મચાવી હતી જુલુસ શહેરમા ફરીને પચાસરા આવતાં પંજાબી ગ્યાલચંદ રસારામ તરફથી બંધાવેલ મંડપમાં સૌ સભાના આકારે ગોઠવાયા હતા, જ્યાં ભજનો ગવાયા બાદ સૂરિજીએ મંગળ-ઉપદેશ આપ્યો હતો બપોરના રાગરાગણીપૂર્વક પૂજા ભણાવવામા આવેલ

તા ૧૦ મી સોમવારે આ વિજયસમુદ્રસૂરિજીની અધ્યક્ષતામાં સાગરના ઉપાશ્રયે જાહેર સભા મળતા શ્રી કે એસ વ્યાસ, પ રામકિશોરજી, મુનિશ્રી જનકવિજયજી, મુનિ બળવંતવિ મુનિ વિનીતવિ. મુનિ ન્યાયવિ મુનિ વિશારદવિ મુનિ શ્રી ઇન્દ્રવિજય ગણિવર્ય તથા સૂરિજીએ ગુરુદેવના જીવનપ્રસંગો પર વિવેચનો કર્યા હતા બપોરના બ્હેનોએ પૂજા ભણાવેલ અને રાત્રે નાટક આદિ રંજન કાર્યક્રમ રજુ કરવામાં આવેલ

તા ૧૧ મી મંગળવારે પચાસરાખાતે ખાસ મંડપમાં સભા રાખવામાં આવેલ જ્યારે શ્રી રસીકલાલ જાની, શ્રી કાન્તીલાલ પુનમચંદ, શ્રી કુંદનમલ નવીનચંદ્ર, શ્રી મહાવીરચંદ્ર, શ્રી નટુભાઈ શ્રી કેશુભાઈ, પ શીવલાલભાઇ, શ્રી મોહનલાલ ડી ચોકસી તથા સૂરિજી આદિએ સમયોચિત પ્રવચનો કર્યા હતા બપોરના પૂજા અને રાત્રે ભાવના રાખવામાં આવેલ

બી. ભા વ ૧૩ ના વરકાણા મંડળ ચારૂપ તીર્થની યાત્રાએ ગએલ ત્યા પૂજા, ભાવના તથા સરયાના વિદ્યાર્થીઓ તથા માસ્તરને ચંદ્રકો આદિ આપવાનો સમારંભ યોજવામા આવેલ.

વ ૧૪ ના સાગરના ઉપાશ્રયે સૂરિજીની નિશ્રામાં વરકાણા વિદ્યાર્થીઓએ ભજનો રજૂ કર્યા ભણસાલી સપતરાયજીએ વરકાણા વિદ્યાલયના ક્રમિક વિકાસનો ઇતિહાસ રજુ કર્યો સૂરિજીને મારવાડ તરફ પધારવા વિનતી કરી તેના જવાબમા સૂરિજીએ જણાવ્યુ કે-મારી ભાવના પંજાબ સંભાળી લેવાની છે, પરંતુ બીકાનેરવાળા શ્રી પ્રેમચંદજી કોચર તરફથી પાલીતાણાખાતે જે ભવ્ય જિનાલય અને ગુરુમંદિર તૈયાર કરવામાં આવેલ છે તેની પ્રતિષ્ઠા માટે ખૂબ આગ્રહ હોવાથી મારે ત્યાં જવુ પડશે અને ત્યાંથી મારવાડ તરફ આવતુ ચોમાસુ કરવાની મારી ભાવના છે

છેવટ પરસ્પર આભારવિધિ કરી સૌ વિખરાયા હતા

પૂ સ્વ આચાર્યદેવની જયન્તી મુંબઈ, પુના પાલીતાણા આદિ ઘણા સ્થળોએ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવેલ

જયંતી નિમિત્તે પૂજા

આ વિજયકમળસૂરીશ્વરજી મહારાજની જયન્તી આસો શુદિ ૧૦ ના રોજ સભા તરફથી ઉજવવામાં આવતા શહેરના મોટા દેરાસરજીમા રાગરાગણીપૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી

સ્વીકાર-સમાલોચના

મહા પથનો યાત્રી-લેખક-મુનિવર્ય શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજ સંયોજક મુનિ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ પ્રકાશક શ્રી વિજયદાન સૂરીશ્વરજી જૈન ગ્રંથમાલા ગોપીપુરા-સુરત કાઉન ૧૬ પેજી પૃષ્ઠ ૨૫૦ મૂલ્ય ૨-૪-૦

–રવ આચાર્ય વિજયદાનસૂરીશ્વરજી મહારાજશ્રીનો જીવનરેખા, તેઓશ્રીનો શિષ્યરત્નોનાં સળગ યાદી વગેરે સચિત્ર આ પુસ્તકમાં રજૂ કરવામા આવ્યો છે વધુમાં પ્રાસમિક ચિત્રો પણ રજુ કરવામાં આવ્યા છે આમ સારૂએ પુસ્તક આ દાનસૂરીશ્વરજી મહારાજનો સુંદર પરિચય કરાવે છે

પૂ વિજયાનંદસૂરીશ્વરજીના પટ્ટાલંકાર કે વડોદરા સમેલન વગેરે વિવાદાત્મક પ્રશ્નોથી આવા ચરિત્રોને નિરાળા રાખવામા આવ્યા હોત તો વધુ સારુ હતુ

એકંદર લેખકની લેખનશૈલિ સુંદર છે તેમ પુસ્તકનુ સુશોભન પણ મનોહર છે

શ્રી પ્રવચન પ્રદીપ–ભા ૧ તથા ભાગ ૨ લેખક મુનિરાજ શ્રી કલ્યાણપ્રભવિજયજી મહારાજ પ્રકાશક શા કાન્તિલાલ છોટાલાલ સમેતડીવાળા–ભીયાગામ કરજણ કા ૧૬ પેજી પૃઠ અનુક્રમે ૧૪૦–૧૭૬. મૂલ્ય રૂ ૧)

બાળજીવો બોધ પામી શકે તેવા ઉદ્દેશથી ગુજરાતી સરળ ભાષામાં પ્રવચનો તૈયાર કરી આ બન્ને પુસ્તિકામા રજૂ કરવામાં આવ્યા છે પ્રથમ ભાગમાં શ્રુતજ્ઞાન અને સંયમ ઉપર ચાર અને બીજા ભાગમા માનવભવના છ ફળો, વૈયાવચ્ચ સત્ત્વાનુકંપા, સુપાત્રદાન અને ગુણાનુરાગ એમ પાંચ પ્રવચનો આપવામાં આવ્યા છે

મહાવીર દેવનો ગૃહસ્થાશ્રમ–અનુવાદક ન્યા ન્યા મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ

શ્રી સત્યભક્તજીએ ' મહાવીર કા અન્તસ્તલ " નામનુ લગભગ ૩૭૫ પૃષ્ઠનુ પુસ્તક રચ્યુ છે જેમાં ભગવાન મહાવીરનુ જીવન–ચિત્રણ રજુ કર્યું છે ચિત્રણમા કલ્પનાઓનો સભાર ખૂબ છે પ્રાચીન શાસ્ત્રોમાં ઉલ્લિખિત મળે છે તે તમામ હકીકત આમા રજુ કરવામાં આવી છે વધુમાં ભગવાન મહાવીરના મનોમંથનનો રંગ પણ જ્યા જ્યાં જરૂર લાગી ત્યાં લેખકે પોતાની પ્રજ્ઞાશક્તિથી પુરેલ છે આ પુસ્તકમાથી શરૂઆતના ૭૨ પૃષ્ઠોનો અનુવાદ ૮૫ પાનાની આ નાની પુસ્તિકામા અત્રે રજૂ કરવામાં આવ્યો છે અને માલવના જૈનોની આર્થિક મદદથી તે પ્રકાશિત કરવામાં આવેલ છે

આપેલુ મૂળ ધ્યેય–વ્યાખ્યાતા, ન્યા ન્યા. શ્રી ન્યાયવિજયજી મહારાજ, પ્રકાશક શ્રી હેમચંદ્રાચાર્ય જૈનસભા–પાટણ કા ૧૬ પૃઠ ૧૧

દિવ્યજીવન સંઘ–પાટણ શાખાના વાર્ષિક ઉત્સવ પ્રસંગે ન્યા ન્યા મુનિ ન્યાયવિજયજી મહારાજે ' જીવન–વિકાસ ' ના માર્ગો દર્શાવતુ એક પ્રવચન આપેલ તે થોડા વિસ્તાર સાથે અત્રે રજૂ કરવામાં આવેલ છે ધનતૃષ્ણા અને કામાસક્તિ પર યોગ્ય અંકુશ મૂકવાથી માનવ માત્ર પોતાના જીવનવિકાસના કોયડાને કેવી રીતે પહોંચી વળે છે તે વસ્તુ ઘણી સુંદર રીતે આ લઘુ પુસ્તિકામા રજૂ કરવામા આવેલ છે

હોલિકા વ્યાખ્યાન—લેખક આચાર્ય શ્રીમદ્ વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ પ્રકાશક શ્રી દર્પ પુષ્પામૃત જૈન મંથમાળા–શાખાનાવળ (જામનગર) કા ૧૬ પૃઠ ૧૬ મૂલ્ય ૩ આના

હોલિકા પર્વમા જે મિથ્યાદૃષ્ટિ રહેલી છે, તેનુ રહસ્ય હોલિકાની આ કથામા રજૂ કરવામા આવેલ છે

મહાત્મા શ્રી મત્સ્યોદરી—લેખક પ્રકાશક ઉપર મુજબ કા ૧૬ પેજી પૃઠ ૧૦ મૂલ્ય છ આના

નિરંતર સુખ જોઈતુ હોય તો તે ધર્મપરાયણ જીવનમાથી મળી રહે છે તે વસ્તુનુ રહસ્ય સમજાવતી મહાત્મા શ્રી મત્સ્યોદરની કથા આ પુસ્તિકામા રજૂ કરવામાં આવેલ છે

૫. શ્રી શિવાનંદવિજયજી ગણિવર્યનુ સંક્ષિપ્ત જીવનચરિત્ર— સંયોજક સાહિત્યપ્રેમી મુનિવર્ય શ્રી નિરંજનવિજયજી મહારાજ પ્રકાશક જસવંતરાય ગિરધરલાલ શાહ ૧૨૩૮, રૂપાસુરચંદનો પોળ–અમદાવાદ

આચાર્ય વિજયનંદનસૂરીશ્વરજી મહારાજના શિષ્ય રત્ન પ શ્રી શિવાનંદજી ગણિવર્ય જેઓ અમદાવાદ ખાતે સ ૨૦૧૧ ના ચૈત્ર વ ૪ ના કાળધર્મ પામ્યા છે તેઓશ્રીનુ ટૂંક જીવનચરિત્ર ૨૦ પાનામાં અત્રે રજૂ કરવામા આવ્યુ છે

આવશ્યક મુક્તાવલી—સંપાદક મુનિવર્ય શ્રી મહિમાવિજયજી મહારાજ પ્રકાશક–મહેતા કાન્તિલાલ રાયચંદલાલ સાહુંદ કા ૧૬ પેજી પૃઠ ૧૭૨ મૂલ્ય ભેટ

સ્તુતિઓ, ચૈત્યવંદનો, સ્તવનો, સજ્ઝાયો, મહુલીઓ, પંચ પ્રતિક્રમણ, નવસ્મરણાદિ સ્તોત્રો, ત્રિવિધિવાનો, દેવવંદનો, સાધુસાધ્વી માટે આવશ્યક ક્રિયાનાં સૂત્રો, મંત્રો અને અનેક જાણવાલાયક વસ્તુઓનો ઘણો ઉપયોગી સંગ્રહ પોણા સાત સો પૃષ્ઠના આ દળદાર ગ્રંથમાં જુદા જુદા પચ્ચીશ ખંડોમાં રજુ કરવામાં આવ્યો છે ગ્રંથનો સંગ્રહ જોતાં શ્રાવક કે સાધુવર્ગને માટે આ એક એવું પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે કે તેમાં નિત્ય આવશ્યક એવી તમામ સામગ્રી આવી જાય છે એટલે જુદા જુદા પુસ્તકો સાથે રાખવાની જરૂર રહેતી નથી

પૂ મુનિવર્ય શ્રી મહિમાવિજયજી મહારાજના ૨૫ વર્ષની દીક્ષાપર્યાયની મંગળ યાત્રાની સ્મૃતિરૂપે આ ગ્રંથ લીંબડીવાળા શ્રી છોટુભાઇ બકરીએ ગુરુ ભક્તિ નિમિત્તે પ્રગટ કર્યો છે અને સદુપયોગ માટે તે ભેટ આપવામાં આવે છે

સુવિખ્યાત તીર્થસ્થાનો અને શ્રી સરસ્વતી દેવી આદિના સુરમ્ય ચિત્રોથી સુશોભિત કેલેન્ડરો તૈયાર કરાવી પ્રતિવર્ષ સમાજ સમક્ષ લલિત છબસંગ્રહવાળા શ્રી છોટુભાઇ મૂકી રહ્યા છે તે વાત સુવિદિત છે આ તમામ કેલેન્ડરોમાં તેઓશ્રીનો કળાપ્રેમ અને તીર્થભક્તિ ટપકે છે તેમ આ ગ્રંથને પણ પોતાના કળાપ્રેમથી શણગારવામાં આવેલ છે.

ફોટોગ્રેવીની શૈલિએ ગ્રંથનું જેકેટ ઘણી સુંદર રીતે તૈયાર કરવામાં આવેલ છે તેમજ બીજા થોડા ફોટાઓ પણ ફોટોગ્રેવી શૈલિએ તૈયાર કરીને આમાં મુકવામાં આવ્યા છે તે આ ગ્રંથના સુશોભનની ખાસ વિશિષ્ટતા છે.

સારોએ સંગ્રહ ખૂબ ચીવટપૂર્વક કરવામાં આવ્યો છે અને ઘણા ઉપયોગી વિષયો તેમાં દાખલ કરવામાં આવ્યા છે ત્યારે સહજ ભાવે એમ લાગે છે કે સ્તવનો, ચૈત્યવંદનો આદિ સંગ્રહ થોડો વિસ્તારીને તેમાં પૂર્વાચાર્યોની લોકપ્રિય કૃતિઓનો થોડો વધુ સમાવેશ કરવામાં આવ્યો હોત તો તે વધુ આવકારદાયક બનત કારણ ઘણા અર્થગંભીર અને અતિ પ્રચલિત સ્તવન, સજ્ઝાયો આદિ આમાં રજૂ થઇ શકયા નથી.

આવા દળદાર કિંમતી ગ્રંથની ત્રણ હજાર કોપી ઉદાર ભાવે ભેટ આપવાનો તેના પ્રકાશકે જે પ્રબંધ કર્યો છે તે બદલ અભિનંદન આપતા ઇચ્છીએ કે ખપી જીવો આ ગ્રંથનો યોગ્ય લાભ ઉઠાવે.

મહેન્દ્ર જૈન પંચાંગ—સંપાદક.-મુનિવર્ય શ્રી વિકાસવિજયજી મહારાજ પ્રકાશક શ્રી જગજીવન શીવલાલ શાહ ૧૨૨ એ. કીકાસ્ટ્રીટ-મુંબઇ ૪. મૂલ્ય આઠ આના

મુનિવર્ય શ્રી વિકાસવિજયજી મહારાજ જ્યોતિષના સૂક્ષ્મ ગણિતથી જૈન પંચાંગ છેલ્લા કેટલાક વરસોથી પ્રગટ કરી રહ્યા છે અને તેઓશ્રીના જ્યોતિષ વિષયક જ્ઞાન માટે જૈન-જૈનેતર વર્ગમાં સારો આદર વધતો આવે છે સામાન્ય રીતે જ્યોતિષનું અપૂર્વ પ્રાચીન સાહિત્ય આપણી પાસે હોવા છતાં આપણે જૈન પંચાંગ તૈયાર કરવામાં સામાન્યત ઉપેક્ષાવૃત્તિ કેળવતા આવ્યા છીએ આવા સમયે મુનિશ્રી વિકાસવિજયજીની જૈન પંચાંગ માટેની સેવા ઓછી આદરપાત્ર ન ગણાય વધારે ખુશી થવા જેવું એ છે પંચાંગોની દુનિયામાં આ પંચાંગનો આધાર ઘણાં પ્રમાણભૂત પ્રતિષ્ઠિત પંચાંગ સંપાદકો પણ લઇ રહ્યા છે અને બી જ્યોતિષાચાર્ય જેવા જ્યોતિષનિષ્ણાતો પણ આ પંચાંગને પ્રેમપૂર્વક આવકારી રહ્યા છે

જૈન પંચાંગ તૈયાર કરવાની મુનિશ્રી વિકાસવિજયજી મહારાજે શરૂ કરેલ યોજનાને જૈનસમાજે જેટલા ઉત્સાહપૂર્વક અપનાવવી જોઇએ તેટલા પ્રમાણમાં અપનાવી નથી, તે આપણા માટે એક વિચારણીય પ્રશ્ન છે

પ્રતિવર્ષ પંચાંગમાં સૂક્ષ્મ ગણિતનો વિભાગ ઉમેરવામાં આવે છે તેમ પંચાંગને રસમય બનાવવા માટે આ વખતે પણ નવું અંગ ઉમેરવામાં આવેલ છે

આ પંચાંગનો વધુ ને વધુ આદરભાવ તેમ તેના પ્રકાશનની યોજના દીર્ઘજીવી દ્રષ્ટિએ કરવામાં આવે અને જને તેટલી સસ્તી આવૃત્તિ માટે સુયોગ્ય પ્રબંધ કરવામાં આવે તેમ અમો ઇચ્છીએ છીએ.

જ્ઞાનપ્રદીપ (ત્રણે ભાગ સાથે) સંપૂર્ણ

લેખક—સદ્‌ગત શાંતમૂર્તિ વિદ્વાન આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ.

જૈન-જૈનેતર અલ્પજ્ઞ દરેક મનુષ્યથી પણ સરલ રીતે સમજી શકાય, તેમજ ઉચ્ચ સંસ્કારી જીવન કેમ જીવી શકાય અને જીવનમાં આવતાં અનેક સુખ, દુઃખના પ્રસંગોએ સમચિત્ત કેવી પ્રવૃત્તિ આદરી શકાય, તેનું દિગ્દર્શન કરાવનાર, અનંતકાળથી સંસારમાં રઝળતા આત્માને સાચો રાહ બતાવનાર, સન્માર્ગ, સ્વર્ગ અને મોક્ષ મેળવવા માટે અચૂક માર્ગદર્શક, ક્ષણિક વર્તમાન કાળમાં સાચું સુખ, સાચી શાંતિ આપનાર, અહિંસા અને સર્વ પ્રત્યે ભ્રાતૃભાવ ઉત્પન્ન કરાવનાર, નિરંતર પઠન-પાઠન માટે અતિ ઉપયોગી, શાસ્ત્રોના અવગાહન અને અનુભવપૂર્ણ રીતે સદ્‌ગત આચાર્ય મહારાજે લખેલો આ સુંદર ગ્રંથ છે. શ્રી પાલનપુર શ્રીસંઘના ઉપર આચાર્ય મહારાજે કરેલા ઉપકાર માટે ગુરુભક્તિ નિમિત્ત અને સ્મરણાર્થે થયેલા ફંડની આર્થિક સહાયવડે આ ગ્રંથ ઊંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં આકર્ષક બાઈંડીંગ સાથે અમારા તરફથી છપાય છે.

ફરી નહીં છપાવવામાં આવતા બે અમૂલ્ય ગ્રંથો મળી શકશે માટે મંગાવો.

૧ શ્રી કલ્પસૂત્ર (બારસા) મૂળ પાઠ.

દર વર્ષે પર્યુષણ પર્વમાં અને સંવત્સરી દિને પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચી ચતુર્વિધ સંઘને સંભળાવે છે જેનો અપૂર્વ મહિમા છે, તે શાસ્ત્રી મોટા ટાઇપમા પ્રતાકારે સુંદર અક્ષરોથી અને સુશોભિત પાટલીસહિત છે. જેથી પૂજ્ય મુનિમહારાજા કે જ્ઞાનભંડાર, લાઇબ્રેરી કે જૈન બંધુઓને જોઇએ તેમણે મંગાવી લેવા નમ્ર સૂચના છે. કિ. રૂ. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

૨ સજ્ઝાયમાળા—શાસ્ત્રી શુદ્ધ રીતે મોટા અક્ષરોથી છપાયેલ, શ્રી પૂર્વાચાર્ય-અનેક જૈન પંડિતો વિરચિત, વિવિધ વિષયક વૈરાગ્યાદિ રસોત્પાદક, આત્માને આનંદ આપનાર ૧૭ મા સૈકાથી અઢારમા સૈકા સુધીમાં થઇ ગયેલા પૂજ્ય આચાર્યદેવો અને પંડિત મુનિમહારાજાએ રચેલ સજ્ઝાયનો સમૂહ આ ગ્રંથમાં આવેલો છે, કે જે વાંચતા મહાપુરુષોના ચારિત્રની ઘટના આપણી પૂર્વની જાહોજલાલી, અને વાચકને વૈરાગ્યવૃત્તિ તરફ દોરે છે. પચાસ ફોર્મ ૪૦૮ પાનાનો સુંદર કાગળો શાસ્ત્રી મોટા ટાઇપો, અને પાકા બાઇંડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત રૂ. ૪-૮-૦ પોસ્ટેજ જુદું. માત્ર જુજ કોપી સિલિકે રહી છે.

લખો:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

નમ્ર સૂચના.

બૃહત્કલ્પસૂત્ર છઠ્ઠો ભાગ હાલમાં પ્રસિદ્ધ થયો છે, પરંતુ આગલા કેટલાક ભાગોનું વેચાણ ઘણા વખત પહેલાં થયેલું હોવાથી, છ ભાગો તૂટક થયા છે, અને છએ ભાગ પૂરતા નહિં મેળવનાર અથવા બીલકુલ નહિં મેળવનારા અનેક મુનિરાજો, જ્ઞાનભંડારો, ખપી આત્માઓના પૂરતા ભાગ મેળવવા માટે સભા ઉપર અનેક પત્રો આવવાથી, અમોએ અન્ય સ્થળેથી ખૂટતા આગલા ૨-૩-૪-૫ ભાગો મેળવીને હાલમાં થોડા આખા સેટો એકઠા કર્યા છે, અને તેની નકલો પણ ઘણી થોડી છે, જેથી જોઇએ તેમણે મંગાવવા નમ્ર સૂચના છે. કિંમત ૨-૩-૪-૫ દરેક ભાગના પંદર, પંદર રૂપિયા અને છઠ્ઠા ભાગના સોળ રૂપિયા (પોસ્ટેજ જુદું). કમીશન ટકા ૧૨૫.

સભાના મેમ્બર થવાથી થતો અપૂર્વ લાભ.

રૂ. ૫૦૧) રૂ. પાંચસો એક આપનાર ગૃહસ્થ સભાના પેટ્રન થઈ શકે છે તેમને છેલ્લા પાંચ વર્ષમાં પ્રગટ થયેલા ગુજરાતી પ્રકાશનો ભેટ તરીકે મળી શકે છે.

રૂ. ૧૦૧) પહેલા વર્ગના લાઇફ મેમ્બર થનારને ચાલુ વર્ષના બધા ગુજરાતી પ્રકાશનો ભેટ મળી શકે છે અને અગાઉના વર્ષના પુસ્તકો પુરાત હશે તે પેટ્રન તથા લાઇફ મેમ્બરોને ચોથી કિંમતે મળી શકે છે.

રૂ. ૫૧) બીજા વર્ગના લાઇફ મેમ્બર તેમને પુસ્તકની જે કિંમત હશે તેમાંથી ત્રણ રૂપિયા કમી કરી બાકીની કિંમતે આ વરસના પુસ્તકો ભેટ મળી શકશે, પણ રૂ. ૫૦) વધુ ભરી પહેલા વર્ગમા આવનારને પહેલા વર્ગને મળતો લાભ મળશે. બીજા વર્ગમાં જ રહેનારને ત્રણ રૂપિઆની કીંમતના ભેટ મળશે

બીજો વર્ગ બંધ કરવામા આવેલ છે

રૂ. ૧૦૧) ભરનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને નીચેના સાત વર્ષોમા જે પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે તે નીચે મુજબ છે.

સ. ૨૦૦૩માં	શ્રી સમરપતિ ચરિત્ર—(સચિત્ર)	કિં. રૂ.	૬-૮-૦
	શ્રી મહાવીર ભગવાનનાં યુગની મહાદેવીઓ	,, ,,	૩-૮-૦
સ. ૨૦૦૪માં	શ્રી વસુદેવ હિંડી ભાષાંતર	,, ,,	૧૫-૦-૦
	શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર (સચિત્ર)	,, ,,	૭-૮-૦
સં. ૨૦૦૫માં	શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર (સચિત્ર)	,, ,,	૧૩-૦-૦
સ. ૨૦૦૬માં	શ્રી દમયન્તી ચરિત્ર (સચિત્ર)	,, ,,	૬-૮-૦
	જ્ઞાન પ્રદીપ ભાગ ૨	,, ,,	૪-૦-૦
	આદર્શ સ્ત્રી રત્નો ભાગ ૨	,, ,,	૨-૦-૦
સં. ૨૦૦૭	શ્રી કથારત્નકોષ ભાષાન્તર ગુજરાતી ભાગ ૧	,, ,,	૧૦-૦-૦
,, ૨૦૦૮	શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર)	,, ,,	૬-૦-૦
	શ્રી અનેકાન્તવાદ (ગુજરાતી)	,, ,,	૧-૦-૦
	ભક્તિ ભાવના નૂતન સ્તવનાવળી	,, ,,	૦-૮-૦
સ. ૨૦૦૯મા	શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર-સચિત્ર	,, ,,	૭-૮-૦
	જ્ઞાન-પ્રદીપ ભાગ ત્રીજો	,, ,,	૨-૦-૦
	નમસ્કાર મહામંત્ર	,, ,,	૧-૦-૦
		રૂ.	૮૬-૦-૦

હવે આપવાના ભેટના પુસ્તકો નવા તૈયાર થશે ત્યા સુધી નવા થનાર લાઇફ મેમ્બરને ઉપરોક્ત સ. ૨૦૦૯ ના ભેટના પુસ્તકો ભેટ મળશે. ૨૦૧૦-૨૦૧૧-૨૦૧૨ ના ભેટ પુસ્તકો માટે શ્રી કથારત્નકોષ ભાગ બીજો તૈયાર થાય છે

પહેલા વર્ગના લાઇફ મેમ્બરની ફી રૂ. ૧૦૧) ભર્યેથી રૂ. ૧૪) નું શ્રી પાર્શ્વનાથ ચરિત્ર રૂ. ૭) વધુ ભર્યેથી આપવામાં આવશે. માટે પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થઈ મળતા ભેટના પુસ્તકોનો લાભ મેળવો જૈન બંધુઓ અને બહેનોને પેટ્રન અને લાઇફ મેમ્બર થઇ નવા નવા સુંદર ગ્રંથો ભેટ મેળવવા નમ્ર સૂચના છે.

ભાવનગરથી પ્રગટ થતુ આત્માનંદ પ્રકાશ માસિક દર માસે જિંદગી સુધી ભેટ મળશે મેમ્બર થવામા જેટલો વિલંબ થશે તેટલા વરસના ભેટના પુસ્તકો ગુમાવવાના રહેશે. અત્યારસુધીમાં આશરે ૭૦૦ સંખ્યા લાઇફ મેમ્બરોની થઈ છે

— શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

• મુદ્રક શાહ ગુલાબચંદ લલ્લુભાઈ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર

શ્રી આત્માનંદ પ્રકાશ

વીર સં. ૨૪૮૨ | માર્ગશીર્ષ | પુસ્તક ૫૩ મું
વિક્રમ સં. ૨૦૧૨ | | અંક ૫ મો

લઘુતાનું ભાન !

નાનકડી મારી નયન કટોરી મે, માતું કલેજું ઓ પ્રાણ !
કેમ સમાઓ, વિરાટ સ્વરૂપ ? ઓ લોકાલોકના ભાણ !
વિરાટ તું વામન હું તો ઓ નાથ !
પ્રભુતા ક્યાં તારી ? હું દાસાનુદાસ !
નિવસજ્યો ઓ પ્રાણ ! હું શ્વાસોશ્વાસ !

કાયા ને માયાના ગર્વ ગાર્યા, રૂપ રંગના રગ રગ વાસ !
વાણી, કવિતા કલાની કલાપે, હું ફૂલ્યો સમાઉં ન ખાસ !
વજ્ર દેહિ દિવ્ય ભરેલ સુવાસ !
સદા ઝીલો આત્મ સુજ્ઞાન વિલાસ ! નિવસજ્યો. ૨

માતું મને હું પ્રેમ પયગંબર, હસતો ઘડીમાં ઉદાસ !
પાર્થિવને પૂર્ણ માની, પરા ને પશ્યંતિની કરું વાત !
પ્રભુ તુને ક્યાંથી પિછાને આ દાસ ?
સુખો કેમ લાધે અનંત અબ્યાબાધ ? નિવસજ્યો. ૩

ભાન ને સાન એભાનને આજે, લાધ્યા અંતરિયે આપ !
ઓસરતું અભિમાન બાલકનું, ટાળો અનાદિ સંતાપ !
પિછાન્યાં જડ ને ચેતનનાં ધામ !
જાગ્યા જ્યોતિરૂપે જ્યા આતમરામ ! નિવસજ્યો. ૪

અસ્તિ નાસ્તિ, દ્રવ્ય ગુણ પર્યાય ને, નિક્ષેપ નય અવદાત !
અરૂપીરૂપ અનંત સ્વરૂપે, ખેલો છો આપોઆપ !
હું તો રમું, રાગ ને દ્વેષ સંગાથ !
સંસારે રાચી રહું રળિયાત ! નિવસજ્યો. ૫

અનંતજ્યોતિ અંતર મારે, તુજ સમ ઝગઝગ રાજ !
મુજ રૂપ ભૂલી શોધું જ્યાં ત્યા, જ્યું મૃગ મૃગમદ કાજ !
પ્રભુ મારે થાવું પ્રભુ સાક્ષાત !
પારસ ! કરો પારસ મણિને ય આપ ! નિવસજ્યો. ૬

પાદરાકર

શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથનું સ્તવન

(ભાગ બીજો)

(ગતાંકથી પૂર્ણ)

એક સમયે ભાવવિજય મુનિ પૂછે ગુરુવરને,
ચક્ષુ પાછાં મેળવવાનું સાધન બતાવો મુજને, ગુરુવર સાધન બતાવો મુજને;
ગુરુવર બોલે, ધર્મની તોલે, તમે ધરો માતાના પાય રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં. ૧૧

પદ્માવતીનું ધ્યાન ધરીને મુનિ તપ-જપ આરંભે,
પ્રસન્ન થઇને માતા બોલે, સાંભળજો તમે આજે, મુનિવર સાંભળજો તમે આજે;
અંતરીક્ષજી જાવો, યાત્રા કરાવો. તમારા ભાગશે સઘળાં દુઃખ રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં. ૧૨

અંતરીક્ષ પ્રભુનો મહિમા સુણી, ભાવવિજય મુનિ આવે;
વિહારનાં કષ્ટ ન સમજે, ધ્યાન એક લગાવે, ગુરુવર ધ્યાન એક લગાવે;
પ્રભુજી મળશે, કારજ સરશે, પામીશ દર્શનાનન્દ રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં ૧૩

ત્યાં આવી ભાવવિજયે, અઠ્ઠમનો તપ કીધો,
પ્રતિજ્ઞા કરાવી વીરપ્રભુની, દર્શનનો લાવો લીધો, પ્રભુજી દર્શનનો લાવો લીધો;
ચક્ષુ આવે, અંધતા જાવે, એનું હૃદય હરખે ન માય રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં. ૧૪

ભાવવિજયની જેમ પ્રભુજી, દિવ્ય દૃષ્ટિ હું ચાહું.
ભવસાગરથી તરવા કારણ, તુજ દર્શન હું માંગુ, પ્રભુજી તુજ દર્શન હું માંગું;
દર્શન દેજો, કરુણા કરજો, ત્રિભુવનના દાતાર રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં. ૧૫

ભવ્ય જનોનાં દુઃખ હરનારી, મૂર્તિ ભવભંજનહારી,
દેશ વિદેશનાં લોકો સુણજો, પ્રતિમા આ ઉપકારી, લોકો પ્રતિમા આ ઉપકારી;
દર્શન કરજો, પાવન થાજો, તમારા ખપશે કોડો કર્મ રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં. ૧૬

ભુવનવિજયના જંબુવિજયે ઇતિહાસનું શોધન કીધું;
રજની કહે ભાવે ગુરુએ, મોટું આ જસ લીધું, પ્રભુજી મોટું આ જસ લીધું;
શિવસુખ વરશે, ભવદુઃખ હરશે, એવા ફલશે ગુરુરાજ રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં. ૧૭

'બીજાપુરનું' સ્નાત્રમંડળ, એ પ્રભુનાં ગુણ ગાવે,
નરનારી સહુ ભેગાં થઇને, ભક્તિ ભરે તને વિનવે, પ્રભુજી ભક્તિ ભરે તને વિનવે;
સમકિત આપજે, દર્શન દેજે, અમે આવ્યા છીએ તારે દ્વાર રે, પ્રભુ પાર્શ્વજી મળશે શિવપુરમાં. ૧૮

રજનીકાંત બાલચંદ-બાલાપુર

તીર્થંકરોનાં લાંછન

(લે:—પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.)

અર્થ–'લાંછન' એ મૂળે 'સંસ્કૃત' શબ્દ છે. એના વિવિધ અર્થ છે, જેમકે (૧) ચિહ્ન, (૨) નામ, (૩) કલંક, (૪) ચન્દ્ર ઉપરનો ડાઘ, અને (૫) સીમા–ચિહ્ન

'લાંછન' શબ્દ ગુજરાતીમાં પણ વપરાય છે, એના ચિહ્ન, ડાઘ અને કલંક યાને બદ્દો એમ ત્રણ અર્થ કરાય છે.

'લાંછન' માટેનો પાઇય શબ્દ 'લંછન' છે, એના ચિહ્ન યાને નિશાની, નામ અને ચિહ્ન કરવું તે એમ ત્રણે અર્થ કરાય છે.

આમ લાંછન (પા. લંછન) શબ્દ આપણી વિવિધ ભાષાઓની દૃષ્ટિએ અનેકાર્થી છે. પ્રસ્તુત લેખમાં ચિહ્ન–તીર્થંકરના દેહ ઉપરનું ચિહ્ન એ અર્થમાં મુખ્યતયા સમજવાનો છે, અને એ રીતે જૈનોમાં આજે પણ આ શબ્દ વપરાય છે.

પર્યાય અને નિષ્પત્તિ–અભિધાનચિન્તામણિ- (કાં. ૨, શ્લો. ૨૦)માં 'લાંછન' શબ્દના અંક, અભિજ્ઞાન, કલંક, ચિહ્ન, લક્ષણ અને લક્ષ્મન્ એમ છ પર્યાયો અપાયા છે. વિશેષમાં એની સ્વોપજ્ઞ વિવૃત્તિ- (પૃ. ૪૦)માં નીચે મુજબ 'લાંછન' શબ્દની નિષ્પત્તિ દર્શાવાઇ છે:—

"लाञ्छयते अनेनेति लाञ्छनम्"

આમ 'લાંછન' શબ્દ 'લાંછૂ' ધાતુ ઉપરથી બનેલો છે. આ ધાતુના બે અર્થ છે: (૧) નિશાની કરવી અને (૨) શોભાવવું.

લાંછનો–આ ચાલુ અવસર્પિણીમાં આપણા દેશમાં ચોવીસ તીર્થંકરો થઇ ગયા છે. એ દરેકના દેહ ઉપર ભિન્ન ભિન્ન મનાતા પ્રકારનું લાંછન હતું એમ પવયણસારુદ્ધાર(પત્ર ૫૬ અ)ની નિમ્નલિખિત ગાથાઓ જોતાં જણાય છે:—

"वसह १ गय २ तुरय ३ वानर ४
कुंचू ५ कमलं ६ च सत्थिओ ७ चंदो ८।
मयर ९ सिरिवच्छ १० गंडय ११
महिस १२ वराहो १३ य सेणो १४ य ॥३७९॥
वज्जं १५ हरिणो १६ छागलो १७
नंदावत्तो १८ य कलस १९ कुंभो २० य।
नीलुप्पल २१ संख २२ फणी २३
सीहो २४ य जिणाण चिन्धाइं ॥३८०॥"

આમ જે આ ગાથામાં ૨૪ જિનેશ્વરોનાં ચિહ્નો યાને લાંછનો પાઇયમાં ગણાવાયાં છે તેનાં સંસ્કૃત નામો એની વૃત્તિ(પત્ર ૫૬ અ)માં સિદ્ધસેનસૂરિએ દર્શાવ્યાં છે. આ વૃત્તિ વિ. સં. ૧૨૪૮માં રચાઇ છે, એ હિસાબે લાંછનોને લગતો ઉપર્યુક્ત ઉલ્લેખ ઓછામાં ઓછો ૮૦૦ વર્ષ જેટલો તો પ્રાચીન ગણાય. પ્રસ્તુત ગાથાઓ આવસ્સયની નિજ્જુત્તિની હોય એમ જણાતું નથી. જો એમ જ હોય તો એ શું કોઇ અન્ય પ્રાચીન કૃતિની છે?

ચોવીસે લાંછનોનાં નામ સમવાયમાં જણાતાં નથી, તો એને લગતો પ્રાચીનમાં પ્રાચીન ઉલ્લેખ શેમાં છે?

ઉપર્યુક્ત બને ગાથાઓ, વિક્રમની ચૌદમી સદીમાં થઇ ગયેલા પ્રદ્યુમ્નસૂરિએ વિચારસારપયરણમાં ગાથા ૧૦૮–૧૦૯ તરીકે રજૂ કરી છે. એમાં ઋષભદેવથી માંડીને મહાવીરસ્વામી સુધીના ચોવીસ તીર્થંકરોનાં લાંછનો અનુક્રમે ગણાવ્યાં છે. એ લાંછનોનાં ગુજરાતી નામ નીચે મુજબ છે.

૧ બળદ, ૨ હાથી, ૩ ઘોડો, ૪ વાંદરો, ૫ ક્રૌંચ (પક્ષી), ૬ કમળ, ૭ સ્વસ્તિક યાને સાથિયો, ૮ ચન્દ્ર, ૯ મગર, ૧૦ શ્રીવત્સ, ૧૧ ગેંડો, ૧૨ પાડો, ૧૩ ડુક્કર, ૧૪ બાજ (પક્ષી), ૧૫ વજ્ર,

---

૧ મલયગિરિસૂરિજીએ આવસ્સયની વૃત્તિમાં આ પાઇય શબ્દ માટે 'શ્રીવત્સ' અને 'શ્રીવક્ષસ્' એમ બે શબ્દ-સંસ્કાર આપ્યા છે.

૧૬ હરણ, ૧૭ બકરો, ૧૮ [1]નંદા(દ્યા)વર્ત, ૧૯ કળશ, ૨૦ કુંભ યાને ઘડો, ૨૧ નીલ કમળ ૨૨ શંખ, ૨૩ સર્પ અને ૨૪ સિંહ

મતાંતર–કુમતવિજયના શિષ્ય આનંદવિજયે [2]પાંચ બોલ ચોવીશ જિન છંદ વિ સ. ૧૫૬૨ માં રચ્યો છે, એમા મલ્લિનાથનું લાંછન 'કળશ' હોવાનો અને મુનિસુવ્રતસ્વામીનું લાંછન 'કાચબો' હોવાનો ઉલ્લેખ છે. પ્રસ્તુત પંક્તિઓ નીચે પ્રમાણે છે

"પ્રભાવતી રાણી માતા અગજાત
'કલશ' લંછન પ્રણમુ મલ્લિનાથ–૨૧"
"મુનિસુવ્રત લંછન 'કાચબો',
ભાવે વંદુ જિન વીશમો–૨૨"

વિક્રમની ૧૮ મી સદીમા થઇ ગયેલા જ્ઞાન વિમલસૂરિએ '[3]ચોવીશ જિન લાંછન' નામનું ચૈત્યવંદન રચ્યું છે. એમા એમણે ૧૮મા અને ૨૦મા તીર્થંકરનાં લાંછન તરીકે 'કુંભ' અને 'કચ્છપ' (યાને કાચબો) ગણાવેલા છે પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે —

'મલ્લિ 'કુંભ વખાણીયે
સુવ્રત કચ્છપ વિખ્યાત"

જૈન તત્ત્વાદર્શ (પૃ ૨૮, પંચમ સંસ્કરણ)માં પણ આ પ્રમાણેનો ઉલ્લેખ છે આર્હત જીવન જ્યોતિના ત્રીજા ભાગરૂપ મારી ત્રીજી કિરણાવલી". (પૃ ૧૬–૧૭)માં જે ચોવીશ લંછનોનાં ચિત્રો છે તેમાં પણ 'કુંભ' અને 'કાચબો' છે વિશેષમાં ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્રના અંગ્રેજી અનુવાદ (પ્રથમ ખંડ)માં પણ લગભગ અંતમા જે ૨૪ લાંછનના ચિત્રો છે તેમા પણ એમ જ છે આમ જે પ્રણાલિકા જણાય છે તેના સમર્થનાર્થે હું 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ અભિધાનચિન્તામણિ-(કાંડ ૧)માં જે નિમ્નલિખિત બે પદ્યો આપ્યાં છે તે હું રજૂ કરું છું —

"वृषो गजोऽश्वः प्लवगः क्रौञ्चोऽब्जं स्वस्तिकः शशी।
मकरः श्रीवत्सः खड्गी महिषः शूकरस्तथा॥४७॥
श्येनो वज्रं मृगः[4]छागो नन्द्यावर्तो घटोऽपि च।
कूर्मो नीलोत्पलं शङ्खः फणी सिंहोऽर्हतां ध्वजाः॥४८॥"

આને અંગેની સ્વોપજ્ઞ વિવૃતિ(પૃ ૧૭)માં નીચે મુજબ લખાણ છે —

"वृषादयः चतुर्विंशति अर्हतां-ऋषभादीनां ध्वजाः चिह्नानि। एते च दक्षिणाङ्गविनिवेशिनो लाञ्छनभेदा इति।"

આ ઉપરથી જાણી શકાય છે કે 'ધ્વજ'નો અર્થ અહીં 'ચિહ્ન' કરવાનો છે વિશેષમાં આ ૨૪ ચિહ્નો જમણા અંગ ઉપર હોય છે આ ઉપરાંત 'ચિહ્ન' કહો કે 'લાંછન' કહો તે એક જ છે આમ હેમચન્દ્રસૂરિએ પણ જૈનોમાં રૂઢ બનેલો 'લાંછન' શબ્દ વાપર્યો છે

વિસ વાદનાં મૂળ–ચોવીસ લાંછનો પૈકી બાવીસ પરત્વે તો એકવાક્યતા છે[4] ફેર બે જ પૂરતો છે એક બાજુ હેમચન્દ્રસૂરિનું કથન છે તો બીજી બાજુ પવયણસારુદ્ધારના કર્તા નેમિચન્દ્રસૂરિનું કથન છે આ પૈકી એકે કથન સ્વતંત્ર નિરાધાર હોઇ શકે નહિ. એટલે એને કોઇ પ્રાચીન અને પ્રમાણિક ગ્રંથનો આધાર હોવો જોઇએ, તો એ જણાવવા કોઇ કૃપા કરશે?

---

૧ અહીં "નંદાવર્ત" ના સંસ્કૃત નામ તરીકે 'નંદાવર્ત'નો ઉલ્લેખ છે.

૨ આ ૨૯ કડીનો છંદ સજ્જન સન્મિત્રની ઈ સ ૧૯૧૬મા પ્રસિદ્ધ કરાયેલી પ્રથમ આવૃત્તિ-(પૃ ૨૫-૨૭)મા છપાયો છે એમા ચોવીશ તીર્થંકરનાં તેમજ એમનાં માતા અને પિતાનાં નામ, એમની નગરીનાં નામ અને એમના લાંછન એ પાંચ બાબત અપાઇ છે

૩ આ સજ્જન સન્મિત્ર (પૃ ૨૦–૨૧)માં છપાવાયું છે.

૪ 'કુંભ' અને 'કળશ' વચ્ચેનો ભેદ જતો કરાતાં આમ કહી શકાય

વર્ગીકરણ—૨૪ લાંછનોમાંના આપણે ભિન્ન ભિન્ન વર્ગ પાડી શકીએ. કળશ અને કાચબો એ બંને ગણતાં પચ્ચીસ લાંછનો થાય તેમાં તિર્યંચ પંચેન્દ્રિયનો મોટો ભાગ છે એમાં પશુસૂચક દસ નામો નીચે મુજબ છે:—ગેંડો, ઘોડો, ડુક્કર, પાડો, બકરો, બળદ, વાંદરો, સિંહ, હરણ અને હાથી.

પંખી-વાચક નામ બે છે: ક્રૌંચ અને બાજ.

આ ઉપરાંતનાં અન્ય પ્રાણીઓના નામ નીચે પ્રમાણે છે,—કાચબો, મગર અને સર્પ.

કેટલાંક નામ ભૂમિતિને લગતી આકૃતિઓનું સ્મરણ કરાવે છે જેમ કે નન્દાવર્ત, શ્રીવત્સ અને સ્વસ્તિક

બાકીનાં નામને 'પ્રકીર્ણક' તરીકે ઓળખાવીએ, તે નામો હું નીચે મુજબ રજૂ કરું છું:—કમળ અને નીલ કમળ, કળશ અને કુંભ, શંખ, ચન્દ્ર અને વજ્ર

પરિચય:—પ્રાણીવાચક પંદર નામ છે. તેમાંથી બાજ પક્ષીને 'શકરો', તેમ જ 'ક્રૌંચાણો' પણ કહે છે. એને અંગ્રેજીમાં હૉક (Hawk) કહે છે એ પક્ષીની વાત શિબિ રાજાના પ્રસંગમાં તેમજ શાંતિનાથના ચરિત્રમાં પણ આવે છે

ક્રૌંચને માટે અંગ્રેજીમાં હેરન (Heron) તેમજ કર્લ્યૂ (Kurlew) શબ્દ પણ વપરાય છે 'ક્રૌંચ' ને માટે સંસ્કૃતમાં 'કુંચ' અને 'કુંચ્' એ બે શબ્દો પણ વપરાય છે. પાઇયમાં 'કોંચ' શબ્દ છે. એ કાલુ(કા ૭, સુત્ત ૫૫૩)માં વપરાયો છે. અહીં કહ્યું છે કે 'ધૈવત્' સ્વર સારસ અને ક્રૌંચ ઉચ્ચારે છે.

નન્દાવર્ત, શ્રીવત્સ અને સ્વસ્તિક—આ વિષે મેં મારા [1]લેખ નામે "સ્વસ્તિક, શ્રીવત્સ અને નન્દાવર્ત"માં બન્ને તેટના વિસ્તારથી નિરૂપણ કર્યું છે. વળી પાંચમી "કિરણાવલી"ના "આઠ મંગળ" નામના પ્રથમ કિરણમાં પણ એ વિષે કેટલીક હકીકત રજૂ કરી છે સાથે સાથે એમાં મથાળે આઠે મંગળોના ચિત્રો અને પૃ ૩ માં કેટલાક મંગળોના અન્યાન્ય ચિત્રો પણ આપ્યા છે આથી અહીં હું હવે એ બાબતોને જતી કરી, કેટલીક બાબત ઉપર કહું:—

નન્દાવર્ત અને નંદાવર્ત—પાઇય સાહિત્યમાં 'નંદાવત્ત' તેમજ 'નંદિયાવત્ત' એમ બંને શબ્દો વપરાયા છે અને એના અનુક્રમે અનુરૂપ સંસ્કૃત શબ્દો 'નંદાવર્ત' અને 'નન્દાવર્ત' છે આ બંને બીનાની, રાયપ્પસેણઇજ્જની મલયગિરિસૂરિકૃત વૃત્તિ (પત્ર ૮ અ) સાક્ષી પૂરે છે, કેમકે એ સૂરિએ આ બંને શબ્દો અને એના શબ્દસંસ્કારની નોંધ લીધી છે. આ સૂરિએ ઓવવાઇય ઉપર વૃત્તિ રચી છે એની નીચે મુજબની પંક્તિ નન્દાવર્તના સ્વરૂપ ઉપર પ્રકાશ પાડે છે—

"नन्द्यावर्तः प्रतिदिग्नवकोणः स्वस्तिकविशेषो रूढिगम्यः।"

આ ઉપરથી જાણી શકાય છે કે નન્દાવર્તને, પ્રત્યેક દિશામાં નવ ખૂણા હોય છે અને એ એક જાતનો સ્વસ્તિક છે

નવ ખૂણા હોવાની વાત અક્કલંકસૂરિએ પણ હરિવંશપુરાણ(દ્વાર ૧)ની વૃત્તિમાં દર્શાવી છે એમનો પહેલાં કહ્યો તેમ કર્યું છે[2]

નન્દાવર્ત કે નન્દાવર્ત કે એ બંને શબ્દની સિદ્ધિ વિષે કોઇ સ્થળે ઉલ્લેખ હોય એમ જાણવામાં નથી આથી નન્દાવર્તને અંગે એક કલ્પના સ્ફુરે છે તે રજૂ કરું છું નન્દાવર્ત—નન્દ આવર્ત. નન્દ નવ થયા છે આવર્તનો અર્થ આંટો, ચકરાવો એમ કરાયો છે. આથી નવ આવર્તવાળો સ્વસ્તિક તે 'નન્દાવર્ત' એમ કહી શકાય

---

૧ આ લેખ "ચિત્રમયજગત" (વર્ષ ૨૧ અંક ૧૨) માં ઇ સ ૧૯૩૧ માં છપાયો છે.

૨ ઓવવાઇય (સુત્ત ૨૬, પત્ર ૫૨ આ તેમજ સુત્ત ૩૧, પત્ર ૬૮ આ) માં 'ણંદિયાવત્ત' શબ્દ વપરાયો છે.

'નન્દ્યાવર્ત' માંનો અંતિમ અંશ 'આવર્ત' હોય તો પૂર્વ અંશ નન્દિ, નન્દી કે નન્દ્ય સંભવે નન્દિ તેમ જ નન્દીનો અર્થ 'મહાદેવનો પોઠિયો' થાય છે, પણ એ અત્ર અપ્રસ્તુત જણાય છે. સમૃદ્ધિ, મંગળ કે પ્રમોદ સૂચવનાર આવર્તવાળો સ્વસ્તિક એવો અર્થ નન્દ્યાવર્તનો થઇ શકે તેમ છે એ અત્ર પ્રસ્તુત હશે આ તો કલ્પનાઓ છે કોઇ આધાર મળે તો એ સફળ બને

શ્રીવત્સ-આને અંગે અભિધાનચિન્તામણિ(કાંડ ૨ શ્લો. ૧૩૬)ની સ્વોપજ્ઞ વિવૃતિ-(પૃ ૬૬)માં નીચે મુજબ ઉલ્લેખ છે –

'श्रिया युक्तो वत्सः-वक्षः अनेन श्रीवत्सः, रोमावर्तविशेष ।"

આમ 'શ્રીવત્સ'માં શ્રી અને વત્સ એ બે શબ્દો છે અને 'વત્સ' નો અર્થ છાતી થાય છે. શ્રીવત્સ એટલે શ્રીથી યુક્ત છાતી 'શ્રીવત્સ' એક પ્રકારનું વાળનું ગુચળું છે. પ્રસ્તુતમાં એ ગુચળા જેવો આકાર સમજવાનો છે

ઔપપાતિકની વૃત્તિમાં શ્રીવત્સને અંગે નીચે મુજબનો ઉલ્લેખ છે —

'श्रीवत्सः तीर्थंकरहृदयावयवविशेषाकार "

આનો અર્થ એ છે કે 'શ્રીવત્સ' એ તીર્થંકરના હૃદયના એક અવયવનો વિશિષ્ટ આકાર છે પ્રમેયરત્નમંજૂષામાં કહ્યું છે કે 'શ્રીવત્સ' એ મહાપુરુષની છાતી ઉપર રહેલા ઊંચા અવયવ ઉપરનું લાંછન છે

સ્વસ્તિક—અહીં 'સ્વસ્તિક' થી 'દક્ષિણાવર્ત' સ્વસ્તિક સમજવાનો હોય એમ લાગે છે ઔપપાતિક(સૂત્ર ૧૦)ની મલયગિરિસૂરિકૃત વૃત્તિ (પત્ર ૧૯અ)માં 'સ્થિત-સોત્થિય' અટે સિદ્ધ-સ્વસ્તિક અને દક્ષિણાવર્ત સ્વસ્તિક એમ બે પર્યાયોનો ઉલ્લેખ છે

ચિત્રો—આઠે મંગળનું એક ચિત્ર વિ. સ ૧૫૧૨માં સુવર્ણપુર(સુરત)માં લખાયેલી એક હાથપોથીમાં છે વિશેષમાં [1]આઠ મંગળરૂપ અક્ષરવાળા ચન્દ્રપ્રભજિનસ્તવનને લગતી આ હાથપોથી છે એ 'વિદ્વદ્-વલ્લભ' મુનિશ્રી પુણ્યવિજયજીએ તા ૨૪-૩-૫૫ ને રોજ મને અમદાવાદમાં બતાવી હતી એ ચિત્ર તેમજ લખાણ એમ ઉભય દૃષ્ટિએ ખંડિત હાથપોથીનો ઉપયોગ મે એમની અનુજ્ઞાથી, મુંબઇ વિદ્યાપીઠ તરફથી "Illustrations of Letter Diagrams" (ચિત્રકાવ્યોનાં ઉદાહરણો) નામનો મારો જે સચિત્ર લેખ છપાય છે, તેના બીજા હપ્તા માટે કર્યો છે એ ઉપરથી ચિત્રકાવ્યના અમુક નમૂના તેમજ એનાં ચિત્રોનો ખ્યાલ આવી શકે તેમ છે

કમળ-છઠ્ઠા તીર્થંકરના લાંછન તરીકે કમળનો બાંધેબારે ઉલ્લેખ જોવાય છે, જ્યારે એકવીસમા તીર્થંકરને અંગે 'નીલ કમળ' એવો ઉલ્લેખ છે આથી 'કમળ' થી કયા વર્ણનું કે કેટલાં પત્રનું કે કેવું એ સમજવું તે જાણવું બાકી રહે છે

કળશ અને કુંભ—કેટલીક વાર આ બેને એકાર્થક ગણવામાં આવે છે, શું અહીં પણ તેમ જ સમજવાનું છે? જો એમ જ હોય તો એ પ્રમાણેનાં લાંછનવાળી અને લાંછનથી જ ઓળખી શકાય તેવી પ્રતિમાઓ કેવી રીતે ઓળખી શકાય?

કળશથી નાળચાવાળો કુંભ સમજવાનો હોય તો તે વાત જુદી છે, પણ એ અર્થ અહીં કરવા માટે શો આધાર છે?'

શંખ-સ્વસ્તિકની જેમ શંખ પણ બે પ્રકારના ગણાવાય છે તેમાં 'દક્ષિણાવર્ત' ઉત્તમ ગણાય છે અહીં લાંછન તરીકે એ સમજવાનો કે કેમ? અને તે માટે શો આધાર છે?

વજ્ર—આનો આકાર કેટલીક પ્રતિમાની ગાદી ઉપર જોવાય છે આ જાતનો પ્રાચીનમાં પ્રાચીન

---

[1] આમાં 'વર્ધમાનક' પણ ગણાવાય છે ઔપપાતિક (સૂ ૨૪)ની મલયગિરિસૂરિકૃત વૃત્તિ(પત્ર ૫૧અ)માં વર્ધમાન એટલે 'શરાવ' અથવા પુરુષના ઉપર આરૂઢ થયેલો પુરુષ એમ બે અર્થ અપાયા છે

અને વિશ્વસનીય નમૂનો કયો છે? વજ્ર-ગ્રંથથી અલંકૃત કેટલાંક પટો મળે છે તો એને અંગે પ્રાચીનમાં પ્રાચીન ચિત્ર શેમાં મળે છે?

સ્થાન-લાંછનોનાં સ્થાન તરીકે તીર્થંકરના દેહનો, એમની પ્રતિમાના આસનનો અને એમના ધ્વજનો ઉલ્લેખ જોવાય છે. આ ત્રણે બાબત આપણે ક્રમશઃ વિચારીશું.

દેહ-આપણે જોઈ ગયા તેમ હેમચન્દ્રસૂરિએ કહ્યું છે કે પ્રત્યેક તીર્થંકરના દેહના જમણા ભાગમાં લાંછન હોય છે. આ લાંછન જમણી જાંઘ ઉપર હોવાનું સામાન્ય રીતે મનાય છે, પરંતુ એના સમર્થનાર્થે પ્રાચીનમાં પ્રાચીન પ્રમાણ શું મળે છે તેની તપાસ કરવી બાકી રહે છે.

ઋષભદેવને તો બંને જાંઘ ઉપર બળદનું લાંછન હતું એમ આવશ્યકની નિર્યુક્તિની નિમ્નલિખિત ૧૦૮૦મી ગાથા ઉપરથી જાણી શકાય છે:—

"उरूसु उसभलंछण उसभं सुमिणंमि तेण उसभजिणो ।

अक्खेसु जेण अजिया जणणी अजिओ जिणो तम्हा ॥ १०८० ॥"

પ્રતિમા-તીર્થંકરોની પ્રતિમા એકસરખી હોય છે. એ કયા તીર્થંકરની છે તે જાણી શકાય તે માટે પ્રતિમામાં જમણી જાંઘે લાંછન દર્શાવવું શક્ય નહિ જણાવાયાથી કે કોઈ અન્ય કારણ હોય તો તેથી, પ્રતિમાના આસન ઉપર-એની ગાદી ઉપર, એના મધ્ય ભાગમાં કે જે પલાંઠીની બરાબર નીચે આવે છે તેમાં અને કોઈક પ્રતિમાના [1]પબ્બાસણમાં લાંછનને સ્થાન અપાતું આવ્યું છે.

મુંબઈમાં વાલકેશ્વર ઉપર શ્રી આદીશ્વરજીનું જે દહેરાસર છે તેમાં લાંછન પબ્બાસણ ઉપર છે એમ કેટલાકની પાસે મેં સાંભળ્યું છે.

ધ્વજ-**જૈન તત્ત્વાદર્શ**-(પરિચ્છેદ ૧, પૃ. ૨૭)-માં એના કર્તા 'પંજાબોદ્ધારક' વિજયાનન્દસૂરિએ નીચે મુજબનો ઉલ્લેખ કર્યો છે:—

"अथ चोवीस तीर्थङ्करों के चिन्ह जो कि उनके दक्षिण पग में वा उनकी ध्वजा में होते है।"

અહીં લાંછન ધ્વજમાં હોવાનું જે કહ્યું છે તે માટે કોઈ આધાર અપાયો નથી તેમ હું પણ અત્યારે કોઈ આધાર પ્રમાણભૂત ગ્રંથની સાક્ષી આપી શકું તેમ નથી એટલે એ કાર્ય હું તજ્જ્ઞોને ભળાવું છું.

ઋષભદેવ વગેરે ચોવીસે તીર્થંકરો રાજકુંવરો હતા. એમાંથી [2]પાંચ સિવાયના બધા રાજા બન્યા અને તેમાંના [3]ત્રણ તો ચક્રવર્તી થયા, આથી એમને ધ્વજ હશે એમ મનાય.

પ્રત્યેક તીર્થંકરની આગળ ઇન્દ્રધ્વજ હોય છે, એમ કહેવાય છે. આમ જે ભિન્ન ભિન્ન ધ્વજ મનાવાય છે તે પૈકી અહીં કયો ધ્વજ અભિપ્રેત છે? શું બધાએ ધ્વજ પ્રસ્તુત છે?

આ ઉપરાંત તીર્થંકરની સમીપમાં સમવસરણમાં રત્નમય ધ્વજ અને પૂર્વ દિશામાં ધર્મ-ધ્વજ, દક્ષિણમાં મીન-ધ્વજ અને પશ્ચિમમાં ગજ-ધ્વજ અને ઉત્તરમાં સિંહધ્વજ હોય છે.

---

૧ આ શબ્દ સંસ્કૃત કે પાર્ષદ હોય એમ જણાતું નથી. એ કોઈ સંસ્કૃત શબ્દનું રૂપાંતર-અપભ્રષ્ટરૂપ હશે. આથી હું એ 'પ્રભુનું આસન'એ અર્થસૂચક 'પ્રવાસન' ઉપરથી ઊતરી આવ્યાની કલ્પના કરું છું. જેમકે પ્રવાસન-પબ્બાસણ-પબ્બાસણ.

૨ વાસુપૂજ્યસ્વામી, મલ્લિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામી.

૩ શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ.

સમ્યક્ ચારિત્ર એટલે સ્વરૂપરમણતા*

(સંક્ષિપ્ત સ્વરૂપ)

(સ૦ ડોકટર વલ્લભદાસ નેણસીભાઈ-મોરબી)

આત્માનો સ્વ-સ્વભાવ જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગનો છે ઓછુ કે વધુ કે સંપૂર્ણ જ્ઞાન-દર્શન અને વીર્ય પોતાના સ્વરૂપમા નિર્મળ જ છે બારમા ગુણસ્થાનક સુધી જ્ઞાન-દર્શન એ વીર્યનો ઉઘાડ (ક્ષયોપશમ ભાવ હોવાથી) અપૂર્ણ છે, અનંતમા ભાગ જેટલો છે તેરમા-ચૌદમા ગુણસ્થાનકે અને સિદ્ધાવસ્થામા એ જ્ઞાન-દર્શન અને વીર્યનો ઉઘાડ (ક્ષાયિક ભાવ હોવાથી) સંપૂર્ણ છે એ અપૂર્ણ જ્ઞાન દર્શન સાથે અપૂર્ણ વીર્યનો વ્યાપાર થાય તેનુ નામ જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ છે જ્ઞાન-દર્શન અને વીર્ય એ ત્રણેયની અપૂર્ણતાને અંગે જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ એ પણ અપૂર્ણ છે એવો અપૂર્ણ જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ છદ્મસ્થ જીવોને ૧ થી ૧૨ ગુણસ્થાનકોમાં હોય છે. એ અપૂર્ણ જ્ઞાનોપયોગવડે વિવક્ષિત સમયે કોઇ પણ એક જ દ્રવ્યના વર્તમાન પર્યાય જેટલુ જ જાણપણુ થાય છે અને એ અપૂર્ણ દર્શનોપયોગવડે વિવક્ષિત સમયે કોઇ પણ એક જ દ્રવ્યનુ જોવાપણુ થાય છે જે વખતે જે ૧ જે પર્યાયનો જ્ઞાનોપયોગ હોય અથવા દર્શનોપયોગ હોય તે વખતે તે દ્રવ્યના તે પર્યાયના જ્ઞાન દર્શન સિવાય બીજા કોઇ પણ દ્રવ્યો તથા તેના પર્યાયના જાણપણાનો કિંવા જોવાપણાનો વ્યાપાર હોતો નથી એટલુ જ નહીં પરંતુ વિવક્ષિત દ્રવ્યના વર્તમાન પર્યાય સિવાય-ભૂત-ભાવી-અનંત-પર્યાયોના જ્ઞાન-દર્શનનો પણ અભાવ હોય છે જે સમયે જ્ઞાનોપયોગ હોય છે તે સમયે દર્શનોપયોગ ન હોય, અને જે સમયે જ્ઞાનોપયોગ છે તે સમયે દર્શનોપયોગ ન હોય-આ વ્યવસ્થા તો છદ્મસ્થ જીવો માટે જણાવી

જે આત્માઓ પૂર્ણ જ્ઞાન-દર્શનની શક્તિવાળા છે, અર્થાત્ જ્ઞાનગુણનો ઘાત કરનાર, જ્ઞાનાવરણીય કર્મનો, દર્શન ગુણનો ઘાત કરનાર દર્શનાવરણીય કર્મનો તેમજ આત્માની અનંત શક્તિનો ઘાત કરનાર અંતરાય કર્મનો જે આત્માઓએ સ્વભાવદશાના વીર્યોલ્લાસથી સંપૂર્ણ ક્ષય કર્યો છે તેવા તેરમા-ચૌદમા ગુણસ્થાનકોમાં વર્તતા તેમજ સિદ્ધ અવસ્થામાં વર્તતા આત્માઓને અનંત જ્ઞાન અને અનંત દર્શન સાથે અનંત વીર્યનો વ્યાપાર થતા સમયે સમયે અનંત પદાર્થોનુ તેમજ દરેક પદાર્થ-દ્રવ્યના અનંત અનંત પર્યાયોનું જાણપણુ, જોવાપણુ વર્તે છે સમયમા એ અનંત દ્રવ્યોના અનંત પર્યાયોને જાણવાનો ઉપયોગ હોય છે તેનુ નામ કેવળજ્ઞાનોપયોગ કહેવાય છે અને જે સમયમાં એ અનંત દ્રવ્યો ઉપર જ ઉપયોગ છે, તેનુ નામ કેવળદર્શનોપયોગ કહેવાય છે

એ કેવળજ્ઞાનોપયોગ અને કેવળદર્શનોપયોગની સાથે આત્મામા વિકારીભાવ પ્રગટ કરનાર એક પણ ઘાતીકર્મના ઉદયનુ મિલન ન હોવાથી, લોકાલોકના સર્વ દ્રવ્યો તેમજ સર્વ પર્યાયોને જાણવા-જોવા સિવાય (સંપૂર્ણ-જ્ઞાતા-દ્રષ્ટા સિવાય) બીજો કોઇ પણ આ મારુ, આ પારકુ, આ અનુકૂળ, આ પ્રતિકૂળ, આ સારુ, આ ખોટુ વિગેરે કોઈ પણ વિકારો હોતા નથી, એ વિકારોના સર્વથા અભાવથી ફક્ત જ્ઞાતા-દ્રષ્ટા તરીકે જ વર્તતી આત્માની જે અવસ્થા તેનુ નામ 'સ્વરૂપરમણતા"

આ તો કેવળી આત્માઓ માટે વિચાર્યું હવે છદ્મસ્થ અપૂર્ણ-જ્ઞાન-દર્શન-વીર્યવાળા આત્માઓ માટે વિચારીએ છદ્મસ્થ જીવોમાં બે અવસ્થા છે બે પ્રકાર છે એક સરાગ છદ્મસ્થ, બીજો વીતરાગ છદ્મસ્થ એમાં જે વીતરાગ છદ્મસ્થ છે તેને જેટલે અંશે જ્ઞાન-દર્શન અને વીર્યનો ઉઘાડ છે, તેટલે અંશે તે

* એક વિદ્વાન મુનિમહારાજ સાથે આ અંગે ચર્ચા વિચારણા થતા જે જાણી શકાયુ છે તે તત્ત્વજિજ્ઞાસુઓ માટે પ્રસિદ્ધ કર્યું છે. લેખક.

આત્માને સંપૂર્ણ સ્વરૂપરમણતા છે. અર્થાત્ એ વીતરાગ છદ્મસ્થપણામાં પરભાવની રમણતા જરા પણ નથી. જો કે કેવળી ભગવંતની અપેક્ષાએ એ વીતરાગ છદ્મસ્થ આત્માઓને જ્ઞાન-દર્શન અને વીર્યનો ઉઘાડ અનંતમા ભાગ જેટલો છે તો પણ એ અનંતમાં ભાગ જેટલા જ્ઞાન-દર્શન અને વીર્યના ઉઘાડ સાથે અર્થાત્ જ્ઞાનોપયોગ, દર્શનોપયોગની સાથે મોહનીયના ઉદયજન્ય વિકારનો અભાવ હોવાથી તેટલે અંશે સ્વરૂપરમણતા જ છે. શાસ્ત્રમાં એ અપેક્ષાએ જ વીતરાગ છદ્મસ્થ તથા વીતરાગ કેવળી એ બન્નેના સંયમસ્થાનની વિશુદ્ધિ એક સરખી જ કહેલી છે. સંયમસ્થાનમાં તરતમતા થવાનું કારણ મોહનીયનો ઉદય છે, એ મોહનીયના ઉદયનો અભાવ, વીતરાગ છદ્મસ્થમાં (૧૧-૧૨ ગુણસ્થાનકમાં) તથા વીતરાગ કેવળીમાં (૧૩-૧૪ ગુણસ્થાનકમાં) સમાન છે એટલે સંયમસ્થાનની વિશુદ્ધિમાં તરતમતા નથી.

મોહનીયના ઔદયિક ભાવના અભાવની અપેક્ષાએ સંયમ-સ્થાનવિશુદ્ધિની સમાનતા વીતરાગ છદ્મસ્થ તથા વીતરાગ કેવલી બન્નેમાં એક સરખી છે તેમ જણાવ્યું, તો પણ વીતરાગ છદ્મસ્થના ચારિત્ર-પર્યાયની અપેક્ષાએ વીતરાગ કેવલીનો ચારિત્રપર્યાય અનંત ગુણ છે એમ જે શાસ્ત્રોમાં કહેલ છે તે પણ બરાબર છે, કારણ કે વીતરાગ છદ્મસ્થને જ્ઞાન-દર્શન અને વીર્યનો ઉઘાડ અનંતમા ભાગ જેટલો હોવાથી તેટલો જ ચારિત્રપર્યાય છે, જ્યારે વીતરાગ કેવલીને જ્ઞાન-દર્શન અને વીર્યનો સંપૂર્ણ ઉઘાડ હોવાથી તેમને અનંતગુણ ચારિત્રપર્યાય બરાબર ઘટી શકે છે.

હવે સરાગી છદ્મસ્થ માટે સ્વરૂપરમણનો વિચાર કરીએ. સરાગી છદ્મસ્થ જીવોના બે પ્રકાર-(૧) મિથ્યાદૃષ્ટિ સરાગી, અને (૨) સમ્યગ્દૃષ્ટિ સરાગી-એ બંનેમાં મિથ્યાદૃષ્ટિ સરાગીને સ્વરૂપરમણતાનો (સંયમવિશુદ્ધિનો તથા ચારિત્રનો) સર્વથા અભાવ છે અર્થાત્ સંપૂર્ણતમા પરભાવની રમણતા છે. ઉપરાંત રુચિ પણ પરભાવરમણતાની જ છે—

સમ્યગ્દૃષ્ટિ સરાગીના બે પ્રકાર—અવિરત અને વિરતિવંત. એ બન્નેમાં અવિરત સમ્યગ્દૃષ્ટિ સરાગીને સંપૂર્ણતયા પરભાવની રમણતા છે. સ્વરૂપરમણતાનો પુરુષાર્થ નથી છતાં સમ્યગ્દૃષ્ટિપણાને અંગે પરભાવની રમણતા ઉપર અરુચિ અને સ્વરૂપરમણતા પર રુચિ છે.

સમ્યગ્દૃષ્ટિ વિરતિવંત સરાગી છદ્મસ્થના બે પ્રકાર છે. (૧) સમ્યગ્દૃષ્ટિ દેશવિરતિ અને (૨) સમ્યગ્દૃષ્ટિ સર્વવિરતિ-એ બંનેમાં દેશવિરતિને બીજા નંબરના કષાયોદયના અભાવે રૂપીયે એક આના જેટલી સ્વરૂપરમણતા અને ત્રીજા ચોથા કષાયોદયને અંગે પંદર આની પરભાવરમણતા વર્તે છે.

સમ્યગ્દૃષ્ટિ સર્વવિરતના બે પ્રકાર-(૧) સમ્યગ્દૃષ્ટિ સર્વવિરતિ અપ્રમત્ત સરાગી છદ્મસ્થ અને (૨) સમ્યગ્દૃષ્ટિ સર્વવિરતિ પ્રમત્ત સરાગી છદ્મસ્થ-એ બન્ને પ્રકારમાં સર્વવિરતિ પ્રમત્તને સંપૂર્ણ સ્વરૂપરમણતા માટેના પુરુષાર્થ છતાં સંજ્વલન કષાયોદયની તીવ્રતાને અંગે વારંવાર તેમાં સ્ખલિતપણું વર્તે છે.

સમ્યગ્દૃષ્ટિ અપ્રમત્ત સરાગીના પુનઃ બે પ્રકાર-બાદર અને સૂક્ષ્મ બાદર છદ્મસ્થને સંજ્વલન કષાયોદયનો જેટલો જેટલો અભાવ, તેટલી તેટલી સ્વરૂપરમણતાની વૃદ્ધિ અને જેટલો જેટલો સંજ્વલન કષાયોનો સદ્ભાવ તેટલી તેટલી પરભાવની રમણતા વર્તે છે. સૂક્ષ્મ સરાગીને સંજ્વલન સૂક્ષ્મ લોભના ઉદય જેટલી જ પરભાવની રમણતા બાકી સમગ્રપણે સંપૂર્ણપણે સ્વરૂપરમણતા વર્તે છે, અને ત્યારબાદ એ સૂક્ષ્મ સંજ્વલન લોભનો પણ ઉપશમ શ્રેણીવાળાની અપેક્ષાએ ઉપશમ અને ક્ષપકશ્રેણીવાળાની અપેક્ષાએ ક્ષય થતા તેટલી પણ પરભાવની રમણતા ટળી જાય છે. તેમજ અગાઉ જણાવ્યા પ્રમાણે સંપૂર્ણપણે સ્વરૂપરમણતા પ્રગટે છે.

વાસ્તવિક રીતે સમ્ જ્ઞાન-દર્શન-ચારિત્ર એ ત્રણે અભેદરૂપે અનુભવાય, ત્યારે જ સ્વાનુભવ જ્ઞાન પ્રાપ્ત થયું છે એમ નિશ્ચય થાય છે. રાગ-દ્વેષનો ક્ષય તો ૧૦ મા ગુણસ્થાનકે થાય છે, પણ રાગ-દ્વેષના

ઉદય વખતે રાગ-દ્વેષમય ન બનતાં દ્રષ્ટાભાવે, અબંધક પરિણામે, રાગ-દ્વેષના ઉદયને વેદીને તેનાથી જેટલે અંશે મુક્ત થવાય તેટલે અંશે ચારિત્ર કહેવાય છે, માટે સ્વસ્વરૂપની રમણતા (આત્મોપયોગ) તે જ્ઞાન અને સ્થિરતા (સત્તાગત મોહનીય કર્મને) ઉદયગત વેદતી વખતે સમપરિણામે દ્રષ્ટાભાવે નિર્વિકલ્પપણે અબંધ પરિણામે વેદીને રાગદ્વેષજન્ય ઉદયગત કર્મનો અબંધક ભાવે ક્ષય કરે તેને જ ચારિત્ર કહે છે

સ્વરૂપરમણતા એટલે જ્ઞાનદર્શનમય આત્મસ્વભાવમાં-આત્મસ્વરૂપમાં વર્તવું અને તેમાં જ રમણ કરવું, પરમાનંદ માનવો તે અને તેનું નામ જ ખરું "ચારિત્ર"

મહાન્ તત્ત્વજ્ઞ શ્રીમદ્ દેવચંદ્રજી ચોથા અભિનંદન પ્રભુના સ્તવનમાં કહે છે કે—

જેમ જિનવર આલંબને,
વધે સધે એક તાન હો મિત;
તેમ તેમ આત્માલંબની,
ગ્રહે સ્વરૂપ નિદાન હો મિત

ભાવાર્થ—જેમ જેમ સાધક જે આપણો જીવ તે શ્રી જિનેશ્વર દેવની તત્ત્વપ્રભુતાને આલંબને વધે કહેતાં અરિહંતની શુદ્ધતામાં તન્મયપણે થાય એક તાન કહેતા એકત્વપણું સધે કહેતાં નીપજે તેમ તેમ એ સાધક જીવ-પોતાનો આત્મા કાર્યરૂપ તેના સ્વરૂપને અવલંબે-ઉપાદાન-સ્મરણ-ચિંતન-ધ્યાનરૂપ થાય તે વખતે એક સ્વરૂપનું નિદાન કહેતાં મૂળ કારણ ગ્રહે-અંગીકાર કરે

ત્યારપછી બીજી ગાથામાં કહે છે કે—

સ્વસ્વરૂપ એકત્વતા, સાધે પૂર્ણાનંદ હો મિત;
રમે ભોગવે આત્મા, રત્નત્રયી ગુણવૃંદ હો મિત.

ભાવાર્થ—તે જ્યારે સ્વ-સ્વરૂપ એકાગ્રતા-જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ગ્રહે તે વખતે શુદ્ધ સ્વરૂપભોગી થાય તેથી સાધે કહેતાં નીપજે, પૂર્ણાનંદ કહેતાં સંપૂર્ણ-આત્યંતિક, એકાંતિક, અબાધક, સ્વાધીન આત્મસુખ નીપજે, પછી તે આત્મા પોતાની રત્નત્રયી આદિક ગુણવૃંદને વિષે રમે, તેને જ ભોગવે, તન્મય થાય, આદિ અનંતો કાળ સ્વપરિણામિક પ્રગટપણે વર્તે.

ઉપસંહારમાં:—મહાન્ તત્ત્વદ્રષ્ટા શ્રીમદ્ રાજચંદ્ર વીતરાગ માર્ગ સ્વરૂપમાં નીચેની ગાથાઓથી સ્વરૂપરમણતાની સ્પષ્ટતા બહુ જ સંક્ષેપમાં જણાવે છે.

છે દેહાદિથી ભિન્ન આત્મા રે,
ઉપયોગી સદા અવિનાશ;
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે,
કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ;
મૂળ મારગ સાંભળો જિનનો રે.

જે જ્ઞાને કરીને જાણ્યું રે,
તેની વર્તે છે શુદ્ધ પ્રતીત;
કહ્યું ભગવંતે દર્શન તેહને રે,
જેનું બીજું નામ સમકિત.
મૂળ મારગ સાંભળો જિનનો રે.

જેમ આવી પ્રતીતિ જીવની રે,
જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ;
તેવો સ્થિર સ્વભાવ તે ઉપજે રે,
નામ ચારિત્ર તે અણુલિંગ
મૂળ મારગ સાંભળો જિનનો રે.

એ ત્રણે અભેદ પરિણામથી રે,
જ્યારે વર્તે તે આત્મરૂપ,
તેહ મારગ જિનનો પામિયો રે,
કિંવા પામ્યો છે નિજ સ્વરૂપ.
મૂળ મારગ સાંભળો જિનનો રે.

'પ્રાચીન ફાગુસંગ્રહ'

(સમાલોચના)

પ્રાચીન-મધ્યકાલીન યુગમાં વસંતઋતુમાં-ફાગણ-ચૈત્ર માસમાં ગાવા માટે રચાયેલાં, ભાવને જાગ્રત કરતાં પ્રકૃતિવર્ણનવાળાં કાવ્યો 'ફાગુ' કહેવાય છે. તેમાંનાં બહુ થોડાં જુદા પુસ્તકરૂપે, 'પ્રાચીન ગૂર્જર કાવ્યસંગ્રહ,' 'પ્રાચીન કાવ્યસુધા' તથા 'ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ' માં, તેમ જ જુદાં જુદાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલાં છે. મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા તરફથી તાજેતરમાં આવાં ૬૮ જેટલા ફાગુઓનો સંગ્રહ 'પ્રાચીન ફાગુસંગ્રહ' નામથી પ્રગટ થયા છે અને તેનું સંપાદન જાણીતા વિદ્વાન સંશોધક ડૉ. ભોગીલાલ સાંડેસરાએ શ્રી મોહનભાઈ પારેખની મદદથી કર્યું છે.

આ ફાગુઓ વિક્રમની ૧૪ મી સદીથી ૧૮ મી સદી સુધીના સમય દરમ્યાન રચાયેલાં છે. તે કાળમાં આ કાવ્યપ્રકારની પરંપરા કેવી ચાલુ હતી તેમ જ જૈન તથા જૈનેતર કવિઓએ તેને કેવો ખીલવ્યો હતો એ તેથી સુંદર રીતે જાણવા મળે છે. ૧૪ મી સદીથી ૧૮ મી સદી સુધીની ગુજરાતી ભાષાનો સળંગ વિકાસક્રમ-જે એક જ પુસ્તકમાં ભાગ્યે સાંપડે છે તે-પણ તેમાં પ્રાપ્ત થાય છે, જે ભાષાના અભ્યાસીને ઘણો ઉપયોગી થઈ પડે તેમ છે.

સંપાદકોએ શ્રમ લઈને વડોદરા, પાટણ, જેસલમેર, લીંબડી, ચાણસ્મા, વગેરે સ્થળોના જૈન ભંડારો તથા ગુજરાત વિદ્યાસભા અને પ્રાચ્ય વિદ્યામંદિર જેવી સંસ્થાઓના હસ્તલિખિત ગ્રંથોના ભંડારોમાંથી હસ્તપ્રતો મેળવીને આ ફાગુઓના આધારભૂત પાઠ આપ્યા છે. એટલું જ નહીં પણ એક જ ફાગુની કક્ષ તેટલી વધુ હસ્તપ્રતો મેળવીને પાઠાંતરો પણ નોંધ્યા છે. આ રીતે પુસ્તકમાં સંશોધનની શાસ્ત્રીયતા જાળવવામાં આવી છે. સંપાદકોની આ પ્રકારની કાર્યપ્રણાલિ સંશોધનની દિશામાં કામ કરનારને નવીન માર્ગદર્શન કરાવે છે અને ગુજરાત તેમ જ બહારના જુદા જુદા જૈન ભંડારોમાં ઊંચા પ્રકારની સાહિત્ય-કૃતિઓ હસ્તલિખિત પ્રતોરૂપે રહેલી છે તેનો ખ્યાલ આપે છે.

સંગ્રહમાં જૈનેતર કરતાં જૈન ફાગુઓની સંખ્યા વિશેષ છે. તેમાંના કુલ ૩૮ ફાગુઓમાંથી ૨૮ ફાગુઓમાં જૈન ધર્મની મહાન્ વ્યક્તિઓના પ્રેરણાત્મક જીવનપ્રસંગોને ગૂંથી લેવામાં આવ્યા છે. એક જ પ્રસંગનું નિરૂપણ કરતા એકથી વધુ ફાગુઓ પણ તેમાં છે. નેમિનાથ વિષે ૬, સ્થૂલિભદ્ર વિષે ૪ અને પાર્શ્વનાથ વિષે ૨ ફાગુઓ છે. એક જ જીવનપ્રસંગનું જુદા જુદા કવિઓએ કેવું વિવિધ નિરૂપણ કરેલું છે તેનું, આ રીતે સુંદર ઉદાહરણ તેમાંથી મળે છે.

આપણા પ્રાચીન-મધ્યકાલીન સાહિત્ય ધર્મપ્રધાન હતું એવો અભિપ્રાય હવે નિરાધાર ઠરતો જાય છે. આ ફાગુસંગ્રહ તે માટે એક સચોટ પ્રમાણ પૂરું પાડે છે. ધર્મોપદેશ પણ તેમાં કરવામાં આવેલો પ્રણય કે શૃંગારનો વિનિયોગ તત્કાલીન સમાજની રસવૃત્તિ કેવી ઉત્કટ હશે તેનો આબેહૂબ ખ્યાલ આપે છે.

ફાગુસાહિત્યની ખાસ વિશિષ્ટતા તો એ છે કે-પ્રાચીન-મધ્યકાલીન યુગની ઊંચા પ્રકારની રસથી છલકતી કવિતા તેમાં પ્રાપ્ત થાય છે. 'પ્રાચીન ફાગુસંગ્રહ'ના ઘણાખરા ફાગુઓ ઉત્તમ કવિતાના નમૂનારૂપ છે. નાયિકાના નખશીખ સૌંદર્યનાં, ઋતુઓની પ્રકૃતિના ને નાજુક પ્રસંગોનાં અલંકાર-કલ્પનાભર્યાં, ભાવભર્યાં, ચિત્રાત્મક વર્ણનો તેમાં ઠેર ઠેર વેરાયેલા માલૂમ પડે છે. સ્થળસંકોચને કારણે બહુ થોડાં ઉદાહરણો અહીં આપી શકાશે—

ઝિરિમિરિ ઝિરિમિરિ ઝિરિમિરિ એ મેઘા વરિસંતિ,
ખલહલ ખલહલ ખલહલ એ વાહલા વહંતિ,
ઝબઝબ ઝબઝબ ઝબઝબ એ વીજુલિય ઝબકંતિ,
થરહર થરહર થરહર એ વિરહિણિમનુ કંપંતિ.

(જિનપદ્મસૂરિકૃત 'સ્થૂલિભદ્ર ફાગુ')

× × ×

ઉકળતા પાણી જેવા છે, તે સ્થિર અને શાંત થતાં આત્મા ક્રમે ક્રમે પોતાના ગુણસ્થાને વધતો જશે અમુક ગુણસ્થાન વટાવી ગયા પછી તો, વીતરાગ ભગવાનના નામસ્મરણ કરવાની પણ જરૂર નહી રહે, કેમકે સ્વતંત્ર આત્માને તેટલી પણ પરાશ્રયની જરૂર નથી જે જેનું ચિંતન કરે તે તદ્રૂપ થઇ જાય, એ નગ્ન સત્યનો પ્રત્યક્ષ અનુભવ થશે આ તો તત્ત્વદૃષ્ટિએ વિચાર કર્યો પણ તત્ત્વનું જ્ઞાન ન હોય, અગર સમજવામાં રસ ન હોય તો શું વીતરાગનું નામસ્મરણ કરવાનો તેમને અધિકાર નથી? અવબત છે

આ જડવાદના જમાનામાં પરમાણુઓની શક્તિથી ભાગ્યે જ કોઇ અજાણ્યો હશે રેડીઓ, ટેલીફોન, ટેલીવીઝન, અણુબોમ્બ વગેરેની શક્તિ કેટલી છે તેની માહિતી કેળવાયેલ વર્ગને તો ખાસ થઇ જ ચૂકી છે અમેરિકાના પ્રમુખ પાંચ હજાર માઇલ દૂરથી ભાષણ કરતા હોય તો તે જ ક્ષણે આપણે અહીં બેઠા સાંભળી શકીએ છીએ ટેલીવીઝનની શોધથી તેમના સ્થૂલ શરીરનો ફોટો પણ જોઈ શકાય છે રેડીઓ દ્વારા ઘરમાં બેઠા આખા જગતના સમાચારો સાંભળી શકીએ છીએ આત્માની તેના ક્ષેત્રમાં જેમ અનંત શક્તિ છે તેમ પરમાણુઓની પણ અનંત શક્તિ છે

, ભાષાના તથા મનના પણ પુદ્ગલો છે

કલાક શરીરના પુદ્ગલો કામ કર્યે જ જાય છે પુદ્ગલ શબ્દનો અર્થ "પુદ્" એટલે પોષાવું અને "ગલ" એટલે ગલી જવું પોષાવાનો અને ગલી જવાનો સ્વભાવ છે જેનો, તેનું નામ પુદ્ગલ શરીર પોષાય છે તેમ તેનું ગલન-નાશ પણ થાય છે આ બંને ક્રિયાઓ સાથે સાથે થાય છે બચપણમાં અને યુવાવસ્થામાં પોષણ પ્રવૃત્તિ વિશેષ અને ગલનનું પ્રમાણ ઓછું હોય છે જ્યારે ગલનનું પ્રમાણ વધારે અને પોષણનું પ્રમાણ ઓછું થાય ત્યારે ઘડપણ આવે છે આની વિશેષ સમજ માટે વૈજ્ઞાનિકોએ શોધખોળ કરી છે, જેના પરિણામે ઘરમાંથી ચોર ચોરી કરીને ચાલ્યો જાય અને જેના ગયા પછી અમુક સમયમાં તે સ્થાનનો ફોટો લેવામાં આવે તો ચોરનો ફોટો આવી શકે છે કેમકે તે તેના શરીરના પુદ્ગલો મૂકતો ગયો છે સંતપુરુષોની પધરામણી ઘેર કરવાનું પ્રયોજન પણ આ જ છે તેઓના પવિત્ર પુદ્ગલોથી ઘરનું વાતાવરણ પવિત્ર બને આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે શરીરના પુદ્ગલોનું દ્રવણ ચોવીશે કલાક ચાલુ છે ભાષાના પુદ્ગલોની શક્તિ તો હવે અજાણ રહી જ નથી. મનના પુદ્ગલો શું કામ કરી રહ્યા છે તે જાણવાની વિદ્યાનીઓ શોધ કરવામાં અમુક અંશે સફળ થયા છે સાક્ષીદાર સાચું બોલે છે કે જૂઠું, તે જાણવા માટેનું યંત્ર શોધી કાઢ્યું છે મનુષ્યનો કુદરતી સ્વભાવ સાચું બોલવાનો છે જૂઠું બોલવા માટે કૃત્રિમતા કરવી પડે છે ફોટામાં સીધો લીસોટો દેખાય તો સાચું બોલે છે અને વળાંક આવે તો જૂઠું બોલે છે એમ મનાય છે આટલું વિષયાંતર મૂળ વિષય સમજવા માટે કરી, હવે મૂળ વાત ઉપર આવીએ છીએ ભગવાનના નામ રટણના શબ્દો એ પુદ્ગલો છે એ પુદ્ગલો તેના ઉચ્ચાર સાથે ચૌદ રાજલોક સુધી પહોંચી જાય છે અહીં એક સિદ્ધાંત કામ કરે છે સજાતીય વસ્તુ સજાતીય વસ્તુને આકર્ષી લાવે છે જેમ તળાવમાં એક કાંકરો નાખવામાં આવે તો તો તેના વર્તુલો થતા થતા કિનારા સુધી પહોંચે છે, અને પાછા ફરી જે ઠેકાણે કાંકરો નાખ્યો હોય ત્યાં આવી સમાઇ જાય છે તે સિદ્ધાંત અનુસાર લોભના વિચારો કરીએ તો એવા પ્રકારના પુદ્ગલો ખેંચી લાવી લોભને પોષણ આપીએ છીએ, ક્રોધના વિચારો કરવાથી ક્રોધ વધારતા જઇએ છીએ, અને વિષયના વિચારો કરવાથી વિષય મજબૂત બનાવતા જઇએ છીએ વીતરાગના વિચારો કરવાથી તથા તેમનું નામસ્મરણ કરવાથી વીતરાગ ભાવમાં ઉમેરો કરીએ છીએ પ્રશ્ન એ થાય છે કે વીતરાગ ભગવાન કર્મથી રહિત છે તે તો ચૈતન્યમૂર્તિ છે ભાષાના પુદ્ગલો તેમની પાસેથી શું ખેંચી લાવે? અલબત્ત, ભગવાન રાગદ્વેષ રહિત છે, પણ પત્થર જેવા તો નથી જ. તેમની પાસે જે હોય તે વસ્તુ માગવામાં આવે તો તે ખુલ્લી જ પડી છે. સૂર્ય જેમ કોઇને ઓઢો અગર

કોઈને વધુ પ્રકાશ આપે એવું કરતો નથી. કેમ કે પ્રકાશ આપવો તે તેનો સ્વભાવ જ છે. એટલે જેને પ્રકાશ જોઈતો હોય તેને તેનાથી અભિમુખ થવું જોઈએ. તેવી રીતે ભગવાન અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્રવાળા સ્વભાવે છે. તે ગુણો તેમણે જાહેર માટે ખુલ્લા મૂકેલા છે. તે મફત મેળવી શકાય છે. શરત માત્ર એટલી જ છે કે તે મેળવવા માટે જેટલા પ્રમાણમાં આપણા ભાવ હોય, તથા-પ્રકારનો પુરુષાર્થ હોય તો જરૂર મળે છે. ભાવથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે, એમ જ્ઞાનીઓએ કહ્યું છે, તે તદ્દન વૈજ્ઞાનિક દૃષ્ટિએ સત્ય છે. સ્વ શ્રી આણંદશંકર બાપુભાઈ ધ્રુવ, તેમણે જપ શબ્દનો મહિમા આ રીતે ઘટાવેલો "જ" એટલે જન્મ થતા "પ" પાલન કરવાની શક્તિ છે, જેનામાં એવું નામ જપ આ વ્યાખ્યા તદ્દન યથાર્થ છે. તેમની અને આપણી માન્યતામાં ફેરમાત્ર એટલો જ છે કે, જપ કરવાથી ઈશ્વર પાલન કરે છે, જ્યારે જૈન દર્શન પ્રમાણે જીવ જેવા ભાવો કરે છે તેવો થઈ શકે છે. વીતરાગ દર્શન આત્માની સંપૂર્ણ આઝાદી કોઈની જરા પણ દયા ઉપર છોડી દેતું નથી. અને વૈજ્ઞાનિક રીતે પ્રભુભક્તિ અને જપનો મહિમા સમજાવે છે. પણ આ વાત તો પરમાણુઓની શક્તિ જેઓ સમજતા હોય તેમના માટે થઈ. જેઓ તત્ત્વ જાણતા નથી, અગર જેમને પરમાણુની શક્તિનો ખ્યાલ નથી, તેઓને નામસ્મરણ કરવાથી શું ફાયદો ન થાય? અલબત્ત થાય, જો શ્રદ્ધા હોય તો જ્ઞાન કરતાં શ્રદ્ધાનું મૂલ્યાંકન જરાય ઓછું નથી. શ્રદ્ધા જે ફળ આપે છે તે ફળ શ્રદ્ધા વગરનું જ્ઞાન આપતું નથી. ભમરો ઇયળની આજુબાજુ સતત ગુંજારવ ગુંજારવ શબ્દના અવાજનો પટ આપે જ જાય છે. તેને ખબર નથી કે ઇયળ ભમરો શી રીતે થશે? છતાં તાજુબીની વાત એ છે કે આવા સમજ વગરના ગુંજારવ ગુંજારવ અવાજથી ઇયળ ભમરો બની જાય છે. ભમરાની એક જ ભાવના છે કે ઇયળને પોતાના રૂપે બનાવવી. એટલે શ્રદ્ધાનું બળ અણુબોમ કરતાંય વધારે છે. પણ આવી સાચી શ્રદ્ધા ક્યારે પ્રગટે? સંસારના તાપથી વૈરાગ્ય જાગ્યો હોય ત્યારે જ, ભૂતકાળ અને ભવિષ્યકાલ તરફ જીવનો વિચાર દોડે આ જીવ અનંતો કાળ નિગોદમાં, બાદરમાં, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ઇત્યાદિ પંચેન્દ્રિય, યોનિમાં રખડ્યો. સુખ મેળવવા માટે તેણે અનંતા ભવમાં વલખાં માર્યાં, પણ સુખ ન મળ્યું, અગર તો સુખ છોડીને મરણને ભેટવું પડ્યું. અત્યારે પણ સાચો માર્ગ ગ્રહણ કરવામાં નહીં આવે તો જીવ પાછો ક્યાં ભટકશે તેની ખબર નથી. દેવોને પણ દુર્લભ એવો મનુષ્યભવ થાયી માનવામાં આવ્યો છે! વિવેકની, સારાસારની, લાભાલાભની, તુલના કરવાની મનુષ્યને શક્તિવિશેષ હોય છે. તેથી જ મનુષ્યભવની વિશિષ્ટતા છે. અનંત કાળચક્રમાં સો વરસનું મનુષ્યના આયુષ્યનું પ્રમાણ કાઢી શકાય નહીં, તો એક ભવ વીતરાગ ભગવાને દર્શાવેલા માર્ગનો અખતરો કેમ ન કરવો? તેમને ખોટો માર્ગ બતાવવાનું કાંઈ કારણ હોય જ નહિ. આવા વિચારોના મંથનથી વૈરાગ્ય બુદ્ધિ જાગે છે વૈરાગ્ય સાથે સમર્પણ ભાવે વીતરાગની ભક્તિ અગર સ્મરણ કરતાં કર્મની નિર્જરા થતાં સહજ ભાવે આત્મા પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે અર્થાત્ આત્મા સંપૂર્ણ આઝાદ બને છે. એમ કહેવાય રહ્યું છે કે સેંકડો માણસો વર્ષોના વર્ષો સુધી જાપ કરે છે, છતાં તેમને જરા પણ લાભ થયાનું, અગર તેમની પ્રકૃતિમાં ફેરફાર થયાનું જોવામાં આવતું નથી. આ ચર્ચા અઘરી નથી. જ્યાં એક બાજુ જાપ ચાલતા હોય, ત્યાં બીજી બાજુ મન નિરંકુશપણે, સંકલ્પવિકલ્પના ઘોડા દોડાવતું હોય, ત્યાં આ પ્રમાણે જરૂર બને સંકલ્પવિકલ્પના પુદ્ગલો તેવા પ્રકારના પુદ્ગલો આકર્ષી વાતાવરણ ગુંચવાડો કરે છે. જાપ તરફના ભાવ કરતાં સંકલ્પવિકલ્પના ભાવમાં રસ વધારે હોવાથી તેનું પ્રાબલ્ય વધારે હોય છે. આથી અસર થતી નથી. જાણે નિરંકુશપણે તરંગો માટે ટાઇમ લીધેલો હોવાથી નુકસાન થવાના ભયસ્થાનો વધારે છે. આમાં કંઈ સિદ્ધાંતનો દોષ નથી. શ્રદ્ધા હોય ત્યાં વિકલ્પોનું પ્રાબલ્ય ઓછું હોવું જોઈએ. રામ હોય ત્યાં કામ ન હોય અને કામ હોય ત્યાં રામ ન હોય. દિવસ અને રાત્રિ સાથે રહી શકે નહિ,

અત્યાર સુધી વાત સંસાર એ દુઃખમય છે અને સંપૂર્ણ સુખી જીવન વીતરાગ ભગવાનનુ છે અને તે જ માર્ગ અનુસરવો યોગ્ય છે, એવી જ જેમની માન્યતા છે, તેમના માટે થઈ, પરતુ જેઓ એમ કહે છે કે સંસારમાં ભલે દુ ખ હોય, પરતુ મોક્ષમાં તો નથી નાટક સીનેમા, નથી મોટરો કે એરોપ્લેનો, નથી હોટલો કે બગીચાઓ, નથી કુટુંબ કબીલો, તો પછી ત્યાના શુષ્ક જીવનનો મોહ કરવો જ શા સારુ ? જગત આજે જડવાદના શિખર સુધી પહોચી રહ્યુ છે એટલે આ વિચારો કોઇ વ્યક્તિના કે સમૂહના નથી પરંતુ જગતની ૯૮ ટકા કરતા વધારે ભાગના છે, એમ કહેવામા જરાય અતિશયોક્તિ નથી મોક્ષ કોને કહેવાય અને મોક્ષનુ સુખ કેવુ છે એનુ જ્ઞાન ન હોય ત્યા સુધી આ વિકલ્પો હોય તે સ્વાભાવિક છે પ્રત્યક્ષ સુખ અનુભવવાનુ છોડી દઇ અને કલ્પિત સુખની આશા રાખવાનું જડવાદથી રગાયેલુ જગત ન જ માને. જગતના તમામ માનવીઓ જગતની દૃષ્ટિએ સુખી તો નથી જ, છતાં અણુયુગના જમાનામાં સસાર-સુખની કોઇ કમીના ન રહે એવો વખત પણ કદાચ આવે તો પણ એ સુખ છોડીને જીવ ચાલ્યો જાય છે એનુ શુ ? ઘરબાર, રિદ્ધિસિદ્ધિ, કુટુબકબીલો છોડવાની જરાય ઇચ્છા ન છતા જીવ શ્વાસોશ્વાસ પૂરો થતા એક સમય પણ રોકાતો નથી, તો સસારમા સાચુ સુખ ક્યા રહ્યુ ? આનો ઇલાજ વૈદ્ય નિકો શોધી કાઢે તો મોક્ષસુખની પરોક્ષ વાતો છોડી દઇએ, પણ વૈજ્ઞાનિકોની બુદ્ધિ અહીં પહોચતી નથી. તેમણે હાથ ધોઇ નાખ્યા છે. મોક્ષ યા આત્માની આઝાદીની પ્રાપ્તિ થવો મન અને બુદ્ધિથી પર છે. વૈજ્ઞાન એક બુદ્ધિનો વિષય છે. બુદ્ધિશાળી જગત એટલુ જ સ્વીકારે કે આત્મા એ સ્વતંત્ર દ્રવ્ય છે. પુદ્ગલ એ પણ સ્વતત્ર દ્રવ્ય છે એકના આશ્રયે બીજુ નથી જ્યાં સુધી બીજા તરફ પરાશ્રય ભાવ છે ત્યા સુધી એક દ્રવ્ય સ્વતત્ર ન બને. આમા સાચી સમજ સિવાય બીજુ કાઇ જ કરવાનુ નથી એક વાર આવી સાચી સમજ થઇ એટલે સાચા સુખ તરફ પગરણ મંડાણું. જેમ જેમ આ વિચારોનુ પ્રાબલ્ય વધતુ જાય, તેમ તેમ આત્મા પોતાના સ્વભાવમા સ્થિર થાય. જેટલા પ્રમાણમાં એ સ્થિર થાય, તેટલા પ્રમાણમા અંતરમાં આનંદની છોળો ઉછળે જેટલા પ્રમાણમા અદરનો આનદ વધે, તેટલા પ્રમાણમા જગતના બાહ્ય સુખો તુચ્છ લાગે. અદરના આનંદમાંથી બહાર નીકળવાનુ મન જ ન થાય, કેમકે આત્માનુ સુખ આત્માની પાસે જ છે. પરના આશ્રયે હોય તો તેની સ્વતંત્રતા હણાય સ્વતત્રતા હણાઇ એટલે સુખ પરાધીન થયું અને પરાધીન સુખ ટકે નહીં આત્માની સંપૂર્ણ આઝાદી એનુ જ નામ મોક્ષ આ આઝાદી પ્રાપ્ત કરવી કે પરના આશ્રયે અનત કાળ સુધી જન્મ-મરણના ચક્રાવામાં ચાલુ રહેવુ—એ બે વચ્ચેની પસંદગી કઇ કરવી એ સૌની મુન્સફીની વાત છે. બુદ્ધિશાળી વર્ગને વિશેષ ખુલાસાની અપેક્ષાઓ હોતી નથી. એકાદ મુદ્દા ઉપરથી વાત પકડી લેવાની હોય છે ભારતભૂમિ જે જગતમાં અધ્યાત્મ ક્ષેત્રે અગ્ર હોવાનો દાવો રાખે છે, તે ભૂમિના આત્માઓને આ વિચારનુ મંથન કરવાનો તો વારસો મળેલો છે. એ વારસો જતો કરીએ, તો પછી ભારતનુ સ્થાન જગતમા છેલ્લી હરોળમાં જાય ભારતની શાન બઢાવવી હોય તો આ વિચારશ્રેણી તરફ વિમુખ ન બનતા, જગત માને કે ન માને, તો પણ ભારતના મહાપુરુષોએ સાચા સુખનો જે માર્ગ બતાવ્યો છે તે રજૂ કરવાનુ ન ચૂકવુ જોઇએ આથી જુદી જુદી દૃષ્ટિએ ફાયદા છે એક તો આપણું કલ્યાણ આપણે સાધીએ છીએ, બીજુ આપણા મહાપુરુષોની આજ્ઞાને વફાદાર બનીએ છીએ. અને ત્રીજુ જગત જે વસ્તુ જાણતી નથી તે વસ્તુની ભારત ભેટ આપી જગતને સાચી શાન્તિ અને સાચા સુખનો માર્ગ બતાવે છે. અમર રહો મહાભારતના મહાપુરુષોની વાણી—એટલા જયનાદ સાથે વિરમુ છું

સાહિત્ય સમાલોચના

સંસ્કારની સીડી:—લેખક કવિકુલતિલક મુનિશ્રી કીર્તિવિજયજી મહારાજ પ્રકાશક શ્રી આત્મકમલલબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર, ૬ એક્ષ લેન દાદર–મુંબઇ ન ૨૮

ધાર્મિક, સામાજિક, ઐતિહાસિક અને જીવનસુધારણાના જુદા જુદા વિષયો ઉપર ત્રીસ લેખો તો સંગ્રહ ૨૪૦ પાનાના આ પુસ્તકમાં રજૂ કરવામાં આવેલ છે. સંસ્કાર–ઘડતર માટેની પ્રેરણા દરેક લેખમાં ભરી છે ગ્રંથના આરંભમાં પ શ્રી કનકવિજયજી મહારાજે લેખોનો પરિચય આપતી લાંબી પ્રસ્તાવના લખી છે, લોકોમાં ધાર્મિક ભાવના જાગે અને વ્યસનો અને અજ્ઞાનતા દૂર થાય તે આશયથી આ ગ્રંથ લખવામાં આવ્યો છે સંયમ, વિવેક અને સદાચારના અભાવે આજના નવશિક્ષિત યુવાનમાં કોઇ કોઇ સ્થળે જે અનિચ્છનીય વાતાવરણ દેખાય છે તેની સામે લેખકે પોતાના અંતરની વ્યથા ઠાલવતા આધુનિક શિક્ષણ ઉપર કોઇ કોઇ સ્થળે જે પ્રહારો કર્યા છે એના બદલે અનિષ્ટ તત્વો સામે જ સામ્ય ભાષામાં જો યોગ્ય અંગુલીનિર્દેશ કરવામાં આવ્યો હતે તો આ લેખો યુવક વર્ગને વધુ પ્રેરણાત્મક નિવડત એકંદર સંસ્કાર–ઘડતર માટે આવું સાહિત્ય આવકારદાયક છે તે બદલ તેના લેખક અને પ્રકાશકને અભિનંદીએ છીએ

શ્રી વર્ધમાનપંચાશિકા—લે ૫ શ્રી સુશીલવિજયજી ગણિવર્ય, પ્રકાશક પ્રાચીન સાહિત્ય સંશોધક કાર્યાલય–ટેમ્બીનાકા–થાણા મૂલ્ય ૦–૮–૦

ભગવાન મહાવીરના જીવન અંગે નાના–નાના વાક્યોનો સમૂહ આ લઘુ પુસ્તિકામાં રજૂ કરવામાં આવ્યો છે થાણાખાતેના નવપદજીના ભવ્ય જિનાલયમાં 'ભગવાન મહાવીરના પાંચ કલ્યાણકોને અંગે જે ચિત્રો રજૂ કરવામાં આવ્યા છે તેમાંના પચાસ ચિત્રોને અંગે પ્રકાશનની એક યોજના ઘડવામાં આવી છે આ યોજનાનું આ નવમું પુષ્પ છે તેના સંપાદનનું કાર્ય શ્રી મગનદાસ ત્રિકમદાસ ઝવેરીએ કર્યું છે પુસ્તકના કદના પ્રમાણમાં મૂલ્ય જરા વધારે લાગે છે પ્રચારની દૃષ્ટિએ આવા ટેકટો સસ્તા હોવા ઘટે

આત્મનિન્દા–દ્વાત્રિંશિકા—પ્રકાશક વિજયલાવણ્યસૂરીશ્વર જ્ઞાનમંદિર–મોટાદ (સૌરાષ્ટ્ર) મૂલ્ય ૧–૪–૦

મહારાજા કુમારપાળે રચેલ બત્રીસ કડીની આ સ્તુતિ છે સાથે ૫ શ્રી સુશીલવિજયજી મહારાજે આ સ્તુતિ પર રચેલ ટીકા તથા આચાર્ય વિજયામૃતસૂરીશ્વરજી મહારાજે રચેલ પદ્યાનુવાદ પણ આપવામાં આવેલ છે તેમ જ મહારાજા કુમારપાળનું જીવન–ચરિત્ર પણ આપવામાં આવેલ છે આત્માર્થીઓ માટે આ પુસ્તિકા ખાસ વાચન–મનન કરવા જેવી છે

નમ્ર સૂચના.

બૃહત્કલ્પસૂત્ર છઠ્ઠો ભાગ હાલમાં પ્રસિદ્ધ થયો છે, પરંતુ આગલા કેટલાક ભાગોનું વેચાણ ઘણા વખત પહેલાં થયેલું હોવાથી, છ ભાગો તૂટક થયા છે, અને છએ ભાગ પૂરતા નહિ મેળવનાર અથવા બીલકુલ નહિ મેળવનારા અનેક મુનિરાજો, જ્ઞાનભંડારો, ઋષી આત્માઓના પૂરતા ભાગ મેળવવા માટે સભા ઉપર અનેક પત્રો આવવાથી, અમોએ અન્ય સ્થળેથી ખૂટતા આગલા ૨–૩–૪–૫ ભાગો મેળવીને હાલમાં થોડા આશા સેટો એકઠા કર્યા છે, અને તેની નકલો પણ ઘણી થોડી છે, જેથી જોઇએ તેમણે મગાવવા નમ્ર સૂચના છે કિંમત ૨–૩–૪–૫ દરેક ભાગના પંદર, પંદર રૂપિયા અને છઠ્ઠા ભાગના સોળ રૂપિયા (પોસ્ટેજ જુદું) કમીશન ટકા ૧૨૫.

Reg. No. B. 314

વિનોબાજીની વાણી

પ્રેમ તો દુનિયામાં છે જ. એનો અનુભવ દરેક મનુષ્યને થાય છે. પ્રેમ તો માણસ ગળથૂથીમાંથી મેળવે છે, પણ તે છતાં દુનિયામાં ખળભળાટ છે, અશાંતિ છે, ઝગડા છે. એનું કારણ એ નથી કે દુનિયામાં પ્રેમનો અભાવ છે; પણ પ્રેમ પ્રવાહિત નથી, રૂંધાઇ ગયો છે. જેમ પાણી ખાબોચિયામાં ભરાઇ રહે તો એમાં મચ્છર થાય છે અને ઝરણું વહેતું રહે તો એનું જળ નિર્મળ અને સ્વચ્છ રહે છે, તેમ કુટુંબીજનોનો પ્રેમ કુટુંબ પૂરતો સીમિત રહે છે, તેથી યુદ્ધ કરવાને બદલે દોષરૂપ બને છે. પ્રેમમાંથી જ દ્વેષ, જન્મે છે એ એક અદ્‌ભુત વસ્તુ છે. કેટલાકને માણસ સ્વજન કહે છે અને બીજાને પરજન કહે છે. આવો ભેદ થતાં જ દ્વેષ પેદા થઇ જાય છે. ત્યાં સ્વજન પ્રત્યેનો પ્રેમનો અર્થ જ પરજન પ્રત્યેનો દ્વેષ એવો થાય છે. તેથી દ્વેષને મટાડવા માટે પ્રેમ વધારવાની વાત હું નથી કરતો. દુનિયામાં પ્રેમ તો છે જ, સવાલ એને વ્યાપક કઇ રીતે કરવો એ જ છે.

× × × ×

એવું જ ધર્મના ભેદોનું હોય છે; પણ જે જુદી જુદી જાતની ઉપાસનાની રીતો હોય છે તે તો સવલત માટે જ હોય છે. ધર્મપ્રેમ, ભાષાપ્રેમ, જ્ઞાતિપ્રેમ એનો અર્થ જો એવો માની બેસીએ કે આપણે એકમેકથી જુદા થઇ ગયા તો તો આપણે આપણે જ હાથે આપણું મૂળ રહેરવું અને પ્રેમે આપઘાત કર્યો. પ્રેમ જ્યારે આપઘાત કરે છે ત્યારે દ્વેષનો જન્મ થાય છે, તેથી આપણે બહુ સાવધ રહેવાનું છે. પ્રેમ તો આપણી પાસે પહેલેથી જ છે. પણ તે સાંકડો ન બની જાય એનું જ ધ્યાન રાખવાનું છે. આપણે તો બધી જાતના વર્ગભેદ મટાડવા છે. બધી જાતની માલિકી મિટાવવી છે. આપણે તો બધા ભાઇ ભાઇ થઇને સેવક તરીકે દુનિયામાં રહેવા માગીએ છીએ, તેથી કોઇ જાતના ભેદને આપણે આપણા રસ્તામાં અંતરાયરૂપ નહિ થવા દઇએ.

× × × ×

નાસ્તિક કોણ છે અને આસ્તિક કોણ છે તો તો ભગવાનને ખબર. ઘણા ભગવાનનું નામ લે છે અને કાળાં કામ કરે છે, અને કેટલાક ભગવાનનું નામ કદી નથી લેતા અને તો યે સારાં કામ કરે છે. સારા કામ કરે છે તેથી અમારા સાથી બની જાય છે. ભગવાનનાં નામ તો એટલા બધાં છે કે એને નામે ઝગડીએ તો તો આપણે એને ઓળખ્યો જ ન કહેવાય. 'અસ્તિ' પણ એનું નામ છે અને 'નાસ્તિ' પણ એનું નામ છે. તેથી કેટલાક એના આસ્તિક ભક્ત હોય છે અને કેટલાક નાસ્તિક ભક્ત હોય છે. બન્ને ય ભક્ત થઇ શકે, શરત માત્ર એટલી કે બે ય માનવધર્મને ઓળખે. અને બન્ને ય અભક્ત પણ થઇ શકે, જો માનવધર્મને છોડે તો. આમ આવા બધા જે તત્ત્વજ્ઞાનમાંથી ઊભા થતા ભેદભાવો છે તે પણ આપણને આડા આવવા ન જોઇએ. તેથી હું ઇચ્છું છું કે આપણામાં મુખ્ય વસ્તુને ઓળખવાની, મુદ્દાને પારખી લેવાની બુદ્ધિ હોય. આપણે ગૌણ વસ્તુને મહત્ત્વ ન આપીએ. મુખ્ય વસ્તુ તો છે વિશ્વવ્યાપક પ્રેમ.

—"ભૂમિપુત્ર"માંથી

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર.

શ્રી આત્માનંદ પ્રકાશ

તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થ

પુસ્તક ૫૩
અંક ૬ ઠ્ઠો

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પોષ
સં૦ ૨૦૧૨

અનુક્રમણિકા

૧ જાગો જોગી	(પાદરાકર)	૮૧
૨ સંતોની રાત્રિ	(શ્રી ભાનચંદ હીરાચંદ 'સાહિત્યચંદ')	૮૨
૩. નંદિષેણ મુનિ	(મુનિ લક્ષ્મીસાગરજી)	૮૩
૪. કોશાંબીની રાણી મૃગાવતી	(શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી)	૮૫
૫ સમતા	(અમરચંદ માવજી શાહ)	૮૮
૬. પાલ્હનપુર અને પલ્લવિહાર ક્યારે અને કોણે સ્થાપ્યાં ?... ..	(વૈદ્ય વિશ્વબંધુ)	૯૧
૭. શ્રી નવપદજીનું પ્રાચીન ચૈત્યવંદન-સાર્થ ...	(પં. શ્રી રામવિજયજી ગણિ)	૯૪
૮. આનંદપ્રાપ્તિના માર્ગો	(અનુ વિઠ્ઠલદાસ મૂ શાહ)	૯૫
૯ વર્તમાન-સમાચાર		૯૬
૧૦. સ્વીકાર-સમાલોચના		ટા પે ૩
૧૧ જ્ઞાની અને અજ્ઞાની		ટા પે ૪

ફરી નહીં છપાવવામા આવતા બે અમૂલ્ય ગ્રંથો મળી શકશે માટે મંગાવો.

૧ શ્રી કલ્પસૂત્ર (બારસા) મૂળ પાઠ.

દર વર્ષે પર્યુષણ પર્વમા અને સંવત્સરી દિને પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચી ચતુર્વિધ સંઘને સંભળાવે છે જેનો અપૂર્વ મહિમા છે, તે શાસ્ત્રી મોટા, ટાઇપમા પ્રતાકારે સુંદર અક્ષરોથી અને સુશોભિત પાટલીમંડિત છે જેથી પૂજ્ય મુનિમહારાજા કે જ્ઞાનભંડાર, લાઇબ્રેરી કે જૈન બંધુઓને જોઇએ તેમણે મંગાવી લેવા નમ્ર સૂચના છે કિ. રૂ. ૩-૦-૦ પોસ્ટેજ જુદું

૨ સજ્ઝાયમાળા—શાસ્ત્રી શુદ્ધ રીતે મોટા અક્ષરોથી છપાયેલ, શ્રી પૂર્વાચાર્ય-અનેક જૈન પંડિતો વિરચિત વિવિધ વિષયક વૈરાગ્યાદિ રસોત્પાદક આત્માને આનંદ આપનાર ૧૩ મા સૈકાથી અઢારમા સૈકા સુધીમા થઇ ગયેલા પૂજ્ય આચાર્યદેવો અને પંડિત મુનિમહારાજાએ રચેલ સજ્ઝાયનો સંગ્રહ આ ગ્રંથમા આવેલો છે, કે જે વાંચતા મહાપુરુષોના ચારિત્રની ઘટના આપણી પૂર્વની જાહોજલાલી, અને વાંચકને વૈરાગ્યવૃત્તિ તરફ દોરે છે. પચાસ ફોર્મ ૪૦૮ પાનાનો સુંદર કાગળો શાસ્ત્રી મોટા ટાઇપો, અને પાકા બાઇંડીંગથી અલંકૃત કરેલ છે કિંમત રૂ ૪-૮-૦ પોસ્ટેજ જુદું માત્ર જુજ કોપી સિલિકે રહી છે

નમ્ર સૂચના.

બૃહત્કલ્પસૂત્ર છઠ્ઠો ભાગ હાલમા પ્રસિદ્ધ થયો છે, પરંતુ આગના કેટલાક ભાગોનું વેચાણ ઘણા વખત પહેલા થયેલું હોવાથી, છ ભાગો તૂટક થયા છે, અને છએ ભાગ પૂરતા નહિ મેળવનાર અથવા બીલકુલ નહિ મેળવનારા અનેક મુનિરાજો, જ્ઞાનભંડારો, ખપી આત્માઓના પૂરતા ભાગ મેળવવા માટે સભા ઉપર અનેક પત્રો આવવાથી, અમોએ અન્ય સ્થળેથી ખૂટતા આગમો ૨-૩-૪-૫ ભાગો મેળવીને હાલમાં થોડા આખા સેટો એકઠા કર્યા છે, અને તેની નકલો પણ ઘણી થોડી છે, જેથી જોઇએ તેમણે મંગાવવા નમ્ર સૂચના છે. કિંમત ૨-૩-૪-૫ દરેક ભાગના પંદર, પંદર રૂપિયા અને છઠ્ઠા ભાગના સોળ રૂપિયા (પોસ્ટેજ જુદું) કમીશન ટકા ૧૨॥.

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

શ્રી આત્માનંદ પ્રકાશ

વીર સં. ૨૪૮૨ | પોષ | પુસ્તક ૫૩ મું.

વિક્રમ સં. ૨૦૧૨ | | અંક ૬ ઠ્ઠો

જાગો જોગી

(પ્રભાતીયું)

જાગો જોગી અલખ સ્વરૂપી, [1]ભોર ભયા મત સોના રે ।
બીત ગઈ અજ્ઞાન [2]રયણ, અબ જ્ઞાનજ્યોત મુખ ધોના રે । જાગો૦

[3]તીરીયા સુમતિ, પરિવાર સબ, ગુણ-પર્યાય તમારા રે ।
નય-નિક્ષેપ સુમિત્ત-શાંતિ ઔર સમતા ભગિની સુ-પ્યારા રે । જાગો૦

હીલમિલ સબ તુમ દર્શન આયે, તુમ તો આતમ રાયા રે ।
તુમ મુખ ચાતક, સબસે ખેલો, અલખ ખેલ, તજ માયા રે । જાગો૦

અનંત રિદ્ધિ-રસ આત્મરમણતા, યોગસિદ્ધિ સુખદાયા રે ।
લોકાલોકકે સ્વામી તુમ હો । અમર, અરૂપ, અજાયા રે । જાગો૦

દ્રઢ આસન, ધર ધ્યાન-ધારણા, શૂન્ય શિખર જા બેઠો રે ।
સ્વરૂપરમણ સુખ ભોગી-જોગી, પરપુદ્ગલ હે અકુઠો રે । જાગો૦

અનેકાન્ત-સ્યાદ્વાદ માર્ગ, તુમ ચલના પ્રભુ ફરમાયા રે ।
પરપુદ્ગલ કંટક મારગ મેં, ચલત ફસાવત માયા રે । જાગો૦

ગુનસ્થાનક આરોહ કરત, ગુન યોગી-અયોગી જાના રે ।
કેવલ-કમલા રાની મિલે, બીચ પુદ્ગલસે ન લુભાના રે । જાગો૦

સિદ્ધ-બુદ્ધ-સુલતાન સ્વયં હો, ચૌદ રાજ કે સ્વામી રે ।
ઝળહળ જ્યોતિ નિજાતમ રૂપકી, ખેલો અલખ અનામી રે । જાગો૦

પ્રાતઃકાલ ઊઠ સુમરન પ્રભુકા, ત્રિવેણી તટ દે ડેરા રે ।
જ્ઞાન-ધ્યાન મેં મસ્ત રહો । જી ભૂલકર મેરા-તેરા રે । જાગો૦

સદ્ગુરુ સુમરન ધૂપ જલાકર, આત્મ સુવાસિત કરના રે ।
મણિમય જીવન સુફલ બનાદો, ફીર અવતાર ન ધરના રે । જાગો૦

પાદરાકર

---

૧ ભોર=પ્રાતઃકાલ. ૨ રાત્રિ. ૩ પત્ની.

સંતોની રાત્રી

રાત્રી મુનિની ગુણવૃદ્ધિકારી,
ધાત્રી[1] બને આત્મિક પુષ્ટિકારી,
અન્યોતણી પાપ વધારનારી,
વિચિત્ર એની કરણી અનેરી ૧
ન ચંદ્ર એ સ્વર્ગીય શાંતિ દીપ,
ન અંકર[2] એ કજ્જલ શ્યામ રૂપ,
ન ચંદ્રિકા શાંતિ રસાભિષેક,
રશ્મી[3] ન એ ચંદન શીત લેપ ૨
વનસ્પતી વૃક્ષ સમસ્તને એ,
સૌ દર્પ ને પ્રાણ ગુણો સમર્પે;
આહ્લાદ પ્રેમામૃત જીવમાંહે,
કરે કરાવે શમ શાંતિ ચાહે ૩
સંતોતણી ધ્યાન જ ધારણાને,
એ કાલ છે યોગ્ય સુધારવાને,
સંતો બને સતત આત્મલીન,
કરે નિજાત્મા કુવિચાર હીન ૪
સમાધિના દર્શન એ કરાવે,
નિજાત્મ ઉદ્ધારણ બીજ વાવે,
આત્મસ્વરૂપી પરમાત્મ જ્યોતિ,
કરે પ્રદીપ્ત સુપ્રકાશ દેતી. ૫
વાયુ વહે શીતલ મંદ મંદ,
આત્મા વરે શાંત સુરૂપ છંદ
એકાગ્રતા ચિત્તતણી વરે છે,
અશાંતતા તે તનુની[4] હરે છે ૬
આત્માતણી ત્યાં પરમાત્મ સાથે,
એકાગ્રતાની લગની વધે છે,
આનંદ સ્વર્ગીય તદા વધે છે,
ભાવો સહુ પુદ્ગલના હરે છે. ૭
ભૂલી જતા ત્યાં મુનિ દેહભાવ,
આત્મસ્વરૂપે વર્તતો સ્વભાવ,
રાત્રીતણાં શ્યામ ઘનાંધકારે,
પ્રકાશ જ્યોતિ પ્રસરે જ ત્યારે ૮

ક્ષમા દયાના સરમાળો ઝીલે,
સ્વાનંદમાં લીન થઈ જ ઝૂલે,
ભૂલી જતા દેહ નિજ સ્વરૂપ,
પ્રકર્ષથી ત્યાં પ્રગટે અમૂર્ત[5] ૯
રહ્યો ન દીસે નિજ દેહભાવ,
તે સચ્ચિદાનંદ થયા સ્વભાવ,
નસો તદા કર્મતણો સમૂહ,
તેનો થયો નષ્ટ સમૂળ વ્યૂહ[6] ૧૦
જે રાત્ર સંસાર વધારનારી,
જે ચંદ્રિકા મોહ વિકારકારી,
તે થાય છે આત્મ વિકાસકારી,
સંતોતણા પાપ નિવારનારી. ૧૧
જે શ્યામ તે ઉજ્જવલ રૂપ ધારે,
રાત્રી છતા થાય પ્રભાત ત્યારે,
સંતોતણો એ દિન જાગૃતિનો,
સંસારનો નિશ્ચિત ઉષાનો. ૧૨
સંતો સદા જાગૃત આત્મદેશે,
જ્યાં પુદ્ગલાનંદિત ઊંઘ લેશે,
સંતો જિહાં ઊંઘ વરે સુખેથી,
ત્યાં અન્ય જીવો બકતા મુખેથી ૧૩
જે રાત્રિમાં લોક કુકર્મ સેવે,
ત્યાં સંત સૌ આત્મિક સૌખ્ય લેવે,
જ્યાં ચોર તાકી પરદ્રવ્ય ચોરે,
ત્યાં સંત સંપત્તિ આત્મીય ધારે ૧૪
જ્યાં કામસેવા જનતા કરે છે,
ત્યાં સંયમી સંયમ સૌખ્ય લે છે,
જ્યાં મોહનિદ્રા જનતા વરે છે,
એ તુચ્છ જાણી મુનિઓ તજે છે. ૧૫
સંતોતણા આત્મસ્વરૂપ ભાવ,
અખંડ ને શાશ્વત સૌખ્ય થાવ,
જે સચ્ચિદાનંદ સુસાધુ ભાખે,
બાલેન્દુ તે જાગૃતિ નિત્ય ઝંખે ૧૬

શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'

---

૧ ધાવમાતા. ૨ ચંદ્રનો ડાઘ ૩ કિરણો ૪ શરીરની ૫ ઘણો ૬ કાવતરું.

નંદિષેણ મુનિ

(મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ—અમદાવાદ)

શ્રીપુર નામે નગરમાં માનપ્રિય નામે યજ્ઞપ્રિય બ્રાહ્મણ રહેતો હતો. તે હમેશાં યજ્ઞ કરતો. તેને ત્યાં ભીમ નામે એક દાસ હતો. એક વખતે માનપ્રિયે ભીમને કોઇ ખાસ કામ બતાવ્યું, પણ ભીમે કહ્યું કે "કામ એવી શરતે કરું કે મને યજ્ઞપ્રસંગે થતું ભોજન હમેશાં આપો." માનપ્રિયે તે કબૂલ કર્યું અને ભીમે તેનું કામ કર્યું. ભીમને યજ્ઞપ્રસંગે હમેશાં જે ઉત્તમ ખોરાક મળતો તે પોતે ન ખાતાં તે ખોરાક મુનિને વહોરાવી દેતો. એ દાનના કાર્યથી ભીમે ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું. ભીમ આયુષ્ય પૂર્ણ કરી દેવ થયો અને ત્યાંથી દેવગતિમાંથી ચ્યવીને રાજગૃહ નામે નગરમાં શ્રેણિક રાજાને ઘેર નંદિષેણ નામે કુંવરરૂપે જન્મ્યો. માનપ્રિય બ્રાહ્મણ ત્યાંથી મરી, કેટલાક ભવમાં રખડી અટવીમાં એક હાથણીને ઉદરે આવી ઉત્પન્ન થયો. એ હાથણીના જૂથનો અધિપતિ જે હાથી હતો તે બીજા નાના મોટા કોઇ હાથીને જીવતા ન દેતા મારી નાખતો. એના મનમાં ભય હતો કે બીજો કોઇ હાથી તૈયાર થયો તો મને મારીને આ જૂથનો માલિક તે થશે, માટે કોઇ પણ હાથણી જો નર હાથીને જન્મ આપે તો તેને મારી નાખે. હાથણી જન્મે તો તેને રહેવા દે. જે હાથણીના ઉદરે માનપ્રિય હાથી તરીકે ઉત્પન્ન થયો હતો તે હાથણીને વિચાર થયો કે "મને જો હાથી જન્મશે તો જૂથપતિ તેને મારી નાખશે માટે એ ન મારી નાખે તેમ કરું" આમ વિચારી હાથણી પોતાના ટોળામાંથી હમેશાં થોડું થોડું પાછળ રહેતી. એમ કરતા હાથીને થયું કે એ હાથણીને કાંઇક દર્દ થયું છે તેથી પાછળ રહી જાય છે, એટલે તેના પર તેણે બહુ ધ્યાન ન આપ્યું.

એક વખતે જ્યારે એ હાથણીને સંતાન જન્મવાનો પ્રસંગ આવ્યો ત્યારે જંગલમાં રહેલ તાપસોના આશ્રમમાં જઇને હાથણીએ સંતાનને જન્મ આપ્યો. હાથીના એ બચ્ચાંને ત્યાં મૂકી હાથણી ટોળા સાથે ભળી ગઇ. પછી અનુકૂળતાએ આવીને તે હાથણી પોતાના બચ્ચાની સંભાળ લઇ જતી. આશ્રમમાં રહેલા બાળ તાપસો એ હાથીના બચ્ચાં સાથે રમત કરતા. હાથીનું બચ્ચું પણ એ તાપસનાં બાળકો અને તાપસો સાથે હળી-મળી ગયું. બાળ તાપસો પાણી ભરી લાવી આશ્રમનાં વૃક્ષોને પાતાં એટલે હાથી પણ પોતાની સૂંઢમાં પાણી ભરી લાવી વૃક્ષને સિંચે, એ ઉપરથી તાપસોએ એ હાથીનું સિંચાનક નામ પાડ્યું. સિંચાનક જ્યારે મોટો થયો ત્યારે તે સ્વતંત્ર થયો. તેણે એક દિવસે વિચાર કર્યો કે મારી માતા જેમ કપટ કરીને આ તાપસના આશ્રમમાં મને મૂકી ગઇ તેમ બીજી હાથણી કેમ ન કરે? એટલે આ તાપસનાં આશ્રમો એ કપટીઓનું આશ્રયસ્થાન છે, માટે આશ્રમો જ ન રહેવા દેવા જોઇએ. એમ વિચારી તાપસોનાં આશ્રમોને તે તોડી નાંખવા લાગ્યો. એટલે તાપસોએ એ હાથીને પકડવા માટે રાજા શ્રેણિકને વિનતી કરી. રાજા શ્રેણિકે પોતાના સૈનિકોને સિંચાનક હાથીને પકડી લાવવાની આજ્ઞા કરી અને તે પણ સાથે આવ્યા. અનેક પ્રયત્ન કરતા છતાં કોઇ રીતે સિંચાનક હાથ ઝલાયો નહિ એથી રાજાને ઘણો ખેદ થયો. પિતાને ખેદ કરતા જોઇ નંદિષેણ કુમાર હાથીને કેદ કરવા ઊભો થયો. સિંચાનકે નંદિષેણને જોયો અને જોતાંની સાથે જ તેને જાતિસ્મરણ જ્ઞાન થયું.

પૂર્વના ભવનો સ્વામિસેવકસંબંધ તે જાણી શક્યો. તેથી સિંચાનક શાન્ત થઇને ઊભો રહ્યો. નંદિષેણ તેની પાસે આવીને તેને માત્ર હાથવતી જ ઝાલી લાવીને રાજાને સોંપ્યો. રાજાએ સિંચાનકને પટહસ્તી બનાવ્યો. એક વખતે પ્રભુ મહાવીરદેવ જ્યારે રાજગૃહે પધાર્યા ત્યારે શ્રેણિકરાજા નંદિષેણકુમાર વગેરે દર્શનાર્થે ગયા. દેશના શ્રવણ કરી. નંદિષેણકુમારે પોતાને દેખીને હાથી શાન્ત કેમ થયો? એ સંબંધી પ્રભુને પૂછ્યું. પ્રભુએ તેના પૂર્વભવની વાત

કહી દેશનાના શ્રવણથી નંદિષેણને વૈરાગ્ય થયો અને સંયમ લેવા તૈયાર થયા, ત્યારે પ્રભુએ કહ્યું કે "હજુ તમારે ભોગાવલિ કર્મ બાકી છે, એટલે તે ભોગવ્યા સિવાય તમે સંયમ યથાસ્થિત રીતે પાળી નહી શકો, માટે ઉતાવળ ન કરો" પ્રભુએ ના કહેવા છતાં નંદિષેણકુમાર સંયમ લેવામાં દૃઢ રહ્યા, ત્યારે આકાશ માંથી દૈવવાણી પણ એવી જ થઇ કે "નંદિષેણ! તમારે ભોગાવલિકર્મ બાકી છે માટે દીક્ષા લેશો નહિ." સર્વની મના છતાં નંદિષેણે ચારિત્ર લીધું અને ઉત્સાહપૂર્વક તે છઠ્ઠ-અઠ્ઠમ આદિ તપશ્ચર્યા કરવા લાગ્યા. એમ કરી તેમણે કર્મને પાતળા પાડવા પ્રયત્ન કર્યો પ્રભુની સાથે વિચરતાં, શાસ્ત્રાર્થને ધારણ કરતા, પરિષહાદિને સહન કરતા તે સંયમ પાળવા લાગ્યા. એ સંયમ અને તપના પ્રભાવથી તેમને અનેક પ્રકારની લબ્ધિઓ-સિદ્ધિઓ પ્રાપ્ત થઇ એકદા તેઓ ગોચરી અર્થે ગામમાં ફરતાં અજાણતાં કોઇ વેશ્યાને ત્યાં જઇ ચઢ્યા અને નિર્દોષ ભિક્ષાની યાચના કરી વેશ્યાએ મશ્કરીમાં પોતે અર્થાર્થી છે અને અહીં તો વિષયોની ભિક્ષા છે એમ કહ્યું. એ મશ્કરીથી અને ભોગવલિકર્મના ઉદયથી મુનિને મનમા અહંભાવ આવ્યો તુર્તજ ઘાસની તરણું લઇ તેને તોડી કકડા કરતાં સોનામહોરનો ઢગલો થયો. તે જોઇને વેશ્યાએ તેને મોઢ પમાડીને ત્યાં જ રાખી લીધા નંદિષેણ વેશ્યાને ત્યાં રહ્યા, પણ એવો નિશ્ચય કરીને કે હમેશાં દસ જણને ધર્મનો પ્રતિબોધ આપી, ધર્મ પમાડી, દીક્ષા લેવાને રવાના કર્યા પછી જ ખોરાક લેવો, તે પહેલાં ન લેવો. આ નિયમ તે બરાબર પાળતા. બાર વર્ષ વીત્યા ત્યારે ભોગાવલી કર્મ ભોગવાઇ રહેતા એક દિવસે હમેશના નિયમ મુજબ દસ જણને પ્રતિબોધતાં નવ પ્રતિબોધ પામ્યા. દસમો એક સોની ન બૂઝ્યો. જમવા વખત થઇ ગયો. બે-ત્રણ વખત ફરી ફરી કરેલી રસોઇ ઠરી ગઇ; છતા પ્રતિજ્ઞા મુજબ દસ જણ પૂરા થયા સિવાય ન જ જમી શકાય છેવટે વેશ્યાએ મશ્કરી કરતાં કહ્યું કે "દસમા તમો!" બસ એટલી જ વાર હતી તુર્તજ ઉઠી ઊભા થઇ વેશ્યાને પોતાના ગુરુસ્થાને માની, સાધુવેશ લઇ તે ચાલી નીકળ્યા. ફરી દીક્ષા લઇ દુષ્કર તપશ્ચર્યાદિ કરી, સર્વ કર્મનો ક્ષય કરી, અન્તે તે નંદિષેણમુનિ મોક્ષે પધાર્યા. આવા મુનિવરને ધન્ય છે, ધન્ય છે!

જીવન મંત્ર

ददातु दानं विदधातु मौनम्, वेदादिकं चापि विदांकरोतु।
देवादिकं ध्यायतु सततं वा, न चेद्दया निष्फलमेव सर्वम्॥

તમે કોટિ સુવર્ણનું દાન કરો, વર્ષોના વર્ષો સુધી મૌન ધારણ કરો, વેદ અથવા તો બીજા બધા ધર્મશાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત કરો તેમજ નિરંતર દેવાદિનું ધ્યાન કરો પરન્તુ અંતઃકરણને વિષે જો દયા નથી તો ઉપર દર્શાવેલા સર્વ કાર્યો, રાખમાં ઘી હોમવાની માફક નિરર્થક-નિષ્ફળ જ સમજવા, માટે જ મહાપુરુષોએ ધર્મનું મૂળ દયા જ કહી છે, તેથી જ अहिंसा परमो धर्मः। એ આપણો મુદ્રાલેખ છે-જીવન મંત્ર છે

કૌશામ્બીની રાણી મૃગાવતી

(૩)

મન ચંગા, તો કથરોટમાં ગંગા.

માનવભવની સફળતા કરવી હોય તો એ અગે દર્શાવેલ જીવન-સાધનાના ચાર વર્ગ ધ્યાનમાં રાખવા. એ પુરુષાર્થરૂપે પણ પ્રસિદ્ધ છે. ૧ અર્થ. ૨ કામ. ૩ ધર્મ અને ૪ મોક્ષ. એમાં અગ્રપદે તો મોક્ષ જ છે. એની પ્રાપ્તિ ધર્મમાર્ગેથી થાય; અને ધર્મકરણી-વેળા પ્રથમના બે વર્ગની એવી સંકલના કરવી કે જેથી તેઓ બાધારૂપ ન નિવડે. ધર્મના ત્રણ પ્રકાર પણ સમજી લેવા યોગ્ય છે. પ્રથમ પ્રકાર તે **સ્વરૂપધર્મ**, એમાં આત્માની નિર્મળતા ઉપર ખાસ ભાર મૂકાયેલ છે. બીજો **અનુષ્ઠાનધર્મ** અને ત્રીજો **વિચારધર્મ**, એ બરાબર સમજપૂર્વક આચરણમાં ઉતારાય તો **મોક્ષની** સાધના સુલભ બને છે. **સ્વરૂપધર્મ** ઉપર લક્ષ્ય કેંદ્રિત કરવા સારુ **સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન** અને **સમ્યક્ચારિત્ર**રૂપ ત્રિવેણીમાં પ્રતિદિવસ અવગાહન ચાલુ રાખવાનું છે; કેમકે એ આત્માના મૂળ ગુણોરૂપ હોઇ આખરે સ્ફટિક માફક નિર્મળતા પ્રાપ્ત કરે એનું નામ મોક્ષ. મનુષ્યે વ્યવહારિક કે અન્ય આવશ્યક કાર્યોના આચરણવેળા 'ધાવ ખીલાવત બાળ'ની ઉક્તિ સ્મરણમાં રાખી, **કામના** તો એકલા **મોક્ષની** જ રાખવી. કેમકે એ એક જ સ્થાન એવું છે કે જ્યાં જન્મ, મરણ, રોગ, શોગ, આધિ, વ્યાધિ કે ઉપાધિ આદિ કંઇ જ નથી. કેવલ શાશ્વત આનંદ, આનંદ અને આનંદ જ છે.

ભગવંત ! આપની વાત મને બરાબર ગળે ઉતરી છે અને હું એ મોક્ષસ્થાનની પ્રાપ્તિ કરવા સતત ઉદ્યમશીલ રહેવા ઇચ્છું છું. આશા છે કે મારો એ ઉદ્દેશ્ય બર આણવામાં, પુરુષપર્ષદામાં બેઠેલા રાજવી ચંડપ્રદ્યોત આડા હોય નહીં ખરે.

નારીવૃંદમાંથી સ્વર્ગની અપ્સરાને પણ શરમાવે એવી રૂપશાલિની, અને જેના મસ્તિક ઉપરનું વસ્ત્ર જરા નમેલું છે એવી ઊભી થઇ, હસ્તદ્વય જોડી પ્રભુ સન્મુખ પ્રસ્તાવ રજૂ કરતી રમણીને રાજવી ચંડપ્રદ્યોત ઘડીભર જોઇ રહ્યો ! થોડીપળના વિલંબ પછી એ રૂપવતીએ પોતાને ઉદ્દેશીને વાતની શરૂઆત કેમ કરી, તેનું કારણ પણ કળી ગયો. એ ભૂપ જવાબ આપે તે પૂર્વે વાર્તાના વહેણમાં આગળ વધવા સારુ જે અંકોડા જોડવાની જરૂર છે તે દિશા તરફ વળીએ. ઉપરના પ્રસંગ સુધી આવી પહોંચવામાં સંખ્યાબંધ *વર્ષોના વહાણા વાયા છે અને કાળદેવે પણ ઘણી* ઊથલ-પાથલ કરી નાંખી છે.

કૌશામ્બીના મહાલયમાં રાજવી શતાનીક અને રાણી મૃગાવતીને વાર્તાલાપ કરતાં આપણે જોયા છે. એ પછી આ નગરીના આંગણે ચંદનબાળાના હસ્તે છદ્મસ્થ એવા શ્રી વર્ધમાન સ્વામીના પારણાનો પ્રસંગ ઊજવાઇ ગયો. એ વેળા જ મૃગાવતીને ખબર પડી કે ચંદનબાળાનું મૂળ નામ તો વસુમતી છે અને એ ચંપાપતિ દધિવાહનની રાણી ધારિણીની પુત્રી છે. પોતાની બ્હેન પદ્માવતી ગર્ભવતી અવસ્થામાં ચંપાપતિ સહ ઉદ્યાનવિહારે નીકળેલી અને માર્ગેથી એ વિખુટી પડી ગએલી. ઘણી શોધ કરવા છતાં એનો પત્તો ન મળવાથી, દધિવાહન ભૂપને બીજું લગ્ન કરવું પડેલ. આમ ધારિણી એ પદ્માવતીની શોકય લેખાય અને એ સગાઇના ધોરણે વસુમતી પોતાની ભાણેજ થાય. એ કારણે માસી એવી મૃગાવતીએ તેણીને ધનાવહ શેઠનું ઘર છોડીને પોતાની સાથે રાજમહેલમાં આવીને વસવા આગ્રહ કર્યો અને અત્યારસુધી પોતે ઓળખી ન શકી એ માટે પશ્ચાત્તાપ પણ દર્શાવ્યો.

ચંદનબાળાએ પણ કહ્યું કે-એમાં દુઃખ ધરવાનું કંઇ જ કારણ નથી. મારા પાલક પિતાનું ઘર છોડી હું કોઇપણ સ્થળે વસવાટ કરવા જવાની નથી. મારું ધ્યેય કેવળ આત્મકલ્યાણનું છે.

ત્યાં તો ભગવંત શ્રી વર્ધમાન સ્વામી થયેલ

સોનૈયાની વૃષ્ટિરૂપ ધન એકઠું કરતાં રાજ્યના અનુચરોને વારીને બોલ્યા કે—એ ઉપર રાજ્યનો હક નથી. ધનાવહ શેઠ જ એના સાચા માલિક છે. હું જ્યારે ચતુર્વિધ સંઘની સ્થાપના કરીશ, ત્યારે ચંદના પ્રથમ સાધ્વી થશે તેણીના દીક્ષામહોત્સવમાં આ ધન ખરચાશે.

એ પછી ઋજુવાલિકાના તટ પર આવેલ શ્યામાક ખેડૂતના ક્ષેત્રમાં પ્રભુશ્રીને કૈવલ્યની પ્રાપ્તિ થઇ, અને ત્યાંથી વિહાર કરી તેઓશ્રી મહાસેન વનમાં પધાર્યા. ત્યાં ઇંદ્રભૂતિ આદિ અગિયાર બ્રાહ્મણ પંડિતોને પ્રતિબોધી, પોતાના ગણધર બનાવ્યા ચતુર્વિધ સંઘની સ્થાપના કરવામાં આવી, અને એ વેળા ચંદનાએ પ્રવ્રજ્યા સ્વીકારી.

સાધ્વીજીવનમાં પ્રગતિ સાધતા, ભિન્ન ભિન્ન પ્રદેશમાં વિચરતા એવા સાધ્વી ચંદનબાળાને ઘણી શિષ્યાઓની પ્રાપ્તિ થઇ. કૌશામ્બીના ચાતુર્માસ સમયે શતાનિક ભગિની જયંતીએ પણ તેમની પાસે ચારિત્ર ગ્રહણ કર્યું પોતાના શુદ્ધ આચારથી, અને પાકટ અભ્યાસથી સાધ્વી ચંદનબાળા વયમાં નાના છતાં, જ્ઞાનમાં અગ્રપદે હોવાથી પ્રવર્તનીના પવિત્ર પદે પહોંચ્યા

દરમીઆન અવંતીપતિ ચંડપ્રદ્યોત પોતાની કામલાલસા તૃપ્ત કરવાના પ્રયાસો ચાલુ રાખી રહ્યો હતો. પત્રનો જવાબ ન મળવાથી એણે બીજા ઉપાયો હાથ ધર્યા. એમાં પણ ફતેહમંદ ન થવાથી 'હાર્યો જુગારી બમણું રમે' એ કહેતી મુજબ, દુનિયાના વહેવારને અભરાઇએ ચઢાવી, સગાઇનો સંબંધ અવગણીને, એકદમ એણે કૌશામ્બી ઉપર જોરદાર ધસારો કર્યો. નગરીને ચારે તરફથી સખત ઘેરો નાંખ્યો. આ કામ એવી ગુપ્ત રીતે ચંડપ્રદ્યોતે કર્યું કે એની ગંધ સરખી શતાનિકને આવી નહીં. કેટલાક સમયથી તેની તબીઅત અસ્વસ્થ તો હતી જ એમાં એકાએક આ છાપો આવી પડ્યો. નગરીના દરવાજા બંધ કરાવ્યા, પણ અકસ્માતિક હુમલાનો ક્ષોભ એટલી હદે પહોંચ્યો કે તેને એકદમ અતિસાર લાગુ પડ્યો અને ક્ષિતિજ પર અરુણનું આગમન થાય કે ઉષાની પ્રભા પથરાય તે પૂર્વે તો તેનો હંસલો ઊડી ગયો.

મૃગાવતીને સ્થાને અન્ય કોઇ નારી હોત તો અવશ્ય ગભરાઇ જાત પણ આ તો ચેટકપુત્રી ને હૈહય ક્ષત્રિયાણી હતી. રાજ્યના શીરે આવેલ મહાન્ સંકટ પારખી લઇ, તેણીએ સર્વ વિધિ હિંમતથી પતાવી. ત્યાં તો જેમના માથાના કેશ શ્વેતતાને ધારણ કરી કોઇ અનોખી શોભા આપી રહ્યા છે એવા વૃદ્ધ મંત્રીશ્વરના પગલા થયા. પ્રણામ કરી તેઓ બોલ્યા કે:—

મહારાણી! તમોએ જેમ આવી પડેલ અકારમો ઘા સહન કરવામાં ધૈર્ય દાખવ્યું તેમ નગરીના રક્ષણમાં પણ જો કુશળતા દાખવો તો જ બાળરાજાની કીર્તિ બની રહેશે શત્રુ એવા પ્રદ્યોતરાજા સાથે બળથી આપણે ફાવી શકીએ તેમ નથી જ. હા કળથી કામ લઇએ તો એ લંપટ રાજવી ભોંઠો પડે અને કૌશામ્બીનું રાજ્ય સુરક્ષિત થઇ જાય. એ જાતનો દાવ ફેંકવામાં મુખ્ય ભાગ આપે જ ભજવવાનો છે. રાજનીતિમાં 'સામ-દામ-ભેદ અને દંડ' રૂપ ચાર પ્રકારો દાખવ્યા છે. આપના ઉપર એ મોહિત છે એટલે યુક્તિથી કામ લેશો તો વત્સ એવા કુમાર ઉદાયનનું કાર્ય સધાશે, અને સતીત્વના રક્ષણ અર્થે જે કંઇ આપના તરફથી એની સામે રજૂ થશે, એ ભલેને છળના હશે છતાં ટીકાપાત્ર નહી ગણાય.

મંત્રીશ્વરનો ઇશારો મૃગાવતી સારીરીતે સમજી ગઇ. તેણીએ ચંડપ્રદ્યોતને કહેણ મોકલાવ્યું કે —

તમારી મને મહારાણી બનાવી અવંતી લઇ જવાની માંગણી સ્વીકારી શકાય એવો સંયોગ ઊભો કરવા સારુ સૌપ્રથમ તમારે બે શરતનું પાલન કરવું જરૂરી છે. એક તો સ્વામીના મૃત્યુથી જે વૈધવ્ય મારા શીર ઉપર આવી પડ્યું છે તે અંગેના શોકપાલનમાં હાલ નવ માસ સુધી એ વાતનો ઉચ્ચાર સરખો ન કરવો; અને બીજી શરતરૂપે મારા બાળપુત્રના રાજ્ય ઉપર કોઇ શત્રુરાજવી હલ્લો ન લાવે એ સારુ તમારે કૌશામ્બીને ફરતો મજબૂત ગઢ બનાવી આપવો. આ શરતોનું પાલન થશે તો આપે સેવેલી ચિરકાળની અભિલાષાને ફળ બેસવાનો યોગ જરૂર સાંપડશે.

કામલોલુપ ચંડપ્રદ્યોત જેમ બળવાન હતો તેમ ઉતાવળીઓ પણ ખરો જ મૃગાવતીનો ઉપર મુજબનો સંદેશ મળતાં જ એ લઢું બની ગયો. 'સિંહ ભૂખે મરે પણ ઘાસ ખાય નહીં, અને સતી પ્રાણની આહૂતિ આપે પણ શિયળ છોડે નહીં' આવી પ્રસિદ્ધ જનવાયકા ન તો એને યાદ આવી કે ન તો કંઈ આગળ-પાછળ વિચાર્યું' રાણીની વાત સ્વીકારી લીધી અને છાવણી સંકેલી પોતાના વતન પાછો ફર્યો કૌશામ્બીને અજેય બનાવવા હજારો માણસોને કામે લગાડી દીધા ક્યારે નિયત કરેલો સમય પૂરો થાય એના મણકા મૂકવા માંડ્યા. 'અણી થૂકયો સો વરસ જીવે' એ ઊક્તિ મૃગાવતીના પ્રસંગમાં તો અક્ષરશઃ સાચી પડી.

'કાગનું બેસવું ને તાડનું પડવું' એ ન્યાયે શ્રમણ ભગવાન શ્રી મહાવીર દેવ વિચરતાં વિચરતા કૌશામ્બીના ઉદ્યાનમાં પધાર્યા એ સમાચાર મળતાં રાણી મૃગાવતીએ મંત્રીશ્વરને તેડાવ્યા. જ્યાં એ નમસ્કાર કરીને બેસે છે ત્યાં રાણીએ પ્રશ્ન કર્યો- મહામંત્રીજી, ગઢ બરાબર સુરક્ષિત થઈ ગયો છે?

જી, હા હવે બાળરાજાને હાલ તો કોઈ શત્રુનો ભય નથી રહ્યો, પણ વાયદો પૂરો થવા આવ્યો છે એટલે અવંતીપતિ ઉતાવળ કરે છે સંદેશવાહકના કથન મુજબ તેઓ આવતી કાલે જ આવી પહોંચશે ઉપરથી તો ભગવંત શ્રી મહાવીરદેવને વંદન કરવાનું નિમિત્ત જણાવે છે પણ અંદરખાનેથી આપને માટે જ આવે છે

મંત્રીશ્વર, તમો તો રાજ્યના જૂના હિતચિંતક છો, રાજકુંવરનું હિત વિણસે નહીં, અને આપણા રાજ્યની પ્રતિષ્ઠા જળવાઈ રહે એ રીતે રાજ્ય સંચાલન કરવા સમર્થ છો. હવે એમાં મારી સલાહ કે હાજરીની અગત્ય મને જણાતી નથી

સ્વામિની, એટલે આપ શું કરવા ધારો છો? શું આવતી ...ત્યાં તો મૃગાવતી અધવચ બોલી ઉઠી-

તમો માનો છો કે હું મહારાણી બનવા મારી ભગિનીના હક્ક ઉપર તરાપ મારી અવંતી જઉં? કુળને કલંક લગાડું?

ના, ના, એવો ખ્યાલ તો મને સ્વપ્ને પણ ન આવે હું મહારાણી મૃગાવતીના સ્વભાવથી અજ્ઞાત નથી, અને ચેટકરાજાની પુત્રીઓની, શિયળ-પાલનમાં અડગતાથી અજાણ પણ નથી

તો પછી વિશ્વાસ રાખો રાજ્યધુરા વહન કરવાની જવાબદારી હરતે મુખડે સ્વીકારી લ્યો આવતી કાલે હું પણ ભગવંતને વંદના કરવા પહોંચી જઈશ, અને ભાવિજીવન માટે એવો મર્મ નક્કી કરીશ કે જેથી પ્રતિષ્ઠાને રંચમાત્ર હાનિ નહીં પહોંચે, એટલું જ નહીં પણ અવંતીપતિ તરફથી કૌશામ્બીનું રાજ્ય કાયમ માટે નિર્ભય બની જશે

સમવસરણમાં જે રમણીએ પ્રવ્રજ્યા લેવાની પ્રભુશ્રી મહાવીર દેવને ઉભા થઈ પ્રાર્થના કરી અને એમાં અવંતીનાથની સંમતિ માગી, તે અન્ય કોઈ નહીં પણ રાણી મૃગાવતી હતી એ વાત સહજ સમજાય તેમ છે અને એ પછીનો હેતુ પણ સ્પષ્ટ થાય છે

ચંડપ્રદ્યોત મનમાં તો, હાથમાં આવેલ શિકાર આ રીતે સરી જતો જોઈ, ચિરકાળ સેવિત સ્વપ્ન આજ ઊડી જતું જોઈ, ઘણું મુંઝાયો, પણ નણ જગતના નાથ સામે અને ભરી પર્ષદાની વચ્ચે એનાથી 'ના' કહેવાય તેવું હતું જ નહીં એણે એ વાત સમજતાં હવે જરા પણ વિલંબ ન થયો કે, મૃગાવતી પોતાની ચતુરાઈથી મને બનાવી ગઈ બાણ ધનુષ્યમાંથી છૂટી ગયું હતું. હવે એ સામે કંઈજ પ્રતિકાર શક્ય નહોતો. 'હકાર' ભણવાનું નક્કી કરી તે જેવો ઊભો થવા જાય છે ..

ત્યાં તો જ્ઞાની ભગવંત બોલ્યા માનવ પોતાના સર્વ મનોરથ પૂર્ણ કરવાના સોણના ભને સેવતો હોય પણ વિધિના રાહ નિરાળા હોય છે કોઈ કાળે સર્વ આશાઓ પૂરી થતી નથી જ એથી નિમ્ન વચન ટંકશાળી બન્યું છે—

धनेषु जीवितव्येषु भोगेषु आहारकर्मसु ।
अतृप्ता प्राणिनः सर्वे यातां यास्यन्ति यान्ति च ॥

વળી જાતે ન બનતું હોય છતાં અન્ય કોઈ

સમતા

લેખકઃ—અમરચંદ માવજી શાહ

સમતા એટલે પરિણામની અવિષમતા. જ્યાં વિષમ પરિણામ થાય ત્યાં સમતા ટકી શકે નહીં. રાગ અને દ્વેષનાં પરિણામમા મધ્યસ્થપણે પરિણતી રહેવી, તેનુ નામ સમતા આપણને ક્ષણે ક્ષણે રાગ દ્વેષની વૃત્તિઓ થયા જ કરે છે અને સુખ-દુખની લાગણીઓનો અનુભવ થયા કરે છે એક આધુનિક કવિએ કહ્યું છે કે—

સુખ સમયમાં છકી નવ જવું,
દુઃખમાં ન હીંમત હારવી;
સુખદુઃખ સદા ટકતાં નથી,
એ નીતિ ઉર ઉતારવી.

આપણે દુઃખના સમયમાં ગમે તેટલો ઊહાપોહ કરીએ છતાં પણ તે દુખ ઘટતું નથી. જે જે પ્રકારે આ આત્માએ જેવા જેવા રસથી કર્મબંધ કર્યા હોય તે તે પ્રકારે તેને તે વેદવુ જ પડે છે તેવો સિદ્ધાંત છે. જ્યારે આપણે કર્મ કરતી વખતે વિચાર કર્યો નથી ત્યારે તેનાં ઉદય વખતે શોક કરવો શુ કામનો ?

બંધ સમય ચેત્યો નહીં, ઉદયે શો સંતાપ ?

એટલે ખરી રીત એ છે કે કર્મબંધન વખતે જ આપણે ઉપયોગની જાગૃતિ રાખવાની જરૂર છે જ્યારે બંધ બંધાઈ ગયો ત્યારે તેને વેદવામાં હર્ષ શોક શું કામનો ! આ વખતે જ સમત્તાની કીંમત છે. આ સમયે સમતા નહીં રહેવાથી મમતાને લીધે આપણે વધુ પડતું દુઃખતું વેદન કરીને પુનઃ નવીન કર્મબંધમાં પડીએ છીએ, એ વખતે જો આપણે સમતાથી સહનશીલતા રાખી હોય તો આપણે એ દુઃખતું વેદન ઘણું જ શિથિલ કરી નાખીએ છીએ અને નવા બંધનથી મુક્તિ મેળવીએ છીએ.

અનેક મહાત્માઓ—આ સમતાયોગની સાધના કરીને ભૂતકાળમાં મુક્તિને પામ્યા છે. ગમેતેવા કર્મોને ખપાવવા માટે સમતા જેવો કોઇ રામબાણ ઉપાય નથી અખંડ આનંદ, અભેદ પ્રેમ અને નિર્વિકલ્પ શાંતિનું મહાનમાં મહાન સાધન સમતા છે. સમતાનાં પરિણામથી રાગ દ્વેષની પરિણતી મંદ થઇ જતાં આત્માનો સહજ આનંદ પ્રગટે છે. સૌ જીવાત્માઓ પ્રત્યે અભેદ પ્રેમ પ્રવર્તે છે. અને ચિત્તમાં નિર્વિકલ્પ શાંતિ પરિણમી સહજ આત્મસ્વરૂપમાં સ્થિરતા થઇ શકે છે અને એ જ સામાયિક યોગ છે.

યોગિવર્ય શ્રી આનંદઘનજીએ પણ શ્રી શાંતિનાથ ભગવાનના સ્તવનમાં કથન કર્યું છે કે—

ઉત્તમ માર્ગે જતુ હોય તો એમા રહાયક બનવાની તક પણ નકામી જવા ન દેવી કહ્યુ છે કે-કરણ, કરાવણ ને અનુમોદન સરખા ફળ નિપજાવે.

ચંડપ્રદ્યોતે ઊભા થઇ જણાવ્યું કે-રાણી મૃગાવતી ભાગવતી દીક્ષા સ્વીકારે એમાં મારા તરફથી પૂર્ણ સહાનુભૂતિ છે.

મૃગાવતીએ રાજી થતાં જણાવ્યુ કે-હુ અવંતીનરેશનો ઉપકાર માનુ છુ કે જેમણે મારી ઇચ્છા પૂર્ણ કરવામાં સાથ પૂર્યો. એ સાથે મારા બાળકુવર ઉદાયનની, તેમજ કૌશામ્બીના રાજ્યની સર્વ પ્રકારની સંભાળ રાખવાનો ભાર પણ તેઓના શીરે મૂકે છું. નાથ ! મારો માર્ગ નિષ્કંટક થયો છે. હવે મને મહાવ્રત ઉચ્ચરાવો.

ઇંદ્રભૂતિ ગણધરે પૂછ્યુ : તમારે જયંતી, સુલસા આદિ સ્થવિર સાધ્વી સમૂહમાં કોની શિષ્યા બનવુ છે!

ગુરુદેવ, એ માટે પણ મે વિચારી રાખ્યું છે અને ખુદ પ્રવર્તિની ચંદનબાળાને જ મારા ગુરુ પદે સ્થાપના છે.

આ પણ આશ્ચર્ય. ભાણેજની શિષ્યા માસી !

(ચાલુ)

મોહનલાલ દીપચંદ ચોકસી

માન અપમાન સમ ચિત્ત ગણે,
સમ ગણે કનક પાષાણ રે;
મુક્તિ સંસાર બેઉ સમ ગણે,
ઇસ્યો હોય તું જાણ રે. શાંતિ જિન૦

તેમજ શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ અપૂર્વ અવસરમાં પ્રકાશ્યું છે કે—

શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તેજ સ્વભાવજો;
જીવિત કે મરણે નહિ ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવજો.
અપૂર્વ અવસર

જેને કોઇ શત્રુ નથી. જેને કોઇ મિત્ર નથી, જેને માન અને અપમાન સરખા છે, જેને જીવિત કે મરણ સરખું છે, જેને સંસારમાં રહેવું કે મુક્ત થવું એમાં કાંઇ પણ ન્યૂનાધિકપણું નથી એવી જ્યાં સમભાવની દશા પ્રગટે ત્યાં કેવો અદ્ભુત સમતા રસ જામ્યો હોય તેની કલ્પના એક વખત ચિત્તમાં ઉતારીને અનુભવ પ્રાપ્ત કરીએ ત્યારે જ તેના અમૃત રસની ખબર પડે. આ બધો પ્રયોગ અનુભવ સિદ્ધતાથી સિદ્ધ થાય છે. આ માત્ર બોલવાથી, કહેવાથી કે લખવાથી સુખ પ્રાપ્ત કરી શકાતું નથી. આ અલૌકિક વસ્તુ છે. અલૌકિક વસ્તુ પ્રાપ્ત કરવા માટે લૌકિક સંગથી ઉદાસીન બનવું જોઇએ. લોકોત્તર માર્ગે ગમન કરવું જોઇએ. અંતર્મુખ થવાનો ઉપયોગ કેળવવો જોઇએ.

આ સમતા માટે ખૂબ જ આત્મસંયમની જરૂર છે, આત્મસંયમ પ્રાપ્ત ન થાય, મમતામાં—બાહ્ય પરિગ્રહ—પરદ્રવ્ય, પરભાવમાં ચિત્તનું ભ્રમણ થયા કરે ત્યાં સુધી સમતાની પ્રાપ્તિ થવી દુર્લભ છે. મન, વચન અને કાયાની ઇન્દ્રિયો ઉપર સંયમ આવે, ઇચ્છાઓનું શમન થાય, થયેલી ઇચ્છાઓને રોકવાની શક્તિ પ્રાપ્ત થાય તેવો વૈરાગ્યભાવ જ્યારે આત્મામાં પરિણમે ત્યારે સમતા ભાવની પ્રાપ્તિ થાય. ગમે તેવા ભયંકર પ્રસંગોમાં—ઉલ્કાપાતમાં, પહાડ તૂટી પડે તેવા સંકટમાં પણ જે ધીરજ રાખી શકે છે, અને સમતા રાખે છે તે વીર પુરુષ છે. આવા વીરપુરુષો જ જગતને વંદનીય છે ક્રોધ—માન—માયા ને લોભને વશ થઇ જે અનેક પ્રકારની બહાદુરીનાં બણગાં ફુંકે છે તેમજ કલેશ—કંકાસ લડાઇ—હિંસા આદિ કરે છે તેની વીરતાનાં વખાણ ભને સંપ્રત અજ્ઞાન માનવીઓ કરે પણ સત્પુરુષો તો ક્રોધ કરનારને કાયર જ ગણે છે. જે સમતા રાખનાર છે તેને જ વીરતાનું બિરુદ શોભે છે. જ્યાં સુધી સંસારમાં અનિત્ય પદાર્થોપ્રત્યેની મમતામાં આ આત્મા મુંઝાઇ રહ્યો છે ત્યાં સુધી તેને સાચી સમતાના દર્શન દુર્લભ જ છે. આપણા જીવનમાં ક્ષણે ક્ષણે એવા એવા પ્રસંગો ઉપસ્થિત થયા કરવાનાં છે, થયા કરે છે અને થયા છે—કે તેમાં આપણે રાગ દ્વેષ કે હર્ષ શોકને વશ થયા જ કરીએ છીએ. અને અનેક અનર્થોને આપણે એ દ્વારા આમંત્રણ કરી આપણા આત્મા ઉપર બોજો વધાર્યે જઇએ છીએ, પરંતુ જો દરેક સ્થિતિમાં—સ્થાનમાં આપણે એક સમતાની જ સાધના રાખી હોય તો—આપણે રહેવાઇથી ચિત્તની શાંતિ પ્રાપ્ત કરી શકીએ છીએ. બધુ દુઃખ આપણા મનમાં સંકલ્પ-વિકલ્પને લઇને છે. આપણે માત્ર જ્ઞાતા—દ્રષ્ટા અને સાક્ષીરૂપે જ રહીએ અને જે થયું તે જોયા કરવાનું અને સમતાથી વેદન કરવાનું રાખીએ તો આપણને અત્યંત સુખ જ મળશે.

સમતા માતાની ગોદમાં તું વિશ્રાંતિ લેવાનું કર. તને જરૂર શાંતા ઉપજશે. એ પ્રેમાળ માતા તારું રક્ષણ કરશે, તને અખંડિત રાખશે—તારું વેરવિખેર થઇ જતું જીવન સમતાવડે એકચિત્ત થશે તારામાં અનંત શક્તિ પ્રગટશે—તને ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થશે—પછી તું ગમે ત્યાં વિચર, ઘરમાં કે વનમાં, સુખમાં કે દુઃખમાં, ગરીબાઇમાં કે શ્રીમંતાઇમાં, શત્રુઓની વચ્ચે કે મિત્રોની વચ્ચે—સંબંધીઓમાં કે વિરોધીઓમાં તારી સમતાની મહામૂલી મૂડીથી તું ખૂબ જ પ્રભાવિક થઇશ. તને દુઃખ આપનાર પણ તારા મિત્રો જેવા લાગશે. તું તારા અશુભ કર્મનું દેવું એ રીતે ભરપાઇ કરી શકીશ અને મુક્ત થઇશ

તારે બીજું કાંઇ કરવું ન હોય, બીજું કાંઇ તું જાણતો ન હોય, તને કાંઇ આવડતું ન હોય, તું

કાંઇ ભણ્યો કે ગણ્યો ન હોય, છતાં જો તુ એક માત્ર સમભાવમાં રહેવાની આધ્યાત્મિક અનોખી કળા મેળવી લઇશ તો તને આ વિનાશી જગતમાં અવિનાશી એવુ પરમસુખ સહજ રીતે પ્રાપ્ત થશે. તને કોઇ પણ પરવસ્તુની પરાધીનની અપેક્ષા નહિ રહે તુ મહાનનિધાન તારામાંથી જ પ્રાપ્ત કરશે

તુ અકલ-અલખ-અક્ષય-અખંડ-અનંત શક્તિવત્ મહાન્ આત્મા છો. અનાદિ કાળથી પુદ્ગલ-જડ ભાવોમાં મમતા કરીને તેને પ્રાપ્ત કરવામાં તારી અનંતી શક્તિ અનાદિ કાળથી તુ ખર્ચતો આવ્યો છે, તે છતાં તને કોઇ પણ દિવસ સાચુ સુખ-અવિનાશી સુખ પ્રાપ્ત થયુ નથી જે સુખની પાછળ દુ:ખ ઉભિયાં કરતુ ઊભુ હોય તેને સુખ કેમ કહેવાય ? સ્વપ્નમાં ગમે તેવુ સુખ પણ જાગ્રત થયા એટલે –ત્યાં ને ત્યાં, એનાં જેવુ જ આ સંસારનુ પરભાવનુ સુખ છે સ્વભાવ સુખ તે કદી જોયુ નથી તે તેનો સ્વાદ ચાખ્યો નથી, એ સ્વાદ તને માત્ર એક સમતાથી જ મળશે એ માટે તારે હવે પુરુષાર્થ કરવાનો છે તારી અનંતી શક્તિ હવે તુ વેડફતો બંધ થા ક્યાં ત્યાં ભટકવાનુ તુ બંધ કર તુ તારુ સુખ તારામાં જ શોધ એ શોધવા માટે તુ અધ્યાત્મયોગની દીપિકા સદ્ગુરુદ્વારા પ્રાપ્ત કર સત્શાસ્ત્રોનુ અધ્યયન કર તારા અંતરમા ભાવનાનો દીપક પ્રગટાવ એ દીપકના પ્રકાશવડે તુ તારા અંતરમા જો સમ્યગ્ દર્શન જ્ઞાનના દર્શન કર અને એ દર્શનનુ અવિરતપણે ધ્યાન કર એમાં જ સમાધિસ્થ થઇ જા લય લગાડી જા તને તારી મહાન્ વિભૂતિના દર્શન થશે એટલે તુ શાંતિ પામીશ, સમતાને પ્રાપ્ત કરીશ તારી વૃત્તિઓ ઉપશમ થવા માંડશે છેવટે તુ તેનો ક્ષય કરતો કરતો શુદ્ધ, બુદ્ધ અને મુક્ત થઇશ તારા મમતાથી બંધાએલા જાળાંઓ-વાદળાંઓ સાફ થઇ જશે તારો જ્ઞાનરૂપી સૂર્ય પ્રકાશિત થશે એ જ્ઞાન સૂર્યનાં પ્રકાશિત કિરણોથી જગતમાં જ્યોતિ થશે તારા આ પ્રકાશનાં કિરણોથી જગતમાં આનંદ વ્યાપશે જગતના જીવો તારા પ્રત્યે પ્રેમનાં પુષ્પો વરસાવશે જગતમાં શાંતિનાં ફુવારા ઊડશે, તુ યે કૃતકૃત્ય થઇશ અને તારા દર્શનથી જગત પણ કૃતકૃત્ય થશે.

તારે બીજુ કાંઇ કરવાનુ બાકી રહેશે નહિ, તારુ કર્તવ્ય પૂરુ થયુ હશે, તુ જગતના જંગમાં જિતી ગયેલો મહાન વિજેતા હોઇશ આ બધુ તને તારી સમતા જ અપાવશે તારે ફક્ત મમતાને છૂટી પાડી માત્ર જ્ઞાતા દ્રષ્ટારૂપે જોયા કરવુ જે કાંઇ સંસારના ચિત્રવિચિત્ર નાટકો થાય તેમા તારે જરા વગર સમતાથી મધ્યસ્થ રહેવુ અને એક સુવર્ણ પ્રભાત તને પરમાત્મા તરીકે પૂજવા વાટ જોતુ હશે વંદન હો એ ભગવતી માતા સમતાને !

સાચી કમાણી કઇ ?

વર્તમાન કાળમાં "કમાવાના કાંકરા અને ખોવાના હીરા" જેવુ બને છે કમાવાનુ ન બને તો કાંઇ હરકત નથી પણ ખોવાનુ ન બને તો અતિ ઉત્તમ ખોવાય નહિ એટલી કાળજી રહે તો પણ બસ છે. કમાવુ છે તે પણ મેળવવા માટે છે, પણ ખોવા માટે નથી પોતાનુ ખોઇને કમાણી થતી હોય તો તે કમાણી નકામી છે, કમાઓ પણ ખોશો નહિ. એટલુ ખ્યાલમાં રાખવુ કે કમાવાનુ છે પારકુ (પરવસ્તુનુ) અને ખોવાનુ છે પોતાનુ (જ્ઞાન-દર્શન) અને તો કમાએલુ સઘળુ ખોયા સિવાય મુક્તિ-છૂટકારો નથી, છતાં પોતાનુ મેળવવા કેટલીક કમાણી(પુણ્ય)ની આપણને જરૂર ખરી. પુન્યની સદ્ધાયતાથી આપણે આપણું જ્ઞાન, દર્શન, સુખ, આનંદ વગેરે મેળવી શકીએ છીએ

—જ્ઞાનપ્રદીપ

પાલ્હનપુર અને પહ્લવિહાર ક્યારે અને કોણે સ્થાપ્યા ?

શે૦ વૈદ્ય-વિશ્વબંધુ પંડિત—પ્રાંતિજ (ધન્વંતરિ આયુર્વેદ ચિકિત્સાલય.)

તીર્થો અને તીર્થવત્ વિહારો માનવહૃદયમાં ભક્તિઉત્પાદન, ભક્તિપ્રવાહપ્રકર્ષ અને ભક્તિમહાસાગરને ભરવા માટે જ નિર્માયાં છે.

ઇતિહાસ એ શાસ્ત્રનું એક અંગ છે. એના વિના શાસ્ત્રકથિત બાબતો સત્યરૂપ પામતી નથી. એની ભૂમિકા સદા ચર્ચાસ્પદ રહે છે પરન્તુ પ્રમાણ મળતાં તે છલ્લું રૂપ પામીને સત્યરૂપ મેળવે છે.

આજના વિદ્વદ્ સમાજમાં એનું મહત્ત્વ ઓછું નથી. એમાં કામ કરનારા વિદ્વાનો સદા કાગળના સડેલા પાનાંનાં ટુકડાને અને નાશ પામી ગએલા અબોલા પત્થરોના ટુકડાને પણ તપાસે છે. અને નાશ પામેલા તેમાંથી જે સાર જડે છે તે સમાજ સમક્ષ રજૂ કરે છે. વિદ્વાનો વિચારે છે અને પોતાની અપૂર્ણ સત્યપ્રતીતિમાં ઉમેરો કરી પૂર્ણતા લાવે છે, પરન્તુ ખાસ કરીને આ બાબતમાં જૈન સમ્પ્રદાયમાં કામ કરનારા ક્વચિત્ અને આંગળીને વેઢે ગણાતા વેઢા પણ પૂરા થવાનો સંભવ નથી. આ બાબત એવી છે કે તેમાં કેવળ પાંડિત્ય કામ આપી શકતું નથી, તેમ આ વિષય માટે જૈન સમ્પ્રદાયમાં સામાન્ય સમૂહથી પત્રકારો સુધી તેનું મહત્ત્વ પણ સમજાતું હોય એમ જોવામાં આવતું નથી, છતાં તે ઉપયુક્ત અને અનિવાર્ય સમજી પ્રવૃત્તિ કરવી ઉપયોગી છે, એમ જાણી આ વિષય લખાય છે.

આવી બાબતો સાથે દંતકથાને ઘણો જ નજીકનો સંબંધ છે. પ્રત્યક્ષવાદી—ઐતિહાસિકો એને જૂઠી સમજે છે, પરન્તુ એ કથાઓમાં જે સત્યો સમાએલાં હોય છે તે સાવવારીઓના આકડામાં હોતાં નથી છતા સાલવારીઓ નકામી નથી, પરન્તુ દંતવારીઓના ઓછા વધારેપણાને, ઉલટસુલટપણાને અને કાળનિશ્ચયને બતાવે છે અર્થાત્ સાવવારી દંતકથાએ નો પૂરક છે. તેથી બન્ને ઉપયોગી છે. એટલે દંતકથા એ સાવવારી વિનાનું સત્ય છે.

પાલણપુર એ એક પુરાતન નગર છે. પ્રથમથી સાલવારીની દૃષ્ટિએ સં. ૧૨૭૪માં પ્રહ્લાદનપુર નામ મળે છે (પૃ૦ સ. ભા૦ ૧લો જૈ. સા પ્ર. પા. ૭૬) પટ્ટાવલીઓના પુરાતન વિભાગમાં કોઇ પ્રસંગે આ નગરનું નામ જોવામાં આવતું નથી પરન્તુ સં ૧૪૬૬માં તપાગચ્છાચાર્ય મુનિસુંદરસૂરિએ લખેલી ગુર્વાવલી જે વિદ્યાવિનોદગણિના ત્રીજા સ્રોતરૂપ છે, અને એકસઠમો તરંગ છે, તેમાં પેથડશાહે કરાવેલાં દેવાલયોનો નોંધ આપ્યો છે. તે પછી એક ઉલ્લેખ આ છે કે **आद्यः पर्णविहारनामनि पुरे.** (પૃ ૧૯, શ્લો. ૧૦૬) આ ચૌદમી સદીનો પૂર્વાર્ધ હતો. તે સિવાય સ. ૧૫૦૪ના પંડિત નયરત્નગણિએ લખેલા હરિવિક્રમચરિત્રની પુષ્પિકામાં **पालविहारनगरे** નામ મળે છે પાહ્લનપુરના પાર્શ્વનાથને લોકો **પલવિયાપાર્શ્વનાથ** નામથી ઓળખે છે. ચૌદમી સદીમાં જ ખરતરગચ્છાચાર્ય જિનપ્રભસૂરિએ વિવિધ તીર્થકલ્પમાં તીર્થનામસંગ્રહ સાથે કેટલીક ટૂંકી નોંધો આપી છે. તેમાં આ પાર્શ્વનાથના નામનો નોંધ નથી, પરન્તુ મુનિસુંદરસૂરિજી પેથડશાહના વખતમાં શ્લો. ૧૬૪માં **प्रह्लादनोर्वीपतिचैत्यमण्डपे** એવો ઉલ્લેખ કરે છે વાદી પદ્મસાગર મણિએ જગદ્ગુરુ કાવ્યમાં પણ **श्रीप्रह्लादनपार्श्वनाथसदन** (પૃ ૧, શ્લો. ૪) એમ લખ્યું છે, આ ગામનું પુરાતન નામ શું હતું ? અને કોણે વસાવ્યું ? એ વિશે ખાસ ઉલ્લેખ હીરસૌભાગ્યકાવ્ય અને વિજય પ્રશસ્તિકાવ્યમાં હોવાનો વિશેષ સંભવ છે, પરંતુ એ બન્ને ગ્રંથો મારી પાસે નથી પરન્તુ આ વિશે કવિ ઋષભદાસે હીરસૂરિરાસ અને કવિબહાદુર દીપવિજયજીએ સોહમકુલરત્નપટ્ટાવલી રાસમાં વર્ણનો આપ્યા છે તેનું અહિં મૂળ આપવામાં આવે તો લંબાણ થાય તેથી અર્થતઃ બન્ને બાબતો રજૂ કરીએ છીએ.

કવિ ઋષભદાસઃ—

ધારાનગર પ્રભુનો રાજા પરમાર પાહ્લદેવ જેણે

પાહ્લણપુર વસાવ્યું, તેની પૂર્વરાજધાની આબૂપર્વત ઉપર હતી. તે વખતે તેણે ધર્મદ્વેષને લીધે અચલગઢની તળેટીમાં આવેલા જૈન દેવાલયની પિત્તળની જિનમૂર્તિને ગાળી પેઢીઓ કરાવી દેવળમાં શંકર લિંગની સ્થાપના કરી હતી. પછીથી રાજા પાહ્લદેવને કોઢનો રોગ થયો હતો, તેથી તે રાજ્યનું કામ કરી નહીં શકવાથી ગોત્રીઓએ રાજ્યનો કબજો લીધો હતો, તેથી પાહ્લદેવ વિદેશયાત્રાએ નિકળ્યો રસ્તે જતાં તેને જૈનાચાર્ય શીલધવલ મળતા મહાત્મા જાણી પગે લાગ્યો, અને વિનતિ કરી કે–મે જિનમૂર્તિ ગાળીને પેઢીઓ કરાવ્યો પછી કોઢ થવાથી મારા સગાએ રાજ્ય લઇ લીધું છે. રોગની પીડાથી હું વિદેશ યાત્રાએ નિકળ્યો છું આપ કૃપા કરીને કરેલું પાપ નાશ પામે અને રોગ મટી જાય તેમજ ગએલુ રાજ્ય પાછું મળે એવો ઉપાય બતાવો તો કદી હું આપનો ઉપકાર નહી ભૂલું. આચાર્ય શીતધવલે જવાબમા કહ્યું કે—

આ જગતમાં મોટુ પુણ્ય અને મોટુ પાપ તુરત જ ફળે તેથી આપને આપે કરેલા પાપનુ ફળ આ જ જન્મમાં મળ્યુ છે. જો એ પાપથી મુક્ત થઇ નિરોગી થવા ઇચ્છતા હો તે દાન આપો, બની શકે તે તપ કરો, બ્રહ્મચર્ય અને આચાર પવિત્ર રાખો અને તમારા મનને રાગદ્વેષથી રહિત કરી એક નવી જિનમૂર્તિને કરાવો, અને જિનમૂર્તિને નવરાવતા નિકળેલા પાણીને શરીરે લેપન કરો તેથી તમારો કોઢ રોગ મટશે અને અન્ય સઘળી આશાઓ પૂરી થશે

પરમાર પહ્લદેવે આચાર્યના ઉપદેશ મુજબ હમેશાં જિનમૂર્તિની પૂજા કરી તેના સ્નાન જલથી શરીરસ્નાન કરવું શરૂ કર્યું. તે સાથે શક્તિ પ્રમાણે દાન વિગેરે પણ કરવા લાગ્યો. ધાર્મિક દ્વેષ તજી દીધો અને જિનેશ્વરનો પરમભક્ત બની ત્રિકાળ પૂજા કરવા લાગ્યો પરિણામે તેને કોઢરોગ મટ્યો અને સાજો થતાં રાજ્યનો કબજો લીધો તેણે આબૂ પહાડ છોડીને પાસેના ધાધારમંડલમાં ગામ વસાવ્યુ અને દરબારગઢ તથા પાર્શ્વનાથના દેવાલયનો પાયો નાખ્યો, અને એવી ગોઠવણ કરી કે પોતે રાજમહેલની બારીમાંથી દેવળમાંની મૂર્તિના દર્શન કરી શકે. આમ પરમાર પહ્લદેવે પાહ્લવિહાર અને પાહ્લણપુર સ્થાપ્યું. અ રાજા કયારે થયો તે ઋષભદાસ કવિએ લખ્યું નથી

આનંદકાવ્યમહોદધિ મો. ૫ મું. ૫ ૮/૧૦

કવિબહાદુર દીપવિજયજી.—

"સં. ૨૦૦ માં આબૂ પહાડ ઉપર પરમાર આસપાલ રાજાએ અચલગઢનો કિલ્લો બંધાવ્યો જેની સાલ હતી ૮૩૪. તેના વંશજોએ બસો વર્ષ આબૂ અચલેશ્વરમાં રાજ્ય કર્યું. પછી ચૌહાણ રાજા પાલણે રાજ્ય લીધુ. તે સં. ૧૦૦૧ માં આબૂની ગાદીએ બેઠો હતો. તેણે અચલગઢની તળેટીમાં આવેલા જૈનદેવાલયની મૂર્તિ ગાળી પેઢીયો કરાવ્યો અને દેવાલયમાં શંકરની સ્થાપના કરી, કરાવેલો નંદિ સ્થાપ્યો તે પછી ઋષભદાસે આપેલી વિગત મુજબ બધું કહીને જણાવે છે કે–એને આબૂનુ રાજ્ય મળ્યા પછી પાર્શ્વનાથની પ્રતિમા કરાવી. જેમ સુકાએલા ઝાડને નવા પલ્લવ આવે છે તેમ પોતાનું શરીર નવપલ્લવ થવાથી પલ્લવિયાપાસ સ્થાપ્યું. અને સં. ૧૦૦૧માં પાહ્લણપુર શહેર વસાવ્યું. તે પછી ઘણા વર્ષો સુધી તે જુના ખેડ જેની એટલે ઉજડ સ્થિતિમાં રહ્યું, પછી ફરી પાલણ નગર વસ્યુ. જેમાં પલ્લવપાસપ્રભુ બિરાજે છે, જેની પાસે ધરણેંદ્ર અને પદ્માવતીદેવી શોભે છે" પૃ ૮૫ થી ૮૮.

ભારતનો પ્રાચીન ઇતિહાસ જોઇએ તો અઢી હજાર વર્ષમાં પ્રદ્યોતવંશે, નંદવંશે અને મૌર્યવંશે રાજ્ય કર્યું છે. એ સાર્વભૌમ જૈન રાજવંશી હતા આબૂ ભા. ૩ પૃ ૭ ઉપર જયંતવિજયજીએ લીધેલ નોંધ જે જિનપ્રભસૂરિજીના વિવિધ તીર્થકલ્પની છે તેમાં જણાવ્યુ છે કે વિ. સં. ૧૭૬ પૂર્વે આર્યસુસ્થિતસૂરિ આબૂથી અષ્ટાપદની યાત્રાએ ગયા હતા વીરવંશાવલી નામે પટ્ટાવલીમાં જણાવ્યું છે કે વિક્રમના વખતમાં એટલે વિક્રમ સંવત્ પૂર્વે વીસ વર્ષની અંદર પાદલિપ્તાચાર્ય આબૂ વિગેરે પાંચ તીર્થોની યાત્રા કરતા ઇંદ્રદિન્નસૂરિએ ઉપદેશ કલ્પવલ્લીના ૩૬ મા પલ્લવમ અને રત્નમંદિરગણિકૃત ઉપદેશતરંગિણિમા (પૃ ૪૧ અને પૃ. ૪) ધનેશ્વરસૂરિએ શત્રુંજય માહાત્મ્યમાં

ન્યાદિકાળે ચક્રવર્તિ રાજા ભરતે આબૂ ઉપર દેવલ બંધાવ્યાનું લખ્યું છે પૌરાણિકોએ લખ્યું છે કે અહિં તપ કરતા વસિષ્ઠઋષિની ગાય ખાડામાં પડવાથી ઋષિએ હિમાલયને પ્રાર્થના કરી પોતાના પુત્ર નંદિવર્ધનને વસિષ્ઠઋષિના દુઃખ મટાડવા મોકલવાથી તે અહિં આવ્યો અર્બુદ એ આખા પહાડનું નામ છે અને નંદિવર્ધન એ અચલગઢનું નામ છે, એવો પૌરાણિક વિચાર છે. અચલ નામ પહાડનું છે, ગઢ કિલ્લાવાચક છે, જેનો અર્થ પહાડી કિલ્લો થાય છે પહાડનો આકાર પોઠિયા જેવો હોવાથી આ વાર્તા લખાઇ છે. નજરે જોનાર તેને પારખી શકે છે પૌરાણિકોના લખવા મુજબ આપેલું **નંદિવર્ધન** નામ વિચારીએ તો એ નામે નંદવંશનો પહેલો રાજા થયો છે. જે આખા ભારતનો રાજા થયો છે તેમના મતે હાલ કહેવાતું અચલગઢ તળેટીમાં આવેલા દેવાલયનો પાયો તેણે જ નાખી કિલ્લો બંધાવેલો હોવો જોઇએ. જેનો સમય વિ. સં. પૂર્વે ૪૧૦ ગાદીએ આવ્યાનો છે. અર્બુદ સર્પની વાતનો સાર એ છે કે–આ પહાડ ઉપરના દેવાલયો અર્બુદ જેવા વર્ણના સર્પયુક્ત પાર્શ્વનાથનાં હતા. અર્બુદ શબ્દ સંસ્કૃતની દૃષ્ટિએ કલ્પાયો છે. પણ ખરો શબ્દ અબુ'ગઢ એટલે વાદળા સુધી પહોંચતો પહાડ, એ અર્થ સાર્થક છે અબોઢ શબ્દનો અર્થ પણ વરસાદનાં વાદળાં થાય છે પછી કવિઓ ગમે તે કલ્પે હીરવિજયજીએ નોંધેલી વાત **પરમાર આસરાજે** કિલ્લો બંધાવ્યાની છે, પૌરાણિકોના મત પ્રમાણે તો કિલ્લાનો પાયો નંદવંશના વખતમાં નખાયો છે મૌર્યોએ તેને જીવતો રાખ્યો જ હશે અને પછી ઉજ્જૈનના કુરવશી યુવરાજ અને ગંધર્વસેને પણ સંભાળ્યો હશે તેમના પછી શક રાજાઓએ પણ એને અગત્યનો માન્યો હોય એ બનવાજોગ છે કવિરાજે નોંધ્યા મુજબ પરમારોએ પણ તેનું આધિપત્ય ભોગવ્યું અને તેના જ નિયુક્ત પરમાર–વંશપરંપરાએ અચલગઢના કિલ્લાને પ્રમાર્યો હોય એ બનવા યોગ્ય છે. જો આસરાજને ૧૪મા થએલો માનીએ તો તેઓએ જણાવ્યા મુજબ બસો વર્ષ સ. ૧૦૩૪માં થાય આ બાબત ઉપર વિચાર કરતાં સર્વોપરી સત્તા વિચારવાની નથી. ઉપર જણાવેલ સમય ગુજરાતના રાજા ભીમદેવના વખતમાં આવે છે. આ વખતે અર્બુદગઢ એની તળેટી નજીક આવેલી ચંદ્રાવતી નગરના પરમાર રાજા ધંધુકની હતી (જુઓ રાસમાળા–ફાર્બસકૃત આ ૩ પૃ. ૧૨૩ ભા. ૧) એ જ સમયે ભીમદેવના મંત્રી વિમલશાહના રીસામણાને લીધે તેનો વિશાળ રસાલો જોઇ ચંદ્રાવતી છોડી ગએલા ધુંધુરાજની ચંદ્રાવતીનો કબજો મંત્રી વિમળે લીધો હતો, એ વાત પ્રસિદ્ધ છે. તે સિવાય પૃ ૩૭૪મા લખ્યું છે કે ધારાવર્ષના ભાઇ રણધીર પ્રહ્લાદનદેવે વસાવેલું પાલણપુર પણ ચંદ્રાવતીના રાજવંશને તાબે હતું. પાલણપુરના રાજા ધુંધરાજને ભીમદેવ સાથે કોઇ કારણે વિરોધ થવાથી તેણે માળવાના ભોજની સત્તા સ્વીકારી હતી (વિમલ અર્બુદગિરિ ચૈત્ય પ્રશસ્તિ શ્લો. ૬) તેથી ભીમે મંત્રી વિમલદ્વારા ચંદ્રાવતી તાબે કર્યું હતું. પરમાર રાજા યશોધવલને બે પુત્રો હતા ૧ ધારાવર્ષ, ૨ પ્રહ્લાદનદેવ ધારાવર્ષ સ. ૧૨૨૦ થી ૧૨૬૬ સુધી રાજ્ય ઉપર હતો, કે જે પાટણના રાજા કુમારપાલનો સમય છે સ ૧૭૪૨ એટલે અઢારમી સદીમાં થએલા વાચક વિનયશીલ અને વાચક પ્રેમચંદે પોતાની ચૈત્યયાત્રા અને સ્તવનમાં કુમારપાલે કરાવેલા શાંતિનાથ ચૈત્યની ત્રણ મૂર્તિઓ માણીને આજ પરમાર પ્રહ્લાદને નાંદિ કરાવવાથી તેને ક્રોધ થયો અને વાર્તામાં લખ્યા પ્રમાણે રોગ મટતા તેણે પાલણપુર વસાવ્યું. હાલ વિદ્યમાન પોઠીયો પિત્તળનો જ છે અને તેના ઉપર સ. ૧૪૬૪નો લેખ હોઇ બાલુમાં પિત્તળની જ બનેલી સ ૧૧૮૧ની સાલ્ય કવિ દુરાસા આદાની મૂર્તિ છે પાસે જ મંદાકીની કુંડના ઉતર કિનારે આરા ઉપર પત્થરના ત્રણ પાડા જેના પેટમાં મળજ ધાતુ છે અને પાસે જ પરમાર ધારાવર્ષની સં. ૧૫૩૬ ફા. વ. ૬માં બનેલી ધનુષધારી પાડા વિંધતી મૂર્તિ છે જે શ્વેત આરસની બનેલી છે જુઓ રાસમાળા પૃ. ૩૭૫–૭૫ ચંદ્રાવતીના પરમાર તથા અચલગઢ ભા ૩ જો પૃ ૬૫–૬૬ તથા જાતિ અવલોકન. (અપૂર્ણ)

શ્રી સિદ્ધચક્રના યંત્રનું સ્વરૂપ દર્શાવતું

શ્રી નવપદજીનું પ્રાચીન ચૈત્યવંદન–સાર્થ

વિવેચનકાર–પૂ૦ પં૦ શ્રી રામવિજય ગણિવર

જો ધુરિસિરિ અરિહંત મૂલ દઢપીઠ પઇઠ્ઠિઓ,
સિદ્ધ સૂરિ ઉવજ્ઝાય સાહુ ચિહું સાહ ગરિઠ્ઠિઓ.
દંસણ નાણ ચરિત્ત તવ હિ પડિસાહ સુંદરુ,
તત્તજ્ઝર સરવગ્ગ લદ્ધિ ગુરુ પય દલ દુંબરુ. ૨
દિસિવાલ જક્ખ જક્ખિણિ પમુહ
સુર કુસુમેહિં અલંકિઓ,
સો સિદ્ધચક્ક ગુરુ કપ્પતરુ અમ્હ મનવંછિય
ફલ દીઓ. ૩

અર્થ–શ્રી સિદ્ધચક્રને કલ્પવૃક્ષની ઉપમા આપી ઘટના કરે છે. કલ્પવૃક્ષ રાખવા ચોતરો–પીઠ જોઇએ; શાખાઓ અને પ્રતિશાખાઓ તેમજ પાંદડા અને પુષ્પોથી કલ્પવૃક્ષ યુક્ત હોય છે; આડંબર સહિત છે, સુશોભિત છે. વિગેરે વિગેરે, દ્રવ્યથી કલ્પવૃક્ષનું વર્ણન કરવામાં આવ્યું છે, પરંતુ ભાવથી કલ્પવૃક્ષ સ્વયમેવ સિદ્ધચક્રજી છે; તેનો ઉપમા–ઉપમેય ભાવ દર્શાવાય છે. આ સિદ્ધચક્રરૂપ કલ્પવૃક્ષનું રક્ષણ કરવા ચોતરો–પીઠ સ્થાન જોઇએ તેને માટે પ્રથમ અને મુખ્ય અરિહંત પદ વચ્ચે શોભા યુક્ત છે; વળી શાશ્વત જંબૂવૃક્ષ (પૃથ્વીરૂપ વૃક્ષ)ને શાશ્વતી ચાર મોટી શાખા અને શાશ્વતી ચાર નાની શાખાઓ હોય છે; તેજ ઉપનયથી આ ભાવથી કલ્પવૃક્ષમા અકેક અકેક દિશાના સ્થાનમા મોટી શાખારૂપ સિદ્ધ–આચાર્ય–ઉપાધ્યાય અને સાધુના ચાર પદો આવેલ છે વળી ચાર વિદિશાઓમાં નાની નાની શાખાઓરૂપ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપરૂપ ચાર પદો આવેલા છે આ કલ્પવૃક્ષના ભાવરૂપમાં પૂર્વ દિશા તરફ સિદ્ધપદ, દક્ષિણમાં આચાર્યપદ, પશ્ચિમમા ઉપાધ્યાય પદ અને ઉત્તર દિશામાં સાધુપદ છે; અગ્નિકોણરૂપ વિદિશામાં દર્શનપદ શોભા ધરાવે છે, નૈઋત્યરૂપ વિદિશામાં જ્ઞાનપદ, વાયવ્ય વિદિશામાં ચારિત્રપદ અને ઇશાન વિદિશામાં તપપદ પ્રકાશે છે. એવી રીતે ચાર દિશા અને ચાર વિદિશાની શોભારૂપ આ આઠ પદો છે અને વચલું મુખ્ય પ્રથમ પદ મૂળ રૂપે રહેલ છે.

અહિં પાંદડારૂપે ૐ હ્રીં શ્રીં એવા તત્ત્વભૂત અક્ષરો છે. એ ત્રણમાં પ્રથમ પ્રણવબીજ, બીજું માયાબીજ અને ત્રીજું લક્ષ્મીબીજ છે; આ સંબંધમાં પરમાર્થ શ્રી રત્નશેખરસૂરિકૃત માગધી સિરિવાલકહા નામના ગ્રંથમાંથી મેળવવો (સ્વરૂપ જાણવું) વળી સોળ સ્વર અને તેત્રીશ વ્યંજનરૂપ પાંદડા (ભાવથી) જાણવા; અઠ્ઠાવીશ લબ્ધિરૂપ તેમજ ગુરુપાદુકારૂપ પણ પણૌં જાણવા. ભાવથી પુષ્પો આ રીતે છે; દસ દિક્પાલ; ચોવીશ યક્ષ, ચોવીશ યક્ષિણીઓ પ્રમુખ જે દેવી તે રૂપ ભાવ પુષ્પોથી આ સિદ્ધચક્રરૂપ કલ્પવૃક્ષ અલંકૃત છે.

પ્રતિષ્ઠા વિગેરે શુભ કાર્યોમાં દસ દિક્પાલોનું તથા નવ ગ્રહોનું, યક્ષ યક્ષિણીઓનું પૂજન કરવામાં આવે છે તેમજ દસ દિક્પાલ તથા ચોવીશ યક્ષ યક્ષિણીઓનું વર્ણન 'સંતિકરમ્' નામના ત્રીજા સ્મરણમાં આવે છે; તેમજ આ ત્રીજા સ્મરણમાં શાસનરક્ષક ચોવીશ યક્ષો અને શાસનરક્ષિકા ચોવીશ યક્ષિણીઓનાં પવિત્ર નામો ગાથાબદ્ધ કહેવામાં આવ્યા છે. સોળ દેવદેવીઓ 'તિજયપહુત્ત' તથા 'મોટી શાંતિ' મા છે. આ રીતે ભાવકલ્પવૃક્ષરૂપ આ સિદ્ધચક્રજી અમને મનોવાંછિત ફળ આપો એવી પ્રશસ્ત માગણી અમો કરીએ છીએ *

---

* અપૂર્વ શ્રી સિદ્ધચક્રજીનો આરાધનારૂપે જાપ આ પ્રમાણે કરવો. વીશ નવકારવાળી ગણવાની છે. મંત્ર આ રીતે—

ૐ હ્રીં શ્રીં વિમલેશ્વરચક્રેશ્વરીપૂજિતાય શ્રી સિદ્ધચક્રાય નમ. ॥

આનન્દપ્રાપ્તિના માર્ગો

અનુ—વિઠ્ઠલદાસ મૂ. શાહ

ઓગણીસમી સદીના સુવિખ્યાત રાજનીતિજ્ઞ બિસ્માર્કનું કથન છે કે "મારા આખા જીવનમાં એક દિવસ પણ મને આનન્દની પ્રાપ્તિ નથી થઈ." જો કે પદ વર્ષ સુધી ધનધાન્ય, આદરસન્માન, બળ, પૌરુષ, લક્ષ્મી, કીર્તિ, વિજય, વિભવ, શક્તિ, પ્રભાવ આદિ સર્વ પ્રકારના સુખની તથા એક મહારાજ્યના અધિકારની તેને પ્રાપ્તિ થઈ હતી તો પણ બિસ્માર્કે એક પણ દિવસ સાચા આનન્દનો અનુભવ કર્યો નથી એ તેના ઉપરોક્ત વચનથી પ્રતીત થાય છે.

પ્રકૃતિમાં આનન્દ પણ એક વિલક્ષણ વસ્તુ છે. આનન્દપ્રાપ્તિ માટે જગતમાં કોઈ નિયત સ્થાન નથી. સર્વ સ્થળે અને સર્વ સ્થિતિમાં આનન્દની પ્રાપ્તિ થઈ શકે છે. કોઈ કોઈ વખત તે એવા સ્થળોમાં પ્રાપ્ત થઈ શકે છે કે જ્યાં એની સ્વપ્ને પણ સંભાવના ન હોઈ શકે. તેમ જ કોઈ કોઈ વખત તે એવા સ્થળોમાં મળી શકતો નથી કે જ્યાં તેની સંપૂર્ણ આશા હોય. કેટલીક વખત ફાંસી પર ચઢનાર મનુષ્યોને જે આનન્દની પ્રાપ્તિ થાય છે તે રાજા મહારાજાઓને પણ થતી નથી. આ ઉપરથી વાસ્તવિક હકીકત એ સિદ્ધ થાય છે કે—આનન્દ કોઈ બહારની વસ્તુ પર આધારભૂત નથી, પરંતુ હૃદયની આન્તરિક સ્થિતિ ઉપર તેનો મુખ્ય આધાર રહેલો છે. જોકે બાહ્ય વસ્તુઓ પ્રતિકૂળ હોય તો પણ સાચો આનન્દ પ્રાપ્ત થઈ શકે છે. આનન્દની ઉત્પત્તિ હૃદયમાં થાય છે. હૃદય તેનું ઉદ્ગમ સ્થાન છે. જેવી રીતે સૂર્યનો પ્રકાશ સર્વ પદાર્થો ઉપર પડે છે તેવી જ રીતે આનન્દનો પ્રભાવ બાહ્ય પદાર્થો પર સ્વયમેવ પડે છે. ઘણે ભાગે સર્વ મનુષ્યો આનન્દની શોધમાં જ હોય છે, પરન્તુ તેઓને આનન્દની પ્રાપ્તિ ત્વરાથી થતી નથી. તેનું કારણ એ છે કે—તેઓ જે વસ્તુઓમાં તેને શોધ્યા કરે છે, તે વસ્તુઓમાં આનન્દનો સર્વથા અભાવ હોય છે. મનુષ્ય એમ સમજે છે કે દ્રવ્ય અથવા સંપત્તિની પ્રાપ્તિમાં આનંદ રહેલો છે અથવા અમુક વસ્તુ મેળવવાથી પોતાને આનન્દ મળશે; પરંતુ આ સર્વ ભ્રમિત વિચાર છે. વસ્તુતઃ અમુક વસ્તુ હોવા કે ન હોવા ઉપર આનન્દનો આધાર છે એમ નહિ, પરંતુ હૃદયની શાંતિ ઉપર તેનો ખરો આધાર છે. આનન્દ પ્રાપ્ત કરવા માટે કોઈ પ્રકારના પરિગ્રહ અથવા આડંબરની આવશ્યકતા નથી. ચિત્તની શાંતિ અને એકાગ્રતાનું જ નામ આનન્દ છે. આ વાત દરેક મનુષ્યને દરેક સ્થિતિમાં સુલભ છે અને તે મનુષ્ય પોતે સહેલાઈથી પ્રાપ્ત કરી શકે છે. આમ હોવાથી આનન્દપ્રાપ્તિ માટે અન્ય વસ્તુઓ ઉપર આધાર રાખવાની જરૂર નથી. જે વસ્તુઓનો મનુષ્યો સંગ્રહ કરે છે તેની સાથે આનન્દને ઝરો સંબંધ નથી. મનુષ્યના આત્માની જે કાંઈ ઉન્નતિ અથવા અવનતિ થાય છે તેના ઉપર સુખ દુઃખનો આધાર છે.

અનેક અવસ્થાઓ એવી હોય છે કે જે સ્થૂલ દૃષ્ટિએ આનન્દ સમાન પ્રતીત થાય છે, પરંતુ વાસ્તવિક રીતે એમ હોતું નથી. એક અવસ્થા એવી હોય છે કે જેમાં મનુષ્યને ઇચ્છાનુસાર વસ્તુઓ મળે છે અને તે એને આનન્દ સમજવા લાગે છે; પરંતુ ખરી રીતે જોતાં તે અપૂર્ણ હોય છે. જો કે તેની અંદર આનન્દનો કંઈક અંશ આવી જાય છે તો પણ તેને સંપૂર્ણ આનન્દ કહી શકાતો નથી. આવી અવસ્થામાં ભ્રમ થઈ જવું તે પૂર્ણને બદલે અપૂર્ણનો સ્વીકાર કરવા જેવું છે. વળી એક અવસ્થા એવી પણ છે કે જેમાં આપણી ઇચ્છાઓ અને આપણી ઇચ્છિત વસ્તુનું એકત્ર થઈ જાય છે. આ અવસ્થાને પણ સંપૂર્ણ આનન્દની અવસ્થા કહી શકાતી નથી; કેમકે જ્યાં સુધી તે બન્નેમાં એકતા હોય છે ત્યાં સુધી જ એ અવસ્થા ટકે છે, પરંતુ સદૈવ્યસાજ અંતર થાય છે કે તરત જ તે અવસ્થામાં ભંગ પડે છે. મનુષ્યની ઇચ્છાઓમાં હમેશાં પરિવર્તન થયા કરે છે. એક વસ્તુ પ્રાપ્ત થાય કે પછી તરત જ બીજી વસ્તુ પ્રાપ્ત કરવા માટે ઇચ્છાનો ઉદ્ભવ થાય છે.

હજુ તો એક ઇચ્છા પૂર્ણ થતી નથી ત્યાં તો બીજી ઇચ્છા ઉત્પન્ન થાય છે, પરંતુ ઇચ્છિત વસ્તુ મળવામાં જરા પણ વિલંબ થાય છે તો અશાંતિ થવા લાગે છે ઇચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ તો દૂર રહી, પરંતુ કદાચ કોઈ માણસને સંસારની સમગ્ર વસ્તુ પ્રાપ્ત થાય તો પણ તે આનંદથી વંચિત રહે છે, કેમકે આત્મિક સુખ એ જ ખરો આનંદ છે, જે શારીરિક અને માનસિક સુખોથી ભિન્ન છે

લોકો સંતોષને પણ કેવલીક વખત આનંદ માની બેસે છે, પરંતુ મનુષ્યો જેને સંતોષ માને છે તે સંતોષ કહેવાતો નથી સંતોષમાં નિરાશાનો કંઇક અંશ હોય છે આથી મનુષ્યોને અસલ વસ્તુને બદલે નકલ વસ્તુથી ચલાવી લેવું પડે છે સંતોષી મનુષ્યને દૂધને બદલે છાશ આપવામાં આવશે તો પણ તે પીવાથી તેને દુગ્ધપાન જેટલી પ્રસન્નતા થશે કોઇ ભૂતકાળના આનંદપ્રદ પ્રસંગનું સ્મરણ કરીને પણ સંતોષી મનુષ્ય પ્રસન્નચિત્ત બને છે સંતોષથી મનુષ્યની માનસિક તેમજ નૈતિક શક્તિ નબળી બની જાય છે અને તે ઊર્ધ્વગામી થવાને પ્રયત્ન કરી શકતો નથી સંતોષ એક પ્રકારનો ઉત્તમ ગુણ છે એ નિઃસંદેહ છે દરેક મનુષ્યમાં સંતોષ અવશ્ય હોવો જોઇએ, પરંતુ સંતોષ આત્મોન્નતિ સાધવામાં બાધકર્તા ન થઇ પડે એ ખાસ લક્ષમાં રાખવાનું છે. મનુષ્યે દિનપ્રતિદિન પ્રગતિશીલ રહેવું જોઇએ એક ઇચ્છિત વસ્તુ મળે તે વખતે સંતોષ જરૂર થવો જોઇએ, પરંતુ આથી એમ સમજવાનું નથી કે તેને હમેશને માટે સંતોષ થવો જ જોઇએ અને તેણે નિરંતર એક જ સ્થિતિમાં પડ્યા રહેવું જોઇએ. જે કોઈ મનુષ્યની પાસે હોય તેનાથી તે સમયે તો તેણે સંતોષ રાખી લેવો જોઇએ ધનધાન્યથી સંતુષ્ટ થઇ શકાય, પરંતુ ગુણપ્રાપ્તિ કરવામાં અને આત્મોન્નતિ સાધવામાં કદિ પણ સંતોષને સ્થાન મળવું જોઇએ નહિ જ્યાં સુધી મનુષ્ય અનન્તગુણ ધારણ કરે ત્યાં સુધી ગુણોની વૃદ્ધિ અને વિકાસ કરતાં તેણે અટકવું જોઇએ નહિ

આ ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે કે સંતોષ અને પ્રસન્નતાને આનંદ કહી શકાશે નહિ પ્રસન્નતા અલ્પ સમય સુધી રહેનારી વસ્તુ છે, પરંતુ આનંદ સદાકાળ ચિરસ્થાયી છે વિવેકશક્તિથી પ્રતિકૂળ વર્તવાથી પણ પ્રસન્નતા મેળવી શકાય છે પરંતુ આનંદ કદિ પણ મેળવી શકાતો નથી કોઇ વખત પ્રસન્નતા દુઃખનું રૂપ ધારણ કરી શકે છે, પરંતુ આનંદ તો સદૈવ આનંદ જ રહે છે

(ચાલુ)

વર્તમાન-સમાચાર

શ્રી ગુરુદેવ જયન્તી

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી પૂજ્ય મહાત્મા શ્રી મૂળચંદજી મહારાજની સ્વર્ગવાસ તિથિ માગશર વદી ૬ તા ૩-૧-૫૬ ના રોજ હોવાથી શ્રી દાદા સાહેબ જિનાલયમાં સવારે શ્રી પંચ પરમેષ્ઠીની પૂજા ભણાવવા વગેરેથી ભક્તિ કરી જયંતિ ઉજવવામાં આવી હતી શ્રી દાદા સાહેબના જિનાલયમાં તથા પૂજ્ય મહાત્મા શ્રી મૂળચંદજી મહારાજની દેરીએ સોનાના પાનાની અંગરચના કરવામાં આવી હતી.

સ્વીકાર–સમાલોચના

सम्यग्दर्शन के अधिकारियों को विचारने योग्य कुछ પ્રેરક શેઠ રાવતમલજી બોથરા–પુનરાસરવાલા પ્રાપ્તિસ્થાનઃ રાવતમલ હરખચંદ બોથરા–પુનરાસરવાલા ઓસવાલ કાઠારીયોકી ગવાડ–બીકાનેર

જિન–પ્રતિમા અને જિનમંદિર સમ્યગ્દ્રષ્ટિની પ્રાપ્તિમાં કેટલો મહત્વનો ભાગ ભજવે છે તે વસ્તુનો ટૂંકો ઉલ્લેખ આ લઘુ પુસ્તિકામાં રજૂ કરવામાં આવેલ છે સ્થાનકવાસી અને તેરાપંથીઓને મબોધીને આ લખાણ છપાવામાં આવેલ હોય તેમ દેખાય છે

श्रीमद् देवचंद्र स्तवनावली—સંપાદકઃ શ્રી અગરચંદ નાહટા તથા શ્રી ભંવરલાલ નાહટા. પ્રકાશક શ્રી ભંવરલાલ નાહટા વ્યવસ્થાપક શ્રીમદ્ દેવચંદ્ર ગ્રંથમાલા ૪ જગમોહનમલ્લિક લેન કલકત્તા ૭ ક્રાઉન ૧૬ પેજી, પૃ ૮૨ મૂલ્ય ૦।

અધ્યાત્મપ્રેમી શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજનું નામ સુવિખ્યાત છે તેઓશ્રીએ રચેલ વર્તમાન ચોવીશ તીર્થંકરોના ૨૪ સ્તવનો તથા વિહરમાન વીશ જિનના ૨૦ સ્તવનો તેમ જ શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજનું જીવનચરિત આ પુસ્તિકામાં રજૂ કરવામાં આવેલ છે

श्री कल्याणकौतुक कर्णिका : સંપાદક મુનિરાજશ્રી કલ્યાણપ્રભવિજયજી મહારાજ : પ્રકાશક : શ્રી મગળદાસ માનચંદ–મુંબઈ પ્રાપ્તિસ્થાન શ્રીમદ્ લાવણ્યસૂરીશ્વરજી જ્ઞાનમંદિર–બોટાદ

વિધિવિધ પૂજાના રચયિતા પં. વીરવિજયજી ગણિવર્યે રચેલ ફુલડા હરિવાળી તથા હરિવાળી, જે આજ સુધી અપ્રગટ હતા તેના ઉપર સંપાદકે ટૂંકું વિવેચન લખીને તેનો સંગ્રહ તેમ જ 'પાંચ ઇંદ્રિયોનું પરાક્રમ' વગેરે બોધપ્રદ લખાણ આ પુસ્તિકામાં રજૂ કરવામાં આવેલ છે પ્રયાસ આવકારદાયક છે

सार वस्तुसंग्रह : યોજકઃ મુનિરાજશ્રી માનતુંગવિજયજી મહારાજ પ્રકાશકઃ શ્રી માનતુંગ જૈન બાલિકા બાળસમાજ, દાદાસાહેબ–ભાવનગર

છૂટાછવાયા ઉપદેશનો સંગ્રહ મોળ પાનાના આ નાના ટ્રેક્ટમાં કરવામાં આવેલ છે.

શોભાસ્પદ ઉપદેશની સાથે સ્વયુગાનુવાદની કડિકાઓ લગભગ અડધા પૃષ્ઠ જેટલી છે તે જોતાં આવી ટ્રેક્ટના પ્રકાશન પાછળ શું આશય રહેલ હશે તે સમજાતું નથી આ ટ્રેક્ટમાં ભગવાન મહાવીરની પાટપરંપરાનું એક કાવ્ય રજૂ કરવામાં આવેલ છે પોતાની જાતને ભગવાનની પાટે ગમે તે રીતે ગોઠવી દેવા પહેલાં તેની ઐતિહાસિક ગંભીરતાનો વિચાર કરવામાં આવે તો વધારે સારું. બાળજીવો માટે કટલીક સંગ્રહ એકંદર સારો છે

પ્રસંગ કરનારી માધુરી પાછળ વેડફાતુ હોય છે આમ એ વેડફાતા ધનને પણ સન્માર્ગે ખરચવાનો ગર્વ લેતો હોય છે અનાસક્તિનું તો એનામાં નામ કે નિશાન હોતું નથી અજ્ઞાની ઘણીવાર અનાસક્તિની કે લાલસા છોડવાની વાતો પણ કરતો હોય છે... પરંતુ એની એ વાતો કેવળ બીજાને છેતરવા માટેની જ હોય છે.

જ્ઞાનીનો માર્ગ એથી જુદો જ હોય છે કામ, આસક્તિ અને લાલસાને તો તે જીવનનું મોટામાં મોટું દૂષણ માનતો હોય છે–એનાથી દૂરનો દૂર રહે છે

અજ્ઞાનીના લોભનો કદી અંત આવતો નથી. એ જેટલું મેળવે છે તેટલું તેને ઓછું જ લાગે છે અને વધુ ને વધુ મેળવવા માટે મથતો જ રહે છે

જ્ઞાનીનો પ્રયત્ન પોતાની પાસે જે કંઇ હોય તે બધું છોડવાનો હોય છે એને પોતાના શરીરનો કે પોતાની કોઇ પણ ચીજને ય લોભ હોતો નથી કારણ કે તેની અંતરદ્રષ્ટિ જોતી હોય છે કે કોઇ પણ વસ્તુ મારી હતી નહી, છે નહી અને થવાની નથી

આ રીતે કોયલ અને કાગની માફક રંગે, રૂપે જ્ઞાની અને અજ્ઞાની સમાન હોવા છતાં તેઓમાં આસમાન જમીનનું અંતર હોય છે.

જેમ કોયલ અને કાગ વાણીથી પરખાય છે..

તેમ અજ્ઞાની અને જ્ઞાની દ્રષ્ટિથી પરખાય છે

(તા ૧૭–૧૨–૫૫નો અંગ્રેજી) "જય હિન્દ"

જ્ઞાની અને અજ્ઞાની

કોયલ અને કાગડાના રંગમાં કોઇ ફરક નથી. બન્ને શ્યામ છે...પરંતુ એના ગુણનો પરિચય તો એ બંનેની જમાતમાં રહેલો છે.

એ જ રીતે રૂપે, રંગે અને વાને જ્ઞાની અને અજ્ઞાની બન્ને સમાન હોય છે.

પરંતુ વાણીમા કોયલ સમક્ષ કાગડો સાવ કંગાલ જ હોય છે એ રીતે દૃષ્ટિમાં જ્ઞાની આગળ અજ્ઞાની સાવ બિચારો હોય છે.

અજ્ઞાની અને જ્ઞાનીનુ પારખું "દૃષ્ટિ" માં રહેલું છે.

અજ્ઞાની પાસે બહારની સમૃદ્ધિ અને જમાવટ ગમે તેટલી હોય પરતુ અંતરની સમૃદ્ધિમાં તો તે સાવ ભીખારી જ હોય છે.

માન, અપમાન, અભિમાન, ક્રોધ, વૈર, કામ, લાલસા, લોભ વગેરે વૃત્તિઓ પર જ્ઞાની વિજય મેળવે છે અને અજ્ઞાની એનો ગુલામ બનેલો હોય છે.

અજ્ઞાનીને માનની તીવ્ર ભૂખ જાગે છે! જ્ઞાની માનની પરવા જ કરતો નથી. એના ચરણમા માન તો રમતોળાતું હોય છે, જ્યારે અજ્ઞાની એની પાછળ મથતો હોય છે.

જ્ઞાની દાન આપે છે ત્યારે તેના બદલાની કોઇ અપેક્ષા જ રાખતો જ નથી અજ્ઞાની ઘણીવાર જ્ઞાની કરતાયે બહુ વિશાળ દાન કરતો હોય છે પરતુ તેના દાન પાછળ કેવળ કીર્તિની, પ્રતિષ્ઠાની અને પ્રશંસાની લાલસા સળગતી હોય છે.

અજ્ઞાની અપમાન કદી પણ સહી શકતો નથી. જેમ નાગને છંછેડાતા વાર લાગતી નથી જ્યારે જ્ઞાની અપમાનને હસતા હસતા પી જાય છે, પચાવી જાય છે.—મીરાએ હસતા હસતા વિષનો પ્યાલો પચાવ્યો તેમ

અજ્ઞાની અભિમાનનો પાલક શ્વાન બનેલો હોય છે. થોડીક સત્તા મળે ને તે ધરતીથી અદ્ધર ચાલતો હોય છે. નજીવો અધિકાર મળે ને તે તેની આંખોના ખૂણા લાલ બની જતા હોય છે.

જ્યારે જ્ઞાની જેમ જેમ સમૃદ્ધ બનતો જાય છે તેમ તેમ વધારે વિનમ્ર બનતો જાય છે. આભા પર ઝેરી આવે તેમ આભાની ડાળ નીચી નમે છે એ રીતે જ્ઞાની અભિમાનની ધૂણી ધખાવીને વધારે નીચો નમતો હોય છે

અજ્ઞાનીને વાતવાતમાં ક્રોધ આવી જતો હોય છે. કદાચ કોઇ તેને ડિતવાણી કહે તો પણ તે સહી શકતો નથી, એનું ધાર્યું ન થાય તો તરત તેનાં રૂવાડાં ઊભા થઇ જતાં હોય છે.

જ્યારે જ્ઞાનીના અંતરમાં રહેલો ક્ષમાભાવ કોઇ પણ કાળે ક્રોધને પાસે જ આવવા દેતો નથી. કોઇ પણ કારણે જ્ઞાની ક્રોધ કરવા તૈયાર થતો જ નથી. પોતાના ગમે તેવા નુકશાનને તે પોતાના કર્મનું ફળ જ માને છે અને સમભાવી રહે છે.

અજ્ઞાનીના અંતરમા ક્ષમા કે સમભાવ જેવી કોઇ સંપત્તિ હોતી જ નથી એટલે તે અવારનવાર ક્રોધવશ થતો રહે છે.

જ્ઞાની કોઇ પણ પ્રાણી પ્રત્યે વૈરભાવ રાખતો નથી એ અંતરદૃષ્ટિથી મથતો હોય છે કે વૈરભાવ રાખવાથી હું જ નીચે પટકાવાનો છું.

પરતુ અજ્ઞાની પાસે અંતરદૃષ્ટિનો અભાવ હોવાથી તે વૈર માટે ભરચક પ્રયત્ન કરી વાળે છે. એની સત્તા આડે કોઇ આવ્યું હોય કે એના સ્વાર્થ વચ્ચે કોઇ અડચણ આવી ચડ્યું હોય તો અજ્ઞાની તો બદલો લેવા માટે આકાશપાતાળ એક કરી નાખે છે.

જ્ઞાની સઘળું ઇશ્વર પર અર્પવા કર્મ પર છોડે છે...અજ્ઞાની પોતે જ કર્તા બની જતો હોય છે પોતે જ ન્યાયાધીશ બની જતો હોય છે. પોતે જ પોતાને સર્વશ્રેષ્ઠ માનીને વચ્ચે આવનારાઓને કચરી નાખવામા ગૌરવ લેતો હોય છે.

અજ્ઞાનીની દરેક પ્રવૃત્તિ પાછળ કામ, લાલસા અને આસક્તિને પોષવાની જ વૃત્તિ રહેલી હોય છે એનું મન ચિત્તના ગુમાર પાછળ અને નયન પલ્લવને

(આગળ ટાઇટલ પેજ ત્રીજા પર)

મુદ્રક: શાહ ગુલાબચંદ લક્ષ્મીચંદ—શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.

શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANANDA PRAKASH



તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થ

પુસ્તક

વિક્રમ સંવત

સં૦ ૨૦૧૨

અનુક્રમણિકા

૧. સમકિતના સ્વરૂપની યાચના ... ... (પાદરાકર) ૯૭
૨. 'મેચક' તે શું? ... ... (હીરાલાલ રસિકલાલ કાપડિયા) ૯૮
૩. તો જૈન સંસ્કૃતિનો સુંદર પ્રચાર થાય? ... ... (હરિલાલ દેવચંદ શેઠ) ૧૦૦
૪. પાલનપુર અને પહલવિહાર ક્યારે અને કોણે સ્થાપ્યા? ... ...(વૈદ્ય વિશ્વબંધુ) ૧૦૫
૫. વિશ્વાસ રાખો... ... ...(અમરચંદ માવજી શાહ) ૧૦૩
૬. આનંદપ્રાપ્તિના માર્ગો ... ... (અનુ વિઠ્ઠલદાસ મૂ શાહ) ૧૧૦
૭. વર્તમાન સમાચાર ... ... ટા. પે ૩

ફરી નહીં છપાવવામાં આવતા બે અમૂલ્ય ગ્રંથો મળી શકશે માટે મંગાવો.

૧ શ્રી કલ્પસૂત્ર (બારસા) મૂળ પાઠ.

દર વર્ષે પર્યુષણ પર્વમાં અને સંવત્સરી દિને પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચી ચતુર્વિધ સંઘને સંભળાવે છે જેનો અપૂર્વ મહિમા છે, તે શાસ્ત્રી મોટા ટાઇપમાં પ્રતાકારે સુંદર અક્ષરોથી અને સુશોભિત પાટલીસહિત છે, જેથી પૂજ્ય મુનિમહારાજ કે જ્ઞાનભંડાર, લાઇબ્રેરી કે જૈન બંધુઓને જોઇએ તેમણે મંગાવી લેવા નમ્ર સૂચના છે. કિં. રૂ. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

૨ સજ્ઝાયમાળા—શાસ્ત્રી શુદ્ધ રીતે મોટા અક્ષરોથી છપાયેલ, શ્રી પૂર્વાચાર્ય-અનેક જૈન પંડિતો વિરચિત, વિવિધ વિષયક વૈરાગ્યાદિ રસોત્પાદક, આત્માને આનંદ આપનાર ૧૩ મા સૈકાથી અઢારમા સૈકા સુધીમાં થઇ ગયેલા પૂજ્ય આચાર્યદેવો અને પંડિત મુનિમહારાજાએ રચેલ સજ્ઝાયનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે, કે જે વાંચતા મહાપુરુષોના ચારિત્રની ઘટના આપણી પૂર્વની જાહોજલાલી, અને વાચકને વૈરાગ્યવૃત્તિ તરફ દોરે છે. પચાસ ફોર્મ ૪૦૮ પાનાનો સુંદર કાગળો શાસ્ત્રી મોટા ટાઇપો, અને પાકા બાઇંડીંગથી અલંકૃત કરેલ છે કિંમત રૂ. ૪-૮-૦ પોસ્ટેજ જુદું. માત્ર જુજ કોપી સિલિકે રહી છે.

નમ્ર સૂચના.

બૃહત્કલ્પસૂત્ર છઠ્ઠો ભાગ હાલમાં પ્રસિદ્ધ થયો છે, પરંતુ આગલા કેટલાક ભાગોનું વેચાણ ઘણા વખત પહેલાં થયેલું હોવાથી, છ ભાગો તૂટક થયા છે, અને છએ ભાગ પૂરતા નહિં મેળવનાર અથવા બીલકુલ નહિં મેળવનારા અનેક મુનિરાજો, જ્ઞાનભંડારો, ખાનગી આત્માઓના પૂરતા ભાગ મેળવવા માટે સભા ઉપર અનેક પત્રો આવવાથી, અમોએ અન્ય સ્થળેથી ખૂટતા આગમો ૨-૩-૪-૫ ભાગો મેળવીને હાલમાં થોડા આખા સેટો એકઠા કર્યા છે, અને તેની નકલો પણ ઘણી થોડી છે, જેથી જોઇએ તેમણે મંગાવવા નમ્ર સૂચના છે. કિંમત ૨-૩-૪-૫ દરેક ભાગના પંદર, પંદર રૂપિયા અને છઠ્ઠા ભાગના સોળ રૂપિયા (પોસ્ટેજ જુદું). કમીશન ટકા ૧૨॥.

લખો:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

શ્રી આત્માનંદ પ્રકાશ

વીર સં. ૨૪૮૨ | મહા | પુસ્તક ૫૩ મું.
વિક્રમ સં. ૨૦૧૨ | | અંક ૭ મો

સમકિત સ્વરૂપની યાચના

(રાગ—ઋષભ જિણંદશું પ્રીતડી)

સમકિત સદ્દહણા નહિં, તે તો રઝળે રે ગતિ ચાર નિશંક !
આગમ વયણે જાણીયે, એક તરણે રે શુદ્ધ સમકિતવંત ! સમકિત૦

ત્રસ-થાવર કરુણા કરે, જીવ એકકે નવ દુહવે મતિમંદ !
સામાયક ત્રણ-કાળનાં, શુદ્ધ ઉપયોગ રે ન લહે મતિમંદ ! સમકિત૦

માયા-મૃષા નીવારતા, ચોરી-જારી રે ત્યજે વ્યવહારવંત !
વ્યવહારે અતિ નિપુણતા, અંતરદૃષ્ટિ રે નવ કેમે લહંત ! સમકિત૦

હાથ ઊંચા, ઊંધા મસ્તકે, ભસ્મ રગડે રે ભલે અંગે અંગ !
જટા ધરે, મુંડન કરે, વિણ શ્રદ્ધા રે ભટકે બની અંધ ! સમકિત૦

નિજ-પર નારી ભલે ત્યજે, બ્રહ્મચારી રે બને બાળી અનંગ !
સ્વર્ગાદિક સુખ મેળવે, કેમ પામે રે નિજ આતમ રંગ ! સમકિત૦

ત્યાગ, ક્રિયા, પરિસહ સહી, ભલે ધારે રે દ્રવ્ય લિંગ-અસંગ !
એ તો અનંતી વેળા કર્યાં, નવ પામ્યા રે આત્મરૂપ અભંગ ! સમકિત૦

આતમજ્ઞાનનું ફળ મહા, અતિ ઉજ્વળ રે સમકિત સુખકંદ !
સુખ અવ્યાબાધ મોક્ષનાં, પામે આતમ રે એક સમકિતવંત ! સમકિત૦

રાત્રિ-દિવસ શ્વાસોશ્વાસમાં, મને ચરણું રે હોજો સમકિત-સંત !
સમકિત તરસ્યો પ્રભુ સ્તવે, 'મણિ' કરજો રે શુદ્ધ સમકિતવંત ! સમકિત૦

—પાદરાકર

'મેચક' તે શું ?

(લે—પ્રો હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ એ)

'મેચક' એ સંસ્કૃત ભાષાનો અનેકાર્થી શબ્દ છે. એ નામ તેમ જ વિશેષણ એમ ઉભયસ્વરૂપી છે. નામ તરીકે મેચકના વિવિધ અર્થ નીચે મુજબ છે:-

શ્યામતા, ચંદ્રક યાને મોરના પીંછા ઉપરની ટીલડી (ચાંદો), ધૂમાડો, વાદળ, સરગવો (એક જાતનું ઝાડ,) સોતોંજન, નીલાંજન અને એક જાતનું રત્ન

વિશેષણરૂપ મેચકનો અર્થ કાળુ-કાળા રંગનું છે, એ હકીકત [1]અમરકોશ (કાંડ ૧, શ્લો ૧૪) વગેરેના આધારે જાણી શકાય છે.

અભિધાનચિન્તામણિ (કાંડ ૪, શ્લોક ૩૮૬) માં 'મેચક'નો ઉપર મુજબ 'ચન્દ્રક' એટલો એક જ અર્થ અપાયો છે, એની સ્વોપજ્ઞ વિવૃતિ(પૃ ૫૩૧)માં એને અંગે નીચે મુજબ ઉલ્લેખ છે:—

"मेचको मिश्रवर्णत्वात्, यत् कात्य.- 'बर्हिकण्ठसमं वर्णं मेचकं ब्रुवते बुधा ' इति।"

આમ અહીં 'મેચક' ચિત્ર-વિચિત્ર વર્ણવાળો હોય છે એ વાત દર્શાવાઇ છે વિશેષમાં કાત્યના કથન મુજબ મેચક મોરના કંઠના સમાન વર્ણવાળો હોય છે

ઉપર્યુક્ત અભિધાનચિન્તામણિ(કાંડ ૬, શ્લો. ૩૩)માં વિશેષણ રૂપ 'મેચક' નો અર્થ કાળો અપાયો છે એની સ્વોપજ્ઞ વિવૃતિ(પૃ ૫૬૦)-માં 'મેચક' ની નીચે મુજબ વ્યુત્પત્તિ-નિષ્પત્તિ દર્શાવાઇ છે —

"मचति-मिश्रीभवति मेचक पुंक्लीबलिङ्ग.। 'कीचक' (उणा-३३) इत्यके निपात्यते"

આ ઉપરથી જાણી શકાય છે કે 'મચ્' ધાતુ ઉપરથી 'મેચક' શબ્દ ઉદ્ભવ્યો છે 'મચ્' ધાતુનો અર્થ 'મિશ્ર થવું' એમ થાય છે

અહીં (પૃ. ૫૬૦) નીચે મુજબ ઉલ્લેખ છે-

"मेचक शिखिकण्ठाभः' इति दुर्ग।।"

આમ દુર્ગના મતે પણ મેચકનો રંગ મોરના કંઠ જેવો છે.

"કાળું-કાળા રંગનું" એ અર્થમાં 'મેચક' શબ્દ મેઘદૂત(પૂર્વમેઘ, શ્લો ૫૬)માં વપરાયો છે. પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે:—

"अंसन्यस्ते सति हलभृतो मेचके वाससीव"

વળી 'કાળુ' એ અર્થમાં ગઉડવહ(શ્લો ૩૩૬) માં 'મેઅય' એવો પાઇય શબ્દ છે. આથી એ જાણી શકાય છે કે 'મેચક' નું પાઇય સમીકરણ 'મેઅય' છે.

જૈનોના વિસુદ્ધિમગ્ગનું સ્મરણ કરાવનાર આકર-ગ્રંથ નામે વિસેસાવસ્સયભાસમાં ગણધરવાદનું નિરૂપણ છે નવમા ગણધર અચલભ્રાતાને પુણ્ય અને પાપ હોવા વિષે શંકા હતી એને અંગે ચર અજૈન મતો સા. ૧૬૦૮ માં રજૂ કરાયા છે. એમાંના એક વિકલ્પના વિવરણરૂપે 'મલધારી' હેમચન્દ્રસૂરિએ આ વિસેસાવસ્સયભાસની બૃહદ્ વૃત્તિ(પત્ર ૭૯૨)માં નીચે મુજબ નોંધ લેતા એમા 'મેચકમણિ" વિષે ઉલ્લેખ કર્યો છે.—

"उभयमप्यन्योन्यानुविद्धस्वरूपं मेचक मणिकल्पं समिश्रसुखदु खाख्यफलहेतु साधारणं पुण्यपापाख्यमेक वस्तु।"

સા ૧૯૧૧ ના વિવરણમાં પણ આ સૂરિએ 'મેચક' મણિનો ઉલ્લેખ કર્યો છે જુઓ પત્ર ૭૯૩

ઉપર્યુક્ત અવતરણનો અર્થ એ છે કે-પુણ્ય અને પાપ એ બને પરસ્પર અનુવિદ્ધ સ્વરૂપવાળા છે એ પુણ્ય અને પાપ એવાં નામવાળી એક જ સાધારણ વસ્તુ

---

1 આના દ્વિતીય કાંડના શ્લો ૪૩ માં "तिलकं तत्र मेचके" એવો ઉલ્લેખ છે

છે. એ વસ્તુ (વિવિધ રંગવાળા) 'મેચક' મણિ-ના જેવી છે. વળી એ મિશ્રિત સુખ અને દુઃખ નામના ફળનું કારણ છે.

વિસેસાવસ્સયભાસ–ઉપર એના કર્તા જિન-ભદ્રગણિ ક્ષમાશ્રમણે સંક્ષિપ્ત વૃત્તિ રચવા માંડી હતી, પણ તે ૧૮૬૩ મી ગાથા સુધી જ રચાઇ શકી. ત્યાર બાદ એમનો સ્વર્ગવાસ થતાં કોટ્યાચાર્યાદિગણિએ એ પૂર્ણ કરી. આ દ્વિકર્તૃક વૃત્તિ અત્યારે તો અપ્રસિદ્ધ છે એટલે એમાં મેચકમણિ વિષે કોઇ ઉલ્લેખ હોય તો તેની નોંધ લેવી બાકી રહે છે.

કોટ્યાચાર્યે પણ આ **વિસેસાવસ્સયભાસ** ઉપર સંસ્કૃતમાં વૃત્તિ રચી છે અને એ તો પ્રકાશિત છે, એમાં પુણ્ય અને પાપને અંગે મતાંતરો ભાગ ૨ ના પત્ર ૫૭૫ માં નોંધાયા છે, પરંતુ એમાં કે પત્ર ૫૭૬માં 'મેચકમણિ' વિષે ઉલ્લેખ નથી.

'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ વીતરાગ-સ્તોત્રના આઠમા પ્રકાશના નિમ્નલિખિત સાતમા પદ્યમાં 'મેચક' નો ઉલ્લેખ કર્યો છે.

"द्वयं विरुद्धं नैकत्रासत्प्रमाणप्रसिद्धितः ।
विरुद्धवर्णयोगो हि दृष्टो मेचकवस्तुषु ॥७॥"

આના ઉપરના પ્રભાચન્દ્રસૂરિના વિવરણ (પત્ર ૮૧) માં 'मेचकवस्तुषु-मिश्रवर्णपदार्थेषु' એવું સ્પષ્ટીકરણ છે. આથી 'મેચક' એ કોઇ મિશ્રવર્ણવાળી વસ્તુ છે એમ જાણી શકાય છે.

આ વિવરણની સાથે સાથે છપાયેલી સોમોદય-ગણિ કૃત અવચૂરિ (પત્ર ૮૨)માં मेचकेषु-शबलेषु वस्तुषु-पटादिषु" એવો ઉલ્લેખ છે. આમ અહીં 'મેચક' એટલે 'શબલ' એમ કહ્યું છે.

પ્રાદેશિક ભાષામાં ઉલ્લેખ–"મેચકમણિ" એવો ઉલ્લેખ કઇ કઇ પ્રાદેશિક ભાષામાં ક્યારથી જોવાય છે એનો અંતિમ ઉત્તર આપવા માટે મારી પાસે સમુચિત સાધન નથી. આથી અત્યારે તો **જૈન તત્ત્વાદર્શ** (પૃ. ૩૮૧, પંચમ સંસ્કરણ) મત નિમ્ન-લિખિત પંક્તિ કે જેમાં "મેચક મણિ" વિષે ઉલ્લેખ છે તે હું રજૂ કરું છું–

"तथा कोई एक कहते है कि पाप पुण्य दोनों आपस में अनुविद्ध स्वरूप हैं, 'मेचक-मणि' सरीखे, मिश्र सुख दुःख फल के हेतु हैं।"

ઉપર્યુક્ત **જૈન તત્ત્વાદર્શની** પ્રથમ આવૃત્તિ વિ. સં. ૧૯૪૦ માં ભીમશી માણેકે પ્રસિદ્ધ કરી હતી, જે. સા. સં. ૪ (પૃ ૧૮૧)માં કહ્યું છે કે "૧૯૩૭માં ગુજરાંવાલામાં ચોમાસું રહી જૈન તત્ત્વાદર્શ શરૂ કર્યો ને બીજે વર્ષે હોશિયારપુરમાં પૂરો કર્યો" આ હિસાબે "મેચકમણિ" વિષેનો હિંદી ઉલ્લેખ વિ સં. ૧૯૩૮ જેટલો પ્રાચીન ગણાય.

વિસેસાવસ્સયભાસનું ગુજરાતી ભાષાંતર (ભા. ૨) "આગમોદય સમિતિ" તરફથી વિ. સં. ૧૯૯૩ માં પ્રસિદ્ધ થયું છે. એના પૃ. ૧૦૯માં "મેચક મણિ" નો ઉલ્લેખ છે.

આ કરતાં પણ "મેચક મણિ" એવો ગુજ-રાતીમાં વહેલો ઉલ્લેખ **જૈન તત્ત્વાદર્શ**ના વકીલ મુલચંદ નથુભાઇએ કરેલા ગુજરાતી ભાષાંતર (પૃ ૨૧૬) માં જોવાય છે. આ ભાષાંતર "શ્રીઆત્મા-રામજી જૈન જ્ઞાનશાલા તથા પુસ્તકાલયની કાર્યદક્ષ સભા" તરફથી ભાવનગરથી વિ. સં. ૧૯૫૬ (ઇ. સ. ૧૮૮૯) માં પ્રસિદ્ધ થયું છે.

"મેચક મણિ" એ વિવિધ રંગનું છે. એ સિવાય એને અંગેની વિશેષ માહિતી, એનો આકાર અને ઓળખવાની રીત વગેરેને લગતી માહિતી મેળ-વવી બાકી રહે છે તો તજ્જ્ઞ યોગ્ય પ્રકાશ પાડે એમ હું ઇચ્છું છું.

વિશેષમાં મલધારી હેમચન્દ્રસૂરિ કરતાં પહેલાં થઇ ગયેલા કોઇ જૈન ગ્રંથકારે "મેચક મણિ" વિષે સંસ્કૃત કે પ્રાકૃતમાં રચેલા ગ્રંથમાં ઉલ્લેખ કર્યો હોય તો એ ગ્રંથકારનું અને એ ગ્રંથનું નામ પણ જણાવવા મારી તજ્જ્ઞને સાદર વિનંતિ છે.

....તો જૈન સંસ્કૃતિનો સુંદર પ્રચાર થાય

વિદેશમાં જૈનાગમ સાહિત્યની માગ થઈ રહેલ છે
આપ આપના પ્રકાશનો ત્યા મોકલી શકો છો

ભારતીય દર્શનશાસ્ત્રોનો અભ્યાસ કરવાની ભૂખ આજે વિદેશમાં ઉઘડતી જાય છે તેમ તેમ દરેક દર્શન-શાસ્ત્રના ઉપાસકો તરફથી એ ભૂખને પહોચી વળવા માટે યોગ્ય સગવડ કરવામા આવે છે પરિણામે આજે ભારતીય દર્શનશાસ્ત્રનુ ઘણુ સાહિત્ય વિદેશમાં પ્રચાર પામ્યુ છે ઘણા ગ્રથો વિદેશી ભાષામાં પ્રગટ થયા છે અને તે માટે સુયોગ્ય વ્યવસ્થા કરવામા આવતી હોવાથી આજે ત્યા હિંદુ બુદ્ધ આદિ સસ્કૃતિના સાહિત્યનો સારી રીતે સારો પ્રચાર થઈ રહ્યો છે

આમ જે ઉત્સાહ અને વ્યવસ્થાપૂર્વક ભારતીય દર્શનશાસ્ત્રોનો વિદેશમાં પ્રચાર થઈ રહ્યો છે તેના પ્રમાણમાં આપણે ક્યાં ઊભા છીએ તે વાત જૈન સમાજે ગભીરતાથી વિચારવા જેવી છે આ વાતનો વિચાર કરીશુ તો જૈન-દર્શનના પ્રચાર માટે આજે આપણો પ્રયાસ નહિવત્ છે તેમ લાગ્યા વિના રહેશે નહિ.

આજથી લગભગ સાઠ વરસ પૂર્વે ચીકાગોખાતે મળેલ સર્વધર્મપરિષદ સમયે આપણા તરફથી એક પ્રતિનિધિ તરીકે શ્રીયુત વીરચદ રાઘવજી બાર-એટ-લો ને ચીકાગોખાતે મોકલવામા આવ્યા અને ત્યાં તેઓએ વિદેશના જુદા જુદા પ્રદેશોમા ફરીને પાચસો છસો વ્યાખ્યાનો જૈન-દર્શન અગે આપ્યા ત્યારથી વિદેશમાં જૈન-દર્શનના અભ્યાસ માટેની રુચિ વધતી આવી અને આ પ્રયાસના પરિણામે કેઈ સ્થળે જૈન સાહિત્યના અભ્યાસ માટે મડળો સ્થપાયા, કોઈ સ્થળે અભ્યાસક વર્ગ સ્થપાયો અને એ રીતે જૈન-દર્શન નો સદ્ભાવ વધતો આવ્યો આ પ્રયાસને સદા કાળ જીવત રાખવા અને પ્રવૃત્તિને વેગ આપવા માટે જો કોઈ વ્યવસ્થિત સસ્થા તે સમયે ભારતમાં સ્થાપવામા આવી હોત અને વિદેશમાં જૈન દર્શનના પ્રચાર માટેનુ કાર્ય આવી સસ્થાએ અપનાવી લીધુ હોત તો તો આજે જૈન દર્શનની મહત્તા વિશ્વ સારી રીતે સમજી શકયુ હોત પરતુ એ બની શકયુ નહિ જ્યારે સ્વામી વિવેકાનદે હિન્દુ સસ્કૃતિના પ્રચાર માટે બનતુ કર્યું અને વિદેશમાં તેના એવા ઊંડા મૂળ નાખ્યા કે આજે તે પ્રચારનુ કાર્ય ફાલી ફૂલી રહ્યુ છે બૌદ્ધ-સસ્કૃતિનો પણ આ રીતે યોગ્ય પ્રચાર કરવામાં આવ્યો.

જ્યારે આપણી સ્થિતિ જુદી જ નીવડી. વીરચદ રાઘવજીએ ત્યા ભાષણો આપેલ તેની અસર થોડાઘણા વિદેશી સસ્કારપ્રેમીઓમાં રહી અને તે વિદ્વાનોએ જૈન-દર્શન તરફનો રસ થોડાઘણા અશે જાળવી રાખ્યો આ પ્રવૃત્તિને આ વિજયધર્મસૂરિજીએ વેગ આપ્યો, થોડો રસ વધાર્યો, પણ એ પ્રયાસ દીર્ઘ જીવી ન નીવડ્યો, આજે પણ આપણામાં આ વિજયધર્મસૂરીશ્વરજીના એવા કેટલાક શિષ્યવર્યો તેમજ કેટલાક વિદ્વાન્ મુનિવર્યો છે કે જે વિદેશના સ્કોલરો સાથે પોતાનો સબધ વ્યક્તિગત રીતે કેળવતા આવ્યા છે અને એ દ્વારા વિદેશમાં જૈન સાહિત્યના પ્રચાર માટે પોતાનાથી બનતુ કરી રહ્યા છે, પરતુ આ પ્રયાસ કોઈ ચોક્કસ પ્રકારની યોજનાપૂર્વકનો વ્યવસ્થિત નથી તે માટે કોઈ જવાબદાર સસ્થાની સ્થાપના નથી કે જેની મારફત આ તમામ વ્યક્તિઓ કામ કરી શકે

આ રીતે રસ લઈ રહેલ વિદ્વાન્ મુનિવર્યોનો વિચાર કરીએ તો આ વિજયધર્મસૂરિજીના શિષ્ય રત્નો આ વિજયે દ્રસૂરીશ્વરજી આદિ ઉપરાંત આપણી સામે પહેલુ નામ આવે છે આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજનુ અને બીજુ નામ આવે છે સાહિત્યપ્રેમી મુનિવર્ય શ્રી જબુવિજયજી મહારાજનુ

મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજની સાહિત્યસેવા તો હવે જગજાહેર થઈ ચૂકી છે સાહિત્યના ભેખધારી તરીકે આપણે તેઓશ્રીને જાણીએ છીએ

આગમસાહિત્યના સંશોધન માટે તેઓશ્રીએ જે અવિરત શ્રમ લઇને અપૂર્વ સેવા બજાવી છે અને બજાવી રહ્યા છે તે સદાસર્વદા અજર-અમર રહેશે.

મુનિવર્યશ્રી જંબુવિજયજી મહારાજ તો આપબળે તૈયાર થતાં એક આશાસ્પદ તેજસ્વી વિદ્વદ્ વ્યક્તિ છે. ચૌદ વરસની વયે તેઓશ્રીએ દીક્ષા અંગીકાર કરી ત્યારે તો જૈન-શાસ્ત્રનો સામાન્ય પ્રાથમિક અભ્યાસ તેઓશ્રીએ કર્યો હતો અને માત્ર એકાદ અંગ્રેજીનું જ્ઞાન તેઓશ્રીએ પ્રાપ્ત કર્યું હતું. પછી તો મોટા પંડિતોના રોકાણનો ખર્ચ કરવા સિવાય જૈન શાસ્ત્રનો અભ્યાસ તેઓશ્રીએ આપબળે શરૂ કર્યો, અને થોડા સમયમાં જ તેઓશ્રી તૈયાર થઇ ગયા. પં. સુખલાલજી, આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ આદિએ પણ તેઓશ્રીની જ્ઞાનોપાસના માટે ખૂબ જ પ્રશંસા કરી અને સમય જતાં દર્શનશાસ્ત્રના મહાન્ ગ્રંથ "નયચક્રસાર" નું સંપાદન કાર્ય તેઓશ્રીને આજથી દસ વરસ પહેલાં સોંપવામાં આવ્યું. આ કાર્ય જરા આકરું હતું. તે અંગે વિદેશના વિદ્વાનોનો સહકાર સાધવો પડે તેમ હતો, તેમ ઇંગ્લીશ તથા ટીબેટન વગેરે ભાષાનો પણ અભ્યાસ જરૂરી હતો. માત્ર ચાર માસમાં તેઓશ્રીએ ઇંગ્લીશ ભાષાનો અભ્યાસ તો કરી લીધો અને વિદેશના સ્કોલરો સાથે ઇંગ્લીશમાં પત્ર-વહેવાર કરવામાં અને અત્રે આવતા સ્કોલરોને ઇંગ્લીશમાં જૈન-દર્શનનો અભ્યાસ કરાવવામાં તેઓશ્રી તૈયાર થઈ ગયા હતા. જરૂર જણાતા ટીબેટન, મરાઠી આદિ ભાષાનો અભ્યાસ પણ ઝાલુ વિહારે ચાર માસમાં કરી લીધો અને 'નયચક્ર'નું સંશોધન કાર્ય આગળ ચાલ્યું. કહે છે કે આ ગ્રંથનો એક ભાગ પ્રસિદ્ધ થવાની તૈયારીમાં છે, તે પ્રગટ થશે ત્યારે ભારતીય દર્શનશાસ્ત્રોના સાહિત્યમાં આ ગ્રંથ અનોખી જ ભાત પાડશે દેશ-વિદેશના સ્કોલરો માટે એ દર્શનશાસ્ત્રના એક અદ્વિતીય ગ્રંથનું સ્થાન પ્રાપ્ત કરશે. જૈન સાહિત્યનો એ ગૌરવગ્રંથ ગણાશે.

આ ગ્રંથ તૈયાર કરવામાં તેઓશ્રીને વિદેશના ઘણા સ્કોલરોનો સમાગમ સાધવો પડ્યો છે, અને એ પરિચય પોતે આપમેળે જ વધાર્યો છે. કેટલુંક કિંમતી ટીબેટન સાહિત્ય જે વિદેશથી મંગાવવું પડતું, અને મોટો ખર્ચ કરવાથી પણ ભાગ્યે જ તે મળે એવી પરિસ્થિતિ હતી, ત્યાં પણ તેઓશ્રીએ પોતાની કાર્યદક્ષતા અને મીલનસાર સ્વભાવથી જરૂરી સામગ્રી મેળવવામાં સફળતા મેળવી છે. એટલે લાખોના ખર્ચે જે સંશોધનનું કાર્ય ન થઇ શકે તે કાર્ય તેઓશ્રી કોઇની ખાસ સહાય માગ્યા વિના કરી શક્યા છે. પરિણામે આજે વિદેશથી હિંદમાં આવતા સ્કોલરો તેઓશ્રીનો સંપર્ક સાધે છે. આમ વિદેશના સ્કોલરોમાં જૈન-દર્શનના અભ્યાસનો થોડો ઘણો રસ જળવાતો આવ્યો છે તેમ બીજી બાજુ જૈન સાહિત્ય વસાવવાની જિજ્ઞાસા પણ ત્યાં સળગ અવસ્થામાં હોય તેમ દેખાય છે.

"નયચક્રસાર"ના સંપાદનને અંગે વિદેશની કેટલીક સાહિત્ય સંસ્થાઓ તથા સ્કોલરો સાથે પણ પૂ. જંબુવિજયજી મહારાજનો પત્ર-વહેવાર ચાલુ જ હોય છે. તેમાંનો કેટલોક સારભાગ અવારનવાર પ્રગટ થયેલ આપણે જોઇએ છીએ.

હાલ લન્ડનની 'ઇન્ડિયા ઓફિસ લાયબ્રેરી'ના સંચાલક સાથે તેઓશ્રીનો જે પત્ર-વહેવાર ચાલી રહ્યો છે તેમાંથી જૈન સમાજને જાણવા જેવી કેટલીક હકીકત છે જે આ નીચે રજૂ કરવા રજા લઉં છું.

એ પત્ર-વહેવાર ઉપરથી જણાય છે કે ઇન્ડિયા ઓફિસ લાયબ્રેરીમાં તેના સંચાલક જૈનાગમ તથા દર્શનશાસ્ત્ર આદિનું સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં રચાએલ મૂળ સાહિત્ય – યોગ્ય કીંમત આપીને વસાવવા માગે છે અને આ માટે તેઓએ યોગ્ય પ્રયાસ કરીને જૈન સાહિત્ય પ્રગટ કરતી સંસ્થાઓ તથા બુકસેલરો સાથે યોગ્ય સંપર્ક સાધ્યો છે.

જૈન સાહિત્યના પ્રકાશન માટે આપણી સમાજમાં જુદી જુદી સંસ્થાઓ અને પૂ મુનિવરો કાર્ય કરી રહેલ છે અને તે દ્વારા આપણું મૂળ પ્રાકૃત અને સંસ્કૃત સાહિત્ય સારા પ્રમાણમાં પ્રગટ થવા પામ્યું છે. ઇન્ડિયા ઓફિસ લાયબ્રેરી પાસે આ તમામ પ્રકાશકોની યાદી ન હોય તે સંભવાય છે, તો દરેક

પ્રકાશકો પોતાના પ્રકાશનની યાદી ઇન્ડિયા ઓફિસ લાયબ્રેરીને મોકલી આપે એ ઇચ્છવા યોગ્ય છે

બીજી વાત એ છે કે આ રીતે પ્રગટ થએલ લગભગ તમામ સાહિત્યનો સંગ્રહ કોઇ એક વ્યક્તિ કે સંસ્થા પાસે તૈયાર પણ હોય તો આવો સંગ્રહ જો તેઓ આ લાયબ્રેરીને મોકલી આપશે તો ઇંગ્લાન્ડમાં જૈન સાહિત્યનો સારો સંગ્રહ એકત્ર કરાવવામાં તેમની સેવા કીંમતી ગણાશે આ રીતનું સાહિત્ય જે ઇન્ડિયા ઓફિસ લાયબ્રેરીને મોકલવા માગતા હોય ને યોગ્ય કિંમત લેવા માગતા હોય તો યોગ્ય કિંમત આપવા માટે પણ તે તૈયાર છે અને ભેટ તરીકે જો આપવા માગતા હોય તો આભારપૂર્વક તેનો સ્વીકાર કરવા પણ તૈયાર છે

આવું સાહિત્ય મોકલવા માટે સગવડ રહે તે માટે લંડનને બદલે નીચેના શીરનામે મુંબઇ મોકલવામાં આવશે તો ત્યાંથી પણ લન્ડન પહોંચી શકશે

U. K. High Commissioner's Office
Mercantile Bank Buildings
Mahatma Gandhi Road
Bombay 1

ઇન્ડિયા ઓફિસ લાયબ્રેરીના સંચાલક ' મુનિપતિ ચરિત્ર "નું સંપાદન કરી રહેલ છે આ માટે તેઓશ્રીએ પૂજ્ય મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ પાસે યોગ્ય સાહિત્યની માગણી કરી હતી. ત્યારે તેઓશ્રીએ **મુનિપતિ ચરિત્ર** ગદ્ય **મુનિપતિ ચોપાઇ** અને જુદી જુદી જાતના હસ્તલિખિત વગેરે ૧૪ ગ્રંથો પોતાના તથા વડોદરાના જ્ઞાનભંડારમાંથી બે વરસ પહેલાં મોકલી આપ્યા હતા તેમાંથી તેઓએ હરિભદ્રસૂરિજીનું પ્રાકૃત કાવ્ય સંતોષકારક રીતે પ્રાપ્ત કર્યું હતું અને આ તમામ સાહિત્યના આધારે તેઓશ્રીએ "**મુનિપતિ ચરિત્ર**"નો ગ્રંથ પ્રગટ કરવા માટે તૈયાર કર્યો છે તેની પ્રેસ કોપી પણ તૈયાર થઇ ગઇ છે

આ ગ્રંથ પ્રગટ કરવામાં આવે તે પહેલાં તેમની ઇચ્છા આ ગ્રંથને અંગે જો બીજું સાહિત્ય મળી આવે તો તેની સાથે પ્રેસ કોપી મેળવીને યોગ્ય સુધારોવધારો કરવા જેવો હોય તો તે કરી લેવાની છે અને આ માટે તેઓને **જગ્ગુનાગ શ્વેતભિક્ષુકૃત મણિપતિ ચરિત્ર**ની પ્રત આત્માનંદ સભા તરફથી મોકલવામાં આવી છે તેમજ આ અંગે બીજી કોઇ પ્રત કે સાહિત્ય હોવાનું કોઇના લક્ષમાં હોય તો તે બાબત યોગ્ય જાણ કરવા તેઓશ્રીએ જૈન સાહિત્યપ્રેમીઓને વિનંતી કરી છે તો જેઓને આ બાબતની માહિતી હોય તેઓ નીચેના શીરનામે ખબર આપી આભારી કરે

ઇન્ડિયા ઓફિસ લાયબ્રેરીમાં જૈન સાહિત્ય બાબત તથા **મુનિપતિ ચરિત્રના** સંપાદન અંગે જે કોઇ પત્ર-વ્યવહાર કરવા માગતા હોય તે હિન્દી કે ગુજરાતી ભાષામાં પત્ર-વહેવાર કરશે તો પણ ચાલશે. પત્ર-વહેવારનું શીરનામું —

India Office Library
King Charles Street, LONDON (S.W.)

જૈન સાહિત્યના સંગ્રહ અભ્યાસ અને સંપાદન માટે આજે વિદેશમાં કેવો રસ કેળવાતો આવે છે તેનો આછો ખ્યાલ આપણને ઉપરના પત્રવહેવાર ઉપરથી આવશે અને આ તો એક સામાન્ય પ્રસંગ છે બાકી આજે વિદેશમાં ભારતીય દર્શનશાસ્ત્રનો કેવો વ્યવસ્થિત રીતે પ્રચાર થઇ રહ્યો છે અને તેમાં ત્યાંની પ્રજા કેટલા પ્રેમપૂર્વક રસ લઇ રહેલ છે તેનો જ્યારે આપણે ઊંડો અભ્યાસ કરીએ ત્યારે જ જૈન-દર્શનના પ્રચાર માટે આપણે કેટલા પાછળ છીએ કે કેટલા બેદરકાર છીએ તેનો ખ્યાલ આવશે કહે છે કે બૌદ્ધ અને હિંદુ શાસ્ત્રના મુખ્ય ગ્રંથોની વિદેશની જુદી જુદી ભાષામાં આજે લાખો કોપી પ્રગટ થઇ રહેલ છે અને લાખો વિદેશીઓ તે પ્રેમપૂર્વક વાંચે છે, તેનો અભ્યાસ કરે છે જ્યારે આપણો કોઇ ગ્રંથ હજુ ત્યાં આ રીતે પ્રચાર પામી શક્યો નથી

આપણી સાહિત્યોપાસનાનો વિચાર કરીએ તો યુગયુગથી આપણે સાહિત્યને માટે યોગ્ય કરતા આવ્યા છીએ જીવનના ભોગે પણ આપણે સાહિત્યનું સંરક્ષણ કરતા આવ્યા છીએ, આપણા પ્રાચીન જ્ઞાન-ભંડારો અને દિલનો રંગ પૂરીને તૈયાર કરવામાં

આવેલ પ્રાચીન હસ્તલિખિત સુવર્ણ પ્રતોનું અવલોકન કરવામાં આવે ત્યારે સાહિત્યોપાસના પાછળ આપણે કેવો મહામૂલો ભોગ અનન્ય રસપૂર્વક આપતા આવ્યા છીએ તેનો ખ્યાલ આવે તેમ છે અને તે જોતાં આપણા મસ્તક એ સાહિત્યસેવીઓના ચરણમાં નમ્યા વિના નહિ રહે.

જૈન સમાજ આમ વરસોથી વિદ્યા-વ્યાસંગી રહ્યો છે. સાહિત્યને માટે તે પ્રાણ પાથરતો આવ્યો છે અને ભારતીય સંસ્કૃતિના ખજાનામાં જૈન સાહિત્યનો ફાળો અદ્વિતીય છે. આજે પણ આપણે સાહિત્યને માટે ભોગ તો આપી જ રહ્યા છીએ. જૈન સાહિત્યનું પ્રકાશન પણ જુદા જુદા પ્રકારે થયા જ કરે છે અને એ માટે મોટી રકમ ખરચાઇ રહેલ છે. પ્રગટ થતાં સાહિત્યમાંથી મોંઘી કીંમતના ગ્રંથો ભેટ આપવાનો અને એ રીતે જૈન સાહિત્યનો પ્રચાર કરવાનું પણ ચાલુ જ છે; માત્ર જરૂર છે તેને યુગ-પ્રવાહ સમજીને સુવ્યવસ્થિત ઓપ આપવાની.

આપણે સાહિત્ય પ્રકાશનનો પ્રશ્ન જરા વ્યાપક દૃષ્ટિએ વિચારીએ. આજે હિન્દુ, બૌદ્ધ આદિ સંસ્કૃતિનું સાહિત્ય જે રીતે પ્રગટ થઇ રહ્યું છે તે જોઇએ, તેનું અવલોકન કરીએ અને આપણા સાહિત્ય પ્રકાશનને તેની સરખામણીમાં ઊંચું રાખવા માટે યોગ્ય સુધારો કરીએ તો આપણી સાહિત્યસેવાનું ફળ જરૂર સુંદર આવશે.

અને સાહિત્ય પ્રકાશનની માફક જૈન દર્શનના પ્રચાર માટે પણ યોગ્ય પ્રયાસ કરવાની એટલી જ જરૂર છે.

આમ જૈન સાહિત્યના પ્રકાશનને યોગ્ય ઝોક આપવાનું, જૈન દર્શનનો દેશ-વિદેશમાં યોગ્ય પ્રચાર કરવાનું, તે માટે વિદેશના તથા દેશના જૈનેતર સ્કોલરોમાં જૈન સાહિત્યનો રસ ઉત્પન્ન કરવાનું તેમ જ જૈન સાહિત્યના સ્કોલરોને સાહિત્ય આદિ જરૂરી સામગ્રી અને માહિતી પૂરી પાડવાનું કાર્ય ભારતમાંની કોઇ એક જૈન સંસ્થા ઉપાડી લ્યે તો આજે એ અતિ મહત્વનું કાર્ય ગણાશે.

આમ જુદા જુદા વિદ્વાન્ મુનિવર્યો અને સાહિત્યપ્રેમીઓ દ્વારા વિદેશના સ્કોલરોનો સમાગમ તો સધાઇ રહ્યો છે પણ એ પ્રયાસોને એક કેન્દ્રીય વ્યવસ્થિત સંસ્થા દ્વારા વધુ અમલી રૂપ આપવામાં આવે તો જૈન-દર્શનના પ્રચાર માટે આપણે કેટલું સુંદર કાર્ય કરી શકીએ તે વાત વિચારવાની આજે ખાસ જરૂર છે.

જૈન કોન્ફરન્સ, આગેવાન સાહિત્ય સંસ્થાઓ અને જૈન-દર્શનના પ્રચાર માટે રસ ધરાવતા પૂ. મુનિવર્યો તથા ગૃહસ્થો આ પ્રશ્નનો ગંભીરપણે વિચાર કરી જૈન સંસ્કૃતિના પ્રચાર માટે કેન્દ્રીય પદ્ધતિએ વ્યવસ્થિત કાર્ય બનતી ત્વરાએ શરૂ કરે એ ખાસ જરૂરી છે. જો આજની આ પહેલી તકે જે અગત્ય ઊભી છે તેને પહોંચી વળવા માટે આપણે યોગ્ય કરીએ તો જૈન સંસ્કૃતિનો સુંદર પ્રચાર કરવામાં આપણે સફળ થઇશું અને એ જ શાસનની સારી પ્રભાવના ગણાશે.

આ કાર્ય માટે આપણે સૌ પહેલાં દેશ-વિદેશના જૈનેતર સ્કોલરો સાથે સંપર્ક ધરાવતા પૂ. મુનિવર્યો અને જૈન વિદ્વાનોની એક યાદી તૈયાર કરવાની જરૂર છે. પછી તેમની સાથે જૈન સાહિત્યના પ્રચાર માટેની યોગ્ય યોજના વિચારી લેવાની છે. અને આ દરેક વિદ્વાનોનો યોગ્ય લાભ લઇ શકાય, તે વિદ્વાનોને કાર્ય કરવામાં સુગમતા રહે તે દૃષ્ટિએ "જૈન સંસ્કૃતિ પ્રચાર" માટે એક કેન્દ્રિય પ્રવૃત્તિ હાથ ધરવાની રહે છે. જૈન સાહિત્યમાં રસ ધરાવતી સંસ્થાઓ પણ આ મહત્વના કાર્યને વેગ આપવામાં બનતો સાથ આપી શકે છે. અને જો કાર્ય શરૂ કરવામાં આવે તો તેના સંચાલકોને સાહિત્યવિષયક કે આર્થિક સહકાર મળી રહે તેમાં શંકા નથી.

આશા રાખીએ કે આવી યોજનાને અમલી રૂપ આપવાની યોગ્ય વિચારણા લાગતીવળગતી સંસ્થાઓ અને સાહિત્યસેવીઓ કરે અને જૈન સંસ્કૃતિના પ્રચાર માટેનું-જૈન શાસન જયવંતું કરવાનું આ સમયોચિત કાર્ય પહેલી તકે યોગ્ય આકાર લ્યે.

નોંધ—આજકાલ પરમ પૂજ્ય આચાર્યશ્રી આત્મારામજી મહારાજ, શ્રી વિજયધર્મસૂરિજી, મુનિમહારાજશ્રી જંબુવિજયજી વગેરેના પ્રયાસોથી જૈનેતર વિદ્વાનોમાં જૈન દર્શન અને સાહિત્યસંબંધી સાચું જ્ઞાન મેળવવાની ભૂખ ઊઘડી છે તે આનંદની વાત છે જૈન સમાજની હવે ફરજ છે કે તેણે આ ભૂખને સંતોષવા બનતા પ્રયાસો કરવા જોઇએ. પ્રો. ટુચી પૌર્વાત્ય દર્શનશાસ્ત્રો અને ભાષાઓના પ્રખર વિદ્વાન્ છે તેઓ આ વિષયો સંબંધી એક ગ્રંથમાળા પ્રકટ કરી રહ્યા છે જેમથી મુનિમહારાજ શ્રી જંબુવિજયજી ઉપર તાજેતરમાં આવેલો તેમનો એક પત્ર મારા વિધાન પરત્વે સારો પ્રકાશ ફેંકે છે પત્ર તેના ગુજરાતી અનુવાદ સાથે અહીં આપ્યો છે

My Dear Friend,

I have received with delight the proofs of your excellent volume Nayacakram, and I'm afraid it is far from easy to praise with adequate words such a treasure of learning It is a really monumental work, representing a priceless contribution to Indian philosophic studies, and destined to be of great help to scholars of the subject I hope these lines may convey to you my deep admiration and sincere thankfulness

I am glad that you have found a new copy of the Tattvasamgraha, which will allow the correction of many passages of the G. O S edition What do you intend doing with it? As I have written to Prof Gokhale, we shall be delighted to edit some of your works in our series, also suggesting to publish Sanskrit texts in Nagari All your studies deserve our highest consideration, and we would be happy to cooperate thus with you

May I add that is you ever contemplated the possibility of travelling to Italy, we would concider it a privilege to have you as our guest, and would be really obliged to be informed about any such eventual plans

With best congratulations for the impressive extent of your learning, and wishing you the happy pursuit of your work, I remain,

Sincerely yours,
G Tucci.

વહાલા મિત્ર,

આપના સુંદર પુસ્તક 'નયચક્ર'ના પ્રૂફ જોઇને ખૂબ આનંદ થયો અને આવા જ્ઞાનના ભંડારરૂપ પુસ્તકની યોગ્ય પ્રશંસા કરવા માટે મને યોગ્ય શબ્દો જડતા નથી. ભારતીય તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવામાં અમૂલ્ય મદદરૂપ થઇ પડે તેવો તે એક વિરાટ ગ્રંથ છે એમાં કોઇ શંકા નથી

આપશ્રીએ 'તત્ત્વસંગ્રહ'ની નવી કૉપી મેળવી છે તે જાણી આનંદ થયો છે તેનાથી જી ઓ એસ આવૃત્તિમાંના ઘણાખરા ફેરફારો સુધારવાનું બની શકશે આપશ્રી તેનું શું કરવા ધારો છો? મેં પ્રો ગોખલેને લખ્યું છે તેમ અમે અમારી સીરીઝમાં આપના કેટલાક ગ્રંથોનું સંપાદન કરવા ખુશી છીએ અને સંસ્કૃત પુસ્તકો નાગરી લિપિમાં પ્રકટ કરવાની સૂચના કરી છે આપનો તલસ્પર્શી અભ્યાસ અતિશય પ્રશંસનીય અને આદરણીય છે અમે આપને અમારો સહકાર આપવા ખુશી છીએ

આપને માટે અહીં સુધી મુસાફરી કરવાની શક્યતા હોય તો અમારા મહેમાન તરીકે આપનું સ્વાગત કરતાં અમને આનંદ થશે અને આવી કોઇ શક્યતાના અમને ખબર આપશો તો અમે આપશ્રીના અહેસાનમંદ થશું આપના જ્ઞાનની વિશાળતા માટે અમારો હાર્દિક આનંદ વ્યક્ત કરીએ છીએ

આપના કાર્યની સફળતા ઇચ્છતો આપનો જી. ટુચી

હરિલાલ દેવચંદ શેઠ

પાલ્હણપુર અને પલ્લવિહાર ક્યારે અને કોણે સ્થાપ્યા ?

(લેખકઃ—વૈદ્ય વિશ્વબંધુ પંડિત-પ્રાંતિજ ધન્વંતરિ આયુર્વેદ ચિકિત્સાલય)

[ગતાંકથી સંપૂર્ણ]

ઉપરનું વર્ણન જોતાં અને કવિબહાદુરની નોંધ જોતાં સમયમાં ૨૦૯ વર્ષનું અંતર પડે છે, તે જોતાં પરમાર પહ્લાદન જે તેરમી સદીમાં થયો તેની સાથે અનુસંગતિમાં આવતી નથી. **તીર્થસર્વ-સંગ્રહમાં** પણ આ નોંધ લેવામાં આવી છે. પણ તે ક્યાં સુધી યોગ્ય છે તે વિચારવાનું રહે છે. જો કે એમ લખવામાં અનુસંગતિ એટલી બધી બંધબેસતી આવી છે કે કુમારપાલની પાછળ રાજા અજયપાલ કટ્ટર ધર્મદ્વેષી આવ્યો છે. એના સમયમાં મૂર્તિને ગાળી નાખવાનું અને તંદી બનાવવાનું તદ્દન સંભવિત છે, પણ અહિં જોવાનું એ છે કે-જે દેવળની મૂર્તિ ગાળી નાંખી તે જ આખું દેવળ શૈવો અપનાવ્યા વિના છોડે ખરા ? જે દેવળ કુમારપાલે કરાવેલું છે તે તો સહજ બાજુ ઉપર સામેની બાજુ ટેકરીની પાસે છે. પાછલા કાળે તેમાંની મૂર્તિઓનું તો ગમે તે થયું હોય પરન્તુ વિદ્યમાન અચલેશ્વરના દેવળનું સમારકામ તો સં. ૧૨૯૦ માં વસ્તુપાલે કરાવ્યાનું પ્રમાણ મળે છે. સં. ૧૨૧૯ માં સ્વર્ગસ્થ થએલા રાજા કુમારપાલે જ તે કરાવ્યું હોય તો દેવળના મંડપને બાળી મૂકીને નાશ કરવામાં આવે એવો કયો પ્રસંગ છે ? શું શૈવો જ શૈવ દેવાલય બાળી મૂકતા હશે ? અને માત્ર બાસઠ પાંસઠ વર્ષમાં તે જૂનું થઇ ગયું હશે ? આ વિચારો સામે બધબેસતી કરાએલી વાત સાબિત થતી નથી.

પાલણપુર વસાવનાર તરીકે તો ચૌહાણ પાલણ છે અને તેનો પૂર્વજ આસપાલ છે. વિમલમંત્રીના દેવળની પ્રશસ્તિમાં પણ પરમારોનો પૂર્વજ આસપાલ બતાવ્યો છે. પણ પાલણ તો ચૌહાણ છે. કવિ-બહાદુરે લખેલી સાલ ૧૦૧૧ રાજા મૂલદેવના વખતમાં આવે છે. નાંદોલનું રાજ્ય ચૌહાણોનું છે તેથી આ બનાવ બનવાનો સંભવ છે પછીના કાળે પણ નાંદોલના ચૌહાણોએ આબૂ કબજે કર્યો છે. તે પ્રમાણે પૂર્વકાળે પણ બન્યું હોય તો અસંભવિત નથી કે જે સં. ૧૦૦૧ માં ગાદીએ આવ્યો.

ચંદ્રાવતીના પરમારોની પરંપરાનો આદિપુરુષ ધુંધુગજ છે. તેની પૂર્વપરંપરા જે આસરાજ કે અચલેશ્વર પ્રશસ્તિનો આહ્લણ એઓનું પૂર્વાપર અનુસંધાન થતું નથી. વિમલ પ્રશસ્તિમાં ૧ આસરાજ સમરસિંહ પ્રતાપમલ્લ, વિજડ લુંભાજી અને તેજસિંહ નામો છે અચલેશ્વરમાં ૧ આહ્લણ ૨ કીર્તિપાલ ૩ સમરસિંહ ૪ ઉદયસિંહ ૫ પ્રમાનસિંહ ૬ પ્રતાપસિંહ ૭ વિજડ લુંઢાજી છે. રાજા મૂળરાજના વખતમાં શ્રીમાલ અને આબૂ એક જ રાજાના તાબે હોવાનું દ્વાશ્રયકાવ્યની ટીકામાં અભયતિલક ગણિએ લખ્યું છે. એટલે સત્તા પરમારોની છે પણ રાજ્ય શ્રીમાલ ઉર્ફે ભિન્નમાલનું છે. આ રીતે ચૌહાણોવાળી નોંધ ઊડી જાય છે. અને ભિન્નમાલના પરમારોની સત્તા નીચે આબૂ દેખાય છે, કદાચ તેના હાથ નીચે કોઇ પરમાર વહિવટકર્તા રહેતા હોય એ બનવા યોગ્ય છે. આ વિચારોથી બન્ને કવિઓની વાત નિરાધાર થાય છે, તો પછી પાલ્હણપુર કોણે વસાવ્યુ હશે ? એ પ્રશ્ન ઊભો થાય છે.

અચલેશ્વરની તલાટીના અચલેશ્વર દેવલ વિષે શ્રીયુત દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી ગુજરાત માસિક પુ. ૧૨ અં. ૨ મા લખે છે કે (અચલગઢ નીચે) અચલેશ્વર મહાદેવનું મોટું દેવાલય છે. આ મૂલ જૈનમંદિર હતું એવું અનુમાન થાય છે. જ્યારે સ. ૨૦૦૪ ના ફાગણ માસમાં હું આબૂ પહાડ પર ગયો ત્યારે આ દેવાલય બરાબર રીતે નિહાળેલુ છે. આ દેવાલયના ગર્ભગૃહની ત્રણ બાજુ ફરી શકાય એવો બહુ જ સાંકડો માર્ગ રાખેલો છે. પાછલી દિવાલે મધ્યમાં એક આડો પત્થર મૂકેલો છે જેની નીચે થઇને ફરનાર નીકળી શકે છે. ગર્ભાગારનું બારસાખ અને બહારનાં મંડપની બારસાખ જોતાં દેવળ પુરાણું જૈન દેવળ જ છે. ગર્ભાગારમાં શિવલિંગ નીચાણમાં ભૂમિ ઉપર છે. અને છેક દિવાલની નજીકમા ઊંડો ખાડો છે જેમાં પાણી હોય એમ જણાય છે. જગ્યાની

નોંધ—આજકાલ પરમ પૂજ્ય આચાર્યશ્રી આત્મારામજી મહારાજ, શ્રી વિજયધર્મસૂરિજી, મુનિ મહારાજશ્રી જંબુવિજયજી વગેરેના પ્રયાસોથી જૈનેતર વિદ્વાનોમાં જૈન દર્શન અને સાહિત્યસંબંધી સારું જ્ઞાન મેળવવાની ભૂખ ઊઘડી છે, તે આનંદની વાત છે જૈન સમાજની હવે ફરજ છે કે તેણે આ ભૂખને સંતોષવા ઘટતા પ્રયાસો કરવા જોઇએ ડૉ. ટુચી પૌર્વાત્ય દર્શનશાસ્ત્રો અને ભાષાઓના પ્રખર વિદ્વાન્ છે તેઓ આ વિષયો સંબંધી એક ગ્રંથમાળા પ્રકટ કરી રહ્યા છે શોમથી મુનિમહારાજ શ્રી જંબુવિજયજી ઉપર તાજેતરમાં આવેલો તેમનો એક પત્ર મારા વિધાન પરત્વે સારો પ્રકાશ ફેંકે છે પત્ર તેના ગુજરાતી અનુવાદ સાથે અહીં આપ્યો છે

My Dear Friend,

I have received with delight the proofs of your excellent volume Nayacakram, and I'm afraid it is far from easy to praise with adequate words such a treasure of learning It is a really monumental work, representing a priceless contribution to Indian philosophic studies, and destined to be of great help to scholars of the subject I hope these lines may convey to you my deep admiration and sincere thankfulness

I am glad that you have found a new copy of the Tattvasamgraha, which will allow the correction of many passages of the G O S edition What do you intend doing with it? As I have written to Prof Gokhale, we shall be delighted to edit some of your works in our series, also suggesting to publish Sanskrit texts in Nagari All your studies deserve our highest consideration, and we would be happy to cooperate thus with you

May I add that is you ever contemplated the possibility of travelling to Italy, we would consider it a privilege to have you as our guest, and would be really obliged to be informed about any such eventual plans

With best congratulations for the impressive extent of your learning, and wishing you the happy pursuit of your work, I remain,

Sincerely yours,
G Tucci

વહાલા મિત્ર,

આપના સુંદર પુસ્તક 'નયચક્ર'ના પ્રૂફ જોઇને ખૂબ આનંદ થયો અને આવા જ્ઞાનના ભંડાર રૂપ પુસ્તકની યોગ્ય પ્રશંસા કરવા માટે મને યોગ્ય શબ્દો જડતા નથી. ભારતીય તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવામાં અમૂલ્ય મદદરૂપ થઇ પડે તેવો તે એક વિરાટ ગ્રંથ છે એમાં કોઇ શંકા નથી

આપશ્રીએ 'તત્ત્વસંગ્રહ'ની નવી કૉપી મેળવી છે તે જાણી આનંદ થયો છે તેનાથી જી ઓ એસ આવૃત્તિમાંના ઘણાખરા ક્ષતિઓ સુધારવાનું બની શકશે. આપશ્રી તેનું શું કરવા ધારો છો? મેં ડૉ. ગોખલેને લખ્યું છે તેમ અમે અમારી સીરીઝમાં આપના કેટલાક ગ્રંથોનું સંપાદન કરવા ખુશી છીએ અને સંસ્કૃત પુસ્તકો નાગરી લિપિમાં પ્રકટ કરવાની સૂચના કરી છે આપનો તલસ્પર્શી અભ્યાસ અતિશય પ્રશંસનીય અને આદરણીય છે અમે આપને અમારો સહકાર આપવા ખુશી છીએ

આપને માટે અહીં સુધી મુસાફરી કરવાની શક્યતા હોય તો અમારા મહેમાન તરીકે આપનું સ્વાગત કરતાં અમને આનંદ થશે અને આવી કોઇ શક્યતાના અમને ખબર આપશો તો અમે આપશ્રીના અહેશાનમંદ થશું આપના જ્ઞાનની વિશાળતા માટે અમારો હાર્દિક આનંદ વ્યક્ત કરીએ છીએ

આપના કાર્યની સફળતા ઇચ્છતો આપનો જી. ટુચી

હરિલાલ દેવચંદ શેઠ

પાલ્હણપુર અને પહ્લવિહાર ક્યારે અને કોણે સ્થાપ્યા ?

(લેખકઃ—વૈદ્ય વિશ્વભંકુ પંડિત-પ્રાંતિજ ધન્વંતરિ આયુર્વેદ ચિકિત્સાલય)

[ગતાંકથી સંપૂર્ણ]

ઉપરનું વર્ણન જોતાં અને કવિબહાદુરની નોંધ જોતાં સમયમાં ૨૦૯ વર્ષનું અંતર પડે છે, તે જોતાં પરમાર પહ્લાદન જે તેરમી સદીમાં થયો તેની સાથે અનુસંગતિમાં આવતી નથી. **તીર્થસર્વ-સંગ્રહમાં** પણ આ નોંધ લેવામાં આવી છે. પણ તે ક્યાં સુધી યોગ્ય છે તે વિચારવાનું રહે છે. જો કે એમ લખવામાં અનુસંગતિ એટલી બધી બંધબેસતી આવી છે કે કુમારપાલની પાછળ રાજા અજયપાલ કટ્ટર ધર્મદ્વેષી આવ્યો છે. એના સમયમાં મૂર્તિને ગાળી નાખવાનું અને નંદી બનાવવાનું તદ્દન સંભવિત છે, પણ અહિં જોવાનું એ છે કે—જે દેવળની મૂર્તિ ગાળી નાંખી તે જ આખું દેવળ શેવો અપનાવ્યા વિના છોડે ખરા ? જે દેવળ કુમારપાલે કરાવેલું છે તે તો સહજ બાજુ ઉપર સામેની બાજુ ટેકરીની પાસે છે. પાછલા કાળે તેમાંની મૂર્તિઓનું તો ગમે તે થયું હોય પરન્તુ વિદ્યમાન અચલેશ્વરના દેવળનું સમારકામ તો સં. ૧૨૯૦ માં વસ્તુપાલે કરાવ્યાનું પ્રમાણ મળે છે. સં. ૧૨૧૯ માં સ્વર્ગસ્થ થએલા રાજા કુમારપાલે જ તે કરાવ્યું હોય તો દેવળના મંડપને બાળી મૂકીને નાશ કરવામાં આવે એવો કયો પ્રસંગ છે ? શું શેવો જ શૈવ દેવાલય બાળી મૂકતા હશે ? અને માત્ર બાસઠ પંચાસઠ વર્ષમાં તે જૂનું થઇ ગયું હશે ? આ વિચારો સામે બંધબેસતી કરાએલી વાત સાબિત થતી નથી.

પાલણપુર વસાવનાર તરીકે તો ચૌહાણ પાલણ છે અને તેનો પૂર્વજ આસપાલ છે. વિમલમંત્રીના દેવળની પ્રશસ્તિમાં પણ પરમારોનો પૂર્વજ આસપાલ બતાવ્યો છે. પણ પાલણ તો ચૌહાણ છે. કવિ-બહાદુરે લખેલી સાલ ૧૦૧૧ રાજા મૂલદેવના વખતમાં આવે છે. નાંદોલનું રાજ્ય ચૌહાણોનું છે તેથી આ બનાવ બનવાનો સંભવ છે. પછીના કાળે પણ નાંદોલના ચૌહાણોએ આબૂ કબજે કર્યો છે. તે પ્રમાણે પૂર્વકાળે પણ બન્યું હોય તો અસંભવિત નથી કે જે સં. ૧૦૦૧ માં ગાદીએ આવ્યો.

ચંદ્રાવતીના પરમારોની પરંપરાનો આદિપુરુષ ધુંધુરાજ છે. તેની પૂર્વપરંપરા જે આસરાજ કે અચલેશ્વર પ્રશસ્તિનો આલૂણ એઓનું પૂર્વાપર અનુસંધાન થતું નથી. વિમલ પ્રશસ્તિમાં ૧ આસરાજ સમરસિંહ પ્રતાપમલ્લ, વિજડ લુંભાજી અને તેજસિંહ નામો છે અચલેશ્વરમાં ૧ આલૂણ ૨ કીર્તિપાલ ૩ સમરસિંહ ૪ ઉદયસિંહ ૫ પ્રમાનસિંહ ૬ પ્રતાપ-સિંહ ૭ વિજડ લૂંઢાજી છે. રાજા મૂળરાજના વખત-માં શ્રીમાલ અને આબૂ એક જ રાજાના તાબે હોવાનું દ્વાશ્રયકાવ્યની ટીકામાં અભયતિલક ગણિએ લખ્યું છે. એટલે સત્તા પરમારોની છે પણ રાજ્ય શ્રીમાલ ઉર્ફે ભિન્નમાલનું છે. આ રીતે ચૌહાણોવાળી નોંધ ઊડી જાય છે. અને ભિન્નમાલના પરમારોની સત્તા નીચે આબૂ દેખાય છે, કદાચ તેના હાથ નીચે કોઇ પરમાર વહિવટકર્તા રહેતા હોય એ બનવા યોગ્ય છે. આ વિચારોથી બન્ને કવિઓની વાત નિરાધાર થાય છે, તો પછી પાલ્હણપુર કોણે વસાવ્યુ હશે ? એ પ્રશ્ન ઊભો થાય છે.

અચલેશ્વરની તલાટીના અચલેશ્વર દેવલ વિષે શ્રીયુત દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી ગુજરાત માસિક પુ. ૧૨ અં. ૨માં લખે છે કે (અચલગઢ નીચે) અચલેશ્વર મહાદેવનું મોટું દેવાલય છે. આ મૂલ જૈનમંદિર હતું એવું અનુમાન થાય છે. જ્યારે સં. ૨૦૦૩ ના ફાગણ માસમાં હું આબૂ પહાડ પર ગયો ત્યારે આ દેવાલય બરાબર રીતે નિહાળેલું છે. આ દેવાલયના ગર્ભગૃહની ત્રણ બાજુ ફરી શકાય એવો બહુ જ સાંકડો માર્ગ રાખેલો છે. પાછલી દિવાલે મધ્યમાં એક આડો પત્થર મૂકેલો છે જેની નીચે થઇને ફરનાર નીકળી શકે છે. ગર્ભાગારનું બારમાખ અને બહારનાં મંડપની બારસાખ જોતાં દેવળ પુરાણું જૈન દેવળ જ છે. ગર્ભાગારમાં શિવલિંગ નીચાણમાં ભૂમિ ઉપર છે. અને એક દિવાલની નજીકમાં ઊંડો ખાડો છે જેમાં પાણી હોય એમ જણાય છે. જગ્યાની

માપની દૃષ્ટિએ આ જિનમૂર્તિ નીચેની કુરૂમની જગ્યા છે સ્તંભો સુંદર છે અને મંડપ વિશાળ છે. તેમાં જમણી બાજુ ઘણા રાજાઓની મૂર્તિઓ છે અને ઘણા ઉપર લેખો પણ છે આ દેવળની પાછળ એક વાવ છે અને આજુબાજુ નાનાં મોટાં શિવાલયોથી ચોગાન રોકાઈ ગયુ છે તેમાંથી બે ત્રણને બાદ કરીએ તો બાકીના સૌંદર્ય વિનાનાં છે આ દેવાલય ઘણુ જ પુરાતન છે અને પુરાણની વાત મુજબ તે પાર્શ્વનાથનુ જ હતુ આ દેવળને શૈવ દેવળમાં કોણે ફેરવ્યુ તેનો લેખિત પુરાવો બતાવવો મુશ્કેલ છે આવી બાબતમા અનુમાનનો આશરો લીધા વિના કંઇ પણ સમાધાન આપી શકવુ શક્ય નથી અનુમાન પણ અમુક સંભવિત નિશાનો ઉપરથી તેના આધારે જ થઇ શકે છે જે અહિ રજૂ કરીએ છીએ

પાલણપુરનુ ખરુ નામ શુ હશે? એ શંકાસ્પદ વાત છે, કારણ કે પ્રાતિજ ગામના પ્રબાદિત્ય, પ્રાગજ્યોતિષ, પાલપુર અને પહ્લાદનપુર નામો લેખોએ લખ્યાં છે તેમ આ ગામનુ નામ પાલણપુર થયુ છે હાલના લોકો ભગવાનનુ નામ પહલવિયા પારસનાથ બોલે છે એ ખરી રીતે પર્ણવિહારનુ અપભ્રંશ છે મુનિસુંદરસૂરિજી **પર્ણવિહારપુર** નામ આપે છે આ શ્લોકમાં **ગાદ્ય** શબ્દ વપરાયો છે તેથી આદિનાથ અર્થ નિકળે છે પરન્તુ પૂર્વભૂમિકા જોતા તે આદ્યો હોવાનો સંભવ જણાય છે ભિન્નભિન્ન પ્રતો તપાસાય તો આ બાબત નિ સંદિગ્ધ થાય સ ૧૫૦૪ ની પ્રતમાં **પાનવિહારનગર** પણ લખાયુ છે આ બન્નેને આપણે પાલણપુરના જ નામ સમજવાં જોઇએ, પણ ઐતિહાસિક દૃષ્ટિએ પર્ણનુ નામ **ગિરનારના સ્કંદગુપ્તના** ખડક લેખમા સૌરાષ્ટ્રગુજરાતનો સૂબો **પર્ણદત્ત** છે જો કે લેખની શરૂઆત તો **સિદ્ધંથી** કરી છે તેથી જૈનધર્માનુયાયી હતા એમ તો જણાય છે, પણ તેમાં કરાએલુ સ્તવન જિન વિષ્ણુ અને રાજા ત્રણેને લાગુ પડે છે, એના છોકરાનુ નામ **ચક્રપાલ** છે એટલે જો કે પર્ણસાથે **દત્ત** જોડેલો છે, તો પણ એમ માની શકાય કે તે કદાચિત પર્ણપાલના નામે પણ વહેવાર થતો હશે જેના ઉપરથી પાલપુર નામ થવાનો પૂરો સંભવ છે એ ગુપ્ત સંવત્ ૧૩૬ એટલે વિ સ ૫૧૧ અને વી નિ સ ૯૮૧ એટલે વલ્લભીમાં ભરાએલી જૈનશ્રમણ પરિષદનુ કામ પૂરુ થયુ તેને બીજે વરસ **ચક્રપાલ** સૂબો હતો જે તેણે બંધાવેલા વિષ્ણુમંદિરને આધારે વૈષ્ણવ હતો પણ એ વૈષ્ણવ હાલના વિષ્ણુનુ રૂપક નહોતુ, એ એની સ્તુતિ ઉપરથી સમજાય છે તે વખતે પર્ણપાલ હયાત હોવા સંભવ નથી. પણ તે તેનો પિતા હોવાથી ઝાઝો દૂર ન હોય આ વખતે એક વિશિષ્ટ સંપ્રદાય જુદો પડ્યો જેણે ધર્મમા દેખાડવાનુ ધર્મચક્ર હાથમા દેખાડી યોદ્ધાનુ રૂપ આપ્યુ. પર્ણવિહારનગર અથવા **પર્ણપાલનગર** એવુ આદિનામ એણે વસાવેલા આ ગામનુ સંભવે આ ગુપ્તવંશના રાજા સ્કંદગુપ્તના વખતમાં જ જૈનશ્રમણોની વલ્લભી વાચનાનુ કામ થયુ જે વખતે ચક્રદત્ત સૂબો હતો. આ સમયે પાલણપુર વસવાના પણ કારણો હતાં ગુપ્તોના કાળ પછી ત્રૈકૂટકવંશે અને પછી **ભીમસેન** તથા કૃષ્ણરાજ જે રાઠોડ હતો તેની ભાગવતકારે ખૂબ પ્રશંસા કરી છે અને ભગવાન રૂપે લખ્યો છે કદાચ આ રાજાએ **પર્ણવિહારનગર** ભાંગવાથી ઉજ્જડ પડી રહ્યું હોય એ દીપવિજયજીના કહેવા મુજબ સંભવિત છે ફરી તે જ જગ્યાએ પહ્લાદનદેવે નગર વસાવી પોતાના નામે ચઢાવ્યુ અને અહિ આવી વસેલા જૈનોએ તે કાળે આ વિશાળ દેવળ બંધાવ્યુ હોય એ સંભવિત છે આદિકાળે તો **પર્ણદત્તે** જ ગામ અને દેવલ બંધાવ્યા હોવા જોઇએ એનો સમય આપેલી વિગતને આધારે વિક્રમનો પાંચમો સૈકો સંભવે કારણ કે કવિબહાદુર દીપવિજયજી પાલણપુરની પુરાતન ઉજ્જડ જગ્યા બતાવી જુનુખેડ નામ આપે છે અને પ્રહ્લાદને જૂના શહેરનો ફરી ઉદ્ધાર કર્યો એમ નોંધ છે તે ખરી છે વા સંભવ છે જેને મૂર્તિઓ ગાળવાથી કોઢ થયો એ રાઠોડ રાજા કૃષ્ણ કે તેનો કોઇ સેનાપતિ હોય પણ આ બન્ને ભાઇઓના રાજ્યમા કોઇ આવો બનાવ બન્યાનો ઇતિહાસ કોઇ જગ્યાએ જોવામાં

વિશ્વાસ રાખો

લેખકઃ—અમરચંદ માવજી શાહ

વિશ્વાસ રાખો કે તમે એક મહાન્ અખંડ અજર અમર અને શાશ્વત આત્મા છો. જેમ તમે આત્મા છો તેમ અન્ય જુદા જુદા પુદ્ગલ પર્યાયમાં વિચરતાં ચૈતન્ય સ્વરૂપ આત્માઓ જ છે. જેમ આ સંસારમાં આત્માઓ છે તેમ જડ પુદ્ગલમાં પણ અનંતા અણુઓ છે. આ બે વસ્તુ જીવ અને અજીવથી આ સંસાર આખો ભરેલો છે. કયારેય કોઈ પણ વસ્તુનો કોઈ પણ દ્રવ્યનો સમૂલો નાશ થતો નથી. ફક્ત પર્યાયાંતર થાય છે.

આ આત્માનું શુભાશુભ ભાવરૂપ નિમિત્ત પામીને પુદ્ગલો પરિણમે છે, પરિણમવું એ જેમ જીવનો સ્વભાવ છે તેમ પુદ્ગલનો પણ સ્વભાવ છે. જેવા જેવા પરિણામે આત્મા પરિણમે છે તેવા તેવા પુદ્ગલો નિમિત્તરૂપ થાય છે. આમાં કેટલાક શુભ હોય છે અને કેટલાક અશુભ હોય છે. કેટલાક મિશ્ર શુભાશુભ હોય છે અને તેનું ફળ સુખ-દુઃખ મિશ્રપણે દુઃખસુખ આ આત્મા અનુભવે છે.

શુભ ભાવનું ફળ પુન્ય અને અશુભ ભાવનું ફળ દુઃખ. શુભાશુભ ભાવનું ફળ પુન્ય-પાપ મિશ્રરૂપે ઉદયમાં આવે છે અને તે મુજબ સંસારમાં સુખ-દુઃખનાં અનુભવ કરે છે. જેવા ભાવોના રસે આ આત્મા રંગાય છે એવા સ્વરૂપે પુદ્ગલનાં સ્વયં બંધાય છે. અનંતા આત્માઓ છે, અનંતા પુદ્ગલો છે. આ આત્માને અનાદિ કાળથી અજ્ઞાન મોહ અને રાગ દ્વેષથી પુદ્ગલ ભાવમાં પ્રીતિ છે. એટલે તેના સંયોગ-વિયોગમાં હર્ષ-શોકની લાગણી કરી સંકલ્પ વિકલ્પમાં પડે છે. અને પરવસ્તુમાં પ્રીતિ અપ્રીતિ કરી સુખ-દુઃખને નિમંત્રણ કરે છે.

ધનની પ્રાપ્તિ, સુખસામગ્રીની પ્રાપ્તિ, સ્ત્રી પુત્રાદિકની પ્રાપ્તિ આદિ વસ્તુઓ પુન્યને આભારી છે અને અપ્રાપ્તિ પાપને આભારી છે માટે દૃઢ વિશ્વાસ રાખો કે તમારા પુન્ય પાપ અનુસાર જ એ બધું સુખ-દુઃખ તમને પ્રાપ્ત થવાનું છે. કોઈ પણ વસ્તુનો નાશ સદંતર થઈ જતો જ નથી. આપણી પાસેથી ધન ચાલ્યું જાય એટલે આપણે માનીએ છીએ કે 'સબ દુનિયા નિર્ધન હો ગઈ' પણ એવું કોઈ નથી. અને કોઈ પણ મનુષ્યો એમ ધારે કે અમે આમ જ કરીશું, આમ જ થવું જોઈએ, આમ જ એકસરખા દરેકને કરવા છે. કોઈ શ્રીમંત નહીં, કોઈ ગરીબ નહીં, સબ સરખા તો ત્યાં તાત્ત્વિક રીતે એ કદાપિ બન્યું નથી અને બનવાનું નથી. જાતિ-કુળ-વંશ-સંસ્કાર એ પણ વ્યવસ્થિત કર્મનાં નિયમ મુજબ જ છે. ઊંચ-નીચ ગોત્ર એ કર્મનું પરિણામ છે. એટલે જે કોઈ સમાજમાં સુધારા કરવાની વાતો થાય છે તે જો તાત્ત્વિક દૃષ્ટિને અનુરૂપ હશે તો જ સિદ્ધ થશે. અને તો જ તેનું પરિણામ આવશે. જો જગતમાં બધું જ સમ થઈ જાય તો પછી જગત આખું મુક્ત જ થઈ ગયું ગણાય, પરંતુ એમ કદાપિ કોઈ કાળે બનવાનું નથી, એમ દૃઢ વિશ્વાસથી માનજો.

જો ખરેખર જગતમાં સુખ શાંતિ આનંદ પ્રેમ

આવતો નથી. ઘણું કરીને આવી વાર્તા લખવાનું કારણ ચૈત્યવાસી યતિઓના કાળને ભૂલીને તથા તેઓનાં કબજાનાં કે તેઓનાં હસ્તક બંધાએલાં દેવળોને અવંદનીય ઠરાવી તેનાથી જુદા પડવા માટે હોય, આ વાતને પુરવાર કરતા સંઘપટ્ટક વિગેરે ગ્રંથો છે. જેમાં વિધિચૈત્ય અને અવિધિચૈત્ય માનવામાં આવ્યાં છે. આ એક શ્રમણસંઘનું આંતરકલહ યુદ્ધ હતું એમ કહીએ તો કોઈ હરકત નથી. આ પ્રમાણે પાલણપુર અને પદ્મવિજયપાર્શ્વનાથની મૂળનાયકની મૂર્તિ રપષ્ટ થાય છે. વિદ્વાનો વિશેષ શોધ કરે એમ ઇચ્છી આ વિષય પૂરો કરું છું.

માપની દૃષ્ટિએ આ જિનમૂર્તિ નીચેની કુરૂમની જગ્યા છે સ્તંભો સુંદર છે અને મંડપ વિશાળ છે તેમાં જમણી બાજુ ઘણા રાજાઓની મૂર્તિઓ છે અને ઘણા ઉપર લેખો પણ છે આ દેવળની પાછળ એક વાવ છે અને આજુબાજુ નાના મોટાં શિવાલયોથી ચોગાન રોકાઈ ગયું છે તેમાંથી બે ત્રણને બાદ કરીએ તો બાકીના સૌંદર્ય વિનાનાં છે આ દેવાલય ઘણું જ પુરાતન છે અને પુરાણની વાત મુજબ તે પાર્શ્વનાથનું જ હતું આ દેવળને શૈવ દેવળમાં કોણે ફેરવ્યું તેનો લેખિત પુરાવો બનાવવો મુશ્કેલ છે આવી બાબતમાં અનુમાનનો આશરો લીધા વિના કંઈ પણ સમાધાન આપી શકવું શક્ય નથી અનુમાન પણ અમુક સંભવિત નિશાનો ઉપરથી તેના આધારે જ થઈ શકે છે જે અહિં રજૂ કરીએ છીએ

પાલણપુરનું ખરું નામ શું હશે? એ શંકાસ્પદ વાત છે, કારણ કે પ્રાતિજ ગામના પ્રભાદિત્ય, પ્રાગજ્યોતિષ પાલપુર અને પહ્લાદનપુર નામો લેખોએ લખ્યાં છે તેમ આ ગામનું નામ પાલણપુર થયું છે હાલના લોકો ભગવાનનું નામ **પલ્લવિયા પારસનાથ** બોલે છે એ ખરી રીતે પર્ણવિહારનું અપભ્રંશ છે મુનિસુંદરસૂરિજી **પર્ણવિહારપુર** નામ આપે છે આ શ્લોકમાં **ગાદ્ય** શબ્દ વપરાયો છે તેથી આદિનાથ અર્થ નિકળે છે પરન્તુ પૂર્વભૂમિકા જોતા તે આદી હોવાનો સંભવ જણાય છે ભિન્નભિન્ન પ્રતો તપાસાય તો આ બાબત નિઃસંદિગ્ધ થાય સં ૧૫૦૪ની પ્રતમાં **વાનવિહારનગર** પણ લખાયું છે આ બંનેને આપણે પાલણપુરનાં જ નામ સમજવાં જોઈએ, પણ ઐતિહાસિક દૃષ્ટિએ પર્ણનું નામ **ગિરનારના** સ્કંદગુપ્તના ખડક લેખમાં સૌરાષ્ટ્રગુજરાતનો સૂબો **પર્ણદત્ત** છે જો કે લેખની શરૂઆત તો **સિદ્ધ**થી કરી છે તેથી જૈનધર્માનુયાયી હતા એમ તો જણાય છે પણ તેમાં કરાએલું સ્તવન જિન વિષ્ણુ અને રાજા ત્રણેને લાગુ પડે છે, એના છોકરાનું નામ **ચક્રપાલ** છે એટલે જો કે પર્ણસાથે **દત્ત** જોડેલો છે, તો પણ એમ માની શકાય કે તે કવચિત પર્ણપાલના નામે પણ વહેવાર થતો હશે જેના ઉપરથી પલ્લિપુર નામ થવાનો પૂરો સંભવ છે એ ગુપ્ત સંવત્ ૧૩૬ એટલે વિ સં ૫૧૧ અને વી નિ સં ૯૮૧ એટલે વલ્લભીમાં ભરાએલી જૈનશ્રમણ પરિષદ્નું કામ પૂરું થયું તેને બીજે વરસ ચક્રપાલ સૂબો હતો, જે તેણે બંધાવેલા વિષ્ણુમંદિરને આધારે વૈષ્ણવ હતો પણ એ વૈષ્ણવ હાલના વિષ્ણુનું રૂપક નહોતું, એ એની સ્તુતિ ઉપરથી સમજાય છે તે વખતે પર્ણપાલ હયાત હોવા સંભવ નથી પણ તે તેનો પિતા હોવાથી ઝાઝો દૂર ન હોય આ વખતે એક વિશિષ્ટ સંપ્રદાય જુદો પડ્યો જેણે પર્ણમાં દેખાડવાનું ધર્મચક્ર હાથમાં દેખાડી યોદ્ધાનું રૂપ આપ્યું પર્ણવિહારનગર અથવા પર્ણપાલનગર એવું આદિનામ એણે વસાવેલા આ ગામનું સંભવે આ ગુપ્તવંશના રાજા સ્કંદગુપ્તના વખતમાં જ જૈનશ્રમણોની વલભી વાચનાનું કામ થયું જે વખતે ચક્રદત્ત સૂબો હતો આ સમયે પાલણપુર વસવાના પણ કારણો હતા ગુપ્તોના કાળ પછી ત્રૈકૂટકવંશે અને પછી **ભીમસેન** તથા કૃષ્ણરાજ જે રાઠોડ હતો તેની ભાગવતકારે ખૂબ પ્રશંસા કરી છે અને ભગવાન રૂપે લખ્યો છે કદાચ આ રાજાએ **પર્ણવિહારનગર** ભાંગવાથી ઉજ્જડ પડી રહ્યું હોય એ દીપવિજયજીના કહેવા મુજબ સંભવિત છે ફરી તે જ જગ્યાએ પહ્લાદનદેવે નગર વસાવી પોતાના નામે ચઢાવ્યું અને અહિં આવી વસેલા જૈનોએ તે કાળે આ વિશાળ દેવળ બંધાવ્યું હોય એ સંભવિત છે આદિકાળે તો પર્ણદત્તે જ ગામ અને દેવલ બંધાવ્યા હોવાં જોઈએ એનો સમય આપેની વિમતનું આધારે વિક્રમનો પાંચમો સૈકો સંભવે કારણ કે કવિબહાદુર દીપવિજયજી પાલણપુરની પુરાતન ઉજ્જડ જગ્યા બતાવી જુનુખેડ નામ આપે છે અને પ્રહ્લાદને જૂના શહેરનો ફરી ઉદ્ધાર કર્યો એમ નોંધ છે તે ખરી છે વા સંભવ છે જેને મૂર્તિઓ ગાળવાથી કોઈ થયો એ રાઠોડ રાજા કૃષ્ણ કે તેનો કોઈ સેનાપતિ હોય પણ આ બન્ને ભાઈઓના રાજ્યમાં કોઈ આવો બનાવ બન્યાનો ઇસારો કોઈ જગ્યાએ જોવામાં

વિશ્વાસ રાખો

લેખકઃ—અમરચંદ માવજી શાહ

વિશ્વાસ રાખો કે તમે એક મહાન્ અખંડ અજર અમર અને શાશ્વત આત્મા છો. જેમ તમે આત્મા છો તેમ અન્ય જુદા જુદા પુદ્ગલ પર્યાયમાં વિચરતાં ચૈતન્ય સ્વરૂપ આત્માઓ જ છે. જેમ આ સંસારમાં આત્માઓ છે તેમ જડ પુદ્ગલમાં પણ અનંતા અણુઓ છે. આ બે વસ્તુ જીવ અને અજીવથી આ સંસાર આખો ભરેલો છે. કયારેય કોઈ પણ વસ્તુનો કોઈ પણ દ્રવ્યનો સમૂલો નાશ થતો નથી. ફક્ત પર્યાયાંતર થાય છે.

આ આત્માનું શુભાશુભ ભાવરૂપ નિમિત્ત પામીને પુદ્ગલો પરિણમે છે, પરિણમવું એ જેમ જીવનો સ્વભાવ છે તેમ પુદ્ગલનો પણ સ્વભાવ છે. જેવા જેવા પરિણામે આત્મા પરિણમે છે તેવા તેવા પુદ્ગલો નિમિત્તરૂપ થાય છે. આમાં કેટલાક શુભ હોય છે અને કેટલાક અશુભ હોય છે. કેટલાક મિશ્ર શુભાશુભ હોય છે અને તેનું ફળ સુખ-દુઃખ મિશ્રપણે દુઃખસુખ આ આત્મા અનુભવે છે.

શુભ ભાવનું ફળ પુન્ય અને અશુભ ભાવનું ફળ દુઃખ. શુભાશુભ ભાવનું ફળ પુન્ય-પાપ મિશ્રરૂપે ઉદયમાં આવે છે અને તે મુજબ સંસારમાં સુખ-દુઃખનાં અનુભવ કરે છે. જેવા ભાવોના રસે આ આત્મા રંગાય છે એવા સ્વરૂપો પુદ્ગલનાં સ્વયં ઘડાય છે. અનંતા આત્માઓ છે, અનંતા પુદ્ગલો છે. આ આત્માને અનાદિ કાળથી અજ્ઞાન મોહ અને રાગ દ્વેષથી પુદ્ગલ ભાવમાં પ્રીતિ છે. એટલે તેના સંયોગ-વિયોગમાં હર્ષ-શોકની લાગણી કરી સંકલ્પ વિકલ્પમાં પડે છે. અને પરવસ્તુમાં પ્રીતિ અપ્રીતિ કરી સુખ-દુઃખને નિમંત્રણ કરે છે.

ધનની પ્રાપ્તિ, સુખસામગ્રીની પ્રાપ્તિ, સ્ત્રી પુત્રાદિકની પ્રાપ્તિ આદિ વસ્તુઓ પુન્યને આભારી છે અને અપ્રાપ્તિ પાપને આભારી છે માટે દૃઢ વિશ્વાસ રાખો કે તમારા પુન્ય પાપ અનુસાર જ એ બધું સુખ-દુઃખ તમને પ્રાપ્ત થવાનું છે. કોઈ પણ વસ્તુનો નાશ સદંતર થઈ જતો જ નથી. આપણી પાસેથી ધન આલ્યું જાય એટલે આપણે માનીએ છીએ કે 'સબ દુનિયા નિર્ધન હો ગઈ' પણ એવું કાંઈ નથી અને કોઈ પણ મનુષ્યો એમ ધારે કે અને આમ જ કરીશું, આમ જ થવું જોઈએ, આમ જ એકસરખા દરેકને કરવા છે. કોઈ શ્રીમંત નહીં, કોઈ ગરીબ નહીં, સબ સરખા તો સાં તાત્ત્વિક રીતે એ કદાપિ બન્યું નથી અને બનવાનું નથી જાતિ-કુળ-વંશ-સરકાર એ પણ વ્યવસ્થિત કર્મનાં નિયમ મુજબ જ છે. ઉંચ-નીચ ગોત્ર એ કર્મનું પરિણામ છે. એટલે જે કાંઈ સમાજમાં સુધારા કરવાની વાતો થાય છે તે જો તાત્ત્વિક દૃષ્ટિને અનુરૂપ હશે તો જ સિદ્ધ થશે. અને તો જ તેનું પરિણામ આવશે. જો જગતમાં બધું જ સમ થઈ જાય તો પછી જગત આખું મુક્ત જ થયું ગણાય, પરંતુ એમ કદાપિ કોઈ કાળે બનવાનું નથી, એમ દૃઢ વિશ્વાસથી માનજો.

જો ખરેખર જગતમાં સુખ શાંતિ આનંદ પ્રેમ

આવતો નથી. ઘણું કરીને આવી વાર્તા લખવાનું કારણ ચૈત્યવાસી યતિઓના કાળને ભૂલીને તથા તેઓનાં કબજાનાં કે તેઓનાં હસ્તક મંધાએલાં દેવોને અવંદનીય ઠરાવી તેનાથી જુદા પડવા માટે હોય, આ વાતને પુરવાર કરતા સંઘપટ્ટક વિગેરે ગ્રંથો છે. જેમાં વિધિચૈત્ય અને અવિધિચૈત્ય માનવામાં આવ્યાં છે. આ એક અસંબદ્ધ સંબંધનું આતરકલહ યુદ્ધ હતું એમ કહીએ તો કાંઈ હરકત નથી. આ પ્રમાણે પાલણપુર અને પદ્મવિજયાપાર્શ્વનાથની મૂળરિયતિ સ્પષ્ટ થાય છે. વિદ્વાનો વિશેષ શોધ કરે એમ ઇચ્છી આ વિષય પૂરો કરું છું.

વધારવા હોય તો આપણે આધ્યાત્મિક રીતે શુભ ભાવનાઓનો પ્રવાહ વહાવવો પડશે પુન્યનો ખજાનો વધારવો પડશે દયા, સત્ય, જાતિ ન્યાય આદિ પવિત્ર સિદ્ધાંતોનું ખૂબ ખૂબ પરિશીલન કરવા તત્પર થવું પડશે આપણે એકબાજુ હિંસા, અસત્ય, ચોરી, કુશીલતા અને પરિગ્રહમાં ડૂબેલા રહીશું કે ક્રોધ, માન, માયા, લોભ, રાગદ્વેષ, મોહ અને અજ્ઞાનમાં રાચતા રહેશું ત્યાં સુધી બાહ્યથી ગમે તેટલી એકતાની, સુખની, શાંતિની ભાવના રાખીશું તે કદાપિ ફળવાની નથી

આપણે બીજા જીવોનાં ભોગે બીજાને દુઃખ આપીને, ત્રાસ આપીને આપણું સુખ પ્રાપ્ત કરવાની ઘેલછા રાખીશું તે તો આકાશમાં પુષ્પ ઉગાડવા જેવી એક માત્ર ભ્રમણા જ લેખાશે આપણે ન્યાયને મુંઝવી નાખીએ, નીતિને તળિયે બેસારીએ, સત્યને અળગું રાખીને આપણું હિત સાધવા મથીએ તે તો રેતીમાંથી તેલ કાઢવા જેવું નિષ્ફળ છે

વર્તમાનકાળમાં હિંસા, અસત્ય અન્યાય, અનીતિએ માઝા મૂકી છે ધર્મ તો જાણે એક જીવનની કાળી બાજુને ઉજળી બતાવવા માટે ગીનીપીગ તરીકે જ કે માત્ર મત-પંથનો જાળવણી અને અભિમાન ટકાવવા માટે જ થઇ રહ્યો છે વાસ્તવિકતા જેવું ભાગ્યે જ દેખાય છે દંભની પરાકાષ્ઠા થઇ છે સૌને સુખી થવું છે સુખ ગમે છે અને સુખી થવા માટે પ્રયત્નો પણ કરે છે, છતા સુખ-શાંતિના દર્શન થતા નથી તેનું કારણ કદીયે શાંતિથી વિચાર્યું છે?

સુખ તારા આત્મામાં જ છે તારા અવળા પુરુષાર્થથી, તારા અવળા વર્તનથી, તારા અશુભયોગ પ્રવર્તનથી તું તારે હાથે જ દુઃખના દોરડા તારા જીવન ફરતો વીંટાળી રહ્યો છે. અને તેનું પરિણામ ભોગવી રહ્યો છે અને તેમાંથી છૂટવા માટે ફાંફાં મારી રહ્યો છે બીજાને કહી રહ્યો છે, મારું દુઃખ દૂર કરો, મને સુખ આપો પરંતુ તે કરેલા કર્મ તારે જ ભોગવવાં જોઇએ, એમાં બીજા તો માત્ર નિમિત્તરૂપ છે, માટે તું જો ખરેખર સુખી થવાની જ આશા રાખે છે તો તું એક વખત તારા આત્મામાં વિચાર કરતો થઇ જા તું જે જે ભાવો ક્ષણે ક્ષણે કરી રહ્યો છે તેનાં ઉપર તું વિચાર કર કે આ ભાવો મેં શુભ કર્યા કે અશુભ અને જો અશુભ થતા હોય તો તેનો ત્યાગ કરવા, તેનું પ્રાયશ્ચિત્ત લેવા તૈયાર થા અને જેમ બને તેમ શુભ ભાવો કરવા તરફ વલણ રાખ. ગમે તેવા દુઃખદ પ્રસંગમાં પણ ધીરજ રાખ. અને કરેલા કર્મને દર્દ શોક કર્યા વગર વેદી લે નવા કર્મ બાંધતી વખત તું ઉપયોગ રાખ આ શુભાશુભ ભાવ એ સંસારમાં સુખ-દુઃખનું કારણ છે પરંતુ આ સુખ-દુઃખ એ સંસાર છે, તારે તો સંસારમાં સુખ દુઃખથી રહિત થવાનું લક્ષ રાખવાનું છે એટલે તારે અંતે તો શુદ્ધ ભાવ જ ભાવવાનો છે

તારો આત્મા શુદ્ધ છે તે તારી અજ્ઞાનતાથી અશુદ્ધભાવે પરિણમવાથી મોહનાં લીધે સંસારની પરવસ્તુઓમાં હું પણાની બુદ્ધિવડે તારું સ્વરૂપ અવરાણું છે-એ સ્વરૂપ એકાંતે તદ્દન અશુદ્ધ નથી થઇ ગયું તારો નિશ્ચય જ્ઞાનરૂપી દીપક એમાં પ્રગટ છે રાગ દ્વેષની મેશથી તે સ્વરૂપ તને પ્રગટ દેખાતું નથી, છતાં તે તારું શુદ્ધ સ્વરૂપ છે અને તે જ તારે પ્રાપ્ત કરવાનું છે મહાન્ જ્ઞાની પુરુષો એ શુદ્ધ સ્વરૂપની જ સાધના કરીને શુદ્ધ સ્વભાવને સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત થયા છે

શ્રીમદ્ યશોવિજયજી મહારાજે જ્ઞાનસાર અષ્ટકમાં પ્રકાશ્યું છે કે—

शुद्धात्म द्रव्यमेव हि, शुद्धज्ञानगुणो मम।
शुद्धबुद्धस्वभावाय, तस्मै श्रीगुरवे नम ॥

કવિવર્ય શ્રી બનારસીદાસે સમયસાર નાટકમાં પ્રકાશ્યું છે કે—

શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતા મેં કેલી કરે,
શુદ્ધતા મે સ્થિર રહે, અમૃત ધારા વરસે

યોગિવર્ય શ્રી આનંદઘનજીએ શ્રી અરજિન સ્તવનમાં પ્રકાશ્યું છે કે—

શુદ્ધાતમ અનુભવ સદા, સ્વસમય એહ વિવાસ રે
પરબુદ્ધી છાંડી જેહ પડે, તે પરસમય નિવાસ રે

દુઃખસુખરૂપ કરમ ફલ જાણો,
નિશ્ચય એક આનંદો રે.

× × ×

દર્શન જ્ઞાન ચરણથકી, અલખ સરૂપ અનેક રે
નિર્વિકલ્પ રસ પીજીયે, શુદ્ધ નિરંજન એક રે

કવિવર્ય શ્રી રાજચંદ્રજીએ આત્મસિદ્ધિમાં પ્રકાશ્યું છે કે—

શુદ્ધ બુદ્ધ ચૈતન્ય ઘન, સ્વયં જ્યોતિ સુખધામ
બીજું કહીયે કેટલું, કર વિચાર તો પામ.
શુદ્ધ નિરંજન ચૈતન્ય મૂર્તિ અન્યન્યમય
ૐ શુદ્ધ નિર્વિકલ્પ ચૈતન્ય

સંત ચિદાનંદજી મહારાજે પ્રકાશ્યું છે કે—

આતમ ધ્યાને રમણતા, રમતાં આત્મસ્વભાવ;
અષ્ટ કર્મ દૂરે કરે, પ્રગટે શુદ્ધ સ્વભાવ.

× × ×

શુદ્ધાતમ ભાવે રહ્યો, પ્રગટે નિર્મળ જ્યોત;
તે ત્રિભુવન શિરમુગટમણી ગયા પાપ સબ છોડ.

આમ દરેક મહાત્મા પુરુષોએ—યોગીવર્યોએ—કવિવર્યોએ શુદ્ધ આત્માની જ સાધના કરી છે

તું પણ હવે એક શુદ્ધ આત્માની જ સાધના કરવા તત્પર થા અને વિશ્વાસ રાખ કે તારું એમાં જ કલ્યાણ છે, તને એમાં જ સુખ-શાંતિ અને આનંદ મળવાનો છે. તારી પાસે કરોડો રૂપીયા, જગલા-મોટરો, સ્ત્રીઓ-આદિ ગમે તેટલું હશે છતાં કદાપિ તને તેમાં સાચી શાંતિ મળવાની નથી, એ તો તને તારા શુભ કર્મનાં ભાગ્યથી સાંપડેલી પરવસ્તુ છે અને તે બંધ પૂર્ણ થતા તને છોડીને તને નિચારો બનાવી લાત મારી ચાલી જશે. અને આ સ્વભાવનું સુખ, તારો પોતાનો સચ્ચિદાનંદમય સ્વભાવ તેનો જેમ જેમ તું બાહ્ય ભાવોનો ત્યાગ કરતો જઇશ તેમ તેમ આ સુખ સ્વયં વધ્યા કરશે. તારું સુખ તારા સ્વભાવમાં ભર્યું પડ્યું છે પરંતુ તું જ્યાં સુધી અવિશ્વાસથી બહાર જ્યાં ત્યાં સુખ શોધી રહ્યો છે, માની રહ્યો છે ત્યાં સુધી તને તારું સુખ પ્રાપ્ત થતું નથી.

હવે વિશ્વાસ રાખ, અનુભવ કર, શાંત થા, ઉપશમ પામ, ઉપયોગમાં આવ, જાગ્રત થા તને માનવજીવનમાં દુર્લભ યોગ પ્રાપ્ત થયો છે તારી ઉપર સંતોએ કૃપા કરી છે. તને આ બધું જાણવાનું મળ્યું છે. તું હવે સવળો પુરુષાર્થ કર. અંતર્મુખ થઇ જા તારે અખંડ આનંદ અભેદ પ્રેમ નિર્વિકલ્પ શાંતિ પ્રાપ્ત કરવી છે તો સમતાભાવમાં સ્થિર થઇ જા. અને વિશ્વાસ રાખ કે તારી શાંતિથી તારો મહાન્ જ્ઞાન-સ્વભાવરૂપ સૂર્ય એક દિવસ જરૂર પ્રકાશિત થશે અને તે પ્રકાશથી સમસ્ત જીવન પ્રકાશિત થશે, તું કૃતકૃત્ય થઇશ, તારા પ્રકાશના કિરણો પકડવા અનેક તારા ચરણમાં નમશે અને કૃતાર્થ થશે માટે સમ્યક્ શ્રદ્ધારૂપ દૃઢ વિશ્વાસ રાખ.

જો વાસ્તવિકપણે વિચાર કરીએ તો ગુણ-સંપત્તિહીન માણસમાં અભિમાનની માત્રા અધિકતર હોય છે. આવા માણસો બીજાની પ્રશંસા સાંભળી શકતા નથી અથવા બીજાને અપાયેલું માન સહન કરી શકતા નથી, પછી ભલે તે ગુણ-સંપત્તિવાન કેમ ન હોય ! તેમનામાંથી પણ પોતે અછતા દોષો પ્રગટ કરી બતાવે છે, કારણ કે એવાને પોતાની જ માન-પ્રશંસા પ્રિય હોય છે જેઓ બીજાને અપાયેલા માન-પ્રશંસા સહન કરી શકતા નથી, તેઓમાં દરેક બાબતની ઊણપ રહેલી હોય છે. એનાથી ય વધારે ઊણપવાળા તો તે છે કે જે પોતાના મોઢે જ પોતાની પ્રશંસા કરે છે અથવા અણછાજતા ગુણો પોતાના જ હાથે લખીને જનતા સમક્ષ ધરે છે

—જ્ઞાનપ્રદીપ

પોતાની ઇચ્છાઓનો નિરોધ કરનારને જ ખરેખરો વિજયી ગણવામા આવે છે. પ્રવાહની સાથે તો નિર્જળ પણ વહી જાય છે, એમાં મુશ્કેલી છે જ નહિં, પરંતુ પ્રવાહની વિરુદ્ધ દિશામાં ચાલવામાં જ બળની આવશ્યકતા છે. સંસારની ઉપાધિઓથી મનુષ્ય તપ બની જાય છે. સર્વત્ર લોકોમાં પરસ્પર ઈર્ષ્યા અને દ્વેષ જોવાથી મનમાં દયાની લાગણી ઉત્પન્ન થાય છે. એવી બાબતોમાં તમારું જીવન વહન ન કરો. એ સર્વથી તમારી જાતને ઉચ્ચ બનાવી એવી અવસ્થા મેળવો કે જેમાં એ બાબતોની કિંચિદ્ પણ સત્તા ન ચાલે, અને તેનું નામ જ વિજય છે. મનુષ્યે ખરો વિજય તો ત્યારે જ મેલવ્યો કહેવાય કે જ્યારે તેને ધન, સંપત્તિ, કીર્તિ તથા સફલતાની ઇચ્છાનુસાર પ્રાપ્તિ થતી હોય, ત્યારે જો તે સર્વ અન્યાય, અનીતિ અથવા કપટથી મેળવાતુ હોય તો તેને તિલાંજલી આપવામાં તે એક ક્ષણનો પણ વિલંબ ન કરે, પૈસાને તૃણસમાન સમજે, લોભવૃત્તિને પોતાની પાસે આવવા ન દે, પોતાના સિદ્ધાંતોને મજબૂત રીતે વળગી રહે, અને સત્ય માર્ગથી જરા પણ ચલિત ન થાય. આનું નામ જ વિજય છે અને આ વસ્તુ જ માણસને વાસ્તવિક આનન્દની નજીક લઇ જાય છે.

આ ઉપરાંત વિવેકશક્તિ પણ આનન્દપ્રાપ્તિમાં સહાય કરનારી છે. કોઇ પણ મનુષ્ય કોઇ અનુચિત કાર્ય કરવા તત્પર બને છે ત્યારે તેનું હૃદય કંપે છે, તેનો અંતરાત્મા તેને કામ કરતા અટકાવે છે. આવાં કાર્યો કદાપિ ન કરવા જોઇએ. જ્યારે મનુષ્યમાં પોતાના અંતરાત્માના આદેશ અનુસાર કોઇ જાતની યુક્તિનો પ્રયોગ કર્યા વગર કોઇ પણ કાર્ય કરવાની શક્તિ આવે છે ત્યારે તેને તેનાથી વાસ્તવિક આનન્દનો અનુભવ થવા લાગે છે. જે મનુષ્યમાં ઉપર્યુક્ત ગુણ હોય છે તે જ પોતાના અંતરાત્મા પર વિશ્વાસ રાખી શકે છે. તેનો અંતરાત્મા હમેશા તેને સન્માર્ગે જ લઇ જશે. ઉપરાંત સંસારમાં તેને કોઇનાથી પણ બ્હીવાની જરૂર રહેશે નહિ. દરેક કાર્યમાં તેનો અંતરાત્મા જ તેનો માર્ગદર્શક બનશે.

ઇચ્છાઓ મનુષ્યને દુઃખની નજીક લઇ જનારી છે. જ્યારે મનુષ્યને કોઇ વસ્તુ મેળવવાની ઇચ્છા થાય છે ત્યારે અમુક સમય સુધી તે આનન્દથી વંચિત રહે છે. ઇચ્છાઓ પણ બે પ્રકારની છે, એક લેવાની ઇચ્છા અને બીજી આપવાની ઇચ્છા. પહેલી ઇચ્છામાં આનન્દનો અભાવ છે, પરંતુ બીજા પ્રકારની ઇચ્છામાં તેનો સદ્ભાવ છે. જ્યારે મનુષ્ય આનન્દમય અવસ્થાએ પહોંચે છે ત્યારે ત્યાં દુઃખનો અંશ પણ રહેતો નથી. જે બાબતોથી પહેલાં તેને દુઃખ થતું હતું અથવા ક્રોધ થતો હતો તેનાથી જ તેને પ્રેમ અને સહાનુભૂતિ ઉપજવા લાગે છે. જો આપણે વાસ્તવિક આનન્દનો અનુભવ કરવા ઇચ્છતા હોઇએ તો આપણે બીજાઓને આનન્દિત બનાવવા, તેઓને દુઃખથી બચાવવા, અને તેઓનાં હૃદયને પ્રફુલ્લિત બનાવવા અવિરત યત્નો આદરવા જોઇએ. આમ કરવાથી વાસ્તવિક આનન્દનું રૂપ સ્વયમેવ પ્રકટ થવા લાગશે. જે મનુષ્ય કોઇપણ માણસનાં હૃદયને પ્રસન્ન કરવાના સુયોગની શોધમાં રાતદિવસ રહે છે તે સંસારનું જેટલું ભલું સાધી શકે છે તેટલું જગતના મોટામા મોટા વીરપુરુષો પોતાનાં વીરતાભર્યાં કાર્યોથી સાધી શકતા નથી.

જો આપણે વાસ્તવિક આનન્દની અભિલાષા રાખતા હોઇએ તો આપણે નવીન ઉત્સાહ અને નવીન શક્તિથી અન્ય માણસોને આનન્દિત બનાવવા સતત વિચાર અને પ્રયાસ કરવા જોઇએ, પરહિત સાધવાની શક્તિને બળવત્તર બનાવવી જોઇએ અને આપણા પોતાના વિશિષ્ટ ઉદ્દેશથી ચલિત થવું જોઇએ નહિ. જો આ ઉદ્દેશ અનુસાર દેશના ભિન્ન ભિન્ન સમાજો અને મંડળો કાર્ય કરવા લાગે અને સ્વાર્થવૃત્તિનો ત્યાગ કરી દયા અને સ્નેહભર્યાં કાર્યોથી સંસારને અનેક રીતે લાભકારક નીવડે તો દરેક ગૃહમાં આનન્દવાદ્ય વાગવા લાગશે, સર્વત્ર આનન્દ મંગળ પ્રવર્તી રહેશે અને સર્વ લોકો વાસ્તવિક આનન્દ મેળવવાના માર્ગ પર વિહરવા લાગશે. આવા શુભ સમયનું આગમન સત્વર થાઓ એ શુભેચ્છા સહિત અત્ર વિરમવામાં આવે છે. ઇતિ શમ્

વર્તમાન સમાચાર

મુનિવર્યશ્રી ભુવનવિજયજી મહારાજનો વિહાર

ભાવનગર વડવાના ઉપાશ્રયે ચાતુર્માસ રહેલ મુનિવર્યશ્રી ભુવનવિજયજી તથા મુનિવર્યશ્રી જંબુવિજયજી મહારાજના ઉપદેશથી વિધવિધ શુભ કાર્યો થયા તથા મુનિશ્રી જંબુવિજયજી મહારાજની આધ્યાત્મિક ભાવણશ્રેણિનો જાહેર જનતાએ સારો લાભ લીધો. બા૦ પોષ શુ ૧૫ ના વડવાના ઉપાશ્રયેથી વિહાર કરી ભુધેન મુકામે પધારતા ત્યાં શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સાન્નારતો અને સ્વામિવાત્સલ્યની વ્યવસ્થા રાખી યોગ્ય ગુરુભક્તિ કરી હતી આ પ્રસંગે સભાના પેટ્રનો શ્રીયુત ભોગીલાલ મગનલાલ મહાલક્ષ્મી મીલવાળા, શ્રી ખાન્તિલાલ અમરચંદ વોરા આદિ તથા સભાના પ્રમુખશ્રી, ઉપપ્રમુખ, સેક્રેટરીઓ તથા સભ્યો ખાસ આવ્યા હતા તેમજ ભાવનગરના ગૃહસ્થોની હાજરી સારા પ્રમાણમાં હતી સ્વામિવાત્સલ્યમાં રત્નાનિક વણિક બંધુઓ વગેરેને ખાસ આમંત્રણ આપવામાં આવેલ સ્વામિવાત્સલ્ય આદિની વ્યવસ્થા વડવા જૈન સમુદાયે ઉત્સાહપૂર્વક ઉપાડી લીધી હતી

સ્વામિવાત્સલ્ય બાદ સભાના સભ્યો પૂ મુનિવર્ય પાસે સભાના સંચાલન અંગે થોડો વિચાર-વિનિમય કરવા બેઠા હતા. પૂ ભુવનવિજયજી મહારાજ તથા પૂ જંબુવિજયજી મહારાજે સભા તરફથી પ્રગટ થનાર નયચક્રસાર તથા આજના યુગને અનુસરી યોગ્ય સાહિત્ય પ્રગટ કરવા તેમજ તેનો સસ્તી કિંમતે છૂટથી પ્રચાર કરવા માટે યોગ્ય સૂચનો કર્યાં હતા

માળારોપણ અને આચાર્યપદવી.

પુનાખાતે ચાતુર્માસ વિરાજતા સ્વ. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના પટ્ટધર શિષ્ય સ્વ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના પટ્ટધર શિષ્ય ઉપાધ્યાયશ્રી પૂર્ણાનંદવિજયજી મ ની નિશ્રામાં ઉપધાન તપનું આરાધન વૈતાન પેઠમાં શેઠ હીરાચંદ ગુલાબચંદ, હિંમતમલ પરમાર, શ્રી નગરાજજી મગનીરામજી સકલેચા, શ્રી નાનચંદ હિંદુજી પરમાર તથા શ્રી ચોપડલાલ કેશવલાલ પુનાવાળા તરફથી થયેલ તેમજ બીજા ધર્મકાર્યો પણ સારા થયા હતા. ઉપધાનમાં ૪૮૧ તપસ્વીઓ જોડાયા હતા તપસ્વીઓનો માળારોપણ મહોત્સવ પોસ સુદ ૬ ના ધામધુમપૂર્વક કરવામાં આવતા પહેલી માળ રૂ. ૫૬૦૦ ની બોલીથી પહેરાવાઇ હતી એકંદર માળની ઉપજ લગભગ ૨૮ હજારની થઇ હતી. આ અંગે બાર દિવસનો મહોત્સવ કરવામાં આવેલ પૂજા ભાવનામાં શેઠ ફુલચંદભાઇ વલાદવાળા તથા સંગીતકાર રસિકલાલભાઇએ પણ સારો રસ જમાવ્યો હતો શાન્તિસ્નાત્ર પ્રસંગે જનતાની હાજરી સારા પ્રમાણમાં હતી માળારોપણ દિવસે શેઠ ગુલાબચંદ પરમાર ને શ્રી નગરાજજી મગનીરામજી સકલેચા તરફથી શાન્તિસ્નાત્ર ભણાવી શ્રીફળની પ્રભાવના કરી, તદુપરાંત નવકારશીનું જમણ થતાં લગભગ ૫૦૦ હજાર ભાઇ બહેનોએ લાભ લીધો હતો

આ માળારોપણ મહોત્સવ પ્રસંગે પુના શ્રીસંઘ તરફથી ઉપાધ્યાયશ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ સાહેબને આચાર્યપદવી આગ્રહપૂર્વક આપવામાં આવતા પ્રથમ કામળી રૂ. ૧૩૫૧) ની બોલીથી મુંબઇવાળા શેઠ કુંદનમલજી તારાચંદજી બાવીવાળાએ વહોરાવી હતી તેમજ આ પ્રસંગે શ્રીફળની પ્રભાવના કરી ઠીક લાભ લીધો હતો

ઉપધાનના તપસ્વીઓને જુદી જુદી લગભગ ૮૧ પ્રભાવનાઓ થઇ હતી જેમાં શેઠ ગુલાબચંદજી ને નગરાજજી તરફથી સોનેરી શ્રી સિદ્ધચક્રજીની ડબી ભેટ અપાઇ હતી આ પ્રસંગે મારવાડ, મેવાડ મુંબઇ, અમદાવાદ, પંજાબ, મહારાષ્ટ્ર વિગેરેથી લગભગ પાંચ હજાર ભાઇ બહેનો આવ્યા હતા, જેમની સગવડ ઉપધાનની સેવાસમિતિ તરફથી સારી રીતે કરવામાં આવી હતી સાથોસાથ સ્વયંસેવકો તથા વનિતામંડળે દરેક કાર્યોમાં વ્યવસ્થા સારી જાળવી હતી

મૌલિક સિદ્ધાંતોનું સરસ નિરૂપણ

અનેકાંતવાદ—અંગ્રેજીમાં લેખક શ્રી હરિસત્ય ભટ્ટાચાર્ય. ગુજરાતીમાં અનુવાદક પ્રો. જયંતીલાલ ભાઈશંકર દવે.

આ પુસ્તકમાં સ્યાદ્વાદનું નિરૂપણ બહુ સુંદર રીતે થયું છે અને તેના દેશપરદેશના વિદ્વાનોએ મુક્તકંઠે વખાણ કર્યાં છે. નીચે મુનિમહારાજશ્રી જંબુવિજયજી ઉપર જાપાનીઝ ડૉ. સાસાકીએ લખેલા પત્રમાંથી એક ઉતારો છાપવામાં આવ્યો છે.

I am very much grateful to your generosity of sending copies of Anekantavada and Arhat Dharma, which I have read through and am very much pleased to find the skilfulness in writing the fundamental principle and the applied theory in a good harmony.

'અનેકાંતવાદ' અને 'આર્હત ધર્મ'ની નકલો મોકલવાની આપે દર્શાવેલી ઉદારતા માટે હું આપનો ખૂબ જ આભારી છું. તે બન્ને પુસ્તકો હું સાંગોપાંગ વાંચી ગયો છું અને મૌલિક સિદ્ધાંતોનું સરસરીતે નિરૂપણ કરેલ છે તે લેખકની કુશળતા જોઈને હું ખૂબ પ્રસન્ન થયો છું.

કિંમત—અંગ્રેજીમાં રૂ. ૨-૦-૦ ગુજરાતીમાં રૂ. ૧-૦-૦

આ અમૂલ્ય ગ્રંથ આપે ન વસાવ્યો હોય તો તરત વસાવી લ્યો અને જૈન સિદ્ધાંતના પ્રચાર ખાતર આપ આ ગ્રંથની જૈનેતર વિદ્વાનો અને સાર્વજનિક લાયબ્રેરી વગેરેમાં લ્હાણી પણ કરી શકો છો.

મુદ્રક : શાહ ગુલાબચંદ લલુભાઈ—શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ—ભાવનગર

જૈન યુગ



તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થ

પુસ્તક ૫૩
અંક ૮ મો

પ્રકાશક:
શ્રી જૈન સ્વાધ્યાય કાર્યાલય
ભાવનગર

કિંમત
સં૦ ૨૦૧૨

અનુક્રમણિકા

૧ અંતરાત્મ હેરી ખેનત	(શ્રી પાદરાકર)	૧૧૩
૨. જૈન મુનિવરો અને અજૈન ચિત્ર-કવિઓ ...	...(શ્રી હીરાલાલ ર. કાપડિયા)	૧૧૪
૩ પૂ મુનિરાજશ્રી જયવિજયજીના ચોત્રીસમા જન્મદિને શુભેચ્છા...	(શ્રી અમરચંદ માવજી)	૧૧૬
૪ નમિનમિરાજર્ષિ...	(મુનિશ્રી લક્ષ્મીસાગરજી)	૧૧૭
૫ કૌશાંબીની રાણી મૃગાવતી : : ૪	(શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી)	૧૧૯
૬ જીવન અને આનંદ	(બચુભાઈ વાડીલાલ શાહ)	૧૨૩
૭ જીવનસૌન્દર્ય	(અનુ૦ શ્રી વિઠ્ઠલદાસ મૂ. શાહ)	૧૨૪
૮ સાહિત્ય-સત્કાર		૧૨૬
૯ વર્તમાન સમાચાર		ટા પે ૩

આચાર્યશ્રી વિજયકુમુદસૂરીશ્વરજી મહારાજનો સ્વર્ગવાસ

આચાર્યશ્રી વિજયકુમુદસૂરીશ્વરજી મહારાજ હીંચ મુકામે પોષ વદ ૧૪ ના કાળધર્મ પામ્યાની નોંધ લેતા અમો દિલગીરી વ્યક્ત કરીએ છીએ

તેઓશ્રીનો જન્મ ભાવનગર પાસેના ખડસલીયા ગામે ૧૯૩૭ ના ફાગણ શુ. ૧૫ ના રોજ થયો હતો તેમના પિતા વખતચંદભાઈ ધંધાર્થે ભાવનગર રહેવા આવ્યા અને પુખરાજભાઈને લગ્નગ્રંથીથી જોડ્યા. ત્યારબાદ તેમને મોટી માદગીમાંથી પસાર થવું પડ્યું માદગી દરમિયાન સંસારની અસારતાનું જ્ઞાન થતાં તંદુરસ્ત થતાં જ પોતે દીક્ષા લેવાની પ્રતિજ્ઞા કરી અને પં. ગંભીરવિજયજી મહારાજની આજ્ઞાથી પં. મણિવિજયજી મહારાજ પાસે તેઓશ્રીએ અભ્યાસ કર્યો અને પં. ગંભીરવિજયજી મહારાજ પાસે સં. ૧૯૫૮ ના કા વ ૩ ના દીક્ષા અંગીકાર કરી તેઓશ્રી પં. મણિવિજયજી મહારાજના શિષ્ય થયા શ્રી પુખરાજભાઈના બદલે તેઓશ્રી કુમુદવિજયજીના નામથી ઓળખાવા લાગ્યા.

પં. ગંભીરવિજયજી મ.ની જેમ આચાર્યશ્રી વિજયકુમુદસૂરિજીનો પણ ભાવનગર ઉપર ઉપકાર હતો

તેઓશ્રીનો સ્વભાવ નિખાલસ તેમજ મીલનસાર હોવાથી તેઓ સૌના પ્રિય થઈ પડ્યા હતા, એટલે સ્વ સાગરાનંદસૂરીશ્વરજી પાસે તેઓશ્રીએ અભ્યાસ કર્યો અને સં. ૧૯૫૬ માં મણિપદ તથા સં. ૧૯૬૨ માં આચાર્ય પદ તેઓશ્રીના હાથે જ મેળવેલ તેમજ પં. સુંદરવિજયજી મહારાજ પાસે સં. ૧૯૭૮ માં પાલીતાણાખાતે પંન્યાસપદ તથા આચાર્ય વિજયનેમીસૂરીશ્વરજી પાસે ઉપાધ્યાય પદ મેળવ્યું હતું. પ્રતિષ્ઠાઓ, ઉદ્યાપનો, ઉપધાનો આદિ ઉપર તેઓશ્રીને રસ હતો તેમ પ્રાચીન સાહિત્યના ઉદ્ધાર માટે પણ તેઓશ્રીએ સારો રસ ધરાવી લગભગ પંદર હસ્તલિખિત પ્રતોનું પ્રકાશન કરાવ્યું હતું

જ્ઞાન અને ક્રિયાના ઉપાસક આવા એક સમભાવી આચાર્યની જૈન સમાજને પડેલ ખોટ માટે અમો દિલગીરી વ્યક્ત કરીએ છીએ અને સ્વર્ગસ્થના આત્માને ચિરશાન્તિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના સાથે તેઓશ્રીનો શિષ્યવર્ગ મુનિશ્રી મેરુવિજયજી આચાર્યદેવના પગલે ચાલી જૈન શાસનની વધુ ને વધુ સેવા કરવા તત્પર થાઓ એમ પ્રાર્થીએ છીએ

ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજશ્રીના સ્વહસ્તે લખાયેલ "નયચક્રસાર"ની અપ્રાપ્ત પ્રત પ્રાપ્ત થયાના

અતિ આનંદજનક સમાચાર

દર્શનશાસ્ત્રના મહાન્ ગ્રંથ શ્રી નયચક્રસારનું સંશોધન પૂજ્ય જંબૂવિજયજી મહારાજ અપાર શ્રમ લઇને કરી રહ્યા છે તે મહાન્ ગ્રંથની પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે સ્વહસ્તે લખેલ અપ્રાપ્ત પ્રત પ્રાપ્ત થયાના સમાચાર અમને મળતાં તે આ નીચે રજૂ કરીએ છીએ. અને આવો અમૂલ્ય ગ્રંથ પ્રાપ્ત થયાથી તેના સંપાદકોને જે અપૂર્વ આનંદ થયો છે તેમાં અમે અમારો હર્ષ ઉમેરીએ છીએ. —તંત્રીમંડળ.

જિનપ્રવચનપ્રભાવક આચાર્ય ભગવાન શ્રી ૧૦૦૮ મલ્લવાદિ ક્ષમાશ્રમણરચિત તથા સિંહસૂરિગણિવાદિ ક્ષમાશ્રમણરચિત ટીકા સહિત દ્વાદશાર નયચક્રનાં સંશોધન તથા સંપાદનનું કાર્ય આજથી લગભગ દશ વર્ષ પહેલાં પુણ્યનામધેય પૂજ્યપાદ મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજના આદેશથી મેં સ્વીકારેલું છે. મુદ્રિત-અમુદ્રિત સંસ્કૃત, પ્રાકૃત, ટિબેટન, ચીની આદિ અનેક ભાષાઓના અને અનેક દર્શનોના ગ્રંથોને દેશવિદેશમાંથી એકઠા કરીને અમે નયચક્રના સંશોધનમાં ઉપયોગ કર્યો છે. ભાવનગરની જૈન આત્માનંદ સભા તરફથી એ ગ્રંથ પ્રગટ થવાનો છે. નયચક્રના સાત આરા (૫૫૨ પાનાં) જેટલો ભાગ છપાઇ ગયો છે થોડાં ટિપ્પણો (Additional Notes) છાપવાના બાકી છે એ છપાય કે તરત જ પ્રથમ ભાગ પ્રગટ કરવામાં આવશે.

આ નયચક્રનું સંપાદન મુખ્યતયા બે જાતની હસ્તલિખિત પ્રતિઓ ઉપરથી તૈયાર કરવામાં આવ્યું છે. પૂજ્યપાદ ઉપાધ્યાય ભગવાન શ્રી યશોભદ્રવિજયજી મહારાજે નયચક્ર ગ્રંથ અત્યંત દુર્લભ હોવાથી એક પ્રાચીન પ્રતિ ઉપરથી અનેક સાધુઓ સાથે મળીને એક જ પખવાડિયામાં ૧૮૦૦૦ શ્લોકપ્રમાણ નયચક્રની પ્રતિ લખીને તૈયાર કરેલી. (આ વિષે મારા કેટલાક લેખો આત્માનંદ સભા-ભાવનગરના આત્માનંદ પ્રકાશ માસિકમાં કેટલાક વર્ષ પહેલાં છપાઈ ગયા છે.) પરંતુ આ પ્રતિ ઘણી તપાસ કરવા છતાં પણ અમને મળેલ નહિ. એટલે એના ઉપરથી કરવામાં આવેલી નકલોને અમે અનેક ગ્રંથ-ભંડારોમાંથી એકઠી કરીને અમારા સંશોધનમાં ઉપયોગ કર્યો છે. એ બધી પ્રતિઓ ઉપર, શ્રી યશોભદ્રવિજયજી મહારાજની પ્રતિ ઉપરથી જ તૈયાર થયેલી હોવાથી અમે તેની ય૦ એવી સંજ્ઞા રાખી છે. ભાવનગરની શ્રી ડોસાભાઇ અલેચંદની પેઢીના ભંડારમાંથી પણ આ ઉપરાંત એક પ્રત મળી છે કે જે અચળગચ્છના આચાર્યે સં. ૧૬૫૦ આસપાસ લખાવેલી છે. આની અમે મા૦ સંજ્ઞા રાખી છે. ભાવનગરની જે પ્રતિ છે તે અમે જાણીએ છીએ ત્યાં સુધી વિશ્વમાં એક જ છે. ય૦ અને મા૦ બંને પ્રતિઓમાં પરસ્પર ઘણી જ વિશિષ્ટતા રહેલી છે. એ વિષે અમારા નયચક્રના પ્રકાશનમાં કહેવામાં આવશે. અહીં તો એ જ જણાવવાનું છે કે ઉપાધ્યાય ભગવાન શ્રી યશોવિજયજી મહારાજના સ્વહસ્તાક્ષરથી લખાયેલી જે નયચક્રની પ્રતિ અપ્રાપ્ત હતી તે પુણ્યનામધેય પૂજ્ય મુનિરાજ આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજે શોધી કાઢી છે. સમગ્ર જૈન સંઘને તથા વિદ્વાનોને અત્યંત આનંદજનક આ સમાચાર આપતો તેમનો પત્ર નીચે પ્રગટ કરવામાં આવે છે, જેમાંથી ઘણું ઘણું જાણવા મળશે.

લિ. મુનિરાજ શ્રી ભુવનવિજયાન્તેવાસી મુનિ જંબૂવિજય.

મહા વદી ૧૦, પાલીતાણા

મુ. અમદાવાદ ૨૦૧૨ મહાવદિ ૯ મંગળ. લુણસાવાડો, મોટી પોળ સામે, જૈન ઉપાશ્રય.

મુનિ પુણ્યવિજય તરફથી મુ. પાલીતાણા. શ્રી જંબૂવિજયજી તથા પિતૃગુરુશ્રી આદિ યોગ્ય સબહુમાન સસ્નેહ અતિ આનંદપૂર્વક હૃદયે વંદના માનશો.

આજે હું આપને અતિ આનંદપૂર્વક સંભૃત હૃદયે પત્ર લખું છું. આપના પણ આનંદનો પાર નહિ રહે. આપ પણ જાણીને નાચવા લાગશો કે શ્રી યશોવિજયજી મહારાજે અને તેમના વડીલોએ મળીને જે નયચક્રની પ્રતિની નકલ કરી હતી તે ગઈ કાલે સં. ૨૦૧૨ ના મહાવદી ૮ ને સોમવારના દિવસે શ્રી મહેન્દ્રવિમલજી મહારાજના ભંડારમાંથી આપણને મળી આવી છે. આપના કામમાં-શ્રમમાં નવો આનંદપૂર્વ ઉમેરો થયો છે. આ નવો શ્રમ આપને આનંદજનક જ થશે. મને તો પ્રતિ જોતા અંતરમાં હર્ષ જ માયો નથી. આપને પણ તેમજ થશે. આ આનંદ-વધામણીથી દરેક અહીં ફૂલી ગયા છે.

વિ. ઇંડિઆ ઓફિસને પ્રતિઓ મોકલાઈ નથી. તેમા આળસ કે વિસ્મૃતિ કારણ નથી, પણ વડોદરાવાળાએ પ્રતિ મોકલાવી નથી. મેં ઉમાકાન્તને પત્ર લખ્યો છે. તરત જ પ્રતિ આવશે એટલે સત્વર આ સપ્તાહમાં રવાના થઈ જશે-તે ખાત્રી રાખશો.

તમે કયા છો તે જણાવશો એટલે નયચક્રની પોથી મોકલાવીશ.

બાકી આનંદ મંગળ છે. ગિરિરાજમાં હો તો યાત્રામાં યાદ કરશો. આપને હું પણ યાદ કરું છું.

મેં, કલોલ ગયો ત્યારે યશોવિ૦ મ૦ ની સમાધિ પાસે ઘણી ઘણી આ પ્રતિ પ્રાપ્ત થવા માટે સાશ્રુનયને પ્રાર્થના કરી હતી. આ વખતે તે ફળી ગઈ છે.

આનંદમાં રહેશો. પિતાજીના ચરણોમાં વારંવાર વંદન અર્જ કરશો.

પ્રતિ ૧૭૧૦ માં લખેલી છે. છ જણાએ મળીને લખી છે. પંદર દિવસમાં પૂર્ણ કરી છે.

સાથે સાથે એક ખુલાસો કરી દઉં કે આ પ્રતિ મળવામાં મને યશ લાધે છે તે કરતાં ખાસ વધારે યશ પં૦ શ્રી રમણિકવિજયજીને છે કારણ કે આ ભંડાર જોવાનો ઉપક્રમ તેમણે જ કર્યો છે અને તેમ કરતાં ત્રણ ગ્રંથો લાધ્યા છે.

૧ વાદમાલા-મુદ્રિત કરતા જુદો.

૨ વીતરાગ સ્તોત્ર-અષ્ટમ પ્રકાશની વૃત્તિ સ્વહસ્તની પગથીઆના ઉપાશ્રયથી મળી હતી તે કરતા વિશિષ્ટ અને સહેજ અપૂરી હોવા છતાં પૂર્ણપ્રાય મળી છે. વિશેષમાં આનું જ નામ 'સ્યાદ્વાદરહસ્ય' એમ એક ઠેકાણે માર્જીનમાં લખ્યું છે.

૩ નયચક્ર-જેનું વર્ણન ઉપર કર્યું છે તે.

આ પ્રમાણે આ વર્ષ અને આ દિવસ આપણા જીવનમાં સંભારણારૂપ બની ગયેલ છે. જીવનમાં જે કેટલાક અતિવિશિષ્ટ મંગલમય દિવસો અને ક્ષણો ગણાય છે તે આ છે, એમાં ફરક નથી.

આપનું સંશોધન ઘણું આદરણીય અને સ્મરણીય બની જશે. શ્રમમાં ઉમેરો પણ આનંદદાયી જ થશે.

મને લાગે છે જેવી ઉદાત્ત ભાવનાથી આપણે કાર્યની શરૂઆત કરી છે તેવી જ સામગ્રી પણ મળતી જ રહી છે. આ સમાચાર તેમાં પૂર્ણવિધિરૂપ થશે.

લી૦ પુણ્યવિજયજીની સબહુમાન આનંદભરભૃત હૃદયે વંદના માનશો.

શ્રી આત્માનંદ પ્રકાશ

વીર સં. ૨૪૮૨ | ફાગણ | પુસ્તક ૫૩ મું.

વિક્રમ સં. ૨૦૧૨ | | અંક ૮ મો

અંતરાત્મ હોરી ખેલન

(હોરી)

હોરી, ખેલો વસંત ભયોરી । ટેક૦

અસંખ્ય આત્મપ્રદેશ સુરંગજ, સમ્યગ્દર્શન હોરી ।
નિજ ગુણ ખેલન ભાવ-વસંતે, ગુણસ્થાનક વિકસ્યોરી ।
ઉજવળ ચાંદ ખિલ્યોરી । હોરી૦ ૧

પરપરિણતિ તજ, સહજ સ્વભાવે, જ્ઞાન સખા, મતી ગોરી ।
સુરુચિ કેશર, સ્વગુણ રમણભર, છાંટો દોરી-દોરી ।
પરમ પ્રમોદ ભયોરી । હોરી૦ ૨

ધ્યાન સુધારસ, પાન મગનતા, સહજ સ્વભોગ લહ્યોરી ।
રીઝ એકત્વતા, તાન મેં વાજે, સન્મુખ યોગ વહ્યોરી ।
અનાહત નાદ બજ્યોરી । હોરી૦ ૩

શુક્લધ્યાન હોરીકી જ્વાલા, કર્મ કઠોર જલ્યોરી ।
શેષ પ્રકૃતિદલ ક્ષીણ નિર્જરા, ભસ્મ ખેલત અતિ ભોરી ।
સુમતિ સખી તાલી દીયોરી । હોરી૦ ૪

નિજગુણ રંગ, નિજાતમ કુંડી, સભર સમ્યક્ત્વ ભર્યોરી ।
અપૂર્વ નીર્યોલ્લાસ પરમપદ, પીચકારી ઉડ્યોરી ।
સખિ ! લાલન રંગરોરી । હોરી૦ ૫

સબ સખીયન નય-નિક્ષેપાદિ, આવત હીલમીલ ટોરી ।
રંગત લાલ સુરંગ મધુમય, રસભસ અંગ ક્યોરી ।
અલખ-લખ મસ્ત ભયોરી । હોરી૦ ૬

—પાદરાકર

જૈન મુનિવરો અને અજૈન ચિત્ર-કવિઓ

(લે—પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

અલંકારોના બે વર્ગ પડાય છે: (૧) શબ્દ-અલંકાર અને (૨) અર્થ-અલંકાર. શબ્દ-અલંકારના અનેક પેટાવર્ગ છે. તેમાંનો એકનું નામ 'ચિત્ર' છે. એ ચિત્રઅલંકારના વિવિધ પ્રકારો છે. તેમાનો એક પ્રકાર તે "આકાર-ચિત્ર" છે. એનાથી અલંકૃત પદ્યની ખૂબી એ છે કે એના અક્ષરો એવા પસંદ કરાએલા હોય છે કે એ દ્વારા અશ્વ, સર્પ ઇત્યાદિ સજીવ પદાર્થોનો તેમજ કમળ, તરવાર, ચામર જેવા અજીવ પદાર્થોનો આકાર રજૂ થાય છે આવા આકાર-ચિત્રથી શોભતાં કાવ્ય રચનારને 'ચિત્ર-કવિ' કહે છે આ ચિત્ર-કવિઓના ધર્મ અનુસાર બે વર્ગ પાડી શકાય: જૈન અને અજૈન. જે અજૈન ચિત્ર-કવિઓએ જૈન મુનિવરોની સ્તુતિ કરી છે તેમને વિષે હું આ લેખમાં નિર્દેશ કરવા ઇચ્છું છું.

જૈન સમાજ 'પંજાબોદ્ધારક' વિજયાનન્દસૂરિ ઊર્ફે આત્મારામજી મહારાજશ્રીનાં નામ અને કામથી સુપરિચિત છે. એમની બે વિદ્વત્તાપૂર્ણ કૃતિઓથી [1]જૈનતત્ત્વાદર્શ અને [2]અજ્ઞાનતિમિરભાસ્કરથી આકર્ષાઇને [3]યોગજીવાનંદસ્વામી ઊર્ફે યોગાનંદસ્વામીએ ૭૮ વર્ષની વયે વિ. સ ૧૯૪૮માં ભિન્ન ભિન્ન ૫૧ અર્થવાળું અને "હાર-બંધ"થી વિભૂષિત પદ્ય 'સગ્ધરા' છંદમાં ગીર્નારગિરિમાં રચી એ સૂરિજીની સ્તુતિ કરી છે. આ પદ્યનો પ્રારંભ "योगा भोगानुगामी"થી થાય છે આ સમગ્ર પદ્ય સચિત્ર સ્વરૂપે, મારે હાથે સંપાદિત અને પ્રકાશિત થયેલા નવતત્ત્વ-સમ્મત્ત નામના પુસ્તકમાં વિ સ. ૧૯૮૮માં છપાવાયું છે વળી એ પદ્ય "મુંબઇ વિદ્યાપીઠ" તરફથી કટકે કટકે મારો જે અંગ્રેજી લેખ નામે "Illustrations of Letter-diagrams" (અક્ષર-ચિત્રોનાં ઉદાહરણો) છપાય છે તેનો જે પ્રથમ હપ્તો બે વર્ષ ઉપર (ઇ. સ. ૧૯૫૪માં) પ્રસિદ્ધ થયો હતો તેમાં પણ અપાયું છે. આ ઉપરાંત આ પદ્ય એના એકાવન જ નહિ પરંતુ બોતેર (૭૨) અર્થો રજૂ કરતી કૃતિ નામે આત્માનંદહ્રાસ-પ્રતિમાં ઇ. સ ૧૯૪૦માં પ્રસિદ્ધ કરાયું છે. વિશેષમાં "જૈનાચાર્ય શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ સ્મારક ગ્રંથ"માં પ્રારંભમાં આ પદ્ય ચિત્ર સહિત અને પૃ. ૨૦૮માં આ મૂળ પદ્ય અને ત્યાર પછીના પૃષ્ઠમાં પં. માધવાનંદ શાસ્ત્રીએ કરેલા કેટલાક સંસ્કૃત અર્થ સાથે છપાવાયેલ છે.

૫. વૈજનાથે ઉપર્યુક્ત પદ્યના ૭૨ અર્થ કર્યા છે એ જ પદ્યને 'પંજાબકેશરી' વિજયવલ્લભસૂરિજીને અંગે એકાવન અર્થવાળું અને "હાર-બંધ"થી શોભતું એક સંસ્કૃત પદ્ય રચ્યાનું મેં સાંભળ્યું છે. શું એ વાત સાચી છે? એ પદ્ય કોઇ સ્થળેથી પ્રસિદ્ધ કરાયું છે ખરું?

સુરતમાં ગોપીપુરામાં જે વિવિધ ઉપાશ્રયો છે તેમાંના એકને "હુકમમુનિનો અપાસરો" એ નામે ઓળખાવાય છે. આ હુકમ મુનિની સંસ્કૃતમાં સોળ પદ્યોમાં સ્તુતિ રામચન્દ્ર દીનાનાથ શાસ્ત્રીએ કરી છે.

સ્તુતિ હુકમરંજની નામની સંસ્કૃત ટીકા અને ગુજરાતી બાલાવબોધ તેમજ નવ ચિત્રો સહિત અનુભવ જૈન હુકમપ્રકાશ[4] યાને વિવિધ

૧-૨. આ બને કૃતિઓ વિ. સં ૧૯૪૮ અને ૧૯૪૨માં અનુક્રમે પૂર્ણ કરાઇ હતી

૩. એમની જીવનરેખા કોઇએ આલેખી છે?

૪ આ પુસ્તક મેં ઘણા વર્ષો ઉપર જોયું હોય એમ મને લાગે છે પણ એ વાત હું ભૂલી ગયો હતો હાલમાં મારો ચિત્ર-કાવ્યનો પહેલો હપ્તો જોતાં શ્રી ડાહ્યાભાઇ મોતીચંદ સોના-ચાંદીવાળાએ આ પુસ્તક તરફ મારું ખાસ લક્ષ્ય ખેંચ્યું, એ બદલ હું એમનો આભારી છું.

જ્ઞાનોપદેશ ગ્રંથ નામના પુસ્તક (પૃ. ૧૦૧-૧૦૪) માં વિ. સં. ૧૯૫૨માં છપાવાઇ છે. આ સ્તુતિ વિ. સં. ૧૯૧૬માં રચાઇ છે. પહેલાં નવ પદ્યો અનુક્રમે નીચે મુજબના બંધથી વિભૂષિત છે:—

છત્ર, બાર પાંખડીનું કમળ, હાર, ધનુષ્ય, છ આરાનું ચક્ર, ગોમૂત્રિકા, ચાર આરાનું ચક્ર, દેવ-છત્ર અને રાજ-ચામર.

અગિયારમું પદ્ય એકાક્ષરી-કેવળ 'લ' અક્ષરોથી રચાયેલું છે. તેરમું પદ્ય બહિર્લાપિકાથી વિભૂષિત છે. સોળમું પદ્ય કર્તાનાં નામ અને રચના-વર્ષ પૂરા પાડે છે.

ઉપર્યુક્ત નવ બંધો પૈકી ગોમૂત્રિકા એ 'ગતિ-ચિત્ર' નામના અલંકારનો એક પ્રકાર છે, જ્યારે બાકીના બંધો આકાર-ચિત્રના પ્રકારો છે. એમાં છત્ર-બંધ બે રીતે રજૂ થએલો છે. પહેલો બંધ સામાન્ય કોટિનો છે, જ્યારે બીજો એનાથી ચડિયાતો છે-વિશિષ્ટ કોટિનો છે. એ વિશિષ્ટ કોટિના બંધમાં રચાયેલાં અનેક પદ્યો સંસ્કૃત સાહિત્યમાં નજરે પડે છે, જ્યારે ગુજરાતી સાહિત્યમાં તો આ રીતના બંધવાળું એકે પદ્ય જોવાતું નથી. આ પરિસ્થિતિમાં મેં રચેલું નીચે મુજબનું પદ્ય હું રજૂ કરું છું અને એના જેવા સંસ્કૃત પદ્યના ચિત્ર માટે મારા ઉપર્યુક્ત અંગ્રેજી લેખનો પહેલો ફકરો જોવા ચૂચવું છું:-

અશ્વસેનતણા વીર ! અકર્મક શિવંકર;
મન મારું બનો લીન, મતમાં તુજ હે જિન !

બાર પાંખડીના કમળને લગતું પદ્ય સ્રગ્ધરા છંદમાં છે. એના પ્રત્યેક ચરણમાં સાત સાત અક્ષરે 'યતિ' છે. આમાં જે એકંદર બાર યતિ છે તેમા દરેક સ્થળે "કં" અક્ષર છે. એ આ કમળની કર્ણિકાની ગરજ સારે છે, પ્રત્યેક પાંખડીમાં ૭ ૭ અક્ષર છે. આ બંધમાં કર્તાના નામ વગેરે રજૂ કરવા જેવી કોઈ વિશેષતા નથી.

હાર-બંધથી વિભૂષિત પદ્ય પણ સ્રગ્ધરામાં છે અને એની રચના આત્મારામજીને અંગે રચાયેલા પદ્યને બરાબર મળતી આવે છે.

ધનુષ્ય-બંધની રચના એ જાતનાં અન્ય સંસ્કૃત પદ્યોની રચનાને લગભગ મળતી આવે છે. એ બાબત મારા જે બીજો ફકરો હાલમાં સચિત્ર છપાયો છે તે જોવાથી જણાશે.

ચક્રને ચાર, છ, આઠ ઇત્યાદિ વિવિધ સંખ્યામાં આરા હોય છે અને એ જાતજાતનાં ચક્રને લગતાં પદ્યો સંસ્કૃતમાં રચાયેલાં મળે છે. એના કેટલાક નમૂના મારા ઉપર્યુક્ત લેખના બે ફકરા પૂરા પાડે છે.

ઉપર્યુક્ત અનુભાવ જૈન હુકમપ્રકારામાં જે ચાર આરાનું તેમજ છ આરાનું ચક્ર રજૂ કરતું એકેક પદ્ય છે તેવું પદ્ય ગુજરાતીમાં રચાયેલું નહિ જણાવાથી મેં એક પદ્ય રચ્યું હતું અને એ "ચક્ર-બંધ" નામના મારા લેખમાં કે જે "અખંડ આનંદ"ના દીપોત્સવી-અંક (વ. ૮, અં. ૧)માં અપાયું છે. ઉપર્યુક્ત પુસ્તકમાંના ચક્ર-બંધમાં અન્યત્ર જણાતી કોઇ વિશેષતા નથી.

ચામર-બંધને અંગે સંસ્કૃતમાં તેમજ હિન્દીમાં પદ્યો રચાયેલાં છે. તેના કરતાં દંડી સિવાયની બાબતમાં કંઇક જુદી રીતે આ બંધને રજૂ કરતું પદ્ય ઉપર્યુક્ત પુસ્તકમાં નજરે પડે છે. એની પ્રતીતિ માટે મારા લેખનો બીજો ફકરો કામ લાગે તેમ છે. સ્વ. ડાહ્યાભાઇ ધોળશાજીએ ગુજરાતીમાં "ચામર-બંધ"થી અલંકૃત પદ્ય રચ્યાનું મે સાંભળ્યું છે, પણ એ હજી સુધી તો અપ્રાપ્ય છે.

સુરતમાં આજે "મોહનલાલજીનો અપાસરો" તરીકે સુપ્રસિદ્ધ ઉપાશ્રય, 'વચનસિદ્ધિ' માટે પ્રખ્યાતિ પામેલા મોહનલાલજી મહારાજનું સ્મરણ કરાવે છે. એ મહારાજશ્રીનું સંસ્કૃતમાં સોળ સર્ગમાં સંસ્કૃતમાં જીવનચરિત્ર રચાયેલું છે. એ પુસ્તકનું નામ "શ્રી-મોહનચરિતં" રખાયું છે. એના પહેલા આઠ સર્ગ દામોદર ગોવિન્દ શર્માએ અને બાકીના સર્ગ રમાપતિ મિશ્રે રચ્યા છે. વિશેષમાં સોળે સર્ગનો ગુજરાતી અનુવાદ સહિત આ સંસ્કૃત ગ્રંથ વિ. સં. ૧૯૬૬ માં પ્રકાશિત થયેલો છે. એના અંતમાં મોહનલાલજી મહારાજની સ્તુતિરૂપે બે પદ્યો છે.

પ્રથમ પદ્ય આઠ પાંખડીના કમલ-બંધથી અને દ્વિતીય પદ્ય મુરજ-બંધથી અલંકૃત છે. આ પદ્યો કોણે રચ્યા તે જાણવું બાકી રહે છે.

ઉપર્યુક્ત કમળને લગતું પદ્ય નીચે મુજબ છે:-

"मोहग्राहद्रहद्रोहवह ! स्नेहनहग्रह !
मोदग्रामे द्रवद्रोपे यस्य स्नेहनयं ग्रस ॥"*

આની કમળ તરીકેની રચનામાં 'ह' કર્ણિકાને સ્થાને છે. પ્રથમ ચરણના એકી અક્ષરો એકેક પાંખડીને મથાળે મૂકવાના છે. બીજા ચરણના એકી અક્ષરો એ સાથે સમાનતા ધરાવે છે. એટલે એ ચરણના બાકીના આઠ અક્ષરો બન્ને પાંખડીની વચ્ચે એકેક એ ક્રમે લખવાના છે. જેમકે પહેલી અને બીજી પાંખડીના मो અને ग्रा ની વચ્ચે ह.

જે કૃતિઓ મારા જોવામાં આવી છે તેનો મેં અહીં નિર્દેશ કર્યો છે. આ જાતની અન્ય કૃતિઓ હોય તો તે તરફ મારું લક્ષ્ય ખેંચવા તજ્ઞોને મારી સાદર વિજ્ઞપ્તિ છે.

* મુદ્રિત પુસ્તકમાં આ પદ્ય અશુદ્ધ છપાયેલું છે. એટલે મેં અહીં એ સુધારી રજૂ કર્યું છે.

પૂજ્ય મુનિવર્યશ્રી ભુવનવિજયજી મહારાજશ્રીનાં શિષ્યરત્ન સાહિત્યઉપાસક
મુનિવર્યશ્રી જંબુવિજયજી મહારાજ સાહેબનાં

૩૪ મા જન્મદિને શુભેચ્છા

(હરિગીત)

મુમુક્ષુઓનાં હૃદયમાં, વાણીતણાં ઝરણાં વહે;
નિત્ય રહી આનંદમાં, નિજ આત્મરમણમાં રહે. ૧

રાચે નહિં પરભાવમાં, મુનિ મહાવ્રત પાળતા;
જન્મદિન એવા મુનિનો, આનંદ ઉપજે ઉજવતા. ૨

શ્રી ભુવનવિજય સુશિષ્યરત્ન, ચોત્રીસ વર્ષે પ્રવેશતા;
જંબુવિજય મહારાજશ્રીને, અભિનંદન અર્પતા. ૩

બુદ્ધિ પ્રભાવ વિસ્તારીયો, જગતનાં સૌ દેશમાં;
વિજય પામ્યા વિશ્વમાં, સાહિત્યનાં ચોગાનમાં. ૪

જયંતિ ઉજવાય છે, શ્રી 'તાલધ્વજગિરિ' રાજમાં;
યશ કીર્તિ આપની, પ્રસરો શ્રી જૈન સમાજમાં. ૫

જીવનતણી સરિતા વહી, 'નયચક્ર'નાં પ્રકાશમાં;
મહારાજ 'પિતા-પુત્ર'ને, છે 'ગુરુશિષ્ય'નાં રૂપમાં. ૬

હાર શબ્દનાં પુષ્પનો, ગૂંથી અમારા હૃદયમાં;
ધન્ય થયા પાવન થયા, પહેરાવી આપના કંઠમાં ૭

જગતમાં કહેવાય છે, બહુરત્ના છે વસુંધરા;
જીવો ઘણું 'જંબુવિજય', શુભાશિષ 'અમર'તણાં. ૮

સંવત ૨૦૧૨ નાં મહા સુદ ૧ રવિવાર
તાલધ્વજ-તીર્થ

ગુણાનુરાગી
અમરચંદ માવજી શાહ

ન...મિ...રા...જ...ર્ષિ

લેખક—મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી

જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં સુદર્શના નગરીમાં મણિરથ નામે રાજા હતો, રાજાનો ભાઇ યુવરાજ યુગબાહુ હતો તેની સ્ત્રીનું નામ મયણરેહા, તેના રૂપમાં મણિરથ અંધ બન્યો. તેને પોતાની કરવા તેણે અનેક યુક્તિઓ કરી, પણ નિષ્ફળતા મળી મયણરેહા સગર્ભા હતી તે વખતે મણિરથ રાજાએ તેના ભાઇ યુવરાજ યુગબાહુને માર્યો સતી મયણરેહા શિયળ રક્ષણ અર્થે નાઠી અને જંગલમાં જઇને રહી ત્યાં તેને બાળકનો જન્મ થયો. એક વાર બાળકને તેના પિતાના નામની વીંટી પહેરાવી સુગંધાની ઝોળીમાં ઝાડની ડાળે લટકાવી, પોતે તળાવમાં સ્નાન કરવા ગઇ પાછળથી મિથિલા નગરીનો રાજા પદ્મરથ વનક્રીડા અર્થે નીકળેલો તેણે ઝાડની ડાળે ઝોળીમાં રહેલ બાળકનું રુદન સાંભળી તે બાળકને લઇ ગયો અને પોતાની મુખ્ય રાણીને સોંપ્યો. પોતે પુત્રજન્મ મહોત્સવ કર્યો તે પુત્ર આવ્યા પછીથી ઘણા રાજાઓએ આવીને પદ્મરથનું સ્વામિત્વ સ્વીકાર્યું તેથી પુત્રનું ગુણનિષ્પન્ન નામ નમિકુમાર પાડ્યું. તળાવમાં નહાવા ગએલી સતી મયણરેહાને જળક્રીડા કરતા હાથીએ અદ્ધર ઉછાળી તેવામાં વિદ્યાધરે આવી તેને ઝીલી લીધી તે વિદ્યાધર તેના પિતા જે મુનિ થયા હતા તેમના દર્શનાર્થે મયણરેહા સહિત ગયો મુનિએ ધર્મદેશના આપી દેશના સાંભળી સતી મયણરેહાની ઇચ્છાથી વિદ્યાધરે તેને મિથિલા નગરીમાં સુવ્રતા સાધ્વીજી પાસે મૂકી અને તેણે તે જ સાધ્વીજી પાસે દીક્ષા લીધી હવે નમિકુમાર યુવાન થયા. તેમના પિતાએ તેમને રાજ્યકારભાર સોંપી પોતે દીક્ષા લઇ આત્મકલ્યાણ કર્યું. નમિરાજના મોટાભાઇ ચંદ્રયશ સુદર્શના નગરીમાં રાજ્ય કરવા લાગ્યા. એક વખતે નમિરાજનો શ્વેત હસ્તી હસ્તીશાળામાંથી નાસી ગયો અને ચંદ્રયશના રાજ્યમાં આવ્યો ચંદ્રયશે તેને પકડી પોતાની હસ્તીશાળામાં બાંધી દીધો. બંને ભાઇઓ સગાભાઇઓ છે તે તેઓ જાણતા નહોતા. નમિરાજે હાથીની બાતમી મેળવી ચંદ્રયશને પોતાનો હાથી મોકલાવી આપવાનો સંદેશો પાઠવ્યો યુદ્ધ જાહેર થયું અને બન્ને બાજુનાં લશ્કરો સામસામા ચડી આવ્યાં દારૂણ યુદ્ધ જામ્યું. નમિરાજના હલ્લાથી ચંદ્રયશ નાઠો અને પોતાના શહેરમાં આવી ભરાઇ રહી અંદરથી યુદ્ધ કરવા લાગ્યો નમિરાજે શહેર ફરતો ઘેરો ઘાલ્યો અને યુદ્ધ ચાલુ રાખ્યું. સાધ્વી શ્રી મયણરેહાને બન્ને ભાઇઓના યુદ્ધની જાણ થઇ. વિના કારણે હજારો નિર્દોષ મનુષ્યોનો સંહાર થતો અટકાવવા માટે બન્ને ભાઇઓને સમજાવવા તેમણે ગુરુણીજીની આજ્ઞા માગી. ગુરુણીજીએ આજ્ઞા આપી અને સાધ્વી મયણરેહા નમિરાજ પાસે આવ્યા. નમિરાજ સાધ્વીજી પોતાની માતા છે તેમ જાણતા ન હોતા પણ સાધ્વીજી પોતાની પાસે આવ્યા છે એમ જાણી નમિરાજે તેમનું ખૂબ સન્માન કર્યું. સાધ્વીજીએ સંસારની અસ્થિરતા, યુદ્ધનાં પરિણામો અને પરિણામે દુર્ગતિનાં દુઃખો સમજાવ્યાં. પોતે કોણ છે અને નમિરાજ કોની સાથે લડાઇ કરી રહેલો છે તે પણ સમજાવ્યું નમિરાજ સમજ્યા યુદ્ધથી મન ખાળસ્યું, પણ 'ઇ' પણાનું થોડુંક ઝેર હતું, તેથી પોતે પહેલાં ક્ષમા માગવા જવાને કબૂલ ન થયા. સાધ્વી મયણરેહા તેમના મનોભાવને જાણી ગયાં, એટલે તુરત જ પોતે ચંદ્રયશની પાસે ગયા અને તેને સર્વ વાત કહી. ચંદ્રયશે પૂછ્યું "મારો નાનો ભાઇ કયા છે?" જવાબમાં સાધ્વીજીએ નમિરાજની ઓળખાણ આપી. એ ખબર સાંભળતાં જ પોતાના ભાઇને મળવા માટે હથિયારો હેઠાં મૂકીને ચંદ્રયશ દોડ્યો. નમિરાજને ખબર મળતાં તે પણ સામે આવ્યા. બંને ભાઇઓ ભેટ્યા અને પ્રેમાશ્રુ વહાવ્યા. એ રીતે યુદ્ધ અટક્યું. ચંદ્રયશે નમિરાજને રાજ્ય ભળાવી પોતે ચારિત્ર લઇ આત્મકલ્યાણ કર્યું. નમિરાજ હજાર ઓઓ પરણ્યા અને બંને રાજ્યોનું ન્યાયથી

પાલન કરવા લાગ્યાં. એક વખતે નમિરાજના શરીરમાં દાહજ્વરની દારૂણ વ્યાધિ ઉત્પન્ન થઇ. શરીર દાહથી બળવા લાગ્યું. દાહને શાન્ત કરવા ચંદનનું વિલેપન વૈદે બતાવ્યું. એકી સાથે હજાર રાણીઓ ચંદન ઘસવા લાગી ચંદન ઘસવાનું કામ થવા લાગ્યું. પણ સાથે બે હજાર હાથમાં રહેલાં કંકણોનો અવાજ એટલો બધો ઘોર બન્યો કે પરિણામે રાજાને અશાન્તિ વધી. મંત્રીને બોલાવી આ ઘોઘાટ બંધ કરવાની તેમણે સૂચના કરી મંત્રીએ એ ખબર રાણીઓને આપી. રાણીઓએ સૌભાગ્યચિહ્નરૂપે એકેક ચૂડી-કંકણ હાથમા રાખી બાકીનાં ઉતારી નાખ્યાં, અને ચંદન ઘસવાનું ચાલુ રાખ્યું એટલે અવાજ બંધ થયો રાજાએ ફરી મંત્રીને પૂછ્યુ: કેમ, ચંદન ઘસાતું બંધ થયું છે કે શું? મને દાહ ખૂબ થાય છે અને ચંદન ઘસવાનું કેમ બંધ કરાવ્યું? જવાબમાં મંત્રીએ કહ્યું-મહારાજ! ચંદન ઘસવાનું ચાલે છે, પણ અવાજ બંધ થવાનું કારણ તો સર્વ રાણીઓએ સૌભાગ્ય ચિહ્નની એકેકી ચૂડી રાખી બાકી સર્વ ઉતારી નાખી છે. એક હોય ત્યાં ઘોઘાટ ન જ થાય ને? આ સાંભળી પૂર્વ સુકૃત યોગે રાજાને એકત્વ ભાવના જાગી અને સમજાયુ કે જ્યાં બે છે ત્યાં જ બંધન છે, ત્યાં જ ઘોંઘાટ છે. ત્યાં જ અશાન્તિ હોય છે. તો આ વ્યાધિ માટે કેવુરત જ એકત્વ સ્વીકારવું. થોડા દિવસોમાં વ્યાધિ મટ્યો અને નમિરાજ રાજ્યકારભાર પુત્રને સોંપી પોતે દીક્ષા લઇ ચાલી નીકળ્યા. દીક્ષા લીધી તે વખતે તેમના વૈરાગ્યની પરીક્ષા કરવા માટે પહેલા દેવલોકના ઇન્દ્રમહારાજ પોતે બ્રાહ્મણના વેશમાં આવ્યા, અને જુદા જુદા પ્રશ્ન પૂછી અનેક પ્રલોભનોની વાતો કરી. એ રીતે તેમના વૈરાગ્યની સ્થિરતાની ઇંદ્રે પૂરી કસોટી કરી. નમિરાજ વૈરાગ્યમાં સ્થિર હતાં. તેમણે ઇન્દ્ર મહારાજાને યોગ્ય તથા વૈરાગ્યપૂર્ણ જવાબ આપી નિરુત્તર બનાવ્યા. નમિરાજર્ષિએ ઇન્દ્રને જવાબો આપીને શુદ્ધ સંયમનું પાલન કરીને પોતે પોતાનું આત્મકલ્યાણ કર્યું.

सुभाषित

व्याघ्रीव तिष्ठति जरा परितर्जयन्ती
रोगाश्च शत्रव इव प्रहरंति देहम् ।
आयुः परिस्रवति भिन्नघटादिवाम्भो
लोकस्तथाप्यहितमाचरतीति चित्रम् ॥

ઊભી છે વિકરાળ વાઘણ જરા, દાંતો બહુ પીસતી,
રોગો શત્રુ સમાન નિત્ય તનને, પીડા કરે છે અતિ;
ફૂટેલા ઘટથી જતા જળ પરે, આયુ સ્રવી જાય છે,
લોકો તોય કુકર્મ નિત્ય કરતા, આશ્ચર્ય એ છે ખરે.

કૌશામ્બીની રાણી મૃગાવતી

લેખકઃ—શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

(૪)

ખમીએ અને ખમાવીએ

આ તરફ કોઇ ખાસ તીર્થભૂમિ હોય એવું સાંભળવામાં તો નથી. ક્યાં તો તીર્થંકર દેવોના ચ્યવન, જન્મ, દીક્ષા, કૈવલ્ય અને નિર્વાણરૂપ પાંચ કલ્યાણકોથી અલંકૃત થયેલ હોય અથવા તો તેઓશ્રીના પગલાં એક કરતાં અધિકવાર જે ભૂમિ ઉપર પડ્યા હોય, એવા સ્થાનોના શીરે તીર્થસ્થળરૂપી અણમૂલું મિરુદ લગાવાય છે. કેટલીક પ્રથમ સૂચવેલ કલ્યાણકોમાંના એક કિંવા એકથી અધિક કલ્યાણકવાળી ભૂમિઓને 'કલ્યાણકભૂમિ' તરીકે પિછાને છે, પણ એનું મહત્વ પૂર્વે જણાવ્યું તેમ તીર્થસ્થળ જેટલું જ હોય છે. આત્માઓ માટે એવા પવિત્ર સ્થાનોનો સ્પર્શના એકાંત લાભદાયી નિવડે છે, કેમકે એ ભૂમિના પરમાણુઓમાં અજબ શક્તિ રહેલી હોય છે. 'તારે તે તીર્થ' એ લોકોક્તિમાં સત્ય સમાયેલ છે અને એટલા સારુ તીર્થયાત્રા ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. વાર્ષિક કૃત્યોમાં એ અંગે ઉલ્લેખ પણ કરવામાં આવેલ છે.

અરે! આપણે તો રામની રામાયણ કરી દીધી! મુદ્દાની વાત તો એ હતી કે—આગળ ચાલતાં પેલા બે શ્વેત વસ્ત્રધારી સાધ્વી મહારાજો, અને તેમની પાછળ થોડા અંતરે, નીચી નજરે પંથ કાપી રહેલ શ્રમણીસમૂહ આ દિશામાં શા કારણે જઇ રહ્યો છે? સંસારના પ્રલોભનોને સમજપૂર્વક ઠોકર મારી, સાગનો આ અંચળો ઓઢનાર આ નારીસમૂહને નગરથી દૂર જતાં, અને વન તરફ ફંટાતા આવા એકાંત પ્રદેશ તરફ વિચરવામાં એ હેતુ સંભવી શકે ક્યાં તો ત્યાં કોઇ દીક્ષાની મુમુક્ષુ લલનાનો વાસ હોય, અથવા તો કોઇ ઉપર વર્ણવેલું એવું યાત્રાસ્થળ હોય! પ્રથમના કારણનો તો અહીં સંભવ જણાતો નથી જ; બાકી બીજા કારણનું અસ્તિત્વ સંભવે ખરું—ભલે એ જાણીતું તીર્થધામ ન પણ હોય. 'હાય કંકણને આરસીની શી જરૂર?' ઝટપટ તેમની પાસે પહોંચી જઇએ અને પૂછીને ખાતરી કરીએ.

અરે! પ્રશ્ન કરવાની જરૂર પણ નથી. વયમાં આધેડ જણાતા, છતાં શિષ્યા જેવા લાગતા સાધ્વી, પોતાનાથી ન્હાના અને યૌવનના તેજથી દીપતાં એવા ગુરુણીજીને એ વાત જ પૂછી રહ્યા જણાય છે. આપણે તો એ ઉભય વચ્ચેનો વાર્તાલાપ ધ્યાનપૂર્વક શ્રવણ કરવાનો છે

ગુરુણી મહારાજ, સંસારના સંબંધે માસી થતાં એવી મેં આપની શિષ્યા થવામાં બે લાભ જોયા છે. એક તો આપની આ દશામાં (રાજપુત્રી હોવા છતાં ગુલામ તરીકે વેચાવામાં) કારણરૂપ મારા પતિ હતા, એ અન્યાયનું પ્રાયશ્ચિત ખડે પગે રહી આપની સેવા કરવા દ્વારા જ શક્ય છે એમ મને ચોક્કસ લાગે છે તે, અને બીજો લાભ, મારી સગી ભગિની પદ્માવતી કે જે હાલ શ્રમણીજીવન ગાળે છે તેમને એક વાર નજરે નિહાળવાનો. મેં સાંભળ્યું છે કે જે પ્રદેશમાં તેઓ વિચરે છે એ પ્રદેશ આપે જોયેલો છે. હું ધારું છું કે આપણે સર્વ જે દિશામાં પગલાં પાડી રહ્યા છે તે એ જ હોવો ઘટે, કેમકે આ તરફ નથી તો કોઇ જાણીતું મહાતીર્થ કે નથી તો કોઇ કલ્યાણક ભૂમિ!

મૃગાવતી! તેં જે બે હેતુ નજર સામે રાખ્યા છે એ ઠીક છે પણ એમાંના એક માટે તો એટલું જ કહેવાનું કે ચંપાનો રાજવી શતાનીક દ્વારા જે વિનાશ સર્જાયો એમાં તેઓ તો નિમિત્ત માત્ર છે; એ પાછળ કર્મરાજની આંટીઘૂંટી સિવાય અન્ય કંઇ જ નથી. જ્ઞાની ભગવંતોએ આ સૃષ્ટિપર જીવતાં દરેક જીવોમાં કાળ-સ્વભાવ-નિયતિ-કર્મ અને ઉદ્યમરૂપ પાંચ કારણોની કરામત હોય છે એમ જણાવ્યું છે,

અને એ ખરું છે. અલબત્ત, એમાં કોઇની મુખ્યતા હોય તો અન્યનું ગૌણપણું પણ સંભવે. ચર્મચક્ષુવાળાને એ પાંચ સમવાયમાંથી ગમે તે એક આગળ પડતો પણ જણાય. હવે રહી દીક્ષિત ભગિનીને મળવાની વાત. તે પણ શક્ય નથી જ. મારા મેળાપને આજે વર્ષોના વહાણા વાયા છે. એ વેળાની તેમની સાધના જોતાં, અને તેઓ જે વિચારશ્રેણી ધરાવતાં હતાં, તેનો તાગ કાઢતાં મને તો લાગે છે કે ખંડગિરિના એ મનોરમ પ્રદેશમાં તેમણે અનશન કરી કાર્યસિદ્ધિ કરી હોવી જોઇએ; કેમકે એ સમયમાં આ તરફના વિહાર દરમિયાન વધુ કંઇ સાભળવા મળ્યું નથી.

પ્રવર્તિની મહારાજ, ભલે મારી એ આશા અફળ રહે, પણ તેના પુત્ર એવા કરકંડુને મળવાનું તો બનશે ને ?

વ્હાલી શિષ્યા, તારા અંતરમાં રમતા ભાવો હું સમજી શકું છું પણ, કાળદેવના ચક્રોએ ગતિમાન રહી, એમાં જે અંતરનો અવરોધ સરજ્યો છે એ નિવારી શકાય તેમ નથી. કરકંડુ રાજવી, વૃષભના નિમિત્તથી પ્રત્યેકબુદ્ધ થઇ, ચાલી નીકળ્યા હતા અને અપ્રમત્તપણે ચારિત્રનું પાલન કરતા તેમને કૈવલ્ય પ્રાપ્તિ પણ થઇ હતી. ન તો ભગિની અને ન તો એનો ખોળો ખૂંદનાર મળવાનો છતાં હું આ તરફ એટલા સારુ તમો સર્વને લાવી છું કે જે પવિત્ર ભૂમિ ઉપર વિરાજીને પ્રમાદનું સૂક્ષ્મ રીતે પૃથક્કરણ કરતાં માત્ર મુનિ કરકંડુએ એકલાએ જ નહીં, પણ તેમના સરખા ત્રણ પ્રત્યેકબુદ્ધોએ કેવલજ્ઞાનની પ્રાપ્તિ અલ્પ સમયમાં કરી, તેના દર્શન કરીને આપણે પણ પાવન થઇએ. ભલે એ સ્થળ નથી તો કલ્યાણકભૂમિ તરીકેનું કે નથી તો કોઇ પ્રખ્યાત તીર્થસ્થળ, છતાં જ્યાં ચાર પ્રત્યેકબુદ્ધોને સામાન્ય વિચારણા કરતાં જોતજોતામાં કૈવલ્યની પ્રાપ્તિ થાય એ ચમત્કારિક તો ગણાય જ. એની સ્પર્શના આપણા જીવનમાં કોઇ અનેરી ભાવનાના અદ્દિલન જગાવે.

હવે વાતનો અંકોડો સમજણમાં ઊતર્યો. મહારાજ, જે વસ્તીમાં આપણે ઉતર્યા છીએ ત્યાં થઇ કાલે મે નગર બહારના એકાંત પ્રદેશમાં આવેલ એક શ્વેત સંગેમરમરના પ્રાસાદ સંબંધી હકીકત એક શ્રાવિકાના મુખથી સાંભળી હતી તેણીએ કહેલું કે–ચાર દ્વારવાળો એ પ્રાસાદ (મંદિર) વચમાં કોઇ પણ જાતના બિંબ–સ્તૂપ કે મૂર્તિવિહુણો છે છતાં સહમુખે સાભળ્યું છે કે સ્થળ ચમત્કારિક છે. વર્ષમાં એક વાર અહીંનો સંઘ ત્યાં વાજતેગાજતે દર્શનાર્થે જાય છે. શ્રાવિકાએ મને એ અગે એક બે પ્રશ્ન કરેલા પણ મે જણાવેલ કે–આ પ્રદેશમાં હું ગુરુણી મહારાજ ચંદનબાળા સાથે પહેલી વાર આવું છું, તેમ પ્રવજ્યા લીધા મને ઝાઝાં વર્ષો નથી થયાં, એટલે હું ઝાઝું જાણતી પણ નથી ગુરુણીજીને પૂછીને જણાવીશ.

એ શ્રાવિકા ઘેર પાછી ફરતાં એટલો આગ્રહ તો કરી ગયેલી કે, જરૂર એ સ્થાનની એક વાર મુલાકાત તો લેજો.

હું આ વાત આજે આપને જણાવવાની હતી, ત્યાં તો પ્રાતઃકાળની આવશ્યક ક્રિયાથી પરવારતાં જ આપનો દર્શનાર્થે નિકળવાનો આદેશ થયો.

મૃગાવતી, હા, એ જ સ્થળના દર્શને આપણે જઇ રહ્યા છીએ. ચાર પ્રત્યેકબુદ્ધના કૈવલ્યસ્થાન સંબંધી વૃત્તાન્ત મે ભગવત શ્રી મહાવીરદેવના મુખે શ્રવણ કરેલો, ત્યારથી જ એને નિરખવાની મનમાં ઉત્કંઠા જન્મેલી. આ તરફના વિહારનું કારણ પણ એ જ. દરમિયાન આજે વહેલી પરોડે એક સ્વપ્ન આવ્યું કે–ચાર દ્વારોવાળા મંદિરમાં હું અને મૃગાવતી વીતરાગના શાસનની વાતો કરી રહ્યા છીએ અને એમાં જ્ઞાની ભગવતોએ 'ભાવના ભવનાશિની' જેવા વચન ઉપર ખાસ ભાર મૂક્યો છે તેનું કારણ શું ? એટલે સુધી પ્રતિપાદન કરેલું છે કે–'ભાવનાનો પારો ઊંચો ચડે તો કર્મોનો ગુચ્છો તો જોતજોતામાં ઉકેલાઇ જાય, અને એમાં આત્માને ક્ષપકશ્રેણીનો સંધિપારો મળે તો બેડો પાર થઇ જાય. અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થાય.' મૃગાવતી ! આ પાવનભૂમિ પર આપણા પરિણામની

ધારા વધે તો કેવું ?' એમ કહેતાં જ મારી આંખો ખુલ્લી ગઈ અને જોયું તો આવશ્યક ક્રિયા કરવાનો સમય થયો હતો.

પૂજ્યશ્રી આપની ભાવના જરૂર ફળશે. બાળવય, અખંડ બ્રહ્મચર્ય અને જ્ઞાન છતાં અભિમાનનો અંશ પણ નહીં, ચારિત્રની નિર્મળતા છતાં કોઈ જાતનો આડંબર નહીં, આવા શુદ્ધ ગુણસંપન્ન આત્માને કેવળજ્ઞાન થવું એમાં શંકાને સ્થાન ન જ હોય. નિમિત્ત મળે એટલી જ ઢીલ. ભગવંતોએ 'આત્માને નિમિત્તવાસી' કહ્યો છે એ સાચું છે.

વહાલી શિષ્યા, તારી વાણી કોણ એમ હૃદય ચાહે છે, પણ એ સાથે 'ધાતીકુંગર આડા અતિ ઘણા' એ વચન પણ નેત્રો સામે તરવરે છે. ભગવંતના પ્રથમ ગણધર અને અનંતલબ્ધિનિધાન એવા શ્રી ઇંદ્રભૂતિ હજુ એ મહામૂલા જ્ઞાનથી વંચિત રહ્યા છે ત્યાં મારો ગજ કેવી રીતે વાગવાનો ? પૂર્વનો અંતરાય કેમ છૂટવાનો ? એ તીર્થંકર દેવ સિવાય કોણ કહી શકે ?

ત્યાં તો મૃગાવતી સાધ્વી, સામે દેવાલય જોતાં જ બોલી ઊઠ્યા:—

મહારાજ, જોના દર્શને આપણે નિકળ્યા છે તે પેલું મંદિર હોવું જોઈએ. એને ચોતરફ દરવાજા છે અને શ્રાવિકાએ કહેલી વાત મળતી આવે છે.

હા, હા, એ જ એ ચમત્કારિક સ્થાન ચાર પ્રત્યેકબુદ્ધની કૈવલ્યભૂમિ. તરત જ સર્વ સાધ્વીગણ મંદિરની પ્રદક્ષિણા દઈ એમાં દાખલ થયો. એ પવિત્ર સ્થળના રજકણમાં લાંબો કાળ વહી ગયો હોવા છતા કોઈ અપૂર્વ, અને અવર્ણ સ્મૃતિ સમાઈ હતી. ઘડીભર તો સારુયે સાધ્વીમંડળ સમાધિસ્થ બની ગયું. ત્યાર પછી ગુરુણીજીના આદેશથી સૌએ કાયોત્સર્ગ કર્યો. પુનઃ ઉત્તરદિશ જોડી વંદન કરી, સૌ અંતરમાં અનેરા તરંગો ધારણ કરતાં પાછા વળ્યા. વસતી સુધીનો માર્ગ કાપતાં ખાસ કોઈ ચર્ચા જન્મી નહીં. ફક્ત ચંદનબાળા ગુરુણીએ મૃગાવતીને ઉદ્દેશી એટલું કહ્યું કે—

આવતી કાલે, વહેલી સવારે, આવશ્યક ક્રિયાથી પરવારી આપણે કૌશામ્બી તરફ વિહાર કરવાનો છે. પ્રત્યેકબુદ્ધના કૈવલ્યસ્થાને, મારા હૃદયમાં એક જ નાદ જગાડ્યો છે કે—' ઘર આંગણે ગંગા હોવા છતાં શા સારુ શંકાના વમળમાં અટવાય છે ! સત્વર સ્વયંબુદ્ધ એવા તીર્થપતિના શરણે જા.' વળી સાંભળ્યા મુજબ ચરમજિન શ્રી વર્ધમાનસ્વામી શિષ્યાભાસ એવા ગોશાળાના ભયંકર ઉપસર્ગોમાંથી અણીશુદ્ધ બહાર આવી, દેહની અલ્પ પીડાને ન ગણકારતા શ્રાવસ્તીથી તારી માતૃભૂમિ તરફ વિહાર કરી રહ્યા છે. પ્રભુ પાસે જલ્દી પહોંચી જઈ શંકાનું નિરસન કરવું છે.

જેવી આપની આજ્ઞા. મને એ સ્થાનની સ્પર્શના કરી, ભગિનીના ભૂતકાલીન જીવનમાં ડોકિયું કરતાં એક વાત લક્ષ્ય થઈ છે અને તે ' આત્મશોધન કરવાની ' અને એ સારુ ભગવત જેવાનું સાનિધ્ય છે તો શા માટે અન્યત્ર ભટકવું ?

× × ×

ગુરુણી મહારાજ, મને આપના જેવો ઉપપ્રેમ ન રહો. મારો એ અપરાધ માફ કરો. પ્રમાદથી થયેલ એ દોષ હું ત્રિવિધે ખમાવું છું.

આમ છતા ખમાવવાની ક્રિયા કરનાર શિષ્યાને જવાબ મળતો નથી આમ થવાનું કારણ શું ? આ નજીવી જણાતી ભૂલ કેટલી ગંભીર હતી ? ક્ષમાદિના વિચારમાં અવગાહન કરતી શિષ્યા આત્મશોધનમાં ઊંડી ઉતરી ગઈ અનિત્યાદિ બાર ભાવનાઓના સ્વરૂપમાં રમણ કરવા લાગી. જોતજોતામાં ક્ષપકશ્રેણીનો સવિચારો મળ્યો; અને એના ફળસ્વરૂપે અપ્રતિપાતી એવા કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. ત્યાં તો નિબિડ અંધકારમાં તેણીએ જોયું કે એક કૃષ્ણ સર્પ જ્યાં ગુરુણીજીનો હાથ આડો લંબાયો છે તે તરફથી આવી રહ્યો છે. તરત જ તેણીએ હાથ ખસેડી લીધો એટલે પેલો સર્પ જોતજોતામાં એ માર્ગથી સરી ગયો; પણ એ ક્રિયાથી ગુરુણીજીની નિદ્રા ઊડી ગઈ. તેઓ એકદમ બોલી ઊઠ્યા—મારી નિદ્રાનો ભંગ કોણે કર્યો ?

મહારાજ, એ તો હું આપની શિષ્યા મૃગાવતી.

મેં આપનો હાથ ન ખસેડ્યો હોત તો એ રસ્તેથી જઇ રહેલ કાળો સર્પ આપને ડંખ મારત.

આ સાંભળતાં જ ચંદનબાળા ગુરુણીજી બેઠા થઇ ગયા અને પૂછવા લાગ્યા કે આવા ઘોર અંધકારમાં તે સાપ જોયો કેવી રીતે?

પૂજ્યશ્રી, આપની કૃપાએ પ્રાપ્ત થયેલ જ્ઞાનના બળથી.

એ જ્ઞાન પ્રતિપાતી છે કે અપ્રતિપાતી?

મહારાજ, અપ્રતિપાતી.

એટલે એમ જ કહો ને કે કેવળજ્ઞાન. ખરેખર મારા જેવી પ્રમાદી કોણ હશે! જે વસ્તુની ઝંખના હું વર્ષોથી કરી રહી છું તે દૂર ઠેલાતું જાય છે! શ્રી ગૌતમસ્વામીજી માફક મારા સંબંધમાં પણ બને છે અને તે એ જ કે લોકાલોક-પ્રકાશકર એવા કૈવલ્યથી ગુરુ વંચિત રહે છે અને તેમના દીક્ષિત શિષ્યો એ પામી જાય છે. જીવડા ઉદ્યમશીલ થા સૌપ્રથમ સામે નજર કર. શિષ્યા છતાં આ સમયે એ કેવળી છે. તે પદનો વિનય કરવાનો ચૂકી તું હજુ પ્રશ્નપરંપરા ચલાવી રહી છે! ધિક્કાર છે એ માન્યતાને! એમ બોલી, પોતાનો અપરાધ ખમાવવા જ્યાં મૃગાવતીને પગે પડવા ચંદનબાળા જાય છે ત્યાં તેમને પણ કેવળજ્ઞાન થાય છે. ચિરકાળની ભાવના ફળે છે અને 'ખમીએ અને ખમાવીએ એહજ ધર્મનો સાર તો' જેવા ટકશાળી વચનથી વાતાવરણ મ્હેકી ઊઠે છે.

જે અંકોડો ખૂટે છે તે આ પ્રમાણે-ભગવાન મહાવીરદેવ જ્યારે કૌશામ્બીમાં પધાર્યા અને મહાન્ ઉપસર્ગમાંથી માનવ-નજરે બચી ગયા, એના ઉલ્લાસમાં જ્યોતિષ ઇંદ્રો-ચંદ્ર અને સૂર્ય મૂળ વિમાને આ નગરીમાં આવ્યા. જ્ઞાતા પૂછી, સમવસરણમાં દેશના સાંભળવા બેઠા. પ્રકાશનો પુંજ એટલો વિસ્તર્યો કે એમાં સંધ્યાકાળ થઇ ગયો છતાં એની ખબર પ્રાકૃત જનને ન પડી શકી! દેશના અર્થે પધારેલ ચંદનબાળા, અનુભવના અભ્યાસથી સંધ્યાકાળ પારખી, પોતાની વસ્તીમાં પાછા ફર્યા. દેશનાશ્રવણમાં જેનું મન લીન બન્યું છે એવી મૃગાવતીને એ વાતની ખબર ન રહી; દેશના પૂર્ણ થતા અને ઇંદ્રો વિદાય લેતાં, સર્વત્ર એકાએક અંધકાર પ્રસરી રહ્યો. મૃગાવતી પોતાને એકાકી રહેલ જોઇ મુંઝાયા, અને સત્વર વસતીમાં આવ્યા. જોયું તો ગુરુણીજી આદિ સાધ્વીગણ આવશ્યક ક્રિયા કરી, સંથારે પોઢી ગયેલ.

ચંદનબાળા પણ નિદ્રાધીન થવાની તૈયારીમાં હતા. તેમણે મૃગાવતીને ઉદ્દેશી કહ્યું કે-આપણા આચારને ધ્યાનમાં રાખી સંધ્યાકાળ થતાં જ વસ્તીમાં આવી જવું ઘટે. તારા સરખી કુલીન ઘરની શિષ્યાએ આવો પ્રમાદ ન કરવો જોઇએ. આ જાતની શિખામણ આપી ગુરુણીજી તો ઊંઘી ગયા મૃગાવતી સાધ્વી આવશ્યક ક્રિયા ટાણે પોતાના દોષો ખમાવતાં ગુરુણીજીના પગે પડ્યા, અને જવાબ ન મળતાં પુનઃ પુનઃ દોષશોધનમાં ઊંડા ઉતર્યા તે આપણે જોઇ ગયા.

સુ ભા ષિ ત

वने कुरंगास्तृणधान्यभुक्ता, बुभुक्षिता घ्नन्ति कदा न जीवान् ?।
एवं कुलीना व्यसनाभिभूता, न नीतिमार्गं परिलंघयन्ति ॥

ભૂખે ભલે પિંડથી પ્રાણ જાય,
હરિણ ના હિંસક તોય થાય;
આવી પડે સાધુ ભલે અપાયે,
છોડે ન નીતિ તદપિ જરાયે.

જીવન અને આનંદ

લેખક:—બચ્ચુભાઈ વાડીલાલ શાહ.

જીવન અને આનંદ—તેમાં આનંદ એ મનની એક પ્રકારની સ્થિતિ છે તેનો જીવનની સાથે કેવો અને કેટલો સંબંધ છે? એટલે કે જીવનમાં તેનું શું સ્થાન છે તે વિચારીએ.

આપણે જોઇ શકીએ છીએ કે બાળક કે વૃદ્ધ, કેળવાયેલ કે બિનકેળવાયેલ, સંસારી કે ત્યાગી, દરેકને આનંદની જરૂર છે. આનંદ વગરનું જીવન શુષ્ક અને ભારરૂપ લાગે છે. બાલ્યાવસ્થામાં બાળકો નિર્દોષ રમતો રમીને આનંદ કરે છે. વિદ્યાર્થી અવસ્થામાં કેટલાક સારામાં સારો અભ્યાસ કરવામાં આનંદ માને છે. જ્યારે કેટલાક દોસ્તોનો તથા કુટુંબોને પોષવામાં આનંદ માને છે. યુવાવસ્થામાં દરેક પોતાની જુદી જુદી જાતની ઇચ્છાઓ તૃપ્ત કરવામાં આનંદ માને છે. કોઇક પોતાની કીર્તિ અને આબરૂ વધે તેવાં, કોઇક પરોપકારી કાર્યો કરી સંતોષ મેળવવામાં તો કોઇક તુચ્છ કાર્યો કરવામાં આનંદ માને છે. કોઇક ગમે તે ભોગે (ગમે તેવાં દયાહીન કાર્યોથી) પોતાની તિજોરીને છલોછલ ભરવામાં આનંદ માને છે. જ્યારે કોઇક વળી બાપે છલોછલ ભરેલ તિજોરીનું તળિયું શોધવાના પ્રયોગમાં આનંદ માને છે. વૃદ્ધાવસ્થામાં કોઇક યમનિયમ અને તપજપ વિગેરે ધાર્મિક કાર્યો કરી નિવૃત્તિમય સરવૈયું સરખું બનાવવામાં આનંદ માને છે. જ્યારે કેટલાક કેવળ બાહ્યાડંબર તરીકે આચારવિચાર વગરનાં નિષ્પ્રાણ ક્રિયાકાંડો કરી સ્વર્ગનું વિમાન તેમને માટે રીઝર્વ થશે જ એવી આશાઓ બાંધવામાં આનંદ માને છે. કોઇક ત્યાગી વૈરાગી આત્માઓ—મહાત્માઓ સિદ્ધસેનદિવાકર ઉ૦ યશોવિજયજી મ. આનંદઘનજી, ચિદાનંદમહારાજ તથા યુગપ્રધાન હિરવિજયસૂરિ, કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજી ને આત્મારામજી મહારાજ તથા યોગનિષ્ઠ બુદ્ધિસાગરસૂરીશ્વરજી અને મહાત્મા ગાંધી અને જવાહરલાલ પંડિત જેવા પોતાનાં સર્વસ્વનાં ભોગે બીજાની સુખશાંતિ કે આનંદમાં પોતાનો આનંદ માને છે, જ્યારે કેટલાક સર્વના ભોગે પોતાનાં આનંદમાં સર્વનો આનંદ ગણી લે છે. ધારો કે આપણે મુસાફરીએ નીકળ્યા હોઇએ, તેમાં આપણી બધી સુખસગવડતાઓ સચવાય તેમાં આનંદ પડે કે અગવડો અથવા મુશ્કેલીઓમાં આપણાં બુદ્ધિ-બળનો ઉપયોગ કરવામાં ખરો આનંદ પડે? રાંપી સપાટ જમીન ઉપર વાહનોમાં મુસાફરી કરવામાં આનંદ પડે, કે પર્વતો, ખીણો વગેરે ઠેકાણે પગે ચાલીને મુસાફરી કરવામાં ખરો આનંદ પડે? આ પ્રશ્નોના જવાબો આપણે સમજી શકીએ તેમ છીએ તો પછી આ જીવન પણ એક મુસાફરી નથી? તેમાં આવતી અગવડો સગવડોમાં અગર મુશ્કેલીઓમાં આપણે શા માટે આનંદ ન માણી શકીએ? આનંદ એ કોઇ નક્કર વસ્તુ નથી પરંતુ મનની સ્થિતિ છે. જો આપણે બુદ્ધિપૂર્વક વિચારીએ તો આપણે માની લીધેલી સગવડતાઓ અને મુશ્કેલીઓ જ આપણને ખરો આનંદ આપે છે, માટે આપણે જીવનમાં મુશ્કેલીભર્યાં કાર્યોને મુશ્કેલ નહિ ગણતા તેમાં બહાદુરીપૂર્વક સફળતા મેળવવામાં જ આનંદ માનવો જોઇએ. આપણે મહાન્ પુરુષોના જીવનચરિત્રોમાં જોઇ શકીએ છીએ કે મહાવીરસ્વામી ભગવાને અનેક સંકટો અને તપ-જપ કરી તેમના જીવનમાં જીવનધ્યેયો પાર પાડવામાં જ આનંદ માનેલો છે. આનંદ નિર્દોષ અને પવિત્ર હોવો જોઇએ. તે સ્વાર્થી ન હોવો જોઇએ. અને આપણો આનંદ બધાને આનંદ પમાડનારો હોવો જોઇએ જીવન (આપણી મુસાફરી) એ એક આનંદ જ છે. જીવનની દરેક પ્રવૃત્તિ આનંદમય માનવી જોઇએ અને આનંદપૂર્વક જ કરવી જોઇએ. મહાત્માઓનાં જીવન આનંદમય હોય છે. તેનું કારણ પણ આ જ છે.

જીવનસૌન્દર્ય

અનુ—વિઠ્ઠલદાસ મૂ. શાહ.

'There is no beautifier of complexion or form or behaviour like the wish to scatter joy around us" ઈમર્સન

(આપણી આસપાસ સર્વત્ર આનંદ ફેલાવવાની ઇચ્છા સમાન આકૃતિને, શરીરને અથવા વર્તનને સુંદર કરનાર એક પણ વસ્તુ નથી)

જ્યારે વિદેશીઓએ ગ્રીસદેશ પર હુમલો કર્યો, તેના મંદિરોનો અને કારીગરીવાળા સુંદર કામોનો નાશ કર્યો તે વખતે પણ જે સૌંદર્ય સદા પ્રસરી રહ્યું તેનાથી લોકોનું જનૂન સહેજ નરમ પડ્યું હતું સત્ય છે કે તે લોકોએ તેના સુંદર અને મનોહર પુતળાઓને છિન્નભિન્ન કરી નાખ્યા પરંતુ સૌંદર્યનો આત્મા જીવતો જ રહ્યો અને તેનાથી દૂર હૃદયમાં નવું જ ચૈતન્ય જાગૃત થયું ગ્રીસદેશની કળાના આ દેખાતા મૃત્યુમાંથી રોમન કળાનો જન્મ થયો રોમન લોકોએ ગ્રીસદેશ પર વિજય મેળવ્યો અને તેની કળાકારીગરીના ખજાના રોમમાં લઈ ગયા તે પહેલા ઇટાલીમાં કળાનું અસ્તિત્વ જ નહોતું

ઘણા સૈકા પૂર્વે કોઈએ મહાન્ તત્ત્વજ્ઞ પ્લેટોને પૂછ્યું હતું કે 'ઉત્તમ કેળવણી શ્યી કહી શકાય?' પ્લેટોએ પ્રત્યુત્તર આપ્યો કે "જે કેળવણીથી આત્મા અને શરીર યોગ્યતાના પ્રમાણમાં સુંદર બને તે જ કેળવણી ઉત્તમ છે" મનુષ્યના યોગ્ય વિકાસ માટે માનસિક તેમજ શારીરિક ભિન્ન ભિન્ન પ્રકારના ખોરાકની જરૂર છે આ ખોરાકમાં જે વસ્તુની જેટલી ઊણપ રહે તેના પ્રમાણમાં તેનું જીવન નબળું બને છે અરધા ખોરાકથી માણસ પૂર્ણતા મેળવે એ વાત અશક્ય છે એકલાં શરીરને આત્માને ક્ષુધાતુર રાખવાથી માણસ સમતોલપણું જાળવી રાખે આ આશા વ્યર્થ છે, તેજ પ્રમાણે શરીરને ક્ષુધાતુર રાખી એકલા આત્માને પોષવાથી શારીરિક તેમજ આધ્યાત્મિક ક્ષેત્રમાં માણસ સમર્થ બને એ આશા પણ કેટલેક અંશે નિરર્થક છે

જ્યારે બાળકોને જુદા જુદા પ્રકારનો પૂરતો યોગ્ય ખોરાક મળતો નથી, જ્યારે તેઓને મગજ, મજ્જાતંતુ અને સ્નાયુના પોષણ માટે જરૂરી ચીજો આપવામાં આવતી નથી ત્યારે તેઓના વિકાસમાં તેટલા પૂરતી ખામી રહે છે યોગ્ય ખોરાકની ખામીને લઈને તેઓ નબળા અને શક્તિહીન બને છે દાખલા તરીકે જો બાળકને તેના ખોરાકમાં પૂરતું ફોસ્ફેટ મળતું નથી તો તેના હાડકાંનું બંધારણ મજબૂત થઈ શકતું નથી, જેને પરિણામે તેના શરીરનો બાંધો નબળો બને છે અને શરીરના સાંધા ઢીલા થઈ જાય છે જો મગજ અને મજ્જાતંતુના પોષક ફોસ્ફેટીક તત્ત્વો ઓછા પ્રમાણમાં હોય છે તો તેથી આખા શરીરના બંધારણ પર અસર થાય છે મગજ અને મજ્જાતંતુઓ અપૂર્ણ, અશક્ત અને અવિકસિત રહે છે જેવી રીતે શરીર મજબૂત, સુંદર અને નીરોગી બનાવવાને બાળકને ભિન્ન ભિન્ન પ્રકારના શારીરિક ખોરાક આપવાની જરૂર છે તેવી જ રીતે મનને યોગ્ય પોષણ આપી સબળ નીરોગી અને ચપળ બનાવવાને માનસિક ખોરાકના વૈવિધ્યની પ્રત્યેક માણસને આવશ્યકતા છે

પૈસા પ્રાપ્ત કરવાના આપણા દેશનાં આશ્ચર્યકારક સાધનોએ આપણા લોકોની લોભવૃત્તિને એટલી બધી ઉત્તેજિત કરી મૂકી છે કે ઉચ્ચતર શક્તિઓને ભોગે આપણી ભૌતિક શક્તિઓનો અતિ વિકાસ થઈ જશે એવો ભય રહે છે શારીરિક અને માનસિક બળને જ માત્ર ખીલવવું એ બસ નથી, જો કુદરત અને કળાના સૌંદર્યને પારખવાની શક્તિને પોષણ આપવામાં ન આવે તો આપણું જીવન પુષ્પ અને પક્ષી વગરના મધુર સુગંધ અને સ્વર વગરના પ્રદેશ જેવું શુષ્ક થઈ જાય તેમાં કાંઈ આશ્ચર્ય નથી ધારો કે શરીર સાબળ હોય તો પણ જે સૌંદર્યથી

તેની સબળતા શોભે અને તેને આકર્ષક બનાવે તેની ખામી તો રહેશે જ.

આખું જગત રમ્યતાથી ભરપૂર છે, સંગીતથી સંપૂર્ણ છે; અને પૃથ્વી તથા સમુદ્રનું સૌંદર્ય ચોમેર પ્રસરી રહેલું છે. આ સઘળું નકામું નથી અને આ સૌંદર્યની વિપુલતાના દૃષ્ટાંતરૂપ મનુષ્ય પોતે જ છે. જો તમારે મનુષ્યત્વ શબ્દના વિશાળ અર્થમાં મનુષ્યત્વ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો માત્ર એક જ શક્તિનો વિકાસ કરી અન્ય શક્તિઓને અવિકસિત રાખવાથી સંતોષ માનવાનો નથી; કેમકે કોઇ પણ પ્રકારનો એકિક લાભ થવાથી જીવનની સ્વાર્થી અને સ્થૂલ બાજુ જ વિકાસ પામે છે.' જે માણસમાં સૌંદર્ય પારખવાની શક્તિ નથી, જે માણસ કોઇ ભવ્ય ચિત્રથી, રમણીય સુર્યાસ્તથી અથવા કુદરતના અલૌકિક સૌંદર્યથી પુલકિત અને પ્રફુલ્લ થતો નથી તેનામાં કંઇ પણ ખામી હોવી જોઇએ.

જંગલી લોકોમાં સૌંદર્યની ગુણગ્રહણશક્તિ બિલકુલ હોતી નથી. તેઓને માત્ર પશુવૃત્તિ અને વિકારોને જ સાધન હોય છે; પરંતુ જેમ જેમ સુધારો પ્રગતિ કરે છે તેમ તેમ લોભવૃત્તિ વધે છે, જરૂરિયાતો વધે છે અને ઉચ્ચતર શક્તિઓનો આવિર્ભાવ થાય છે. તે એટલે સુધી કે સૌંદર્યને માટે પ્રેમ અને ઇચ્છા ઘણી સરસ રીતે વિકાસ પામે છે. જે આપણને શરીર ઉપર, ગૃહમાં અને આપણી આસપાસ પ્રકટ થયેલ દૃષ્ટિગોચર થાય છે. એક મહાન વિચારકે કહ્યું છે કે " મનુષ્યના ઉચ્ચ અને ઉત્તમ ગુણોના વિકાસમાં સૌંદર્યે સંપૂર્ણ પાઠ ભજવ્યો છે, અને સુધારાનું માપ શિલ્પકળા અને ચિત્રકળા પરથી કરી શકાય છે. "

સૌંદર્યના પ્રેમની અસર ચારિત્ર્ય પર ઘણી જબરી છે. જ્યાં વધારે ઔદાર્ય, વધારે માધુર્ય અને વધારે સૌંદર્ય મેળવવાને બદલે વધારે દ્રવ્ય કેમ સંપાદન કરવું એ સૌથી અગત્યનું છે એમ વિચાર કરવાનું શિખવવામાં આવે છે તેવા વાતાવરણમાં જે બાળકને ઉછેરવામાં આવે તે ઘણું જ કમનશીબ સમજવું. આવા પ્રકારની ખોટી કેળવણીથી એક ઊછરતા જીવનને તેના સ્વાભાવિક માર્ગમાંથી ખસેડી મૂકવું, તેના આધ્યાત્મિક મધ્યબિન્દુમાંથી ચલિત કરવું અને ભૌતિક લક્ષ્ય તરફ ચલાવવું તે ખરેખર નિર્દય કામ છે. જ્યારે મન કોમળ હોય છે અને મારા વા નરસા સંસ્કાર સત્વર ગ્રહણ કરવાને શક્તિમાન હોય છે ત્યારે બની શકે તેટલી દરકારે બાળકોને કુદરત અને કળાના સૌંદર્યની વચમાં મૂકવાની આવશ્યકતા છે. કોઇ પણ સુંદર વસ્તુ તરફ તેઓનું ધ્યાન ખેંચાય એવો એક પણ પ્રસંગ જવા દેવો જોઇએ નહિ. આમ કરવાથી તેઓનું જીવન એવા ખજાનાથી સંપન્ન થશે કે જે પછીની જિંદગીમાં કોઇપણ કિંમતે તેઓને અપ્રાપ્ય છે. આપણા સુંદર ગુણો, ઉચ્ચ વિચારો, નાજુક લાગણીઓ અને સૌંદર્યના પ્રેમને ખીલવવાનું કાર્ય જિંદગીમાં વહેલું શરૂ કરવાથી કેટલો બધો સંતોષ પ્રાપ્ત થાય છે! આથી માત્ર સંતોષ અને સુખ ઉપજશે એટલું જ નહિ પણ કાર્યદક્ષતા પણ દિનપ્રતિદિન વૃદ્ધિ પામતી જશે.

(ચાલુ)

માથે મુંડન કરાવવાથી સાધુ થવાતું નથી, ઓમ્‌કારના ઉચ્ચારથી બ્રાહ્મણત્વ પ્રાપ્ત થતું નથી, વનવાસથી કે ભગવાં વસ્ત્રોથી ઋષિ કે સંન્યાસી થવાતું નથી, પણ સમભાવથી સાધુ, બ્રહ્મચર્યથી બ્રાહ્મણ, જ્ઞાનથી ઋષિ અને તપથી તપસ્વી થવાય છે.

ભ૦ મહાવીર

ઉપવાસ બાદ હજારો ગુરુભક્તોની હાજરી વચ્ચે તા ૧૮-૯-૫૫ના રોજ ૮૩ વરસની વયે તેઓશ્રી આ દુનિયા છોડી ચાલ્યા ગયા આચાર્યશ્રીના દિગમ્બર સમાજ ઉપર ઘણાં ઉપકારો છે એ ઉપકારોની સ્મૃતિરૂપ રોચક આઠ પેજી ૨૧૦ પૃષ્ઠો અને ૭૫ ચિત્રો ધરાવતો આ દળદાર ખાસ અંક પ્રગટ કરવામાં આવ્યો છે અને ૫૦ કાવ્યો અને ૭૫ લેખોનો તેમાં જ્ઞાન-સંભાર પીરસવામાં આવેલ છે

જુદા જુદા લેખોમાં આચાર્યની જીવનસૌરભ રજૂ કરવામાં આવી છે સ ૧૯૨૮ માં દક્ષિણના ભોજ ગામે તેઓશ્રીનો જન્મ થયો સાતગોંડાના નામે તેઓ ઓળખાયા નવ વરસની વયે છ વરસની કન્યા સાથે તેમના લગ્ન થયા અને છ માસમાં તેમના પત્નીનું અવસાન થતાં પોતે ત્યાગમાર્ગ અખત્યાર કર્યો, લાંબા કાળના દીક્ષાપર્યાયમાં તેઓશ્રીના હસ્તે દિગમ્બર સંપ્રદાયનો મહાન્ શાસ્ત્રીય ગ્રંથ ધવળ-મહાધવળ ગ્રંથનો ઉદ્ધાર કરવામાં આવ્યો તામ્રપટમાં પણ તે આલેખવામાં આવ્યો અને તેઓશ્રીના હસ્તે અનેક મુમુક્ષુઓને ત્યાગ અને તપશ્ચર્યાના માર્ગે ચઢાવવામાં આવ્યા તેઓશ્રીની જીવનરેખાના આ મુદ્દાઓ આમાં ચર્ચવામાં આવ્યા છે તેમ જ તેઓશ્રીનું કુટુંબ ત્યાગ-માર્ગનું પરમ ઉપાસક હોઈ તેઓશ્રીના વડીલ બન્ધુ વર્ધમાનસાગર આજે ૯૪ વરસની વયે પણ મુનિધર્મને દીપાવી રહ્યા છે

એકંદર સંપાદકે આ સ્મૃતિઅંક પ્રગટ કરીને યોગ્ય ગુરુભક્તિ કરી છે રજૂ કરવામાં આવેલ સામગ્રીમાં ખૂબ રસ આચાર્યદેવના થોડા પ્રવચનોની પ્રસાદી આપવામાં આવી હોત તો તેઓશ્રીના વિચાર-પ્રદેશનો જનતાને સાંગોપાંગ પરિચય મળી રહેત

રજૂ થયેલ લેખોમાંથી એક ધ્વનિ એ પણ નીકળે છે કે દિગંબરત્વ એટલે પરમ ત્યાગનો માર્ગ અને આચાર્ય શાન્તિસૂરિ એટલે મહાન્ ત્યાગમૂર્તિ આવી ત્યાગમૂર્તિના અભિષેક અને ભસ્મ ધખરાવવાની વિધિમાં કેવળ શ્રીમંતાઈને જ અધિકાર શા માટે? વીતરાગનો ધર્મ પૈસાના ત્રાજવે તોળવાનું આપણને શોભે ખરું? ધર્મની સાથે વહેવારને એવી રીતે મિશ્ર કરી દેવામાં આવેલ છે કે પરિણામે ત્યાગ-માર્ગની ઉપાસના કરતા કરતા આપણે પોતે જ અર્થલોલુપતાના બંધનો બાંધી રહ્યા છીએ! આ રીતે રજૂ થયેલ પ્રશ્નો જરૂર વિચારણા તો માગે જ છે.

શોકજનક અવસાન

આ સભાના આજીવન સભ્ય શ્રીયુત વનમાળીદાસ ગોવિંદજી પારેખના ભાવનગરખાતે મહા વદ ૪ મંગળવારે પચાવન વરસની વયે થયેલા દુઃખદ અવસાનની નોંધ લેતાં અમો અમારી દિલગીરી વ્યક્ત કરીએ છીએ

ધાર્મિક ભાવના અને વ્યવહારુ દૃષ્ટિએ સદ્ગતના જીવનની વિશિષ્ટતા હતી કૃષ્ણનગરના ઉપાશ્રયે પધારતા સાધુ-સાધ્વીની ભક્તિથી તેઓ સૌ કોઈને પોતાના બનાવી શકતા હતા તેઓશ્રીના અવસાનથી આપણને એક ભાવનાશીલ ધર્મપ્રેમી સેવાભાવી ગૃહસ્થની ખોટ પડી છે તેમના અવસાનથી તેમના કુટુંબ પર આવી પડેલ વિયોગના દુઃખ માટે અમો અમારી સમવેદના વ્યક્ત કરીએ છીએ અને સદ્ગતના આત્માની શાન્તિ પ્રાર્થીએ છીએ

નિર્ભય બનો, ઊઠો અને મુક્ત થાઓ

ભય એ જ મૃત્યુ છે, ભય એ જ પાપ છે, ભય એ જ નરક છે, ભય એ જ અધર્મ છે, ભય એ જ વ્યભિચાર છે. જગતમાં જેટલી અસત્ અથવા મિથ્યાભાવના છે તે સર્વે ભયરૂપી શયતાનમાંથી પ્રકટ થયેલ છે. જીવનનું સમગ્ર રહસ્ય નિર્ભય થવુ એ જ છે. 'હાય, મારું શું થશે ?' એવો કદિ પણ ભય રાખશો નહિ. બીજા કોઈના ઉપર વિશ્વાસ રાખશો નહિ. જ્યારે તમે બીજાની સહાય મેળવવાની આશા-વિશ્વાસ તજી દેશો તે ક્ષણથી જ તમે મુક્ત થશો. પોતાને દુર્બળ માનવો એ સર્વ કરતાં મહાન પાપ છે. તમારા કરતાં બીજું કોઈ પણ મહાન્ નથી. તમે બ્રહ્મસ્વરૂપ છો એવું ખાત્રી પૂર્વક માનો અને બ્રહ્મદર્શન કરો.

કેવળ આપણા શાસ્ત્રમા જ ભગવાનને 'અભય' અને 'નિર્ભય' એવું નામ આપવામા આવ્યું છે. આપણે અભય, નિર્ભય થવું જોઇએ. નિર્ભય થતા આપણાં સર્વ કાર્યો સિદ્ધ થશે. મનુષ્ય જાતિના ઇતિહાસમા જોવામાં આવે છે કે જે કોઈ શક્તિનો વિકાસ થયો છે તે સર્વસાધારણ મનુષ્યમાં જ થયો છે. જગતમા જેટલા મહાન્ પ્રતિભાસંપન્ન પુરુષો જન્મ્યા છે તે સર્વે સાધારણ લોકોમાથી જ જન્મ્યા છે. જે ઇતિહાસમા એક વખત બન્યું છે તે પુનઃ બનવા પામશે. કોઇ પણ વસ્તુથી ભય પામશો નહિ. અભય બનશો તો તમે અદ્ભુત કાર્ય કરી શકશો. જે ક્ષણે તમારા હૃદયમા ભયનો સંચાર થશે તે જ ક્ષણે તમે શક્તિશૂન્ય થઇ જશો. ભય એ જ જગતમાં સર્વ દુઃખોનું કારણ છે. ભય એ જ સર્વથી મહાન્ કુસંસ્કાર છે. તમને કોણ દુર્બળ કહી શકે તેમ છે ? તમને કોણ ભય પમાડી શકે તેમ છે ? એક માત્ર તમે જ જગતમા સર્વત્ર વિરાજી રહેલ છો તે કેમ ભૂલી જાઓ છો ? તમને કોનો ભય લાગે છે ? સર્વત્ર તમારો જ આત્મા-એક જ આત્મા વિરાજી રહેલ છે તે કદી પણ ભૂલશો નહિ. અણુઅણુમાં તે જ એક ચેતનતત્ત્વ-આત્મતત્ત્વ છે. પછી ભય કોને ? ભય કેવો ? માટે જ કહું છું કે—

"નિર્ભય બનો, ઊઠો અને મુક્ત થાઓ"

—સ્વામી વિવેકાનંદ

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઈ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર

શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKASH



તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થ

પ્રગટકર્તા:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૩
અંક ૯-૧૦ મો

ચૈત્ર-વૈશાખ
સં૦ ૨૦૧૨

અનુક્રમણિકા.

૧ નિજાત્મ દમલને	(પાદરાકર)	૧૨૯
૨. દ્રુતિપલાસ ચૈત્યનો એક પ્રસંગ	(શ્રી મોહનલાલ દી. ચોકસી)	૧૩૦
૩. જીવનની દીવાદાંડી	(શ્રી પ્રાણજીવન હરગોવિંદદાસ ગાંધી)	૧૩૩
૪ ભગવાન મહાવીરનો દીક્ષા મહોત્સવ ...	(શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર")	૧૩૬
૫ અબ્ધ-હરિત ન્યાયનું જૈન અને બૌદ્ધ દૃષ્ટિએ નિરૂપણ...	(શ્રી જયંતિલાલ ભાઇશંકર દવે)	૧૪૦
૬. શ્રી વીરની સાથે થોડી કડવી-મીઠી	(શ્રી ન. અ કપડી)	૧૪૨
૭. જગત વત્સલ ભગવાન મહાવીર	(શ્રી કુલચંદ હ દોશી)	૧૪૫
૮. 'નવચક્ર' ની નવી હસ્તપ્રત...	...(શ્રી રતિલાલ દી. દેસાઇ)	૧૪૭
૯ સમાનતાવાદ	(મુનિશ્રી દર્શનવિજયજી 'ત્રિપુટી')	૧૫૧
૧૦. નિંદા કરનારનુ. પણ સન્માન કરો	(ભગવાનભાઇ પ્રાગજી સંઘવી)	૧૫૪
૧૧ સાભાર-સ્વીકાર		૧૬૦
૧૨. વર્તમાન સમાચાર		ટા પે ૨

સંયુક્ત અંક.

આ વખતે ચૈત્ર તથા વૈશાખ માસનો સંયુક્ત અંક પ્રકટ કરવામાં આવ્યો છે એટલે હવે પછીનો અગિયારમો જ્યેષ્ઠ માસનો અંક ૧૫ મી જુને પ્રસિદ્ધ થશે.

વર્તમાન સમાચાર

જન્મ જયન્તિ મહોત્સવ

ચૈત્ર સુદી ૧-૨ ગુરુવારે આચાર્યશ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજની જન્મ જયન્તિ મહોત્સવ અંગે આ સભાના સભ્યો પાલીતાણા ગયા હતા, જ્યાં શેઠ શ્રી સકરચંદ મોતીલાલ મૂળજી તરફથી પ્રતિવર્ષ કરવામાં આવે છે તેમ સિદ્ધાચળજી ઉપર પૂજા ભણાવી ત્યાં વિરાજમાન છે તે ગુરુદેવની મૂર્તિને અંગરચના કરવામાં આવેલ અને સભાના સભાસદોનુ પ્રીતિભોજન કરવામાં આવ્યું હતુ

શ્રી કથારત્નકોષ (ભાષાંતર દ્વિતીય ભાગ.)

કર્તા—શ્રી દેવભદ્રાચાર્ય મહારાજ.

જેમાં સમ્યક્ત્વના તેત્રીશ સામાન્ય ગુણો, પંચ અણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણોનું સુંદર-સરલ નિરૂપણ તથા વર્ણન, તેને લગતી પ્રાસંગિક, મૌલિક, અનુપમ નહિં જાણેલી, સાંભળેલી, વાંચેલી, નવીન પચાસ કથાઓ, અન્ય અનેક અંતર કથાઓ અને સત્પુરુષોના માર્ગો, ઋતુ ઉપવન, રાજ્ય લક્ષણો, સામુદ્રિક તેમ જ વ્યવહારિક, સામાજિક, રાજકીય અને નૈતિક વગેરે અનેક વિષયો દેવ, ગુરુ, ધર્મ, જિનપૂજા વગેરેના સ્વરૂપો અને વિધાનોનુ વર્ણન વગેરે અનેક વિષયો આવેલા છે પ્રથમ ભાગમાં સમ્યક્ત્વના વીશ ગુણોનુ વર્ણન આપવામાં આવ્યુ છે આ બીજા ભાગમાં બાકીના તેર સમ્યક્ત્વના અને પંચ અણુવ્રતના મળી કુલ અઢાર ગુણોનુ કથાઓ સહિત વર્ણન આપવામાં આવ્યું છે સારા કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોથી આ સભાના માનવંતા પેટ્રન સાહેબો લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે ભેટ આપવા આ ગ્રંથ છપાય છે. સુમારે ત્રીશ ફોર્મ ક્રાઉનબાર પેજી લગભગ ૨૫૦) પૃષ્ઠમાં તૈયાર થશે નવા થનાર પેટ્રન સાહેબો તેમજ લાઇફ મેમ્બરોને પણ ભેટ આપવામાં આવશે

શ્રી આત્માનંદ પ્રકાશ

વીર સં. ૨૪૮૨ | ચૈત્ર-વૈશાખ | પુસ્તક ૫૩ મું.
વિક્રમ સં. ૨૦૧૨ | અંક ૯-૧૦ મો

નિજાત્મ હંસલને

(રાગ—રૂષભ જિણંદશું પ્રીતડી)

હૃદય સરોવર હંસલો, ચારો ચરતો રે જ્ઞાન મોતી અમૂલ.
માનસ સરવર મહાલતો, પરખંદો રે પય-જળનો સુકુળ ! હૃદય૦

સોહંતો સલુણા સ્વભાવથી, પરભાવે રે જાણે જીવન ધૂળ !
સંતહૃદય સમ શુદ્ધ જે, ધારે દેવી રે એ તો જીવન દુકૂલ ! હૃદય૦

માજુ માણે મોઘી મસ્ત એ, જેના હૈયા રે ફોર્યાં ફૂલ બકુલ !
નયનો નિર્મળીઆં નેહે ભર્યાં, અજવાળ્યાં રે જાણે જોગીના કુળ ! હૃદય૦

એને ઠકાર મૌક્તિકના, નવ શોધે રે મચ્છ શેવાળ મૂળ !
શોભંતો સરળ-કમળ-મુખે વાણી વદતો રે એ તો અમળ અમૂલ ! હૃદય૦

નય-નિક્ષેપ નયન ઝરે, આત્માનંદે રે, જડ્યાં જીવન-મૂળ !
પર્યાય-દ્રવ્ય-ગુણે ભર્યાં, અસ્તિ-નાસ્તિ રે ફોરે રંગરંગ ફૂલ ! હૃદય૦

ઝોલે-ઝોલાવે-દયામૃતે, એની ચંચુ રે મણિમય અણમૂલ !
તત્ત્વ મૌક્તિક લાલન ચરે, સિદ્ધાતો હો આત્મતત્ત્વનાં તુલ ! હૃદય૦

સ્વગુણ રમણ રસીયો સદા, રામે રામે મુક્તિ પ્રેમે પ્રફુલ !
વ્હાલા મણિમય હંસલા, ઘેર આવો હો ધારી સ્વરૂપ દુકૂલ ! હૃદય૦

પાદરાકર

દૂતિપલાસ ચૈત્યનો એક પ્રસંગ

ચરમ તીર્થપતિનો જન્મદિન આવતા જ સહજ તેઓશ્રીના જીવન પ્રતિ દ્રષ્ટિ ખેંચાય છે એક રીતે જોઈએ તો શ્રીમદ્ કાલિકાચાર્યે સભા સમક્ષ શ્રી કલ્પસૂત્ર વાચનની પ્રથા શરૂ કરી આમ જનસમૂહ ઉપર ભારે ઉપકાર કર્યો છે. એ દ્વારા વર્ષમાં એક વાર ઉપાસકોને પોતાના ઇષ્ટ એવા તીર્થંકરોમાના ચારના જીવન યેકા વિસ્તારથી જાણવાનો યોગ સાંપડે છે, અને એમાં પણ શાસનનાયક એવા **શ્રી વર્ધમાનસ્વામીના** જીવન સબંધમાં સુયોગ્ય વિદ્વાન ઉપાધ્યાય શ્રી વિનયવિજયજીએ લગભગ છ વ્યાખ્યાનો પોતાની ટીકામા નિયત કર્યા છે આમ છતા ભગવત શ્રી મહાવીરદેવના જીવન સબંધી એમા સર્વ કંઇ આવી જાય છે એવુ નથી જ. જરા બારિકાઇથી અવલોકીએ તો અંતિમ તીર્થપતિનુ જીવન એટલે કર્મરાજ સાથેનો સંગ્રામ કહી શકાય એ વાત જ મુખ્યપણે પવિત્ર એવા શ્રી કલ્પસૂત્રના પાનામા સંગ્રહાયેલી છે. તેઓશ્રીએ ચાર ઘાતી કર્મોનો પૂર્ણપણે ઘાત કરી ઋજુવાલિકા તટે અપૂર્વ એવા કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી ત્યારપછી જે અદ્ભુત કામ બાકીના ત્રીશ વર્ષ સુધી કર્યું એની આછી રેખા સરખી પણ ઉપર વર્ણવેલ સૂત્રમા નથી. માત્ર કયા કયા સ્થાને કેટલા ચોમાસા કર્યા એની નોંધ આલેખી સૂત્રકાર ભગવતનો નિર્વાણસમય કંઇક વિસ્તારથી વર્ણવે છે.

આજના વિજ્ઞાન યુગની નજરે ભગવતના બોતેર વર્ષને નિમ્ન પ્રકારે વિભાજિત કરી શકાય

(૧) નિષ્ક્રમણ માટેનો તૈયારી કાળ અથવા ગૃહસ્થ જીવનના ત્રીશ વર્ષ

(૨) પૂર્ણ જ્ઞાનપ્રાપ્તિ પૂર્વેનો સમય અર્થાત્ કર્મરાજ સાથેના સંગ્રામમા વ્યતીત કરાયેલ સાડાબાર વર્ષ.

(૩) કેવલ્યરૂપી સિદ્ધિ દ્વારા જન ઉપકાર કરવાને કંઇક ઊણા ત્રીશ વર્ષ સુધી ઉપદેશકનુ જીવન

વર્તમાન યુગને નજર સામે રાખીએ તો ભગવતના જીવનનો છેલ્લો ભાગ આજે જેટલા પ્રમાણમા વધુ પ્રચાર પામે તેટલા પ્રમાણમા વધુ લાભદાયી છે, કેમકે એ સમયમાં ભગવતને શાસનની સ્થાપના કરતા જે દીર્ઘદ્રષ્ટિ દાખવવી પડી છે અને એ કાળે ધર્મના નામે જે કંઇ નાટક ભજવાતા હતા એનો પ્રેમદ્વારા જે રદ્દોદ કરવાની હિમત બતાવવી પડી છે એના મૂલ્યાંકન ઓછા આકવાના નથી જ.

ચોદિશ એ વેળા ગાઢ, અજ્ઞાનરૂપી તિમિર એટલી હદે છવાયુ હતુ કે જેવા આજની દ્રષ્ટિએ સામાન્ય લાગતો કોઈ વાતનો ઉકેલ તે કાળે બુદ્ધિમાનની કોટિમા બેસનાર વર્ગને મળે ઉતારવા સારૂ ભારે પરિશ્રમ કરવો પડતો હતો ! અરે ! આમ જનસમૂહ ઉપર રાજવી કરતાં ધર્મગુરુની દોરી જેમના હાથમા હતી એવા ભૂદેવોનું એક સામ્રાજ્ય પ્રવર્તતું હતુ તેમનો સામનો કરવો એટલે સામી છાતીએ યમદેવને આમંત્રણ આપવા જેવું મનાતું.

વિશ્વકલ્યાણ અર્થે જ જેમનું જીવન છે અને કૈવલ્યજ્ઞાનરૂપી દર્પણમાં જેણે જગત્ ભાવોને યથાર્થ સ્વરૂપમા જોયા છે, એવી વિભૂતિને ઉપર વર્ણવેલી પરિસ્થિતિથી નહોતુ મુંઝાવાપણુ, નહોતી પીછેહઠ કરવાની સર્વસ્વના ત્યાગી એ મહાશ્રમણને-વીતરાગ દશાના શ્વેત અંચળધારીને પોતાનો સંદેશ વિસ્તારવા સારૂ નહોતી કોઇ રાજવીના અવલંબનની અગત્ય કે નહોતી કોઇ શસ્ત્રાસ્ત્રની જરૂર ! અહિંસા અને પ્રેમરૂપી બે મજબૂત ચક્ર ઉપર ચાલતો ઉપદેશરૂપી રથ સૌ પ્રથમ તો મહાસેન વનમાં જ આવી ખડો થઇ ગયો. ભારતમા એ કાળે મગધનુ સ્થાન સર્વશ્રેષ્ઠ હતું અને રાજગૃહી પાટનગર એ જેમ વ્યવસાયીઓ માટે ધીકતુ ધામ લેખાય, તેમ વિદ્વાનો ને પંડિતો માટે પણ આગળ પડતી વાદભૂમિ મનાય મહાસેન વનની સમિપમાં નગરની ભાગોળે એ વેળા

સોમલદ્વિજે મોટો યજ્ઞ આરંભેલો એમાં સંખ્યાબંધ વિદ્વાનો પધારેલા એમાં ઇંદ્રભૂતિ આદિ અગિયાર પંડિતો તો એટલા બધા અભ્યાસી અને અનુભવી કે તેમની ગણના મહાવાદીમાં જ થાય.

ભારે નામનાવાળા આ પ્રખર બુદ્ધિમાનોને મીઠી વાણીએ બોલાવી અનેકાંત દૃષ્ટિએ તેમના હૃદયમાં છૂપાઇ બેઠેલી, ઇતર પંડિતોથી અજાણી શંકાનું નિરાકરણ કરી, ભગવંત મહાવીરે જનકલ્યાણના માર્ગના શ્રીગણેશ કર્યા સમ્યગ્જ્ઞાનનું અંજન આંજી તેમની વિદ્યાને શુદ્ધતાનો ઓપ ચઢાવ્યો માત્ર 'ઉપજે, વ્યય લહે, તદ્યાપિ તેવો રહે' એ ભાવને જણાવતાં ત્રણ પદ આપી, એ પંડિતોની પ્રજ્ઞાને એવો તો સરસ વળાંક આપ્યો કે એક સમયના એ ઘૂંવેદ યજ્ઞયાગની હિંસાના પાકા વિરોધી બન્યા અને ભગવંત મહાવીરના મુખ્ય શિષ્યો બની, અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય અને અપરિગ્રહરૂપી પાંચ વ્રતને ધારણ કરતા પૃથ્વીતલ ઉપર સ્વપરકલ્યાણ અર્થે ઘૂમી રહ્યા જ્ઞાની ભગવંતે દ્વિજ વર્ગમાં ઘર કરી રહેલી અજ્ઞાનતા-હિંસા અને દાંભિકતા, તેમના જ જ્ઞાતિભાઇઓના જીવન પરિવર્તન કરી, દૂર કરવાનું મહાન્ કાર્ય આરંભ્યું. જીવનના એ આખરી વર્ષોમાં તપોધનીએ ભારતની ધરતીમાના ઘણા ભાગોમાં ભ્રમણ કર્યું છે હજારોના હૃદય અજવાળ્યા છે એ રીતે સંખ્યાબંધ આત્માઓનો કલ્યાણપંથ નક્કી કરવામાં અવલંબનરૂપ બન્યા છે. આ વર્ષોની નોંધ તો કેટલીયે જાણવા જેવી, વિચારવા જેવી અને અમલ કરવા જેવી બાબતોથી ભરપૂર છે એ માટે ભલે કલ્પસૂત્રકાર પાસે સમય ન હોય, પણ તેથી નિરાશ થવાનું કંઇ જ કારણ નથી એને વર્ણવતા 'આચારાંગ' 'ભગવતી' જેવા અંગો, 'વિશેષાવશ્યક' જેવા સૂત્રો અને 'વર્ધમાન દેશના કે શ્રમણ ભગવાન્ મહાવીર' જેવા ગ્રંથો મોજુદ છે કલિકાલસર્વજ્ઞે તો દશમું પર્વ, પોતાના ત્રેસઠ શલાકા પુરુષના ક્રમમાં આવતાં ત્રેસઠમા મહાન્ આત્માના અર્થાત્ શ્રી મહાવીરદેવના જીવન ચરિત્રથી સમૃદ્ધ બનાવ્યું છે અહીં તો એમાની એકાદ વાનગી રજૂ કરી સંતોષ પકડીશું

'વર્ષાન્તતુની સમાપ્તિ થતાં જ ભગવંત શ્રી મહાવીર નાલન્દાની ભૂમિ છોડી વિહારમાં આગળ વધ્યા માર્ગમાં આવતાં ગામો અને નગરોમાં ધર્મનો-આત્મશ્રેયના માર્ગનો પ્રચાર ચાલુ જ રાખ્યો એમ માર્ગ કાપતાં વિદેહની રાજધાની નજિકના વાણિજ્ય ગામે આવી પહોંચ્યા આ સ્થાન ગંડકી નદીના કિનારે વસેલું હોઇ વ્યાપારનું કેન્દ્ર હતું અહીં મહાન્ શાહ-સોદાગરોની કોઠીઓ (offices) અને માલ ભરવા માટેના મોટા ગોદામો હતા આ ગામમાં અનેક ધનાઢ્ય જૈન ગૃહસ્થો રહેતા હતા, જેમાંના એકનું નામ સુદર્શન હતું

ભગવાનના પગલાં વાણિજ્ય ગામની ભાગોળે આવેલ દૂતિપલાસ ચૈત્યમાં થયાના સમાચાર જોતજોતામાં ગામમાં પ્રસરી ગયા અને એથી હજારો નર-નારીઓ પ્રભુની દેશના સાંભળવા ઊમટી પડ્યા

અહિંસા, સંયમ અને તપ જેના પાયામાં છે એવા ધર્મ અંગે વિસ્તારથી વિવેચન શ્રવણ કરી યથાશક્તિ વ્રત નિયમ ગ્રહણ કરી, સૌ પોતાના સ્થાને પાછા ફર્યા

સભાના વિસર્જન પછી સુદર્શન શેઠે ભગવંતની પાસે આવી 'કાળ' સંબંધી સંખ્યાબંધ પ્રશ્નો પૂછ્યા-

કાળના પ્રકાર કેટલા છે? એમાં પ્રમાણ કાળ કેટલા પ્રકારનો હોઇ શકે? પ્રમાણ-કાલ, યથાયુષ્ક, નિર્વૃત્તિકાલ મરણકાળ અને અદ્ધાકાળનું સ્વરૂપ શું? મનુષ્યોના જન્મ અને મરણની આવશ્યકતા શા માટે?

જિજ્ઞાસુના હૃદયને સંતોષ આપવો એ મહાત્માઓનો ધર્મ જ્ઞાની ભગવંતે એ દરેકના ઉત્તર આપી, એની પ્રતિતી કરાવવા માટે જણાવ્યું કે—

સુદર્શન! પૂર્વભવમાં તું મહાબળ નામનો રાજકુમાર હતો સંતસમાગમથી ગૃહસ્થધર્મ સાધી તે શ્રમણધર્મ સ્વીકાર્યો હતો કેટલાક વર્ષો સુધી એ ધર્મનું પાલન કરી, લાંબો કાળ કરી તું બ્રહ્મદેવલોકમાં દશ સાગરોપમના આયુષ્યપ્રમાણવાળો દેવ થયો ત્યાંથી ચવીને આ ભવમાં સુદર્શન શેઠરૂપે થયો છે પૂર્વ ભવમાં તેં શ્રમણધર્મનું આરા-

પન કર્યું હતું, તેના સંસ્કારથી આ ભવમાં તને સ્થવિરોનો સમાગમ ગમે છે અને ધર્મ સુણવાની પાકી શ્રદ્ધા છે.

શ્રી મહાવીરદેવની ઉપર વર્ણવેલી વાત વિચારતાં શેઠ સુદર્શનને જાતિસ્મરણ જ્ઞાન થયું. એથી પ્રભુએ કહેલી વાત દર્પણમાં મુખ જણાય તેમ આત્મા સામે તરી રહી. હર્ષાશ્રુઓથી નેત્રો ભરાઈ ગયા. આ કાંઈ જેવો તેવો યોગ ન લેખાય.

સુદર્શન શેઠે કહ્યું કે–ભગવંત આપે કહેલી વાત મને પ્રત્યક્ષ થઈ છે. એ શ્રમણધર્મનું સેવન હું પુનઃ કરવા ઇચ્છું છું.

મહાનુભાવ, પ્રમાદ ન કરીશ.

એ દ્રુતિપલાસ ચૈત્યમાં જ પ્રભુથી મહાવીરદેવના વરદ હસ્તે શેઠ સુદર્શને પ્રવ્રજ્યા અંગીકાર કરી, ક્રમશઃ ચૌદ પૂર્વ સુધીનો અભ્યાસ કર્યો. બાર વર્ષ પર્યંત સંયમનું પાલન કરીને નિર્વાણ પામ્યા. આ છે તેઓશ્રીની ઉપદેશપદ્ધતિ.

મોહનલાલ દીપચંદ ચોકસી

શાશ્વત અને અશાશ્વત

સંસાર નશ્વર હોય, અસાર હોય, અનિત્ય હોય, ક્ષણભંગુર હોય, તો આપણે આપણને કેમ શાશ્વત માની બેસીએ છીએ? આપણું જીવન કેમ નિત્ય અને વ્યવસ્થિત લાગે છે? આપણે આપણી જાતને કેમ ચિરજીવી માનીએ છીએ? કારણ કે દુનિયામાં બધું જ ક્ષણભંગુર છે જ નહિ; આપણો દેહ, આપણા વિલાસો અને આપણું ભૌતિક સુખ–આ બધું અસ્થિર છે, પણ આપણો આત્મા તો અમર છે, એનો પ્રવાસ કદી અટકતો નથી, એ તો શાશ્વત છે અને એનું જ પ્રતિબિંબ જગતની વસ્તુઓમાં પડવાથી આપણે માનીએ છીએ કે આ બધું સ્થિર છે, શાશ્વત છે, અને ખરી રીતે ધર્મશાસ્ત્રો અહીં જ કામ લાગે છે. એ સમજાવે છે કે–તમને જે શાશ્વત લાગે છે, તે ભૌતિક પદાર્થ નહિ પણ આત્મા! અને તમને જે નશ્વર લાગે છે તે આત્મા નહિ પણ ભૌતિક પદાર્થ.

—મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી

જીવનની દીવાદાંડી

શ્રી પ્રાણજીવન હરગોવિંદદાસ ગાંધી

સંસારને સમુદ્ર કહીએ છીએ સમુદ્રનું પેટ અને પેટાળ એટલા ઊંડા, વિશાળ અને અગાધ છે કે તેમાં ઘણું આવે છે, ઘણું તેમાંથી જાય છે અને ઘણું તેમાં ઉત્પન્ન થાય છે. સંસારનું પણ તેમજ છે. સમુદ્રનો પટ જેમ બહોળા વિસ્તારમાં પથરાએલો છે તેમ સંસારનો કોઠો પણ વિશાળ છે. પૃથ્વી અને આકાશમાંથી અનેક વસ્તુઓ સમુદ્રમાં આવીને પડે છે તેમ સંસારચક્રમાં પણ અનેક પ્રાણીઓ અને અનેક પ્રવૃત્તિઓની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના વમળો ઉત્પન્ન થાય છે. સાગર અને સંસારને અનાદિઅનંત, અનાદિસાંત જે કહેવું હોય તે કહી શકાય. સમષ્ટિની અપેક્ષાએ બન્ને અનાદિઅનંત છે; વ્યક્તિની અપેક્ષાએ બન્ને અનાદિસાંત છે. "આપ મુઆ પછી સબ ડૂબ ગઇ દુનિયા" એ સાચું છે. જીવને મુક્તિ મળે એટલે તેને માટે સંસારનો અંત આવે છે.

સાગર ઉપર સ્વામીત્વ જમાવવા માનવશક્તિ સેંકડો સદીઓથી મથામણ કરી રહી છે, પરંતુ બાળકને જેમ માતા ખોળો ખૂંદવા દે છે અથવા પોતાના શરીર ઉપર સ્વાર થવા દે છે, તેમ સાગર ઉપર માણસ સેતુ બંધે, નૌકાઓ ચલાવે કે માનવસર્જિત ડુબકકિસ્તીઓ સંતાકુકડીની રમત રમે, તે બધું સાગરની જ્યાં સુધી સહનશીલતા હોય ત્યાં સુધી થઇ શકે છે. તમે જો તોફાનની હદ વટાવો તો માતા જેમ તમને ફેંકી દે છે કે શિક્ષા કરે છે, તેમ સમુદ્ર પણ તમારા ફુરચા ઉડાડી દે છે અને યાહોમ કરી નાખે છે. માતાનો પ્રેમ અને વત્સલભાવ હોય ત્યાં સુધી તે તમારી મસ્તી સહી લે છે. જેમ સમુદ્ર જ્યાં સુધી પ્રશાંતભાવમાં હોય ત્યાં સુધી તમે તેના ઉપર વિહાર કરી શકો અને ગમે તેમ વર્તી શકો. તમે જો મર્યાદા ઉલ્લંઘો તો તમારું આવી જ બને. સંસાર અને સાગર બન્ને ઉદાર અને વિશાળ દિલવાળા છે. બન્ને તમને પાળે, પોષે અને આનંદ કરાવે પરંતુ તમારામાં જેટલી નિર્દોષતા, યોગ્યતા અને સંયમીપણું હોય તેટલા જ પ્રમાણમાં તમે તમારું ધાર્યું કરી શકો અને તમારી ઇચ્છા પ્રમાણે વર્તી શકો. સંસાર સારો છે કે ખરાબ તેનો મુખ્ય આધાર આપણી મનોવૃત્તિ અને આપણા વર્તન ઉપર રહે છે. આપણે સારા તો જગત્ સારું; આપણે ખરાબ તો જગત્ આપણે માટે જરૂર આફતરૂપ બને છે, માટે જ જગતને આપણા પોતાના જીવનની આકારરૂપ ગણીએ છીએ. આપણે જેવા હોઇએ તેનું પ્રતિબિંબ જગતમાં દેખાય છે અને જગત તે પ્રમાણે આપણી સાથે વર્તન રાખે છે. માટે જ કહેવત છે કે "જેવી દૃષ્ટિ, તેવી સૃષ્ટિ" આપણને દેખાય છે. આને વ્યક્તિવાદ પણ કહી શકાય.

પણ વ્યક્તિ એ સમષ્ટિનું એક અંગ અને અંશ છે. એકના આઘાત પ્રત્યાઘાત કે અસર બીજા ઉપર અવશ્ય પડે છે. વ્યક્તિ પોતે જેટલી સાચી કે સારી હોય, તેટલા પ્રમાણમાં સમાજ પણ સારો હોય છે. બન્ને એકબીજાના પૂરક અવિભાજ્ય અંગ છે, માટે દરેક વ્યક્તિએ સારા થવાનો પ્રયાસ કરવો જોઇએ, તો જગત આખું સારું નંદનવન સમું બની શકે. પાણીનો સ્વભાવ છે કે નીચાણ તરફ સહજ ઢળી જાય. પણ પાણીને ઉંચાણ તરફ વાળવું હોય તો તે માટે કરામત કરવી જોઇએ. તે જ રીતે પ્રાણીપ્રકૃતિ પણ નીચે ઢળી જાય છે. તે તેનો સહજ સ્વભાવ છે. તેને બરોબર નીકમાં વાળીને ક્યારામાં પહોંચાડવી હોય કે ઊંચે ચઢાવવી હોય તો તે માટે યોગ્ય બુદ્ધિપૂર્વકની યોજના અને પ્રબંધ કરવા જોઇએ. એટલે કે પ્રકૃતિનું ઘડતર કરી તેને સંસ્કાર આપવા જોઇએ. આ કામ માબાપ, વડિલો, વિદ્યાગુરુઓ, ધર્મગુરુઓ કે સમાજનાયકોએ કરવાનું હોય છે. સૌથી ઉપયોગી શિક્ષક માતા છે, માટે જ સ્ત્રીસમાજનો ઉત્કર્ષ સૌથી પ્રથમ કરવો જરૂરનો છે. અનુભવ એમ કહે છે કે–જૈન સમાજમાં

સ્ત્રીઓ ધર્મ અને ધર્મક્રિયામાં, જપતપમાં અને ધાર્મિક શિક્ષણમાં પૂરતી શ્રદ્ધા ધરાવે છે અને પુરુષો કરતાં તેઓ વધુ પ્રગતિશીલ છે ભલે તેમાં જ્ઞાન કદાચ ઓછું હશે. જ્ઞાન કરતાં શ્રદ્ધા વધુ ફળદાયી માનીએ, તો તેમાં શું ખોટું છે? પુરુષો કરતાં સ્ત્રીઓનું સ્થાન સમાજમાં નીચું માનવામાં આવે છે તે અમુક અપેક્ષાએ બાકી નીચી કક્ષાથી ઊંચે ચઢવામાં આજે પુરુષો કરતાં સ્ત્રીઓ વધુ પ્રયત્નશીલ બની છે એમ ચોતરફ દરપમાન થાય છે. અને તે જરૂરનું પણ છે.

"પારકી આશ સદા નિરાશ" એ સૂત્ર જૈન ધર્મમાં પ્રત્યેક આગમા વણાએલું જોવામાં આવે છે. બહારનાં બધા સાધનોને નિમિત્ત અને ગૌણ ગણવામાં આવ્યા છે. ખરો પુરુષાર્થ તો દરેક વ્યક્તિએ પોતે કરવાનો કહ્યો છે જે કાંઇ ધર્મકરણી કે જપ-તપ કરવાનો છે, જે જ્ઞાન મેળવવાનું છે કે જે આત્મનિરીક્ષણ અથવા આત્મસાધના કરવાની છે તે પોતે જ કરવી જોઇએ તો જ તે ફળ આપે છે આપણે બીજા પાસે કરાવીએ તો તેનો લાભ આપણને મળતો નથી કે તેનાથી આપણું ધ્યેય સિદ્ધ થતું નથી આપણે પોતે જે કાંઈ કરીએ તેનો જ લાભ કે ફળ આપણને મળે છે. પુરુષાર્થ અને સ્વાશ્રય એ જ જૈનધર્મના મૂળમાં છે. જેઓ પુરુષાર્થી અને સ્વાશ્રયી હતા અને આજે છે તેઓ જ પ્રગતિ કરી શક્યા છે અને આજે પણ પ્રગતિ સાધે છે. બધા તીર્થંકરો અને મહાપુરુષો કે મહાન્ સતીઓના જીવનચરિત્રો આ વાતની સાક્ષી પૂરે છે

અનેકાંતવાદ કે સાપેક્ષવાદ જે ઉત્તમ અને સર્વમાન્ય મનાય છે તેનું રહસ્ય એ છે કે-આખા વિશ્વનું અને સમષ્ટિનું જે વિરાટસ્વરૂપ છે તેનું આખું ચિત્ર તે આપણી સમક્ષ એવી રીતે રજૂ કરે છે કે જુદા જુદા વિરોધી જણાતા તત્ત્વો કે પદાર્થો એકમેકની સાથે સુમેળથી કેમ રહી શકે છે અને તેમા કેવું ગંભીર રહસ્ય રહેલું છે, તે અનેકાંતવાદ બહુ સુંદર રીતે સમજાવે છે આજનો યુગ સમન્વય દૃષ્ટિનો છે. "મારું તે સારું" એ જમાનો આજે નથી ભલે હું મારી કલ્પેલી દુનિયામાં રાચુ માચુ. તેમાં મને કદાચ બહારના અવરોધો ન નડે, છતાં જેઓ સત્યની પાછળ છે, સત્યની ગોષ્ઠમા છે અને જેઓને સત્ય જોવું, જાણવું અને અનુભવવું છે તેઓ જગતના ઇતિહાસ, ભૂગોળ, જ્ઞાન, વિજ્ઞાન, ધર્મો, શાસ્ત્રો, સાહિત્ય અને બીજા બધા ક્ષેત્રો યથાશક્તિ ખુંદી વળશે, તેના ઉપર વિચાર કરશે, તે સંબંધી બીજાઓ સાથે ચર્ચા કરશે, બીજાઓના દૃષ્ટિબિંદુઓ સમજવા પ્રયાસ કરશે અને તે બધું કર્યા પછી પરિણામે તેને પોતાને જે સમજાશે તેને તે માન્ય રાખશે અને તે માન્યતા મુજબ તે પોતાના જીવનનું ઘડતર કરશે. પ્રજા જેટલી ખીલે કે વિકસે તેટલુ માણસ મહાન કરી શકે. જ્ઞાન અગાધ છે, જેનો જેટલો લાભ પ્રાપ્ત થાય તે લેવો જોઇએ

કહેવું, જાણવું, માનવું અને અનુભવવું એ બધામાં ફરક છે. જુદા જુદા મનુષ્યોમા તેની માત્રા વધુ ઓછી હોય છે દરેક સાગ વિષયને સમજવા કોશીષ કરવી અને સમજપૂર્વક શુભ હેતુથી તેને જીવનમાં અનુભવવડે સિદ્ધ કરતા જવો એ જ પ્રગતિશીલપણાની નિશાની છે. ભૂતકાળનો જમાનો શ્રદ્ધાનો હતો આધુનિક કાળ બુદ્ધિનો છે બુદ્ધિને જેટલુ માન્ય કે માન્ય થાય તેટલુ જ તે સ્વીકારશે. એટલે એ જરૂરનું છે કે બુદ્ધિને બુદ્ધિથી સમજાવવું તો જ ઉપદેશ માન્ય થશે. શ્રી ગૌતમે પૂછેલા બધા પ્રશ્નોના બધા ઉત્તરો પ્રભુ મહાવીરે બુદ્ધિગમ્ય, પ્રમાણભૂત અને અનુભવથી સિદ્ધ કરી શકાય તે રીતે આપ્યા હતા. અને તેથી જ તે સત્ય તરીકે સ્વીકારાય છે. તે જ પદ્ધતિ આજના બાળજીવોને માટે અપનાવવી જરૂરની છે. પ્રભુ કેવળજ્ઞાની થયા પછી જ તેમણે જગતને ઉપદેશ આપ્યો પોતાને સત્યનો સાક્ષાત્કાર થયો ત્યાર પછી જ તેઓએ બીજાઓની શંકાઓના સમાધાન કરી આપીને સૌને સંતોષ્યા. શ્રદ્ધા અને સત્યને હાલની બે બાજુ માનીએ તો ખોટું નથી જેટલા પ્રમાણમાં સત્ય સમજાશે તેટલા

પ્રમાણમાં શ્રદ્ધા વધશે અને દૃઢ થશે. તેમજ જેટલી શ્રદ્ધા જાગશે તેટલું સત્ય વધુ સમજાશે. આજે જમાનો આજ્ઞાનો નથી પણ સમજનો છે, સહકારનો છે, સહિષ્ણુતાનો છે. એટલે તુલનાત્મક રીતે દરેક વસ્તુ બાળજીવોને સમજાવવામા આવશે તો બાળકો તે વસ્તુ તુરત ગ્રહણ કરશે. જો કે જીવનના વિકાસમાં શ્રદ્ધા પ્રથમ જન્મે છે અને બુદ્ધિ તે પછી ઉપયોગમાં આવે છે. એટલે બાળકોને શરૂઆતમાં શ્રદ્ધા ઉત્પન્ન કરાવવી અને ક્રમે ક્રમે જેમ જેમ બુદ્ધિ ખીલે તેમ તેમ તેઓને બૌદ્ધિક રીતે જ્ઞાન આપવામાં આવે અને સાથોસાથ પ્રત્યક્ષ પ્રયોગો દ્વારા સત્ય પુરવાર કરીને દેખાડવામાં આવે તો તેને સત્ય યથાર્થ સમજાશે, સત્યને તે માન્ય કરશે અને શ્રદ્ધાથી સત્યને તે વળગી રહેશે.

જેમ સાગરને દીવાદાંડી ભયનિવારક અને માર્ગદર્શક બને છે તેમ જગતના ઉત્કર્ષ અને કલ્યાણ માટે વિજ્ઞાનની પ્રમાણભૂત પ્રયોગાત્મક પદ્ધતિ ધર્મોપદેશમા, શિક્ષણમા અને વ્યવહારક્ષેત્રમા પણ જો અપનાવવામા આવે તો સમાજનો મોટો ભાગ, ખાસ કરીને અત્યારનો શિક્ષિતવર્ગ, તેને જરૂર માન્ય કરશે અને સ્વીકારશે, માટે પ્રભુ મહાવીરનું જીવનચરિત્ર અને તેમનો ધર્મોપદેશ મનુષ્યજીવનની દીવાદાંડીરૂપ બની શકે તે રીતે તેને પ્રરૂપવાની જરૂર છે.

સુભાષિત—

कान्तं वक्ति कपोतिकाकुलतया नायांतकालोऽधुना
व्याधोऽधो धृतचापसज्जितशरः श्येनः परिभ्राम्यति ।
इत्थं सत्यहिना स दृष्ट इषुणा श्येनोऽपि तेनाहत-
स्तूर्णं तौ तु यमालयं प्रति गतौ दैवी विचित्रा गतिः ॥

(મનહર)

હુંઠે બેઠો તીર તાકી પારધિ લેવાને પ્રાણ,
ઝડપીને ખાવા ફરે શિર પર બાજ રે;
આકુલ થઈને કે' છે કપોતણી કપોતને,
આવ્યો તો આવ્યો નાથ ! અંતકાલ આજ રે;
પારધિને આવી ડસ્યો પગમાં સરપ ઝેરી,
કરથી છૂટેલા બાણે બાજ વીંધી મારીયો;
દૈવની વિચિત્ર ગતિ કળી ન શકાય કોથી,
કપોત કપોતણીના જીવને ઉગારીયો.

ભગવાન મહાવીરનો દીક્ષા મહોત્સવ

(લેખકઃ—'સાહિત્યચંદ્ર' શ્રી બાલચંદ હીરાચંદ-માલેગામ.)

સામાન્ય ગૃહસ્થના ઘેર પુત્રજન્મ થાય કે વિવાહ પ્રસંગ બને તો તે પ્રસંગ યથાશક્તિ ઉત્સવરૂપે માનવાની અને પોતાનો આનંદ પ્રદર્શિત કરવાની પ્રથા પરંપરાથી ચાલતી આવે છે. તેમાં કોઇ જાતની અપૂર્વતા મનાતી નથી. એ નિત્ય અનુભવની અને સામાન્ય પ્રથા થઇ પડી છે. તેમજ મહાજ્ઞાની કે જેમને આત્માનુભવની યત્કિંચિત્ પણ ઝાંખી થઇ હોય તેમજ આત્માની ઉન્નતિની થોડી પણ લગની લાગી હોય એવા સત્પુરુષોને આવા ઉત્સવો કે આનંદમાં જરાએ રસ રહ્યો હોતો નથી. તેઓ એવું સમજે છે કે, અનાદિ કાલથી આત્મા કર્મના મેલથી ખરડાએલો છે. એ મેલ નિકળવાનો એ કાંઇ માર્ગ નથી. ઉલટું એ માર્ગમાં એવા પ્રકારનો મેલ વધુ ને વધુ પ્રમાણમાં વધવાનો છે. ત્યારે બાહ્ય દેખાતા ક્ષણિક સુખમાં રાચવું, એથી ખુશી થવું એ કાંઇ ખરો માર્ગ ન કહેવાય. ઇંદ્રિયોના વિકારોને સંતોષવાથી ઇંદ્રિયોની તૃપ્તિ જ થતી હોય તો ભલે તે ઇંદ્રિયોના વિષયોને તૃપ્ત કરી લઇએ. પણ વસ્તુસ્થિતિ તદ્દન જુદી જ છે. અગ્નિમાં બળતણ જેમ જેમ ઉમેરીએ તેમ તેમ અગ્નિની ભૂખ તો વધતી જ જાય છે. અગ્નિ વધારે બળતણથી તો વધુ ને વધુ તીવ્ર બનતો જાય છે! તેને તૃપ્તિ છે જ નહીં. એવી જ સ્થિતિ ઇંદ્રિયોની છે. તેની તૃપ્તિ માટે જેમ જેમ પ્રયત્ન કરાય તેમ તેમ તેની તીવ્રતા વધ્યે જ જાય છે. ઊલટું બળતણ નાંખવું બંધ કરી દેવામાં છે ત્યારે તે પોતાની મેળે શાંત થઇ જાય છે. દારૂનો એક જ ચપક કોઇ લે છે ત્યાર પછી તેને ઉપદેશ આપવો પણ મુશ્કેલ બને છે. દારૂનો એક છાંટો પણ જ્યાં સુધી મ્હોમાં ગયો નથી ત્યાં સુધી જ ઉપદેશની કાંઇ અસર થવા સંભવ છે. એનો ચટકો લાગ્યા પછી હજાર પ્રયત્નો કરો તો પણ તેની અસર થતી નથી. દારૂ પીનારાને તેના દુષ્પરિણામોની જરાએ ખબર હોતી નથી એમ બનતું નથી. બધી સંકટપરંપરા એને સ્પષ્ટ છે. આમ છતાં એ એવી મોહિનીમાં ફસાય છે કે. એનો છૂટકો થવો તદ્દન અશક્ય પ્રાય જણાય છે. અત્યંત દરિદ્રી માણસ પણ પોતાની પત્ની તથા બાલકો ભૂખથી મરે છે એમ જાણવા છતાં, તેના દુઃખોની કલ્પના થયાં છતાં પણ વખત આવે પોતાના નશા માટે ગમે તે અકૃત્ય કરવા પ્રેરાય છે. પાપ કે પુણ્ય સમજવા છતાં એ આંખ મીચી ઝપલાવે છે, અને પોતાના આત્માનો નાશ કરે છે. ત્યારે જેની પાસે ઐહિક સાધનો વિપુલ હોય, દ્રવ્ય હોય, વૈભવ હોય, સત્તા હોય, યૌવન હોય, ઇષ્ટ પરિવાર પૂર્ણ અનુકૂલ હોય ત્યારે તે ઇંદ્રિયલોલુપ થાય અને વિષયોપભોગમાં મસ્ત બને, કર્તવ્યાકર્તવ્યનો વિવેક ન રાખે એ તદ્દન સ્વાભાવિક છે.

વર્ધમાન કુમારને રૂપ, યૌવન, આરોગ્ય, સંપત્તિ, અધિકાર, અનુકૂલ કુટુંબપરિવાર વિગેરે બધી અનુકૂલતા હતી. ઇંદ્રિયોના ભોગ ભોગવવાને બધી અનુકૂલતા હતી, એવે સમયે તેઓ બધો મોહ છોડી કેવળ સત્યની શોધ લેવા નિકળે, બધી સગવડો દૂર ફેંકી દેઇ કેવળ ભિક્ષાવૃત્તિથી પોતાનો નિર્વાહ ચલાવે અને તે પણ કેવળ શરીર ટકાવવા પૂરતું જ શુષ્ક ભોજન મેળવીને, એ એક અપૂર્વ ઘટના હતી. શરીર દ્વારા અનેક સિદ્ધિઓ મેળવવા માટે જ તેની અલ્પ સેવા કરવાનો સંકલ્પ રાખે એ કૃતિ અત્યંત આકર્ષક હતી. શરીર અને તેમાં રહેલ ઇંદ્રિયોના સેવક નહીં પણ તેના સ્વામી થઇને તેમની પાસેથી યોગ્ય સેવા લેવાનો તેમનો સંકલ્પ એ જનતાને તેમના માટે પૂજ્યભાવ પ્રગટ કરવાને પૂરતો હતો. પ્રાચીન કર્મોના સમૂહને પૂરતો જવાબ આપી તેમની પૂર્ણાહૂતિ કરી નાખવાની તેમની તમન્ના હતી. કૃતકર્મોનો પરિપાક દુઃખવડે નહીં પણ સામા જઇને આનંદથી ભોગવી લેવાનો તેમનો સંકલ્પ હતો. દ્રવ્યોના સ્વભાવની પૂરી કલ્પના તેમણે કરી લીધેલી હતી.

ગમે સારે કર્મનો પરિપાક થતા તે ભોગવી લેવાના જ હતા એવી પરિસ્થિતિમાં તેમણે હસતે મુખે તેને વેઠી લેવાનો કઠોર સંકલ્પ કરેલો હતો. જન્માંતરોમાં અનેક આત્માઓ સાથે અનુકૂલ કે પ્રતિકૂલ સંઘર્ષો ઉપજાવેલા તેમની સામે સ્પષ્ટ દેખાતા હતા તેઓ વીર નહીં પણ મહાવીર થવા માગતા હતા બધા કર્મો એમણે એકી સાથે ખપાવવા નિશ્ચય કરેલો હતો. એટલા માટે જ ઈંદ્ર મહારાજાએ તેમને અનેક દુઃખના પર્વતો ઉલ્લંઘન કરવાના છે એની કલ્પના આપી, પોતે એ દુઃખો દૂર કરવા પ્રભુને વિનવતા હતા. વર્ધમાન કુમારે એની એ માગણીનો સ્વીકાર કર્યો ન હતો. અને સામે આત્માની શક્તિનો તેને ખ્યાલ આપ્યો હતો. અરિહંત પદની મહત્તા તેને સમજાવી હતી. આત્માનું વ્યક્તિત્વ અને સ્વાતંત્ર્ય કેવું છે એ સમજાવી 'જે કરે તે જ ભોગવે' એવો અનાદિ નિસર્ગ નિયમ તેને સમજાવી તેની ભક્તિપૂર્વક સેવાનો અસ્વીકાર કર્યો હતો

મહાન્ પુરુષો શબ્દો કરતા કૃતિથી જ લોકોને બોધ આપી તેમનું કલ્યાણ કરે છે. તેમને શબ્દાડંબર રચવાની જરૂર હોતી નથી. તેઓ બીજાના દૃષ્ટાંતો, ઉપમાઓ વિગેરે આપી, અગર સાધક બાધક પ્રમાણો બતાવી, લાંબા પ્રવચનો કરી લોકોને સમજાવવા કરતા સ્વયં આચરણ કરી કૃતિથી અનંત ગણો ઉપદેશ આપી દે છે અને અનેક ભવ્યપ્રાણિઓ તેનો લાભ ઉઠાવી આત્મકલ્યાણ સાધી લે છે. વર્ધમાનકુમારનો સંસારથી નિવૃત્ત થઇ આત્મસાધનાનો માર્ગ સ્વીકારવાનો સંકલ્પ સાંભળતા પ્રથમ તેમના નિકટવર્તી કુટુંબીજનો જેવા કે પત્ની, બંધુ, બંધુપત્ની અને આપ્તજનો ઉપર વિલક્ષણ અસર થઇ હતી. પરમ વલ્લભ, સુવિદ્ય અને પોતાના હિતકર્તા આપ્તપુરુષ ખરી ભોગ ભોગવવાની તક જતી કરી પ્રવ્રજ્યા ધારણ કરવાનો સંકલ્પ કરે એ વસ્તુ એમને મન લાયક વિપરીત જેવી જણાતી હતી જગતની પરંપરા કરતા એ વિલક્ષણ માર્ગ તેમની દૃષ્ટિથી અતિ અસાધારણ અને કઠોર જણાતો હતો. ગમે તેમ કરી એ કાર્યથી વર્ધમાનકુમારને પરાવૃત્ત કરવાનો તેમણે પ્રયત્ન આદર્યો હતો. પત્નીની સમજાવટ નિષ્ફળ ગઇ ત્યારે પૂજ્ય વડીલબંધુ અને રાજપદધારક નંદિવર્ધને પોતાની અધિકાર વાણીનો ઉપયોગ કરવો શરૂ કર્યો માતાપિતાના મૃત્યુ પછી આવો આઘાત સહન કરવાની પોતાની અશક્તિ જણાવી કેવળ કરગરીભાવે પોતાનો સંકલ્પ છોડી દેવા માગણી કરી વર્ધમાનકુમારે મોહરાજાના પાશનો અને તેની જગદ્વિજયી પરંપરાનો વિચાર કર્યો. પોતાના આપ્તજનોને કેટલું દુઃખ થાય છે એની કલ્પના કરી લીધી અને પોતાના એ કાર્યથી મોહના પ્રાબલ્યના પ્રતાપથી કેટલી પરંપરા જાગશે એનો વિચાર કર્યો અને અણુસદૃશ જીવને પણ જે દુભવવા માગતા ન હતા તેમને પોતાના સહોદરના વચનો ઉલ્લંઘન કરવા કાંણ જણાયા અને છેવટે મહામુસીબતે પોતાના બંધુ અને પરિવારના આગ્રહને વશ થઇ બે વર્ષ ઘરમાં જ શુષ્કભાવે રહેવા કબૂલ કર્યું નંદિવર્ધન વિગેરે આપ્તજનોને લાગ્યું કે એ બે વરસનો સમય કાંઇ ઓછો નથી એટલામાં તો આપણે બધા અનેક યુક્તિઓ અજમાવી વર્ધમાનકુમારને ઘરમાં જ રાખવામાં સફળ થઇશું. આફત ટળી ગઇ છે. હવે બધું આપણા હાથમાં જ છે, એમ વિચાર કરી તેઓ બધાઓએ પોતાના મનમાં સંતોષ માન્યો! મોહરાજાનું કેટલું પ્રાબલ્ય છે? દરેક માનવ દરેક ઘટનાનો અર્થ પોતાને અનુકૂલ કરી લેવા લલચાય છે મનુષ્ય ધારે છે એક અને વસ્તુ અકસ્માત્ પલટાય છે બીજી જ દિશામાં આ કેમ બન્યું એનો વિચાર કરવા પહેલાં જ વસ્તુસ્થિતિ તેના હાથ ઉપર તાલી આપી અન્ય માર્ગે દોડી જાય છે. વર્ધમાનકુમારના વિષયમાં પણ બન્યું એમ જ.

વર્ધમાન કુમાર સામાન્ય આત્મામાંથી મહાન્ આત્મા અને પરમાત્મા થવાના હતા એક નાના તારલામાંથી મહાન્ દીપ્તિમાન સૂર્ય થવાના હતા. સામાન્ય રાજવીમાંથી જગતના રાજવી થવાના હતા. જગતમાં પથરાએલ ઘોર અજ્ઞાન અંધકાર મટાડી સાચા જ્ઞાનનો પ્રકાશ પાથરવાનું બીડું તેમણે ઝડપેલું હતું. જૂના થતા ધર્મવિચારો ઉપરના જાળાંઝંખરા

તેમને કાઢી નાંખવાના હતા. જગતમાં વ્યાપી રહેલ જડતા, અહંમન્યતા તેમને દૂર કરવાના હતા. એક જ પ્રદેશમાં રહી ત્યાં જ જન્મારો પૂરો કરવાનો ન હતો. પણ તેમને પોતાનો સંબંધ આખા જગતના જીવો સાથે બાંધી બધાઓની કરુણા કેળવવાનો હતો. બધા જીવો ઉપર કરુણાનો વરસાદ વરસાવીને પણ નિર્વિકારતા કેળવવાનો હતો. એવા મહાન્ જગતના તારક અદ્ભુત ગુણાલંકાર મહાન્ આત્મા કાંઈ બાધવોના મોહમાં ફસાઈ એક ખાબોચિયામાં પોતાનું જીવન ગાળે એ અસંભવિત હતું. નંદિવર્ધન જેવા આત્મસજ્જનોની મોહગર્ભિત વિનવણીઓનું પર્યવસાન નિર્માઈ ચૂકેલુ હતું. તેમનો એ પ્રયત્ન એક સિંહને ઘાસના ઝીણા દોરડાથી બાંધી રાખવા જેવો હતો. ધૂમાડાને હાથમા પકડી રાખવા જેવો હતો. ગંગાનદીના ઉદ્ધત પૂરને પોતાના એકલા હાથે રોકી રાખવા જેવો હતો. તેઓ તો શાબ્દિક બંધનમા નામ માત્ર રહેવાના હતા. તેમણે પોતાના સંસારજનિત બંધનો ક્યારના ફગાવી દીધેલા હતા તેઓ ભાવસાધુ તો ક્યારના થઈ ચૂકેલા હતા તેઓનો સંસારી વેષ એક નામ માત્ર હતો. એક બાલકને મનાવવા માટે વડીલ મનુષ્યો જેમ બાલોચિત કૃતિ કરે એવી એમની કૃતિ હતી. એમને સંસારજનિત કોઈ પણ કૃતિ કે વસ્તુ ઉપર રાગ રહ્યો જ ન હતો બધી કૃતિઓ શૂન્ય ભાવે યંત્રની પેઠે ચાલતી હતી ન મળે તેમા રસ કે ન રહે તેમાં આનંદ. એમનો આનંદ તો બીજે જ ઉભરાઈ રહેલો હતો. આત્મચિંતનમાં અને દરેક ઘટનાના કાર્યકારણભાવના ઉકેલમાં આખો દિવસ તેમનું ધ્યાન પરોવાએલુ જ રહેતુ હતુ. વ્હાલા માણસોના પ્રિય અને મધુર ભાષણો તેમને સંભળાતા જ ન હતા. નાટ્યમનોહર સુંદર શ્રુતિપ્રિય ગાયનો, હાસ્ય, વિનોદ કે કુતુહલ તેમના માટે નિરુપયોગી જ નિવડેલા હતા. જેનું મન જ આત્મચિંતનમા રમમાણ થએલુ હોય, જેની લગની જ ઇંદ્રિયોને જીતવા તરફ લાગેની હોય તેને એ મોહવિલસિત ચંચલતા શું કરવાની હતી? કામ, ક્રોધ, ભય, મોહ, વિકારો એમનો આગળ બધા નિર્વીર્ય થઈ ચૂકેલા હતા. તેઓ તો દિવસો ગણી રહેલા હતા. એ સંસાર તેમને અંગાર જેવો લાગતો હતો. તે આગમાથી છૂટવા માટે તેમનો આત્મા અત્યંત આતુર બની ગએલો હતો. નિર્વિકાર શાંતિ તરફ તેમનો આત્મા મીટ માંડી બેઠેલો હતો. ક્યારે એમાથી હું છૂટો થઈ એકલો સિંહની પેઠે નિરંકુશ થઈ આત્મસાધના કરું. પ્રવ્રજ્યા જેવું બખ્તર પહેરી લઉં કે કોઈ ઉપદ્રવ આવે જ નહીં. એવા અત્યંત પવિત્રતાના ભાવો તેમના મનમાં રમી રહેલા હતા.

જોતજોતામાં એક સંવત્સર વ્યતીત થઈ ગયું. નંદિવર્ધન નૃપતિએ જોઈ લીધું કે આ તો ઘરમાં સંત બની બેઠેલા છે. એમને નથી ખાવામાં રસ કે નથી વસ્ત્રાભૂષણમાં આનંદ, કોઈ સાથે આનંદથી પ્રેમના વાર્તાલાપ કરતા નથી કે હાસ્ય વિનોદ કરતા નથી. એવા એક સંતપુરુષને ઘરમાં રોકી રાખવા એ તેમની સાધનામાં વિઘ્ન નાખવા જેવું છે. એમને તો એમનો માર્ગ ખુલ્લો કરી દેવો જ ઉચિત છે. એમ વિચાર કરી વર્ધમાનકુમાર પાસે આવી નંદિવર્ધન નૃપતિએ જણાવી દીધું કે-બંધુ! તમારી કસોટી થઈ ચૂકી છે. હવે તો તમે તમારે માર્ગે જ જાઓ એ ઉચિત છે. તમો બંધનમાં રહો એ આશા કેવળ વ્યર્થ થઈ છે. તમારી પ્રવ્રજ્યાની તૈયારી હવે કરવાની છે. હું તમારા માર્ગે આવું એ મારા માટે અશક્ય છે. હું પામર છું, સંસારી છું. આપ મુક્તાત્મા છો. મારા માટે ઉચિત એવું પ્રવ્રજ્યાની તૈયારીનુ કાર્ય મને બતાવો. હું તે કરવા તત્પર થાઉં.

વર્ધમાને અનાદિ કાળના બંધનો હાથથી ક્ષણવારમાં તોડી નાખ્યા. જન્મ, જરા, મરણથી છૂટવાનો રાહ લીધો ફરી જન્મ ન આવે, મૃત્યુ પણ ન આવે એવી અખંડ અને અપૂર્વ યોજના હાથ ધરી. જન્મ મૃત્યુની એ પેઢી સંકેલી લેવાનો સંકલ્પ કર્યો. અનેક જીવો સાથે મિષ્ટ તેમજ કટુ સંબંધો બાંધેલા તેમને જાણે આમંત્રણ આપી દીધું. પોતપોતાની લેણદેણ ચૂકવી દેવાનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું. અને એ મહાત્માએ નિવૃત્તિ મેળવી અગાધ પરાક્રમ

ફોરવવાનો નિશ્ચય કર્યો. લાખો નહીં પણ કરોડો માનવો ઉપર વર્ધમાન કુમારે જાદુઈ અસર પહોંચાડી. હજારો પ્રવચનો જે અસર પહોંચાડી ન શકયા હોત તે એમના સંકલ્પે ક્ષણવારમાં પહોંચાડી. વૈરાગ્યના રંગે અનેક આત્મા રંગાઈ ગયા. એમનો માર્ગ પ્રત્યક્ષપણે બીજો કોઇ લઇ ન શકયો. એકલા સિંહની પેઠે પ્રવજ્યા લેવા તેઓ તૈયાર થઇ ગયા.

અનુક્રમે સંકલ્પના દિવસો પૂર્ણ થયા. યોગ્ય અવસરે વર્ધમાન કુમાર એ સંસારનો રાહ છોડી દીક્ષા લેવા તૈયાર થઇ ગયા. કુંડગ્રામની જનતા જાણે ગાંડીઘેલી બની ગઈ. આસપાસના ગામોમાંથી હજારો સ્ત્રીપુરુષ વર્ધમાન કુમારનો દીક્ષા મહોત્સવ જોવા આવી ગયા. અસંત મોટા સમારોહ સાથે પ્રભુની દીક્ષાનો વરઘોડો નિકળ્યો. ગીત વાજીંત્ર સાથે વરઘોડો ચાલ્યો. જનતાએ પુષ્પનો વર્ષાવ કર્યો. જય જયના સૂત્રો ઉચ્ચાર્યા. નગર બહાર જતા વૃક્ષો પણ નમી જાણે એ મહાપુરૂષને વંદન કરતા હતા. શિબિકા નીચે મુકાઇ. પ્રભુએ પોતાના હાથે બધા મહામૂલાં વસ્ત્રો અને અલંકારો ઉતારી મૂકયા. 'નમો સિદ્ધાણં' કહી પોતાના હાથે કેશલુંચન કર્યું અને વીરહુંકાર કરી એકાકી નિકળી પડ્યા. જોતજોતામાં પ્રભુ વન ભણી આગળ વધ્યા. નંદિવર્ધન સહિત બધા અવાક્ બની ગયા. દુઃખી અંતઃકરણે પાછા ફર્યા!

ધન્ય છે એ મહાત્માને જેનું નામ સ્મરણ કરતા પણ શરીર નમી પડે છે. અનંત વંદન હો એ પ્રભુને! એ મહાન્ વિભૂતિના જન્મકલ્યાણકના પવિત્ર દિવસે તે શ્રમણશ્રેષ્ઠ વર્ધમાન્ સ્વામી-વીર નહી પણ મહાવીર પ્રભુનું નામ સ્મરણ કરી તેમના ગુણ-કીર્તન સાથે તેમને નમીએ, પૂજીએ અને પોતાના જન્મને સફળ કરીએ એ આપણું કર્તવ્ય છે. એ કર્તવ્ય આપણા બધાના હાથે યથાશક્તિ પાર પડો, એ જ અભ્યર્થના!

જ્ઞાની અને ધૂની

બોલનાર અજાણ હોય તો એનો અર્થ નથી સમજાતો તેમ બોલનાર અતિ ભણેલો હોય તો એનો મર્મ નથી સમજાતો; કારણ અજાણ પોતે શું બોલે છે એ નિશ્ચિત રીતે પોતે જ સમજતો નથી, જ્યારે અતિ ભણેલો પોતાનું બોલવું સભા સમજે છે કે નહિ એ નથી સમજી શકતો—આ જ કારણે દુનિયા ઘણીવાર ભણેલાને મૂર્ખ પણ કહે છે, ને મૂર્ખને તત્ત્વચિન્તક-ધૂની પણ કહે છે.

અંધ-હસ્તિ-ન્યાયનું જૈન અને બૌદ્ધ-દ્રષ્ટિએ નિરૂપણ

(લેખક —પ્રોફેસર જયંતીલાલ ભાઇશંકર દવે એમ. એ.)

આપણા સંસ્કૃત સાહિત્યમાં ઉપમાયુક્ત દૃષ્ટાંતો અથવા કહેવતોને 'ન્યાય' શબ્દથી ઓળખવામાં આવે છે. જેમકે કોઈ ઘટના અથવા બનાવ એકા એક અકસ્માત્ રૂપે થયો હોય તો આપણે કાકતાલીયન્યાયે તે બનાવ બન્યો એમ કહીએ છીએ કાગડાનું બેસવું અને તાડનું પડવું એમાં વૈજ્ઞાનિક કાર્યકારણનો સંબંધ નથી એ કેવળ આકસ્મિક ઘટના છે આવા તો અનેક 'ન્યાયો' સાહિત્યમાં પ્રચલિત છે. હું ધારું છું કે ચાલીસ પચાસ ન્યાયો તો પ્રચલિત થઈ ચૂકેલા છે આવા બીજા બે ન્યાયોનો ઉલ્લેખ કરીને પ્રસ્તુત વિષય પર આવીશું એક તો છે દેહલીદીપક ન્યાય ઉંબરા પર દીવો મૂકયો હોય તો બન્ને બાજુએ આવેલા ઓરડામાં અજવાળું આવે ટૂંકામાં બન્ને પક્ષે ઉપયોગી વાતનું આ ઉદાહરણ લે છે અને છેલ્લે ક્ષુણ્ણાક્ષરન્યાય લાકડામાં જીવાત પડે ત્યારે અંદર કાણા પડે છે ઘણી વાર તો કોઈ વિચિત્ર કોતરકામ જેવું બની જાય છે અથવા અક્ષરો જાણે કોતર્યા હોય એવું લાગે છે ટૂંકામાં એક કાર્ય કરતા બીજું અણધાર્યું બની જાય તેનું આ ઉદાહરણ છે હવે આપણે આંધળા અને હાથીનું દૃષ્ટાંત લઇએ

જેમ ઇસુખ્રીસ્ત ધર્મોપદેશ કરતી વખતે રૂપકોનો અને વાર્તા(parable)નો ઉપયોગ વારંવાર કરતા તેમ તેના પુરોગામી ભગવાન બુદ્ધ પણ સુવાર્તા અને રૂપકો દ્વારા ધર્મોપદેશ આપતા આવો એક ઉપદેશ બૌદ્ધ ધાર્મિક સાહિત્યના તિત્થિયસુત્ત-ઉદાન વર્ગ ૬ મા સંગ્રહાયેલો જોવામાં આવે છે દૃષ્ટાંત નીચે પ્રમાણે છે —

એક વખત શ્રાવસ્તીમાં જુદા જુદા સંપ્રદાયોના શ્રમણો અને બ્રાહ્મણો એકત્ર થઈ પોતપોતાના મતવ્યો માટે ખૂબ ખેંચતાણ કરીને લડી પડતા હતા કોઇ કહેતો કે, આત્મા નિત્ય છે, ત્યારે બીજો તેને એમ કહેતો કે આત્મા અનિત્ય છે કોઇ કહેતો કે—જગત નાશવાન છે ત્યારે બીજો તેને એમ કહેતો કે જગતનો નાશ થતો જ નથી

તેમનો આ કજીઓ કેટલાક બાહ્ય ભિક્ષુઓએ સાંભળ્યો અને જેતવનમાં આવી બુદ્ધને એના સમાચાર આપ્યા.

બુદ્ધ ભગવાન બોલ્યા " હે ભિક્ષુઓ, બહુ જૂના સમયમાં આ શ્રાવસ્તી નગરીમાં એક રાજા થઇ ગયો તેણે પોતાની નગરીમાના તમામ જન્માંધ લોકોને ભેગા કર્યા, અને તેમને હાથી બતાવવા માટે હુકમ કર્યો આ જન્માંધોની વચમાં હાથી લાવવામાં આવ્યો જે આંધળાને જે અવયવ હાથમાં આવ્યો તે પ્રમાણે હાથી હશે એમ તે આંધળો સમજવા લાગ્યો

બધા આંધળાઓએ હાથીનો સ્પર્શ કરી લીધો એટલે રાજાએ પૂછ્યું. "કેમ પ્રજ્ઞાચક્ષુઓ ! તમે હાથી જોયો કે ? "

બધા જન્માંધોએ એકી સાથે ઉત્તર આપ્યો " હા, મહારાજ " રાજાએ પૂછ્યું. " હે પ્રજ્ઞાચક્ષુઓ ! હાથીનો આકાર કેવો છે તે જરા કહેશો ? " જે આંધળાએ કેવળ હાથીનું ડોકું પકડીને જોયું હતું તે આંધળો આગળ આવ્યો અને બોલ્યો, " મહારાજ ! હાથી કેવો છે એ જ તમારે સાંભળવું છે ને ? પાણીનો ઘડો જ જોઇ લ્યો, મહારાજ ! " એટલામાં બીજો આંધળો કે જેના હાથમાં કાન આવ્યો હતો તે આગળ ધસી આવ્યો અને બોલ્યો, " મહારાજ ! તે જુઠ્ઠો છે ! હાથી તો સૂપડા જેવો છે. " ત્યારે બીજા આંધળાઓ જે જરા દૂર ઊભા હતા તે ધસી આવ્યા અને બોલવા લાગ્યા ' મહારાજ, તેમનું કહેવું અર્થ રહિત છે ! તેઓ ગમે તેમ બકે છે ! ખરૂં પૂછો તો હાથી થાંભલા જેવો અથવા ઝાડના થડ જેવો જ છે ! "

આ પ્રમાણે આંધળાઓ અને હાથીનું દૃષ્ટાંત આપીને બુધ્ધે સમજાવ્યું કે—જેમ હાથીનું સર્વાંગી સ્વરૂપ અમુક એક નિશ્ચયવાળું હોવા છતાં અધૂરી

સમજણથી દરેક આંધળો તેનું ભિન્ન ભિન્ન પ્રકારનું વર્ણન આપી આપસમાં લડવા લાગ્યો અને એકમેક પર મૂકીના પ્રહાર કરવા લાગ્યો તેમ આ શ્રમણ બ્રાહ્મણો સત્યધર્મનું યથાર્થ જ્ઞાન ન હોવાથી મારો જ ધર્મ ખરો, તમારો ખોટો એમ કહી ઝઘડો કરી રહ્યા છે!

જીવનના વ્યવહારમાં તો આવું હમેશા બને છે પણ ખાસ કરીને ધાર્મિક અને દાર્શનિક વિષયોમાં શબ્દયુદ્ધો વધારે થાય છે. ઘણા વરસો પહેલાં જ્યારે અમેરિકામાં વિશ્વધર્મ પરિષદ ભરાઇ હતી ત્યારે આપણા ભારતના પ્રતિનિધિઓ પૈકી સ્વામી-વિવેકાનંદ અને વીરચંદ ગાંધી લંડન ગયા હતા અને જ્યારે પરિષદમાં ખ્રીસ્તી, પાદરીઓનો એવો દાવો સાંભળ્યો કે—ઇસુખ્રીસ્ત જ એક માત્ર માનવજાતનો ઉદ્ધારક અને તારક (Savior) છે ત્યારે તેમને આંધળાઓ અને હાથી વાદ આવ્યા હશે. મુસલમાનો પણ ખ્રીસ્તીઓની પેઠે એવું સમજે છે કે તેમના પેગંબર જ સર્વશ્રેષ્ઠ અને સર્વજ્ઞ છે. તેનાથી મોટો બીજો કોઇ પેગંબર થયો નથી અને થશે પણ નહિ! આ બધું એકાંતદૃષ્ટિનું ફળ છે રપષ્ટ શબ્દોમાં, અજ્ઞાનજન્ય દુરાગ્રહ છે. તેમાંથી જ મતાંધતા જન્મે છે.

હવે આપણે જૈન દૃષ્ટિએ તેનો વિચાર કરીએ.

કોઇ પણ વસ્તુનું સાચું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો તેના ચોક્કસ સ્વરૂપને સમજવું જોઇએ દરેક વસ્તુના ગુણ ધર્મો અને સ્વભાવો સંખ્યાએ અસંખ્ય અથવા અનંત છે એમ કહીએ તો ચાલે જે જ્ઞાનમાં વસ્તુના તમામ ગુણધર્મોનું નિરૂપણ ન હોય તે અધૂરું જ કહેવાય આવું અધૂરું જ્ઞાન નયાપેક્ષ અથવા અમુક નય પ્રમાણે હોય છે સિદ્ધસેન દિવાકર 'ન્યાયાવતાર'માં નયની સમજણ આપતાં કહે છે. કે, 'एकदेशविशिष्टोऽर्थो नयस्य विषयो मतः।' (ન્યા. ૨૯).

અર્થાત્ વસ્તુનું એકદેશીય જ્ઞાન કોઇ એક નય દ્વારા થાય છે આંધળાઓ અને હાથીના દૃષ્ટાંતને પણ આપણે નયવાદના સિદ્ધાંતથી વધારે સારી રીતે સમજી શકીશું. નય એટલે એક પ્રકારનું દૃષ્ટિબિંદુ. મુખ્ય નયો સાત છે. તે પૈકી વ્યવહાર નયના દૃષ્ટાંત તરીકે આપણે આંધળા અને હાથીનું દૃષ્ટાંત સમજીએ વ્યવહાર નય એટલે શું? વ્યવહાર નયમાં વસ્તુની કોઇ ખાસ વિશેષતા તરફ આપણું ધ્યાન ખેંચાય છે તે એટલી હદ સુધી કે વસ્તુના ગુણધર્મો તદ્દન ભૂલી જવાય છે. દાખલા તરીકે ભમરો કાળો છે એમ આપણે કહીએ છીએ પણ સૂક્ષ્મ રીતે જોનારાઓ એ કહે છે કે ભમરામાં પાંચ રંગના છાંટણાં જોવામાં આવે છે, તેથી ભમરો કાળો છે એ પૂર્ણ સત્ય નથી. એવી જ રીતે દરેક વાદી કહે કે 'મારો મત સાચો છે' તો તેના જવાબમાં આપણે કહી શકીએ કે 'ભાઇ! તારો મત એકાંતદૃષ્ટિ પર રચાયેલો છે. તું સર્વાંગીણદૃષ્ટિથી જોઇશ ત્યારે તું જ તારો પૂર્વાગ્રહ છોડી દઇશ!'

જે દર્શનશાસ્ત્રના પાયામાં અનેકાંતદૃષ્ટિ છે તે જ પૂર્ણ સત્ય તરફ લઇ જઇ શકે. એકાંતદૃષ્ટિવાળાં જૈનેતર દર્શનોની સમીક્ષા કરતો એક શ્લોક ટાંકીને આ લેખ પૂરો કરું છું. તે શ્લોક આ પ્રમાણે છે.—

बौद्धानामृजुसूत्रतो मतमभूद्वेदांतिनां संग्रहात्
सांख्यानां तत एव नैगमनयाद्
योगश्च वैशेषिकः।
शब्दब्रह्मविदोऽपि शब्दनयतः सर्वैर्नयैर्गुंफिता
जैनीदृष्टिरितीह सारतरता प्रत्यक्षमुद्वीक्ष्यते॥

અર્થાત્ બૌદ્ધદર્શન ઋજુસૂત્રનયનું ઉદાહરણ છે સાંખ્ય અને વેદાંત સંગ્રહનયના દૃષ્ટાંતો છે યોગ અને ન્યાય-વૈશેષિક નૈગમનયના ઉદાહરણો છે. શબ્દ-બ્રહ્મવાદીઓ એટલે વ્યાકરણવાદીઓ શબ્દનયને પકડીને બેસી રહે છે. સર્વનયોથી અલંકૃત દર્શન તો જૈન દર્શન જ છે અને એ જ સારભૂત છે અંધહસ્તિ રૂપકની આ છે ફલશ્રુતિ

શ્રી વીરની સાથે થોડી કડવી મીઠી

ન. અ. કપાસી

અવની ઉપર અજવાળાં પાથરનાર, ઓ વીર, આજે તારા જન્મદિનના સુપ્રભાતે અવની હસી રહી છે તે પાથરેલી દિવ્ય પ્રભાને નીરખવા પ્રભાકર ધીમા પગલે આવી રહ્યો છે વિકસતી કુસુમ કળીઓને નૃત્ય કરાવીને એની પરાગ લૂટતો અનિલ આકાશને મલમલાવી રહ્યો છે રજનીની મીઠી ગોદ મૂકીને રજનીરાજ, તારા ઓવારણાં લેવા ટમટમતા તારાગણને સાથે લઇને તારી પાસે આવી રહ્યો છે 'મારો શશી વીરની ભક્તિથી પુનિત બનીને હમણાં જ પાછો વળશે' એ સુભગ આશામાં રમતી નિશા શશીના આગમન સમયે સતાકૂકડી રમવા અત્યારથી જ સંતાઇ ગઇ છે

આનંદમંગળના આ અવસરે, ઓ વીર, મારા હૈયાના તને કોટિકોટિ વંદન! અનેકોને અમરત્વ અર્પનાર તુ સદા અમર રહો!

ભાવભીની તારી પુત્રીઓ આજે તારા મંદિરદ્વાર પર આવી ઊભી છે ભક્તિભર્યાં તારા પુત્રો તારા ચરણોમાં ભેટવા તલસી રહ્યા છે ટોળાંનાં ટોળાંઓ તારું દર્શન કરવા મથી રહ્યા છે વીર તુ પ્રગટ થા; ભક્તોની ભક્તિને ઝીલ

આજે તે અંતિમ જન્મ લીધો અને વિશ્વના અંધારપટ ઉપર દિવ્ય પ્રકાશ પ્રગટ્યો એ સુખદ ક્ષણે સમગ્ર જીવરાશિએ અનેરો આનંદ અનુભવ્યો દિક્કુમારીઓ અને દેવોએ તારો જન્મોત્સવ ઊજવી મેરુપર્વતને જલજલાકાર બનાવ્યો પિતા સિદ્ધાર્થ અને માતા ત્રિશલાના આનંદની અવધિ ન રહી

આત્મશ્રેયને તે જીવનનું સર્વસ્વ ગણ્યું ઉપસર્ગો અને પરિષહોની પરવા કર્યા વિના સાધનામાં તુ સતત લીન રહ્યો આત્માનું અનેરું ઓજસ્ તે પ્રગટાવ્યું અને દેવોનો તુ દેવ બન્યો ત્રણ લોકની ઋદ્ધિ તારે ચરણે આવીને પડી પણ તે તેની સામે ન જોયું તે તો જગત ઉપર ઉપકાર કરવાનું એક જ કાર્ય આરંભ્યું સનાતન સત્યોનું તે જગતને દર્શન કરાવ્યું ભૌતિક સુખની પાછળ ભટકતા જગતને સાચા સુખની તે ઓળખ આપી સંયોગમાં દુઃખ છે અને વિયોગમાં સુખ છે એ સમજ તે આપી યુગોના યુગોમાં જે કાર્ય ન થાય તે કાર્ય તે બહોંતેર વર્ષની ટૂંકી વયમાં સાધ્યું મુક્તિનો મહામૂલો માર્ગ તે જગતને આપ્યો

એકવીશ એકવીશ હજાર વર્ષ સુધી તારા સ્થાપેલ માર્ગે જગત ચાલશે અને તારા બતાવેલા સત્યોને અનુસરશે તારા ઉપકારને સંભારી સંભારીને તારી પ્રશસ્તિનું પિયૂષપાન એ કરશે ભવભ્રમણથી કંટાળેલા આત્માઓ તારા માર્ગની શીળી છાંયડીમાં વિશ્રાંતિ અનુભવશે

૨૪૮૧ વર્ષ તો વહી ગયા એ ગાળામાં કેવલાય માનવો તારા પથનો આશ્રય લઇને મહાત્મા બન્યા શ્રી જંબૂસ્વામી અને શ્રી ભદ્રબાહુસ્વામી, શ્રી વજ્રસ્વામી અને શ્રી સ્થૂલીભદ્રજી, શ્રી આર્યમહાગિરિ અને શ્રી આર્યરક્ષિતજી, શ્રી ઉમાસ્વાતિજી અને શ્રી દેવર્દ્ધિ ગણિ, શ્રી હરિભદ્રસૂરિ અને શ્રી હેમચંદ્રસૂરિ, શ્રી હીરસૂરિ અને ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી આદિ અનેક મુનિપુંગવોના શુભનામ જૈન બાળકની જીભને ટેરવે રમી રહ્યા છે શ્રેણિક અને સંપ્રતિ, ઉદયન અને કુમારપાળ વસ્તુપાળ અને તેજપાળ, પેથડશા અને જાંડુશા, વિમળશા અને ભામાશા આદિ અનેક મહાપુરુષોની સ્મૃતિ હજુએ જૈન હૈયાઓને ધનગનાવી રહી છે. સુલસા અને રેવતી, ચંદનબાલા અને ચેલણા, પ્રભાવતી અને પદ્માવતી, મૃગાવતી અને પુષ્પચૂલા, હજુયે કેવલાય માનવોની રસનાને પાવન કરી રહી છે

આજના કપરા કાળમાં પણ તારી ભવ્યતાની ઝાંખી અશક્ય નથી જૈન હૈયું જીવંત છે અને જીવંત રહેશે વિકટ વિપદો વચ્ચે પણ તારી વીરતાની સ્મૃતિ એને ટકાવી રહી છે અને રાખશે ઝંઝાવાતો ભલે વાય, આપત્તિના પહાડો ભલે પટકાય તોફાનના વમળો ભલે આવે, પણ વીરપુત્ર કાયર નહિ જ બને. પારાવાર કષ્ટો અને મૂંઝવણો વેઠીને પણ, તારો પુત્ર,

તેં પ્રગટાવેલી ચિનગારીને સળગતી રાખશે. તારી વીરતાનું વિશ્વના ખૂણે ખૂણે એ દર્શન કરાવશે. તારા બતાવેલા અણમોલ સત્યો, જગતની સમગ્ર વસ્તુ કરતાં વિશેષ કિંમતી છે, એનું જગતને ભાન કરાવશે. સત્યની ઉપાસનામાં પરિષહો અને ઉપસર્ગોને એ વધાવી લેશે.

તેં પ્રરૂપેલા સત્યનું જગતને દર્શન કરાવવા તારો ભક્ત, હેલીકોપ્ટરના આ યુગમાં, પગપાળા ધરતીને ખૂંદી વળે છે. ફૂકે અને ભૂસકે પરિવર્તન પામતા આ યુગમાં તારા સિદ્ધાંતોની ત્રિકાલાબાધિતતાનું જગતને એ ભાન કરાવે છે. વિલાસ અને સુખમાં સબડતા આ યુગમાં દૈવી વૈભવોને એ તરછોડે છે અને આત્મિક વૈભવની વિશ્વને ઝાંખી કરાવે છે. ચરણે આળોટતા અનુપમ સૌંદર્ય સામે એ આંખ મીંચે છે અને સ્વજનેજનું સૌંદર્ય પ્રાપ્ત કરવા દેહને નિચોવી નાંખે છે. લઘુવયથી જ એ તારા ચરણે જીવન સમર્પિત કરે છે અને કેંક જીવોને આશ્ચર્યમુગ્ધ કરે છે. ચાંદલો કરવા આવતી ચપળ લક્ષ્મીને એ પાછી વાળે છે અને સનાતન શ્રીને વરવાને દોડી જાય છે.

તારા અનેક પુત્રો આજે પણ તારી સાધનામાં અહોરાત લયલીન છે. જ્ઞાન, ધ્યાન અને ઉપાસનામાં વર્ષોના વર્ષો તેઓ વિતાવે છે. કષ્ટોને વેઠે છે અને આપદાઓને આવકારે છે. આત્મહિત એ જ એમનું રટન છે. મહિનાઓ સુધી આહારને અડકયા વિના તારા ઘોર તપની તેઓ ઉપાસના કરે છે. જ્ઞાનનું ગુંજન અને રટન અહોરાત કરીને તારી સર્વજ્ઞતાની તેઓ સેવા કરે છે. આત્મિક શ્રેય માટે દેહને સતત શ્રમ આપીને તેઓ સાચા શ્રમણ બને છે.

ભક્તજન એની બધીયે સામગ્રી તારે ચરણે ધરે છે. સનાતન સિદ્ધાંતોના પ્રચારમાં એ એનું ધન વેરે છે. માનવી એના નિર્મળ મનમંદિરમાં તારી સ્થાપના કરે એ શુભ મનોકામનાથી તારી ભવ્ય પ્રતિમાઓ એ રચે છે. તારી સર્વશ્રેષ્ઠતાનું દર્શન કરાવવા ભવ્ય મંદિરો એ સર્જાવે છે. તારા પુત્રોની ભક્તિમાં એનાં ધનનો ઉપયોગ કરીને, એક જ પિતાના પુત્રો પ્રત્યેનું સહોદર તરીકેનું ઋણ ફિટાવવા તે મથે છે. અહિંસાને એ અપનાવે છે અને એની સાધનામાં જીવન હોડમાં મૂકતાં એને સંકોચ થતો નથી. અમાપ મતિએ વધતી જતી હિંસાને નિહાળીને એનું દિલ દ્રવી જાય છે. એ વેગને અટકાવવા માટે અહિંસામાં રહેલી વીરતાનો વિશ્વને એ પરિચય આપે છે. સંપૂર્ણ અહિંસક એવા તને વિશ્વ હૈયે વસાવશે ત્યારે સ્વર્ગ અહીં ઊતરશે એનું એ ભાન કરાવે છે.

તારા પ્રત્યે ભક્તિ છે, તારા સિદ્ધાંતો પ્રત્યે પ્રેમ છે, તારા પથ પર પગલાં માંડવાની વૃત્તિ છે પરંતુ હજી કચાશ ઘણી છે. અનેક ક્ષતિઓ અમારામાં ઘરી પડી છે. અક્ષમ્ય ભૂલો અમે કરીએ છીએ અને સેવાને નામે તારી કુસેવા કરી બેસીએ છીએ.

ગર્ભમાં જ માતાપિતાની ભક્તિ કરનાર ભગવાનના સેવકો અમે માતાપિતાનો અનાદર કરીએ છીએ. અલ્પજ્ઞ ઉપાધ્યાય પ્રત્યેનું ઔચિત્ય સાચવનારના સેવકો અમે ગુરુદેવોની અવકરી કરતાં સંકોચ અનુભવતાં નથી. મેરુપર્વત ચલિત કરીને શંકિત મનના સૌધર્મેન્દ્રને સ્વશક્તિનો પરિચય આપનાર વીરના પુત્રો અમે તારી વીરતા વિષે શંકાઓ સેવીએ છીએ. ઇર્ષ્યાળુ દેવોનું દમન કરીને 'મહાવીર'નું બિરુદ પ્રાપ્ત કરનારના અનુયાયીઓ અમે અમારી કાયરતા ખંખેરી શકતા નથી. સતત એક વર્ષ પર્યંત ઇચ્છિત દાન આપીને દાનધર્મની મહત્તા દર્શાવનારના પૂજકો અમે શ્રી લક્ષ્મીજીને ગોદરેજનો લોખંડી દિવાલોમાં જકડી રાખીએ છીએ. પરિધાન કરવા માટે રહેલા એક માત્ર વસ્ત્રમાંથી અર્ધું ફાડી આપીને યાચકની ઇચ્છાને તૃપ્ત કરનાર તે અમારા દેવ છે એ અમે ભૂલી જઇએ છીએ. પરહિતની તત્પરતામાં કષ્ટો વેઠીને અનાર્યદેશમાં વિહરનાર અમારા દેવ છે એ ભૂલીને સુખદ વિહારમાં પણ અમે કાયરતા અનુભવીએ છીએ. વિકટ વનમાં વિહરીને ચંડકૌશિકના તીવ્ર દંશને આવકારનાર તારી વીરતાની ઝાંખી અમને અસહ્ય છે. વિષદંશના બહાનામાં નિજદેહના દુઃખનું પાન કરાવીને બોધિબીજ આપનારની ઉદારતાનો

અંશ પણ અમારામાં નથી. અધૂરાં જ્ઞાનના આડંબરમાંથી ઊંચા નહિં આવતા અમે સંપૂર્ણ જ્ઞાનપ્રાપ્તિ સુધીનું તારું મૌન સમજી શકતા નથી. સ્વાર્થસાધનામાં નિર્દોષ માનવીઓનો કરુણ અવદશા કરતી વેળા, અતિશય અપરાધી સંગમ પ્રત્યે તેં વહાવેલી કરુણા સ્મૃતિ પણ અમને થઇ નથી. જીવ માત્ર પ્રત્યેની અમી દૃષ્ટિમાંથી ઉદ્ભવેલી સકલ જગતને જૈન બનાવવાની પિપાસાની અમે પ્રશંસા પુષ્કળ કરીએ છીએ, પરંતુ એક વેળાનું વિરાટ જૈન જગત્ આજે અતિશય નાનું બની ગયું છે એનું અમારા હૈયે દર્દ નથી. તારા પુત્રો પ્રત્યેનો જોઇતો સહોદર ભાવ અમારા દિલમાં નથી. એમના પ્રત્યે જોઇતી અમી દૃષ્ટિ અમારામાં નથી આવી. એમના દુઃખે દુઃખી અને એમના સુખે સુખી થવા જેટલી ઉત્તમતા અમે નથી કેળવી, એમની ભક્તિ એ તારી જ ભક્તિ છે અને એમની આશાતના એ તારી જ આશાતના છે એ સમજ અમને નથી થઇ. માંહોમાંહે લડીયે, છીએ અને તારા નામને લજવીએ છીએ.

તારા પ્રત્યે જોઇતી વફાદારીમાં પણ ખૂબ ખામી છે. તું અમને પ્રિય છે એમ જગતને જણાવીએ છીએ, પણ તારી પ્રતિકૃતિ અમને આકર્ષતી નથી તારા મંદિરમા અમારુ દિલ ઠરતું નથી. તારી ભવ્ય પ્રતિમા નીરખીને આખ ત્યાં સ્થિર થવાને બદલે અન્યત્ર ભટકે છે. તારા સિદ્ધાંતો અમને પ્રાણપ્રિય છે એમ જગતને મનાવવા મથીએ છીએ, પરંતુ તેં પ્રરૂપેલા આગમો પ્રત્યે અનાદર સેવીને નિજમતના ઉન્માદમા રાચીએ છીએ. તેં વહાવેલા અગાધ જ્ઞાન ઉદધિમાંથી એક બિંદુ લેવાની પણ અમને ફુરસદ નથી. તારી સતત ક્રિયાશીલતાને અમે પ્રશંસીએ છીએ, પણ અમારું જીવન નિષ્ક્રિય પસાર કરીએ છીએ. તારી સર્વશ્રેષ્ઠતાની વાતો કરીએ છીએ અને સામાન્ય માનવીની બાહ્ય મહત્તામાં અંજાઇને તારી સાથે એની સરખામણી કરવા મંડી પડીએ છીએ. તારી વીતરાગદશાના ગાણાં ગાઇએ છીએ, પરંતુ વૈભવો અને વિલાસોમાં ગળાડૂબ તણાઇએ છીએ. તારા સંયમને અમે પ્રશંસીએ છીએ, પરંતુ સંયમમાર્ગમાં રુકાવટો ઊભી કરીએ છીએ, સંયમ પથે સંચરવાનો આત્મસંતોષ લઇએ છીએ, પરંતુ જાણ્યેઅજાણ્યે અસંયમને પુષ્ટિ આપ્યા કરીએ છીએ.

વીર ! અમારી આજની અવદશા તું નિહાળે છે, છતાં તને દયા નથી આવતી ? શું તને ભય છે કે અમારા પ્રત્યે લાગણી દર્શાવવાથી તારા અનંત આનંદમાં ક્ષતિ પહોંચશે ? થોડો જ સમય આ અવનિ ઉપર વધુ રહીને ભસ્મગ્રહને પુનિત કરવાની તારા ભક્તજને તને કરેલી વિનતિને તેં નકારી કાઢી ત્યારથી જ શું અનંત કરુણાનો સાગર સૂકાઇ ગયો છે ? ના, ના, એમ ન હોઇ શકે. મારા વીર અનંત કરુણાના નિધાન છે. આજે કે કાલે પણ સકલ વિશ્વનું શ્રેય મારા વીર જ કરશે.

સારું તે મારું

જૂનું એટલું સારું ને નવું એટલું ખરાબ—એ વિચાર સંકુચિત વૃત્તિમાંથી જન્મેલો છે; નવું એટલું સારું ને જૂનું એટલું ખરાબ—આ વિચાર છીછરા વાચનમાંથી ઉદ્ભવેલો છે; પરન્તુ વિશાળ વાચન અને ઊંડા ચિંતનમાંથી ઉત્પન્ન થયેલો વિચાર તો એટલો જ હોઇ શકે કે નવા-કે જૂનાને મહત્ત્વ આપ્યા વિના એ બેમાં જે સારું તે મારું.

જગતવત્સલ ભગવાન મહાવીર

શ્રી ફુલચંદ હરિચંદ 'મહુવાકર'

ચરમ તીર્થંકર, જગતવત્સલ, અહિંસામૂર્તિ ભગવાન મહાવીરસ્વામીનું જન્મકલ્યાણ ચૈત્ર શુદિ તેરશના દિવસે હોઇને કલ્યાણક ઉત્સવ ગામેગામ, શહેરેશહેર આનંદપૂર્વક ઉજવવો જોઇએ.

ભગવાન મહાવીરસ્વામી આપણા છેલ્લા-૨૪મા તીર્થંકર છે ભગવાન પાર્શ્વનાથ પછી ભગવાન મહાવીરસ્વામીએ જૈન ધર્મનો ઉદ્યોત કર્યો છે. તેઓશ્રીનું પરમ પવિત્ર જીવન, મહાન્ ત્યાગ, પરિસહો સહન કરવાનું જબ્બર મનોબળ, ગામાનુગામ પાદવિહારો, જગતના પ્રાણીમાત્રના કલ્યાણ માટેની અવિરત દેશના, તીર્થસ્થાપના તથા તેમના જીવનનો ગગનભેદી સંદેશ એ બધું એવું તો ચમત્કારી છે કે તેઓશ્રીના જીવનના એક એક અંગ, એક એક સિદ્ધાંત, એક એક સંદેશ જગતની તમામ પ્રજાઓ-રાષ્ટ્રો-લોકો, અરે પ્રાણીમાત્ર-જીવમાત્રને મહાકલ્યાણકારી છે.

ભગવાન મહાવીર અલૌકિક પુરુષ હતા. તેઓ રાજકુમાર હતા. રાજમહેલમાં રહેતા. રિદ્ધિ-સિદ્ધિનો પાર નહોતો, પણ યજ્ઞ-યાગાદિની હિંસા, તેમાં વિકૃતિ, સ્ત્રીઓ અને શૂદ્રોની અવગણના, ધર્મશ્રદ્ધા, આદિથી તેમનો આત્મા બળબળી ઊઠયો. તે આત્મતત્ત્વની શોધની તાલાવેલીથી જગતના તમામ જીવોના કલ્યાણ માટે રાજપાટ, વૈભવવિલાસ, રાજ્યારીઓ અને પુત્રી બધાનો ત્યાગ કરી ચાલી નીકળ્યા. બાર બાર વર્ષ દીર્ઘ તપશ્ચર્યા કરી આત્મતત્ત્વની શોધ કરી દુઃસહ પરિસહો સહન કર્યા. કેવળજ્ઞાન મેળવ્યું અને જગતના પ્રાણીમાત્ર માટે શાંતિ, કલ્યાણ અને મોક્ષમાર્ગના દર્શક અને દાતા બની મોક્ષે ગયા. એમના જેવા જ્ઞાની, તપસ્વી, દ્રષ્ટા, ક્રાન્તિ અને શાન્તિના સ્થાપક-ચિંતક તેમજ અહિંસા-મૂર્તિ બીજા કોઇ થયા નથી. એમની વિચારની પ્રબળતા, દીર્ઘ તપશ્ચર્યા, સાધુ જીવનના દુઃખો સહન કરવાની શક્તિ, પુરુષાર્થ, માનવજાતિથી દૂર રહેવાની એમની વૃત્તિ અજબ છે. તેમનો ધર્મનો સિદ્ધાંત તો એક અણમોલી ભેટ છે. એ મહાન્ વિચારક હતા, એટલું જ નહિ પણ વિચારોમાં એ અગ્રેસર દર્શનકાર હતા. એમના સમયની સર્વ વિદ્યાઓમાં એ પારંગત હતા. પોતાની તપશ્ચર્યાના બળે એ વિદ્યાઓને એમણે રચનાત્મક સ્વરૂપ આપી પૂર્ણ બનાવી હતી અને પ્રબળ સિદ્ધાંત તત્ત્વની અંદર ગોઠવી કાઢી હતી. ભગવાન મહાવીરસ્વામીએ આપણને તત્ત્વવિદ્યા આપી છે. તેમાં સૌ તત્ત્વોને પાંચ દ્રવ્યોમાં ગોઠવી દીધાં છે. વિશ્વ વિદ્યા વિષે તેમણે જગતમાં નવો પ્રકાશ પાથર્યો છે અને વિશ્વના વીસ પ્રદેશો તેમણે દર્શાવ્યા. તેમણે જીવવિદ્યા વિષે દ્રશ્ય-અદ્રશ્ય જીવો, ચોવીસ પ્રકારના જીવો વિગેરેનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ દર્શન કરાવ્યું છે તે તો જગતને નવી દ્રષ્ટિની ભેટ છે. માનસશાસ્ત્રમાં આત્માના ચૈતન્યની જુદી જુદી દશાઓનું વર્ગીકરણ કરી આત્મતત્ત્વનું સુંદર નિરૂપણ દર્શાવ્યું છે. તેમણે ઊંડા મનન-ચિંતનથી જે પૂર્ણ પ્રકાશ મેળવ્યો તે જગતને અને જગતના તમામ જીવોના કલ્યાણ માટે પ્રદર્શિત કર્યો. ભગવાન મહાવીર સાધુ કે તપસ્વી હતા એટલું જ નહિ પણ તે પ્રકૃતિના મહાન્ અભ્યાસી હતા. એમણે વિદ્વત્તાપૂર્ણ નિર્ણયો કરીને સમસ્ત વસ્તુસ્થિતિને પોતાના સમયની સાધુભાવના સાથે સંકલિત કરી છે.

અહિંસાની જગતને મોટામાં મોટી ભેટ ભગવાન મહાવીરે કરી છે, અને તેમાં પણ સૂક્ષ્મ જીવ ક્યાં ક્યાં હોય છે, વનસ્પતિમાં કેટલો જીવ હોય છે, હવામાં તથા પાણીમા જીવ કેવી રીતે રહે છે, તેનું સંપૂર્ણ જ્ઞાન આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં ભગવાન મહાવીરસ્વામીએ મેળવ્યું અને કોઇ પણ જીવને મારવાનો તો નહિં પણ દુભાવવાનો પણ કોઇને અધિકાર નથી, બધાનો આત્મા એક જ છે, તે સિદ્ધાંત તેઓએ પ્રતિપાદન કર્યો અને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ વ્રતો

અંશ પણ અમારામાં નથી. અધૂરાં જ્ઞાનના આડંબરમાંથી ઊંચા નહિં આવતા અમે સંપૂર્ણ જ્ઞાનપ્રાપ્તિ સુધીનું તારું મૌન સમજી શકતા નથી. સ્વાર્થસાધનામાં નિર્દોષ માનવીઓની કરુણ અવદશા કરતી વેળા, અતિશય અપરાધી સંગમ પ્રત્યે તેં વહાવેલી કરુણા સ્મૃતિ પણ અમને થઇ નથી. જીવ માત્ર પ્રત્યેની અમી દૃષ્ટિમાંથી ઉદ્ભવેલી સકલ જગતને જૈન બનાવવાની પિપાસાની અમે પ્રશંસા પુષ્કળ કરીએ છીએ, પરંતુ એક વેળાનું વિરાટ જૈન જગત્ આજે અતિશય નાનું બની ગયું છે એનું અમારા હૈયે દર્દ નથી. તારા પુત્રો પ્રત્યેનો જોઇતો સહોદર ભાવ અમારા દિલમાં નથી. એમના પ્રત્યે જોઇતી અમી દૃષ્ટિ અમારામા નથી આવી. એમના દુઃખે દુઃખી અને એમના સુખે સુખી થવા જેટલી ઉત્તમતા અમે નથી કેળવી, એમની ભક્તિ એ તારી જ ભક્તિ છે અને એમની આશાતના એ તારી જ આશાતના છે એ સમજ અમને નથી થઇ. માંહોમાંહે લડીયે, છીએ અને તારા નામને લજવીએ છીએ.

તારા પ્રત્યે જોઇતી વફાદારીમાં પણ ખૂબ ખામી છે. તું અમને પ્રિય છે એમ જગતને જણાવીએ છીએ, પણ તારી પ્રતિકૃતિ અમને આકર્ષતી નથી તારા મંદિરમા અમારુ દિલ ઠરતું નથી. તારી ભવ્ય પ્રતિમા નીરખીને આખ ત્યાં સ્થિર થવાને બદલે અન્યત્ર ભટકે છે. તારા સિદ્ધાંતો અમને પ્રાણપ્રિય છે એમ જગતને મનાવવા ગયીએ છીએ, પરંતુ તે પ્રરૂપેલા આગમો પ્રત્યે અનાદર સેવીને નિજમતના ઉન્માદમા રાચીએ છીએ. તેં વહાવેલા અમાપ જ્ઞાન ઉદધિમાંથી એક બિંદુ લેવાની પણ અમને ફુરસદ નથી તારી સતત ક્રિયાશીલતાને અમે પ્રશંસીએ છીએ, પણ અમારું જીવન નિષ્ક્રિય પસાર કરીએ છીએ. તારી સર્વશ્રેષ્ઠતાની વાતો કરીએ છીએ અને સામાન્ય માનવીની બાહ્ય મહત્તામાં અંજાઇને તારી સાથે એની સરખામણી કરવા મંડી પડીએ છીએ. તારી વીતરાગદશાના ગાણાં ગાઇએ છીએ, પરંતુ વૈભવો અને વિલાસોમાં ગળાડૂબ તણાઇએ છીએ. તારા સંયમને અમે પ્રશંસીએ છીએ, પરંતુ સંયમમાર્ગમાં રુકાવટો ઊભી કરીએ છીએ, સયમ પથે સંચરવાનો આત્મસંતોષ લઇએ છીએ, પરંતુ જાણેઅજાણે અસંયમને પુષ્ટિ આપ્યા કરીએ છીએ

વીર ! અમારી આજની અવદશા તું નિહાળે છે, છતાં તને દયા નથી આવતી ? શું તને ભય છે કે અમારા પ્રત્યે લાગણી દર્શાવવાથી તારા અનંત આનંદમાં ક્ષતિ પહોંચશે ? થોડો જ સમય આ અવનિ ઉપર વધુ રહીને ભસ્મગ્રહને પુનિત કરવાની તારા ભક્તજને તને કરેલી વિનતિને તેં નકારી કાઢી ત્યારથી જ શું અનંત કરુણાનો સાગર સૂકાઇ ગયો છે ? ના, ના, એમ ન હોઇ શકે. મારા વીર અનંત કરુણાના નિધાન છે આજે કે કાલે પણ સકલ વિશ્વનું શ્રેય મારા વીર જ કરશે.

સારું તે મારું

જૂનું એટલું સારું ને નવું એટલું ખરાબ—એ વિચાર સંકુચિત વૃત્તિમાંથી જન્મેલો છે; નવું એટલું સારું ને જૂનું એટલું ખરાબ—આ વિચાર છીછરા વાચનમાંથી ઉદ્ભવેલો છે; પરન્તુ વિશાળ વાચન અને ઊંડા ચિંતનમાંથી ઉત્પન્ન થયેલો વિચાર તો એટલો જ હોઇ શકે કે નવા કે જૂનાને મહત્ત્વ આપ્યા વિના એ બેમાં જે સારું તે મારું.

જગતવત્સલ ભગવાન મહાવીર

શ્રી ફૂલચંદ હરિચંદ 'મહુવાકર'

ચરમ તીર્થંકર, જગતવત્સલ, અહિંસામૂર્તિ ભગવાન મહાવીરસ્વામીનું જન્મકલ્યાણ ચૈત્ર શુદિ તેરશના દિવસે હોઇને કલ્યાણક ઉત્સવ ગામેગામ, શહેરેશહેર આનંદપૂર્વક ઉજવવો જોઇએ.

ભગવાન મહાવીરસ્વામી આપણા ઉલ્લા-૨૪મા તીર્થંકર છે ભગવાન પાર્શ્વનાથ પછી ભગવાન મહાવીરસ્વામીએ જૈન ધર્મનો ઉદ્યોત કર્યો છે. તેઓશ્રીનું પરમ પવિત્ર જીવન, મહાન્ ત્યાગ, પરિસહો સહન કરવાનું જબ્બર મનોબળ, ગામાનુગ્રામ પાદવિહારો, જગતનાં પ્રાણીમાત્રના કલ્યાણ માટેની અવિરત દેશના, તીર્થસ્થાપના તથા તેમના અહિંસાનો ગગનભેદી સંદેશ એ બધું એવું તો પાવનકારી છે કે તેઓશ્રીના જીવનના એક એક પ્રસંગ, એક એક સિદ્ધાંત, એક એક સંદેશ જગતની તમામ પ્રજાઓ-રાષ્ટ્રો-લોકો, અરે પ્રાણીમાત્ર-જીવમાત્રને મહાકલ્યાણકારી છે.

ભગવાન મહાવીર અલૌકિક પુરુષ હતા. તેઓ રાજકુમાર હતા. રાજમહેલમાં રહેતા. રિદ્ધિ-સિદ્ધિનો પાર નહોતો, પણ યજ્ઞ-યાગાદિની હિંસા, ધર્મમાં વિકૃતિ, સ્ત્રીઓ અને શૂદ્રોની અવગણના, અંધશ્રદ્ધા, આદિથી તેમનો આત્મા બળબળી ઊઠયો. અને આત્મતત્ત્વની શોધની તાલાવેલીથી જગતના તમામ જીવોના કલ્યાણ માટે રાજપાટ, વૈભવવિલાસ, પ્રાણપ્યારી સ્ત્રી અને પુત્રી બધાનો ત્યાગ કરી ચાલી નીકળ્યા. બાર બાર વર્ષ દીર્ઘ તપશ્ચર્યા કરી આત્મતત્ત્વની શોધ કરી દુઃસહ પરિસહો સહન કર્યા. કેવળજ્ઞાન મેળવ્યું અને જગતના પ્રાણીમાત્ર માટે શાંતિ, કલ્યાણ અને મોક્ષમાર્ગના દર્શક અને દાતા બની મોક્ષે ગયા. એમના જેવા જ્ઞાની, તપસ્વી, દ્રષ્ટા, ક્રાન્તિ અને શાન્તિના સ્થાપક-ચિંતક તેમજ અહિંસા-મૂર્તિ બીજા કોઇ થયા નથી. એમની વિચારની પ્રબળતા, દીર્ઘ તપશ્ચર્યા, સાધુ જીવનના દુઃખો સહન કરવાની શક્તિ, પુરુષાર્થ, માનવજાતિથી દૂર રહેવાની એમની વૃત્તિ અજબ છે. તેમનો કર્મનો સિદ્ધાંત તો એક અણમોલી ભેટ છે. એ મહાન્ વિચારક હતા, એટલું જ નહિ પણ વિચારોમાં એ અગ્રેસર દર્શનકાર હતા. એમના સમયની સર્વ વિદ્યાઓમાં એ પારંગત હતા. પોતાની તપશ્ચર્યાના બળે એ વિદ્યાઓને એમણે રચનાત્મક સ્વરૂપ આપી પૂર્ણ બનાવી હતી અને પ્રબળ સિદ્ધાંત તત્ત્વની અંદર ગોઠવી કાઢી હતી. ભગવાન મહાવીરસ્વામીએ આપણને તત્ત્વવિદ્યા આપી છે. તેમાં સૌ તત્ત્વોને પાંચ દ્રવ્યોમાં ગોઠવી દીધાં છે. વિશ્વ વિદ્યા વિષે તેમણે જગતમાં નવો પ્રકાશ પાથર્યો છે અને વિશ્વના વીસ પ્રદેશો તેમણે દર્શાવ્યા. તેમણે જીવવિદ્યા વિષે દ્રશ્ય-અદ્રશ્ય જીવો, ચોવીસ પ્રકારના જીવો વિગેરેનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ દર્શન કરાવ્યું છે તે તો જગતને નવી દ્રષ્ટિની ભેટ છે. માનસશાસ્ત્રમાં આત્માના ચૈતન્યની જુદી જુદી દશાઓનું વર્ગીકરણ કરી આત્મતત્ત્વનું સુંદર નિરૂપણ દર્શાવ્યું છે. તેમણે ઊંડા મનન-ચિંતનથી જે પૂર્ણ પ્રકાશ મેળવ્યો તે જગતને અને જગતના તમામ જીવોના કલ્યાણ માટે પ્રદર્શિત કર્યો. ભગવાન મહાવીર સાધુ કે તપસ્વી હતા એટલું જ નહિ પણ તે પ્રકૃતિના મહાન્ અભ્યાસી હતા. એમણે વિદ્વત્તાપૂર્ણ નિર્ણયો કરીને સમસ્ત વસ્તુસ્થિતિને પોતાના સમયની સાધુભાવના સાથે સંકલિત કરી છે.

અહિંસાની જગતને મોટામાં મોટી ભેટ ભગવાન મહાવીરે કરી છે, અને તેમાં પણ સૂક્ષ્મ જીવ કયાં કયાં હોય છે, વનસ્પતિમાં કેટલો જીવ હોય છે, હવામાં તથા પાણીમા જીવ કેવી રીતે રહે છે, તેનું સંપૂર્ણ જ્ઞાન આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં ભગવાન મહાવીરસ્વામીએ મેળવ્યું અને કોઇ પણ જીવને મારવાનો તો નહિં પણ દુભાવવાનો પણ કોઇને અધિકાર નથી, બધાનો આત્મા એક જ છે, તે સિદ્ધાંત તેઓએ પ્રતિપાદન કર્યો અને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ વ્રતો

ગૃહસ્થ અને સાધુ તમામને માટે આપીને જગતને ધર્મદૃષ્ટિ આત્મદૃષ્ટિ આપી છે. સંયમ, પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમભાવના, સમભાવ, આત્મકલ્યાણ, તપશ્ચર્યા-પાપનો પશ્ચાત્તાપ અને સહનશીલતા તથા કર્મનો ઉપદેશ આપીને મોક્ષમાર્ગનું દર્શન ભગવાન મહાવીરે આપીને તેઓ સાચા તીર્થંકર-જગતવત્સલ બન્યા છે.

ભગવાન મહાવીરસ્વામીનું જન્મ કલ્યાણક એ જ એક એવો પવિત્ર દિવસ છે. જે જૈનધર્મના ત્યાગ અને તપના બધા પર્વોમાં વિશેષ આનંદદાયક અને બાળકો-બીબો-વૃદ્ધો-કિશોરો-કુમારો-યુવાનો-મુનિવરો અને સાધ્વીજીઓ બધાને પ્રાણપ્રેરક અને આહ્લાદજનક છે. આ મહોત્સવ વિવિધ કાર્યક્રમોથી ઉજવવો જોઇએ.

૧ સવારમાં ભગવાન મહાવીરસ્વામીના જન્મ-કલ્યાણકના સુંદર ભાવવાહી કળામય રંગીન ચિત્ર સહિત રથયાત્રામાં આબાલવૃદ્ધે જોડાવું જોઇએ

૨ જ્યાં રથયાત્રા ઉતરે ત્યાં ભગવાન મહાવીરસ્વામીના કલ્યાણકની સભા યોજી ભગવાનની સ્તુતિ આદિથી તેઓશ્રીના જીવન વિષે વિવેચનો યોજવા જોઇએ.

૩ ભગવાન મહાવીરના જીવન વિષે વક્તૃત્વ હરીફાઇ ગોઠવવી જોઇએ, જેથી બહેનો અને વિદ્યાર્થીઓ ભગવાન મહાવીરના જીવન વિષે અભ્યાસ-પૂર્ણ સુંદર વિવેચન કરતાં શીખે.

૪ બપોરના પૂજા ભણાવવાની વ્યવસ્થા કરી શકાય.

૫ રાત્રિના ભાવના ઉપરાંત સંગીતનો કાર્યક્રમ યોજી શકાય તેમાં પણ ઇનામો આપી શકાય.

૬ ભગવાન મહાવીરના જન્મદિવસે જૈનસમાજ સાહિત્ય-શિક્ષણના ઉત્કર્ષ માટે જૈનસમાજના આગેવાનો-શહેરેશહેરના આગેવાનો વિચારણા કરે, સક્રિય કાર્યની યોજના કરે ને એક વર્ષ તે માટે કાર્ય કરે.

૭ જૈન સાહિત્ય પ્રદર્શન વિ. યોજના કરી શકાય

૮ વિદ્વાન્ વક્તાનું સંભાષણ યોજી શકાય.

૯ વિદ્વાનો-સાહિત્યકારોનું સંમેલન યોજી શકાય.

૧૦ ભગવાન મહાવીરના જીવન વિષે નિબંધો મેળવી ઇનામી સમારંભ યોજી શકાય

सुभाषित

न जारजातस्य ललाटशृंगम्
कुलप्रसूतस्य न पाणिपद्मम्।
यदा यदा मुञ्चति वाक्यबाणम्
तदा तदा जातिकुलप्रमाणम् ॥

(ઉપજાતિ)

ન નીચને શૃંગ શિર અપાણું,
કુલીનને હાથ ન પદ્મ જાણું;
જેવા વદારો મુખથી જ બોલ
તેવો જ થાશે નિજ જાતિ તોલ,

'નયચક્ર'ની નવી હસ્તપ્રત : શ્રુતભક્તિનો અપૂર્વ નમૂનો

રતિલાલ દીપચંદ દેસાઇ

તા. ૧૫-૩-૫૬ના રોજ કામપ્રસંગે પૂ. મુ શ્રી પુણ્યવિજયજી પાસે ગયેલો ત્યારે એમણે, પૂજ્ય ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે સ્વહસ્તે (બીજા મુનિપુંગવોની સાથે મળીને) લખેલી ત્રણ હસ્ત-લિખિત પ્રતો મળ્યાનો ભારે હર્ષ જે રીતે વ્યક્ત કર્યો હતો તે વાત એક યાદગાર પ્રસંગ તરીકે મનમાં સંધરાઇ ગઈ છે.

તેઓએ કહ્યું : આ ત્રણ હસ્તલિખિત પ્રતો મળી તે દિવસે સં. ૨૦૧૨ના મહા વદિ ૮ સોમવારે, મનમાં એવો આનંદ આનંદ થઇ ગયો કે ન પૂછો વાત ! અંતરમાં જાણે આનંદનો આફરો ચડી આવ્યો હતો. એટલે થયું કે ક્યારે પંડિતજીને (સુખલાલજી) આ વાત કરું અને આ શુભ સમાચાર એમને પહોંચાડું ! પંડિતજીને ઉપાધ્યાયજીના જીવન અને મૂલસ્પર્શી બહુશ્રુત પાંડિત્ય ઉપર અપૂર્વ ભાવ છે, અને એમની વિરલ જ્ઞાનોપાસના ઉપર પંડિતજી ખૂબ મુગ્ધ છે. પૂ. પુણ્યવિજયજી મહારાજ આ વાત સારી રીતે જાણે છે, એટલે એમને આ આનંદજનક સમાચાર પંડિતજીને વહેલામાં વહેલી તકે પહોંચાડ-વાનું મન થાય એ સ્વાભાવિક છે.

પૂજ્ય પંડિતજીએ મને આ ગ્રંથો મળ્યાની વાત તો પહેલાં કરેલી; પણ એથી મહારાજશ્રીના અંતરમાં અને પંડિતજીના અંતરમાં કેવો હર્ષ વ્યાપ્યો હતો એ તો હું મહારાજશ્રીને મળ્યો ત્યારે જ સમજાયું. મારી સાથે આ વાત કરતી વખતે, ગ્રંથો મળ્યા પછી લગભગ ત્રણ અઠવાડિયા પછી પણ, મહારાજ-શ્રીના રોમ રોમમાંથી જાણે હર્ષ ઉભરાતો હતો. મોડે મોડે પણ આ હર્ષના ભાગીદાર થવાનું મળ્યું તેથી મેં પણ મારું ધન્યભાગ્ય માન્યું.

માનવીના જીવનમાં કોઈ કોઈ વાર એવો પ્રસંગ આવી જાય છે, જ્યારે એને આનંદથી નાચી ઊઠવાનું મન થઈ આવે છે. આ પ્રસંગ પણ આવો જ પ્રસંગ હતો.

મહારાજશ્રીની આ વાત સાંભળી ત્યારે મારા અંતરપટ ઉપર વેદોના ઉદ્ધારક (વેદોનું સૌપ્રથમ વખત મુદ્રણ કરાવનાર) જર્મન મહાપંડિત મેક્ષ-મુલરની આનંદથી પુલકિત થઈને નાચતી છબી અંકિત થઇ આવી. એ મહાપંડિતે જ્યારે મહાકવિ કાલિ-દાસનું અમર નાટક 'અભિજ્ઞાનશાકુંતલ' પહેલવહેલાં વાંચ્યું ત્યારે એ નાટકમાંના વાત્સલ્ય વગેરે ભાવોથી એમનું મન એટલું તો રાજી રાજી થઇ ગયું કે તેઓ એ ગ્રંથને પોતાના માથે મૂકીને પોતાના ઓરડામાં સાચેસાચ નાચવા લાગ્યા હતા.

મરીચિનું આનંદનૃત્ય પણ આપણને કયાં અપરિચિત છે !

એટલે અંતરમાં જ્યારે સાચો આનંદ ઊભરાય છે ત્યારે એ શરમ કે સંકોચની મર્યાદાને મચ્યુકારતું નથી.

પછી તો મહારાજશ્રીએ એ ત્રણે હસ્તપ્રતો કાઢીને મને બતાવી. પહેલો ગ્રંથ ૩૦૯ પાનાનો, મહાતાર્કિક આચાર્ય શ્રી મલ્લવાદી વિરચિત 'નયચક્ર' અથવા 'દ્વાદશાર નયચક્ર'ની એ હસ્તપ્રત. બીજો ગ્રંથ "વાદમાળા." એ ઉપાધ્યાયજીએ પોતે રચેલ, પોતાના હાથે જ લખેલ, અને અત્યાર સુધીમાં અપ્રગટ—એમ ત્રણ રીતે એ મહત્વનો ગ્રંથ ત્રીજો ગ્રંથ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિવિરચિત વીતરાગસ્તો-ત્રના આઠમા પ્રકાશના ૧૨ શ્લોકમાંથી ૧૧ મા શ્લોક સુધીની ટીકા. એના કર્તા અને લેખક પણ ઉપાધ્યાયજી પોતે (જો કે આ હસ્તપ્રતના અક્ષરો એકદમ ઉપાધ્યાયજીના અક્ષરો તરીકે કળાય એમ નથી. પણ મહારાજશ્રી એના પારખુ હોવાથી તેઓના કહેવાથી આપણને એ સમજાય છે) અને એ ગ્રંથ પણ અપ્રગટ. એટલે એનું પણ ત્રેવડું મહત્વ. આ ત્રણે ગ્રંથો દાર્શનિક ગ્રંથો છે.

હું સમીસાંજે ઉપાશ્રયે ગયેલો, એટલે આ બધું પૂરેપૂરું અને ધરાઇને જોઇ શકું એ પહેલાં તો અંધારું ઘેરાવા લાગ્યું એટલે ફરી વાર એ માટે જવાનું નક્કી કરીને મેં મહારાજશ્રીની રજા લીધી.

આ દરમ્યાન 'જૈન'ના તા ૧૭-૩-૫૬ ના અંકમા તેમજ 'આત્માનંદ પ્રકાશ'માં આ ત્રણ હસ્તપ્રતોનો કેટલોક પરિચય આપી ગયેલો હોવા છતા, એની પાછળ જે કાવ્યમય ભાવના રહેલી છે તેથી પ્રેરાઇને આ લખવાનુ મે ઉચિત માન્યુ છે.

આ પછી તા ૨૬-૩-૫૬ ના રોજ સાંજના સાડાચાર વાગતાં હું ફરી મહારાજશ્રી પાસે (અમદાવાદમા લુણસાવાડના ઉપાશ્રયે) પહોંચ્યો અને દોઢ કલાક બેસીને ત્રણે હસ્તપ્રતો સંબંધી સંતોષકારક માહિતી મેળવી અને ત્રણેનાં ધરાઇને દર્શન કર્યાં જાણે તીર્થયાત્રા કરી હોય એવો ભાવ મેં અંતરમાં અનુભવ્યો

મહારાજશ્રીએ કહ્યું, જેઓને આ ગ્રંથના (નયચક્રની હસ્તપ્રતના) દર્શન કરવા હતા એમણે લગભગ કરી લીધાં છે, એટલે હવે એ ગ્રંથ મુનિશ્રી જંબૂવિજયજીને મોકલી આપવામાં આવશે

પૂ મુનિશ્રી જંબૂવિજયજી બારેક વર્ષથી 'નયચક્ર' ગ્રંથના સંપાદનનુ કેવું અતિ આકરૂ તપ આદરી બેઠા છે એ તો જેઓ એમનો કે એ કાર્યનો ગાઢ પરિચય સાધે તેઓ જ સમજી શકે એમ છે આપણે સહુ ઇચ્છીએ અને પ્રાર્થીએ કે આ મુનિવરની આ કઠોર જ્ઞાનયાત્રા સત્વર સુખરૂપ પાર પડે!

આ ત્રણે હસ્તપ્રતોની પ્રાપ્તિનો યશ પોતે ન લેતાં પૂ પુણ્યવિજયજી મહારાજ પોતાના ચિરસાથી પં. શ્રી રમણિકવિજયજીને આપે છે એ નિરીહવૃત્તિ અને એ ઉદારતા પણ આ ઘટનામાં મને નોંધપાત્ર લાગી છે

હવે આપણે 'નયચક્ર' ગ્રંથની મળી આવેલી આ નવીન હસ્તપ્રત સંબંધી જ વિશેષ વાત કરશુ આ સંબંધમાં વિશેષ વિચાર કરતા પહેલાં એ ગ્રંથ રત્નની પુષ્પિકાજ જોઇએ એ પુષ્પિકા આ પ્રમાણે છે.

इति श्रीमल्लवादिक्षमाश्रमणपा[दि]कृत-नयचक्रस्य तुर्यं समाप्तम् ॥ छ॰ ॥ ग्रन्थाग्रम् १८००० ॥

यादृशं पुस्तके दृष्टं। तादृशं लिखितं मया।
यदि शुद्धमशुद्धं वा। मम दोषो न दीयते ॥१॥

संवत् १७१० वर्षे पोस वदि १३ दिने श्रीपत्तननगरे ॥ पं० यशोविजयेन पुस्तकं लिखितं। शुभं भवतु।

उदकानलचौरेभ्यो। मूषकेभ्यो विशेषतः।
कष्टेन लिखितं शास्त्रं। यत्नेन परिपालयेत् ॥१॥
भग्नपृष्ठिकटिग्रीवा। दृष्टिस्तत्र मधोमुखी।
कष्टेन लिखितं शास्त्रं। यत्नेन परिपालयेत् ॥२॥
पूर्वं पं०यशोविजयगणिना श्रीपत्तने वाचितम् ॥
॥ छ ॥

આ રીતે ગ્રંથ લખવા સંબંધી સમય (વિ. સ. ૧૭૧૦) અને સ્થળ(પાટણ)નો તેમજ મૂળ ગ્રંથકર્તા, શ્લોકસંખ્યા વગેરેનો સામાન્ય નિર્દેશ કર્યા બાદ આ ગ્રંથની આ હસ્તપ્રત કેવા સંજોગોમા, કોણે કોણે મળીને તૈયાર કરી એ સંબંધી ભારે રસપ્રદ અને મહત્વની માહિતી આપતા, આગળ ચાલતાં અપૂર્વ પુષ્પિકા કહે છે કે—

आदर्शोऽयं रचितो राज्ये श्रीविजयदेवसूरीणाम्
संभूय यैरमीषामभिधानानि प्रकटयामि ॥१॥
विबुधाः श्रीनयविजया गुरवो जयसोमपण्डिता गुणिनः।
विबुधाश्च लाभविजया गणयोऽपि च कीर्तिरत्नाख्याः ॥ २ ॥
तत्त्वविजयमुनयोऽपि प्रयासमत्र स्म कुर्वते लिखने।
सहरविविजयैर्विबुधैरलिखच्च यशोविजयविबुधः ॥ ३ ॥
ग्रन्थप्रयासमेनं दृष्ट्वा तुष्यन्ति सज्जना बाढम्।
गुणमत्सरव्यवहिता दुर्जनदृक् वीक्षते नैनम् ॥४॥
तेभ्यो नमस्तदीयान् स्तुवे गुणास्तेषु मे दृढा भक्तिः।
अनवरतं चेष्टन्ते जिनवचनोद्भासनार्थं ये ॥५॥
श्रेयोऽस्तु ॥

પુષ્પિકાના ઉપરના શ્લોકોમાં જણાવ્યા મુજબ 'નયચક્ર' ગ્રંથની આ નકલ વિજયદેવસૂરિના સમયમાં સાત મુનિવરોએ ભેગા મળીને કરી છે એ સાત મુનિવરો તે—

વાચક નયવિજયજી (ઉપાધ્યાયજીના ગુરુ), મુનિ જયસોમ, વાચક લાભવિજયજી, કીર્તિરત્નગણિ, મુનિ તત્ત્વવિજય, વાચક રવિવિજયજી તે વાચક યશોવિજયજી

આ રીતે સાત મુનિવરોએ ભેગા મળીને આ ગ્રંથની નકલ કર્યાની વાત વાંચીને સહેજે મનમાં પ્રશ્ન થાય કે, એવું તે શું થયું હશે જેથી સાત મુનિવરોએ ભેગા મળીને આ ગ્રંથની નકલ તૈયાર કરવી પડી હશે ઉપાધ્યાયજી જેવા દ્રષ્ટા પુરુષ, ગ્રંથ વાંચનારની આ શંકાને બરાબર જાણી લે છે, અને એનું સમાધાન પુષ્પિકાના છેલ્લા શ્લોકોદ્વારા તેઓ કરે છે તેઓ કહે છે કે—

सुमहानप्ययमुच्चैः पक्षेणैकेन पूरितो ग्रन्थः ।
कर्णामृतं पटुधियां जयति चरित्रं पवित्रमिदम्
॥ ६ ॥ श्री ॥

આ હસ્તપ્રત સાત મુનિવરોએ લખ્યાની અપૂર્વ વિશેષતાનું મૂળ આપણને આ શ્લોકમાં મળી આવે છે આ એક જ શ્લોક આ ગ્રંથની વિશિષ્ટતાના કારણનો આપણને પૂરેપૂરો ખ્યાલ આપે છે એ શ્લોક કહે છે કે—**આવડા મોટા (અઢાર હજાર શ્લોક-પ્રમાણ) ગ્રંથની નકલ એક જ પખવાડિયામાં કરી લેવામાં આવી હતી !**

આ શ્લોક વાંચતા લાગે છે કે આ ગ્રંથની પ્રાચીન નકલ કોઈ એવા યતિ કે ગૃહસ્થ પાસે અથવા કોઈ જ્ઞાનભંડારમાં હશે કે જ્યાંથી વધુ સમય માટે મળી શકે એમ નહી હોય, અને માંડમાંડ મહામુસીબતે, પંદર દિવસ માટે એ મેળવી શકાઈ હશે, પણ એ નકલ મળી એટલે પછી આવા ગ્રંથનોના પારખુ ઉપાધ્યાયજી એની નકલ કર્યા વગર રહે કેમ ! પણ સાથે આટલા ટૂંકા ગાળામાં આવડા મોટા અને આટલા જટિલ ગ્રંથની નકલ થઈ શકે પણ કેમ કરીને ? પણ એ કંઈ કોઈ વાતે પાછા પડે એવા નહીં એટલે સાત સાત મુનિવરો કેડ બાંધીને બેસી ગયા અને પંદર દિવસમાં જ આખા ગ્રંથની નકલ કરી લીધી ! કેવી એ શ્રુતભક્તિ અને કેવો એ પુરુષાર્થ ! ધન્ય એ શ્રુતભક્તિ અને ધન્ય એ પુરુષાર્થ !

૫. પુણ્યવિજયજી મહારાજ તો પ્રાચીન પુરુષોના અક્ષરોના પારખુ છે એમણે આ સાત મુનિવરોમાંથી ઉપાધ્યાય નયવિજયજી તથા યશોવિજયજીના (ગુરુ-શિષ્યની એ જોડીના) અક્ષરો ઓળખી કાઢ્યા છે ૬૦૯ પાનાના આખા ગ્રંથમાં ઉપાધ્યાય શ્રી યશો મહારાજે છૂટા છૂટા થઈને ૭૬ પાના જેટલું લખાણ પોતે લખ્યું છે, જે (બીજાના અક્ષરો કરતાં ઉપાધ્યાયજી મહારાજના અક્ષરો કંઈક ઝીણા હોવાને કારણે) આખા ગ્રંથના ચોથા ભાગ કરતા પણ કંઈક વધારે—એટલે ૪૬૦૦-૪૭૦૦ શ્લોકપ્રમાણ—હોય એમ લાગે છે પંદર દિવસમાં આટલું લખવું એટલે રોજના ત્રણસો શ્લોકની સરેરાશ થઈ સાધુજીવનના આચારો અને દૈનંદિન ક્રિયાઓ કરવા છતાં આટલું લખાય એ અંતરમાં અદમ્ય જ્ઞાનભક્તિ ભરી હોય તો જ બની શકે

આ રીતે શ્રી યશોવિજયજી મહારાજે આ ગ્રંથ લખવામાં પોતાનો મોટો ફાળો આપવા ઉપરાંત પોતાના તેમજ બીજાઓના લખાણોમાં, જ્યાં ભૂલને કારણે કે બીજી રીતે જરૂર લાગી ત્યાં પોતીના માર્જિનમાં સુધારા પણ કર્યા છે આનો અર્થ એ કે ગ્રંથની નકલ કરવામાં ઘાલ લેવા ઉપરાંત શુદ્ધિ-અશુદ્ધિની દૃષ્ટિએ એમણે આ પ્રત નજરમોસરી પણ કાઢી લીધી હતી.

ઉપાધ્યાયજી મહારાજના હસ્તાક્ષરો જો એ પંચ વાર જોવામાં આવે તો પછી એને ઓળખવાનું સરલ થઈ પડે એવી કેટલીક ખાસિયતો એમના હસ્તાક્ષરોમાં જોવા મળે છે એમના અક્ષરો એકદમ સીધા નહીં પણ કંઈક વાંકવાળા હોય છે મોટે ભાગે તેઓ મોટા અક્ષરો નથી કાઢતા પણ કંઈક ઝીણા કાઢે છે અક્ષરોની ચોટી, લહીયાઓના લખાણોમાં હોય છે તેમ, બધે એકસરખી રહેવાને બદલે ઘેરી તથા આછી થતી રહે છે એમનું લખાણ જોતાં લાગે કે

તેઓ, લહીયાની જેમ, ચોપી ચોપીને નહીં પણ ઝડપભેર સહજભાવે લખતા હશે. કલમ વારંવાર ઉઠાવવી, બોળવી અને એમાં કાળક્ષેપ કરવો ન પોસાતો હોય એ રીતે તેઓ ઝડપથી લખવા ટેવાયા હશે. અને આટલું બધું હોવા છતાં એમના લખાણમાં ક્યાંય છેકછાક નથી હોતી એટલું જ નહીં કોઈ અક્ષર પણ એવો ગરબડિયો નથી આવતો, એ એની ખાસ વિશેષતા છે. આવા મહાન્ વિદ્વાન આટલી બધી પ્રવૃત્તિ કરે, છતા પોતાના રચેલા જ નહીં, બીજાના રચેલા મહત્ત્વના ગ્રંથો પણ પોતાના હાથે લખે એ બીના ઉપાધ્યાયજીની જ્ઞાનભક્તિ માટે ભારે આદર ઉત્પન્ન કરે છે.

'નયચક્ર'ની આ હસ્તપ્રતની પ્રાપ્તિથી પૂ. મુ શ્રી જંબૂવિજયના કાર્યમાં સહાયતા અને વધારો બંને થવાનાં—આ ગ્રંથનો જેટલો ભાગ હજી છપાયો નથી એમાં આ પ્રત અવશ્ય સહાયરૂપ થશે; અને જે છપાઈ ગયો છે તેના પાઠાંતરો મેળવવામાં કામનો વધારો થશે. પણ એ વધારો ય એના સંશોધકને માટે તો પ્રેમભર્યો જ હશે.

આ હસ્તલિખિત પ્રત અમદાવાદના દેવશાના પાડાના જ્ઞાનભંડારમાંના અમુક ગ્રંથોનું અવલોકન કરતા મળી આવી છે, એ એમ સૂચવે છે કે, આપણા બધ રહેલા જ્ઞાનભંડારોનું ઝીણવટપૂર્વક, યોગ્ય પરીક્ષકોદ્વારા અવલોકન કરાવવામા આવે તો એમાંથી આવા અનેક ગ્રંથો મળી જવાનો પૂરેપૂરો સંભવ છે.

જે વિદ્વાનો પ્રાચીન સાહિત્યનું મૂલ્ય સમજે છે તેઓ આવા ભંડારોનું મૂલ્ય પણ બરાબર સમજે છે અને જ્યારે ઘણી ઘણી મહેનતને અંતે પણ—કદાચ મોટો ડુંગર ખોદીને નાનો સરખો ઉંદર શોધી કાઢવા જેવી મહેનતને અંતે પણ—આવો એકાદ ગ્રંથમણિ મળી આવે છે ત્યારે એમને પોતાની બધી મહેનત સફળ થતી લાગે છે, પોતાનો બધો શ્રમ એ વિસરી જાય છે, અને એમના અંતરમાં કેવળ આનંદ આનંદ જ વ્યાપી જાય છે.

આ ત્રણ ગ્રંથોની પ્રાપ્તિએ આવા પ્રાચીન અને અર્વાચીન મરજીવાઓ અને ધૂળ ધોયાઓનાં આપણને દર્શન કરાવ્યાં, એ એનો ઉપકાર આપણે કદી વિસરી નહીં શકીએ.

કોઈ મરજીવો સાગરના અતળ પેટાળમાં ગોથાં મારે છે, પણ જ્યારે એને એકાદ પણ નવલખું મોતી લાધે છે ત્યારે એનું હૈયું કેવું હર્ષથી નાચી ઊઠે છે!

કોઈ ધૂળધોયો ધૂળના ઢગલા ધોયા જ કરે, ધોયા જ કરે; પણ કોઈક ક્ષણે એની ધન્ય આવે છે, જ્યારે એને પોતાની મહેનત ચરિતાર્થ થતી લાગે છે.

જ્ઞાનભક્તિ અને વિદ્યાસંશોધનનું કાર્ય એ એવો જ—મરજીવાના કે ધૂળ ધોયાના જેવો ધંધો છે; પણ જેમને એ ધંધાની મોહિની લાગે છે એમને ન પોતાની મહેનતની ચિંતા હોય છે કે ન પોતાનાં ઊંઘ-આરામની પરવા!

અને આવા મરજીવાઓ અને ધૂળધોયાઓ જ દેશ, ધર્મ અને સમાજના સાચા સેવકો છે; સરસ્વતીના સાચા ઉપાસકો છે.

છેવટે, એક વાત કહેવાનું મન થઈ આવે છે. જ્યારે પણ અવસર મળે, જ્યારે પણ અમદાવાદ જવાનું થાય, ત્યારે એકાદ વાર તો મુનિ શ્રી પુણ્યવિજયજી પાસે જઈને, એ સદા હસમુખા, સદા પ્રસન્ન, સદા ઉદાર અને સર્વથા નિરભિમાન જ્ઞાનતપસ્વીનાં દર્શન અવશ્ય કરશો. તમે એમને એક સવાલ પૂછશો, એ તમને હોંશે હોંશે ઢગલાબંધ માહિતી આપશે. તમે એમને એમના કામ બાબત થોડુંક પૂછશો, એ તમારી સમક્ષ પોતાના કાર્યનું આખું સુંદર ચિત્ર રજૂ કરી દેશે. કોઈ ઝવેરી પોતાનો ધંધો ચાલવાની લાલચે, પોતાના ઘરાકને, પડીકાં ઉઘાડી ઉઘાડીને જાતજાતનાં હીરા-માણેકપાનાં બતાવે છે એમ આ મુનિવર તમને, કોઈ જાતની આકાંક્ષા વગર જ, અનેક પોથીઓ, અનેક દાબડાઓ, અનેક કબાટો અને નાના નાના પડીકા જેવાં વેષ્ટનો ઉઘાડી ઉઘાડીને અપૂર્વ અપૂર્વ પ્રાચીન જ્ઞાનસામગ્રીનાં દર્શન કરાવશે. એ વખતે એ નહીં

સમાનતાવાદ

જગતને ભ૦ મહાવીરસ્વામીની મૌલિક-દેન

ભગવાન શ્રી મહાવીરસ્વામીએ આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં ભારતને આત્મવાદ, પુદ્ગલવાદ, ઉત્ક્રાંતિવાદ, અપેક્ષાવાદ અને સમાનતાવાદ વગેરે સિદ્ધાંતો આપ્યા છે. તેઓએ પંડિત અને સામાન્ય જનતાને સરખી રીતે માર્ગદર્શન આપે એવા તાત્ત્વિક નિર્ણયો ઉપદેશ્યા છે તેમાં સમાનતાવાદ એ સૌથી પ્રધાન સિદ્ધાંત છે.

ભારતના સર્વે ધર્મો અહિંસાને માને છે પરંતુ તે નાના-મોટા વર્તુલરૂપે છે. ભગવાન મહાવીરની અહિંસા એ સૌથી પર અને ચરમ સીમા સુધી વ્યવસ્થિત છે.

અહિંસાનું મૂળ સર્વ જીવોમાં સમાનતાની ભાવના છે. ભ૦ મહાવીરદેવના અનુયાયીઓએ એ સમાનતાના પાયા ઉપર ગણતંત્રરાજ્ય અને સંઘતંત્રશાસન ઊભાં કરી ભારતના રાષ્ટ્ર તથા ધર્મનાં ઉત્થાનમાં બહુ મૂલ્યવાળો વેગ આપ્યો છે.

એ સીધી વાત છે કે-એકાત્મવાદી એકલ્યુ સત્તાના પક્ષપાતી હોય છે કેમકે તેની ભાવનાનો છેડો ઈશ્વર કે કોઈ વસ્તુમાં જંધાયેલો હોય છે, જ્યારે અનેકાત્મવાદી તેનાથી ભિન્ન સૌની સ્વતંત્રતાનો ભાવુક હોય છે. જે ભાવ દયાથી સૌને સરખા માને છે. સૌની સ્વતંત્રતા ઇચ્છે છે. તે મનુષ્યના શિશુ, કિશોર, બાલક, યુવાન, આધેડ અને વૃદ્ધ વગેરે દેહપર્યાયોને વાસ્તવિક રીતે એક જ વસ્તુ માને છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય, વનસ્પતિ, કિટાણુ, પશુ, પક્ષી, મનુષ્ય વગેરે જાતિપર્યાયોને એક જ વસ્તુ માને છે. જો કે તે તેમાં ઉત્ક્રાંતિ કે અપક્રાંતિનો સાપેક્ષ ફરક નિહાળે છે અને નટના ભિન્ન ભિન્ન વેશપલટા જેવો દેહપલટો સ્વીકારે છે પરંતુ તેમાં રહેલા જીવો જીવરૂપે સમાન છે એ વાસ્તવિક તથ્યને તે ભૂલતો નથી.

ભગવાન મહાવીરનો અનુયાયી સૌ જીવોને સ્વતંત્ર અને સમાન માને છે અને તેથી જ લીચ્છવી પ્રજાનું ગણતંત્રરાજ્ય અને જૈનદર્શનનું સંઘતંત્રશાસન આજે પણ આદર્શરૂપ લેખાય છે.

ગણતંત્ર પણ શાહીતંત્ર ન બને અને સંઘતંત્ર પણ શાહીતંત્ર ન બને એ માટે બહુ કાળજી રાખવામાં આવતી હતી. રસીયાના સામ્યવાદી નેતા ક્રુશ્ચેવે સ્ટાલીન પર જે આક્ષેપો કર્યા એવી ભૂલ કોઈ ગણનાયક કે ગણતંત્ર ન કરી બેસે એ માટે ચોક્કસ નિયમો હતા. મૌતમબુદ્ધે પણ રાજા કોણિકના મંત્રી પાસે એવા કેટલાએક નિયમોની પ્રશંસા કરી છે. ગણતંત્રરાજ્ય આવા નિયમોનું પાલન કરીને બીજા ચંદ્રગુપ્તના કાળ સુધી પોતાના અસ્તિત્વને ટકાવી શક્યું છે.

જૈનસંઘશાસનમાં પણ શાહીતંત્ર પેસી ન જાય તે માટે સખત તકેદારી રાખવામાં આવી છે. ગણનાયક ભૂલ કરે તો શ્રમણપ્રધાન સંઘ પોતાની શક્તિથી તે ભૂલને સુધારવે અને સંઘની રક્ષા કરે. આ માટે પણ ચોક્કસ મર્યાદાઓ આપી છે. જૈન ધર્મમાં

જોવે કે પોતાનું બીજું કામ કેટલું બાકી રહી જાય છે, પોતાના પરિશ્રમમાં કેટલો વધારો થાય છે, કે પોતાનો સમય કેટલો વીતી રહ્યો છે!

આ ત્રણ હસ્તપ્રતોનાં દર્શન અંતરમાં કંઈ કંઈ ભૂમિકાઓ જગાવી જાય છે. એ ત્રણ પ્રતો એક બાજુ ઉપાધ્યાયશ્રી યશોવિજયજીની વિરલ જ્ઞાનભક્તિની કીર્તિગાથા સંભળાવે છે તો બીજી બાજુ આપણી જ્ઞાન-સંપત્તિનો આપણને ખ્યાલ આપે છે.

એ જ્ઞાનસંપત્તિના વારસાને લાયક બનવાનો આપણે સંકલ્પ કરીએ, એ જ અભ્યર્થના.

રાજા મહારાજા કે સત્તાધીશો ન હોવા છતાં જૈન સંઘતંત્ર આજ સુધી અવિચ્છિન્નપણે ચાલે છે તેનું કારણ સર્વતોમુખી સમાનતાનો સિદ્ધાંત જ છે.

ભગવાને ખાસ અમુક જાતિ, વર્ણ કે વ્યક્તિને મોક્ષના ઠેકેદાર રાખ્યા નથી. બ્રાહ્મણ કે શૂદ્ર, પુરુષ કે સ્ત્રી, એમ દરેકને મોક્ષને યોગ્ય બતાવ્યા છે. જો કે જૈનદર્શન શરૂથી જ સ્ત્રી મોક્ષ માને છે પરંતુ **न स्त्री स्वातंत्र्यमर्हति।** વગેરે ગાનારાઓને સ્પષ્ટ સમજાવવા માટે જ ચતુર્યામ ધર્મને જ પંચયામ ધર્મ બનાવી સ્ત્રીસ્વતંત્રતાને અને ચાર સંઘોમાં સાધ્વીજી તથા શ્રાવિકાને સ્વતંત્ર સ્થાન આપી સ્ત્રીની સમાનતાને સ્પષ્ટ કરી છે. જીવમાત્રને અનાદિ-અનંત બતાવી તેમાંથી ઉત્ક્રાંતિ સાધકોને મોક્ષના અધિકારી બતાવ્યા છે.

આ રીતે રાષ્ટ્રમાં અને ધર્મમાં સમાનતાને આવકારી છે.

ભગવાન મહાવીરસ્વામીએ સમાનતાના સિદ્ધાંતને અહિંસા, સત્ય અને અપેક્ષાવાદદ્વારા વિવિધ રીતે રજૂ કર્યો છે તેમાંના કેટલાએક ફકરાઓ નીચે આપું છું.

આ જગતમાં કોઈ શ્રમણ બ્રાહ્મણો કદાગ્રહથી કહે કે-અમોએ દીઠું છે, સાંભળ્યું છે, માન્યું છે, વિચાર્યું છે અને સ્વર્ગ મૃત્યુ તથા પાતાળમાં ચારે બાજુ દૃષ્ટિ ફેરવી નક્કી કર્યું છે કે-દરેક પ્રાણો, ભૂતો, જીવો તથા સત્વોને મારવા દાબવા પકડવા પીસવા કે રેસી નાખવામાં માનજો કે કંઈ પણ દોષ નથી. તેઓના શાસ્ત્રો તપાસીને હું તેઓને પૂછું છું કે-હે વાદી! તને દુઃખ પ્રિય છે કે અપ્રિય છે? તે તુરત જ ઉત્તર આપશે કે મને દુઃખ અપ્રિય છે. તેને એ જ શૈલીથી જણાવું છું કે-સર્વ પ્રાણ ભૂત જીવ તથા સત્વોને પણ દુઃખ અનિષ્ટ નથી. ત્યાજ્ય છે. ભયંકર છે.

—આચારાંગ સૂત્ર સૂ૦ ૨૩૯, ૨૪૨.

મનુષ્યનું જીવતર સીમિત છે, તો પાપથી વિરમ.

—સૂત્રકૃતાંગ ૨-૧-૧૦.

ઉપર નીચે કે પડખેના લોકમાં ગતિશીલ કે ગતિરહિત પ્રાણી છે તેનો નાશ ન કર. કેમકે શાંતિ એ જ નિર્વાણ છે.

—સૂત્રકૃતાંગ ૩-૪-૨૦ = ૧૧-૧-૧૧.

કોઇ પણ પ્રાણીને મારવા નહીં, પીડવા નહીં. એ જ નિત્ય ધ્રુવ-શાશ્વત ધર્મ છે.

—સૂત્રકૃતાંગ ૨-૧-૧૫.

મારો આત્મા તપ સંયમથી દમાય તે જ ઉત્તમ છે. વધ બંધથી દમાય તેથી શું?

—ઉત્તરાધ્યયન સૂત્ર ૧-૧૬.

ઉત્સાહથી રોગીની સેવા કર.

—સૂત્રકૃતાંગ ૩-૩-૨૦.

જગતમાં યશ કીર્તિ શ્લોક વંદન અને પૂજન વગેરેની જે ઇચ્છાઓ છે તેનું વાસ્તવિક રૂપ સમજીને તેને છોડી દે.

—સૂત્રકૃતાંગ ૯-૧-૨૨.

સાધુ બીજાને "તું" એ તિરસ્કાર શબ્દથી ન બોલાવે. —સૂત્રકૃતાંગ ૯-૧-૨૭.

અપેક્ષા વગરનું જેમ તેમ બોલવું એ બકવાદ છે.

—આચારાંગ સૂ૦ ૩૬૬.

હે કાલોદાયી! વિષમિશ્રિત મિષ્ટાન્ન પ્રથમ મીઠું લાગે પણ અંતે નુકસાન કરે છે. તેમ હિંસા જૂઠ વગેરે પ્રથમ મીઠાં લાગે પણ અંતે નુકસાન કરે છે. દવામિશ્રિત અન્નની જેમ અહિંસા વગેરે પ્રથમ કડવા લાગે છે, પણ અંતે સુંદર લાભ કરે છે.

—ભગવતી સૂત્ર ૭-૧૦-૩૦૬.

બ્રહ્મચારીને ત્રણે જગત્ નમે છે. કેમકે તે દુષ્કર કારક છે. —ઉત્તરાધ્યયનસૂત્ર ૧૬-૧.

પ્રજ્વલતી અગ્નિનું પાન કઠિન છે. તેમ યુવાનીમાં ચારિત્ર પાલન પણ કઠિન છે. એ તો મીણના દાંતે લોઢાના ચણા ચાવવાના છે.

—ઉત્તરાધ્યયન સૂત્ર. ૧૯-૩૯-૪૦.

સાધુત્વના લક્ષણો એ છે કે-અર્ચના રચના વંદન પૂજન ઋદ્ધિ સત્કાર કે સન્માનને મનથી પણ ન ઇચ્છે. —ઉત્તરાધ્યયન સૂત્ર. ૩૫-૧૮.

આત્મા એ જ વૈતરણી નદી છે, આત્મા જ ખીજવાતું ઝાડ છે, આત્મા જ કામધેનુ છે અને આત્મા જ નંદનવન છે.

–ઉત્તરાધ્યયન ૨૦–૨૬.

કોઈ મંદ પુરુષ માને કે–આ લોક એકાત્મ સ્વરૂપ છે. જો એમ જ હોય તો જે પાપ કરે છે તે જ તેનું ફળ ભોગવે છે. એ કેમ બને ?

–સૂત્રકૃતાંગ ૧–૧–૧૦.

હે ગૌતમ ! હાથીનો જીવ અને કંથવાનો જીવ સરખા છે.

–રાયપસેણી. ભગવતીસૂત્ર. ૭–૮–૨૬૪.

જમાલી જીવ શાશ્વત છે, નિત્ય છે. અશાશ્વત છે, અનિત્ય છે.

–ભગવતીજી ૯–૩૩–૩૨૭. ૧૪–૪–૫૧૨.

પોતે ચક્રવર્તિ હોય, સમ્રાટ હોય કે નોકર હોય. પણ ત્યાગી અને ગુણવાનને નમવામાં શરમાવું નહીં તથા સમતામાં રહેવું.

–સૂત્રકૃતાંગ ૨–૨. ૩૦.

શ્રદ્ધાળુ, હિતસ્વી, બુદ્ધિવાળો, બહુશ્રુત અને બલવાન પુરુષ ગણનાયક પદને યોગ્ય છે.

–સ્થાનાંગ ૫–૨–૪૩૫.

હે ગૌતમ ! તું શા માટે ખેદ કરે છે ? આપણામાં શરીરને કારણે તફાવત છે. એ દૂર થતાં આપણે બન્ને સર્વ રીતે સમાન થઇશું.

–ભગવતી સૂત્ર ૧૪–૭–૫૨૧.

હે રોહા લોક કે અલોક, તેમજ કુકડીનું ઇંડું વગેરે વગેરે પહેલાં પણ છે અને પછી પણ છે.

–ભગવતીજી. ૧–૬–૫૩.

જૈન આગમમાં આવા સંખ્યાબંધ ઉપદેશ પાઠો છે. એના આધારે સ્પષ્ટ છે કે ભગવાન મહાવીરસ્વામીનો સમાનતાનો સિદ્ધાંત વિશાળ છે, અજોડ છે, સર્વદેશ–સાધક છે. આનો લાભ તે જ લઇ શકે કે જેના દિલમાં પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમ હોય.

બૌદ્ધધર્મ અને ઇસાઇમત માનવજાતની આંશિક સમાનતાને ઉપદેશે છે. જેને પ્રાણીઓનો વિનાશ કે માંસાહાર ઇષ્ટ છે તે આ ઉપદેશને ઉત્તમ માને.

કોઇ કોઇ ધર્મ તો પ્રાણી કે મનુષ્યની રક્ષાને નહીં, કિન્તુ પોતાના માત્ર ભૌતિક નિયમોને જ ધર્મ તરીકે ઉપદેશે છે. જગતમાં સ્વચ્છંદે વર્તવું અને ધર્મી બની રહેવું એ તત્ત્વ આ ઉપદેશમાંથી મળી આવશે.

આ જનતની વિચારધારાઓમાંથી આજે સમાજવાદ, સામ્યવાદ, જનતાવાદ, વગેરે અનેક વાદો જન્મ્યા છે. તેમાં જે જે ત્રુટીઓ છે તે પ્રત્યક્ષ છે.

આ દરેક વાદોની અપૂર્ણતા દૂર થાય, ભ૦ મહાવીરનો શુદ્ધ સમાનતાવાદ જગતમાં ફેલાય અને જગતના સૌ જીવો સાચી સ્વતંત્રતાને વરે એ ઇચ્છાપૂર્વક આ લેખ સમાપ્ત કરું છું.

લી૦ મુનિ દર્શનવિજય (ત્રિપુટી)

સં. ૨૦૧૨ ચૈ૦ શુ૦ ૨ ગુરુવાર—મેરઠાવણી

ન કે લ

કિંમતી વસ્તુની જ હંમેશાં નકલ થાય છે. નાચીજ વસ્તુની નકલ કદી બનતી નથી. સોનાની નકલ રોલ્ડગોલ્ડ અને સાચા મોતીની નકલ કલ્ચર થાય છે, પણ ધૂળની નકલ કોઇ કરતું નથી તેમ ધર્મ પણ કિંમતી છે, માટે એની નકલો પણી થાય છે, માટે ધર્મના અર્થીએ પરીક્ષક બનવાની જરૂર છે.

ચિત્રભાનુ

"નિંદા કરનારનું" પણ સન્માન કરો

લે.—ભવાનભાઈ પ્રાગજી સંઘવી

જ્ઞાનીજનો નિંદા કરનારાઓને પોતાના સદ્ગુરુ (શુભ ચિંતક) દર્શાવીને તેનું સન્માન કરે છે

એક વખત ભગવાન તથાગતને પોતાના દિવ્ય પૂર્ણને બોલાવી પૂછ્યું. 'પૂર્ણ! તું જે ગામમાં ભિક્ષા લેવા જાય છે ત્યાં જો કોઈ તને અપશબ્દ બોલે અથવા તારું અપમાન કરે તો તું શું કરે?'

'ભગવાન! હું એમાં આનંદ લઈશ કે એણે મને શસ્ત્રવતી માર્યો નહીં'

'અને જો તને કોઈ શસ્ત્રવતી મારે તો?'

'તો હું વધુ આનંદ પામીશ કે એણે મને ક્ષમાનો પરિચય કરાવવાનો સુંદર અવસર આપ્યો'

અને જો તને મારી જ નાખે તો?'

'તો પ્રભુ! હું એને અંતરના આશીર્વાદ દઈશ કે એણે મને નિર્વાણની વધુ સમીપ પહોંચાડી દીધે'

'વત્સ! તને કદાપિ ક્રોધ ન થાય?'

'પ્રભુ, આપ જેવા ક્ષમાગુણભંડાર, કરુણાના સાગર, ત્રણ જગતના જીવોને સુખ આપનાર એવા આપ બુદ્ધ ભગવાનના ચરણકમળની સેવનાથી ક્ષમા ગુણનો મહિમા જાણવા છતાં ક્રોધરૂપી એ સુકા ઘાસનો પરિત્યાગ કરવા કયો દ્વિજભાગી પ્રમાદ સેવે?

'પ્રભુ! હું તો નિંદા કરનારને તેમજ દુઃખ દેનારને મારો પરમ મિત્ર જ ગણું છું પ્રભુ! તેજસ્વી કિરણો જેમ સૂર્યની સર્વે વિશિષ્ટતાઓ પ્રતિબિંબિત કરે છે તે રીતે આપના તપ-ત્યાગનું તેજ મારા આત્માને પ્રકાશિત કેમ ન બનાવે? પ્રભુ! આપનો ધર્મોપદેશ "સૂર્યની કાંતિ જેવો" અંધકાર નાશ કરનારો, આપની શીતળ છાયામાં રહ્યા છતાં કયો એવો હોય કે જે આપના ચરણ ગ્રહણ ન કરે?

'કૃપાનાથ! આપનો ક્ષમાગુણ વિષેનો મંત્રોચ્ચાર સદાયે મારા દિલમાં રણકાર કરી રહેલો છે

क्षमा शस्त्रं करे यस्य दुर्जनः किं करिष्यति ?।
अतृणे पतितो वह्निः स्वयमेव प्रशाम्यति ॥

જ્યાં સૂકું ઘાસ જ ન હોય ત્યાં પડેલો અગ્નિ પોતાની મેળે જ શાન્ત થઈ જાય છે, બુઝાઈ જાય છે ક્ષમારૂપી શસ્ત્ર પાસે દુર્જનનું શું ચાલે?.

'પ્રભુ! આવું જાણ્યા છતાં મારા દિલમાં ક્રોધ, કષાય, ઈર્ષા વિગેરે નિંદ્ય દૂષણ રહેવા પામે તો આપ જેવા "વિબુધાર્ચિત" ઉત્તમ જ્ઞાનસ્વરૂપ બુદ્ધ"ની છાયામાં રહ્યો તો યે શું અને ના રહ્યો તો યે શું?

'પ્રભુ! આપે તો ત્રણ ભુવનના પ્રાણીઓને સુખ આપવા માટે મહાન રિદ્ધિ-સિદ્ધિઓને ઠોકરે મારી છે અને સદાયે સૌના પ્રત્યે પ્રેમાશ્રુ જ વહાવ્યા કરો છો એ પ્રેમમય અશ્રુઓનું પાન કરી મારી જેવો આપનો સેવક નિર્મળ કેમ ન બને?'

'શાબાશ-પૂર્ણ તારી પાસેથી મેં આવી જ આશા રાખી હતી મને સંપૂર્ણ ખાત્રી થઈ ચૂકી છે કે તું કોઈ પણ દિશામાં જશે તો પણ કલ્યાણમય ધર્મનો પ્રચાર નિર્ભય રીતે તું કરી શકશે જ'

પૂર્ણ! નિંદકો તો પ્રકાશાળાના પરીક્ષકો કહેવાય છે

નિંદા કરનારાઓ તેની જ પરીક્ષા કરે છે કે જે શ્રેષ્ઠ બનવાની ઇચ્છાથી જ ઉન્નતિની પાઠશાળામાં પ્રવેશ કરે છે, પણ જે ભણતા જ નથી અને જન્મતાં જ (જાનવરોની પેઠે) માત્ર ખાવાપીવાની ચિંતામાં એટલે આહાર, નિંદ્રા અને મૈથુન વિગેરે કાર્યોમાં જ વ્યવહાર કરે છે તેની નિંદા યા સ્તુતિ કરવી તે બન્ને સરખાં જ છે

આ લોકની ઉન્નતિમાં નિંદા ગમે તેટલા વિઘ્નો નાખશે પરંતુ પારલૌકિક ઉન્નતિમાં તો નિંદા મદદરૂપ બને છે નિંદાના બે પ્રકાર છે એક છે અપવાદ અને બીજો છે પ્રવાદ

ખરાબ કામ કરવાથી નિંદા થાય તેને અપવાદ કહે છે એ અપવાદથી બચવા માટે તો સૌ કોઈએ જીવ-જનથી પ્રયત્ન કરવો જ જોઈએ પરંતુ કોઈ નિંદાસ્પદ કાર્ય કર્યું ન હોય છતાં લોકો અમસ્યા

દ્વેષથી, ગુસ્સાથી કે ઠિન્નાખોરીથી અથવા ભ્રમથી નિંદા કરવા લાગે છે તેને પ્રવાદ-બબડાટ કહે છે. ઉન્નતિને માર્ગે આગળ વધનારા માણસે બબડાટની પરવા કરવી જ નહીં. બબડાટ એ તો કટકથી છવાયેલા ઉન્નતિના શિખર પર ચઢવા માટેની (ટેકો આપનારી) લાકડીનું કામ કરે છે.

લોકરંજનની ખાતર નિંદાની પરવા કરીને તેની યથાર્થતા લોકોની આગળ દેખાડવી એ કામ ઈશ્વર સિવાય આ જમાનામાં બનવું અશક્ય છે.

"ઈશ્વરના આચરણની આ કલિકાળમાં નકલ કરવા કોઈ જાય તો ધરતી ઉપર પગ મૂકવાની પણ જગ્યા મળી શકે નહિ એક ધોબીના બબડાટથી નિષ્કલંક પતિપરાયણ સતી સાધ્વી સીતાજીને શ્રી રામચંદ્રજીએ ત્યજી દીધાં હતા. એવું વિષમ કાર્ય તો એવા અવતારી મહાન્ પુરુષોને જ શોભે છે, પણ જો સામાન્ય કોટીનો કોઈ પણ માનવી એવા બબડાટની પરવા કરીને સત્ય પ્રગટાવવા નિકળે તો એ હાંસીને પાત્ર જ બને છે.

અત્યારે તો દુનિયાના મોટા ભાગના માનવીને "સોર્ટ સાઈટ"નો (ટૂંકી દૃષ્ટિનો) રોગ લાગુ પડયો છે. જેઓની સંકુચિત દૃષ્ટિ જ (પ્રથમથી જ) છે તે દીર્ઘદૃષ્ટિનો ઉપયોગ કેમ કરી જ શકે?

એ સંકુચિત દશા ટાળવા માટે સર્વ વ્યાપી પ્રેમામૃતનો પ્રવાહ હૃદય દ્વારા વહાવી એ અમૃતથી એ મલિન દૃષ્ટિને ધોઈ નાંખી આત્મૈક્ય સાધવામાં આવે તો માનવી એ નિર્મળ દૃષ્ટિથી સત્ય પામી શકે જ. કહ્યું છે કે જેણે સ્વાર્થને જીત્યો છે એ જ સુખી છે, જેણે આંતરિક સ્વસ્થતા પ્રાપ્ત કરી છે તેનું જીવન સંતોષી છે, જેણે સત્યને પ્રાપ્ત કર્યું છે તેનો જન્મ ધન્ય છે.

સત્ય ઉદાત્ત અને મધુર છે સત્ય માનવીને અનિષ્ટમાંથી બચાવી લે છે. જગતમાં સત્ય વિના બીજો કોઈ તારણહાર નથી. સત્ય તમોને ન સમજાય છતાં તેમાં તમે વિશ્વાસ રાખજો, એની મૃદુતા તમોને કટુ લાગે અને તમો એનાથી પ્રથમ દૂર નાસો તો પણ તેમાંથી પ્રતિકાર નહિ છોડશો કારણ કે સત્યને મોઢ ફેરવી શક્તું નથી, એનું કોઈ પરિવર્તન કરી શકતું નથી

કોઈ દોષથી તમે પથ ચૂકો, ભ્રમમાંથી વિપદ જન્મે અને પરિણામે તમે હતાશ અને બેજાર બનો તો પણ અન્ય કોઈને દોષ નહિ દેતા સત્ય પ્રત્યેની તમારી શ્રદ્ધા ડગવા દેતા નહિ અહં એ એક પ્રકારનો જ્વર છે, સ્વાર્થ એ ક્ષણજીવી મૃગજળ છે પરંતુ "સત્ય" કલ્યાણકારી છે, ઉન્નત છે, સનાતન છે સત્ય વિના બીજી કોઈ અમરતા નથી, કારણ કે સત્ય એ અનંત છે.

માનવી અત્યારે "અસત્યે પહેરેલાં સત્યના સ્વાંગથી ભૂલાવામાં પડી ગયો છે" અસત્યના આડંબર અને કૂટનીતિએ સત્યનું શાસન ઝાંખું પાડયું છે. માનવીની દૃષ્ટિ આજે કાળચક્રની જેમ ઝંઝાવાતથી મલિન બની ગઈ છે જેથી માનવી અત્યારે સત્યનો માર્ગ છોડી ઉલટે પંથે ચાલી રહ્યો છે અત્યારે તે શું સમજી રહ્યો છે એ પોતે જ સમજી શકતો નથી માનવી જો ધનનો સંગ્રહ કરે તો અતૃપ્ત્યા ક્ષમ્ય છે તેમજ ઢાયમાંથી પડીને ભાગી જાય એવી ક્ષણભંગુર ચીજોને સંઘરે તો એ ધૂન પણ ગમ્ય છે પણ માનવી તો ઝેર, વેર, કૃતઘ્નતા તથા ચિત્તાખોરી અને કારવણની વાતો પોતાના મનમાં ભરી રહ્યો છે અને સમયે કે કસમયે યોગ્યાયોગ્યનો વિવેક રાખ્યા વિના એ દુર્ગંધભર્યો ગેસ બહાર કાઢી ઘણા નિર્મળ આત્માઓને પણ જુગુપ્સા પહોંચાડી રહેલ છે.

દુનિયામાં તદ્દન નિર્દોષ દર્પણ જેવો સ્વચ્છ એ (જરા પણ એબ વિનાનો) ઈશ્વર સિવાય કયો આત્મા-પવિત્ર "કોઈ પણ પ્રકારની જીવનમાં ભૂલ કર્યા વિનાનો" હશે? નહિં જ હોય, છતાં કોઈ મનુષ્ય પોતાની જાતને માટે એવો ગર્વ ધરાવીને કહેતો હોય કે મારો આત્મા તદ્દન શુદ્ધ છે-પવિત્ર છે તો સમજવું કે એ માનવી અહમ્ તથા વાસનાનો ત્યાગ કરી માયા(મોહ)ની દુઃખદ જકડમાંથી છૂટ્યો નથી-એ તો અહમ્નો રચેલો આડંબર અથવા ચાલબાજી છે. અહમ્ કદાપિ પણ શુદ્ધ જીવન નહિ

જ આવકારે એ તો મમત્વ વધારતો પોતાની જાતને વધુ ને વધુ પાથરતો જાય છે અને માયામાં વધુ ને વધુ ઘેરાતો જાય છે તેથી પોતાના સ્વાંગો નવા નવા મોહક સ્વરૂપે રચતો માનવી વધુ ને વધુ અધ પતનની ગર્તામા ઉતરતો જાય છે

માનવીને અન્યના શાસન તથા પ્રભાવ-ઉન્નતિ વધારે ભમાવી રહ્યાં છે તેથી ઈર્ષા અને કલહ હૃદય ઉપર સ્વાર બની ગયા છે અને એ સ્વારોએ એ મનરૂપી અશ્વોની લગામ પોતાના હાથમાં લીધી છે જેથી તમારે જ્યાં ન જવુ હોય ત્યાં પણ તમોને લઇ જાય છે

માનવી, જો સાચે જ તને જીવનનો ઉત્કર્ષ સાધવાની તમન્ના જાગી હોય તો પ્રથમ તુ પોતાના દિલને સ્વચ્છ બનાવીને મજબૂત બનાવી દે, પછી ભલેને એ દુષ્ટ તત્ત્વો પોતાની દરેક શક્તિઓનો ઉપયોગ કરે પણ મગદૂર નથી કે તે તારો પરાજય કરી શકે "અનાત્મીય એ તત્ત્વોનુ સત્ય-આગ્રહ પાસે કશુ ચાલતુ નથી" છેવટે તજ્યે જ તેનો છૂટકારો છે તુ જો સત્યનો ઉપાસક બનશે તો તને એ તારા સનાતન ધર્મથી કોઇ પણ તત્ત્વ ચલિત કરવા સમર્થ નથી જ એવુ ખાત્રીથી સમજીને જો તુ તારા એ પરમ પવિત્ર સ્થાને એકલો ઊભો રહીશ તો અહમ્ અને વાસનાએ પેદા કરેલી એ કપટ જાળને ધરમૂળથી ફેંકી દઇ શકશે અને કાળ રચિત એ સર્વ દુષ્ટ પ્રવૃતિને વિસર્જન કરીને મનને વામના, વિચારવૃતિ, લાગણી અનુભવ, સ્મૃતિ જ્ઞાન એ સર્વથી પર લઇ જઇને નિરવ શાંતિમાં જીવન નિર્ગમન કરી શકશે પછી તુ જોશે, કે તને એ જીવનનુ કેવુ દર્શન મળે છે? તને તેનો આપોઆપ સાક્ષાત્કાર મળી રહેશે કારણ કે એથી જીવનમાં એવી અમોઘ દૃષ્ટિ લાધે છે કે આત્મા આપોઆપ દરેક દૂષિત ગૂચોને સ્વયં પ્રભાથી વિખેરી (છૂટી પાડીને) કોઇ અનેરુ ભવ્ય સર્જન કરે છે

આ બધુ સમજ્યા તથા જાણ્યા છતા દુ:ખ તથા ખેદની વાત છે કે આપણને (માનવીને) એ રીતે જીવવુ રસદાયક લાગતુ નથી

જો કે ઘણાં વિરલા પુરુષો એ સર્વનો ત્યાગ કરીને અનંત ચતુષ્ટય શાશ્વત સંપત્તિ પામી ગયા છે પણ આ કલિકાળમાં માનવીની દૃષ્ટિને કોઇ સૈતાન (અધર્મી) તત્ત્વે ઘેરી લીધેલ છે તેથી જ એ (મુક્ત સ્વતંત્ર આત્મ તત્ત્વ) જડ જગતના બંધનમા બંધાઇ રહેલ છે અને સ્વાર્થી વિષયોના આકર્ષણમાં મુગ્ધ બન્યો છે એ ઉપર એક "પોતાની ભૂખતરસથી પીડાતા માનવીનો, નિર્ઘૃણ-ક્રૂર ઇર્ષાખોરીનુ દૃષ્ટાંત છે"

એક રાજપુરુષ એક પર્વતની ગુફામાં પોતાના વ્હાલાના ચરણકમળ સુધી પહોચવા માટે સર્વસ્વનો ત્યાગ કરી યોગસાધનાર્થે આવીને રહેલા છે તેઓ નિરંતર પ્રકાશમય, પ્રેમમય, આનંદમય અને ચૈતન્ય મય જ્યોતિ સ્વરૂપનુ ધ્યાન ધરવામાં તલ્લીન રહે છે તેઓએ એ પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી એ તપ-ત્યાગને પ્રભાવે થોડી સિદ્ધિ પણ પ્રાપ્ત કરી છે પણ એઓ તો મુક્તિમાર્ગના પથિક હતા જેથી એક જ ચિંતન અને એક જ રટણમાં અનેક શારીરિક તથા માનસિક કષ્ટો સહર્ષ સ્વીકારીને પણ એ દુષ્કર કર્મ પ્રભુ મિલનની આશાએ કરી રહ્યા હતા એવા એ પ્રભુના અનુગ્રહાર્થી મહાત્માની કીર્તિ પણ શહેરમા તેમજ ગામડાઓમાં ફેલાવા લાગી છે પણ એ પ્રશંસા પેલા ક્રૂર કર્મી યુવાનને શલ્યની જેમ ખૂચવા લાગી, કારણ કે પોતે બ્રાહ્મણ-પુત્ર હતો પણ એ મુસલમાનના રાજ્યમા એ ગામનો એ કોટવાળ હતો અને એણે પોતાની ક્રૂરતાથી તથા સતામણીથી તેમજ નિર્દયતાથી પોતાનુ વર્ચસ્વ ગામમાં જમાવ્યુ હતુ તેનુ અભિમાન એટલે સુધી હતુ કે કોઇ પણ વ્યક્તિના સદ્ગુણો (પોતાના સિવાયના) કોઇથી ખોવી ન શકાય તેમ છતાં કોઇ બોલે તો એના ભોગ જ મળે. તે દેવના મંદિરને પણ પિછાણતો નહિ (દેવને તો ક્યાંથી જ પિછાણે?) તે કાયમ સાધુ-સંતની તો ખાસ અવજ્ઞા-અપમાન કરતો, એ તો એનો સામાન્ય ધર્મ હતો સાચો ધર્મ પશુ છે કે પક્ષિ અને તે કયા પશુ-પક્ષિને ધર્મ કહેવાય છે તે, તે જાણતો નહોતો એવો એ નરાધમ યુવા-

મહાત્મા પુરુષની ખ્યાતિ સાંભળીને ખૂબ ઉશ્કેરાણો અને એ મહાત્માને હેરાન કરવા માટેના દરેક પ્રયાસો તેણે શરૂ કર્યા. એણે તો બહુરૂપીની જેમ ચુસ્ત બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કર્યું. જનોઇ, તિલાં, ટપકાં કરી પાઘડી પહેરીને ધર્માવતાર જેવો બની ચાલ્યો મહારાજને આશ્રમે. મહારાજ તો પાસેના એક ઉપવનમાં જઇને એક અશોક વૃક્ષ નીચે કાયોત્સર્ગ કરી સમાધિ લગાવીને બેઠા હતા. પણ તેના બે શિષ્યો શાસ્ત્રાભ્યાસ કરતા ત્યાં બેઠા હતા તેમની પાસે જઇ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ (જાણે મશ્કરી કરતો હોય એ રીતે) કર્યા. એ ભાઇનું વર્તન શિષ્યોને ઠીક ન લાગ્યું છતા પણ વિનમ્ર ભાવે તેણે તેનો સત્કાર કર્યો.

"પાપાત્માઓના ડોળની ધર્માત્માને ખબર ન જ પડે" બિચારા શિષ્યો તો આ આવનારને એક ભક્તજન તરીકે સમજી તેની સાથે ભોળા ભાવે વાતો કરવા લાગ્યા.

યુવકે બે હાથ જોડી (કૃત્રિમ ભાવે) શિષ્યને કટાક્ષમાં જ પૂછ્યું: શું મહાત્મા આરામમા બિરાજે છે?

'નહિંજી, મહારાજ સમાધિ મે હૈં.'

'અચ્છા:'

મહારાજના આસન પાસે એક નાની વાસની ખુંગળી જેવી લાકડી પડી હતી તે તરફ અંગુલી-નિર્દેશ કરીને તે યુવકે શિષ્યને પૂછ્યું.

'કયા મહાત્મા પેલા કૃષ્ણ કી તરહ બંસરી બજાતે હૈ?'

'નહિંજી, મહારાજ કી યહ, ચમત્કારીક લકડી હૈ'

'ઇસ કા મતલબ?'

'ઇસ લકડી સે મહાત્મા આત્મા કો દેખ સકતે હૈ કિ, યહ આત્મા કિતના પવિત્ર યા અપવિત્ર હૈ.'

'ઐસા; ઠીક હૈ, મહારાજ તો બહુત વિદ્યામય દીખાઇ દેતે હૈ'

'પવિત્ર આત્મા હૈ કુચ્છ-કુચ્છ (થોડા બહુત) ત્રિકાળ જ્ઞાન (ભાવ) ભી સમજ (જ્ઞાન) સકતા હૈ ઔર યહ સાધના વે, લૌકિક ઔર પારલૌકિક કલ્યાણ કે લીયે કર રહે હૈ.'

'અચ્છા-બહુત અચ્છા હૈ'

એમ કહીને એ (યુવક) ત્યાં બેઠો. પેલા શિષ્યો આશ્રમના કંઇક કામમાં રોકાયા. એ સમયનો લાભ જોઇને પેલી લાકડી ઉઠાવીને તેણે તો ચાલતી પકડી અને બાજુના જ ઉદ્યાનમાં અશોક વૃક્ષ નીચે મહાત્મા પ્રમુદિતમનમાં તદાકાર બનીને પોતાના આત્માને એ વિશુદ્ધ આત્મા પ્રત્યે લીન બનાવી સમાધિપણે બેઠા હતા ત્યાં તે પહોંચ્યો અને પેલી લાકડી મહાત્માના દિલ સામે (દૂરબિનની જેમ) ધરી જોવા લાગ્યો તો એકદમ પ્રકાશ પ્રકાશ-તેજનો પુંજ જુએ છે, પણ વચ્ચે રહેજ તલ જેટલું કાળું બિંદુ દેખાયું. એ જોઇને તે બોલી ઉઠયો: હત્તારી આ તો પાખંડી છે, પાપી છે, લુચ્ચો છે, ઠગ છે, આ તો દુનિયાને ભમાવવા જ નિકળ્યો છે. હવે તો એનો બરાબર ફજેતો કરું; આમ બોલતો ને બબડતો એ તો ગામમાં આવ્યો અને જોરથી બોલવા લાગ્યો: અરે મૂર્ખાઓ, પેલો મહાત્મા (જેને તમે પ્રભુ કહો છો એ) તો કાળા દિલનો છે. વિગેરે. દુષ્ટ માણસને માટે કયું દુષ્કર્મ એવું હોય કે, તે ન કરે અથવા ન બોલે! એવામાં એક પ્રૌઢ ધર્માત્મા પંડિત એ રસ્તેથી નીકળ્યા. તેનાથી આ પાપાત્માના અપશબ્દો સંભળાતા નથી છતાં પણ એ નરરાક્ષસની એવી બીક સૌને લાગતી જેથી તેનો આગળ થઇને કોઇ નીકળતું નહી અને તેની નજરે ન પડાય એમ ચાલ્યા જતા હતા. આ પ્રકારે તેના પાપ પરાકાષ્ઠાએ પહોંચ્યા હતા. લાલચોળ આંખો કરીને જેમ તેમ તે બકતો હતો.

પેલા પંડિતને કરુણા જાગી અને મનમાં વિચાર કરે છે કે-કોઇ પણ પ્રકારે આ માનવીનો ઉદ્ધાર થવો જોઇએ. આવી શુભ કામના તેના દિલમાં ઉત્પન્ન થઇ જેથી ધીમે ધીમે તેઓ તેની પાસે આવ્યા અને ઊભા રહ્યા: પેલા પાપાત્માનો ક્રોધાગ્નિ ભભૂકી ઉઠયો અને પંડિતને કહે છે: ભગતજી, પેલો તારો મહારાજ કાળા દિલનો છે. પાપી છે, દુષ્ટ છે, એનું પૂંછડું છોડ, નહિં તો હેરાન થઇશ.

પંડિતના મુખમાંથી (હંમેશની ટેવ ઠોવાથી) એક શ્લોક સરી પડયો.

સાભાર-સ્વીકાર

૧. सर्वज्ञशतकम्—(પ્રતાકાર)—પ્રકાશિકા-શ્રી મીઠાભાઇ કલ્યાણચંદ જૈન પેઢી-કપડવંજ. સંશોધક-મુનિરાજશ્રી ચંદનસાગરજી ગણિવર્ય. પ્રતાકાર પૃષ્ઠ ૨૧૪. મૂલ્ય અમૂલ્ય. સભાને બાજીપુરાવાળા શેઠ નેમચંદ જીવણચંદ તરફથી ભેટ મળેલ છે.

આ શ્રેષ્ઠ કોટિના ગ્રંથના રચયિતા મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિવર છે. ગ્રંથના રહસ્યને બરાબર સમજી શકાય તે માટે તેઓશ્રીએ આ ગ્રંથને સ્વોપજ્ઞ વૃત્તિથી અલંકૃત કરેલ છે. જગદ્ગુરુ આચાર્યશ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજશ્રીના તેઓશ્રી સમકાલીન હતા. તેઓશ્રીની વિદ્વતા અકાટ્ય અને અપૂર્વ હતી. તેઓશ્રીએ કલ્પકિરણાવલી, વિગેરે અનેક ગ્રંથોની રચના કરી છે. શાસનને માટે તેઓશ્રી પ્રાણ પાથરવા પણ તૈયાર રહેતા અને શાસન પર થતા અયોગ્ય હુમલાનો નીડરતાથી પ્રતીકાર કરતા.

આ ગ્રંથમાં તેઓશ્રીએ સર્વજ્ઞ-કેવળી ભગવંતને અંગે વિવિધ વિષયોનું નિરૂપણ કરી, કેવળી ભગવંતના સંબંધમાં પ્રવર્તતી ભ્રાન્ત માન્યતાઓનું સરસ શૈલીએ નિરસન કર્યું છે. આ ગ્રંથમાં ૧૨૨ વિવિધ વિષયો અંગે શાસ્ત્રશૈલીથી સુંદર નિરૂપણ કરી ગ્રંથની મહત્તામાં વધારો કર્યો છે. ઉપાધ્યાયજીના આ ગ્રંથરત્નને આગમોદ્ધારક ગ્રંથમાળાના પ્રથમ મણકા તરીકે પ્રકાશિત કરાવી પૂજ્ય મુનિરાજશ્રી ચંદનસાગરજી મહારાજે ખરેખર શ્રુતભક્તિ કરેલ છે. તેઓશ્રીનો, પ્રકાશનમાં સહાયકર્તાઓનો, સહાયકોને પ્રેરણા કરનાર મુનિવર્યોનો તેમજ મુદ્રણકાર્ય અંગે હસ્તલિખિત પ્રત આપનાર મુનિરાજશ્રી નરેન્દ્રસાગરજીનો પ્રયાસ પ્રશંસનીય તેમજ આવકારપાત્ર છે.

૨. શ્રી સૌરાષ્ટ્ર કચ્છીઓમાળી સુખડિયા પાઇફંડ વિદ્યાર્થીગૃહ વિશેષાંક—પ્રકાશક-સવાઇલાલ અમૃતલાલ શેઠ-ભાવનગર. પૃષ્ઠ ૧૯૨, સચિત્ર.

આજે સમાજમાં કેળવણીની ભૂખ જાગી છે અને વિવિધ જ્ઞાતિઓ પોતપોતાની શૈલીએ તેને પ્રોત્સાહન તેમજ વેગ આપવા પ્રયાસ કરી રહી છે. સુખડિયા જ્ઞાતિ સામાન્ય રીતે શ્રમને પ્રાધાન્ય પદ આપનારી જ્ઞાતિ છે, છતાં સમયની સાથે કદમ ઝીલવા તેમણે પણ કમર કસી છે. નાનું એવું બીજ પણ સમય જતાં કેવું વિરાટ વટવૃક્ષ બને છે તેનો આ જ્ઞાતિએ એક સુંદર દાખલો બેસાડ્યો છે. કોઇના પણ ગજવાને ભારે ન પડે તે રીતે તેમણે "પાઇફંડ"નું સર્જન કર્યું અને જોતજોતામાં સારી પ્રગતિ સાધી સં. ૨૦૦૬ માં પાઇફંડ ઊભું કર્યું, સં. ૨૦૦૯ માં ભાવનગરમાં વિદ્યાર્થીગૃહની સ્થાપના કરી અને આજે સુખડિયા જ્ઞાતિના બાળકો ધાર્મિક, નૈતિક અને વ્યવહારિક કેળવણી સારી રીતે લઇ રહ્યા છે, તે "પાઇફંડ"નું જ સુંદર પરિણામ છે. આ સંસ્થાને વયોવૃદ્ધ શેઠ અમૃતલાલ છગનલાલની તન, મન, ધનથી સંપૂર્ણ સહાય છે.

આ વિશેષાંકમાં સં. ૨૦૦૬ થી પ્રારંભીને સ. ૨૦૧૧ સુધીનો સળંગ અહેવાલ, રિપોર્ટ, આવક-જાવકનો હિસાબ, વિદ્યાર્થીગૃહ ઉદ્ઘાટન સમારંભની વિસ્તૃત કાર્યવાહી, વિવિધ વક્તાઓના થયેલા પ્રવચનો, કાવ્યો વિગેરે સામગ્રી પીરસવામાં આવી છે. સાઠેક જેટલા પ્રસંગ-ચિત્રો આપી વિશેષાંકની સુંદરતામાં વધારો કર્યો છે. શ્રી સવાઇલાલ અમૃતલાલ શેઠ, જેઓ આ સંસ્થાના માનદમંત્રી છે તેઓ સારો આત્મભોગ આપી રહ્યા છે. અમો તેઓશ્રીની કાર્યવાહીને અભિનંદન આપી વિશેષ ને વિશેષ પ્રગતિ સાધે તેમ ઇચ્છીએ છીએ.

૩. અંતરનાં અજવાળા—રચયિતા કવિકુલતિલક, શતાવધાની મુનિરાજશ્રી કીર્તિવિજયજી મહારાજ. કાઉન સોળ પેજી પૃષ્ઠ ૧૧૨. પ્રકાશક શ્રી આત્મ-કમલ-લબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર-ડાહર.

પૂજ્ય મુનિરાજશ્રી આપણા સમાજમાં એક શ્રદ્ધેય અને સુંદર કાવ્ય-રચયિતા તરીકે પ્રસિદ્ધ છે. ગમે તે પ્રસંગને તેઓ પોતાની કાવ્યચમત્કૃતિથી સુંદર અને લોકભોગ્ય બનાવી શકે છે. આ પુસ્તકમાં તેઓશ્રીની પ્રકટ અને અપ્રકટ વીશ જેટલી સજ્ઝાયોનો સંગ્રહ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. પ્રકટ થયેલ આ

આકૃતિ જ તેની ઉપયોગિતાની સાબિતી છે. અમો પૂજ્ય મુનિરાજશ્રીના આ પ્રયાસને આવકારીએ છીએ

૪. આંતર જ્યોતિ (પ્રથમ ભાગ) લેખક–આચાર્ય શ્રીમદ્ કીર્તિસાગરસૂરિજી મહારાજ પ્રકાશક શ્રી અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ–મુંબઈ. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ આશરે ૪૭૫. મૂલ્ય રૂપિયા પાંચ.

મુંબઈના શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળે સાહિત્યના ક્ષેત્રમાં સારો ફાળો આપ્યો છે અત્યાર સુધીમાં લગભગ ૧૧૩ જેટલા ગ્રંથો પ્રકટ કરી સમાજમાં મોભાભર્યું સ્થાન પ્રાપ્ત કરેલ છે. કર્મયોગ અને આનંદઘનજીના પદો–ભાવાર્થ સહિત, ભજનપદ સંગ્રહ વિગેરે અધ્યાત્મને લગતાં ગ્રંથો સમાજમાં સારો આદર પામ્યા છે. આચાર્યશ્રી કીર્તિસાગરસૂરિજીએ પણ ૧૫૧ જેટલા વિષયવિષ પ્રસંગો પરત્વે પોતાની સરલ તેમજ રોચક કલમથી આ ગ્રંથમાં સારું અલેખન કર્યું છે. તેઓશ્રી સારા લેખક હોવા ઉપરાંત તત્ત્વચિન્તક પણ છે. બાકીના ઉપદેશક–વચનો આ ગ્રંથના બીજા ભાગમાં પ્રકટ કરવામાં આવશે શ્રીયુત ફતેહચંદ ઝવેરભાઈનું આ ગ્રંથ અંગેનું કર્યાંકિતવ્ય આ ગ્રંથ કેટલો વિશિષ્ટ છે તેનું દિગ્દર્શન કરાવે છે. અમો આચાર્યશ્રીના આ પ્રયાસને આવકારીએ છીએ અને બીજો ભાગ જલ્દી પ્રકાશિત થાય તેમ ઇચ્છીએ છીએ.

૫. રાણકપુરની પંચતીર્થી—(સચિત્ર) લેખક–અંબાલાલ પ્રેમચંદ શાહ, પ્રકાશક–શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા–ભાવનગર. આશરે પૃષ્ઠ ૧૪૦, મૂલ્ય રૂ. પોણા બે.

શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળાની ઐતિહાસિક દૃષ્ટિએ વિષયવિષ પ્રકાશન કરવાની શૈલી અનુકરણીય અને અભિનંદનને પાત્ર છે. આપણા મુખ્ય મુખ્ય તીર્થોના ઇતિહાસનું સંશોધન કરી તેને ક્રમબદ્ધ શૈલીએ રજૂ કરીને સારી સાહિત્ય સેવા બજાવવા ઉપરાંત આપણને આપણા તીર્થોની પ્રાચીનતા, ઉપયોગિતા અને ઐતિહાસિકતા સંબંધમાં સારું અંજવણું આપે છે. આ રાણકપુરજીની પંચતીર્થીમાં આવતા દરેક સ્થળોની સુંદર રીતે માહિતી આપવામાં આવી છે તદુપરાંત પરિશિષ્ટો આપીને તીર્થને લગતા સ્તવનો વિગેરે તેમજ ચિત્રાલેખો આપી ઉપયોગી સામગ્રી પૂરી પાડી છે. પચીશેક જેટલા ચિત્રો આપી ગ્રંથને સુશોભિત બનાવ્યો છે. અમો આ પ્રયાસની પ્રશંસા કરીએ છીએ.

૬ ચારૂપ અને મેત્રાણા(બે જૈન તીર્થો)—લેખક–મુનિરાજશ્રી વિશાલવિજયજી મહારાજ. પ્રકાશક–શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા–ભાવનગર. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૪૦, મૂલ્ય ૪ આના.

મુનિરાજશ્રી વિશાલવિજયજી ઇતિહાસપ્રેમી છે. આ દિશામાં તેમનું સંશોધન પ્રશંસાપાત્ર છે અને ચાર પાંચ નાની–નાની રેકટો બહાર પાડી. અત્યાર સુધી અંધારામાં રહેલ તીર્થોના ઇતિહાસને પ્રકાશવંતો કર્યો છે. આ લઘુ પુસ્તિકામાં સેલકી યુગના જૈન તીર્થોને લગતી વિષયવિષ સદ્દાઇનો સાથે સારી માહિતી આપી છે. પ્રયાસ આવકારપાત્ર છે.

૭. શ્રી ભોરોલ તીર્થ—લેખક ને પ્રકાશક ઉપર પ્રમાણે ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૩૬, મૂલ્ય ચાર આના. ઉત્તર ગુજરાતના આ તીર્થસ્થાનની અર્વાચીન અને પ્રાચીન માહિતી આ લઘુ પુસ્તિકામાં સારી રીતે આપવામાં આવી છે લેખકશ્રી પાસે આવી સામગ્રી સારા પ્રમાણમાં સંગ્રહાયેલી પડી છે તેઓશ્રી એક પછી એક આવા પ્રાચીન સ્થળોનો માહિતીપૂર્ણ ઇતિહાસ પ્રસિદ્ધ કરે એમ ઇચ્છીએ છીએ.

૮. શ્રી આનંદઘનજીનાં પદો—લેખક સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ. પ્રકાશક શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ ૨૬. કિંમત રૂ. ૭–૮–૦

૯. વર્ણક–સમુચ્ચય ભા. ૧ મૂલ પાઠ સંપાદક ડો. ભોગીલાલ જ સાંડેસરા એમ. એ પીએચ. ડી. પ્રકાશક મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા કિંમત રૂ. ૭–૮–૦

10. Stem Reckoning by Gopaldas Khosla publishers: Bhawnani & Sons, New Delhi. 1

લઘુ અને ગુરુ

સૂર્ય પોતાના પ્રતાપી કિરણોથી જગતને પ્રકાશિત કરી રહ્યો હતો. નિર્ગ્રંથનાથ ભગવાન મહાવીર જ્ઞાનના કિરણોથી પ્રાણીસમૂહનાં હૈયાઓને પ્રકાશિત કરી રહ્યા હતા

વસુંધરાને પાવન કરતા પ્રભુ આજ તો રાજગૃહનગરના મનોહર ઉદ્યાનમાં પધાર્યા છે, ગુણશીલ ચૈત્યમાં પ્રભુએ આસન જમાવ્યું છે મગધરાજ બિંબિસાર અને પ્રજાજનો પ્રભુના દર્શને આવ્યા છે સૌના હૈયામાં હર્ષ તો સ્વાય માતો નથી

શું પ્રભુના શાન્ત નયનો છે? શું એમની સૌમ્ય આકૃતિ છે? શું એમનો સંયમથી દીપતો દેહ છે? અને વાણી ?

વાણી તો નગાધિરાજ પરથી વહેતી ગંગાની જેમ છળછળ કરતી વહી રહી છે! સૌ એને સાંભળી પરમ પ્રસન્ન થયા છે

આ વખતે સૂર્ય જેવા તેજસ્વી અને ચંદ્ર જેવા સૌમ્ય શ્રી ગૌતમે માનવહૈયામાં ઘેળાતો પ્રશ્ન પૂછ્યો

'પ્રભો! આત્મા શાથી ભારે બની અધોગતિને પામે છે? અને કયા પ્રકારે હળવો બની ઊર્ધ્વગતિને પામે છે?'

પ્રશ્ન ગંભીર હતો છતાં સમયોચિત હતો સદૈવ જીવનના ભારથી હળવા બનવું હતું, એટલે સૌની જિજ્ઞાસા વધી વાતનો મર્મ જાણવા સહુ ઉત્સુક બન્યા

ભગવાનનાં કરુણા નીતરતા નયનો સભા પર ઠર્યાં થોડીવારે એ બોલ્યા.

'ગૌતમ! તુંબડું તરવાની શક્તિવાળું છે, એ સહુ જાણે છે એક તુંબડું લાવે એ સારું હોય, મુકું દોષ કાઢ્યા વિનનું હોય પછી એ તુંબડા પર ચીકણી માટીનો લેપ કરે અને એને સુકવે સુકાયા પછી વળી લેપ કરે વળી સુકવે આમ આઠ વાર પટ આપે પછી એને પાણીના નાખે તો શું તરવાના સ્વભાવવાળું એ તુંબડું તરશે?'

'ના પ્રભુ!' આખી સભા એક અવાજે બોલી

પછી ભગવાન બોલ્યા

આ રીતે આઠ વાર લેપ કરેલા તુંબડાને પાણીમાં નાખે તો, એ તરવાની શક્તિવાળું તુંબડું પણ પાણીમાં તરતું નથી, બલ્કે ડૂબી જાય છે, તેમ આત્મા પણ હિંસા અસત્ય, ચોરી અસંયમ, દ્વેષ, માન, માયા અને લોભના કુસંસ્કારોથી લેપાયેલો ભારે થઈ જાય છે તરવાની આવડત છતાં ડૂબે છે

હૃદયને બુદ્ધિને સ્પર્શતો આ ઉપદેશ સાંભળી સભા ડોલી રહી આગળ વર્ધમાને કહ્યું

પણ ગૌતમ! એ તુંબડા પરના લેપનો પહેલો પટ કોહવાય અને ઉખડી જાય તો એ તુંબડું થોડું અદ્ધર આવે, વળી એક પટ ઓછો થતા વધુ ઊંચે આવે, એમ કરતા એ બધા પટ ઉતરી જતા તુંબડું મૂળ સ્વભાવે હળવું થતા પાણીની સપાટી પર તરવા લાગે તેજ રીતે આ આત્મા પણ અહિંસા સત્ય અચૌર્ય સંયમ, અપરિગ્રહ ક્ષમા મૃદુતા, સરળતા ને નિર્લોભતાના આચરણથી કુસંસ્કારોને નિર્મૂળ કરી બધે કર્મોનો ક્ષય કરી, હળવો બની ઊર્ધ્વગતિ પામે છે'

ગૌતમે ભગવાનના ઉપદેશનો સાર તારવતા કહ્યું

એટલે પ્રભુ! કુસંસ્કારરૂપી આત્મા ભારે થઈને અધોગામી બને છે સુસંસ્કારરૂપી આત્મા હળવો બની ઊર્ધ્વગામી બને છે!

પ્રભુના દર્શન કરી પાછા ફરતા સભાજનોના મુખ પર જ્ઞાનનો પ્રકાશ હતો અને રાજગૃહના ઘર ઘરમાં તેની ચર્ચા હતી

મુદ્રક શાહ ગુલાબચંદ લલ્લુભાઈ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ દાણાપીઠ-ભાવનગર

શ્રી આત્માનંદ પ્રકાશ

ATMANANDA

તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થ

પુસ્તક ૫૩
અંક ૧૧-૧૨ મો

પ્રકાશક
શ્રી જૈન વેતાંબર કોન્ફરન્સ
ભાવનગર

અનુક્રમણિકા

૧. શ્રી વિમલજિન સ્તવન	(પાદરાકર)	૧૬૧
૨. કામવાસનાનો દારુણ અંજામ	(મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી)	૧૬૨
૩. નવનિધાન નવ સ્તવનો	(શ્રી હીરાલાલ રમિકદામ કાપડીયા)	૧૬૫
૪ સમાજ-સ્વપ્નની આગાહી	(શ્રી પ્રાણજીવનદાસ ક ગાંધી)	૧૬૭
૫. જીવન	(અમરચંદ માવજી શાહ)	૧૭૧
૬. જીવન-સૌંદર્ય	(અનુ૦ વિઠ્ઠલદાસ મૂ શાહ)	૧૭૪
૭ કાગળનાં ફૂલ	(શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર")	૧૭૬
૮ ધર્મવીર કુમારપાળ	(કાંતિલાલ જ. દોશી)	૧૭૭
૯ શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇનું પ્રવચન...		૧૮૭
૧૦. સેવાનત	(ભગવાનભાઇ પ્રાગજીભાઇ સંઘવી)	૧૯૦
૧૧. વાર્ષિક અનુક્રમણિકા		૧૯૪
૧૨ પુસ્તકોની પહોંચ...		૧૯૬

"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિક અંગે નિવેદન

આ વખતનો જ્યેષ્ઠ તથા અશાડ માસનો અગિયારમો તથા બારમો અંક સંયુક્ત બહાર પાડવામા આવ્યો છે અને "શ્રી આત્માનંદ પ્રકાશ"નું ત્રેપનમું વર્ષ ગુરુકૃપાથી અશાડમાં પૂરું થાય છે.

આપ સર્વ જાણો છો કે, શ્રી આત્માનંદ પ્રકાશે સમાજનાં ધાર્મિક, નૈતિક અને સામાજિક ક્ષેત્રમાં, પોતાની મર્યાદામા રહીને યથાશક્તિ સેવા બજાવી છે. અમો અમારું મૂલ્યાંકન આપમેળે કરીએ તે ઉચિત નથી છતાં પણ "પ્રકાશ"ને વધુ સમૃદ્ધ અને રસિક બનાવવાની અમારી અભિલાષા અને પ્રયત્ન છે.

વાર્ષિક હિસાબી સગવડતાને અંગે શ્રી આત્માનંદ પ્રકાશનું વર્ષ નવા વર્ષથી બદલવાનું અમે ઉચિત ધાર્યું છે અને એટલે ચોપનમા પુસ્તકનો પ્રથમ અંક શ્રાવણ માસને બદલે ૨૦૧૩ના કાર્તિક માસમાં પ્રગટ થશે એટલે હવેથી માસીકનું વરસ કાર્તિકથી આસો સુધીનું નિર્ણીત કરવામા આવ્યું છે.

ગ્રાહક બંધુઓને જણાવવાનું કે, તેમણે પોતાનું સં. ૨૦૧૩ નું લવાજમ અશાડ માસની આખર સુધીમા મોકલી આપવું. આપના તરફથી જો લવાજમ સમયસર નહિ મળે તો સં. ૨૦૧૩ નું એટલે કે "શ્રી આત્માનંદ પ્રકાશ"ના ચોપનમા વર્ષનું લવાજમ વસુલ કરવા માટે ઐતિહાસિક ભેટ-પુસ્તક શ્રાવણ માસમાં રૂ. ૩-૮-૦ ના વી. પી. થી આપના તરફ રવાના કરવામાં આવશે, જે સ્વીકારી લેવા વિજ્ઞપ્તિ છે. દરમિયાનમાં જેમને ગ્રાહક તરીકે ન રહેવું હોય તેમણે અમને તરત લખી જણાવવું, જેથી વી. પી. નો ખોટો ખર્ચ ન થાય.

આ અંક પ્રસિદ્ધ થયા પછી લાઈફ મેમ્બરો, પેટ્રનો તેમજ ગ્રાહક બંધુઓએ ઘણા માસ સુધી શાંતિ રાખી અંક કેમ મળ્યો નથી? કે કેમ પ્રગટ થયો નથી? તે માટે પૂછપરછ ન કરવા વિનતિ છે

તંત્રીમંડળ

શ્રી જૈનાનંદ પ્રકાશ

વીર સં. ૨૪૮૨ | જ્યેષ્ઠ–અશાડ | પુસ્તક ૫૩ મું.
વિક્રમ સ. ૨૦૧૨ | | અંક ૧૧-૧૨ મો

શ્રી વિમલજિન–સ્તવન

(રાગ–માતા મરુદેવાના નંદ)

જય વીતરાગ વિમલ જિનરાજ,
ક્ષયોપશમ તુજ અદ્ભુત ચેતન રંગ લાગ્યોજી !
જીવન રસ રસ્યોજી ! વહાલા રે મારા–ચોળમજીઠ બન્યોજી ! ક્ષયોપશમ !

અનંત, નિર્મળ, અમલ વિશુદ્ધ જ, વિમલ–વિમળ રૂપ–રંગ !
સંગ્રહ નયથી વિમલાતીત છો, શબ્દાદિકથી સોહંત ! જય૦

જ્ઞાન અનંતું પ્રતિ પ્રદેશે, છતી સામર્થ્ય પર્યાય !
ક્ષયોપશમથી, ક્ષાયિક ભાવે, લોકાલોક જણાય ! જય૦

ચિદ્ઘન ચેતન, ચારુ ચિદાનન, નિજાત્મ જ્ઞાન સુરંગ !
અસંખ્ય પ્રદેશી, અનંત શક્તિ, વિલાસ વિમલાનંદ ! જય૦

ચેતન ચમકારા સત્ વિલસે, આવિર્ભાવ થતાય !
શુદ્ધપર્યાય નયાદિક નયને, સકલ ઉપાધિ વિલાય ! જય૦

અનંત ગુણગણ, શુદ્ધ ક્રિયાનો, ભોગી સમય કહાય !
સિદ્ધ સનાતન યોગી વિમલરસ, યોગ રંગ વહી જાય ! જય૦

અંગ વિમળ, જસ રંગ વિમળ, શિવસંગ વિમળ તું સદાય !
ધન્ય વિમળ ! મણિ અમલ–કમલ શ્રી વિમલ ચરણ લહેરાય ! જય૦

—પાદશાકર

કામવાસનાનો દારુણ અંજામ

લેખક-પૂ. મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી મહારાજ-મુંબઈ

અનાદિકાળથી પ્રવાહરૂપે વહેતા આવતા આ સંસાર પરિભ્રમણનું કારણ આત્માને કામવાસના છે. અજ્ઞાન અને પ્રમાદના દોષે મનુષ્યપણાથી તદ્દન વિલક્ષણ એકેન્દ્રિયાદિ જાતિમાં અરહટ્ટની ઘટમાળાની માફક ફરી ફરી જીવ જન્મ્યા કરે છે. એકેન્દ્રિયાદિની કાયસ્થિતિ લાંબી છે માટે મનુષ્યજન્મ દુર્લભ છે.

અનાદિકાલીન કામવાસનાઓ માનવીને સતાવે છે અને હંફાવે છે. જેમ તેમ કરી તેની શક્તિ ક્ષીણ કરી જીવનનું સત્ત્વ ચૂસી લે છે ઇંદ્રિયોની પરવશતાના કારણે ભાનભૂલો બનેલો આત્મા અસત્ય-અપૂર્ણ અને ક્ષણિક સુખ માટે તરફડિયાં મારે છે

તરફડિયાં મારવાની કારમી સ્થિતિમાંથી બચવા માટે કામવાસનાની ભયંકરતા તેના સાચા સ્વરૂપે સમજવી પડે અને હૈયાને જચાવવી પડે. તેમ થતાં ઇંદ્રિયો સાથે રણાંગણમાં ઉતરી યુદ્ધની નોબતો ગગડાવી યુદ્ધના જોખમો અને ભયોનો વિવેકપૂર્વક પ્રતિકાર કરે વિજયની તીવ્ર ઉત્કંઠાથી માનવી અણનમ યોદ્ધો બને અને કાર્યસિદ્ધિ પર્યંત અવિરત યુદ્ધ ચાલુ જ રાખે

सल्लं कामा विस कामा, कामा आसीविसोवमा ।
कामे य पत्थेमाणा, अकामा जन्ति दोग्गइ ।

કામભોગો-કામવાસના શલ્યરૂપ છે, વિષરૂપ છે અને સર્પ તુલ્ય છે આ કામભોગોનું નહિ સેવન કરનાર પણ એની ઇચ્છા માત્રથી કે સ્મરણ માત્રથી પણ દુર્ગતિએ જાય છે

આ કામભોગો શલ્ય સમાન છે જેમ દેહના કોઇ અંગમાં પ્રવેશ પામેલ શલ્ય-બાણની આગળનો તીક્ષ્ણ અંશ માંસની સાથે મળી સારા શરીરમાં તીવ્ર વેદના ઉત્પન્ન કરે છે, જેમ ભોગાસક્ત ચિત્ત પણ પુરુષને રાતદિવસ શલ્યની જેમ પીડિત કરે છે. આ કામભોગો વિષ સમાન છે. જેમ મધુમિશ્રિત વિષ ખાવામાં મધુર અને પરિણામે અતિ દારુણ દુઃખ આપે છે, તેમ કામભોગો પણ આદિમાં અત્યંત પ્રિય લાગે છે, પણ પરિણામે તો વિષથી પણ અધિક ભયંકર છે, એ જ રીતે કામભોગો દૃષ્ટિવિષ સર્પની જેમ અત્યંત ભયંકર છે, જેમ દૃષ્ટિવિષ સર્પ ઉઠીને નાચે તો પ્રિય લાગે છે, પણ સ્પર્શ થતાં પ્રાણને હરી લે છે, તેમ કામભોગો દેખાવમાં તો અતિરમણીય લાગે છે, પણ તેનો અલ્પ સ્પર્શ, મનોરથ કે સ્મરણ માત્ર પણ આત્માને મહાન્ અનર્થ કરે છે.

સુકોમળ સ્પર્શથી આત્માને ભાનભૂલો બનાવતી સ્પર્શના, મધુર રસના આસ્વાદમાં લહેજત પમાડી પાગલ બનાવતી રસના, સુગંધી પાછળ ભમરની જેમ લપટાતી નાસિકા, રૂપ-લાવણ્ય-સૌંદર્ય પાછળ લટ્ટુ બનાવતા નયન, કોમળ મધુરા ગાનમાં મુગ્ધ બનાવતાં કાન શીઘ્ર આત્માની દુર્ગતિ નોતર્યા વગર કેમ રહે? ઇંદ્રિયો બધા જ બળથી આત્માને ઊંડી ખાઇમાં પટકે છે, જેમાં પારાવાર દુઃખ છે, તીવ્ર ત્રાસ, સંતાપ અને ભયંકર પાપબંધ છે, જે દીર્ઘકાલ સુધી રીબાવે છે.

ઇંદ્રિયોની ગુલામીનું પરિણામ ગંભીર આવે છે ક્ષણિક સુખ આપતી ઇંદ્રિયો આત્માને પાતકમાં પટકે છે અને તીવ્ર વેદનાઓનો અનુભવ કરાવે છે, વેદના પણ પુદ્ગલ કે એક ક્ષણ પણ કોટિ વર્ષ જેટલી લાંબી અને અસહ્ય લાગે છે,

કાદવમાં ફસાએલો હાથી તેમાંથી નીકળવાનો પ્રયત્ન તો ઘણો કરે છે અને ઇચ્છે છે કે કીચડમાંથી નીકળી સ્થળપ્રદેશમાં ચાલ્યો જઉં, પણ તે નીકળી શકતો નથી, તેમ કામભોગમાં આસક્ત પુરુષ પણ તેમાંથી નીકળવાની કોશિશ કરવા છતાં પણ સફલ મનોરથ થતો નથી.

વિષયથી વિરક્ત અને શીલગુણમાં અનુરક્ત આત્માને જે અલૌકિક સુખની પ્રાપ્તિ થાય છે, તે આબાલપ્રિય અને પરિણામે દુઃખદાયી કામભોગોમાં કદાપિ ઉપલબ્ધ થતું નથી કામભોગાદિ વિષય આરંભમાં જ કંઇક સુખ આપે છે અને તે પણ

અજ્ઞાની જીવોને કે જે પરમાર્થથી અનભિજ્ઞ છે-અવિવેકી છે. તેમને જ આ કામભોગાદિ પ્રિય લાગે છે અને વાસ્તવમાં તો તે સમસ્ત દુઃખનું મૂળ છે, એમાં સુખનો લેશ પણ નથી; માટે જ સંયમશીલ તપસ્વીઓને આત્મરમણતામાં જે અપૂર્વ આનંદ પ્રાપ્ત થાય છે તે આનંદના એક કણનો લાખમો ભાગ પણ આ કામભોગોમાં ઉપલબ્ધ નથી થતો.

પ્રત્યક્ષ છે કે વિષયી પુરુષને વિષયવાસનાથી કોઈ પણ સમયે શાંતિ નથી મળતી, વિપરીત તેનાથી તેઓ અશાંત અને સંતપ્ત રહે છે; માટે સંયમીના આધ્યાત્મિક આનંદની સાથે આ વિષયજન્ય અતિક્ષુદ્ર સુખની કોઈ અંશમાં પણ તુલના થઇ શકતી નથી.

विषयेष्वतिदुःखेषु, सुखमानी मनागपि ।
नाहो! विरज्यते जन्तो, अशुचिकीट इवाशुचौ ॥

વિષ્ટાનો કીડો વિષ્ટામાં જ સુખ માનતો જરા પણ કંટાળતો નથી, તેમજ અત્યંત દુઃખદાયી વિષયોમાં સુખ માનીને, આશ્ચર્ય છે કે માનવ લેશ પણ વિરાગી થતો નથી

दुरन्तविषयास्वाद-पराधीनमना जनः ।
अन्धोऽन्धुमिव पदाग्र-स्थितं मृत्युं न पश्यति ॥

અંધ પગની આગળ જ રહેલ કૂવાને દેખતો નથી તેમ પરિણામે દુષ્ટ વિષયોના સ્વાદમાં મનવાળો પોતાના પગ આગળ રહેલ મૃત્યુને જોતો નથી.

વિષયોની કલ્પિત ક્ષણિક મધુરતામાં મુગ્ધ બનીને વિકટ ભયસ્થાનોમાં મૂકાવાનું ભયંકર જોખમ શાણો આત્મા ન વહોરે. આ બીના સમજવામાં નીચેનું દૃષ્ટાંત માર્ગદર્શક બનશે.

સર્વ સમૃદ્ધિના ભંડાર સમા કામરૂપ દેશમાં અમરાવતી જેવા મદનપુર નામના નગરમાં ગુણનિધાન પ્રજાવત્સલ પ્રદ્યુમ્ન નામે રાજા કરતો હતો તેને રતિ નામે રાણી હતી તે બન્ને વિષયસુખથી કાળ નિર્ગમન કરતા હતાં. એકદા રાજા અશ્વક્રીડા કરવા બહાર ગયેલ રાજમહેલમાં રાણી એકલી હતી. વિચિત્ર ગોખમાં ઊભી હતી. દિશાવલોકન કરતાં રાજમાર્ગે રહેલ અને દેવમંદિર તરફ જતાં સાર્થવાહપુત્ર શુભંકરને તેણે જોયો તેને જોઈ અવિવેકના સામર્થ્યથી અને વિષયોના અભ્યાસથી રાણીને તેના ઉપર અભિલાષ થયો કટાક્ષથી જોયું. રાણી પણ તેના જોવામાં આવી. મોહથી જોઇ. તેને તેણીમાં રાગ થયો. 'અહો ચિત્રતા!' એમ વિચારી રાણી ખુશ થઇ તે મોહથી એક સ્થાને ઊભો. કારણ મદનવિકાર દુર્વાર છે 'સખિ! યુવતિજનના મનને સુખ આપનાર આ યુવાનને લાવ,' એમ કહી રાણીએ પોતાની વિશ્વાસુ દાસીને તેની પાસે મોકલી.

તે મધુર અને મનોરમ વાણીથી સમજાવી લઇને આવી અને રાણીવાસમાં તેને મોકલ્યો રાણીએ સન્માનથી પલંગ ઉપર બેસાડી પ્રેમથી તેને તાંબૂલ આપ્યું. તેણે ગ્રહણ કર્યું. તેવામાં ભાટ-ચારણનો કોલાહલ સાંભળવામાં આવ્યો તે ઉપરથી રાજા અશ્વક્રીડા કરી પાછા પધાર્યા એમ જાણી રાણીને ભય ઉત્પન્ન થયો કે હવે શું કરવું? બીજો ઉપાય નહિ હોવાથી સંડાસમાં તેને મોકલી દીધો. રાજા આવી પલંગ ઉપર બેઠા. તરત તેમને ઝાડે કરવા જવાની ઇચ્છા થઇ એટલે કહ્યું કે-હજામને બોલાવો. ઝાડે કરવા જવું છે હજામને બોલાવ્યો. શુભંકરે આ સાંભળ્યું. "ચોક્કસ મરવાનું થશે" એવા અત્યંત ભયથી છૂટવાની આશાથી સંડાસના ઊંડા કૂવામાં કે જેમાં કાયમ અંધકાર, અત્યંત ખરાબ ગંધ અને કીડાઓનું સ્થાન હતું તેમાં પોતે પડ્યો. સંડાસમાંથી કૂવાના કાઠા ઉપર પડ્યો. ગંદકીથી ભરાઇ ગયો. કીડાથી વિંધાવા માંડ્યો. આખનો દેખાવ બંધ થઇ ગયો. શરીર અકડાઇ ગયું. અનેક વેદનાઓ થવા લાગી, ઘણો અકળાયો, બેભાન થયો.

બીજી બાજુ અંગરક્ષકોએ તપાસેલા સંડાસમાં રાજા ગયો. કામ પતાવી બહાર નીકળી રાણી સાથે વિનોદ કરવા લાગ્યો દિવસ પૂરો થતાં રાજા સભામંડપમાં ગયો. પછી રાણીએ શુભંકરની તપાસ કરી તો ન દેખાયો. દાસીને પૂછ્યું 'શું થયું હશે?' તેણે કહ્યું ભયથી કૂવામાં પડી મરી ગયો હશે. રાણીએ કહ્યું

તેમજ થયું હશે. નહિ તો દેખાય કેમ નહિ? તેની ચિંતા ચાલી ગઇ

આ તરફ શુભંકર તે કૂવામાં ભવિતવ્યતાથી દુઃખી થતો વિચિત્ર કર્મવશવર્તી બની, અશુચિ ખાઇને પોતાની રક્ષા કરતો, કેટલાક દિવસે એ ખાળકૂવો સાફ કરવા ખોલતા અશુચિના જવાના માર્ગથી બહાર નીકળી ગયો તેના દેહની કાંતિ નષ્ટ થઇ હતી, નખ અને વાળ નષ્ટ થઇ ગયા હતા તેને રાત્રિના સમયે જ અશુચિના જવાના માર્ગથી બહાર નીકળવાનું થયું હતુ. તે ઘણા પ્રયત્નથી સાફ થઇ મહામુશીબતે પોતાને ઘેર ગયો તેને એવા કદરૂપે આવેલો જોઇ, આ કોણ ભૂત હશે? એમ માની તેનો પરિજન ભય પામી ગયો. તેણે કહ્યું, "ભય ન રાખો, હું શુભંકર છું." તેના પિતાએ કહ્યું: 'પુત્ર! તેં શું કર્યું કે આવો થઇ ગયો?' પિતાના પૂછવાથી તેણે એકાંતે રતિરાણીને ત્યાંના પ્રવેશથી માંડીને નીકળવા સુધીની વાત કહી અહો! અકાર્યના સેવનના સંકલ્પનું ફલ! વિષયવિલાસના સંકલ્પનો અંજામ? તે સાભળી વિચારી તેના પિતાને સંવેગ થઇ ગયો પછી તેને પવન વગરના સ્થાને રાખી સહસ્રપાકાદિ તેલથી માલીસ કરાવવાથી થોડા વખતમાં મૂળ સ્થિતિમાં તે આવી ગયો. ઉચિત સમયે દેવદર્શન કરવા જતાં રાજમાર્ગે આવતાં રતિરાણીએ તેને જોયો વિશ્વાસુ દાસી મોકલી બોલાવ્યો મોહના કારણે શુભંકર ગયો અને તેવામાં પ્રથમની જેમ રાજા આવી ચઢ્યો, તેથી તેને પૂર્વની જેમ જ સંડાસમાં સંતાવાનું, જાજરુના કૂવામાં પડવાનું અને કેટલાક દિવસે એ ખાળકૂવો સાફ કરવા ખોલતા અશુચિ જવાના માર્ગથી બહાર નીકળવાનું થયું. પૂર્વની જેમ ઉપાય કરતાં સારો થયો ફરી રાણીના જોવામાં આવ્યો ફરી પણ ગયો આમ ઘણીવાર બન્યું. કારમી ભયંકર યાતનાઓથી આ ભવમાં પણ વિલાસ ન ભોગવી શકવા છતાં વિલાસના મનોરથમાત્રથી પણ ઘણો જ હેરાન પરેશાન થઇ ગયો અને ભવિષ્યને માટે પણ ભયંકર દુર્ગતિની પરંપરા પોતાના માટે ખડી કરી દીધી.

વિષયવિલાસ(વાસના)ની ઉત્કટતા અને તેનું ભયંકર પરિણામ સમજી સૌ પોતાના આત્માને પવિત્ર બનાવે એ જ એક મંગલ કામના

सुखस्य दुःखस्य न कोऽपि दाता
परो ददातीति कुबुद्धिरेषा ।
अहं करोमीति वृथाभिमानः
स्वकर्मसूत्रग्रथितो हि लोकः ॥

(મંદાક્રાંતા)

આ સંસારે સુખદુઃખતણો કોઈ દાતા ન જાણો,
'બીજે દીધું સુખદુઃખ મને' એ કુબુદ્ધિ પ્રમાણો;
'મેં કીધું' એ જરૂર જનનું, ભાઇ, મિથ્યાભિમાન,
કર્મોરૂપી દૃઢ નિગડથી સર્વ છે બંદીવાન.

નવનિધાન નવ સ્તવનો

(લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ એ.)

ગૂર્જર સાહિત્ય સંગ્રહ (ભા. ૧, પૃ. ૭૨)-માં ન્યાયવિશારદ ન્યાયાચાર્ય ઉપાધ્યાય યશોવિજયગણિનાં કેટલાંક સ્તવનો અને પદોનો જશવિલાસના નામે ઉલ્લેખ કરાયો છે. આ જશવિલાસમાં અહીં ચાર બાબત અપાઇ છે:—

(૧) નવનિધાન સ્તવનો
(૨) વિશિષ્ટ જિન-સ્તવનો
(૩) સામાન્ય જિન-સ્તવનો
(૪) આધ્યાત્મિક પદો

આ પૈકી પહેલી બાબત અત્ર પ્રસ્તુત છે.

એક [1]હાથપોથીમાં "નવ નિદ્ધાન નવ સ્તવન સંપૂર્ણ" એવો અંતમા ઉલ્લેખ છે. એને અનુસરીને મેં "નવનિધાન નવ સ્તવન" એવું શીર્ષક યોજ્યું છે, જ્યારે ઉપર્યુક્ત ગૂ. સા. સં. (ભા. ૧, પૃ. ૭૩) માં એનો "નવ નિધાન સ્તવનો" ના નામે નિર્દેશ કરાયો છે.

નવ સ્તવનો—"નવનિધાન નવ સ્તવનો" થી જે નવ સ્તવનો સમજવાનાં છે તે અનુક્રમે ઋષભદેવથી માંડીને સુવિધિનાથ નામના નવમા તીર્થંકર સાથે સંબંધ ધરાવે છે. એ નવે સ્તવનોની આદ્ય પંક્તિ અનુક્રમે નીચે મુજબ છે:—

(૧) ઋષભદેવ હિતકારી જગતગુરુ.
(૨) અજિતદેવ મુજ વાલહા.
(૩) સંભવ જિન જબ નયન મિલ્યો હો.
(૪) પ્રભુ! તેરે નયનકી હું બલિહારી
(૫) સુમતિનાથ સાચા હો.
(૬) ઘડિ ઘડિ સંભારે સાંઇ સલૂના.
(૭) ઐસેં સામી સુપાર્શ્વસેં દિલ લગા.
(૮) શ્રી ચન્દ્રપ્રભ જિનરાજ રાજે.
(૯) મેં કીનો નહી તો ખિન ઓરથું રાગ.

ભાષા—નવે સ્તવનોની ભાષા 'હિન્દી' છે એમ સામાન્ય રીતે કહી શકાય. બાકી કોઇ કોઇ વાર ગુજરાતીની છાંટ જોવાય છે અને એ માટે નકલ કરનાર-લહિયો જવાબદાર હોય તો ના નહિ.

પરિમાણ—ઋષભદેવના સ્તવનથી શરૂ થતાં નવ સ્તવનની કડીઓની સંખ્યા નીચે મુજબ છે:—

૬, ૫, ૪, ૫, ૫, ૫, ૫, ૫ અને ૫.

આમ એકંદર કડીની સંખ્યા ૪૫ ની છે.

રાગ—નવે સ્તવનો પૈકી એકે માટે દેશીનો ઉલ્લેખ નથી, પરંતુ એ માટે અનુક્રમે નિમ્નલિખિત રાગનો ઉલ્લેખ છે:—

રામકલી, કાફી, ગોડી, નટ, મારૂ, પૂરવી,
યમન કલ્યાણ, રામશ્રી અને કેદારો.

આ ઉપરથી જોઇ શકાશે કે પ્રત્યેક સ્તવનનો રાગ ભિન્ન ભિન્ન છે.

વિષય—આ સ્તવનોનો વિષય અનુક્રમે ઋષભદેવથી શરૂ કરીને સુવિધિનાથ સુધીના નવ તીર્થંકરના ગુણગાન ગાવાનો છે.

પહેલા સ્તવનમા ઋષભદેવને આદ્ય તીર્થંકર, આદ્ય નરેશ્વર, આદ્ય યતિ બ્રહ્મચારી કહ્યા છે. વિશેષમાં અહી કર્તાએ યશોવિજયગણિએ એમની પાસે હાથી, ઘોડા, ધન, કાચન કે નારી નહિ માગતાં એમના ચરણકમળની સેવાની માગણી કરી છે.

બીજા સ્તવનમાં કહ્યું છે કે જેમ મધુકરને માલતી અને મુસાફરને ઘર ગમે છે તેમ મને હરી, હર, બ્રહ્મા અને ઇન્દ્ર ન ગમતાં તું અજિતનાથ જ ગમે છે. આ સ્તવનમાં ભરત, ઐરાવત અને વિદેહનો ઉલ્લેખ છે.

ત્રીજા સ્તવનમાં સંભવનાથના દર્શનથી કર્તાને જે લાભ થયો તેનો નિર્દેશ કર્તાએ કર્યો છે. તેમાં નવ નિધિની હું નોધ લઉં છું. "જેવી ભક્તિ તેવી કરુણા" એ વાત સૂચવતી વેળા કર્તાએ સફેદ શંખમાં દૂધ ભર્યું એમ કહ્યું છે. વિશેષમાં અહીં સમ્યક્ત્વનો રત્ન તરીકે નિર્દેશ છે.

---

[1] આનો સંક્ષિપ્ત પરિચય ગૂ. સા.સં. (ભા ૧ પૃ. ૭૯) માં અપાયો છે.

ચોથું સ્તવન કાવ્યરસિકોને આનંદ આપે તેવું છે એમાં અભિનન્દન જિનનાં નેત્રને અપ્રતિમ કહ્યા છે કમળ એ નેત્રની શોભાથી જ્ઞાતાર્તા જળમા રહે છે, હરણ હારી જતા વનમાંથી ગગનમા ચન્દ્રને શરણે ગયુ છે, સ્વાભાવિક અને મનોરમ અંજન જોઇ ખંજન પક્ષીનો ગર્વ ગળી ગયો છે, ચકોરની શોભા છીનવી લેવાઇ છે, દુઃખનો માર્યો અગ્નિ ભક્ષ કરે છે, મત્સ્યનો ચંચળતા રૂપ ગુણ લેવાયો છે અને ભમરના જેવી કાળી કીકી છે, જેમ હાથી મદન જળમાં ઘૂમે તેમ પ્રભુના નેત્ર સમતા રસમાં ઘૂમે છે.

આ વર્ણન કવિ પ્રેમાનંદે વિ સં. ૧૭૭૬માં રચેલા નળાખ્યાનમાં અપાયેલા દમયંતી અને નળ નાં વર્ણનનું સ્મરણ કરાવે છે.

પાચમા સ્તવનમા કહ્યુ છે કે સુમતિનાથ સાચા દેવ-ઉત્તમ હીરા સમા છે, કેમકે એની વાણી અને વર્તનમા ભેદ નથી, જ્યારે ઇતર દેવો કાચા છે, મસ્ત હોઇ કાચ જેવા છે

છઠ્ઠા સ્તવનમાની નિમ્નલિખિત પંક્તિ મનોરમ છે

" પ્રભુ ગુન જ્ઞાન ધ્યાન વિધિ રચના,
પાન સુપારી કાથા ચૂના,
રાગ ભયો દિલ મે આયોગે,
રહે છિપાયા ના છાના છૂના "

સાતમું સ્તવન પ્રીતિનાં ઉદાહરણો રજૂ કરે છે દ્વારા કોને શું પ્રીતિકર છે, રુચે છે, તે દર્શાવાયુ છે આ વાત કુ નીચે મુજબ સચવું છું -

રાજહંસ	માનસરોવર	જ્ઞાની	તત્વની વિચારણા
હાથી	રેવા(નર્મદા)નુ જળ	મોર	મેઘ
હરિ	ક્ષીરસમુદ્ર	ચકોર	ચન્દ્ર
		કામદેવ	વસંત
ભ્રમર	અમૂલ્ય પુષ્પ	દાની (દાતા)	ત્યાગ
કોયલ	આંબો	બ્રાહ્મણ	યાગ-યજ્ઞ
સીતા	રામ	યોગી	સંયમ
રતી	કામ	દેવ	નન્દનવન
મુસાફર	ઘરનું આંગણુ	ન્યાયી	ન્યાય[1]

૧ આ પૈકી ઘણાખરાં ઉદાહરણો યશોવિજયગણિએ રચેલા અનંતવીર્ય-જિન-સ્તવનમાં જોવાય છે

આઠમા સ્તવનમાં ચંદ્રપ્રભ સ્વામીના મુખને પૂર્ણિમાના ચંદ્રની, ભવ્ય જનોને ચકોરની, કવિઓને ભમરની અને મુખને મકરદની ઉપમા અપાઇ છે એ તીર્થંકરના હૃદય અને હાથ વિશાળ કહ્યા છે અને એની ચાલને હાથી જેવી કહી છે.

નવમા સ્તવનમા સુવિધિનાથ જેવા સુદેવ અને કષાયની કાલિમા(કૃષ્ણતા)થી કલુષિત કુદેવ વચ્ચેનું અંતર વિવિધ દૃષ્ટાંતોવડે આબેહૂબ વર્ણવાયું છે એ અંતર નિમ્નલિખિત દ્વંદ્વોદ્વારા દર્શાવાયું છે —

માન સરોવરનો રસિયો રાજહંસ	અશુચિમાં રાચનારો કાગડો
વિષવરૂપ સર્પપ્રત્યે ગરુડ	વિષરૂપ વિષવાળો સર્પ
સમુદ્ર	છીચર જળ
સુરતરુ (કલ્પવૃક્ષ)	સુકાઇ ગયેલ સાગનું ઝાડ

અંતભાગમા કહ્યું છે કે સુવિધિનાથ જ પુરુષોત્તમ, નિરંજન શંકર, બ્રહ્મા અને બુદ્ધ છે. આ વાત ભક્તામર સ્તોત્રના નિમ્નલિખિત પદ્યનું સ્મરણ કરાવે છે —

" बुद्धस्त्वमेव विबुधार्चितबुद्धिबोधात्
त्वं शङ्करोऽसि भुवनत्रयशङ्करत्वात् ।
धातासि धीर शिवमार्गविधेर्विधानाद्
व्यक्तं त्वमेव भगवन् ! पुरुषोत्तमोऽसि ॥ "

અંતમાં કર્તાએ પોતાના દિલને બાગ કહ્યો છે, સુવિધિનાથના ગુણોને ફૂલ અને ભક્તિને પરાગ કહ્યા છે

નામ-નિર્દેશ—કર્તાએ ભિન્ન ભિન્ન રીતે પોતાનો પરિચય આપ્યો છે જેમકે નામોલ્લેખ કર્યા વગર નય વિજયના શિષ્ય તરીકે અને નામોલ્લેખપૂર્વક જય, અને વાચક જશવિજય તરીકે કર્તાને 'વાચક' પદવી વિ સં. ૧૭૧૮માં મળી હતી એટલે એ ઉલ્લેખવાળાં સ્તવન વિ સં. ૧૭૧૮ની પહેલા ન ગણાય તેમ એ વિ સં ૧૭૪૫ પછીનાં પણ ન ગણાય કેમકે લગભગ એ અરસામાં યશોવિજયગણિનો સ્વર્ગવાસ થયેલો છે

સમાજ-સ્વપ્નની આગાહી

શ્રી. પ્રાણજીવન હરગોવિંદદાસ ગાંધી

૧. આજે જૈનસમાજનું સુકાન કોઇ એક વ્યક્તિ કે વર્ગના હાથમાં નથી. પ્રત્યેક ગામમાં, સંઘમાં, સંસ્થામાં, મંડળમાં, ગચ્છમાં, વાડામાં કે વર્ગમાં એક જ પ્રકાર કે પ્રકૃતિના, એક જ વિચાર કે વર્તનના, એક જ ધ્યેય કે હેતુના સુકાનીઓ ભાગ્યે જ જોવા મળે છે. મોટા ભાગના નાયકો એવા શક્તિહીન અને ઉત્સાહશૂન્ય હોય છે કે પરાપૂર્વથી ચાલતી આવેલી પ્રથા કે પદ્ધતિ પ્રમાણે તંત્ર ચલાવતા હોય છે અથવા તો વધુમતિને આધીન થઇને તેઓની દોરવણી મુજબ વર્તતા હોય છે. પરિણામે સમયની સાથે તેઓ ચાલતા નથી એટલે એકવાક્યતા સચવાતી નથી, પ્રગતિ થતી નથી, વિરોધ ઊભો થાય છે, ક્લેશ અને કુસંપના શ્રીગણેશ મંડાય છે અને વહીવટ અસ્તવ્યસ્ત થાય છે. આજે જ્યાં નજર નાખીએ ત્યાં પ્રાયે આ દૃશ્ય જોવા મળે છે.

૨. જૈનધર્મ સૌથી પ્રથમ એ ઉપદેશે છે કે ૧ ગુણાનુરાગી બનવું. ૨ સમતાગુણ કેળવવો, ૩ મન વચન કાયાની ક્રિયાઓમાં સંયમ કેળવવો, ૪ વિનય અને ક્ષમા ધારણ કરવા, ૫ સાધર્મીનું બહુમાન કરવું, ૬ ધનની મૂર્છા ઉતારવી, ૭ યથાશક્તિ દાન કરવું, ૮ મમત્વભાવ ઘટાડવો, ૯ અને ધાર્મિક કરણી અને જ્ઞાનવડે આત્મા નિર્મળ કરવો. જૈન હોવા તરીકેની યોગ્યતાનું આ માપ કે કસોટી હોય તો તેનાથી દરેકે પોતાનું માપ કાઢવું જોઇએ અને પોતાના જીવનની કસોટી કરવી જોઇએ. તેમાં પસાર થઇએ તો જ આપણે આપણી જાતને 'જૈન' તરીકે ઓળખાવી શકીએ.

૩. દરેક મનુષ્ય, પ્રાણી, કાર્ય, ક્રિયા કે ઘટનામાં સારું, મધ્યમ કે કનિષ્ટ એની માત્રા ઓછા વધુ હોય છે. એટલે જે પ્રકારનું દૃષ્ટિકોણ હોય તે પ્રકારે વસ્તુનું સ્વરૂપ દેખાય છે, પરંતુ ઊણપ કે ત્રુટિઓના પ્રત્યે જો દુર્લક્ષ સેવીએ તો પ્રગતિ રૂંધાય છે, સુધરવાનો માર્ગ બંધ થાય છે અને ધ્યેય સિદ્ધ થતું નથી માટે જેણે સુધરવું હોય કે પ્રગતિ સાધવી હોય અથવા જગતનું કલ્યાણ સાધવાની ભાવના હોય તેણે પોતાના દોષો અને ભૂલો જોતાં અવશ્ય શીખવું જોઇએ અને બીજાઓના દોષો પ્રત્યે શુભ હેતુપૂર્વક અંગુલીનિર્દેશ કરવો જોઇએ. જગત આ રીતે પ્રગતિ સાધી શકે છે. જૈનશાસ્ત્ર પણ એ જ પ્રરૂપે છે કે પ્રથમ દોષો દૂર કરો, તે પછી જ ગુણો માટે જગ્યા થશે અને પછી ગુણવૃદ્ધિ માટે પ્રયત્નશીલ બનો.

૪. આજે ધર્મક્રિયા, ઉત્સવો, તપશ્ચર્યા, ધર્મોપદેશ, ધાર્મિક પુસ્તકોનાં અને સામયિકોનાં પ્રકાશન, જિનાલયો, તીર્થયાત્રા, એ બધામાં અભિવૃદ્ધિ થઇ રહી છે. સંસારત્યાગ કરનારાઓની સંખ્યા પણ વધી રહી છે, પરંતુ એકંદરે સામા કે પ્રત્યેકમાં ધર્મપ્રત્યેનો સાચો પ્રેમ કે સાચી શ્રદ્ધા વધ્યા હોય કે વધતા હોય, એવું જોવામાં આવતું નથી. જૈન કહેવાતા અને જૈન તરીકે ઓળખાતા મોટા ભાગના સમુદાયમાં જૈન તરીકેની જે સામાન્ય યોગ્યતા હોવી જોઇએ તે પણ બહુ જ અલ્પ વ્યક્તિઓમાં જોવા મળે છે. આનો પ્રત્યક્ષ પુરાવો એ છે કે—આજે ઘેરઘેર, ગામેગામ, સંઘોમાં, સંઘાડાઓમાં, સંસ્થાઓમાં કે સમાજજૂથોમાં કુસંપ, અણબનાવ, વેરઝેર, વિક્ષેપ કે વિરોધ જોવા મળે છે, અંગત ક્લેશો અને ઝઘડાઓ ધર્મસ્થાનો અને તેના વહીવટમાં દખલ કરી રહ્યા છે અને અનેકગણું નુકસાન કરી રહ્યા છે. સાચા જૈનોમાં આ સ્થિતિ હોવી ન જોઇએ અને જ્યાં આ સ્થિતિ હોય ત્યાં સાચો જૈન સમાજ છે એમ કહી જ ન શકાય.

૫. ધર્મી વિના ધર્મ હોઇ જ ન શકે. જીવનમાં, આચારમાં, વાણી, વિચાર અને વર્તનમાં જો ધર્મ દેખાય તો જ તે માણસ તેટલા પ્રમાણમાં ધર્મી ગણી શકાય. ધર્મનાં

શાસ્ત્રો હોય ક્રિયા હોય, પૂજન, અર્ચન, કીર્તન, હોમ, જપ, તપ, યોગ કે ધ્યાન હોય, પઠનપાઠન હોય, ભક્તિ કે સાધના હોય, મંત્ર-જંત્ર કે તંત્ર હોય, વિધિવિધાન હોય, પરંતુ સાચો ધર્મ માત્ર તેમાં જ સમાઇ જતો નથી આ અને આવી બીજી અનેક બાબતો ધર્મના અંશ કે અંગરૂપ, સાધન કે માર્ગરૂપ, પ્રેરક કે નિમિત્તરૂપ જરૂર છે, તેની આવશ્યકતા અને ઉપયોગિતા પણ છે પરંતુ તે કે જે બધાનો સમૂહ એ પણ સર્વાંશે કે સાચા અર્થમાં સંપૂર્ણ ધર્મ નથી ધર્મ તે બધાથી ઘણો અધિક છે. જેમ મનુષ્યના અનેક અંગો કે વિભાગો એકમ કરવાથી તેમાંથી જીવંત મનુષ્ય બની શકતો નથી તેમ ઉપરના બધા અંશો કે અંગો ભેગા કરવાથી ધર્મ ઉપસ્થિત થતો નથી આ વાત જો દરેક વ્યક્તિ બરોબર સમજી જાય તો તેનામાં સાચી સમજ આવશે અને ધર્મ અથવા સત્ય શું છે તે જાણવાની અને શોધવાની તેને જિજ્ઞાસા જાગશે આ બધું જાણ્યા પછી અને તેનો અનુભવ કર્યા પછી જેટલા **પ્રમાણમાં ધર્મશાસ્ત્રના આદેશ મુજબ માણસ જીવન જીવે તેટલા પ્રમાણમાં તે માણસને ધર્મી ગણવો જોઇએ.** ધર્મનો સંબંધ મુખ્ય આત્મા સાથે છે કર્મોથી સર્વાંશે આત્માને નિર્મળ કરવાની ક્રિયા તે જ ધર્મ છે અને તેમાંથી સર્વાંશે છૂટવું તે જ મુક્તિ છે

૬. મુક્તિના ધ્યેયને પહોંચવા કે પ્રાપ્ત કરવા માટે જિજ્ઞાસા જોઇએ, દૃઢ નિશ્ચય જોઇએ, અવિરત અને યોગ્ય પ્રયત્ન જોઇએ અને યોગ્ય સાધનસામગ્રી જોઇએ સાધનસામગ્રી બે પ્રકારની હોઈ શકે એક બહારની, બીજી અંતરની કે અંદરની બહારની સામગ્રી એટલે સર્વ પ્રકારની ધાર્મિક ક્રિયાઓ જે ઉપર (નં ૪) નિર્દેશ કરી છે તે તથા અન્ય બીજી શુભ પ્રવૃત્તિઓ આંતરિક સામગ્રી એટલે મન-વચન-કાયાની શુદ્ધિ, આત્માને નિર્મળ કરવાની ક્રિયા આત્માની ઓળખ અને અનુભવ, આત્મ સાક્ષાત્કાર બહારની શુભ ક્રિયાઓ અને શુભ પ્રવૃત્તિઓ બાળજીવોને ધર્મને પંથે દોરવાની પ્રાથમિક ભૂમિકા છે, પરંતુ તેટલાથી કામ સરે તેમ નથી તે તો માત્ર અક્ષરજ્ઞાન કે અક્ષરજ્ઞાન છે જ્ઞાનનું અંતિમ શિખર કે જ્ઞાનનું આખરી ધ્યેય તો તેનાથી ઘણું દૂર છે આપણે આ સમજીએ તો છીએ પરંતુ તે માર્ગે પ્રયાણ કરી પંથ કાપતા નથી તેમજ તે પંથે દોરનાર કોઇ જીવંત ભોમિયા પણ નથી તે જ મોટી મુશ્કેલી છે, સાચા ગુરુ હોય તો તે આપણને જરૂર માર્ગ બતાવે અને તે માર્ગે પોતાની સાથે દોરે આ બધું માત્ર ઉપદેશથી સિદ્ધ થઇ શકતું નથી. તે માટે ગુરુ સાથે નિરંતર નિકટ પરિચય અને સમાગમ જોઇએ ગુરુ પણ જ્ઞાની અનુભવી જોઇએ શિષ્ય પણ ઉત્કટ જિજ્ઞાસુ વૃત્તિવાળો જોઇએ અને તેનું શિક્ષણ અને માર્ગદર્શન પણ અવિચ્છિન્ન જોઇએ જ્ઞાનપ્રાપ્તિ અને અનુભવ માટેનો આ જ માર્ગ છે શ્રદ્ધાન, ઉપદેશ કે માર્ગદર્શન એ જ્ઞાનપ્રાપ્તિના સાધનો છે, તે પોતે જ્ઞાન નથી જ્ઞાનપ્રાપ્તિ માટે પ્રત્યક્ષ પ્રયોગો અને સ્વાનુભવની જરૂર છે આ બંને સ્થિતિ મહત્ત્વની અને આવશ્યક છે આટલું જો યથાર્થ સમજાય તો બહારની સાધનસામગ્રીને ધ્યેય માનીને તેમાં જે અટવાઇ જઇએ છીએ અને તેનાથી જ સંતોષ માની આગળ વધવાનો પ્રયાસ કરતા નથી તે પ્રકારની ગંભીર ગેરસમજ દૂર થઇ જાય અને પ્રગતિનો માર્ગ સ્પષ્ટ દેખાય આવું શીખવનાર અનુભવી જ્ઞાની ગુરુઓ આપણને જોઇએ છીએ સાચી સામાયિક, સાચી પ્રતિક્રમણ ક્રિયા સાચી જપ તપ ધ્યાન કે યોગ, સાચી પૂજા, ભક્તિ, અર્ચના અને કીર્તના-આ બધું યથાર્થ અને પદ્ધતિપૂર્વક શીખવાની જિજ્ઞાસાવાળા ઘણા ભવિક જીવો હશે પરંતુ શીખવવાવાળા ગુરુઓનો જો કોઇ શાસનપ્રેમી બધું પરિચય કરાવી આપશે તો શીખનારાઓ તેમના બહુ ઉપકારી થશે

૭ જેમ ધર્મના જ્ઞાન અને ધાર્મિક ક્રિયાઓ અંગે વિચારવાની જરૂર છે, તેમ ધર્મક્ષેત્રે અને વ્યવહારક્ષેત્રે શ્રાવક તરીકેનું સામાન્ય જીવન કેવું હોવું જોઇએ તે પણ વિચારણા માંગે છે અનેકાંત વાદમાં શ્રદ્ધા ધરાવતા પ્રત્યેક મનુષ્યે 'સહિષ્ણુતા'

મેળવવી જોઇએ અને અનેક બાબતોનો અભ્યાસ અને નિર્ણય '**તુલનાત્મક રીતે અને સમન્વયની દૃષ્ટિ**'થી કરવો જોઇએ '**મારું તે સાચું**' અને '**મારું તે સારું**'–એ દૃષ્ટિ સંકુચિતતા વા પૂર્વ ગ્રહપણું સૂચવે છે. આને લઇને તો ઠેર ઠેર વાદવિવાદ, ચર્ચાઓ, ચર્ચાપત્રો અને પરિણામે અનેક ભાગવાઓ પડ્યા છે અને પડે છે, શક્તિ, સમય અને સંપત્તિનો દુર્વ્યય થાય છે અને વેરઝેરનું વાતાવરણ સર્જાય છે. આથી વધુ દુર્ભાગ્ય તો ત્યારે થાય છે કે જ્યારે '**બીજા બધાનું ખરાબ અને ખોટું**'' એ માન્યતાનો પ્રચાર અને ઉપદેશ થાય છે. આથી અભિમાન અને ઇર્ષ્યા બન્ને દુર્ગુણો ઠેર ઠેર વ્યાપક બન્યા છે અને બને છે, જ્યાં આ સ્થિતિ પ્રવર્તતી હોય ત્યાં સાચા જૈન કે જૈનત્વનો અભાવ છે એમ કહી શકાય આમાં જે કોઇ નિમિત્ત બને તે ધર્મી ન જ ગણાય

૮. આજે ધર્મક્રિયા, ધર્મોપદેશ, ધર્મશ્રવણ, ધર્મભક્તિ, ધર્મશિક્ષણ, ધર્મસ્થાનો, ધાર્મિક સાહિત્ય વગેરે પ્રમાણમાં વધ્યા હશે પરંતુ તેનું પરિણામ જે રીતે અને જેટલા પ્રમાણમાં જીવનમાં કે રહેણીકરણીમાં આવવું જોઇએ તેટલું પ્રત્યક્ષ અનુભવમાં જોવામાં આવતું નથી આજનો શિક્ષિત યુવકવર્ગ ધર્મથી ઘણો દૂર જઇ રહ્યો છે એમ સૌકોઇની ફરિયાદ છે, પરંતુ તેમ થવાના શું કારણો છે અને તેઓને ધર્મમાં જોડવા માટે શું ઉપાયો યોજવા તેનો ગંભીરપણે વિચાર કરવાની જરૂર છે આજનો શિક્ષિત યુવક કાર્યકારણની પદ્ધતિમાં અને બુદ્ધિગમ્ય વસ્તુઓમાં માનવાવાળો છે. તેને જેટલી વસ્તુ કે વસ્તુની જેટલી ઉપયોગિતા સમજાશે તેટલી તે સ્વીકારશે અને માન્ય કરશે. એટલે પ્રથમ તેને ધર્મ પ્રત્યે આકર્ષવાની અને તેને ધર્મના નિયમો, ક્રિયાઓ, તત્ત્વો, સિદ્ધાંતો વૈજ્ઞાનિક પદ્ધતિએ સમજાવવાની જરૂર છે જે બાબત તેની નજરમાં ઉતરશે તે તે જરૂર ગ્રહણ કરશે, તેથી તેને ધર્મ પ્રત્યે આકર્ષણ, પ્રેમ અને શ્રદ્ધા થશે તો પછી તે પાછો નહિ હઠે પણ ક્રમે ક્રમે આગળ પ્રગતિ કરશે –તપ, અનુષ્ઠાન અને ક્રિયાઓમાં કદાચ તે બહુ રસ લેતો નહિ થાય પરંતુ સત્ય, અહિંસા, દયા, સંયમ, ત્યાગ અને બીજા એવા ધર્મના મૂળભૂત તત્ત્વો અને નિયમોનું સમજપૂર્વક પાલન કરતો થાય મુનિમહારાજાઓ અને વિદ્વાનોના સંપર્કમાં આવતો જાય, જૈનદર્શનના અભ્યાસમાં તેને અભિરુચિ અને આકર્ષણ થાય તો પણ જીવનમાં ધર્મનો પાયો મજબૂત થશે અને સમય જતાં જેમ જેમ તે તપ, અનુષ્ઠાન અને ક્રિયાઓના હેતુ અને રહસ્ય અનુભવથી સમજતો થશે તેમ તેમ શ્રદ્ધાની માત્રા તેનામાં વધતી જશે એટલે ખાસ જરૂરતુ એ છે કે **શિક્ષિતવર્ગ માટે તેઓને અનુરૂપ વિશિષ્ટ પ્રકારના ધાર્મિક શિક્ષણ અને ધર્મોપદેશનો પ્રબંધ કરવો જોઇએ, આને માટે કાયમી કામચલાઉ અભ્યાસના વર્ગો, સત્રો કે શિબિરો યોજવા જોઇએ.** ધાર્મિક અભ્યાસની માત્ર પરીક્ષાઓ કે પારિતોષિકો યોજવાથી અર્થ નહિ સરે

૯ જેમ જેમ સાંપ્રદાયિકતા અને સંકુચિતતા વધે તેમ તેમ સહિષ્ણુતા અને ઉદારતા ઘટે, અને પરિણામે સંઘર્ષણ, હુંસાતુંસી, ઝૂટફાટ, આક્ષેપો અને પ્રતિઆક્ષેપો વૃદ્ધિ પામે. આજે તીર્થસ્થળોમાં, જૈન વસ્તી વિનાના ગામોના જિનમંદિરોમાં કે ધાર્મિક સ્થાનોમાં જે આશાતના, અવહેલના કે અધિકારના અનેક પ્રકારના ઝઘડાઓ ઊભા થાય છે અને થઈ રહ્યા છે તે પ્રશ્ન અતિ મહત્ત્વનો છે. ક્રમકે તેમાં પ્રશ્ન અસ્તિ-નાસ્તિનો છે જેમ વ્યક્તિ પોતાની મિલકતનું રક્ષણ કરે છે તેમ સમાજે પણ પોતાની મિલકતનું રક્ષણ પોતે કરવું જોઇએ જો સમાજમાં સહકાર, સંગઠન, એકવાક્યતા અને ધર્મપ્રેમ હોય તો જ તે સ્વરક્ષણ કરી શકે, પણ આજે સમાજમાં કે વ્યક્તિમાં બળ, બુદ્ધિ, શક્તિ, કળ કે કુનેહ જણાતા નથી અને તે કદાચ હોય તો એવું સગવડ નથી કે આપણે માનપૂર્વક આપણી સમૃદ્ધિ સાચવી શકીએ આપણે માત્ર વિરોધના ઠરાવો કે ભાષણો કરી અને તાર કે ટપાલ દ્વારા રાજ્યસત્તાને તે ઠરાવો મોકલી આપી સંતોષ અનુભવીએ છીએ આટલાથી આપણો હેતુ સધાતો નથી સમાજમાં એવી ઘણી વ્યક્તિઓ આજે પણ નીકળે કે જેઓ શક્તિશાળી, હિંમતવાન, નિડર

અને ધર્મને માટે મરી ફીટવા અથવા બલિદાન આપવા તૈયાર હોય, પરંતુ તેને દોરનાર, એકમ કરનાર અને મોરચા ઉપર લઇ જનાર કોઇ નાયક કે કુશળ સેનાપતિ નજરે પડતો નથી. આથી સેનાપતિઓનું સર્જન કરનાર કોઇ એકાકી સંસ્થા કે મહાપુરુષ બહાર પડે તો કેવું સારું ?

૧૦. શારીરિક ક્ષીણતા, બૌદ્ધિક અસ્તવ્યસ્તતા, માનસિક નિર્બળતા, સામાજિક સત્વહીનતા અને આર્થિક નિર્માલ્યતા ટાળવી જ પડશે, સમાજનું સંગઠન ધર્મક્ષેત્રે કરવુ જ પડશે, આર્થિક ઉન્નતિ સાધવી જ પડશે અને જીવનશુદ્ધિ કરવી જ પડશે, તો જ સમાજનો ઉત્કર્ષ થશે. આ બધું કરવા માટે સંપ જોઇશે, નેતા અને ધર્મગુરુ જોઇશે અને ઓછામાં ઓછો દશ વર્ષનો સમય અનુકૂળ વાતાવરણ સર્જવા માટે જોઇશે, બીજી બધી પ્રવૃત્તિઓ ગૌણ કરી સમાજના સર્વાંગી વિકાસ માટે સમાજના સંગઠનની શુભ શરૂઆત કરવાના સદ્ભાવના કોઇ પણ સત્પુરુષના હૃદયમાં સત્વર ઉદ્ભવો એજ અભ્યર્થના.

न चोरहार्यं न च राजहार्यं,
न भ्रातृभाज्यं न च भारकारी ।
व्यये कृते वर्धत एव नित्यं,
विद्याधनं सर्वधनप्रधानम् ॥

(છપ્પા)

ચોરી શકે ન ચોર, ન લૂંટી શકે કો રાય,
ભાઇ ન માગે ભાગ, ન અંગે ભાર જણાય;
ગુપ્તપણે દિનરાત રહે સંગે જ સહાય,
આપી સુખ અનુપ પ્રદેશે કરે સહાય.
વળી વાપરતાં વધતું નિત્યે વિદ્યાધન ઉત્તમ અતિ,
ઉદ્યોગ, ખંત, ઉલ્લાસથી, સંગ્રહજો સૌ સુમતિ.

જીવન.....

શ્રી. અમરચંદ માવજી શાહ

જીવ નામનો એક ચૈતન્ય પદાર્થ છે જે અરૂપી છે, પરંતુ જીવન જીવતાં દેહોમાં તે ચૈતન્યમય મૂર્તિના દર્શન થાય છે. ૮૪ લક્ષ યોનિઓમાં આ ચૈતન્ય ભગવાન જુદા જુદા રૂપમાં અનાદિ કાળથી વિચરી રહ્યો છે. સંસારરૂપી વનમાં જીવો અનેક પ્રકારની ચેષ્ટાઓ કરી રહ્યા છે, અનેક પ્રકારની આશાઓ અને આકાંક્ષાઓ સેવી રહ્યા છે. એ આસક્તિના કારણે રાગ દ્વેષના વમળમાં સપડાઇ મોહ ને અજ્ઞાનથી અનેક પ્રકારના પાપસ્થાનકો સેવીને વિવિધ યોનીઓમાં જીવન મરણ કરે છે. આ રાગ-દ્વેષ અને મોહનો જે આત્માઓ પરમપુરુષાર્થવડે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી ક્ષય કરે છે તે જીવ-જિન બની જાય છે, વીતરાગ બની જાય છે, મુક્ત થાય છે, કૃતકૃત્ય થાય છે.

આ અનેક પ્રકારના જીવયોનીઓમાં મનુષ્યત્વનું જીવન એ જ અમૂલ્ય જીવન છે. આમાં પણ મનુષ્ય આકૃતિ માત્રથી મનુષ્ય નથી ગણાતા, પરંતુ તેમાં માનવપણું જો પ્રાપ્ત થાય તો તેમ જ સત્ ધર્મ અને સત્ સમાગમ પ્રાપ્ત થાય તો જ કલ્યાણનો માર્ગ. મુક્તિનો માર્ગ માનવ પ્રાપ્ત કરી શકે છે. મનુષ્યપણું પ્રાપ્ત થાય છતાં તેનાં વિકાસ માટેની આવી સામગ્રી પ્રાપ્ત ન થાય તો એ માનવ જીવન મહામૂલ્યવંતું છતાં દુન્યવી લૌકિક-સામગ્રીઓમાં અટવાઇ જઇ વેડફાઇ જાય છે.

આવા માનવ ભવમાં જો આપણને યોગ્ય સામગ્રી પ્રાપ્ત થઇ હોય તો તત્ત્વજ્ઞ ગુરુઓનો સત્ સમાગમ પ્રાપ્ત થયો હોય તો તે દ્વારા આપણા આત્માનું, આ શરીરનું, સંસારનું વિગેરે સ્વરૂપ જાણી આ મહાબંધનમાં આ આત્મા શથી સપડાયો છે અને કેમ મુક્ત થાય તેનું યથાર્થ જ્ઞાન સંપાદન કરી તદ્રૂપ આપણું જીવન જીવવા માટે આપણે તત્પર થવું જોઇએ અને જીવનને ઉન્નત બનાવવું જોઇએ.

આપણે માનવકુલમાં જન્મ લીધો, ૫-૭ વર્ષ બાળપણની ચેષ્ટામાં ગયા. ૧૦-૧૨ વર્ષ અભ્યાસકાળમાં ગયા. ત્યાર બાદ સંસાર-રથમાં જોડાયા. કુટુંબ પરિવારમાં સપડાયા, વ્યાપારમાં કે નોકરીમાં ઉપજીવન જીવવા માટે જોડાયા, ત્યાં બાળબોળની જંજાળ વધી શઇ, તેની બાળપંચાળમાં વૃદ્ધ થયા અને ત્યાં મૃત્યુની નોટીસ આવે અને જીવનદીપક હોલવાઇ જાય અને ખેલ ખતમ થાય. આમાં માનવજીવનની સાર્થકતા શી ? શું આ માટે જ આ માનવજીવન હશે ? આમાં કાંઇ સમજાતું નથી. બધી પરની ઉપાધીમાંથી જ જીવન હારી જવું તેનો કાંઇ અર્થ નથી. ત્યારે કરવું શું ? એ પ્રશ્ન જ મુખ્ય છે. જીવન જો આમ વેદનામાં જ પસાર કરવાનું હોય તો પછી જીવન જીવવાનું ધ્યેય શું ? આજ ધ્યેય હોય તો પશુ જીવનમાં ને માનવજીવનમાં ફરક શું ? પશુઓ પણ એ જ રીતે આહાર માટે પ્રયત્ન કરે છે, નિદ્રા લે છે, ભયથી રક્ષણ કરવા પ્રયત્ન કરે મૈથુન સેવે છે, આ બધું પ્રાપ્ત કરવા માટે હિંસાદિ કૃત્યો કરે, વૈરવૃત્તિ રાખે છે. માનવ પણ આ રીતે સંસારમાં રહી, આહાર માટે જીવનનો મોટો ભાગ તો એમાં જ ખર્ચે છે, દિવસનાં ૮ થી ૧૨ કલાક તો એ માટે જ ચાલ્યા જાય છે. ૮ કલાક ઉંઘવામાં જાય છે. ૪ કલાક-ભોજન-સ્નાનાદિ દરેક કર્તવ્યમાં જાય છે એટલે આખો દિવસ એ રીતે પૂરું થઇ જાય છે. ભયથી હંમેશા કંપતો રહે છે, વિષયાદિમાં આસક્ત રહી પંચેન્દ્રિયનાં વિષયોમાં, સંગીત સાંભળવામાં, નાટક સિનેમા જોવામાં, વિષયાસક્તિમાં તેમજ ગપાટાસપાટા, માની લીધેલી ખોટી લ્હેરોમાં, ઝઘડા કરવામાં, કુથલી નિંદામાં, લડવા ઝગડવામાં, આમ અનેક રીતે કીંમતી માનવ જીવનનાં આયુષ્યનો મોટો ભાગ ચાલ્યો જાય છે. બિમારીમાં સપડાય છે અને અનેક પ્રકારની શારીરિક માનસિક વેદનાઓમાં જીવન પસાર થાય છે, ધનની તંગીમાં, ચિંતામાં જીવન નીચોવાઇ જાય છે. જો પૂર્વ પુન્યોદયથી સુખસંપત્તિ પ્રાપ્ત થઇ હોય તો-તેમાં વિલાસ-ભોગ ભોગવવામાં જ માનવ જીવન અટવાઈ જાય છે અને

અંતે આયુષ્ય પૂર્ણ થતાં બધું મૂકીને દેહત્યાગ કરવા પડે છે. એટલે આ દુન્યવી બધા કર્તવ્યોમાં ક્યાંય પણ માનવ જીવનની સાર્થકતાના દર્શન થતા નથી. ત્યારે કરવું શું? આમ ને આમ અનેક જીવન આપણી સામે ચાલ્યા જાય છે. કોઇક બડકમદારી બતાવતા અહંભાવમાં રાચતા માનવો આખરે મરણને શરણ થાય છે. આપણી નજર સામે ચાર ચાર પેઢીઓ થઇ ગઇ. આમ મનુષ્યભવ વેડફાઇ જાય, માનવ જીવન હારી જવાય તેમાં જીવનની સફળતા શું?

આવો વિચાર કોઇ મહાભાગી માનવને સદ્ગુરુના સંગથી આવે છે. તે સંસારમાં ઉગી વિચારે છે. મારું કર્તવ્ય શું? હું કોણ? ક્યાંથી આવ્યો?

હું કોણ છું ક્યાંથી થયો?
શું સ્વરૂપ છે મારું ખરું.
કોના સંબંધે વળગણા છે,
રાખું કે એ પરિહરું?
એનો વિચાર વિવેકપૂર્વક,
શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનના,
સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા.
શ્રીમદ્ રાજચંદ્ર (ઉ ૫ ૧૬)

આ વિચારદશામાં તેને પોતા સંબંધીનું ભાન પ્રગટે છે પોતાના જીવનની ચોતરફ જુએ છે આ બધી જંજાળ, આ બધી ઉપાધી, આ બધી ધમાલ કોના માટે? શામાટે?

લક્ષ્મી અને અધિકાર મળતાં,
શું વધ્યું તે તો કહો.
શું કુટુંબ કે પરિવારથી,
વધવાપણું એ નથ ગ્રહો.
વધવાપણું સંસારનું, નરદેહને હારી જવો,
તેનો વિચાર નહિં અહોહો! એક પળ તમને હવો.
શ્રીમદ્ રાજચંદ્ર (ઉ ૫ ૧૬)

આમ વિચાર કરી સંસારની સ્વપ્નદશામાંથી જાગ્રત થઇ, સદ્ગુરુ પાસે જાય છે. સદ્ગુરુ તેને જીવનનો મર્મ સમજાવે છે. સંસારની અનિત્યતા, આત્માની નિત્યતા, કર્મકર્તૃત્વ, કર્મભોક્તૃત્વ, મોક્ષ અને મોક્ષના સાધનો શું છે? તેની સમ્યગ્ સમજણ આપે છે. મોક્ષના પક્ષે પુરુષાર્થ કરવાની પ્રેરણા આપે છે, પોતાનાં અસલી આત્મિક સ્વરૂપનાં સમ્યગ્ દર્શન કરાવે છે. મુમુક્ષુ આત્માના અંતરમાં મંથન જાગે છે-પોતે સંસારના મોહનીય કર્મના બંધનમાં બંધાયેલો છે. કુટુંબ આદિની જવાબદારીમાં સપડાયો છે. વ્યાપાર-રોજગારના મોટા ચોકાળ ઉખેળીને બેઠેલો છે આમાંથી કઇ રીતે આત્મિક શક્તિ પ્રાપ્ત કરવી? કઇ રીતે છૂટવું? ક્યાં જવું? શું કરવું? How to live & what to do? એટલે કેમ જીવવું અને શું કરવું? તેનું માર્ગદર્શન માગે છે. સત્પુરુષ તેને લાગણીપૂર્વક સમજાવે છે-શાંત કરે છે. તારું વર્તમાન જીવન એ તારા પૂર્વના પુન્ય-પાપનું ફળ છે, એને અનુસાર તારું જીવન પસાર થવાનું છે-તેમાં તને શુભ અશુભ બંધન અનુસાર સંયોગ-વિયોગના પ્રસંગો, સુખ દુઃખના પ્રસંગો વગેરે સંસારમાં આવ્યા જ કરશે, તેમાં તારે મધ્યસ્થ પરિણામથી રહેવાની ટેવ પાડવાની છે હર્ષ-શોક, રાગ-દ્વેષ, સંકલ્પ-વિકલ્પમાં મન-વચન-કાયાને જોડયા સિવાય આસક્તિ રહિતપણે ઉદાસીન સ્વભાવથી આ બધા સંસારના દ્વંદ્વમાં પસાર થવાનું છે-પોતે એક શુદ્ધ, અખંડ, ચિદ્ આનંદમય આત્મા જ છે એવા લક્ષપૂર્વક દરેક સ્થિતિ અને દરેક સંજોગોમાં પોતાના આત્માને-સમપરિણામે છે-અંતરમાં સર્વ જીવો પ્રત્યે દયા અને કરુણા છલકાય છે-સૌ જીવો મારા સમાન જ આત્માઓ છે, તે જીવોને કોઇ પણ જાતની પીડામણા ન થાય, દુઃખ ન થાય, તે માટે ઉપયોગ રાખે છે મુખ ઉપર આનંદયુક્ત પ્રસન્નતા રાખે છે. ચક્ષુમાં પ્રેમ છલકાય છે. સર્વ જીવાત્માઓ પ્રત્યે નિર્વૈર બુદ્ધિ હોય છે. સામા જીવનાં કર્મના પ્રભાવે તેનામાં પ્રગટ દેખાતા ક્રોધ, માન, માયા, લોભની દશામાં ચકચૂર થયેલ મોહાંધ આત્માઓને તે ક્ષમાથી, નમ્રતાથી, સરળતાથી અને નિર્લોભ પરિણામથી રાગ દ્વેષ કર્યા વગર તેની માત્ર અનુકંપા જ ચિંતવે છે તેની ઉપર ક્રોધ કરતો નથી, તેની હિંસા કરતો

નથી પોતાનું અહિત કરનાર પ્રત્યે પણ તે દયા ચિંતવે છે. પોતાનું જીવન સંતોષમય બનાવે છે, જે કાંઇ કર્મોદયથી પ્રાપ્ત થાય તેમા પણ તે આસક્તિ રાખતો નથી કોઇ જાતની પરની સ્પૃહા-યાચના કરતો નથી, દીનપણું દાખવતો નથી

આત્મામાં મસ્ત રહે છે ન્યાયથી, નીતિથી, સત્યથી પોતાનો જીવનવ્યવહાર ચલાવે છે. કોઇની દેખા-દેખી કરતો નથી પોતાની શક્તિ અને સંજોગ અનુસાર જીવન જીવે છે. આત્માનો ઉપયોગ ચૂકતો નથી. જે કાંઇ પૂર્વકર્મ અનુસાર થાય છે તે યોગ્ય જ થાય છે. તેમાં તે વિહ્વલપણું કરતો નથી પોતાના કુટુંબનું પાલન કરે છે. વ્યવહાર સાચવે છે. આરોગ્યનું રક્ષણ કરે છે દરેક પ્રસંગોમા જાય છે-આવે છે; પરંતુ અંતરમા નિર્લેપ રહે છે પરને પર જાણે છે, પોતે સ્વ છે તેને જાણે છે. વિષય કષાયમાં તેને આનંદ નથી પરંતુ મોહનીય કર્મોને લીધે તેમા તેને જોડાવું પડે છે. કોઇ પણ વ્યવસાય એવો નથી કરતો કે જે તેને ઉપાધીમા મૂકે તેના સર્વ મિત્ર છે ને કોઇને દુશ્મન દેખતો નથી તે ગુણીઓ પ્રત્યે પ્રમોદ રાખે છે-દુઃખીઓ પ્રત્યે કરુણા રાખે છે કુકર્મીઓ પ્રત્યે ઉપેક્ષા ભાવ રાખે છે તેને બીજી કોઇ આશા નથી, કોઇ તૃષ્ણા નથી આશા એક જ માત્ર આ મહાબંધનથી છૂટવાની છે-તેના જીવનમા સંયમ પ્રધાન રહે છે ઇચ્છા રહિત તપ ચાલુ છે. અહિંસાથી સ્વ-પદ રક્ષણ કરવામા તત્પર છે. હિતકારી કાર્યમા તે તેનું વીર્ય ફોરવે છે. તેના ૨૪ કલાકનાં દિવસનો સમય-બાહ્ય-વ્યવસાય ઉપાધીઓમા હોવા છતાં તેનો અંતર ઉપયોગ જાગ્રત હોવાથી તે બંધાતો નથી પરંતુ સંવરભાવે નિર્જરા જ કરતો હોય છે.

આવુ ધન્ય જીવન જીવવા માટે-જેના આત્મામાં સદ્ગુરુનુ અમૃત રેડાય છે તેનું જીવન ધન્ય બને છે ને કૃતકૃત્ય થાય છે. તે આત્મભાવે જ રહે છે. દેહાદિની મૂર્છા નાશ પામી હોય છે. અધ્યાત્મમો આનંદ પામે છે. ભાવનામા શુદ્ધતા રાખે છે. ધ્યાનમાં-આત્માનો ઉપયોગ જાગ્રત રાખે છે. સમતાથી સંસારને જીતે છે અને વૃત્તિઓનો ક્ષય કરવાનાં લક્ષે નિર્વિકલ્પ દશાની અપ્રમત્તભાવનાની સદાય અભિલાષા રાખીને તે સંસારમા જીવે છે.

હંમેશા સત્પુરુષોનો સંગ કરે છે, સતશાસ્ત્રોનો અભ્યાસ કરે છે, સ્વાધ્યાય કરે છે. ખાવાપીવામાં, પહેરવા-ઓઢવામા, સૂવા-બેસવામાં, ઓશઆરામ કે એવા સાંસારિક કાર્યોમા ઉદાસીનભાવે પોતાની ફરજ બજાવે છે દુનિયામા તેને કયાંઇ અજાયબી લાગતી નથી પુદ્ગલનાં પરમાણુઓમા તેને આત્મીયતા દેખાતી નથી તેને તો આત્મામાં જ ચૈતન્ય સ્વભાવમા જ આનંદ હોય છે પોતાના જીવનને કયાંઇ પણ ખોટી રીતે વેડફ્યા વગર સહજભાવે જીવન જીવે છે અને પોતાના શુદ્ધસ્વરૂપ પૂર્ણ આત્મામાં મગ્ન થવા અને સ્થિર થવા માટે પોતાના જીવનનો કીંમતી સમય પસાર કરી કૃતકૃત્ય બને છે. આવો આત્મા ભવમા સુખશાંતિપૂર્વક જ જીવન જીવી કૃતકૃત્ય થાય છે.

आयुः कर्म च वित्तं च विद्या निधनमेव च ।
पञ्चैतान्यपि सृज्यन्ते, गर्भस्थस्यैव देहिनः ॥

(અનુષ્ટુપ)

વિદ્યા નિધન ને કર્મો, અર્થ આયુષ કેટલું;
ગર્ભથી સર્વ પ્રાણીનું, નિશ્ચે થાય જ એટલું.

જીવન—સૌંદર્ય

અનુ૦ વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ

(ગતાંકથી ચાલુ)

ચારિત્ર ઉપર નેત્ર અને કર્ણદ્વારા ઘણી જ અસર થાય છે. મનુષ્યના સંપૂર્ણ વિકાસને માટે શાળાઓની કેળવણીની જેટલી અગત્ય છે તેટલી જ પક્ષીઓ અને ઝરાઓના અવાજની, પવનની, પુષ્પની, સુગંધની, આકાશના વિવિધ રંગની, સમુદ્ર, અરણ્ય અને પર્વતોના દૃશ્યોની અગત્ય છે. સૌંદર્યનું નિરીક્ષણ કરવાની તમારી શક્તિને જાગૃત કરવાને અને ખીલવવાને જો તમે તમારા જીવનમાં કર્ણ અથવા નેત્ર દ્વારા સૌંદર્યનું ગ્રહણ કરશો નહિ તો તમારો સ્વભાવ કર્કશ, નીરસ અને અપ્રિય થશે. આ સિવાય અન્ય કોઇ વસ્તુ સૌંદર્ય પારખવાની શક્તિનો વિકાસ કરવામાં સહાયભૂત થવાને સમર્થ નથી તે શક્તિ મનુષ્યને કુદરતની સાથે જોડનારી સંકલના છે. જે વખતે આપણે વિશ્વની પૂર્ણતા અને ભવ્યતાના ચિંતનમાં નિમગ્ન થઇએ છીએ તે વખતે આપણો આત્મા કુદરતની સાથે ગાઢ સંબંધમાં આવે છે તેટલો કોઇ પણ સમયે આવતો નથી.

હમેશાં તમારા જીવનમાં થોડું થોડું સૌંદર્ય ભરવાનો યત્ન કરો એટલે તેની ચમત્કારિક અસર તમને સત્વર પ્રત્યક્ષ થશે. તેનાથી દુનિયા પરનુ તમારું દૃષ્ટિબિંદુ વિશાળ થશે, જે દ્રવ્યની કે કીર્તિની પ્રાપ્તિથી પણ થવું અશક્ય છે. તમારો માનસિક તેમજ શારીરિક ખોરાક યોગ્ય વિવિધ વસ્તુઓનો બનાવો. તેનાથી તમને અવશ્ય અમૂલ્ય લાભ થશે. તમારું શરીર કામ કરવાને બળવાન અને સશક્ત હોય અને તેમા ફેરફાર કરવાનો કંઇ પણ અપેક્ષા ન હોય તો પણ તમારા મનને તો ફેરફારની અપેક્ષા છે. આરોગ્યના દૃષ્ટિબિંદુથી નિવૃત્તિની જેટલી અપેક્ષા છે તેટલી જ ચારિત્ર્યના દૃષ્ટિબિન્દુથી તેની અપેક્ષા છે. જો તમે આખું વર્ષ એક જ પ્રકારના માનસિક ખોરાક પર જીવો છો, જો તમે ત્રણસેં પાંસઠ દિવસ એક જ પ્રકારના અનુભવ મેળવો છો તો ખાતરીપૂર્વક માનો કે તમારા જીવનમાં કોઇપણ રથને ભય રહેલ છે વિજય અને સુખ મેળવવામાં, આપણું જીવન ઉચ્ચ અને ઉદાત્ત બનાવવામાં સૌંદર્ય પારખવાની શક્તિના વિકાસનો વિષય ઘણી જ અગત્ય ધરાવે છે. સૌંદર્યના પ્રેમથી આંગ્લ વિદ્વાન રસ્કિનનું જીવન અવર્ણ્ય રીતે સુંદર અને ઉચ્ચ બન્યું હતું.

સૌંદર્ય કુદરતનો વિશિષ્ટ ગુણ છે, અને સૌંદર્યની સાથે વધારે પરિચયમાં રહેવું તે કુદરતની સાથે નિકટ સમાગમમાં રહેવા સરખું છે. "જેમ જેમ આપણે મનુષ્યમાં, બાળકમાં, પ્રવૃત્તિ અને નિવૃત્તિમાં, બાહ્ય અને આંતર જગતમાં વધારે ને વધારે સૌંદર્ય જોઇએ છીએ તેમ તેમ આપણે કુદરતને વધારે ને વધારે પ્રત્યક્ષ કરીએ છીએ "

જીવનને ઉચ્ચ અને સમતોલ બનાવવામાં સૌંદર્યનો પ્રેમ બહુ અગત્યનો ભાગ ભજવે છે. સુંદર માણસોની અને વસ્તુઓની આપણા પર શી અસર થાય છે તે આપણા સમજવામાં ભાગ્યેજ આવે છે. તેઓ આપણી દૃષ્ટિએ વારંવાર પડવાથી આપણા અનુભવમા સામાન્ય થઇ પડે છે. જેથી આપણું ધ્યાન ખેંચવામા તે નિષ્ફળ થાય છે. પરંતુ એટલું તો ચોક્કસ છે કે પ્રત્યેક સુંદર ચિત્ર, પ્રત્યેક રમણીય સૂર્યાસ્ત, પ્રત્યેક ભૂપ્રદેશનો કટકો, પ્રત્યેક લાવણ્યમય આકૃતિ અને પ્રત્યેક રમ્ય પુષ્પ ચારિત્ર્યને ઉદાત્ત અને ઉચ્ચ કોટિનું કરે છે.

આપણાં જીવનનું વલણ ઉચ્ચ લાગણીઓનો નાશ કરવા તરફ અને સૌંદર્યના વિકાસને દબી દેવા તરફ સામાન્ય રીતે હોય છે. આપણે ભૌતિક વસ્તુઓના લાભ પર વધારે લક્ષ આપીએ છીએ અને જે દેશોમા પૈસાને પ્રભુ તુલ્ય ગણવામાં નથી આવતો તે દેશોમાં જે શક્તિયોને વધારે ખીલવવા પર ધ્યાન આપવામાં આવે છે તેના તરફ આપણે દુર્લક્ષ

કરીએ છીએ. જ્યાં સુધી આપણી શક્તિઓનો ઉપયોગ દ્રવ્ય સંચય કરવામાં આગ્રહપૂર્વક કરીએ છીએ અને ઉચ્ચ સુંદર શક્તિયોને ગુપ્તપણે દબાવી રાખી નષ્ટપ્રાયઃ થવા દઇએ છીએ ત્યાં સુધી ઉચ્ચ અને સમતોલ જીવનની આશા રાખવી નિરર્થક છે; કેમકે જો મગજની ઉચ્ચ અને ઉદાત્ત શક્તિઓનો બિલકુલ વિકાસ કરવામાં આવતો નથી અને હલકી શક્તિઓનો હદ ઉપરાંત વિકાસ કરવામાં આવે છે તો માણસને પોતાની પશુવૃત્તિની શિક્ષા સહન કરવી પડે છે અને જીવનમાં જે કંઇ સુંદર અને રમ્ય હોય છે તેના ગુણ ગ્રહણ રહિત થાય છે. દરેક વસ્તુમાં કુદરતના હસ્તાક્ષર(સૌંદર્ય)ને વાંચવા બિલકુલ શ્રમ ન લેવો અને સૌંદર્યને આપણા જીવનમાં તેનો ભાગ ભજવવા ન દેવો એ શું દયાજનક, શરમભરેલું અને દોષપાત્ર નથી ?

જે વિચારનું આપણા મનમાં આપણે સેવન કરીએ છીએ અને જે આદર્શને આપણાં અંતઃકરણમાં સ્થાપીએ છીએ તેનાથી જ આપણું જીવન ઘડાય છે.

બુદ્ધિ-વિકાસની જેટલી અગત્ય છે તેટલી જ હૃદયના ગુણોના અને સૌંદર્યને પારખવાના ગુણોના વિકાસની અગત્ય છે, એવો સમય આવશે કે જ્યારે ગૃહમાં તેમજ શાળામા સૌંદર્યને એક અમૂલ્ય બક્ષિસ સમાન ગણવાનું આપણાં બાળકોને શીખવવામાં આવશે, અને તે બક્ષિસને પવિત્ર તેમજ સ્વચ્છ રાખીને કેળવણીનાં એક પવિત્ર સાધન તરીકે લેખવામા આવશે; આપણે સૌંદર્ય, માધુર્ય, લાવણ્ય અને સુંદર વિચારોના મંદિરને માટે નિયત થયા છીએ એવા અનેક પુરાવા આપણા પોતામાં માલૂમ પડશે. આપણામાં રહેલા સૌથી શ્રેષ્ઠ અને સુંદર ગુણોના વિકાસ સમાન બીજું કંઇ લાભદાયી નથી. જેથી કરીને આપણને જ્યાં ત્યાં સુંદરતા જ દૃષ્ટિએ પડશે. અને પ્રત્યેક વસ્તુમાંથી માધુર્ય ગ્રહણ કરવાને શક્તિમાન થશું. જ્યા જ્યાં આપણે જશું ત્યાં ત્યાં આપણામાં રહેલા ઉત્તમ ગુણોને કેળવવાને હજારો વસ્તુઓ આપણને દૃષ્ટિગોચર થશે. પ્રત્યેક ભૂપ્રદેશ, સૂર્યાસ્ત અને સુંદર વસ્તુ આપણી માર્ગપ્રતીક્ષા કરે છે. પ્રત્યેક પાંદડામાં અને પુષ્પમાં કેળવાયેલ દૃષ્ટિ દેવોને પણ મુગ્ધ કરી નાખે તેવું સૌંદર્ય જોશે. જંગલમાં અને ખળખળ વહેતાં ઝરણામાં, કેળવાયેલ કર્ણ સ્વરૈક્ય અને સ્વરમાધુર્ય સાંભળશે અને કુદરતનાં ગાનમાંથી અક્ષય વિનોદ પ્રાપ્ત કરશે.

આપણો ગમે તે ધંધો હોય તો પણ આપણે એવો નિશ્ચય કરવો જોઇએ કે દ્રવ્યની ખાતર આપણામા જે ઉચ્ચ અને ઉત્તમ છે તેને દબાવી ન દેતાં દરેક પ્રસંગે જીવનને સૌંદર્યથી જ ભરવું. સૌંદર્ય માટેના તમારા પ્રેમના પ્રમાણમાં તમને તેમાથી આનંદ પ્રાપ્તિ થશે; અને તેની ખૂબીનું ભાન થશે. જો તમને સૌંદર્ય પર પ્રીતિ હશે તો તેથી તમારું જીવન પવિત્ર, ઉદાત્ત અને ઉચ્ચ ઘણા અલ્પ સમયમાં અને ઘણી સહેલાઇથી બની જશે.

(ચાલુ)

दर्शनाद्धरते चित्तं, स्पर्शनाद्धरते धनं ।
संगमाद्धरते सत्त्वं, नारी प्रत्यक्ष राक्षसी ॥

(વસંતતિલકા)

મોહિત થાય ક્ષણમાં મન જોઈ નારી,
સ્પર્શે અગાધ ધનને થઈને ભિખારી;
સંગે થવાય બલહીન જુઓ વિચારી,
પ્રત્યક્ષ છે સબલ રાક્ષસીરૂપ નારી.

કાગળનાં ફૂલ

(નકલી માનવો સાચા તરીકે દેખાવ કરે છે તે સામે કટાક્ષ કરવામાં આવ્યો છે)

(દુહા)

પુષ્પો કાગળના રચ્યા, વિવિધ રંગ અભિરામ,
જોડી વળગે આંખને, અભિનવ સુંદર કામ. ૧

રંગ રૂપથી શોભતા, સાચાથી ચઢી જાય,
જોનારા આશ્ચર્યથી, દેખી થંભે ત્યાંય ૨

વર્ણછટા બહુ ભાતની, મિશ્રણ સુંદર હોય,
જોતા કોઇ થાકે નહીં, મનરંજન બહુ થાય. ૩

જુદી જુદી પાંખડી, જોતાં મન હરખાય,
કૃત્રિમના ભાસે નહીં, ભૂલ ભુલામણ થાય ૪

કોઈ માને સાચા ફૂલો, ઉચકવા લલચાય,
શોભા કૃત્રિમ એ ખરી, સાચી સમ દેખાય ૫

ભ્રમરો ગુંજારવ કરે, સાચા જાણી ફૂલ,
ગંધ હશે રસ પણ હશે, એ મોટી ભૂલ ૬

પાસે જઇ આવી જુએ, નહીં ગંધ નહીં વાસ,
રસ એમા શાનો રહે? ખોટો એ વિશ્વાસ ૭

ઉપરથી ખાસી બની, માહે પોલ-પોલ,
જ્ઞાન-નેત્ર ઉઘાડતા, લાગે ફૂટો ઢોલ ૮

શ્રાવક નામ અમોલ જે, ધારણ કરી અજોડ,
ગામ ઢંઢેરો ફેરવે, પણ અંદર છે ખોડ ૯

ટીલાં-ટપકા બહુ કરે, માળા ધારે હાથ,
પણ લક્ષણ ખોટા ઘણા, દંભ દિસે સાક્ષાત. ૧૦

વ્રત પચ્ચક્ખાણો આદરે, નિત નવ ધરતો રંગ,
લાજે નહીં લગાર એ, કરતા નવ નવ ઢંગ. ૧૧

રૂડા વસ્ત્રો શોભિતા, જાણે ધર્મ મહંત,
કાગળના એ ફૂલ છે, નહીં એમાં કંઇ તંત. ૧૨

ઋજુતા કે સજ્જનપણું, નહીં મળે લવલેશ,
જિમ કાગળના ફૂલમાં, ગંધ ન રસનો અંશ. ૧૩

માળ ફેરવે મંત્રની, મનના તંત્ર અનેક,
ખરો મંત્ર નિજ સ્વાર્થનો, ચંચળ તસ મન છેક. ૧૪

ઠગવાની રચના કરે, દ્રવ્ય એહનો દેવ,
કાગળના એ ફૂલ છે, ઓળખજો સ્વયમેવ. ૧૫

વ્રત નહીં પણ સ્વાર્થનું, તંત્ર કળવે એહ,
ઉપરનો દેખાવ છે, કાળું અંતર જેહ. ૧૬

વેશ ગાયનો કળવે, ગરીબ સમ દેખાવ,
અંદરથી વરુ સાચ એ, તસ પાસે નહીં જાવ. ૧૭

કાગળના ફૂલોથકી, સરે ન ફૂલનું કામ,
દેખાવના ધર્મી જનો, શોભાના એ ધામ ૧૮

એવા દાભિક નામના, ધર્મી કાગળ ફૂલ,
દૂરથકી તજવા તમે, રખે ન થાએ ભૂલ. ૧૯

બાલેન્દુ વિનતી કહે, જ્ઞાનદૃષ્ટિથી જોય,
સત્ય અસત્ય જો પારખી, સત્યાલંબન હોય. ૨૦

શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'-માલેગામ

ઇશ્વર બીજે ક્યાંય નથી પણ કર્તવ્યના પાલનમાં રહેલ છે. જીવતાં હોઇએ ત્યાં સુધી હસતે મોઢે કર્તવ્ય કરતા જઇએ અને મોત આવે ત્યારે એટલા જ આનંદથી મોતને ભેટીએ, એ જ સાચું જીવન, એનું જ નામ મોક્ષ. —ગાંધીજી

ધર્મવીર કુમારપાળ[1]

લેખક—કાન્તિલાલ જ. દોશી એમ. એ.

[સ્ત્રીપાત્ર તથા સાધુપાત્ર વગરની નાટિકા]

પાત્રો

૧ મહારાજ સિદ્ધરાજ જયસિંહ—ગુજરાતના મહારાજા.

૨ મહારાજ કુમારપાળ—મહારાજ સિદ્ધરાજના અનુગામી રાજવી.

૩ મુખ્ય મંત્રી—પાટણના પ્રધાનમંત્રી.

૪ ઉદયન મંત્રી—પાટણના બીજા મંત્રી અને ખંભાતના દંડનાયક.

૫ કૃષ્ણદેવ—પાટણના સરસેનાપતિ.

૬ ચંદ્રસિંહ—મહારાજ સિદ્ધરાજનો પરમ મિત્ર.

તે ઉપરાંત સેવકો, સૈનિકો, ખેડૂત, કુંભાર, કુંભારનો પુત્ર વગેરે.

દૃશ્ય પહેલું

સ્થળ—મહારાજ સિદ્ધરાજના મહાલયનું આંગણું.

સમય—સવારનો પહેલો પ્રહર.

[આંગણામાં એક બાજુ સંન્યાસીઓને બેસવા માટે આસનો ગોઠવેલા છે.]

(એક સંન્યાસી પ્રવેશ કરે છે.)

સંન્યાસી—સિયારામ, સિયારામ. (એક બાજુ બેસે છે)

(બીજો સંન્યાસી પ્રવેશે છે.)

બીજો સંન્યાસી—અલખ નિરંજન (એક બાજુ બેસે છે).

(કુમારપાળ સાધુના વેષમાં પ્રવેશ કરે છે.)

કુમારપાળ—નારાયણ! નારાયણ! (આજુબાજુ જોઇને સ્વગત) વાહ કુદરત તેરી બલિહારી! પાટણમાં ગુપ્ત રહેવા સંન્યાસીનો વેષ ધારણ કર્યો તો સિદ્ધરાજના જ ઘરે જમવાનું આમંત્રણ! (પ્રગટ રીતે) નારાયણ! નારાયણ! (એક બાજુ નીચે નજર રાખીને બેસે છે.)

[મહારાજ સિદ્ધરાજ બે નોકરો સાથે પ્રવેશ કરે છે—સંન્યાસીઓને જોઇ તેમને નમન કરે છે.]

મ. સિદ્ધરાજ—પધારો સંતપુરુષો, આપે મારું આંગણું પાવન કર્યું.

(સેવકને) પ્રભુદત્ત! તું અર્ઘ્ય લઇ આવ. આપણે આ મહાપુરુષોની અર્ચના કરીએ.

સેવક—જી હજુર

(સેવક જઇને અર્ઘ્ય-સામગ્રી લઇને જલદી પાછો આવે છે, સામગ્રીમાં એક રૂપાનો લોટો અને થાળમાં ફૂલો છે.)

સેવક—લ્યો, મહારાજ! આ અર્ઘ્ય.

(મ. સિદ્ધરાજ સેવકના હાથમાંથી લોટો લઇ પાણીથી એક પછી એક સંન્યાસીનું ચરણ-પ્રક્ષાલન કરી નમન કરે છે. પછી કુમારપાળનું ચરણ-પ્રક્ષાલન કરી, ચરણસ્પર્શ કરતા ચોંકીને કુમારપાળના મુખ સામે તાકીને જુએ છે. બન્ને ક્ષણભર એક બીજાને જોઇ રહે છે—પછી કુમારપાળ પોતાના આસન પર બેસી જાય છે.)

મ. સિદ્ધરાજ—(સ્વગત) આ સંન્યાસીના ચરણ પર રાજ્યચિહ્નો છે, નક્કી એ કુમારપાળ જ લાગે છે. (પ્રગટ રીતે) પ્રભુદત્ત, તું આ સર્વે અતિથિઓનો બરાબર સત્કાર કરજે, હું હમણાં આવું છું. (સ્વગત) બરાબર યુક્તિ સફળ થઇ અને એ લાગમાં આવ્યો છે.

(મ. સિદ્ધરાજ જાય છે.)

કુમારપાળ—(ઊભો થઇને સ્વગત) નક્કી સિદ્ધરાજ મને ઓળખી ગયેલ છે. હવે છૂટવાનો કંઇ ઉપાય કરવો જોઇએ.

(સેવકને)—ભાઇ પ્રભુદત્ત! મને બહારી થાય છે તો જલદી પાણી લઇ આવને!

---

૧ પ્રબંધચિંતામણિ અને કુમારપાળચરિત્ર(સંસ્કૃત)ની હકીકતોને આધારે.

(નોકર પાણી લેવા જાય છે. બીજી બાજુ કુમારપાળ પણ ચાલ્યા જાય છે.)

એક સંન્યાસી-(થોડી વાર પછી) તે સંન્યાસીને બકારી થાય તેથી બહાર ગયો પણ હજી પાછો કેમ ન આવ્યો ?

(સિદ્ધરાજ બે સૈનિકોને લઇને પ્રવેશ કરે છે.)

મ. સિદ્ધરાજ-(સંન્યાસીને) આ ત્રીજા મહારાજ ક્યાં ગયા ? અને પેલો પ્રભુદત્ત ક્યાં ? (સાદ પાડે છે) પ્રભુદત્ત ! એ પ્રભુદત્ત !

(પ્રભુદત્ત હાથમાં પાણીનો લોટો લઇને આવે છે.)

પ્રભુદત્ત-જી હજુર.

મ. સિદ્ધરાજ-પ્રભુદત્ત, આ મહારાજ અહીંથી ક્યાં ગયા ?

પ્રભુદત્ત-મહારાજ, એમને ઉલટી થતી હતી એટલે તેમને માટે હું પાણી લેવા ગયો હતો તેઓ આટલામાં જ હશે.

મ. સિદ્ધરાજ-તો લઇ આવ એમને ! ક્યા છે એ ?

(પ્રભુદત્ત બહાર જઇને તુરત જ પાછો આવે છે)

પ્રભુદત્ત-મહારાજ, હું બહાર જોઇ આવ્યો. ત્યાં તો કોઇ નથી.

મ સિદ્ધરાજ-કોઇ નથી ? (એક ક્ષણ વિચાર કરીને) ઠીક, તો હવે આ સાધુઓને ધ્યાન રાખી ભોજન પીરસાવજો.

(સૈનિકોને-એક બાજુ જઇને) નક્કી એ કુમારપાળ આપણને છેતરી ગયો તમે જલદી તેની પાછળ પડો અને પકડીને હાજર કરો

સૈનિકો-જી, અમે હમણા જ એને પકડી તમારી સમક્ષ હાજર કરશું.

(બન્ને સૈનિકો જાય છે.)

પડદો પડે છે.

દૃશ્ય ૨

(મહારાજ સિદ્ધરાજ કપાળે હાથ દઇને ગાદીએ ટેકો દઇને ઉદાસ ચહેરે બેઠા છે અને એકલા બોલે છે)

મ સિદ્ધરાજ-નહિ, હરગીજ નહિ ગમે તે થાય પણ વિધાતાના લેખ હું મિથ્યા કરીશ. મારા નિર્ધારની આડે આવનારનો હું સર્વનાશ કરીશ.

(ચંદ્રસિંહ તેનો પરમમિત્ર પ્રવેશે છે)

કોણ ચંદ્રસિંહ !

ચંદ્રસિંહ-જી હા, હું ચંદ્રસિંહ પણ આપ આજે ખૂબ વ્યગ્ર દેખાવ છો તેનું શું કારણ ? આપ ઊંડા વિચારમાં હો તેમ લાગે છે.

મ. સિદ્ધરાજ-વિચારમાં.....હા, આજકાલ એ એક જ વિચાર મને સતાવી રહ્યો છે.

ચંદ્રસિંહ-એવો કયો વિચાર આપ જેવા સમર્થ પુરુષને સતાવી રહ્યો છે ?

મ. સિદ્ધરાજ-વિચાર તો પેલા કુમારપાળનો જ છે. એ હાથતાળી આપી છટકી ગયો, ભલે છટકી ગયો પણ હું તેને મારો ગાદીવારસ કદી થવા દઇશ નહિ.

ચંદ્રસિંહ-જરૂર આપ જેવા નરવીર ધારે તે કરી શકે છે.

મ. સિદ્ધરાજ-પણ એ હાથમાં આવીને છટકી ગયો એ ખટકે છે.

ચંદ્રસિંહ-એમાં આશ્ચર્ય જેવું કંઇ જ નથી. હજી લોકોનો સદ્ભાવ તેના તરફ છે એટલે તે ફાવી જાય છે.

મ. સિદ્ધરાજ-તેથી હું ડરું એમ નથી, પણ ખુદ આપણા મુખ્ય મંત્રી અને સેનાપતિ પણ તેની તરફેણમાં છે, તેનું શું કરવું ?

ચંદ્રસિંહ-હું તો કહું છું કે તેમને પણ પડતા મૂકો. તેમનાથી પણ બુદ્ધિમાં વધે એવા માણસો હું આપની સેવામાં હાજર કરું.

મ સિદ્ધરાજ-પણ ચંદ્રસિંહ, આ વાતનો ઉકેલ આપણે બુદ્ધિથી લાવવો જોઇએ. તું એવો કોઇ ઉકેલ બતાવ.

ચંદ્રસિંહ-મહારાજ ! ઉકેલ તો સાવ સીધો જ છે. રાજકારણમાં તો એક જ ઉપાય સર્વશ્રેષ્ઠ છે.

મ સિદ્ધરાજ-એ કયો ઉપાય ?

ચંદ્રસિંહ-એ જ કે કુમારપાળને પણ તેના પિતાથીની માફક ત્યાં (આકાશ તરફ આંગળી ચીંધી) મોકલવો જોઇએ. આપ જો રજા આપો તો.....

મ. સિદ્ધરાજ-શેની રજા ? કુમારપાળને મારી

નાખવાની ? ના...ના...એવું નીચ કાર્ય આપણાથી ન થાય. ચંદ્રસિંહ, તું બીજો કોઈ સારો ઉપાય બતાવ.

ચંદ્રસિંહ–મહારાજ, ધ્યેય પાર પાડવું હોય તો હૈયું કઠણ કરો. એ એક જ ઉત્તમ ઉપાય છે.

મ. સિદ્ધરાજ–બીજો કોઈ રસ્તો જ નથી ?

ચંદ્રસિંહ–ના, કુમારપાળ જીવતો હોય ત્યાં સુધી દત્તકવિધિ, રાજ્યાભિષેક વગેરેમાં કલહ થયા વિના ન રહે.

મ. સિદ્ધરાજ–તેમાં કલહ શેનો થાય ?

ચંદ્રસિંહ–કુમારપાળને મૂકીને બીજો વારસ નક્કી કરીએ એટલે લોકોમાં ઉગ્ર વિરોધ જાગે.

મ. સિદ્ધરાજ–પણ વિરોધ જાગે તો દાબી દેવો.

ચંદ્રસિંહ–એ તો મંત્રી અને સેનાપતિનો ટેકો હોય તો જ બનેને ?

મ. સિદ્ધરાજ–ઠીક, તો તને ઠીક લાગે તેમ કર, પણ આપણું ધ્યેય સિદ્ધ થવું જોઈએ.

ચંદ્રસિંહ–જેવી મહારાજની આજ્ઞા ! આપ હવે નિશ્ચિંત રહેજો. હું તેને પાતાળમાંથી પકડી પાડીશ.

પડદો પડે છે.

દૃશ્ય ૩

સ્થળ–એક ગામનું બજાર.

સમય–બપોરનો

[કુંભાર નીભાડામાં હાંડલાં ગોઠવે છે. થોડી થોડી વારે તેના કપાળ ઉપરથી પરસેવો લૂછે છે. તેનો પુત્ર એક એક હાંડલું તેને આપે છે. કુંભાર તે નીભાડામાં ગોઠવે છે]

[કુમારપાળ ફાટેલાં વસ્ત્રો પહેરી હાંફતો હાંફતો આવે છે.]

કુમારપાળ–ભાઈ, તમે મને જલદી ક્યાંક છુપાવી દો. સૈનિકો મારી પાછળ પડ્યા છે.

કુંભાર–તમે ક્યાંથી આવો છો ભાઈ ?

કુમારપાળ–ભાઈ, એ બધી વાત હું પછી કરીશ, મને તમે જલદી છુપાવી દો, હમણાં જ સૈનિકો આવી પહોંચશે.

કુંભાર–ભાઈ, હું તને ક્યાં છુપાવું ? ઠીક, આ નીભાડામાં જ બેસી જાઓ, હું તમારી ઉપર હાંડલા ગોઠવી દઈશ.

[કુમારપાળ નીભાડામાં બેસી જાય છે. કુંભાર જલદી તેની ઉપર હાંડલા ગોઠવે છે. ત્રણ સૈનિકો ત્યાં આવી પહોંચે છે]

નાયક–અલ્યા કુંભાર, અહીંથી કોઈ માણસને જતા તેં જોયો છે ?

કુંભાર–ના, અન્નદાતા, અહીં તો મેં કોઈ જોયું નથી.

નાયક–(કુંભારના પુત્રને) અલ્યા છોકરાં, કોઈ આદમી અહીં નથી આવ્યો ? સાચું બોલી જાજે નહિતર આ દંડીકો ભાળ્યો છે ? (દંડીકો બતાવે છે.)

કુંભારનો પુત્ર–ના રે ભાઈ, અહીં તો કોઈ નથી આવ્યું.

નાયક–(સૈનિકોને) આ લુચ્ચો જૂઠું બોલે છે, તમે બધે તપાસી લો.

સૈનિકો–જી (તપાસવા આમ તેમ ફરે છે અને તપાસીને પાછા આવે છે) બધે તપાસ કરી, ક્યાંય દેખાતો નથી.

નાયક–અચ્છા, તો જલદી ચાલો, પીછો પકડો. વળી વધારે દૂર નીકળી જશે.

[સૈનિકો જાય છે. કુંભાર તેમની જવાની દિશામાં થોડો વખત જોઈ રહે છે–પછી કુમારપાળને બહાર કાઢે છે.]

કુંભાર–ભાઈ તમે નસીબદાર છો હો ! પરમાત્માનો ઉપકાર માનો કે તમે બચી ગયા.

કુમારપાળ–ભાઈ તમે પણ મારા માટે ઘણી મુશ્કેલી વેઠી. હું તમને કદી નહિ ભૂલું. હવે મારે જલદી જવું જોઈએ.

કુંભારનો પુત્ર–પણ હવે અમારે ઘેર જમ્યા વિના તમારે નહિ જવાય.

કુમારપાળ–(કુંભારના પુત્રની પીઠ થાબડી) શાબાશ, તારું વચન પાછું નહિ ઠેલું, આવો ત્યારે.

(ત્રણે જાય છે)

—: પડદો પડે છે :—

દૃશ્ય ૪

સ્થળ–ખેતરમાં

સમય–બપોરનો

[ખેડૂત એક બાજુ બેસી છાશ રોટલો ખાય છે, ત્યારે કુમારપાળ ફાટેલા વસ્ત્ર પહેરી દોડતા દોડતા આવે છે]

ખેડૂત–આવો ભાઈ, તમે ક્યાંથી આવો છો?

કુમારપાળ–ભાઈ હું દૂરથી આવું છું અને ખૂબ જ થાકી ગયો છું પણ મને જલદી ક્યાંક છુપાવી દો જુઓ (એક બાજુ આંગળી ચીંધી) મારી પાછળ પડેલા સૈનિકો આવતા દેખાય છે

ખેડૂત–અહીં હું તમને ક્યાં છુપાવું?

કુમારપાળ–જલદી મને ક્યાંય છુપાવો નહિતર હમણા મને સૈનિકો પકડી પાડશે

ખેડૂત–હા ચાલો સામે કાંટાની વાડ છે ત્યાં તમે છુપાઈ જાઓ હું ઉપર કાંટા નાખી દઇશ

[બન્ને કાંટા પાસે જાય છે કુમારપાળ કાંટામાં છુપાય છે અને ખેડૂત ઉપર અને આસપાસ કાંટા ગોઠવી મૂળ જગ્યાએ આવી ભાતું ખાવા બેસી જાય છે]

[સૈનિકો હાથમાં દંડા લઇને આવી પહોંચે છે]

સૈનિક–એય ગમાર, રોટલા પછી ખાજે! આ અમારા સરદારને પહેલા જવાબ દે

ખેડૂત પધારો માબાપ (ઊભા થઇને હાથ જોડે છે)

સરદાર–અહીંથી કે ઇ માણસને જતો તે જોયો છે?

ખેડૂત–ના માબાપ, અહીં તો મે કોઇને દીઠું નથી બાપા!

સરદાર–(ચાબૂકનો અવાજ કરી) જૂઠું બોલીશ તો હાડકાં ભાંગી નાખીશ સમજ્યો?

ખેડૂત–હું સાચું જ કહું છું માબાપ

સરદાર–(સૈનિકોને) જાવ, જલદી આખા ખેતરમાં તપાસ કરો હમણા જ આપણે જોયો તો ને ઘડીકમાં ક્યાં જાય?

[સૈનિકો બધે તપાસ કરી પાછા આવે છે]

સરદાર–જોયો કયાં?

સૈનિકો–જી, એ ક્યાંય નથી

સરદાર–બરાબર તપાસ કરી?

સૈનિક–જી બધે બરાબર તપાસ કરી છે

(સામે કાંટામાં એક સૈનિક હજી ભાતું ભોકી તપાસ કરે છે–ઘડી ઘડી ભાતું બહાર મૂકી તેની અણી સામે જુએ છે–તે પણ પાછો આવે છે)

સરદાર–કેમ ત્યાં કાંટામાં જોયું? નથીને ત્યાં?

સૈનિક–જી, ત્યાં નથી ક્યાંક નાસી છૂટયો લાગે છે

સરદાર–તો ચાલો જલદી, પાછો હાથમાંથી જશે

(સૈનિકો અને સરદાર જાય છે સૈનિકો ગયા પછી થોડી વારે ખેડૂત કુમારપાળને બહાર કાઢે છે)

કુમારપાળ–ભાઇ તમે મને બચાવ્યો છે હું તમને જરૂર યાદ કરીશ અત્યારે તો મારે જવું જોઇએ

ખેડૂત–પણ મારે ઘેર એકાદ દિવસ આરામ લઇને જાઓ તો?

કુમારપાળ–ભાઇ, મારા નસીબમાં આરામ નથી, વળી કોઇવાર મળશું (જાય છે)

— પડદો પડે છે —

દૃશ્ય ૫

સ્થળ–ઉદયન મહેતાના ઘરનું આંગણું

સમય–બપોરના

[ઉદયન મહેતાનો સેવક માનસુર કોઇના આવવાની રાહ જોતો હોય તેમ દૂર નજર કરતો ઊભો છે એટલામાં કુમારપાળ ધૂળવાળા, ફાટેલા વસ્ત્રો પહેરીને આવે છે]

કુમારપાળ–ભાઇ ઉદયન મહેતાનું ઘર ક્યાં આવ્યું?

માનસુર–તારે ભીખારીને વળી ઉદયન મંત્રીનું શું કામ પડયું?

કુમારપાળ–મારે જરૂરી કામ છે ભાઈ! જરા તેમનું ઘર બતાવો તો ઉપકાર

માનસુર–(સ્વગત) બોલવા ઉપરથી તો કોઇ ખાનદાન માણસ લાગે છે (પ્રગટ રીતે) ભાઇ, તારું નામ શું છે? મંત્રીજીનું ઘર તો આ જ છે

કુમારપાળ–ભાઇ, તો કૃપા કરીને એમને સંદેશો પહોંચાડોને કે મારે તેમને મળવું છે

માનસુર–તારું ગામ કયું?

કુમારપાળ–મારું નામ દધિસ્થળી

માનસુર–(સ્વગત) તો તો આ કુમારપાળ જ હશે. આજે મંત્રી તેમની રાહ જુએ છે (પ્રગટ રીતે) આપ કુમારપાળ તો નહિ ?

કુમારપાળ–હું કુમારપાળ છું, એ આપે કેમ જાણ્યું ?

માનસુર–આજ સવારથી મંત્રીજી કુમારપાળની રાહ જુએ છે એટલે મે આપને એમ પૂછ્યુ

કુમારપાળ–(સ્વગત) મંત્રીજી મારી રાહ જુએ છે એ તો નવાઇ, મારા આવવાની એમને ક્યાથી ખબર ? (પ્રગટ રીતે) ઠીક ભાઇ, તો મને મંત્રીજી પાસે લઇ જાઓ.

માનસુર–માફ કરજો મહારાજ, મેં આપને ઓળખ્યા નહિ

કુમારપાળ–તેમાં તમારો દોષ નથી ભાઈ !

માનસુર–ચાલો મારી સાથે, આપણે મંત્રીજી પાસે જ જઇએ

[માનસુર કુમારપાળને દિવાનખાનામા લઇ જાય છે—

દિવાનખાનામા મંત્રીજી બેઠા છે તે કુમારપાળને જોઇ ઊભા થઇ જાય છે]

ઉદયન મંત્રી–આહો હો, કુમારશ્રી, પધારો

કુમારપાળ–જય જય, મંત્રીજી.

(બન્ને ગાદી ઉપર બેસે છે)

ઉદયન મંત્રી–આપને માથે તો બહુ વીતી, કુમારશ્રી આપ ઘણા થાકી ગયા લાગો છો (માનસુરને) માનસુર, તું અદર જા અને કુમારશ્રીને નહાવા માટે પાણી ઊનું મૂકાવ, અને તેમને માટે નવા વસ્ત્રો તૈયાર કર.

માનસુર–જી

ઉદયન મંત્રી–અને કુમારશ્રીને માટે ભોજનની પણ તૈયારી કરવાનુ કહેતો જા (માનસુર જાય છે) (કુમારપાળને) કેમ કુમારશ્રી, શરીરે તો કુશળ છોને ?

કુમારપાળ–ઇશ્વરકૃપાથી સારું છે

ઉદયન–હું ક્યારનો આપની રાહ જોતો હતો.

કુમારપાળ–આશ્ચર્ય હું આવવાનો છું, એ તમને ક્યાંથી ખબર ?

ઉદયન–ગુરુ મહારાજ શ્રી હેમચંદ્રસૂરિએ એ વાત આજ કરી હતી.

કુમારપાળ–ગુરુમહારાજે ? એમને ક્યાથી ખબર ?

ઉદયન–એઓશ્રી તો ઘણા જ્ઞાની છે અને વ્યવહારદક્ષ પણ ખરા

કુમારપાળ–એમ ? તો મારે પણ એ ગુરુમહારાજના દર્શન કરી પાવન થવુ છે.

ઉદયન–તમને એમની પાસે લઇ જવાના છે. આપણે કામ પૂરું કરી ત્યાં જઇશું.

કુમારપાળ–બીજા શું સમાચાર છે ?

ઉદયન–બીજું નગરશેઠનો પાટણથી મારા પર પત્ર છે એમણે આપના માટે મને સૂચનાઓ લખી છે.

કુમારપાળ–વાહ, આવા મુરબ્બીઓ મારી ચિંતા સેવે છે તે જાણી અત્યત આનદ થાય છે

ઉદયન–પણ આપે ઘણી મુશ્કેલીઓ વેઠી.

કુમારપાળ–હવે હદ થઈ છે આ રીતે ભીખારીને વેશે ક્યા સુધી ભટકવું ?

ઉદયન–સૂરિમહારાજ કહેતા હતા કે હવે બહુ મુશ્કેલી નથી.

કુમારપાળ–મને તો તેનો અંત દેખાતો નથી.

[માનસુર પ્રવેશે છે]

માનસુર–મંત્રીજી, પાણી અને વસ્ત્રો તૈયાર રાખ્યા છે

ઉદયન–હા, ચાલો કુમારશ્રી, તમે જલદી એ પતાવી દો પછી આપણે ભોજન કરી સૂરિજીના દર્શને જઇએ

કુમારપાળ–હા, મને પણ સૂરિજીના દર્શનથી ઘણો આનદ થશે ચાલો, હું જલદી તૈયાર થઇ જાઉં.

(કુમારપાળ માનસુરની સાથે જાય છે)

ઉદયન–વિધિની બલિહારી છે માણસને માટે ઘડીમા દુ:ખના ડુંગરા અને ઘડીમાં સિંહાસન બિચારા કુમારપાળને કેટલું વેઠવું પડયું ? સૂરિજીના આશીર્વાદ એમના દુ:ખનો અંત લાવો.

—• પડદો પડે છે. •—

દૃશ્ય ૬

સ્થળ-ઉપાશ્રયની બાજુના રસ્તા પર

સમય-સાજનો.

[ઉદયન અને કુમારપાળ વાતો કરતા ઊભા છે. ઉદયનના હાથમા એક કાગળ છે]

ઉદયન-કેમ કુમારશ્રી, ગુરુજીની વાણી કેવી લાગી ?

કુમારપાળ-અદ્‌ભુત મંત્રીજી, ખરેખર ગુરુવર્યશ્રી હેમચંદ્રસૂરિ પ્રતિભાશાળી વ્યક્તિ છે એમનું પ્રવચન ઘણું જ સચોટ અને અસરકારક હતુ. ફરી એમના દર્શન ક્યારે થશે ?

ઉદયન-અન્નજળ હશે ત્યારે ગુરુ ઘણા જ પ્રભાવશાળી છે એમની વાણી કદી ખોટી પડી નથી

કુમારપાળ-એ ખરું હશે મંત્રીજી, પણ મને થોડા વખતમા રાજ્ય મળવાની આગાહી એમણે કરી એ સાચી પડે એમ લાગતું નથી

ઉદયન-એ આપની રેખા આપના મુખ ઉપરથી જોઇને જ આચાર્યશ્રીએ આ લેખ લખી આપ્યો છે ને ? તેમાં કેટલી દક્ષતા છે ?

કુમારપાળ-એ વાત સાચી પણ ....

ઉદયન-પણ એમણે તો સ્પષ્ટ લખ્યુ છે કે સં. ૧૧૮૮ ના કાર્તિક વદી બીજ ને રવિવારે હસ્ત ... જો આપનો રાજ્યાભિષેક ન થાય તો મારે ભવિષ્ય જોવાનુ પડતુ મૂકવુ

કુમારપાળ-પણ અહીં તો રાજ્ય મળવાના કોઇ ચિન્હ જ નથી તેનુ કેમ ?

ઉદયન-પણ એ લેખમા ચોક્કસાઇ કેટલી છે ? તિથિ, વાર અને નક્ષત્ર સુદ્ધા લખ્યા છે મને તો ચોક્કસ લાગે છે કે હવે તમારા દુ:ખનો અંત નજીક છે.

કુમારપાળ-ખરે આપની શુભેચ્છા અને ગુરુશ્રીના આશીર્વાદથી હું ધન્ય છુ

[બન્ને વાત કરતા ધીરે ધીરે ચાલે છે-એક માણસ દોડતો દોડતો આવે છે]

માણસ-(હાંફતા હાંફતા) મંત્રીજી, ઉતાવળ કરો

ઉદયન-શું છે ? શેની ઉતાવળ ?

માણસ-મંત્રીજી, કુમારપાળની શોધ કરવા માટે પાટણથી સૈનિકો આવ્યા છે અને આપનુ ઘર તપાસે છે

ઉદયન-હેં, સૈનિકો પાટણથી આવ્યા છે ? તો કુમારપાળ, સાવધ થઇ જાવ. હવે આપણે જલદી ઉપાશ્રયે જ જઇએ અને સૂરિજીની સલાહ પ્રમાણે કરીએ.

માણસ-જી, હું સૂરિજી પાસે જઇને જ આવું છુ આપ ત્યા હશો એમ માની ત્યાં ગયો હતો સૂરિજીને પણ આ હકીકત કહી હતી

ઉદયન-એમ ? તો સૂરિજીએ શું કહ્યું ?

માણસ-એમણે કહ્યુ છે કે જલદી કુમારપાળને માટે મન્ત્રભંડારમાં વ્યવસ્થા કરજો

ઉદયન-કેવા વિચક્ષણ મહાપુરુષ ! ચાલો કુમારશ્રી, ત્યારે જલદી હું તમને ઉપાશ્રયે મૂકી ઘેર જાઉં. ત્યાં સૈનિકો કનડગત કરતા હશે.

[ત્રણે ઉપાશ્રયમા જાય છે અને કુમારપાળને મંત્રભંડારમા છુપાવે છે ઉદયન અને માણસ પાછા ફરે છે ત્યાં સૈનિકો આવી પહોચે છે]

સૈનિકોનો નાયક-મંત્રીજી, અમે આપને ઘેર જઇ આવ્યા

ઉદયન-હા.

નાયક-આપે કુમારપાળને છુપાવ્યા છે એવી બાતમી મળી છે અને મહારાજ સિદ્ધરાજની આજ્ઞા છે એટલે આપનું ઘર વગેરે તપાસવા આવ્યા છીએ

ઉદયન-મહારાજ સિદ્ધરાજની આજ્ઞા ? ક્યાં છે આજ્ઞા ?

નાયક-આ રહ્યું એ આજ્ઞાપત્ર (આજ્ઞાપત્ર ઉદયનને આપે છે ઉદયન મંત્રી તેના પર નજર ફેરવે છે)

ઉદયન-વારુ, ત્યારે તમે મારું ઘર તપાસી લીધુને ? હવે શું છે કહો ?

નાયક હવે અમારે ઉપાશ્રયમાં તપાસ કરવી પડશે

ઉદયન-પણ જૈન ઉપાશ્રય એ ધર્મક્રિયાનું સ્થળ હોઇ તમને એ અધિકાર ન મળે

નાયક-મંત્રીજી, મને આપને માટે માન છે, પણ અત્યારે લાચાર છુ મહારાજ સિદ્ધરાજની આજ્ઞા બજાવવા આવ્યો છું એટલે અમારે ઉપાશ્રયમાં તપાસ કરવી જ પડશે.

ઉદયન–ભલે, મહારાજ સિદ્ધરાજની આજ્ઞા છે તો તપાસો, પણ તે પહેલાં સૂરિમહારાજની રજા લેવી જોઇએ.

નાયક–ભલે, એમની રજા લેવામાં અમને કશો વાંધો નથી.

ઉદયન–(માણસને) ગુરુદત્ત, તું જલદી સૂરિજી પાસે જા અને આ હકીકત કહે.

(ગુરુદત્ત અંદર જઇ થોડી વારે પાછો આવે છે.)

ગુરુદત્ત–મંત્રીજી, સૂરિજી પડિલેહણ કરે છે અને બધે તપાસ કરવાની રજા આપી છે, પણ જ્ઞાનભંડારના પવિત્ર પુસ્તકોનો સ્પર્શ ન કરવા કહ્યું છે.

નાયક–ભલે ભલે, સૂરિજીની સૂચના પર અમે ધ્યાન આપશું. (સૈનિકોને) જાઓ, ઉપાશ્રયમાં પૂરી તપાસ કરી લો અને કોઇ વસ્તુ કે પુસ્તકોને નુકશાન ન પહોંચે તે ધ્યાન રાખજો.

સૈનિકો–જી. (સૈનિકો તપાસ કરવા જાય છે. ઉદયન તેમના તરફ જોઇ રહે છે)

ઉદયન–(નાયકને) ચાલો આપણે પણ સાથે જ જઇએ.

(તપાસ કરતા જ્ઞાનભંડાર પાસે આવે છે)

ઉદયન–(પુસ્તકોનો સંગ્રહ બતાવી) જુઓ, આ સૂરિજીનો પવિત્ર જ્ઞાનભંડાર (એમ કહી પુસ્તકોને વંદન કરે છે–તેમને જોઇને સૈનિકો પણ વંદન કરે છે અને વધુ તપાસ કર્યા વગર પાછા ફરે છે.)

ઉદયન–ખરેખર આવા ધર્મભાવનાવાળા સૈનિકો રાજ્યની કીર્તિ વધારી રહ્યા છે.

નાયક–મંત્રીજી, ધર્મગુરુ અને ધર્મજ્ઞાન અમારે માટે પણ વંદનીય જ છે. અમે ભલે રણમેદાન પર ફરજ ખાતર શસ્ત્રો વાપરતા હોઇએ પણ અમારા દિલમાં શાસ્ત્રો માટે માન ભરેલું છે.

ઉદયન–એટલો આપણો સૌનો પુણ્યોદય છે ભાઇ! ચાલો મારી સાથે હવે જમીને જ જજો.

—: પડદો પડે છે :—

દૃશ્ય ૭

સ્થળ–ઉપાશ્રયનો જ્ઞાનભંડાર.

સમય–સવારનો

[જ્ઞાનભંડારમાં એક બાજુ બેસીને કુમારપાળ એક કાગળમાં લખેલો શ્લોક વાંચે છે.]

કુમારપાળ–(વાંચે છે) ધમ્મો મંગલમુક્કિટ્ઠમહિંસા સંજમો તવો...ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ છે. અહિંસા, સંયમ, તપ...

(એ વખતે ઉદયન મંત્રી આવે છે.)

ઉદયન–ઓહો, કુમારશ્રી, તમે તો જ્ઞાનોપાસના કરવા મંડી ગયા છો ને શું!

કુમારપાળ–પધારો મંત્રીજી.

ઉદયન–તમારે તો આખી રાત જ્ઞાનભંડારમાં ગાળવી પડી ખરું?

કુમારપાળ–હા, આવો અનાયાસે જ્ઞાનોપાસનાનો લાભ મળી ગયો. એમાં ઇશ્વરનો કાંઇ સંકેત હશે.

ઉદયન–અને આપને ગુરુશ્રીનો પણ વધારે પરિચય મળ્યો

કુમાર–હા, મંત્રીજી, એ મારું અહોભાગ્ય છે. રાત્રે તેમની સાથે ધર્મવાર્તાલાપ કર્યો અને સવારમાં પણ સૂરિજીએ આ મંગળાચરણ સંભળાવ્યું (કાગળમાં લખેલો શ્લોક બતાવે છે)

ઉદયન–તમને તો ઘણો સુંદર લાભ મળ્યો કહેવાય.

કુમારપાળ–હા, આજનો દિવસ મારે માટે સુવર્ણદિન છે. સવારમાં જ સૂરિજીના દર્શન અને વળી એમના જ સ્વમુખે મંગળશ્રવણ.

ઉદયન–ખરેખર કુમારશ્રી, એ બધા ટૂંકમાં જ આવનારા શુભ દિનના ચિહ્નો છે.

કુમારપાળ–વળી આ શુભ શ્લોકનો અર્થ પણ ગુરુમહારાજે મને સમજાવ્યો, તે ઘણો જ સુંદર છે. મને એ ઘણો પસંદ પડી ગયો તેથી મેં લખી લીધો.

ઉદયન–કુમારશ્રી, તમે સાચે જ એક ઝવેરી છો. ઝવેરી જેમ સાચા મોતીને પારખી લે તેમ તમે ઉત્તમોત્તમ શ્લોક પસંદ કર્યો છે.

કુમારપાળ–એ બધી ગુરુમહારાજની કૃપા છે.

ઉદયન–બીજી શું વાતચીત ગુરુમહારાજ સાથે કરી!

કુમારપાળ–બીજું તો એમણે અહીંથી નીકળવા માટે શુભ દિવસ અંગે વાત કરી હતી.

ઉદયન–એમ! કયો દિવસ સૂરિજીએ કહ્યો!

કુમારપાળ-આજે જ

ઉદયન-આજે જ ? કુમારશ્રી શું આજે જ તમારે ઉપડવાનો દિવસ ? તો તમારા સહવાસનો લાભ અમને બહુ નહિ મળે

કુમારપાળ ફરી અનજળ હશે ત્યારે જરૂર મળશું. તમારી મારા માટેની લાગણી હું કદી નહિ ભૂલું

ઉદયન-અમે તો અમારી ફરજ જ બજાવી રહ્યા છીએ, કુમારશ્રી, અમે કશું વધારે કર્યું નથી વારુ તો કઇ તરફ જવા વિચાર રાખેલ છે ?

કુમારપાળ-અહીંથી માળવા તરફ જવા વિચાર છે, અને પછી નસીબ દોરી જાય ત્યાં

ઉદયન-ઠીક, તો હવે ચાલો આપણે ઘરે જઇએ અને બધી તૈયારી કરીએ

બન્ને જાય છે

— પડદો પડે છે —

દૃશ્ય ૮

સ્થળ-કૃષ્ણદેવનું ઘર (પાટણમાં)

સમય-રાત્રીનો

[કૃષ્ણદેવ એક તકીયાને ટેકો દઇ બેઠા છે અને કંઇક વિચારમાં હોય તેમ જણાય છે-કુમારપાળ પ્રવેશે છે]

કૃષ્ણદેવ-(તેને જોઇ આશ્ચર્યથી) અરે કુમારપાળ ! વાહ ! તમે ખરે વખતે આવી પહોંચ્યા તમારી અત્યારે ખાસ જરૂર છે કહો કુશળ છોને ?

(કુમારપાળ પણ ગાદી પર બેસી જાય છે)

કુમારપાળ-હા સતોની કૃપાથી કુશળ છું

કૃષ્ણદેવ-તમે બહુ થાકેલા જણાવ છો અત્યારે ક્યાંથી આવો છો ?

કુમારપાળ-હું માળવામાં હતો ત્યાંથી મહારાજા સિદ્ધરાજના મૃત્યુના સમાચાર સાંભળી આ તરફ આવ્યો છું

કૃષ્ણદેવ-(રાજસિંહને) રાજસિંહ

રાજસિંહ-જી, શી આજ્ઞા છે ?

કૃષ્ણદેવ-તું હમણાં જ જા અને નગરશેઠને અને તેમને ત્યાં આવેલા ઉદયન મંત્રીને જલદી તેડી આવ તેમને કહેજે કે જરૂરી કામ છે

રાજસિંહ-જી (રાજસિંહ જાય છે)

કૃષ્ણદેવ-અને કુમારશ્રી, તમે હવે પહેલા ભોજન વગેરે પતાવી દો પછી નગરશેઠ અને ઉદયન મંત્રી સાથે આપણે મંત્રણાઓ કરશું

કુમારપાળ-અત્યારે ભોજનની કશી ઇચ્છા નથી.

કૃષ્ણદેવ-તો દૂધ મંગાવું (રામસીંગને) રામસીંગ, કુમારપાળને માટે દૂધ લઇ આવ (કુમારપાળને) તમે તો કુમારશ્રી, ઘણી મુશ્કેલીઓ વેઠી

કુમારપાળ-એ તો કર્મ કોઇને છોડતું નથી આપણા પૂર્વજન્મમાં કરેલા કર્મના ફળ તો ભોગવવાં જ જોઇએને ? વારુ પણ મહારાજના મૃત્યુ પછીના શા સમાચાર છે ? તેમનો ગાદીવારસ તરીકે —

કૃષ્ણદેવ-હા એ બાબતમાં તો મહારાજને ઘણી ચિંતા હતી પણ તેમના અંતકાળ સુધી કંઇ નિર્ણય થઇ શક્યો નથી

કુમારપાળ-એમ કેમ બન્યું ?

કૃષ્ણદેવ-મહારાજે તો વારસનું નામ સૂચવેલું પણ મંત્રીમંડળમાં તે અંગે મતભેદ પડ્યો

કુમારપાળ હં, પણ રાજમાતાનો શો અભિપ્રાય છે ?

કૃષ્ણદેવ-રાજમાતા ખૂબ શોકમગ્ન છે અને કહે છે કે-મંત્રીમંડળ કરશે એ રાજ્યના હિતમાં જ હશે

કુમારપાળ હં, પણ મારે એમને દિલાસો આપવા જવું છે

કૃષ્ણદેવ હા ત્યાં તમે કાલે જજો આજે તો ઉદયન મંત્રી અને નગરશેઠને મંત્રણા માટે તેડાવ્યા છે

[ઉદયન મંત્રી અને નગરશેઠ પધારે છે-બન્ને કુમારપાળને] અહો, કુમારપાળ ! જય જય

કુમારપાળ-જય જય.

નગરશેઠ-કેમ કુશળ છો ને ?

કુમારપાળ-હં, ઇશ્વરકૃપાથી કુશળ છું

ઉદયન મંત્રી-તમે આવી ગયા તે સારું થયું તમારા આગમનથી અમારી ચિંતા ઓછી થઇ

કુમારપાળ-તમારા જેવા કુશળ માણસોને ચિંતા શેની ?

ઉદયન-વાત એમ છે કે આવતી કાલે ગાદીવારસ

અંગે નિર્ણય કરવાનો છે, તેમાં તમારી ગેરહાજરી હોય તો મતભેદ પડે.

કુમારપાળ-મતભેદ શેનો ?

ઉદયન-કુમારશ્રી તમારી હાજરીથી એ બધી ગુંચ ઉકલી ગઇ. તમે હાજર ન હો તો રાજ્યાભિષેકનું શું કરવું એ વિચારવું પડત.

કૃષ્ણદેવ-હવે એ મુશ્કેલી ટળી, તો પણ આપણે યુક્તિપૂર્વક કામ લેવું જોઇએ.

ઉદયન-હા, એ વાત બરાબર છે.

કૃષ્ણદેવ-વારૂ, તો પહેલાં તો હું તેમના આગમનના ખબર મુખ્ય મંત્રીને આપી દઇશ. તેઓ કુમારપાળની તરફેણના છે.

નગરશેઠ-પણ એ ખબર લોકોને કેમ આપવા ?

ઉદયન-એમ કરો, કે કુમારપાળ કાલે એક સજ્જ સૈનિકના પોશાકમાં સભામાં હાજર રહે અને તે વખતે કૃષ્ણદેવે ગાદીવારસ તરીકે કુમારપાળનું નામ સૂચવવું.

નગરશેઠ-તમે ઠીક યુક્તિ શોધી કાઢી.

ઉદયન-અને એ જ વખતે મહારાજ કુમારપાળે સભા વચ્ચે આવવું અને સૈનિકોએ જયનાદ બોલાવવો.

કૃષ્ણદેવ-એ વાત બરાબર છે, એથી કોઇને વિરોધ કરવાની તક નહિ રહે.

કુમારપાળ-એ વાત બરાબર છે. તે પછીનું બધું હું સંભાળી લઇશ

નગરશેઠ-વાહ, તમો તો અત્યારથી જ રાજવીની છટાથી વાત કરવા લાગ્યા.

ઉદયન-તો કૃષ્ણદેવ, હવે કુમારપાળને સભામાં લાવવાની જવાબદારી તમારે શિર છે.

કૃષ્ણદેવ-ભલે, હવે તમે તે બાબત ચિંતા રાખશો નહિ.

ઉદયન તથા નગરશેઠ-ત્યારે હવે અમે જઇએ. કાલે સમયસર હાજર થઇ જશું.

(ઉદયન અને નગરશેઠ જાય છે)

—: પડદો પડે છે :—

દૃશ્ય ૯

સ્થળ-સભાગૃહ

સમય-સવારના

[સભામાં માણસોની ભીડ છે. ઉદયન મંત્રી, મુખ્ય મંત્રી, કૃષ્ણદેવ, સૈનિકના પોશાકમાં કુમારપાળ સૌ યોગ્ય જગ્યાએ બેઠા છે. વચ્ચે સિંહાસન ખાલી છે.]

કૃષ્ણદેવ-(ઊભા થઇને સિંહાસન પાસે આવીને) વહાલા પ્રજાજનો, આજે આપણે આપણા રાજવી તરીકે કોને સ્થાન આપવું એ નિર્ણય કરવાનો છે. તે સ્થાન માટે યોગ્ય શૂરવીર અને ધર્મપ્રેમી નરવીરની પસંદગી કરવી જોઇએ. અને.....

ચંદ્રસિંહ-(અધવચ્ચે જ પોતાની જગ્યાએ ઊભો થઇને) પણ તે બાબતમાં આપણે મહારાજ સિદ્ધરાજની શું ઇચ્છા હતી તે વિચારવું જોઇએ.

ઉદયન મંત્રી-(પોતાની જગ્યાએ ઊભા થઇને) મહારાજ સિદ્ધરાજની ઇચ્છા હતી રાજ્યને આબાદ કરવાની અને આપણે એવા નરવીરની પસંદગી કરવી કે જે રાજ્યને આબાદ બનાવી શકે.

ચંદ્રસિંહ-પણ હું મહારાજની નીકટ રહેનારો જાણું છે કે મહારાજની ઇચ્છા તેમના પછી.....

કૃષ્ણદેવ-(તેને બોલતા અટકાવીને) ચંદ્રસિંહ, તમે અત્યારે બેસી જાઓ.

[તે વખતે ચંદ્રસિંહની પાસેના બે માણસો ઊભા થાય છે તેમના સામે જોઇને કૃષ્ણદેવ એકદમ મ્યાનમાંથી તલવાર કાઢી ઉગામે છે.]

કૃષ્ણદેવ-ખબરદાર, કોઇ વચ્ચે બોલ્યું છે તો ! મહારાજની શું ઇચ્છા હતી તે આપણા કુશળ મંત્રી ઉદયન મંત્રી સારી રીતે જાણે છે અને એવા અનુભવી બાહોશ મંત્રીવર્યની સલાહ મુજબ મહારાજ સિદ્ધરાજના ગાદીવારસ તરીકે હું ધર્મપ્રેમી નરવીર કુમારપાળનું નામ સૂચવું છું.

ચંદ્રસિંહ-(ઊભા થઇને) પણ કુમારપાળ અત્યારે હાજર નથી તો મહારાજ સિદ્ધરાજ—

(તે બોલે છે ત્યારે કુમારપાળની આસપાસના સૈનિકો કુમારપાળને માથે છત્ર ધરી કુમારપાળનો જય બોલાવે છે, અને કુમારપાળ હાથમાં તલવાર સાથે સિંહાસન પાસે આવે છે. સૌ પ્રજાજનો તાળીઓના અવાજથી તેમને વધાવી લે છે.)

ચંદ્રસિંહ-પણ પણ

કૃષ્ણદેવ-સૈનિકો, પકડી લો ચંદ્રસિંહને અને અહીંથી બહાર લઇ જાઓ.

(બે સૈનિકો ચંદ્રસિંહને પકડી બહાર લઇ જાય છે)

કુમારપાળ-વહાલા પ્રજાજનો, આપણું રાજ્ય આબાદ બને તે માટે હું પ્રયત્ન કરીશ રાજ્યમા કોઈ પ્રજાજન દુઃખી ન રહે અને કોઇને અન્યાય ન થાય તે જોવાની હું મારી ફરજ સમજું છું અને રાજ્યના તેમજ પ્રજાના દુશ્મનોને હું સખ્ત રીતે દાબી દેવા હંમેશા સજ્જ રહીશ તમે સોંપેલી જવાબદારી હુ સરસ રીતે ઉઠાવી શકું અને પ્રજા સુખી બને એ માટે પરમાત્માને પ્રાર્થના કરું છુ મને ખાત્રી છે કે ગુરુમહારાજ હેમચંદ્રસૂરિના આશીર્વાદથી હું જરૂર સફળ થઈશ

(કુમારપાળ સિંહાસન પર બેસી જાય છે સભાજનો તાળીઓથી વધાવી લે છે. રાજગોર મહારાજ કુમારપાળને તિલક કરે છે)

મુખ્યમંત્રી-(ઊભા થઈને) ઘણું જીવો આપણા પ્રજાવત્સલ ધર્મપ્રેમી મહારાજા કુમારપાળ. વહાલા પ્રજાજનો, આપણે ધર્મવીર મહારાજાને મેળવી ખરેખર ધન્ય બન્યા છીએ (બેસી જાય છે)

કૃષ્ણદેવ-બોલો મહારાજા કુમારપાળનો જય. (પ્રજાજનો જય બોલે છે.)

ઉદયન-(મહારાજાને ફૂલહાર પહેરાવી) ઘણું જીવો મહારાજા કુમારપાળ

કૃષ્ણદેવ-બોલો ગુરુમહારાજ હેમચંદ્રસૂરિનો જય (પુષ્પો ઉડાડે છે)

—પડદો પડે છે—

સમાપ્ત

संपदि यस्य न हर्षो विपदि विषादो रणे च धीरत्वम् ।
तं भुवनत्रयतिलकं जननी जनयति सुतं विरलम् ॥

(દ્રુતવિલંબિત)

ન સુખથી હરખાઈ કહિ જતો, દુઃખસમે દિલગીર ન જે થતો
અધિક ધીરજ જે ધરતો રહ્યો, જનની એ સુત તો વિરલા જણે

प्रथमे नार्जिता विद्या, द्वितीये नार्जितं धनम् ।
तृतीये नार्जितो धर्मः, चतुर्थे किं करिष्यति ? ॥

(રૂચિરા)

પ્રાપ્ત કરી નહિ પેલી વયમાં, વિદ્યા પૂરી પ્રીતે રે,
બીજીમાં સંચય નવ કીધો, ધનનો રૂડી રીતે રે;
ધર્મ કર્યો નહિ વય ત્રીજીમા, સુપાત્રને દઇ દાનો રે,
ચોથી વય ઘડપણમાહિ કોં', તે નર શું કરવાનો રે ?

ઉદાત્ત સંસ્કારપ્રેમી શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી

ગત વૈશાખ શુ ૧૫ ના રોજ માટુંગા-મુંબઇખાતે શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ જૈન પાઠશાળામા શ્રી મણીભાઈ નગીનદાસ ભાખરીયા તરફથી તૈયાર કરાવવામા આવેલ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજનું આરસનુ બસ્ટ શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇના હસ્તે ખુલ્લું મૂકવામા આવેલ. શ્રીયુત મણિલાલ મોહનલાલ પાલણપુરે લખેલ આચાર્યદેવના જીવનપરિચયની પુસ્તિકા આ પ્રસંગે શ્રી ભાખરીયા બ્રધર્સ તરફથી વહેચવામા આવેલ તેમ જ પ્રસંગને અનુલક્ષીને શેઠશ્રી કસ્તુરભાઇએ અભ્યાસપૂર્ણ ભાષણ કર્યું હતુ જે અત્રે રજૂ કરવામા આવે છે.

માટુંગા શ્રી સંઘ તથા સજ્જનો અને સન્નારીઓ,

મારા તરફ મમત્વ બતાવીને પૂજ્ય યોગનિષ્ઠ આચાર્ય મહારાજ શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીની પ્રતિમાની ઉદ્ઘાટન વિધિ કરવા માટે મને બોલાવ્યો તે માટે હું તમારો આભારી છું. પૂજ્ય બુદ્ધિસાગરજી મહારાજના સહવાસમાં હું મારા બાળપણમાં આવેલો અને બચપણમાં તેમની પાસેથી સંસ્કાર મેળવવાનુ અહોભાગ્ય મને સાંપડયુ હતું.

તેમનો જન્મ વિજાપુરમાં સંવત ૧૯૩૦ માં એક પાટીદાર કુટુંબમાં થયો હતો. તેમનું કુટુંબ મોટું હતુ અને તેમાં તેઓ નાનપણથી જ સત્યને માર્ગે ચાલનારા અને સંસ્કારપ્રિય હતા. વિજાપુરમા પૂજ્ય શ્રી રવિસાગરજી મહારાજ ચોમાસુ રહેલા અને તે વખતે તેઓ ઘણી નાની ઉંમરે તેમના પરિચયમાં આવ્યા હતા. તેમને વાંચવાનો શોખ સારા પ્રમાણમાં હતો. તેમને પ્રાણી પ્રત્યે દયા અને સાચા માર્ગે ચાલવાનો યોગ નાનપણથી જ પ્રાપ્ત થયો હતો.

તેઓ પોતે પાટીદાર હતા અને તેમના પિતા શૈવધર્મ પાળતા અને માતા વૈષ્ણવધર્મ પાળતા હોવા છતાં તેમણે ઘણી નાની ઉંમરે જૈન ધર્મ અંગીકાર કર્યો. આમ થવાના કારણ માટે એમ કહેવામા આવે છે કે-એક વખત એક બળદ વિફરીને દોડતો હતો અને એક ઘરડા જૈન સાધુને અડફેટમા લેવાની તૈયારીમાં હતો તેવામાં તેમણે પોતાના દંડિકાવડે બળદને તેમ કરતાં રોકયો અને સાધુ મહારાજ તે અકસ્માતમાંથી બચી ગયા. આ સાધુ મહારાજે જ્યારે મુગા પ્રાણીને નહિ મારવાનો તેમને ઉપદેશ કર્યો ત્યારે તેમના દિલમાં કુતુહલતા જાગી અને ત્યારબાદ તેમણે પૂજ્ય રવિસાગરજી મહારાજ પાસે જૈન દર્શન અભ્યાસ કરવો શરૂ કર્યો.

શ્રી. બુદ્ધિસાગરજીએ સાચા સાધુ તરીકે જીવન ગુજારી સાહિત્યની આરાધના કરી અને સાથે સાથે સમાજસેવક તરીકેની પ્રવૃત્તિઓ પણ તેઓએ કરી છે. ત્રિવેણીસંગમ જેવું આવું જીવન આપણા સંસારમા ભાગ્યે જ સાંપડે છે, અને તેમના નિર્વાણને ૩૦ વર્ષ થયા છતા તેમના જીવનની સુવાસ ચારે બાજુ પ્રસરી રહી છે. પૂજ્ય બુદ્ધિસાગરજી મહારાજ કેવળ સાંપ્રદાયિક સાધુત્વને વળગી ન રહ્યા અને એક ઉદાત્ત સંસ્કારીતા કેળવી બીજા ધર્મોમાં પણ રસ લેતા થયા અને તે ધર્મોના સુંદર તત્વોનો સ્વીકાર કરી, અપનાવીને લોકોમાં તેનો બહોળો પ્રચાર કર્યો.

આર્ય સંસ્કૃતિ વૈદિક, બૌદ્ધ અને જૈન ધર્મોમાંથી જન્મી છે અને આ ત્રણે ધર્મ પરસ્પરના પૂરક છે. એક બીજામાંથી ત્રણે સંપ્રદાયોએ ઘણું લીધું છે અને માનવસિદ્ધિની આરાધનામાં ત્રણે ધર્મોએ સોના થઈ ફાળો આપ્યો છે. શ્રીમદ્ બુદ્ધિસાગરજીનુ ચરિત્ર જો આપણે વાચીએ તો આપણને જરૂર લાગી આવશે કે ત્રણે ધર્મોનાં ઉત્તમ તત્વો તારવી તેમણે જૈન સાહિત્યને દીપાવ્યું છે.

તેમના જીવનમાં તેમણે જૈન ધર્મીઓ ઉપરાંત હિંદુ-મુસલમાન જનતાનો પૂજ્યભાવ મેળવ્યો છે. આજોલ ગામમા આશુ મીર નામના એક મીર મુસ્લીમ સજ્જન શ્રી બુદ્ધિસાગરજીનાં કાવ્યો ભજનની રૂપે ગાતા હતા અને તે રીતે તેમના ભજનો કેટલાં પ્રચલિત હતાં તેનો ખ્યાલ આવી શકે છે. તેવી જ રીતે વરસોડાના રજપુત ઠાકોર પણ તેમના અનન્ય મિત્ર હતા અને ગોરીયા મહાદેવના એક મહારાષ્ટ્રીઅન યોગી પણ તેમની સાથે રસમય ચર્ચા કરતા અને આપણી સંસ્કૃતિમા સાંપ્રદાયિક ભેદ રહેલો નથી તેની પ્રતિતિ તેઓશ્રી કરતા હતા. તેમના જીવન દરમ્યાન

ગુજરાત, સૌરાષ્ટ્ર, મેવાડ અને દક્ષિણ જેવા પ્રદેશોની તેમણે પરિક્રમા કરી હતી અને તે સમયના સામાજિક અને ધાર્મિક પ્રવાહો તે સમજ્યા હતા. પ્રીસ્તી, આર્યસમાજી અને થીઓસોફીનો પણ તેમણે અભ્યાસ કર્યો હતો. તેમના જીવન દરમ્યાન કોંગ્રેસની સ્થાપના થઇ અને લાલા લજપતરાય, ગાયત્રીબાઇ, મહાત્માજી, સયાજીરાવ ગાયકવાડ વગેરેનો પરિચય તેમને સાંપડ્યો અને દેશદાઝના નવા પુરને તેઓ સમજ્યા અને સદરહુ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપ્યું. તેમના જીવનમાં એવા ઘણાએ પ્રસંગો બન્યા કે તેમણે ગુનેગાર ગણાતી કોમોને મદદ કરી તેમને સન્માર્ગે વાળ્યા. તેમનું જીવન એક ધન્ય પ્રસંગોની હારમાળા છે અને બાળપણથી કાળધર્મ પામ્યા ત્યાંસુધી તેમણે ઘણી સિદ્ધિઓ મેળવી, જે એવી અદ્ભુત હતી કે નાસ્તિકને પણ વિચાર કરતા કરી મૂકે. તેમના પર્યટનો, તેમનું તપ, તેમનો સંયમ, ધન પ્રત્યેની ઉપેક્ષાવૃત્તિ, અદ્ભુત અભ્યાસ, તેમને આચાર્યોમાં ઊંચી કક્ષાએ પહોંચાડે છે અને વિરાગની સાધનાનું આ જીવન કેવળ જૈન જનતાને નહિ પણ સમગ્ર જનતાને આકર્ષણરૂપ રહેશે.

છેલ્લા ૨૫૦૦ વર્ષોમાં જૈનોમાં પ્રખર વિદ્વાન આચાર્ય મહારાજો થઇ ગયા છે તેમણે સંખ્યાબંધ પુસ્તકો લખ્યા-લખાવ્યા છે અને તે સાહિત્ય જિંદગીના તેમજ ધર્મના દરેક અંગને સ્પર્શી લે તેવું છે. શ્રી બુદ્ધિસાગરજી મહારાજે લોકજીવનને સ્પર્શે તેવા ૧૦૮ પુસ્તકો લખ્યા છે અને અધ્યાત્મ જ્ઞા૦ પ્ર૦ મંડળે બહાર પાડ્યા છે તેમના લખાણની વિશિષ્ટતા એ છે કે-એમનાં લખેલાં પુસ્તકો કોઇ પણ ધર્મના માણસને પસંદ પડે તેવાં અને વાંચવા લાયક છે શ્રી બુદ્ધિસાગરજી મહારાજમાં એ વિશિષ્ટતા નોંધપાત્ર હતી કે તેમનું મન સંકુચિત નહોતું અને નાનાં મોટા સંપ્રદાયોમાં માનતા નહોતા એટલે સર્વેનાં મન જીતી લઇ શકતા હતા. તેમના અનુયાયીઓમાં કેટલાક મુસલમાન અને ભાટ પણ હતા. તેમના ભજનો ત્યારે પણ લોકો ગાતા હતા અને આજે પણ ગાય છે. તેમના લખાણોએ અહિંસા પરમો ધર્મનો નાદ લોકોમાં ફેલાવ્યો છે. તેમની બીજી વિશિષ્ટતા એ હતી કે નાના નાના છોકરાઓને તેમની પાસે જવાનું હંમેશાં આકર્ષણ રહેતું કારણ કે તેઓશ્રી સરળ ભાષામાં નાની નાની વાતો કહી તેઓને બોધિત કરતા હતા. તેમના ગુરુ સુખસાગરજી મહારાજ સાદા અને ભલા હતા અને શ્રી બુદ્ધિસાગરજી મહારાજ તેમની અનન્ય ભક્તિ કરતા.

જૈન આચારવિચાર એવા છે કે હિંદના સમગ્ર ઇતિહાસમાં એક પણ યુગ એવો નથી ગયો કે જ્યારે જૈન આચારવિચારનો પ્રતિબોધ આપવા માટે જૈન સાધુનું સમર્થ વ્યક્તિત્વ સમાજને નહિ સાંપડ્યું હોય. જૈન સાધુસંસ્થાએ દેશની અનેકવિધ સેવાઓ કરી છે. જૈન સાધુઓએ દેશની સંસ્કૃતિના અનેક સાધનોને પ્રકાશ્યાં છે અને પ્રજાને એ દ્વારા સન્માર્ગે વાળી છે. સદાચાર, ચારિત્ર્ય, વિદ્વત્તા, સંશોધન, સમર્થન વિગેરે વિષયોમાં જૈન સંસ્કૃતિની પરંપરા હંમેશાં સન્માર્ગને સાચવી રહી છે. જૈન સાધુઓએ હજારો વર્ષોથી પ્રજાને શુદ્ધ ધર્મલાભ આપ્યો છે અને એવા અનેક સાધુઓમાં શ્રી બુદ્ધિસાગરનું સ્થાન પ્રથમ રહેશે.

શ્રી બુદ્ધિસાગરજીનું કામ ખંડનનું નહિ પણ મંડનનું હતું, જૈન વ્યવસ્થાની ન્યૂનતાઓથી અનેક વાર તેઓ અકળાઇ જતા દેવદ્રવ્યનો દુરુપયોગ તેમનાથી સહન થઇ શકતો નહોતો. નાના નાના ગામડાઓના મંદિરોના વહિવટમાં ઊણપ જણાતી ત્યારે તેઓ તેનો ઉકેલ લાવવા પ્રયત્ન કરતા.

શ્રી બુદ્ધિસાગરજીની સાહિત્ય પ્રતિભા તેમની આત્મપ્રતિભાના જેટલી જ ભવ્ય છે તેમનું લખાણ એટલું વિસ્તૃત છે કે અન્ય કોઇ ગૃહસ્થ કે ત્યાગી સાક્ષરે તેમના જેટલો મધ રસથાળ ગુજરાતી પ્રજાને આપ્યાનું જાણ્યું નથી. એકસો ને આઠ મહામમર્થ ગ્રંથો લખીને સાહિત્યસૃષ્ટિમાં તેમણે જબરદસ્ત ફાળો આપ્યો છે. જેઓ તેમના પરિચયમાં નથી તેમને વિસ્મય થશે કે સાધુજીવનની દૈનિક ક્રિયાઓમાં પુષ્કળ સમય ગાળવા છતાંય તેઓશ્રી આ સર્વ ગ્રંથો લખવાનો સમય ક્યાંથી મેળવી શકયા હશે ? તેમનું લખાણ સત્વમાં ઘણા ઊંચા પ્રકારનું છે. વિચારોની વિપુલતા ભાવનાઓની સમૃદ્ધિ લાગણીઓનો તરબોળ

વિગેરે સાહિત્ય-સૃષ્ટિમાં અજબ ભાત પડે છે તેમણે ગુજરાતી, સંસ્કૃત અને હિંદી ત્રણે ભાષાઓમાં લખ્યું છે.

કુદરતને તેઓશ્રી એક મહાશક્તિ, જીવતુ-જાગતુ બળ સમજતા હતા, એ શક્તિને અનુસરતુ જીવન અને વર્તન એ જ સાચુ જીવન અને વર્તન છે તેમ તેઓ માનતા આથી કુદરતના બાહ્યાગ કરતા તેના આંતરિક રહસ્યો ઝીલવામાં તેમને અધિક આનંદ થતો. બેશક આવી ભાવના કુદરત પરના તેમના અગાધ પ્રેમની નિશાનીરૂપ છે તેમને કુદરતી વાતાવરણમાંથી સત્ય માટે ખૂબ પ્રેરણા મળતી નદી, પર્વતો અને કંદરાઓની ભવ્યતાએ તેમના હૃદયપટ ઉપર ઊંડી અસર કરી હતી

તેઓશ્રી અટલ રાષ્ટ્રભક્ત પણ હતા. તેમનુ સ્વદેશાભિમાન ઘણા ઊંચા પ્રકારનું હતુ. તેમના સ્વદેશીભિમાનના કાવ્યો અત્યંત મનોવેધક અને માતૃભૂમિના પ્રેમથી ભરપૂર છે. આર્યભૂમિને તેઓ અન્ય દેશો કરતાં ઊચ્ચ પદ આપે છે અને તેમાંયે ગુજરાતને તો તેઓશ્રી હૃદયના ભક્તિભાવથી અપનાવી લે છે. અહિંસારૂપી શસ્ત્રમાં તેમને શ્રદ્ધા હતી સંસારનો ત્યાગ કરનાર મનુષ્ય માતૃભૂમિનો ત્યાગ કરી શકતો નથી માતૃભૂમિનો ઉપકાર અત્યંત છે અને તે કારણથી જન્મથી મૃત્યુ પર્યંત નિવાસસ્થાન આપવા બદલ આપણે જન્મભૂમિના રૂણી છીએ, તેથી તેના પર પ્રીતિ રાખવી એ ફરજ છે જન્મભૂમિનુ અભિમાન ન રાખનાર દેશદ્રોહી છે એ તેમનો મત હતો

તેઓશ્રીનો ઉપદેશ સમયાનુવર્તી હતો સમય અને સમાજના બદલવા સાથે તેની યોગ્યતામાં પણ ફેરફાર કરવો પડે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ આ ચાર પરિસ્થિતિઓ લક્ષમાં લઇ વર્તવા અને તે પ્રમાણે નિયમો ઘડવામાં જ ડહાપણ છે, અને સમાજનુ કલ્યાણ છે, તેમ તેઓ માનતા હતા માત્ર અંધશ્રદ્ધા કે જૂનુ તેટલુ સારુ એ માન્યતા ગેરસમજભરી છે એમ તેઓ સ્પષ્ટપણે કહેતા જડવાદ અને ચેતનવાદના ભેદ તેઓ સમજ્યા હતા, જડવાદ પ્રાચીન અર્વાચીન યુગની તુલના તેમણે કરી હતી આ સમજણને પચાવીને તારવી કાઢેલા સિદ્ધાંતોનો ઉપદેશ તેમણે પ્રજાને આપ્યો છે

તેઓશ્રી તત્ત્વજ્ઞાનનો અનુભવ કરવા પ્રયત્ન કરતા. તેઓશ્રીનુ તત્ત્વજ્ઞાન કવિત્વની છટાથી ભરેલું છે. કવિ જો તત્ત્વવિદ્ ન હોય તો મનુષ્યજીવનના અનુભવના અગમ્ય કોયડા તે કીરીતે ઊકેલી શકે? શ્રી બુદ્ધિસાગરજી આવા તત્ત્વજ્ઞાની કવિ હતા. તત્ત્વજ્ઞાનની ચર્ચામાં તેમણે કેટલાયે ગ્રંથો લખ્યા છે. તેઓશ્રીનાં તત્ત્વજ્ઞાનનાં પુસ્તકોમાં સર્વોત્તમ ગણી શકાય તેવા બે ગ્રંથો 'યોગદીપક' અને 'કર્મયોગ' છે 'યોગદીપક' જ્ઞાની માણસો માટે રચાયું છે એમ લાગે છે, કારણ કે સામાન્ય વાંચકને તે સમજી શકાય તેવું નથી તેમણે સહજ ગ્રંથોમાં સમજાવ્યુ છે કે સ્વાધિકારે દરેક મનુષ્યે પ્રવૃત્તિ કરવી જોઇએ ખોટી રીતે નિવૃત્તિના માર્ગને વળગી રહેવાથી અધઃપતન થાય છે. પ્રવૃત્તિમાં જ પ્રગતિ છે.

ઐતિહાસિક બાબતોમાં પણ તેઓશ્રી ઘણા ઊંડા ઊતર્યા છે જગતની અનેક સંસ્કૃતિઓ અને દેશના ઇતિહાસનુ તેમને જ્ઞાન હતુ. વિજાપુરના સેકડો વર્ષના ઇતિહાસનુ બારીક સંશોધન કરી અનેક ખંડેરો અને શિલાલેખો અવલોકી તેમણે 'વિજાપુર વૃત્તાંત' નામનું ગુજરાતને ઘણુ ઉપયોગી ઐતિહાસિક પુસ્તક પણ તૈયાર કર્યું છે

જીવનચરિત્રો દ્વારા પણ તેઓશ્રીએ સાહિત્યસેવા અને લોકસેવા બજાવી છે. તેમના ગુરુશ્રી મુક્તિસાગરજી અને ગુરુના ગુરુ શ્રી રવિસાગરજીનાં અદ્વિતીય ચરિત્રો રચીને તેમણે ઘણો ઉપકાર કર્યો છે તેમનામાં ચરિત્રકારના ઘણા ગુણો હતા

જૈન ધર્મમાં અનેક પ્રભાવિક પુરુષો થઇ ગયા છે અને અનેક મહાન્ ક્રાંતિવાન સંતાર્યો થયાં છે. શ્રી બુદ્ધિસાગરજીની ભવ્ય મૂર્તિ એમના આત્મસ્વરૂપ જેવી ભવ્ય હતી. પૂજ્યશ્રી બુદ્ધિસાગરજી જેવા એક મહાન્ સદ્ગુરુના જીવનમાંથી એકાદ અંશ કે અંશનો અંશ મેળવી આપણે કૃતાર્થ થઇએ એવી મારી આપ સૌને વિનતી છે એ ભવ્ય મૂર્તિને મારી લાખો વંદના હજો !

સેવા વ્રત

(નંદિષેણની કથા)

ભગવાનભાઈ પ્રાગજી સંઘવી

સંસારમાં સાચો પારસમણિ સેવા (વૈયાવચ્ચ) છે. સેવાથી માનવી જીવનપલટો કરી શકે છે. શ્રી નંદિષેણ જેવો નમાલો, બેડોળ અને દુઃખી માનવી એ સેવા વ્રત-વૈયાવચ્ચથી આત્માનું પરમ કલ્યાણ કેવી રીતે કરી ગયો એ ઉપર આ કથા છે.

"सेवाधर्मः परमगहनो, योगिनामप्यगम्यः"

સેવાધર્મનો અર્થ કેટલો વ્યાપક છે, જે યોગિઓને પણ અજાણ્યો એવો સેવાધર્મ પરમ મહન છે.

નંદી ગામમાં સોમિલ નામના બ્રાહ્મણની ભાર્યા સોમીલાથી નંદિષેણનો જન્મ થયો હતો. તે કુરૂપ હતો અને તેના માતાપિતા બાળપણમાં જ મરણ પામ્યા હતા. સગાસંબંધીઓએ તેને કેટલોક સમય પાળ્યા પછી તે તેના મામાને ઘેર જઈ રહ્યો હતો. ત્યાં તે ચારો લાવવાનું તથા ગોવાળ (ગાય-ભેંસો ચારવાનું)નું કામ કરતો હતો તેના વિનયગુણથી ખુશી થઈને તેના મામાએ પોતાની સાત પુત્રીઓમાંથી એક પુત્રી સાથે તેનું લગ્ન કરવાનું કહ્યું પણ તે સાતે કન્યાઓએ નંદિષેણ સાથે પાણિગ્રહણ કરવા કરતાં મૃત્યુ પામવું એ વધારે યોગ્ય ગણી પિતાને સાતે પુત્રીઓએ સંભળાવી દીધું કે ગામમાં કૂવા-હવાડાનો કાંઈ તોટો નથી, થોડા કૂવા-હવાડા અમારી લાશોને લઈને ગોઝારા બનશે તોયે લોકો કંઈ પાણી વિના તરસ્યા નહિં મરી જાય. અમે આવા બાહુક જેવા એ નંદિષેણને પરણીએ એ કરતા મૃત્યુ અમને સોદરજ્જે મીઠું લાગે છે.

આવો વિચિત્ર જવાબ એ નંદિષેણને મળતાં તેને પોતાના જીવન પરથી બધો ઉમંગ ઊડી ગયો અને સંસાર ખારો-ઝેર લાગવા માંડયો. છેવટે વિચાર કરી રાત પડી એટલે તે મામાના ઘરનો ત્યાગ કરી છાનો-માનો ચાલી નીકળ્યો.

ઘોર જંગલમાં ઘોર અંધારી રાત્રીએ સર્વત્ર ભયંકરતા વિસ્તરી રહેલી જણાતી હતી. એ સમયે એક મુનિરાજ ધ્યાનાવસ્થામાં ત્યાં એક જગ્યાએ લીન થયેલા હતા, પાપના પુંજને ધોવા પવિત્ર પંચ-પરમેષ્ઠીની આરાધનામાં તેઓ મગ્ન હતા એટલામાં એમના કાને કોઈ માનવ પગલાનો ધીમો સંચાર જણાયો અને તેઓના મનમાં પ્રશ્ન ઉઠ્યો કે કોણ હશે? આવી કાળ રાત્રીએ, કોઈ ચોર હશે, કે પછી સમસ્ત સંસાર સૂવે ત્યારે જાગતો કોઈ સાધુ!

વધારે વખત વિચાર કર્યા વિના તેઓએ જે દિશામાંથી અવાજ આવતો હતો તે તરફ નજર કરી ત્યાં એક માણસ ગળે દોરડું બાંધી આપઘાત કરવાનો પ્રયત્ન કરતો જણાયો.

મુનિ તે માણસ તરફ દોડ્યા અને ત્યાં જઈને એમણે પેલા દોરડાના ગાળીયાને છોડી નાંખ્યો અને આપઘાત કરીને જીવનનો અંત લાવવા ઇચ્છતા એ માણસને મુનિરાજે પૂછવા માંડયું: 'કેમ ભાઈ! જીવનનો અંત લાવવાનો આવો વિઘાતક પ્રયાસ કરવાની તને કેમ જરૂર પડી?'

'મહારાજ મને મરવા દો, મૃત્યુ વિના મારે માટે બીજો કોઈ રસ્તો નથી.'

'અરે ભલા માણસ! આ મનુષ્યભવ ફરી ફરીને મળતો નથી. મનુષ્ય અવતાર એ તો સર્વોત્તમ સૌભાગ્ય છે. એને આમ અકારણ વેડફી નાંખવું એ તો એક પ્રકારની કાયરતા છે.'

'પણ મહારાજ આપે મારી વિતક કથા સાંભળી નથી. જો સાંભળશો તો આપને પણ ખાતરી થશે કે મારા માટે મરણ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.' એમ કહી આપવીતી જણાવી.

મુનિએ રહેજ સ્મિત કર્યું. ભાઈ, હવે તને જીવનની સાચી દીક્ષા આપવી એ મારો ધર્મ છે. તારી વિતક કથા મે સાંભળી.

'યાદ રાખવા જેવી તને એક વાત કહું છું કે દુઃખ અને સુખ એ તો આપણા મનથી કલ્પી

કાઢેની વસ્તુ છે. જીવન જ્યારે દિશાશૂન્ય બને છે ત્યારે આપણે અકળાઇ જઇએ છીએ અને ન કરવાનું કરી બેસીએ છીએ પણ ભાઇ! એવું તો આ સંસારમાં ચલ્યા જ કરે છે, એથી કાંઇ નાસીપાસ થવાની જરૂર નથી

'ભવ્યાત્મા! તારે માટે તો મહાન્ વિકલ્પ છે તારે જરાયે એથી આશ્ચર્ય પામવાનું નથી તારો ભૂતકાળ તારે માટે ઇષ્ટાપત્તિરૂપ છે, તારા દુઃખનું કારણ તારા માટે મુક્તિનું અમોઘ સાધન છે'

'મહારાજ! મને આપનું કહેવું સમજાયું નહિ'

'સાંભળ, તને અનુભવ થયો કે બેડોળ કદરૂપા, આળસુ, રોગિષ્ટ માનવોને સમાજ તિરસ્કારે છે, અને એવાને હડધૂત કરે છે, એ વેળાયે એના અંતરમાં કેવો ગજબનો ઉત્પાત મચે છે, અને એમને દિલમાં કેટલી અપાર વ્યથા થાય છે? તેમજ એઓના દિલમાં દુઃખનો કેવો દાવાનળ પ્રગટે છે?

'એવાની સેવા કરનાર માણસ જ સાચો શ્રમણ અવશ્ય બને છે તેમજ અંતે મુક્તિનો અધિકારી પણ તે બને છે'

'પણ મહારાજ એટલેથી મુક્તિ કેમ મળે?'

'આપણે ધારીએ છીએ એટલું વૈયાવચ્ચનું વ્રત સહેલું નથી આજારના મળમૂત્ર સાફ કરવા, લોહી પરુની બદબો સહન કરીને શરીર પરના ઝખમો ધોવા અને તેને શુદ્ધ ઔષધી વાટી-પિસીને લગાડવી અને પાટાપિંડ કરવા છતાયે એમના પ્રત્યે જરા પણ ઘૃણા ઉપજવી જોઇએ નહિ-તિરસ્કાર થવો ન જોઇએ એ કામ કાંઇ નાનુસૂનુ નથી એટલા માટે તો વૈયાવચ્ચ ગુણને અપ્રતિપાતી કહ્યો છે'

બસ એ જ ક્ષણે શ્રી નંદિષેણે દીક્ષા અંગીકાર કરી અને એણે તો શાસ્ત્રો અને યમ-નિયમોના અભ્યાસ કરતાંયે, વૈયાવચ્ચ-માંદાઓની માવજત-સુશ્રૂષાને મહત્વનું ધર્મકાર્ય મણ્યું પછી એણે એવું વ્રત અંગીકાર કર્યું કે જીવનમાં મારે વધુમાં વધુ (જેટલા વધુની બને તેટલી) માંદા સાધુઓની સેવા કરવી છેવટે દરરોજ એક મુનિની વૈયાવચ્ચ તો મારે અવશ્ય કરવી જ અને વૈયાવચ્ચ વિનાના દિવસે મારે અનાજનો કણ સંગ્રહીને મોમાં મૂકવો નહિ પછી તો લોકોનેય નંદિષેણના આ સેવા વ્રતની ખબર પડી જેથી કોઇ દુઃખી રોગીષ્ટ સાધુ મળે તો માનવી જે લોકની નજરે ચડે તે તેને કહે કે પેલા નંદિષેણ પાસે જાવ, એ તમારી સેવા સારી રીતે કરશે

કોઇ પણ રોગીષ્ટ-દર્દથી પીડાતા માનવી (સાધુ અથવા સંસારી) નંદિષેણ પાસે આવે તો તેઓ આવનારનું વિનયપૂર્વક સ્વાગત (યથાશક્તિ) કરતા અને તેની સેવા-સુશ્રૂષા કરીને તેઓને શાન્તિ પમાડતા અને પોતાની જાતને કૃતાર્થ માનતા

એક દહાડો ઉનાળાનો ધોમ ધખ્યો હતો ચારે બાજુ કાળી લૂ વરસી રહી હતી ધરતી સૂરજના પ્રચંડ તાપથી ધખી રહી હતી અને પશુ-પક્ષીઓ ઝાડને છાયે વિસામો લઈ રહ્યા હતા અને શ્રમજીવીઓ જરા પોતાના ઝૂંપડામાં એ ખરા મધ્યાહ્ન ટાણે પોતાની કાયાને આરામ આપવા જમીન ઉપર જરા આડે પડખે પડ્યા હતા એવે સમયે શ્રી નંદિષેણ ગામમાંથી ગોચરી લઇને ઉપાશ્રયે આવ્યા શરીર તો પસીનાથી રેબઝેબ થઇ ગયું છે સ્વેજ પવનની લહરી આવવા લાગી જેથી જરા વિશ્રાંતિ લઇને (છઠ્ઠનું પારણું કરવા) સંઝતો આહાર લાવેલા તે પાત્રામાં ખોલીને બેઠા અને એ આહારમાંથી પ્રથમ કોળિયો લઇને જ્યાં મોઢામાં મૂકવા જાય છે ત્યાં એક માણસ સામે આવીને ઊભો રહ્યો અને તેણે રોષયુક્ત અવાજે કહ્યું

'અરે કયા મરી ગયો પેલો સાધુ! મેવાનો ઇજારો લઇ બેઠેલો તે નંદિષેણ પાતો તો બહુ મોટી મોટી કરે છે પણ "મજ ભરીને તક્કએ વેતરતો નથી" કરવાનું છે એ તો કરતો નથી પેલા માંદા દુઃખી અશક્ત સાધુ બિચારા કેટલા વખતથી હેરાન થાય છે, તેની તો કદીયે ખબર લેતો નથી! કયા મરી ગયો છે એ દુષ્ટ?'

આવું સાંભળી ગુરુજ શાંતિથી એ કોળિયો પાત્રમાં પાછો મૂકીને એ આવનાર વ્યક્તિ સામે નમ્રભાવે હાથ જોડીને તે બોલ્યા અને કહે છે, મહાનુભાવ, હું એ જ નંદિષેણ, હું હિંદુભાગી

આપની ક્ષમા માગું છું. મારું દુર્ભાગ્ય કે કોણ માંદું છે અને આટલુ તે દુઃખી થઇ રહ્યુ છે તે હું જાણી ન શક્યો. ક્ષમા કરો. હું જ દોષિત છું, પણ કૃપા કરી કહો કે કોણ માંદું છે. હું જલદી તેઓની પાસે આવું અને ભૂલની ક્ષમા માગી યથાશક્તિ સેવા કરું.'

'અરે ભલા આદમી આવી તે બેદરકારી ચાલે? ગામ બહાર એક વૃદ્ધ સાધુ અતિસારની વેદના ભોગવી રહ્યા છે, અને તેને શરીરે રક્તપિતનો વ્યાધિ છે તેથી આવા ગરમીના દિવસોમાં એઓનો જીવ બહુ જ ગભરાય છે, અને ઘણી જ અશાતા અનુભવી રહ્યા છે તેની હજુ સુધી તને લેશ પણ ખબર પણ નથી, ચાલ હવે જલદી કર.'

'નંદિષેણ પેલા માણસની સાથે ચાલવા લાગ્યો તેઓ બે કગલા જ ચાલ્યા હશે એટલામાં તો પેલી વ્યક્તિએ નંદિષેણને કહ્યું; 'તું ખરેખર અક્કલ વિનાનો લાગે છે.'

'કેમ?'

'સાધુ મહારાજને અતિસાર થાય છે એટલે. ઉપરાઉપરી ઝાડા થયા જ કરે છે એ કારણે એનુ શરીર બધુ વિષ્ટાથી ખરડાઇ ગયેલું છે તે સાફ કરવા પાણી જોઇએ, તો તે પ્રાસુક પાણીનો કાંઇ પ્રબંધ કર્યો નથી. અને થોડુ ઘણું સાથે લેવું જોઇએ તે પણ તે લીધુ નથી, તો તું તેને શેનાથી સાફ કરીશ!'

'ઓહ! એ વાત તો હુ સાવ ભૂલી જ ગયો. ખેર જે ભૂલ થવાની મારે નસીબે લખી હોય તે કેમ મટે? હવે એવી ભૂલ નહિ કરુ. આપ જાવ મહારાજ એકલા હશે, હુ હમણા જ જઇને પાણી લઇ આવું છુ. નંદિષેણ એવા બળતે બપોરે ભૂખ્યો ને તરસ્યો ગામમાં પાણી લેવા માટે ચારે બાજુ ફરી વળ્યો છે પણ બબ્બે કલાક રઝળવા છતાં (પગે તો ફોલ્લા પડી ગયા) પણ તેને પ્રાસુક પાણીનો જોગ ન થયો. પોતે તે સેવાના કામમા થતાં વિલંબ માટે વિહ્વળ બની ગયા, દિલમાં તો બસ એક જ ભાવના હતી કે મને જો જલદી પાણી મળી જાય તો જલદી એ દર્દથી દુઃખી થતા મુનિરાજની સેવામાં હાજર થઇ જાઉં. આ તો છેલ્લી જ કસોટી જાણે ન થઇ રહી હોય એ રીતે ખૂબ ખૂબ રઝળ્યા, હેરાન-પરેશાન થઇ ગયા બે ઉપવાસનું પારણુ કરવા બેઠા હતા ત્યાં આ ફરજ આવી પડી. ત્રણ ત્રણ ઉપવાસી, કાળી લાય ઝરતો વૈશાખ મહિનાના બળતા બપોરનો તાપ વિગેરે અમલ દુઃખનો સામનો કરતો એ પવિત્ર આત્મા તો ભાવાવેશમાં ચડી ગયો અને એક શ્રાવકના ઘેરથી પ્રાસુક જળના બે ઘડા ભરી બે હાથમાં લઇને એ તો જલદી દોડ્યા અને એ પાણી લઇને સાધુ પાસે આવી પહોંચ્યા.

"પેલી બોલાવવા આવેલ વ્યક્તિ ત્યાં નહોતી પેલા સાધુ તો ક્રોધથી ધમધમી રહ્યા હતા. નંદિષેણ તેઓની પાસે આવતાં જ તે તાડૂકીને બોલી ઉઠ્યા. 'કોણ નંદિષેણ તું જ.'

'જી, હા મહારાજ, હું જ એ આપનો ચરણ-કિંકર નંદિષેણ.'

'દુષ્ટ! તે સેવાને નામે ઠીક ઢોંગ મચાવ્યો છે, બડો ભગ ભગત લાગે છે. તું તો સેવાને નામે દુનિયાને બનાવા નિકળ્યો લાગે છે; તારા ધતિંગ બધા મેં આજે જોઇ લીધા.'

'ક્ષમાશ્રમણ! મહારાજ ક્ષેમા કરો. મને પાણી લઇને આવતા વિલંબ થઇ ગયો મહારાજ! હુ કમ-નસીબ એટલો કે મને જલદી પ્રાસુક પાણી ન મળ્યુ'

'એવી વાહિયાત વાતો કરીને મને બનાવ નહિં. આઠ-આઠ કલાકથી હું અહિં હેરાન થાઉ છું. તને ખબર હોવા છતાં પણ આવ્યો નહિં અને હવે તને બોલાવતાં તું અહીં આવ્યો ત્યારે ખોટાં બહાના કાઢે છે! હવે તો મારો જીવ જાય છે. શુ કહું તને' તને કયા મારી જેવા દુઃખી આત્માની કોઇ પડી છે? લે હવે જલદી કર મારું શરીર તથા આ લોહી પરુ સાફ કર મને બહુ જ વેદના થાય છે.'

'કૃપાળુ' હું હવે ઘડીનો પણ વિલંબ કર્યા વિના આપના શરીર તથા આત્માની શાન્તિ માટે મારાથી જે બનશે તે કરીશ.'

'શું! મારાથી બનશે તે એટલે તું શું કહેવા માગે છે? શું મારું દુઃખ નિવારવા તું અશક્ત છો, તને મારું શરીર જોઇને ઘૃણા ઉપજે છે?'

'નહિ મહારાજ ! મને તો આપની સેવાનો અપૂર્વ મોટો લાભ મળ્યો એમાં મારું સદ્ભાગ્ય સમજું છું '

'ઠીક છે ત્યારે હવે ઢીલ ના કર. તું તો વાતો કરે છે અને મારો તો જીવ જાય છે ' નંદિષેણે સાધુનું શરીર ઝાડા-પેશાબથી ખરડાયેલું દુર્ગંધ મારતું આનંદપૂર્વક સાફ કર્યું તેમજ શરીર ઉપરના વસ્ત્રો કે જેમાંથી સોઢી-પરુ વહી રહ્યાં હતાં તે જયત્નપૂર્વક વિવેક જાળવીને સાફ કર્યાં અને તે ઉપર પોતાનું પહેરેલું કપડું હતું તેમાંથી ફાડીને પાટાપિંડ કર્યાં પછી નંદિષેણે મુનિમહારાજને કહ્યું, ગુરુજી ! મારી એક નમ્ર અરજ છે '

'શી ?'

કૃપા કરી આપ મારી સાથે ઉપાશ્રયમાં પધારો ત્યાં હું આપની દરેક પ્રકારની સેવા-સુશ્રૂષા કરીશ અને જેમ શાતા રહેશે તેમ રાખીશ '

'તું તો કોઈ ગમાર જેવો લાગે છે જોતો નથી કે હું એક કમળુ પણ ચાલી શકું એમ નથી.' એમ કહીને એ સાધુ તો સૂઈ ગયા અને ઘૂમો પાડવા લાગ્યા 'ઓ ભગવાન ! મને આ દુઃખમાંથી મુક્ત કરો, મને આ લુચ્ચો દુષ્ટ, પાપી હજુ પણ દુઃખ આપવા માગે છે'

'મહારાજ ! મારાથી કાંઈ પણ સામાન્ય અથવા વિશેષ પ્રકારે ભૂલ થઈ હોય તો તે માટે હું મિચ્છામિ દુક્કડં માગું છું આપની વૈયાવચ્ચ હજુ સુધી હું નિર્ભાગી કાંઈ કરી શક્યો નથી એ બાબતનું આપને દુઃખ થાય તે સ્વાભાવિક જ છે પણ મહારાજ ! મારી વિનંતી છે કે-આપ મારી પીઠ ઉપર બેસો હું આપને જરા ય તકલીફ નહિ પડે એ રીતે ઉપાશ્રયે લઈ જઈશ.'

'હં, તો તો મને વાંધો નથી ધીમેથી ઉપાડજે હો ?' નંદિષેણે મુનિને આસનેથી પોતાની પીઠ ઉપર ઉચકી લીધા અને તે ઉપાશ્રય તરફ જવા માટે આવ્યો તેના મનમાં તો આજે આનંદનો અપૂર્વ ઉછળી રહ્યો છે આવો સેવાનો લહાવ એ પોતાના જીવનનું સાફલ્ય માનતો તે ચાલ્યો જાય છે ત્યાં રસ્તામાં એક નાનો ખાડો આવ્યો તેમાં તેનો પગ રહેજ લપસ્યો જેથી પીઠ ઉપર બેઠેલા એ સાધુના શરીરને રહેજ આંચકો લાગ્યો

'અરે દુષ્ટ જરા સંભાળીને ચાલ તું શું મારી સેવા કરવાને માટે મને લઈ જાય છે કે મને રસ્તામાં જ મારી નાખવો છે ? આવી રીતે તે સેવા થતી હશે ? મને તો આમાં તારો કોઈ દુષ્ટ હેતુ લાગે છે '

'મહારાજ, ક્ષમા કરો. હવે એમ નહિં બને રહેજ ખાડામાં પગ મુકાઈ ગયો તેથી આપને દુઃખી થવું પડ્યું છે પ્રભુ ! મારી ભૂલને માટે મને ક્ષમા કરો ' આમ નંદિષેણ કહે છે ત્યાં તો પીઠ ઉપર બેઠેલા મુનિએ ઝાડો કર્યો એ વિષ્ટાથી નંદિષેણનું આખું શરીર ખરડાઈ ગયું એવી ભયંકર દુર્ગંધ (માથું ફાડી નાખે એવી) પ્રસરી રહી પણ નંદિષેણે એ પ્રત્યે જરાયે લક્ષ ન આપતાં એ મુનિમહારાજ પ્રત્યે દિલમાં વધુ ભાવના પ્રગટી અને તેના એ દાંત માટે દિલમાં દુઃખી થતો આવ્યો જાય છે

પણ એટલામાં તો એક ચમત્કાર થયો જણાયો નંદિષેણને પોતાની પીઠ ઉપરનો ભાર એકદમ હળવો થઈ ગયો જણાયો જેથી તેણે પોતાની પીઠ પર હાથ ફેરવ્યો તો મુનિરાજ અલોપ થઈ ગયા હતા. અરે ! આ શું ? આવો પ્રશ્ન તેના દિલમાંથી ઊઠ્યો થયો ત્યાં તો તેની સામે જ એ સાધુ દેવસ્વરૂપે પ્રગટ થયા અને બે હાથ જોડીને નંદિષેણને નમન કરતા કહે છે ધન્ય છે નંદિષેણ ! તારી સેવારુચિ અને તારું તપ કે જે હજારો વર્ષોના અનશન કરતાં પણ અધિક છે ' માગ, તું માગે તે આપું '

'નંદિષેણ કહે છે મહારાજ, મારું શેષ રહેલું આયુષ્ય હું મારા એ વૈયાવચ્ચના કાર્યમાં જ નિર્વિઘ્ને પૂરું કરું અને આગામી ભવે હું 'શ્રીવાસુદેવ' થાઉં.

દેવ તથાસ્તુ કહીને અંતર્ધાન થઈ ગયા

નંદિષેણે ૧૨૦૦૦ વર્ષ તપસ્યા કરીને કાળધર્મ પામી મહાશુક્ર દેવલોકમાં દેવ થયા, વાસુદેવ થયા તે ભવમાં તેને ઓગણીસ હજાર સ્ત્રીઓ થઈ

શ્રી નંદિષેણે આત્મશક્તિરૂપ આત્મબળ થી સેવા ધર્મ-વૈયાવચ્ચનો માર્ગ મજબૂત કરી અનિર્વચનીય સુખ પ્રાપ્ત કર્યું એવી ધર્મશક્તિ સેવા વૃત્તિ હૈયાના દિલમાં જાગે.

શ્રી આત્માનંદ પ્રકાશ

(પુસ્તક ત્રેપનમું)

(સં. ૨૦૧૧ ના શ્રાવણ માસથી સં. ૨૦૧૨ ના અષાડ માસ સુધીની)

વાર્ષિક વિષયાનુક્રમણિકા.

૧. પદ્ય વિભાગ.

નંબર	વિષય	લેખક	પૃષ્ઠ
૧	શ્રી પર્યુષણ પર્વ	(મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ)	૧
૨	સ્વ૦ શ્રી વલ્લભદાસ ગાંધીને અંજલિ	(અમરચંદ માવજી શાહ)	૨૦
૩	વલ્લભવિરહ કાવ્ય	(કવિ દુર્લભજી ગુલાબચંદ મહેતા)	૨૪
૪	નિજાત્માનું સામર્થ્ય	(પાદરાકર)	૨૫
૫	શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન	(અમરચંદ માવજી શાહ)	૩૭
૬	યોગી અને યોગ	(પાદરાકર)	૪૯
૭	શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ સ્તવન	(શ્રી રજનીકાંત બાલચંદ)	૫૦, ૬૪
૮	લઘુતાનું ભાન	(પાદરાકર)	૬૫
૯	જાગો જોગી	(પાદરાકર)	૮૧
૧૦	સંતોની રાત્રિ	(શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર ")	૮૨
૧૧	ચમકિત સ્વરૂપની યાચના	(પાદરાકર)	૯૭
૧૨	અંતરાત્મ હોરીખેલન	(પાદરાકર)	૧૧૩
૧૩	જન્મદિનની શુભેચ્છા	(અમરચંદ માવજી શાહ)	૧૧૬
૧૪	નિજાત્મ હસલને	(પાદરાકર)	૧૨૯
૧૫	શ્રી વિમલ જિન સ્તવન	(પાદરાકર)	૧૬૧
૧૬	કાગળનાં ફૂલ	(શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર ")	૧૭૬

૨. ગદ્ય વિભાગ.

૧	નૂતન વર્ષમાં પ્રવેશ પ્રસંગે	(શ્રી હરિલાલ દેવચંદ શેઠ)	૨
૨	આત્મમ્રકૃત શ્રી આનંદઘનજીની અમર સ્તવાણી	(પ્રો. જયંતિલાલ ભાઈશંકર)	૧૩
૩	સ્નેહી શ્રી વલ્લભદાસભાઈ	(શ્રી કુંવરચંદ ઝવેરભાઈ)	૧૭
૪	સાહિત્યોપાસક શ્રી વલ્લભદાસભાઈ	(શ્રી હરિલાલ દેવચંદ શેઠ)	૨૧
૫	શ્રી વલ્લભદાસભાઈ અને ગુરુકુલનું ઘડતર	(શ્રી કુંવરચંદ હરિચંદ દોશી)	૨૫
૬	' શ્રેયાંસ ' વિષે વિચારણા	(શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા)	૩૪
૭	અનાથી મુનિ !	(બાપુલાલ કાળિદાસ સંઘાણી)	૩૮
૮	આધુનિક યુગમાં અહિંસાનું તાત્પર્ય	(શ્રી જમનાદાસ ગો. શાહ)	
૯	અભેદ પ્રેમ	(અમરચંદ માવજી શાહ)	

નંબર	વિષય	લેખક	પૃષ્ઠ
૧૦	સત્ય સુખનો ઉપાય	(મુનિશ્રી મહાપ્રભવિજયજી)	૪૭
૧૧	જૈન શાસનમાં ભાગવતી દીક્ષાનું સ્થાન	(આ શ્રી વિજયજંબૂસૂરિજી મહારાજ)	૫૧
૧૨	દીપોત્સવીનું પર્વ	(શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર")	૫૪
૧૩	કૌશાંબીની રાણી મૃગાવતી	(શ્રી મોહનલાલ દી. ચોકસી)	૫૬, ૮૫, ૧૧૯
૧૪	શાન્તિ	(અમરચંદ માવજી શાહ)	૫૯
૧૫	તીર્થંકરોનાં લાંછન	(શ્રી હીરાલાલ ર. કાપડિયા)	૬૭
૧૬	સમ્યક્ ચરિત્ર એટલે સ્વરૂપરમણતા	(શ્રી વલ્લભદાસ નેણશીભાઇ)	૭૨
૧૭	પ્રાચીન ફાગુ સંગ્રહ (સમાલોચના)	(શિ. ગુ. જૈસલપુરા)	૭૫
૧૮	જે વીતરાગ છે તેમના નામસ્મરણથી લાભ કેમ સંભવે?	(હરિલાલ ડી. શાહ)	૭૭
૧૯	નરિષેણ મુનિ	(મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ)	૮૩
૨૦	સમતા	(અમરચંદ માવજી શાહ)	૮૮
૨૧	પાલનપુર અને પહ્લવિહાર ક્યારે અને કોણે સ્થાપ્યા?	(વૈદ્ય વિશ્વબંધુ)	૬૧, ૧૦૫
૨૨	શ્રી નવપદજીનું પ્રાચીન ચૈત્યવંદન-સાર્થ	(પં. શ્રી રામવિજયજી ગણિ)	૬૪
૨૩	આનંદપ્રાપ્તિનાં માર્ગો	(અનુ૦ શ્રી વિઠ્ઠલદાસ મૂ. શાહ)	૬૫, ૧૧૦
૨૪	'મેચક' તે શું?	(શ્રી હીરાલાલ ર. કાપડિયા)	૬૮
૨૫	...તો જૈન સંસ્કૃતિનો સુંદર પ્રચાર થાય	(હરિલાલ દેવચંદ શેઠ)	૧૦૦
૨૬	વિશ્વાસ રાખો	(અમરચંદ માવજી શાહ)	૧૦૭
૨૭	જૈન મુનિવરો અને અજૈન ચિત્ર-કવિઓ	(શ્રી હીરાલાલ ર. કાપડિયા)	૧૧૪
૨૮	નમિરાજર્ષિ	(મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી)	૧૧૭
૨૯	જીવન અને આનંદ	(શ્રી બચુભાઇ વાડીલાલ શાહ)	૧૨૩
૩૦	જીવન-સૌન્દર્ય	(અનુ૦ વિઠ્ઠલદાસ મૂ. શાહ)	૧૨૪, ૧૭૪
૩૧	ઇતિહાસ ચૈત્યનો એક પ્રસંગ	(શ્રી મોહનલાલ દી. ચોકસી)	૧૩૦
૩૨	જીવનની દીવાદાંડી	(શ્રી પ્રાણજીવનદાસ હરગોવીંદદાસ માંકી)	૧૩૩
૩૩	ભગવાન મહાવીરનો દીક્ષા મહોત્સવ	(શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર")	૧૩૬
૩૪	અંધ હસ્તિ-ન્યાયનું જૈન-બૌદ્ધદૃષ્ટિએ નિરૂપણ	(જયંતિલાલ ભાઇશંકર દવે)	૧૪૦
૩૫	શ્રી વીરની સાથે થોડી કડવી-મીઠી	(ન. બ. કપાસી)	૧૪૨
૩૬	જગતવત્સલ ભગવાન મહાવીર	(શ્રી ફુલચંદ હરિચંદ "મહુવાકર")	૧૪૫
૩૭	'નયચક્ર' ની નવી હસ્તપ્રત: શ્રુતભક્તિનો અપૂર્વ નમૂનો	(રતિલાલ દીપચંદ દેસાઇ)	૧૪૩
૩૮	સમાનતાવાદ	(મુનિ દર્શનવિજય)	૧૫૧
૩૯	"નિંદા કરનાર" નું પણ સન્માન કરો	(ભગવાનભાઇ પ્રાગજી સંઘવી)	૧૫૪
૪૦	કામવાસનાનો દારુણ અંજામ	(મુનિશ્રી મહાપ્રભવિજયજી)	૧૬૨
૪૧	નવનિધાન નવ રત્નનો	(શ્રી હીરાલાલ ર. કાપડીયા)	૧૬૫

નંબર	વિષય	લેખક	પૃષ્ઠ
૪૨	સમાજ સ્વપ્નની આગાહી	(શ્રી પ્રાણજીવન હ. ગાંધી)	૧૬૭
૪૩	જીવન	(અમરચંદ માવજી શાહ)	૧૭૧
૪૪	ધર્મવીર કુમારપાળ	(કાંતિલાલ જ. દોશી)	૧૭૬
૪૫	સેવાવ્રત	(ભવાનભાઇ પ્રાગજી સંઘવી)	૧૯૦

૩ પ્રકીર્ણ

૧	વલ્લભદાસભાઇ સેવા-સન્માન ફંડ	૨૬
૨	સંસ્થાઓનો શોક-સૂર	૨૮
૩	અખબારોની અંજલિ	૩૦
૪	શુભેચ્છકોની સહૃદયતા	૩૨
૫	વર્તમાન સમાચાર	૬૨, માગશર ટા. પે. ૨, ૯૬, મહા ટા. પે. ૩ ફાગણ ટા. પે. ૩
૬	સ્વીકાર-સમાલોચના	૬૨, માગશર ટા. પે ૩, પોષ ટા. પે. ૩, ૧૨૬, ૧૬૦, ૧૯૨
૭	આનંદજનક સમાચાર	ફાગણ
૮	જ્ઞાની અને અજ્ઞાની	પોષ ટા. પે ૪
૯	નિર્ગ્રંથ બનો, ઊઠો અને મુક્ત થાઓ	ફાગણ ટા. પે ૪
૧૦	લઘુ અને ગુરુ	ચૈત્ર-વૈશાખ ટા. પે ૪
૧૧	ઉદ્દાત સરકાર પ્રેમી શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી	૧૮૭
૧૨	ઉમરને ભૂલી જાવ	જ્યેષ્ઠ-અષાડ ટા. પે ૪

પુસ્તકોની પહોંચ

૧ વંદન પ્રતિક્રમણ અવચૂરિ (પ્રતાકાર) પૃષ્ઠ ૬૦ આશરે, મૂલ્ય રૂા. દોઢ ૨. શ્રી દશવૈકાલિક સૂત્ર, (વૃત્તિ સહિત, પ્રતાકાર) પૃષ્ઠ ૨૫૦ આશરે, મૂલ્ય રૂા. ત્રણ. ૩. અલ્પપરિચિત સૈદ્ધાન્તિક શબ્દકોષ (પ્રથમવિભાગ, સ્વરમાત્ર) (પુસ્તકાકાર) પૃષ્ઠ ૨૫૦ આશરે, મૂલ્ય રૂપિયા છ.

ઉપરના ત્રણે પુસ્તકો શેઠ દેવચંદ લાલભાઇ જૈનપુસ્તકોદ્ધાર ફંડમાંથી પ્રગટ થયા છે અને તેમના ટ્રસ્ટી મંડળ તરફથી સભાને ભેટ તરીકે મળ્યા છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

૪ શ્રી અમૃત ગહુંલી સમ્રહ, આશરે પૃષ્ઠ ૧૦૦, મૂલ્ય બાર આના, સંપા. મુનિરાજશ્રી જિનેન્દ્રવિજયજી. ૫. શ્રી લેખામૃત સમ્રહ ભાગ પાંચમો, આશરે પૃષ્ઠ ૧૨૦, મૂલ્ય બાર આના. ૬ શ્રી લેખામૃત સંમ્રહ ભાગ છઠ્ઠો, આશરે પૃષ્ઠ ૧૫૦, મૂલ્ય બાર આના.

ઉપરના ત્રણે પુસ્તકો શ્રી હર્ષામૃત જૈન ગ્રંથમાળા-લાખાબાવળ (સૌરાષ્ટ્ર) તરફથી ભેટ મળ્યા છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

૭ નિર્ગ્રંથ પ્રભુ ભગવાન મહાવીર-લેખક જયભિક્ષુ. પ્રકાશક-શ્રી ગૂર્જરગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૩૦૦, મૂલ્ય ચાર રૂપિયા

ઉપરના બધા પુસ્તકોનો "રિવ્યુ" કાર્તિક માસના અંકમાં વિસ્તારથી લેવામાં આવશે

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

૫૯ મા વર્ષનો રિપોર્ટ

[સં. ૨૦૧૧ ના કાર્તિક શુદિ ૧ થી આસો વદિ ૦)) સુધી]

પ્રાતઃસ્મરણીય આચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગવાસ પછી, માત્ર પચીસમા મંગળ દિવસે, એટલે વિ. સં. ૧૯૫૨ ના દ્વિતીય જેઠ શુદિ બીજના રોજ, પૂજ્યપાદ ગુરુદેવના પુનીત નામાભિધાનથી ગુરુભક્તિ નિમિત્તે આ સભાની સ્થાપના કરવામાં આવી, જે ગુરુદેવની પરમકૃપાથી દિવસાનુદિવસ પોતાનો વિકાસ સાધતી યશસ્વી જીવનયાત્રાનું ૫૯ મું વર્ષ સમાપ્ત કરી ૬૦ મા વરસમાં પ્રવેશ કરે છે. કોઇ પણ સંસ્થાનું આટલું લાંબુ આયુષ્ય એ તેના ગૌરવનો પ્રસંગ છે. અમો પણ આ પ્રસંગે અમારો હર્ષ વ્યક્ત કરી ૬૦ મા વરસની કાર્યવાહી અને હિસાબ આપની સમક્ષ રજૂ કરવા રજા લઇએ છીએ.

ઉદ્દેશ—જૈનશાસ્ત્રો અને સાહિત્યનો ફેલાવો, જૈન તેમજ જૈનેતરોમાં, ભારત તેમજ પરદેશમાં થાય તથા સમાજમાં જ્ઞાન તથા ધાર્મિક અને વ્યાવહારિક કેળવણી વધે તે આ સંસ્થાનો ઉદ્દેશ છે અને આ ઉદ્દેશ સફળ કરવા તેને લગતી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવી તે આ સંસ્થાનું કાર્યક્ષેત્ર છે.

સભ્યોના પ્રકારો—

એકવીશ વર્ષની ઉંમર પૂરી કરી હોય તેવી કોઇ પણ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વ્યક્તિ (પુરુષ અથવા સ્ત્રી) અથવા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, સંસ્થા કે જ્ઞાનભંડાર નીચે મુજબ આ સંસ્થાના સભ્ય થઇ શકશે.

(૧) આ સંસ્થાને એકી સાથે રૂ. ૫૦૧) કે તેથી વધારે રકમ આપનાર આ સંસ્થાના આશ્રયદાતા (Patron) ગણાશે.

નોંધ—સંઘ, સંસ્થા કે જ્ઞાનભંડાર આશ્રયદાતા થઇ શકશે નહી

(૨) આ સંસ્થાને એકી સાથે રૂ. ૧૦૧) થી ૫૦૦) સુધીની રકમ આપનાર આ સંસ્થાના **આજીવન સભ્ય (Life member)** ગણાશે.

નોંધ:—કોઇ પણ સંઘ આજીવન સભ્ય થઇ શકશે નહીં જ્યારે જ્ઞાનભંડારને કે સંસ્થાને વ્યવસ્થાપક સમિતિની મંજૂરી લઇને આજીવન સભ્ય કરી શકાશે

(૩) આ સંસ્થાને વાર્ષિક રૂ. ૫) નું લવાજમ ભરનાર **સામાન્ય સભ્ય (ordinary member)** ગણાશે.

સભાના સભાસદો—

સં. ૨૦૧૧ની આખર સુધીમાં નોંધાયેલ સભાના સભ્યોનો વિચાર કરતા અમારે કહેવું જોઇએ કે સભા તરફથી ઉચ્ચ કોટીનું જે સાહિત્ય-પ્રકાશન થઇ રહ્યું છે અને તે કાર્યમાં આપણા પૂજ્યપાદ વિદ્વદ્મુનિવર્યો તેમજ વિદ્વાન્ ગૃહસ્થોનો જે સાથ મળી રહ્યો છે તેના પરિણામે સભા તરફ સૌનો સદ્ભાવ વધતો રહ્યો છે અને સભાના સભ્યસમૂહમાં પણ સારો ઉમેરો થઇ રહ્યો છે. આપણે વધુ ખુશી થવા જેવું તો એ છે કે સભાના માનનીય પેટ્રનો, પ્રથમ વર્ષના આજીવન સભ્યો વગેરે જે આજ સુધીમાં નોંધાયા છે તે હિન્દભરના જુદા જુદા સ્થળોમાંથી નોંધાયા છે, એટલે આ સંસ્થાને સારાએ ભારતવર્ષે પોતાની માની લીધી છે. શિક્ષિત બહેનોએ પણ આ સભાના સભાસદ બની પોતાનો સાથ નોંધાવ્યો છે. આ દરેક હકીકત સભા માટે આનંદ અને ગૌરવનો પ્રસંગ સમાન ગણાય. સં. ૨૦૧૧ ની આખરે આ સભામાં નીચે પ્રમાણે સભ્યો નોંધાએલ છે:—

પેટ્રનો	૬૪	પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરો	૫૬૧
બીજા વર્ગના લાઇફ મેમ્બરો	૧૦૩	ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરો	૫
વાર્ષિક સભાસદો	૧૨	કુલ સભાસદો	૭૪૫

નોંધ—આમાંથી બીજા તથા ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરોનો વર્ગ કમી કરવામાં આવ્યો છે.

સાહિત્ય-વિષયક પ્રવૃત્તિ—

સભાની મુખ્ય પ્રવૃત્તિ જૈન શાસ્ત્રો અને સાહિત્યના પ્રચારની છે, અને આ પ્રવૃત્તિને (૧) આત્માનંદ સંસ્કૃત ગ્રંથમાળા (૨) શ્રી આત્માનંદ જૈન ગુજરાતી ગ્રંથમાળા અને (૩) શ્રી આત્માનંદ જૈન શતાબ્દિ સીરીઝ આમ ત્રણ વિભાગમાં વહેંચવામાં આવેલ છે, તેના પ્રકાશનની વિગત નીચે પ્રમાણે છે.

૧. આત્માનંદ સંસ્કૃત ગ્રંથમાળા:—પૂર્વાચાર્યોકૃત તાત્વિક સાહિત્યના પ્રકાશન અર્થે સં. ૧૯૬૬ માં આ ગ્રંથમાળા શરૂ કરવામાં આવી અને જુદા જુદા વિષયોને લગતા આજ સુધીમાં ૯૧ કીંમતી ગ્રંથો પ્રગટ કરવામાં આવ્યા છે અને પૂજ્ય સાધુ-સાધ્વીજીઓ, જૈન-જૈનેતર વિદ્વાનો, જ્ઞાનભંડારો તેમજ અમેરીકા, બ્રિટન, ચીન, જાપાન અને ટિબેટના સરકારી નામાંકિત ગ્રંથાલયોને રૂ. ૩૪૪૨૫ની કિંમતના ગ્રંથો ભેટ તરીકે આપવામાં આવ્યા છે તત્ત્વપ્રેમીઓની દુનિયામાં આ સાહિત્ય ઘણું ઉપયોગી અને પ્રશંસનીય લેખાયું છે

હાલમાં આગમપ્રભાકર મુનિ મહારાજશ્રી પુણ્યવિજયજી મહારાજની પ્રેરણા અને સહકારથી મુનિ મહારાજશ્રી ભુવનવિજયજી મહારાજના વિદ્વાન્ શિષ્યરત્ન મુનિ મહારાજશ્રી જંબૂવિજયજી મહારાજ દશ વર્ષથી અવિરત શ્રમ લઇને દર્શનશાસ્ત્રનો મહાન્ ગ્રંથ ' દ્વાદશ નયચક્ર ' તૈયાર કરી રહ્યા છે. ભારતીય દર્શનશાસ્ત્રના સાહિત્યમાં આ ગ્રંથ મહામૂલ્યવાન અને પ્રમાણભૂત ગણાય છે. ગ્રંથ ઘણો મોટો હોવાથી તે ત્રણ ભાગમાં ક્રમશઃ પ્રગટ કરવામાં આવશે. તેનો પ્રથમ ભાગ તૈયાર થવા આવ્યો છે જે ટૂંક સમયમાં પ્રગટ કરવામાં આવશે. આ મૂલ્યવાન સાહિત્યસર્જન માટે સભા ઉભય પૂ મુનિવર્યોની અત્યંત આભારી છે.

(૨) શ્રી આત્માનંદ જૈન ગુજરાતી ગ્રંથમાળા : પૂર્વાચાર્યોકૃત ગ્રંથોનું ગુજરાતી ભાષાંતર, ઐતિહાસિક અને ધાર્મિક કથાનકો વગેરે વિષ-વિધ પ્રકારનું સાહિત્ય આ ગ્રંથમાળા દ્વારા સીરીઝ તરીકે તેમ જ સ્વતંત્ર પ્રકાશન તરીકે પ્રગટ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં આ ગ્રંથમાળામાં ૯૧ પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યા છે અને તે આ સભાના પેટ્રન તથા આજીવન સભ્યને ધોરણ મુજબ ભેટ આપવામાં આવે છે સ. ૨૦૦૩થી સ. ૨૦૦૯ સુધીમાં રૂ. ૩૪,૭૫૮)ના પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે

આ રીતે સભાસદ બન્ધુઓને અપાતા ભેટ પુસ્તકોથી સભાસદ બન્ધુઓને ત્યાં સંસ્કારી-સાહિત્યનું એક નાનું પુસ્તકાલય બની ગયું છે, જે ઘરના આબાલ-વૃદ્ધોને નિરંતર સંસ્કાર અને સંસ્કૃતિનું ઉચ્ચ પ્રેરણામૃત પાઇ રહેલ છે. આમ સભાના સભાસદો જ્ઞાનવૃદ્ધિનો આત્મિક લાભ મેળવી શકતા હોવાથી સભાના સભ્યોની સંખ્યા દિનપ્રતિદિન વધતી રહેલ છે.

અમારી અભિલાષા તો હજુ પણ લોકભોગ્ય સાહિત્ય પ્રગટ કરવાની અને સભાસદોને તે ભેટ આપવાની છે, પરંતુ સયોગો જોઇએ તેવા અનુકૂળ ન હોવાથી અમારી પ્રકાશન પ્રવૃત્તિ જરા મંદ પડી છે. તે પ્રવૃત્તિને વેગવાન બનાવવા અમારા બનતા પ્રયાસો ચાલુ છે. ઉદારદિલ સાહિત્યપ્રેમીઓએ અમારી આ પ્રવૃત્તિને આજસુધી વેગ આપ્યો છે તેમ આપતા રહે તેવી આ તકે અમારી નમ્ર વિનતિ છે.

શેઠ પરશોત્તમદાસ નાગરદાસના પુત્રી કમળાબેનના ટ્રસ્ટમાંથી શેઠ મનુભાઇ લાલભાઇ હસ્તક આર્થિક મદદ મળતાં હાલમાં " કથારત્નકોષ " ભાગ બીજાનું પ્રકાશન તૈયાર થવા આવ્યું છે. તે તેમ જ

દક્ષિણદિપક પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન કવિકુલતિલક મુનિરાજશ્રી કીર્તિવિજયજી મહારાજશ્રીએ લખેલ "આર્હતધર્મપ્રકાશ" આમ બે પુસ્તકો સભાસદ બન્ધુઓને ભેટ આપવામાં આવશે.

(૩) જૈન આત્માનંદ શતાબ્દિ સિરીઝ : આ ગ્રંથમાળાના 'શ્રી ત્રિષષ્ટિ શલાકાપુરુષ' ચરિત્રના મૂળ ચાર પર્વો પ્રતાકારે તથા પુસ્તકાકારે પ્રગટ કરવામાં આવ્યા છે. પાંચમા પર્વથી પ્રગટ કરવાની વિચારણા ચાલે છે. યોગ્ય સહાય મળ્યે તે શરૂ કરવામાં આવશે.

અન્ય પ્રકાશનો:—

સ્વ. આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજનો આ સભા ઉપર અત્યંત ઉપકાર હતો. તેઓશ્રીએ લખેલ તાત્ત્વિક લેખોનો એક મહાન્ ગ્રંથ "જ્ઞાનપ્રદીપ" ના નામે તૈયાર થઇ ગયો છે, જે ટૂંક સમયમાં પ્રગટ થશે. પાલનપુરના સંઘ તરફથી આ ગ્રંથ પ્રકાશન માટે પૂરેપૂરી આર્થિક સહાય આપવામાં આવેલ છે જે બદલ સભા તેમની આભારી છે.

આ ઉપરાંત આ સભાના માનનીય મંત્રી સ્વ. શ્રીયુત વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધીના સ્મારકરૂપે એક ગ્રંથ પ્રગટ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે, તેના સંકલનનો વિચાર ચાલી રહ્યો છે. સદ્ગતની સાહિત્યોપાસનાને શોભતું ધાર્મિક સુંદર પ્રકાશન કરવાની અમારી મંગળ ભાવના છે.

લોકભોગ્ય દૃષ્ટિએ અન્ય પ્રકાશનો કરવાની ઉમેદ પણ અમો સેવી રહ્યા છીએ. શ્રીમંતો અને વિદ્વાનોનો સહકાર મળી જતાં તે મૂર્તસ્વરૂપ લેતી આવશે.

અન્ય પ્રવૃત્તિ—

શ્રી આત્મારામજી ફ્રી લાયબ્રેરી : સભા હસ્તક એક વિશાળ લાયબ્રેરી સ્થાપવામાં આવેલ છે. તેમાં જૈનધર્મ અને નીતિ તથા અભ્યાસને અંગે રૂ. ૧૯,૭૯૨ ની કીંમતના કુલ ૧૨૨૭૪ પુસ્તકોનો સંગ્રહ કરવામાં આવ્યો છે તેમજ શ્રી ભક્તિવિજયજી મહારાજ, શ્રી લબ્ધિવિજયજી મહારાજનો સભા હસ્તક પ્રાપ્ત થએલ પ્રાચીન હસ્તલિખિત મૂલ્યવાન પ્રતોનો એક અમૂલ્ય સંગ્રહ ખાસ સુરક્ષિત જ્ઞાન-મંદિર બંધાવી લોખંડના કબાટોમાં વ્યવસ્થિત રીતે રાખવામાં આવ્યો છે. આ સંગ્રહનો યોગ્ય ઉપયોગ પણ થઇ રહ્યો છે.

જૈન-જૈનેતર સામયિકો મંગાવવું એક વાંચનાલય સભાના વિશાળ ખંડમાં ચાલુ છે.

શ્રી આત્માનંદ પ્રકાશ : સભાના મુખપત્ર તરીકે ૫૬ વરસથી આ માસિક પ્રગટ કરવામાં આવે છે જે સભાના સભાસદોને ભેટ અને વાર્ષિક ગ્રાહકોને માત્ર રૂ. ૩ ના લવાજમથી આપવામાં આવે છે, તે ઉપરાંત ગ્રાહકોને એક ભેટ પુસ્તક પણ આપવામાં આવે છે.

શિક્ષણ અને રાહતના ખાતાઓ : સભા સાહિત્યોદ્ધાર ઉપરાંત શિક્ષણપ્રચાર અને રાહત-કાર્યને અંગે પણ રસ ધરાવે છે અને હાલમાં સભા હસ્તક નીચેના ખાતાઓ ચાલુ છે.

આ સભાએ સભાસદો દ્વારા ઉદ્ભવિત કરેલું પ્રાતઃસ્મરણીય પ્રવર્તક મુનિરાજશ્રી કાન્તિવિજયજી મહારાજ સ્મારક કેળવણી ફંડના વ્યાજમાંથી સભાએ કરેલ ઠરાવ મુજબ તેમજ સભાને સ્વ. શેઠ દેવચંદ દામજીએ સુપ્રત કરેલ રકમના વ્યાજમાંથી ભાવનગરમાં મેટ્રિકમાં પ્રથમ તેમજ દ્વિતીય નંબરે પાસ થનાર શ્વે. મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીને પ્રવર્તકશ્રીની સ્વર્ગવાસતિથિ અષાડ શુદ ૧૦ ના રોજ જાહેર મેળાવડો યોજીને ચંદ્રકો આપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. તેની વ્યવસ્થા આવતા વરસથી શરૂ કરવાની ભાવના છે.

તદુપરાંત શ્રી મૂળચંદભાઈ સ્મારક કેળવણી ફંડ, બાબુ પ્રતાપચંદજી ગુલાબચંદજી

કેળવણી ફંડના વ્યાજમાંથી તેમજ સભાના પોતાના તરફથી બંને પ્રકારની કેળવણીના ઉત્તેજનાર્થે સ્કોલરશિપો, પુસ્તકો વગેરે જૈન વિદ્યાર્થીઓને પ્રતિવર્ષ આપવામાં આવે છે.

તેમજ અત્રે ચાલતી **શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન સામાયિકશાળાને** રૂા. ૨૦) તથા **શ્રી ઉજમબાઈ જૈન કન્યાશાળાને** રૂા ૧૨૫) પ્રતિવર્ષ ભેટ તરીકે આપવામા આવે છે

શ્રી ખોડીદાસ ધરમચંદ જૈન બંધુઓ માટેનું રાહત ફંડ તેમજ ભારત આઝાદ થયું તેની ખુશાલી નિમિત્તે આઝાદ દિને સભાએ અલગ મૂકેલ રૂા ૧૦૦૦)ના વ્યાજમાંથી જરૂરિયાતવાળા જૈન બંધુઓને રાહત આપવામાં આવે છે આજના યુગમાં "રાહત" કાર્ય જરૂરી અને આવશ્યક બન્યું છે તો આ ફંડ વધારી આપણા સ્વામીભાઇઓને વધુ રાહત કેમ આપી શકાય તેવી જાતનો સભાનો પ્રયાસ શરૂ છે. સખાવતી અને ઉદારશીલ જૈન બંધુઓનુ અમે આ પરત્વે ધ્યાન ખેંચીએ છીએ.

મહોત્સવો—

આ સભાનો વાર્ષિક સ્થાપનાદિન-જેઠ શુદિ ૨ ના શુભ દિનની ઉજવણી અગે **વોરા હઠીસંગભાઇ ઝવેરચંદે** પોતાની સભાને હૈયાતિમાં સભાને આપેલ રૂા. ૧૦૦૦) રકમનું વ્યાજ અને પોતે કહી ગયેલ બાકીની રકમનુ રૂા. ૧૫૦૦ નુ વ્યાજ, જે તેમના ધર્મપત્ની **શ્રી હેમકુંવર** બહેન દરવર્ષે આપે છે તે, આ બંને વ્યાજની રકમવડે થોડા વર્ષોથી અહીને બદલે તળાજા તીર્થે જઇને સ્થાપના-મહોત્સવ ઉજવવામા આવે છે વોરા હઠીસંગભાઇએ બાકીની આપવા કહેલ રકમ તેઓશ્રીના ધર્મપત્નીએ સભાને હાલ આપી દેવા જણાવેલ છે આ રકમથી તીર્થયાત્રા થવા સાથે દેવગુરુભક્તિ વગેરેનો સભાસદ બંધુઓને લાભ મળતો હોવાથી આત્મકલ્યાણમા વૃદ્ધિ થાય છે.

આનંદ મેળાપ—દર બેસતા વર્ષે આ સભાના કાયમી પ્રમુખ શેઠ **શ્રીયુત ગુલાબચંદ આણંદજીએ** આપેલ રકમના વ્યાજમાંથી દર વ મુજબ સભાસદોને દૂધપાર્ટી આપવામાં આવે છે અને મેમ્બરો તરફથી જ્ઞાનપૂજન પણ થાય છે

જ્ઞાનપૂજન—દરવર્ષે કાર્તિક શુદ ૫ (જ્ઞાનપંચમી)ના રોજ સભાના મકાનમાં જ્ઞાન પધરાવી પૂજન વગેરે કરી જ્ઞાનભક્તિ કરવામાં આવે છે

દેવગુરુભક્તિ અને ગુરુજયંતિઓ—પ્રાત.સ્મરણીય **શ્રી આત્મારામજી** મહારાજશ્રીની જન્મતિથિ ચૈત્ર શુદ ૧ ના રોજ હોવાથી તે દિવસે દરવર્ષે સભાસદ બંધુઓ પવિત્ર ગિરિરાજ **શ્રી શત્રુંજય** તીર્થે જઇ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી આત્મારામજીની મૂર્તિ પાસે સિંહાસનમાં પ્રભુ પધરાવી તેમની પાસે પૂજા વગેરે ધાર્મિક કાર્યો કરી, સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવે છે. સભા માટે આ અપૂર્વ ભક્તિ-પ્રસંગ છે ગુરુભક્તિના આ ઉત્તમ પ્રસંગ માટે ગુરુભક્ત ઉદારદિલ શેઠ **સાકરચંદ મોતીલાલ મૂળજીભાઇએ** એક રકમ સભાને સુપ્રત કરી છે, તેના વ્યાજમાંથી ખર્ચ થાય છે.

દર વર્ષે માગશર વદિ છઠ્ઠના રોજ પ્રાત સ્મરણીય **શ્રી મૂળચંદજી મહારાજની** તેમજ આસો શુદિ ૧૦ ના રોજ તેઓશ્રીના સુશિષ્ય શાન્તમૂર્તિ આ **શ્રી વિજયકમલસૂરીશ્વરજી** મહારાજશ્રીની સ્વર્ગવાસ જયંતિઓ માટે થયેલ ફંડના વ્યાજમાંથી ઉપરોક્ત દિવસોએ દેવગુરુની ભક્તિપૂર્વક જયંતિઓ ઉજવવામાં આવે છે

દિલગીરી—

સભાના સ્થાપનકાળથી તેના વિકાસમાં રસ લઇ રહેલા પચાસ વરસથી સભાના 'આત્મા' બનીને સભાને ઉન્નતિના પથે લઇ જવામાં અપૂર્વ ભોગ આપનાર આ સભાના માનનીય મંત્રી શ્રી **વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધીના** સ. ૨૦૧૧ના શ્રાવણ વદ ૧ ના થયેલ દુઃખદ અવસાનની નોંધ

લેતા સભાને એક સતત સેવાભાવી કાર્યકરની પડેલ ખોટ માટે અમો અમારી દિલગીરી વ્યક્ત કરીએ છીએ. શ્રીયુત વલ્લભદાસભાઈ આ સભાના આત્મા સમાન હતા. સેવાભાવથી જ તેઓશ્રીનું જીવન રંગાએલ હતું અને સભાને માટે તેઓ ઝમુમ્પા તેમ અન્ય સંસ્થાઓ વગેરેમાં પણ તેઓશ્રીની સેવા નોંધપાત્ર હતી. તેઓશ્રીના જીવન-કાર્યોનો પરિચય આપતો "શ્રી આત્માનંદ પ્રકાશ"નો એક ખાસ અંક પ્રગટ કરવામાં આવ્યો હતો.

સંભા તરફથી તેઓશ્રીની સેવાના સન્માનરૂપે સભાના હોલમાં સદ્ગતનું એક તૈલ-ચિત્ર ખુલ્લું મૂકવાનો અને લોકભોગ્ય એક ધાર્મિક ગ્રંથ તેઓશ્રીના સ્મારકરૂપે પ્રગટ કરવા માટે સભા તરફથી રૂ. પાંચ હજાર આપવાનો ઠરાવ કરવામાં આવેલ તેમજ આ કાર્યના સમર્થનમાં શુભેચ્છકો તરફથી એક સ્મારક ફંડ રૂ. ૨૪૧૯ નું કરવામાં આવેલ છે. સદ્ગતની સેવાના સ્મારકરૂપે કરવા ધારેલ આ બન્ને કાર્ય આગામી વર્ષમાં પહેલી તકે કરવાની અમારી ભાવના છે.

આભારદર્શન:—

સભાનો વિકાસ તો અનેક વિદ્વાન મુનિવર્યો, વિદ્વાનો, શ્રીમંતો અને દાનવીરોના સહકારને આભારી છે. કોઈએ પોતાની વિદ્વત્તાનો સતત લાભ આપી સભાની સાહિત્ય-પ્રકાશન પ્રવૃત્તિને દીપાવી છે તો કોઈએ પોતાની સુકમાઈનો દાનપ્રવાહ સભા તરફ વહેતો રાખી સભાના કાર્યને વેગ આપ્યો છે. એ સૌનો વ્યક્તિગત જુદો જુદો આભાર ન માનતાં સમગ્ર રીતે અમો આ તકે આભાર માનીએ છીએ. એમ છતાં આ સભાના સાહિત્ય-પ્રકાશનના ગૌરવમાં ઓર વધારો કરી રહેલા અને સભાના અભ્યુદય માટે સતત ચિંતન સેવી રહેલા આગમ-પ્રભાકર મુનિવર્ય **શ્રી પુણ્યવિજયજી** મહારાજ, મુનિવર્ય **શ્રી જંબુવિજયજી** મહારાજ, આદિનો આભાર માન્યા વિના અમો રહી શકતા નથી. ઇચ્છીએ કે તેઓશ્રીની પ્રેરણા અને સહકારથી અનેક શુભ પ્રવૃત્તિઓ કરવા માટે સભા ભાગ્યશાળી બનો.

સભાના સાહિત્ય પ્રકાશન અને સંચાલન અંગે સુંદર સહકાર આપી રહેલ આ સભાના ઉપ-પ્રમુખ શ્રીયુત ફતેહચંદ ઝવેરભાઈની સેવાની અત્રે નોંધ લઈએ છીએ અને સભાની કાર્યવાહીમાં નિરંતર રસ લઈ રહેલ અને તમામ કાર્યમાં સુંદર ભોગ આપી રહેલ આ સભાના ઉપપ્રમુખ, મહિલા કોલેજના ઓનરરી પ્રિન્સિપાલ શ્રીયુત ખીમચંદ ચાંપશીભાઈ શાહ એમ. એ. ની સભા પરત્વેની સેવાની નોંધ લીધા વિના અમો રહી શકતા નથી.

અભિલાષા અને મનોરથો—

જૈન સમાજના શ્રદ્ધાળુ શ્રીમંત બંધુઓ, સાહિત્યપ્રિય અને વિચારશીલ બંધુઓ આ રિપોર્ટ વાંચી, સભાની પ્રગતિ અને પ્રગતિશીલ પ્રવૃત્તિથી વાકેફ થઈ કાર્યવાહકોની આ કરવાણુકારી કાર્યવાહીમાં જોડાઈને ઉપર્યુક્ત રત્નત્રયીની ભક્તિ કરવાપૂર્વક જે જે અનુકરણીય અને આત્મહિતકર જણાય તે તે મહણ કરે તેમ અંતઃકરણપૂર્વક ઇચ્છીએ છીએ. ક્રમબદ્ધ વિકાસ સાધતી આ સભાને નજીકના જ ભવિષ્યમાં "હીરક મહોત્સવ" ઉજવવાની સુભાગી તક પ્રાપ્ત થશે, તે આપ સર્વની સ્નેહભરી અભીદૃષ્ટિનું જ પરિણામ અમો માનીએ છીએ અને આ સભાએ સાહિત્ય ક્ષેત્રમાં જે દેશ-પરદેશમાં અપૂર્વ નામના પ્રાપ્ત કરી છે તેમાં પ્રતિદિન સવિશેષ પ્રગતિ થાય એમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

શાહ ત્રિકુલદાસ મૂળચંદ
શાહ જાદવજી ઝવેરભાઈ
સેક્રેટરીઓ.

શ્રી જૈન આત્માનં

સંવત ૨૦૧૧ ના આસો વદી અમાસના રો

આવક.

શ્રી જ્ઞાનખાતે :

વ્યાજ.	૭૦૯- ૦-૬	
પુસ્તક વેચાણનો નફો.	૧,૨૩૬-૧૨-૦	
પરચુરણ આવક.	૧૪૯- ૦-૦	
		૨૦૯૪-૧૨-૬

મેમ્બરશીપખાતે :

વાર્ષિક મેમ્બર ફી.	૬૦- ૦-૦	
લાઈફ મેમ્બરો-ચેટ્રનનું વ્યાજ.	૨,૫૩૧- ૦-૦	
પરચુરણ આવક.	૯- ૦-૦	
		૨,૬૦૦-૦-૦

શ્રી જ્ઞાનખાતે તૂટના :	૭૭૮- ૩-૦
શ્રી મેમ્બરશીપખાતે તૂટના :	૫૦૦- ૦-૦
શ્રી નીભાવ ફંડખાતે તૂટના :	૫૧૧- ૧-૬
	૧૭૮૯ -૪-૬
કુલ રૂપીઆ.	૬૪૮૪-૧-૦

તા. ક.

ભાડાની આવક મકાનખાતે જમે છે અને વ્યાજ તેમા ઉધર્યું છે તે ઓડીટરની સલાહ મુજબ હવેથી બંધ થશે.

હવેથી વ્યાજની આવક સાધારણખાતે થશે-તે જ ગણાશે.

આત્માનંદ ભવન ભાડું.	૯૪૭
પુન્ય ભવન ભાડું.	૧૧૬૩॥
જ્ઞાનમંદિર ભાડું.	૩૦૦
	૨૪૧૦॥

રાજકોટ, તા. ૨૩-૬-૫૬.

સભા–ભાવનગર

પૂરા થતા વર્ષનો આવક–ખર્ચનો હિસાબ.

ખર્ચ.

શ્રી જ્ઞાનખાતે :

પગાર. લાઇબ્રેરી માટે	૬૫– ૦–૦
વીમાખાતે. બુકો, ડેડસ્ટોક	૧૨૭– ૮–૦
ન્યુસ પેપરખાતે.	૨૭૩– ૧–૬
લાયબ્રેરીખાતે.	૩૫૭– ૨–૦
ટપાલ ખર્ચ	૪૧– ૧–૦
જાહેર ખબરખાતે.	૧૩– ૦–૦
છપાઈ ખર્ચ.	૨૨૮– ૩–૦
પરચુરણ ખર્ચ.	૧૩૪– ૫–૧
કસરખાતે.	૧૦૩– ૪–૬
આત્માનંદ પ્રકાશખાતે પુ. પર તૂટના.	૧૨૦૪–૧૨–૦
ઉજમબાઈ કન્યાશાળાને બે વર્ષની મદદના.	૨૫૦– ૦–૦
વૃદ્ધિચંદ્રજી સામાયિકશાળાને મદદના	૨૦– ૦–૦
	૨,૮૭૨–૧૫–૬

શ્રી મેમ્બરશીપખાતે :

પગારખાતે.	૧,૭૧૯– ૦–૦
બંધારણ પ્રીન્ટીંગખાતે.	૧૭૪– ૦–૦
સ્ટેશનરીખાતે.	૨૩– ૯–૦
વીજળીબત્તીખાતે.	૫૭– ૦–૦
પરચુરણ ખર્ચ.	૫૫૮– ૩–૦
ટેબલ ફેન ખરીદ ખાતે.	૧૫૧– ૦–૦
જયંતી ખાતાઓમાં તૂટના.	૭૮–૧૧–૬
આત્માનંદ પ્રકાશખાતે મેમ્બરોને ભેટ.	૮૪૯–૧૦–૦
	૩,૬૧૧–૧–૬
કુલ રૂપીઆ.	૬૪૮૪–૧–૦

અમારા રિપોર્ટ પ્રમાણે

Sanghavi & Co.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ.

ફંડ તથા દેવું.

શ્રી નીભાવ ફંડ ખાતે:

ગયા વર્ષના સરવૈયા મુજબ :	૨,૮૯૦– ૦–૦	
ઉમેરો :		
મેમ્બરશીપ ફંડ ખાતેથી પેટ્રન–લાઈફ મેમ્બરના સ્વર્ગવાસનો હવાલો :	૭૨૫– ૦–૦	
વ્યાજ	૯૩–૧૨–૦	
	૩,૭૦૮–૧૨–૦	
બાદ: ખરચખાતે તૂટના મેમ્બરશીપ ખાતેથી :	૫૧૧– ૧–૬	
		૩,૧૯૭–૧૦–૬

શ્રી ફંડ ખાતે

પેટ્રન–લાઈફ મેમ્બરશીપ ફંડ :	૭૭,૩૩૦– ૦–૦	
ગુજરાતી સીરીઝ ખાતે :	૩૫,૬૫૧– ૦–૦	
જયંતી ફંડ ખાતે :	૧૩,૭૪૧– ૪–૦	
જ્ઞાનખાતે પુસ્તકો છપાવવા માટે :	૫,૯૯૩–૧૨–૬	
પરચુરણ ફંડ ખાતે :	૬,૨૧૧– ૭–૩	૧,૪૧,૯૩૨–૭–૯

શ્રી દેવું :

જુદા જુદા આસામી તથા સંસ્થાઓનું :	૮,૮૧૮–૨–૬	
૨૦૬૧–૦–૦ શ્રી વલ્લભદાસ સ્મારક ફંડ.		
૩૫૦૦–૦–૦ જ્ઞાનપ્રદીપ ખાતે.		
૩૨૫૭–૨–૬ બીજા ખાતાઓ.		
૮૮૧૮–૨–૬		
લાઇબ્રેરીના ડીપોઝીટ :	૯૫–૦–૦	૮,૯૧૩–૨–૬
	કુલ રૂપીઆ :	૧,૫૪,૦૪૩–૪–૯

અમોએ ઉપરનું શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરનું સંવત ૨૦૧૧ ના આસો વદી અમાસ રોજનું સરવૈયું તથા તેજ દિવસે પૂરા થતાં વર્ષનો જ્ઞાન ખાતાનો તથા મેમ્બરશીપ ખાતાનો હિસાબ તપાસ્યો છે અને તે અમારા જુદા રિપોર્ટને આધીન રહીને ખરો માલૂમ પડ્યો છે.

Sanghavi & C
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

રાજકોટ, તા : ૨૩–૬–૫૬

સભા, ભાવનગર.

અમાસના રોજનું સરવૈયું.

મિલકત તથા લેણું.

શ્રી જ્ઞાન ખાતે :		
વેચાણ પુસ્તક સ્ટોક :	૨૬૨૧૦- ૦-૦	
પુસ્તકો તૈયાર કરવામાં થએલ ખર્ચ :	૮,૧૧૭- ૧-૯	
જ્ઞાન ખાતે તૂટના :	૭૫૯-૧૧-૦	૩૫૦૮૬-૧૨-૯
શ્રી ત્રણ મકાન ખાતે :		૮૭,૪૭૯- ૬-૦
શ્રી ઇન્વેસ્ટમેન્ટ ખાતે :		
ભાવનગર સ્ટેટ ટ્રેઝરી બોન્ડમાં :	૧૦,૦૦૦- ૦-૦	
મહાલક્ષ્મી મીલના શેરમાં :	૨૦૦- ૦-૦	૧૦,૨૦૦- ૦-૦
શ્રી લેણું :		
લોન અનસીકયોર્ડ :	૩,૫૦૦- ૦-૦	
એડવાન્સીસ :	૪,૬૨૩-૧૩-૦	
બુકસેલર્સ પાસે :	૯૧૫-૧૦-૬	
મેમ્બર્સ પાસે :	૬૦- ૦-૦	
ડીપોઝીટ ઇલેકટ્રીક કું. :	૩૦- ૦-૦	
પરચુરણ લેણા :	૯૩૫-૧૪-૦	૧૦,૦૬૫- ૫-૬
શ્રી બેંકમાં તથા શ્રી રોકડ પુરાંત :		
બેંકોમાં ફીક્સ ડીપોઝીટમાં :	૬,૫૦૦- ૦-૦	
બેંકોમાં સેવીંગ્સ ખાતામાં :	૨,૦૬૯- ૦-૦	
બેંકોમાં કરન્ટ ખાતામાં :	૧,૯૩૯- ૯-૯	
એ. બી. સી. બેંક :	૪૨૨-૧૩-૬	
પોસ્ટલ સ્ટેમ્પસ :	૮૯- ૦-૦	
શ્રી રોકડ પુરાંત :	૧૩૬- ૪-૦	૧૬,૧૫૬-૧૧-૩
શ્રી સરવૈયા તફાવતનાં : જે ૨૦૧૨ માં માંડી વળાશે.		૫૫- ૧-૩
		૧,૫૬,૦૪૩-૪-૯

ગુલાબચંદ આણંદજી કાપડીયા (પ્રમુખ)
વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ } મંત્રીઓ
જાદવજી ઝવેરભાઈ શાહ }
રમણલાલ અમૃતલાલ શેઠ ટ્રેઝરર

ગુજરાતી ગ્રંથો

ભગવાનના ચરિત્રો

૧ શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર	૭-૮-૦
૨ શ્રી શાન્તિનાથ ચરિત્ર	૭-૮-૦
૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨	૨-૮-૦
૪ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર	૧૩-૦-૦
ભારે કાગળ	૧૫-૦-૦
૫ તીર્થંકર ચરિત્ર ચોવીશ તીર્થંકરોના ચરિત્રો તથા ચોવીશે પંચરંગી ચિત્રો સાથે	૬-૦-૦

ચરિત્રો વિગેરે

૬ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભા ૨ જો	૨-૦-૦
૭ કથારત્ન કોશ ભા ૧ લો	૧૦-૦-૦
૮ ,, ,, ભા. ૨ જો	૮-૦-૦
૯ દમયંતી ચરિત્ર	૬-૮-૦
૧૦ સંઘપતિ ચરિત્ર	૬-૮-૦
૧૧ શ્રી વિજયાનંદસૂરિ (રા. સુશીલ)	૦-૮-૦
૧૨ વસુદેવ હિંડી [ગુજરાતી ભાષાંતર]	૧૫-૦-૦

પૂજા અને કાવ્ય

૧૩ આત્મવલ્લભ પૂજાસંગ્રહ	૩-૦-૦
૧૪ ચૌદ રાજલોક પૂજા	૦-૪-૦
૧૫ નવાણું અભિષેક પૂજા	૦-૪-૦
૧૬ વીશ સ્થાનકપૂજા (અર્થવાળી)	૧-૪-૦
૧૭ સમ્યગ્ દર્શન પૂજા	૦-૪-૦
૧૮ ચારિત્રપૂજાદિ ત્રયી સંગ્રહ	૦-૪-૦
૧૯ જૈન ઐતિહાસિક કાવ્ય-સંગ્રહ	૨-૧૨-૦
૨૦ કાવ્ય સુધાકર	૨-
૨૧ કુમાર વિહારશતક	૦-
૨૨ ચૈત્યવંદન સમીક્ષા	૫
૨૩ સજ્ઝાયમાળા (ભીમશી)	૪
૨૪ આત્મકાન્તિ પ્રકાશ	૦

તત્ત્વ અને હિતોપદેશાદિ

૨૫ તત્ત્વનિર્ણયપ્રાસાદ	૧૦
૨૬ આરંભસિદ્ધિ	૧૦-
૨૭ જૈન તત્ત્વસાર	૧-
૨૮ ધર્મબિન્દુ (આવૃત્તિ બીજી)	૩-
૨૯ આચારોપદેશ	૧-
૩૦ અનેકાન્ત (ગુજરાતી)	૧-
૩૧ ,, (ઈંગ્લીશ)	૨-
૩૨ નમસ્કાર મહામંત્ર	૧-
૩૩ જૈન ધર્મ	૧-
૩૪ જૈન ધર્મવિષયક પ્રશ્નોત્તર	૧-
૩૫ પંચ પરમેષ્ટી ગુણ રત્નમાળા	૧-
૩૬ પ્રકરણ પુષ્પમાળા ભા. ૨ જો	૧-
૩૭ શ્રમણ સંસ્કૃતિ	૦-૧
૩૮ શ્રાવકધર્મ વિધિ પ્રકરણ	૧-
૩૯ જ્ઞાનપ્રદીપ ભા. ૧ લો	૪-
૪૦ ,, ભા. ૨ જો	૪-
૪૧ ,, ભા. ૩ જો	૨-
૪૨ આત્માનંદ જન્મશતાબ્દિ અંક	૨-
૪૩ સાધુ-સાધ્વી આવશ્યક સૂત્ર દેવનાગરી લીપીમા	ભે
૪૪ ,, ગુજરાતી લીપીમા	,

તા. ક.—દ્વિપોત્સવી સુધીમાં ઉપરના ગુજરાતી-સંસ્કૃત ગ્રંથો મંગાવનાર રૂા. ૨૫) ની કીંમતના પુસ્તકો ઉપર સવા છ, રૂા. ૫૦ ઉપર સાડાબાર અને એકસે ઉપર ૨૦ ટકા કમીશન કાપી આપવામાં આવશે.

લખો:—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર (

ખેદકારક સ્વર્ગવાસ.

૧. મુનિરાજશ્રી વિશુદ્ધવિજયજી મહારાજ.

મુનિરાજશ્રી વિશુદ્ધવિજયજી મહારાજનું સંસારી અવસ્થાનું નામ ખીમચંદભાઈ હતું તેમનો જન્મ વિ સ ૧૯૪૯ ના પોષ શુદિ ૧૧ના રોજ પંજાબ-જડીયાલાગુરૂમાં થયો હતો જાતે ઓશવાલ હતા જન્મથી જ તેમનામાં સેવા-ભક્તિના અને વૈયાવચ્ચનો સારો ગુણ હતો સ્વ આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીનો તેમને પરિચય થતા તેમની ધર્મશ્રદ્ધા વૃદ્ધિ પામી હતી વિશેષ અભ્યાસ કરતા તેઓ વૈરાગ્યવાસિત બન્યા હતા અને સ ૧૯૮૩ ના જેઠ વદિ ૩ ના રોજ પરમપાવની ભાગવતી દીક્ષા આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી પાસે સ્વીકારી તેમના શિષ્ય બન્યા હતા

સાધુ-અવસ્થામાં સંયમનું સારી રીતે પાલન કર્યું હતું વિહાર કરતા કરતા તેઓશ્રી જામનગર પધાર્યા હતા, જ્યાં કાઇક તેમની તબીયત અસ્વસ્થ બની હતી સ ૨૦૧૨ ના જેઠ વદ ૧૦ ના રોજ સવારના તેઓશ્રી જામનગર-દેવભાગખાતે સમાધિપૂર્વક સ્વર્ગસ્થ થયા. તેમની સ્મશાનયાત્રામાં જામનગરના સર્વ સંઘો, સંપ્રદાયો તેમજ જૈનેતર સમૂહે ભાગ લઈ સ્વર્ગસ્થને ભાવાંજલિ અર્પી હતી

સ્વર્ગસ્થ સ્વભાવે મિલનસાર અને ક્રિયાનુષ્ઠાનમાં રક્ત રહેતા હતા અમો સ્વર્ગસ્થના આત્માની પૂર્ણ શાંતિ ઇચ્છીએ છીએ

૨. શ્રી કેશવજી નેમચંદ શેઠ-કલકત્તા

માંગરોળનિવાસી શેઠશ્રી કેશવજી નેમચંદ ૭૮ વર્ષની વયે સ ૨૦૧૨ ના જેઠ શુદિ ૧૦ ને સોમવારના રોજ કલકત્તાખાતે, પોતાના નિવાસસ્થાને સમાધિપૂર્વક સ્વર્ગસ્થ થયા છે માંગરોળથી વર્ષો પૂર્વે તેઓ કલકત્તા ગયા હતા અને આપબળે આગળ વધી સારી સંપત્તિ પ્રાપ્ત કરી હતી તેઓ કલકત્તાના ગુજરાતી શ્વેતાંબર તપગચ્છ જૈન સંઘના કેટલાય વર્ષોથી પ્રમુખ હતા અને ૮૬ કેનીંગમાં સ્ટ્રીટમાં નવા બંધાવેલ શિખરબંધ ભવ્ય જિનાલય વીરવિક્રમપ્રાસાદ તેમજ નવીન ઉપાશ્રય તેમની જહેમત અને પ્રયાસને આભારી છે

સ્વર્ગસ્થની સ્મશાનયાત્રામાં કલકત્તાના વિશાળ જનસમૂહે ભાગ લીધો હતો સદ્ગત સ્વભાવે મિલનસાર અને નિરભિમાની હતા દેવ-ગુરુભક્તિના રસીયા હતા અને લક્ષ્મીનો સદુપયોગ કરતા હતા તેઓ ઘણા વર્ષોથી આપણી સભાના લાઇફ મેમ્બર હતા અને સભાના ઉત્કર્ષના કાર્યમાં ભાગ લઈ સલાહ-સૂચના આપતા તેમના સ્વર્ગસ્થ થવાથી સભાને એક લાયક સભાસદની ખામી પડી છે અમો સ્વર્ગસ્થના બહોળા કુટુંબ પ્રત્યે દિલસોજી દર્શાવી સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ

૩. વકીલ વ્રજલાલ અકોરદાસ-ભાવનગર.

ભાવનગરખાતે વૈશાખ શુદી ૬ ના રોજ ૫૬ વર્ષની ઉમરે વકીલ વ્રજલાલભાઇનું અવસાન થયું છે તેઓ જાહેરાત વકીલ હતા આપણી સભાના વર્ષોથી લાઇફ મેમ્બર હતા અને સભાના કાર્યમાં રસ લેતા હતા તેમના અવસાનથી સભાને લાયક સભાસદની ખોટ પડી છે અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી તેમના આપ્તજનો પર આવી પડેલ આપત્તિ પ્રત્યે હમદર્દી દર્શાવીએ છીએ

Reg. No. B. 431

ઉંમરને ભૂલી જાવ

શ્રેયઃસાધક

કેટલાક લોકો પોતાને કેટલાં વરસ થયાં છે એની યાદી રાખ્યા કરે છે. આવી યાદીથી લોકો પોતાને નુકસાન કરી રહ્યા છે તેનું ભાન તેને હોતું નથી. જેમ જેમ ઉમર વધતી જાય છે તેમ તેમ કાર્ય કરવાનો ઉત્સાહ ઓછો થાય છે.

મન પર અસર રહે છે કે હું હવે ઉંમરલાયક થયો છું એટલે મારાથી વધુ પરિશ્રમ થઇ શકે નહિ. કોઈ નવું સાહસ કરવાની ઇચ્છા થાય નહિ. આવા આવા બીજા કેટલાક ગેરલાભો થાય છે અને પ્રગતિને રૂંધી નાખે છે.

જે માણસમાં ગમે ત્યારે કાર્ય કરવાનો ઉત્સાહ છે, આખો દિવસ પ્રવૃત્તિમય રહે છે, નવું નવું વિચારવાની કલ્પનાશક્તિ છે તે હંમેશાં પોતાની ઉંમરને નજર સામે આવવા દેતો નથી. ઉંમર યાદ રાખવી એટલે વૃદ્ધાવસ્થાને નોતરવી.

વિશ્વવિખ્યાત નિસર્ગોપચારક સ્વ૦ શ્રી બનાર્ડ મેકફેડન જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી પોતાની જાતને જુવાન સમજતા હતા. તેઓ યુવાન કરતા વધારે શક્તિશાળી, મહત્વાકાંક્ષી અને પુરુષાર્થી હતા. એઓ ૮૭ વર્ષની ઉંમરે અવસાન પામ્યા. પૂજ્ય મહાત્મા ગાંધીજી જીવનની આખર ઘડી સુધી જુવાન જેટલું કાર્ય કરતા હતા. તેઓ પોતાને યુવાન સમજતા હતા.

પંડિત જવાહર નેહરૂ પોતાની જાતને હંમેશાં યુવાન ગણે છે. એમની કાર્ય કરવાની શક્તિ અદ્ભુત છે. આટલી ઉંમરે પણ કાર્ય કરતા થાકતા નથી. એમનો ઉત્સાહ અને સ્ફુર્તિ આજના યુવાનો કરતા અનેકગણા વધારે છે.

શ્રમ કરવામા કદી પાછા પડશો નહિ. ખેલ-કૂદમાં ભાગ લેવાનું ચૂકશો નહિ. ગંભીરતાને સ્પર્શતા નહિ. હમેશા હાસ્ય સાથે દોસ્તી રાખો. ભૂતકાળની વાતોને યાદ કરશો નહિ. આજની વાતો કરવાની ટેવ રાખો. મુખ પર કંટાળો જણાવા દેશો નહીં. નિરાશાને તમારી પાસે આવવાની કોઇ તક આપશો નહિ. નિયમિત કોઈ પણ વ્યાયામ કરીને શરીરને અને મનને તાજગીવાળું બનાવજો. નિત્ય નવું શીખવાનું અને વિચારવાનું રાખો, જેથી તમે તમારી ઉંમરને ભૂલી જશો. જે દિવસે તમે તમારી ઉંમરને નજર સામે રાખશો તે દિવસથી તમારો કાર્ય કરવાનો ઉત્સાહ મંદ થશે. ઘડપણ તમારી સામે ડોકિયા કરતું આવી ઊભું રહેશે. મહત્વાકાંક્ષી બનો. પહેરવેશ સ્વચ્છ અને આકર્ષક હોવો જોઈએ. વાણીમાં, વર્તનમાં કે બીજી કોઇ પણ પ્રવૃત્તિમાં નિરુત્સાહ દેખાવા દેશો નહિ. કયાંયે તબળાઇ પ્રવેશવા દેશો નહિ. માનસિક જડતાને દૂર કરજો, આટલું થશે એટલે તમે હંમેશાં ઉંમરને ભૂલી જશો અને તમારું જીવન પ્રગતિમય બની રહેશે.

મુદ્રક : યાહ ગુલામમહ્મદ લાલુભાઈ-શ્રી મહોત્સવ પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર